
# અષ્ટપાહુડ
## અમૃત
## ભાગ ૨



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ–૨)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૩-૭૪ની સાલના પ્રવચનો)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

| વિક્રમ સંવત ૨૦૭૭ | વીર સંવત ૨૫૪૭ | ઈ. સન ૨૦૨૧ |
|---|---|---|

પ્રકાશન
તા. ૨૧-૯-૨૦૨૧, ભાદરવા વદ-૧
ઉત્તમ ક્ષમાવણી પર્વ

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી.

તેઓશ્રીએ સ્વયંની અનુભવગર્ભિત કલમ દ્વારા નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કેવું હોય તેને ભાવવાહી સ્વરૂપે અનેક પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યું છે. જંગલમાં રહી સ્વરૂપ આરાધનામાં લીન રહેતાં રહેતાં, કેવળજ્ઞાનની તળેટીમાં પહોંચીને, સ્વસંવેદનમયી પ્રચુર સ્વસંવેદનમાં રહી પવિત્ર મોક્ષમાર્ગ પ્રસિદ્ધ કર્યો. અનુભવપ્રમાણ એ સર્વથી બળવાન પ્રમાણ ગણવામાં આવેલ છે, જે તેમના પ્રત્યેક વચનમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે. અનેક મહાન આચાર્યોએ પણ તેમનો ઉપકાર વ્યક્ત કરી કહ્યું છે કે ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કાળમાં જો મોક્ષમાર્ગને પ્રસિદ્ધ ન કર્યો હોત તો અમે મોક્ષમાર્ગને કઈ રીતે પામી શકત?

સંવત ૪૯માં વિદેહેક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધરસ્વામીની દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સાંભળી, ભરતક્ષેત્રમાં આવી તેઓશ્રીએ અનેક પરમાગમોની રચના કરી છે. પંચ પરમાગમ સાંપ્રત જૈનસમાજમાં પ્રસિદ્ધ છે. તેમાં અષ્ટપાહુડ ગ્રંથ સમાવિષ્ટ છે. અષ્ટપાહુડ ગ્રંથની રચના જોતાં એમ જણાય છે કે આ ગ્રંથ દાર્શનિક દષ્ટિકોણથી રચવામાં આવેલ છે. આઠ અધિકારની રચનામાં પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન વિષયાનુસાર સૂત્રોની રચના કરવામાં આવેલ છે. પ્રત્યેક અધિકારમાં વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરી વિપરીત અભિપ્રાયો ક્યા પ્રકારના હોય અને તેનું ફળ શું આવે અને સમ્યક્ અભિપ્રાયનું ફળ શું આવે તેનો સ્પષ્ટ ચિતાર કુંદકુંદાચાર્યદેવે ચિત્રિત કર્યો છે.

શાસ્ત્રોમાં તો આચાર્ય ભગવંતોએ નિષ્કારણ કરુણાથી ભવ્યજીવોના હિતને માટે રચના તો કરી પરંતુ વર્તમાન દુષમકાળમાં તેના ભાવ સમજવા અત્યંત વિકટ થઈ પડેલા અને વિપરીત અભિપ્રાયોની પ્રચલિતતા અને રૂઢિવાદમાં સમાજ જ્યારે ડૂબેલો હતો, તેવા આ કળિકાળમાં, વિદેહેક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યદેશના સાક્ષાત્ સાંભળીને ભરતે પધારનાર ભાવિ તીર્થાધિનાથ પરમકૃપાળુ સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સૂર્ય સમાન અવતાર, મુમુક્ષુજીવોના મિથ્યાત્વ-અંધકારને મટાડવા માટે થયો. અનેક રૂઢિચુસ્તતા, મિથ્યા અભિપ્રાયો, ક્રિયાકાંડમાં મોક્ષમાર્ગ સમજીને, કલ્પીને તેને આરાધવાનું ચાલતું હતું તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ નિષ્કારણ કરુણાથી શાસ્ત્રોમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની અંતરખોજ દ્વારા તથા શ્રુતજ્ઞાનની

લબ્ધિ દ્વારા સત્ય મોક્ષમાર્ગનું સ્વરૂપ ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૫ વર્ષ સુધી અનેક પરમાગમો ઉપર પ્રવચનો કર્યા, જેમાં અનેકાનેક સિદ્ધાંતોને પ્રસિદ્ધ કરી આત્મકલ્યાણનો માર્ગ પ્રસિદ્ધ કર્યો. પ્રત્યેક પ્રવચનોમાં આત્માનું મૂળભૂત સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ, મુમુક્ષુતા, સિદ્ધાંતિક વસ્તુનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ, સર્વજ્ઞનનું સ્વરૂપ ઇત્યાદિ અનેક વિષયોને સ્પષ્ટ કરી ક્યાંય ભ્રાંતિ ન રહે તેવી રીતે પ્રકાશિત કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં અષ્ટપાહુડ ગ્રંથ ઉપર, ઈ.સ. ૧૯૭૩-૭૪માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. દ્વિતીય ભાગમાં સૂત્રપાહુડ તથા ચારિત્રપાહુડના ૩૦ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૦-૭૧માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. (અષ્ટપાહુડ પ્રવચન, ભાગ-૧ થી ૭). પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૩૨ | ૨૧.૧૦.૧૯૭૩ | સૂત્રપાહુડ ગાથા-૧, ૨ | ૦૧ |
| ૩૩ | ૨૨.૧૦.૧૯૭૩ | ગાથા-૩ થી ૫ | ૧૨ |
| ૩૪ | ૨૩.૧૦.૧૯૭૩ | ગાથા-૬ | ૧૮ |
| ૩૫ | ૨૪.૧૦.૧૯૭૩ | ગાથા-૬ | ૩૩ |
| ૩૬ | ૨૫.૧૦.૧૯૭૩ | ગાથા-૬ | ૪૫ |
| ૩૭ | ૨૬.૧૦.૧૯૭૩ | ગાથા-૬ | ૫૮ |
| ૩૮ | ૨૭.૧૦.૧૯૭૩ | સમયસાર કળશ-૨૬૮ | ૭૧ |
| ૩૯ | ૨૮.૧૦.૧૯૭૩ | ગાથા-૬ થી ૮ | ૮૩ |
| ૪૦ | ૨૯.૧૦.૧૯૭૩ | ગાથા-૮ થી ૧૦ | ૯૫ |
| ૪૧ | ૧૪.૧૧.૧૯૭૩ | ગાથા-૧૧ થી ૧૫ | ૧૦૯ |
| ૪૨ | ૧૫.૧૧.૧૯૭૩ | ગાથા-૧૬ થી ૧૮ | ૧૨૨ |
| ૪૩ | ૧૬.૧૧.૧૯૭૩ | ગાથા-૧૮ થી ૨૧ | ૧૩૪ |
| ૪૪ | ૧૮.૧૧.૧૯૭૩ | ગાથા-૨૧ થી ૨૫ | ૧૪૭ |
| ૪૫ | ૧૯.૧૧.૧૯૭૩ | ગાથા-૨૬, ૨૭, | ૧૫૯ |
| | | ચારિત્રપાહુડ ગાથા-૧ થી ૩ | |
| ૪૬ | ૨૦.૧૧.૧૯૭૩ | ગાથા-૪, ૫ | ૧૭૧ |
| ૪૭ | ૨૧.૧૧.૧૯૭૩ | ગાથા-૫, ૬ | ૧૮૪ |
| ૪૮ | ૨૨.૧૧.૧૯૭૩ | ગાથા-૬ | ૧૯૪ |
| ૪૯ | ૨૩.૧૧.૧૯૭૩ | ગાથા-૬, ૭ | ૨૦૮ |
| ૫૦ | ૨૫.૧૧.૧૯૭૩ | ગાથા-૭, ૮ | ૨૨૦ |
| ૫૧ | ૨૬.૧૧.૧૯૭૩ | ગાથા-૯ થી ૧૨ | ૨૩૩ |
| ૫૨ | ૨૭.૧૧.૧૯૭૩ | ગાથા-૧૩ થી ૧૫ | ૨૪૪ |

| | | | |
|---|---|---|---|
| ૫૩ | ૨૮.૧૧.૧૯૭૩ | ગાથા-૧૫ થી ૧૮ | ૨૫૭ |
| ૫૪ | ૨૯.૧૧.૧૯૭૩ | ગાથા-૧૮, ૧૯ | ૨૭૦ |
| ૫૫ | ૩૦.૧૧.૧૯૭૩ | ગાથા-૧૯ થી ૨૨ | ૨૮૩ |
| ૫૬ | ૨૩.૦૭.૧૯૭૩ | ગાથા-૨૩ થી ૨૫ | ઉપલબ્ધ નથી |
| ૪૩ | ૨૩.૦૭.૧૯૭૦ | ગાથા-૨૩ થી ૨૬ | ૨૯૫ |
| ૫૭ | ૦૨.૧૨.૧૯૭૩ | ગાથા-૨૩ થી ૨૬ | ૩૦૮ |
| ૫૮ | ૦૪.૧૨.૧૯૭૩ | ગાથા-૩૦, ૩૧ | ૩૨૩ |
| ૫૯ | ૦૫.૧૨.૧૯૭૩ | ગાથા-૩૨ થી ૩૯ | ૩૨૭ |
| ૬૦ | ૦૬.૧૨.૧૯૭૩ | ગાથા-૩૯ થી ૪૨ | ૩૩૯ |
| ૬૧ | ૦૭.૧૨.૧૯૭૩ | ગાથા-૪૩ થી ૪૫ | ૩૫૧ |

શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિરચિત

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ-૨)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી અષ્ટપાહુડ ઉપરના ૧૯૭૩-૭૪ની સાલના સળંગ પ્રવચનો)

## સૂત્રપાહુડ

**આસો વદ ૧૦, રવિવાર તા. ૨૧-૧૦-૧૯૭૩**
**ગાથા- ૧, ૨ પ્રવચન - ૩૨**

આ સૂત્રપાહુડ છે. આ સૂત્રપાહુડ છે બીજું. દર્શનપાહુડ પૂરું થઈ ગયું. જુઓ આ.

वीर जिनेश्वरको नमूं गौतम गणधर लार।
काल पंचमा आदिमें भए सूत्रकरतार।।१।।

.. વચનિકાકાર કહે છે કે હું **'વીર જિનેશ્વરકો નમૂં...'** જેનું શાસન ચાલે છે એવા વીર ભગવાનને હું નમસ્કાર કરીને **'ગૌતમ ગણધર લાર.'** ગૌતમ ગણધરને સાથે લઈને નમન કરું છું. **'કાલ પંચમા આદિમેં ભયે સૂત્રકરતાર.'** સૂત્રના કરનારા-સૂત્રના રચનાર પંચમ આરાની શરૂઆતમાં સંતો થયા. બધાને હું નમસ્કાર કરું છું.

**'ઈસ પ્રકાર મંગલ કરકે શ્રી કુંદકુંદ આચાર્યકૃત પ્રાકૃત** ગાથા **બદ્ધ સૂત્રપાહુડકી દેશભાષામય વચનિકા લિખતે હૈં :-'** ચાલતી ભાષામાં લખ્યું છે એમ કહે છે. **'પ્રથમ હી શ્રી કુંદકુંદ આચાર્ય, સૂત્રકી મહિમાગર્ભિત સૂત્રકા સ્વરૂપ** બતાતે **હૈં :- '**

अरहंतभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं।
सुत्तत्थमग्गणत्थं सवणा साहंति परमत्थं।।१।।

અરિહંત ભગવાને કહેલો ભાવશ્રુત. સમજાય છે? અરિહંત કહેલો અર્થ. ભગવાનના શ્રીમુખે અર્થ

નામ ભાવશ્રુત નીકળ્યા. '**જો ગણધરદેવોંને સમ્યક્ પ્રકાર...**' '**सम्मं**' શબ્દ છે ને '**सम्मं**'? '**સમ્યક્ પ્રકાર પૂર્વાપરવિરોધરહિત ગૂંથા (રચના કી)...**' એને સૂત્ર કહીએ. '**વહ સૂત્ર હૈ. વહ સૂત્ર કૈસા હૈ? — સૂત્રકા જો કુછ અર્થ હૈ ઉસકો માર્ગણ અર્થાત્ ઢૂંઢને-જાનનેકા જિસમેં પ્રયોજન હૈં...**' સૂત્રકે અર્થ મેં ક્યા કહના હૈ? મોક્ષકા ઉપાય, મોક્ષકા સાધન. યહ શાસ્ત્ર મેં ક્યા કહના હૈ? વહ જિસકા ઢૂંઢનેકા પ્રયોજન હૈ. સમજમેં આયા? ભગવાને કહેલા ભાવશ્રુત, એમાંથી રચેલા દ્રવ્યશ્રુત ગણધરોએ. એ દ્રવ્યશ્રુતમાં મોક્ષનું પ્રયોજન શું સિદ્ધ કર્યું છે? એ જેની શોધવાની દૃષ્ટિ છે એવા સાધુઓ. '**सवणा**' છે ને શબ્દ? '**सवणा**'

'**સૂત્રકા જો કુછ અર્થ હૈ...**' સૂત્રમેં જો પ્રયોજન કહના હૈ. પ્રયોજન એ મોક્ષનો માર્ગ કહેવો છે વીતરાગતા. સમજાય છે કાંઈ? બધા સારા સૂત્રમાં વીતરાગતા બતાવવી છે. એ '**ઢૂંઢને-જાનનેકા જિસમેં પ્રયોજન હૈ ઔર ઐસે હી સૂત્રકે દ્વારા શ્રમણ (મુનિ) પરમાર્થ અર્થાત્ ઉત્કૃષ્ટ અર્થ પ્રયોજન** (ઉત્કૃષ્ટ અર્થ મોક્ષ) **જો અવિનાશી મોક્ષકો સાધતે હૈં. યહાં ગાથા મેં સૂત્ર ઈસપ્રકાર વિશેષ્ય પદ નહીં કહા...**' શેમાં? '**गणहरदेवेहिं गंथियं सम्मं।**' ત્યાં સૂત્ર શબ્દ નથી. એ લીધું છે. પછી તો આવે છે '**सुत्तत्थमग्गणत्थं**' એ તો પછી. પણ એમાં અર્થનું શોધવું જેમાં છે એ. ત્રીજા પદમાં છે એ. સૂત્રના અર્થનું પ્રયોજન સિદ્ધ કરવું એ છે. પણ અહીંયા શબ્દ નથી લીધો. '**गणहरदेवेहिं गंथियं सम्मं सुत्त**' એ શબ્દ નથી. એ શબ્દ અહીંયા ઉપરથી લઈ લેવો એમ કહે છે.

'**વિશેષ્ય પદ નહીં કહા તો ભી વિશેષણોંકી સામર્થ્યસે લિયા હૈ.**' વિશેષ્ય નામ '**गणहरदेवेहिं गंथियं सम्मं**' છે ને? ગણધરોએ ગૂંથ્યું એ વિશેષણ છે. એથી ત્યાં ... દ્રવ્યશ્રુત, ભાવશ્રુત ભગવાનની વાણીમાં આવ્યું. ભગવાને ભાવશ્રુત કહ્યું અને ગૂંથ્યું દ્રવ્યશ્રુત. સિદ્ધાંત ..આશય એવો છે કે જે ભગવાને કહેલા ભાવ અર્થ, એમાંથી રચના ગણધરોએ કરી, એની પરંપરાએ જે માર્ગ ચાલ્યો આવે સૂત્રનો એ સૂત્ર કહેવાય. ભગવાન પછી આ શ્વેતાંબરે કલ્પિત બનાવ્યા નવા શાસ્ત્રો, એ શાસ્ત્ર નહિ. એમ કહે છે. ..ભાઈ! આમાં પણ વાંધો આવશે એને તો. એય..! જયંતિભાઈ! આહાહા..! કુંદકુંદાચાર્યનું એ કહેવું છે. ભગવાનના શ્રીમુખે જે વાણી નીકળી, ભાવશ્રુત. અર્થ. અર્થ એટલે એ ભાવશ્રુત છે. અને ગણધરોએ સૂત્રની રચના કરી એ દ્રવ્યશ્રુત. ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત બેય આવ્યું એમાં.

અને તે સૂત્રની અંદર સર્વ સાધુઓએ... મુખ્ય(પણે) સાધુની વાત છે ને? '**सुत्तत्थमग्गणत्थं**' એમાં શોધવું-શોધવું. પછી વીતરાગતા કેસી? કહીયે. વીતરાગ કેવું કહ્યું છે? વીતરાગભાવ કેવો સિદ્ધ કર્યો છે એ શોધવું. સમજાય છે કાંઈ? એ પરંપરા વીતરાગના શાસ્ત્રોમાંથી જ વીતરાગતા નીકળશે. સમજાય છે કાંઈ? કહો, જયંતિભાઈ! આ બધા વાંધા ઉઠ્યા છે આ. માર્ગ તો એવો છે ભાઈ! તીર્થંકરના શ્રીમુખે નીકળેલો અર્થ ભાવશ્રુત અને ગણધરોએ રચ્યું દ્રવ્યશ્રુત, એની પરંપરાએ આચાર્યોએ જે શાસ્ત્રો કહ્યાં એમાં પ્રયોજન મુનિને સિદ્ધ કરવા મોક્ષનો માર્ગ એ શોધવું એમાંથી. આહાહા..! કોઈ

વાર્તા, કથા આદિ કીધી હોય પણ એમાંથી વીતરાગતાનું પ્રયોજન છે તે શોધવું. સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ :- જો અરહંત સર્વજ્ઞ દ્વારા ભાષિત હૈ...'** એ અર્થમાં નહોતું. રહી ગયું હશે કે કેમ હશે? **'અરહંત સર્વજ્ઞ દ્વારા ભાષિત હૈ... '** મૂળ તો પાઠ એ છે. **'अरहंतभासियत्थं '** સર્વજ્ઞ પરમાત્માના શ્રીમુખેથી નીકળેલી દિવ્યધ્વનિ એટલે ભાવશ્રુત એટલે અર્થ. સમજાય છે કાંઈ? આહાહા..! .. ગાથામાં લેશે પરંપરા. ત્રીજી. પરંપરાનું લે છે ને? બીજીમાં લેશે. જુદી વાત છે, ભાઈ! દિગંબર સંતોએ જે સૂત્રની રચના ગણધરોએ કરેલી એની પરંપરા, ગણધરોની પરંપરાનો ભાવ એ દિગંબર આચાર્યોમાં રહી ગયો છે. એની પરંપરામાં જે સૂત્ર રહ્યા એમાં એ મોક્ષનો માર્ગ શોધવાનું એમ એ શોધી શકાય છે. બીજી રીતે રાગ ને નિમિત્તની મુખ્યતા આપીને એ કોઈ શાસ્ત્ર નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અરહંત સર્વજ્ઞ દ્વારા ભાષિત હૈ તથા ગણધરદેવોને અક્ષર પદ વાક્યમયી ગૂંથા હૈ... '** એ સૂત્ર કહ્યું છે, એ સૂત્ર.. ઓલો ભાવ, ભગવાને કહ્યો ભાવ-અર્થ. ધવલમેં આવે છે ને ભાઈ! કે ભગવાનને કેવળજ્ઞાન પ્રરૂપ્યું નથી, ભાવશ્રુત પ્રરૂપ્યું છે. બીજી વાત છે. ધવલમાં આવે છે. ભગવાને કેવળજ્ઞાનની પ્રરૂપણા નથી કરી, પ્રરૂપણા ભાવશ્રુતની કરી છે. આહાહા..! કેમ? કે ભાવશ્રુતના પામનારાઓને નિમિત્ત આ છે એથી ભાવશ્રુત કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનના શ્રીમુખે વાણી જે આવી એને ભાવશ્રુત કહ્યું છે. કેમ? એ સાંભળનારા ભાવશ્રુતરૂપે પરિણમે છે એમાં નિમિત્ત છે એટલે એને ભાવશ્રુત કહ્યું છે. આહાહા..! એ વાણી દિગંબર પરંપરામાં રહેલી છે, એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ?

**'સૂત્રકે અર્થકો જાનનેકા હી જિસમેં અર્થ-પ્રયોજન હૈ...'** જોયું! સૂત્રનો અર્થ જાણવો. ભાવ શું છે સૂત્રનો. સૂત્રને કહેવાનું તાત્પર્ય શું છે? એવું જે પ્રયોજન છે. **'ઐસે સૂત્રસે મુનિ પરમાર્થ જો મોક્ષ ઉસકો સાધતે હૈં.'** આહાહા..! ભારે .. છે. ઓહોહો..! આત્માની મુખ્ય દશા... સંસારદશા ચોર્યાશીના અવતાર. નરક ને નિગોદ અનંત અનંત અવતાર એ એનો .. પરિભ્રમણનો અભાવ અને મોક્ષની પ્રાપ્તિ એવું સૂત્રના અર્થમાં શોધવાનું જેનું પ્રયોજન છે એને આ ગણધરોની પરંપરાએ શાસ્ત્રો રચાયેલા એમાંથી એને મળેલું છે. એમ કહેવામાં આવે છે. અમરચંદભાઈ! એ સિવાયના બીજાઓએ જે સૂત્રો રચ્યા એમાં ભગવાનના કહેલા ભાવો અને પ્રયોજન વીતરાગતાનું એમાંથી નહિ મળે. એમ કહે છે. ભાઈ! એમ કહે છે. આહાહા..! એવી વાત છે.

જેમાંથી વીતરાગતા નીકળે છે અને જેને પ્રયોજન વીતરાગ સાધવાનું છે. કેમકે મોક્ષ સાધવો છે. એવી વીતરાગતા તો ભગવાને કહેલા ભાવશ્રુત દ્વારા જેને સૂત્ર રચ્યા એવી પરંપરામાં જે ભાવ રહ્યો સંતોએ એમાંથી વીતરાગતા શોધીને પોતાનો ઉપકાર કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ગાથા.. પહેલી ગાથા છે ને મંગળિકની? મંગળિક છે ને આ. કુંદકુંદચાર્ય .. એ જ મંગળિક છે. આહાહા..! કેટલું

પણ! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એની વાણીમાં આવ્યું એથી એને દ્રવ્યશ્રુત ન કહેતા એને ભાવશ્રુત કહ્યું. છે તો વાણી દ્રવ્યશ્રુત. પણ એમાં ભાવ કહેવો છે અને અર્થ કહેવો છે. અર્થ કહેવો છે. સૂત્ર રચના પછી અર્થમાંથી સૂત્રની રચના કરે છે. સમજાય છે કાંઈ?

**'ઐસે સૂત્રસે મુનિ પરમાર્થ જો મોક્ષ ઉસકો સાધતે હૈં.'** આહાહા..! એ શાસ્ત્રમાંથી ભગવાને કહેલી વાણીની રચના જે થઈ એમાંથી મોક્ષનું પ્રયોજન સિદ્ધ થાય એમ એણે શોધવું અને એમાં એ કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! સ્વર્ગ મળે ને વ્યવહાર કરતા આ મળે એવું આ નહિ. વીતરાગની વાણીના પ્રયોજનમાં એ પ્રયોજન નથી. સમજાણું કાંઈ? **'અન્ય જો અક્ષપાદ,...'** બીજા અન્યમતિઓએ. **'જૈમિનિ, કપિલ, સુગત (બૌદ્ધ) આદિ... '** શ્વેતાંબરાદિ લઈ લેવા એમાં. **'છદ્મસ્થોંકે દ્વારા રચે હુએ કલ્પિત સૂત્ર હૈં,...'** કઠણ બહુ પડે છે. એય..!

મુમુક્ષુ :- હવે નથી પડતું.

ઉત્તર :- હવે શું પડે? એ નવા હોય એને પહેલું પડે ને. આહાહા..!

અહીંયા જે શાસ્ત્રમાં સાક્ષાત્ વીતરાગની વાણી આવી છે અને એમાં મોક્ષનું પ્રયોજન સિદ્ધ કર્યું છે. એનું પૂર્વાપર વિરોધરહિત જ્યાં દેખો ત્યાં વીતરાગતા જેમાં પ્રયોજન છે. એવું મુનિઓ એમાંથી વીતરાગતા શોધી કાઢે છે. એમાં એ ભરી છે એ કહેવું છે એમાંથી શોધી લેશે. સમજાણું કાંઈ? અને છદ્મસ્થોએ રચ્યા જે કલ્પિત શાસ્ત્રો એ શાસ્ત્ર જ નથી. આહાહા..! આકરી વાતું છે ભાઈ! કહો, ..ભાઈ! શ્વેતાંબરોએ તો ભગવાનની વાણી પરંપરા હતી એમાંથી વિરૂદ્ધ થઈ ગયા. જગતમાં .. એથી કુંદકુંદાચાર્યનો પોકાર છે. દર્શનપાહુડ પછી આ લીધું ને. અને આ જ ... આહાહા..!

ભાઈ! પરંપરાએ વીતરાગની વાણીના ભાવો સૂત્રમાં જે આવ્યા છે એ સૂત્રની પરંપરા દિગંબરમાં જ છે. બીજે છે નહિ. આહાહા..! આમાં (શ્રોતામાં) તો ઘણાં તો શ્વેતાંબર સ્થાનકવાસી ને દેરાવાસી હશે. અહીં તો માર્ગ આ છે. ત્રણ લોકના નાથ સર્વજ્ઞની ધ્વનિ જે આવી એમાંથી સૂત્ર ગૂંથ્યા, એ સૂત્રની રચના પરંપરામાં રહી, એમાં વીતરાગતાનું શોધવાનું સાધન શોધીને પોતાનો મોક્ષ સાધે છે. આહાહા..! બાબુભાઈ! આહાહા..! આવું છે. ..ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાસ્ત્ર એવા હોય કે જેમાંથી વીતરાગતા પ્રયોજન સિદ્ધ થાય અને એમાં એ પ્રયોજન એ સિદ્ધ કર્યું છે. વ્યવહાર ને રાગથી લાભ થાય ને એવું આમાં છે નહિ. સમજાણું કાંઈ? ઓલા કહે છે ને કે વ્યવહાર એટલે સમકિતી. એ શાસ્ત્રનું પ્રયોજન અને શાસ્ત્ર .. જ નથી. .. વ્યવહાર એ સમકિત. શાસ્ત્ર જ નથી જેમાંથી આ શોધ્યું. આહાહા..! બહુ આકરી વાતું છે. આકરી નહિ પણ છે તો એવી ઝીણી. એય..! ચીમનભાઈ! આ બધા વાડા ઉપર તો બધા મીંડા મૂક્યા છે. આહાહા..!

**'છદ્મસ્થોં કે દ્વારા...'** અને પ્રવચનસારમાં તો કહ્યું છે ને કે છદ્મસ્થે કહેલા વ્રતાદિમાંથી કોઈ એવું

... અક્ષર .. એમ છે. આહાહા..! ગજબ વાણી છે. વસ્તુની સ્થિતિ ચારેબાજુથી શાસ્ત્ર તપાસે એક ધારા નીકળે છે. આહાહા..! જેમાંથી આત્માનું મોક્ષનું પ્રયોજન સિદ્ધ થાય એ વીતરાગની વાણીના સારમાં આ આવ્યું છે. એ ગણધરોના રચેલા શાસ્ત્રમાં એ વાત છે. કલ્પિત સાધુએ રચેલા એમાં એ વાત છે જ નહિ. .. આકરું ભારે પડે. દિગંબર અને શ્વેતાંબરમાં તો .. સનાતન ધર્મ. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિગંબર .. વસ્તુ એ નથી. આહાહા..! .. રાતના પ્રશ્ન કર્યો હતો. .. કહે છે. ૮૩. દામનગરમાં. મહારાજ! એક કહે છે કે મારો બાપ બાયડી હતી અને એક કહે છે મારો બાપ આદમી હતો એનું શું? આવો પ્રશ્ન કર્યો હતો. વનેચંદશેઠ. ... છે. ..ભાઈ! માણસ બહુ ખાનદાન. ... બહેન હતા... એણે પ્રશ્ન કર્યો હતો તર્કનો. .. અત્યારે .. એમ કે ઓલા એક મલ્લિનાથ તીર્થંકરને સ્ત્રી ઠરાવે છે, એક મલ્લિનાથને આદમી ઠરાવે છે. ઓલો કહે કે મારો બાપ બાયડી હતી. ..ભાઈ! આકરું .. શું કરવું આમાં? ... આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ તો આકરું જ છે ને. આહાહા..!

અહીં તો ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ શ્રી વીર પરમાત્માના શ્રીમુખેથી નીકળેલી વાણી, એમાંથી ગણધરોએ રચ્યા શાસ્ત્રો, એની પરંપરામાં દિગંબરોમાં એ પરંપરા શાસ્ત્ર રહ્યા છે. સમજાય છે કાંઈ? એ '**છદ્મસ્થોંકે દ્વારા રચે હુએ કલ્પિત સૂત્ર હૈં,...**' આહાહા..! હજી તો સૂત્રોને નક્કી કરવામાં પણ હજી વખત જોઈએ કે કોને સૂત્ર કહેવા અને કોને સૂત્ર ન કહેવા? કહો, ચીમનભાઈ! આવું છે આ તો બધું. '**ઉસસે પરમાર્થકી સિદ્ધિ નહીં હૈ,...**' ભગવાનના કહેલા પરંપરાના શાસ્ત્રો છે, એમાં પરમાર્થની સિદ્ધિ થાય એવું છે. સમજાય છે કાંઈ? આ નાસ્તિથી વાત કરી ભાઈ! એમાં પરમાર્થની સિદ્ધિ ભગવાનની વાણીમાં અને દિગંબરોના પરંપરા શાસ્ત્રોમાં પરમાર્થ સિદ્ધિ થાય એવી વસ્તુ છે. આહાહા..! કહો, ..ચંદભાઈ! શું આમાં સમજવું? બધા .. ચડાવી દેવા છે?

માર્ગ તો આવો છે, ભાઈ! એને ઠીક લાગે, ન લાગે. કોઈ સાથે વેર-વિરોધ નહિ. કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ, વ્યક્તિ પ્રત્યે અપ્રેમ નહિ. સમજાય છે કાંઈ? પણ માર્ગ તો આ છે. એ ઉતરે (બેસે) એને કહીએ. વનેચંદભાઈ! સૂત્ર આને કહીએ. જે પરંપરા ગણધરોથી કુંદકુંદાચાર્યથી. પહેલું કહી ગયા છે ને? પંચમા આદિ મેં ભયે સૂત્ર કરતાર. આચાર્યોએ કર્યા. સમજાણું કાંઈ? જાંજરીજી! આ સૂત્રોનું નક્કી કરવું પડશે પહેલું તો. તમે પણ પહેલા દિગંબર હતા. દિગંબર, જન્મ દિગંબર હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બાપુ! વિચારો તો ખરા ભાઈ! ક્યાં ભગવાન તીર્થંકર ને સ્ત્રી? ક્યાં ભગવાન પ્રભુ કેટલો ફેર! રાજા પરણવા આવ્યા મલ્લિનાથને. આ તે કાંઈ વાતું છે? ભગવાન તીર્થંકરને પરણવા આવ્યા.

રાજા. પહેલેથી .. કરી. પોતે દરરોજ એમાં નાખે કોળિયો. .. આવું ... .. રાજાને એમ .. માથેથી ખોપરી ... નાખતા. ઢાંકણું .. છએ જણા. આહાહા..! આવું! આવું શરીર છે આ. એના .. લ્યો આવું કરવું પડ્યું. એવું ન હોય. ફિકર કોની કરવી બાપુ! એને તો .. પાપને સંક્રમણ કરી કરીને પુણ્ય એકલું રાખ્યું છે. ધર્મ તો વીતરાગતા રાખ્યું પણ એમાં પુણ્ય ઘણું રહ્યું છે. સ્ત્રીનો અવતાર એને હોઈ શકે નહિ. ભગવાનને બે માતા અને બે પિતા એ તીર્થંકરને ન હોઈ શકે. એ તો કહેવાય અન્યમતિમાં લીધું છે. અન્યમતિમાં આવે છે ને? 'બે માના બે બાપના ...' ..માં આવે છે. ત્યાંના ભક્તો હોય એ કહે. કૃષ્ણ છે ને? 'બે માના બે બાપના...' એક યશોદા મા અને એની શું કહેવાય મા? કેવી? દેવકી. બે મા એમ આવે છે. 'બે માના બે બાપના ... બાળ, મહિમા ..'

મુમુક્ષુ :- .. તણા કાળ.

ઉત્તર :- .. તણા એ કાળ. એવું આવે છે. એમાં બધું આવે છે. આ તો ઘણાં વર્ષ પહેલાનું સાંભળેલું છે. એમ કરીને બોલાવે છે. પધારો આ કોણ છો તમે? અમે તમારા ભગત છીએ. એ અહીં લઈ લીધું. બે આને માત અને અને બે બાપ. એ સૂત્ર નહિ. આહાહા..! ભારે આકરી વાત છે.

**'ઈસ પ્રકાર આશય જાનના.'** લ્યો! **'ઉનસે પરમાર્થકી સિદ્ધિ નહીં હૈ,... '** છદ્મસ્થોએ કહેલા શાસ્ત્રોથી મોક્ષમાર્ગની યથાર્થ સિદ્ધિ કદી હોતી નથી. કદી ... હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

**'આગે કહતે હૈં કિ જો ઈસ પ્રકાર સૂત્રકા અર્થ આચાર્યોંકી પરંપરાસે...'** દેખો! **'પ્રવર્તતા હૈ ઉસકો જાનકર મોક્ષમાર્ગકો સાધતે હૈં વે ભવ્ય હૈં :—'** આહાહા..! ઠીક હવે આ અષ્ટપાહુડ આવ્યું. અહીં બધું ૨૫૦૦ વર્ષ .. અહીંયા ૨૫૦૦ વર્ષ ...

**सुत्तम्मि जं सुदिट्ठं, आइरियपरंपरेण मग्गेण।**
**णाऊण दुविह सुत्तं, वट्ठदि सिवमग्ग जो भव्वो।।२।।**

પાછું આચાર્યને આ જ કહેવું છે.

**'અર્થ :- સર્વજ્ઞભાષિત સૂત્રમેં જો કુછ ભલે પ્રકાર કહા હૈ...'** વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એમણે જે વાણીમાં સૂત્રો અર્થ દ્વારા કહ્યું છે. **'ભલે પ્રકાર કહા હૈ ઉસકો આચાર્યોંકી પરંપરારૂપ માર્ગસે...'** ભાષા જોઈ આમાં. **'सुत्तम्मि जं सुदिट्ठं'** છે ને પાઠ? એ સર્વજ્ઞભાષિત સૂત્રનો અર્થ એ. ભાવસૂત્ર. અને ગુથ્યું એ દ્રવ્યશ્રુત. છે ને? **'दुविह सुत्तं'** છે ને? **'दुविह'** છે ને? બે પ્રકારનું કહ્યું. જુઓ. **'સૂત્રકો શબ્દમય ઔર અર્થમય...'** બરાબર છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરદેવ એણે જે અર્થ કહ્યો અને ગણધરોએ રચ્યો એવું જે ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત બેય લઈ લેવું.

**'ઉસકો આચાર્યોંકી પરંપરારૂપ માર્ગસે દો પ્રકારકે સૂત્રકો શબ્દમય ઔર અર્થમય... '** શબ્દમય દ્રવ્યશ્રુત, અર્થમય-ભાવશ્રુત. એ આવી ગયું ને **'अरहंतभासियत्थं'** એ આવ્યું આ ત્રીજું. એમ. આહાહા..! આચાર્યોની પરંપરા. આહાહા..! એ દિગંબર સંતોની પરંપરા એ ભગવાનનો માર્ગ

છે. એવો માર્ગ બીજે ક્યાંય છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'જાનકર સૂત્રકો શબ્દમય ઔર અર્થમય...'** ભાવ જાણીને **'મોક્ષમાર્ગમેં પ્રવર્તતા હૈ...'** આહાહા..! .. છૂટવાના રસ્તામાં પ્રવર્તે છે. આહાહા..! ભગવાને છૂટવાનો માર્ગ જ કહ્યો છે.

ઓલામાં આવ્યું છે ને. ભાઈએ મૂક્યું છે ને નહિ? 'દેહ શુદ્ધાથી..' ટોડરમલ. ટૂકડામાં મૂક્યું છે. પહેલે પાને. આ બાજુ. પુસ્તક નથી? પુસ્તકમાં. પહેલો ભાગ. .. નથી. પહેલું અને છેલ્લું ઓલા .. ... પ્રસ્તાવના પહેલા અને ઓલું લખાણ પછી. 'તાતે બહુત કહા .. જૈસે રાગાદિ મિટાનેકા શ્રદ્ધાન હો, વહી શ્રદ્ધાન સમ્યગ્દર્શન હૈ.' સૂત્રમાં આ કહેવું છે. 'રાગ દ્વેષ વાસના મિટાનેકા શ્રદ્ધાન હો વહી શ્રદ્ધાન સમ્યગ્દર્શન હૈ. જૈસે રાગાદિ મિટાનેકા જાનના હો, વહી જાનના સમ્યગ્જ્ઞાન હૈ, વહી જૈસે રાગાદિ મિટે વહી આચરણ સમ્યક્ચારિત્ર ઐસા હી મોક્ષમાર્ગ માનના યોગ્ય હૈ.' સમજાણું કાંઈ? અને દ્રવ્યસૂત્રમાં એ જ કહ્યું છે. ભાવસૂત્રમાં એ કહ્યું હતું ભગવાને. એવું દ્રવ્યસૂત્રમાં એ કહ્યું છે. રાગાદિ ઘટાડવાની શ્રદ્ધા, રાગાદિ ઘટાડવાનું જ્ઞાન અને રાગાદિ રહિત થવાનું આચરણ ચારિત્ર-એ પ્રયોજન દ્રવ્યશ્રુતમાં સિદ્ધ થશે. કલ્પિત અજ્ઞાનીઓને માન્યા એમાંથી કોઈ રીતે સિદ્ધ નહિ થાય. આહાહા..! કહો, રતિભાઈ!

**'મોક્ષમાર્ગમેં પ્રવર્તતા હૈ વહ ભવ્યજીવ હૈ,...'** પાઠ છે ને જુઓ! **'જો ભવ્વો'** એ ભવ્યજીવ છે. આહાહા..! એ ભગવાને કહ્યો મોક્ષનો માર્ગ ભાવશ્રુત દ્વારા, દ્રવ્યશ્રુતની રચનામાં ગણધરોએ કહ્યો, એમાંથી આત્મામાં પ્રયોજન વીતરાગભાવનું શોધી અને એમાં જે વર્તે એ ભવ્યજીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કાંઈ વાદવિવાદ અને ઝઘડે કાંઈ પાર આવે એવું નથી. આવી બધી વાત છે હોં ઓલા મેઘવિજયની. બનારસીદાસની ... મેઘવિજય. .. .. નામ વાંચ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ...ચોપડી આવી છે. અહીં છે. એ નહિ.

**'અર્થમય જાનકર મોક્ષમાર્ગમેં પ્રવર્તતા હૈ... '** આહાહા..! જેનાથી આત્મા મુક્તિ-મુક્તના માર્ગને પામે એવો માર્ગ દ્રવ્યશ્રુતમાં કહ્યો છે એ શોધીને વર્તે એ ભવ્યજીવ છે. આહાહા..! આવા પૈસાવાળા થાય અને આવા આબરૂવાળા થાય, શાસ્ત્રમાંથી ગોતી લે અને મોટા ચમત્કારવાળા થાય ને એવું અહીં છે નહિ.

મુમુક્ષુ :- આમાંથી રૂપિયો કાઢી દે એવું કાંઈ ન નીકળે આમાંથી?

ઉત્તર :- વીંટી હા. સાઈબાબા. ગપેગપ. અરર..! જૈનમાં જન્મ્યા આવા જ્યાં ત્યાં વળગ્યા છે. વીંટી આમ કરે. વીંટો પહેરીને શું .. એ .. બીજું ન હોય પાછું. ચમત્કાર થોડો હોય એમ પાછો જવાબ આપ્યો છે. રાખ્યું હોય અંદરમાં તો આમ... એ બધા .. આને ભગવાન કહ્યા. તમારે રજનીશ. રજનીશ-રજનીશ નહિ? ''ભગવાન''તો ઘણાના નામ હોય, કોળીના, કણબીના, નથી ઢેઢના?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હા. આહાહા..!

અહીં તો ભગવાન સર્વજ્ઞદેવ પરમેશ્વર હાજરાહજુર જેની વીતરાગતા અને કેવળજ્ઞાન છે. એમણે જે શાસ્ત્રો કહ્યાં અને ગણધરોએ રચ્યા. આહાહા..! એમાંથી મોક્ષ પામવાનું શોધી લેવું જોઈએ. એ ભવ્યજીવ. એમાંથી કોઈ ચમત્કાર થાશે, ઢીંકણું થાશે, પૈસા મળે, આ મળે એવું શાસ્ત્રમાં નથી. સમજાણું કાંઈ? વીતરાગના શાસ્ત્રમાં તો વીતરાગતા પ્રગટ કરીને મોક્ષ થાય એ સાધન કહ્યું છે. ચારે બાજુથી જોવે તો એ વાત ત્યાં સાબિત થાય છે. બીજા પંથમાં અનેક વાતું કરીને જગતને ભરમાવ્યા છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- યહાં કોઈ કહે–અરહંત દ્વારા ભાષિત ઔર ગણધર દેવોંસે ગૂંથા હુઆ સૂત્ર તો દ્વાદશાંગરૂપ હૈ,...'** એ તો બાર અંગરૂપની રચના. **'તો ઈસ કાલમેં દિખતા નહીં હૈ,...'** બાર અંગ તો આ કાળમાં દેખાતા નથી. **'તબ પરમાર્થરૂપ મોક્ષમાર્ગ કૈસે સધે? '** જુઓ! **'ઈસકા સમાધાન કરનેકે લિયે યહ ગાથા હૈ, અરહંત ભાષિત, ગણધર રચિત સૂત્રમેં જો ઉપદેશ હૈ...'** અરિહંતનું કહેલું અને ગણધરનું રચેલું. આહાહા..! **'સૂત્રમેં જો ઉપદેશ હૈ ઉસકો આચાર્યોંકી પરંપરા સે જાનતે હૈં,...'** આ વાત છે. **'आइरियपरंपरेण'** એક ભગવાન કુંદકુંદાચાર્ય આચાર્યો સાચા થયાં, ત્યાં સુધી એ માર્ગ ચાલ્યો આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અરિહંત ભાષિત, ગણધર રચિત સૂત્રમેં જો ઉપદેશ હૈ ઉસકો આચાર્યોંકી પરંપરા સે જાનતે હૈં, ઉસકો શબ્દ ઔર અર્થકે દ્વારા જાનકર...'** વાણી અને એના ભાવ. એને જાણીને પણ ભાવ ક્યા એમ જાણવું જોઈએ. વાણી તો અમુક પ્રકારની કહે પણ એનો આશય શું છે? પ્રયોજન શું છે? એમ જાણીને **'જો મોક્ષમાર્ગકો સાધતા હૈ...'** રાગથી ભિન્ન કરીને આત્માની સમ્યગ્દર્શનની સાધના કરે છે, રાગથી ભિન્ન કરીને આત્માના જ્ઞાનને સાધે છે અને રાગને ટાળીને શીલતાને કરીને જે સાધે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'વહ મોક્ષ હોને યોગ્ય ભવ્ય હૈ.'** આહાહા..! એ અલ્પકાળમાં એને કેવળજ્ઞાન થવાનું, મુક્તિ પામવાના. આહાહા..! સમજાણું કાંઈ?

**'યહાં ફિર કોઈ પૂછે કિ–આચાર્યોંકી પરંપરા ક્યા હૈ? અન્ય ગ્રંથોમેં આચાર્યોંકી પરંપરા નિમ્ન પ્રકારસે કહી ગઈ હૈ :-' 'શ્રી વર્ધમાન તીર્થંકર સર્વજ્ઞ દેવકે પીછે... '** ત્રિલોકનાથ પરમાત્મા એને કહ્યું. સર્વજ્ઞદેવને પછી જુઓને કેટલાય વાંધા. એ કહે કે મહાવીર ભગવાન પરણ્યા હતા. બીજો કહે પરણ્યા નથી.

મુમુક્ષુ :- દીકરી ને જમાઈ હતા.

ઉત્તર :- દીકરી ને જમાઈ હતા. આ ત્રણેય તીર્થંકરો બાળબ્રહ્મચારી હતા. ૨૨, ૨૩ અને ૨૪. વચમાં બે હતા મલ્લિનાથ ને વાસુપૂજ્ય. ઓલા તો બહુ આયુષ્ય થોડું અને કામ કરવાનું ઘણું. એવી

સ્થિતિ જ હોય એને. આહાહા..! સમજાય છે કાંઈ? ઓલા કહે ભગવાન પરણ્યા હતા, એને દીકરી હતી. એને જમાઈ હતો. આ કહે બાળબ્રહ્મચારી. આમાં ક્યાં મેળ કરવો? એવી વાતું છે. બહુ કલ્પિત વાતું છે. અરે..! શું થાય? ... પ્રભુનો જે દિગંબર આચાર્યોએ જાળવી રાખ્યો. ધર્મના સ્તંભ, ધર્મના થાંભલા. કેવળજ્ઞાનના કેડાયતો, એને ભગવાનના કહેલા ભાવો સૂત્રોને જાળવી રાખ્યા છે. અને એ સૂત્રની રચના અને સૂત્રનું કથન એમણે કર્યું. ઓહોહો..! દિગંબર આચાર્યોની કરૂણા ને ટીકા અને ઉપકાર અથાગ અથાગ છે. સમજાય છે કાંઈ? આવા હળાહળ કાળમાં. જુઓને રાડું પાડે છે. .. કેટલા જુઓને .. અનાજ ન મળે પંદર દિ' સુધી મુંબઈમાં. પંદર દિ'નું અનાજ. કે દસ દિ'નું.

મુમુક્ષુ :- એટલો ...

ઉત્તર :- કોક એમ કહેતું હતું.

મુમુક્ષુ :- સરકાર વધારે .. કરે.

ઉત્તર :- આ તો પણ બીજી .. મોટી.

મુમુક્ષુ :- ખાવાનું નહિ મળે એ વાત જ શું...

ઉત્તર :- એ વાત જ નહોતી આ. દસ દિ'નું અનાજ, પંદર દિ'નું અનાજ. બહારથી લાવશે. આહાહા..!

મુમુક્ષુ :- અનાજ .. કહેવાય નહિ. ઘરમાં .. લાવજો.

ઉત્તર :- એમ જ હોય ને. એ તો ઓલા માગવા આવેને લોટ. મને ખબર છે. ના ન કહે. આજ લોટ વધારે છે એમ કહે. લોટ માગવા આવે ને બ્રાહ્મણ? .. આવતા હતા. પછી ન હોય તો લોટ.. એમ કહે કે ..

મુમુક્ષુ :- બોલાવે ..

ઉત્તર :- ઘરેથી બોલાવે. હા. હા. બધી ખબર છે નાની ઉંમરથી. આમ કેમ બોલે છે આ? કહે, એમ ન બોલાય. લોટ થઈ રહ્યો એમ ન બોલાય. નહિતર ગરીબાઈ આવી જાય. એ બધી વાતું છે. પણ બીજી જાતની.

અહીં '**તીર્થંકર સર્વજ્ઞ દેવકે પીછે તીન કેવલજ્ઞાની હુએ—૧. ગૌતમ, ૨. સુધર્મ, ૩. જંબુ. ઈનકે પીછે પાંચ શ્રુતકેવલી હુએ; ઈનકો દ્વાદશાંગ સૂત્રકા જ્ઞાન થા,...** ' બાર અંગનું જ્ઞાન હતું. '**૧. વિષ્ણુ, ૨. નંદિમિત્ર, ૩. અપરાજિત, ૪. ગૌવર્ધન, ૫. ભદ્રબાહુ. ઈનકે પીછે દસ પૂર્વકે જ્ઞાતા ગ્યાર હુએ;...**' અગ્યાર. '**૧. વિશાખ, ૨. પ્રૌષ્ઠિલ, ૩. ક્ષત્રિય, ૪. જયસેન, ૫. નાગસેન, ૬. સિદ્ધાર્થ, ૭. ધૃતિષેણ, ૮. વિજય, ૯. બુદ્ધિલ, ૧૦. ગંગદેવ, ૧૧. ધર્મસેન. ઈનકે પીછે પાંચ ગ્યારહ અંગોંકે ધારક હુએ; ૧. નક્ષત્ર, ૨. જયપાલ, ૩. પાંડુ, ૪. ધ્રુવસેન, ૫. કંસ. ઈનકે પીછે એક અંગકે ધારક ચાર હુએ;...**' એક

અંગ જ. આચારાંગનું બસ એક અંગ.

'૧. **સુભદ્ર, ૨. યશોભદ્ર, ૩. ભદ્રબાહુ, ૪. લોહાચાર્ય. ઈનકે પીછે એક અંગકે પૂર્ણજ્ઞાનીકી તો વ્યુચ્છિતિ...**' આહાહા..! '**ઔર અંગકે એકદેશ અર્થકે જ્ઞાતા આચાર્ય હુએ.**' આચારાંગ આદિ એકદેશનો ભાવ એના જાણનારો. '**ઈનમેંસે કુછકે નામ યે હૈં—અર્હદ્બલિ, માઘનંદિ, ધરસેનાચાર્ય, પુષ્પદંત, ભૂતબલિ, જિનચન્દ્ર,...** ' કુંદકુંદાચાર્યના ગુરુ. '**કુંદકુંદ, ઉમાસ્વામી, સમંતભદ્ર, શિવકોટિ, શિવાયન,...**' ભગવતી ... '**પૂજ્યપાદ, વીરસેન, જિનસેન, નેમિચંદ્ર ઈત્યાદિ.**' લ્યો! ગોમ્મટસારના કર્તા નેમિચંદ્ર. પરંપરાની વાણી..

'**ઈનકે પીછે ઈનકી પરિપાટીમેં આચાર્ય હુએ, ઈનસે અર્થકા વ્યુચ્છેદ નહીં હુઆ, ઐસી દિગંબરોંકે સંપ્રદાયમેં પ્રરૂપણા યથાર્થ હૈ.**' સમજાય છે કાંઈ? દિગંબરોના સંપ્રદાયમાં કથનની પ્રરૂપણા યથાર્થ. ભગવાનથી ચાલી આવેલી વાત એમનામાં છે. બીજે છે નહિ. આહાહા..! '**અન્ય શ્વેતાંબરાદિક વર્ધમાન સ્વામીસે પરંપરા મિલાતે હૈં...**' બધા મેળવે છે કે એમાં હશે. .. છે ને? આહાહા..! જુઓને. ખોટે ખોટી વાતું બધી. તેરાપંથી એમ કહે કે .. શિષ્યનો છે. આહાહા..! તીર્થંકર પરમેશ્વરે વીતરાગદેવે જે માર્ગ કહ્યો, સૂત્ર, એ સૂત્ર દિગંબર સંપ્રદાયમાં જ ચાલ્યા આવે છે. એ વાત બીજે છે નહિ. આહાહા..! ..ભાઈ! આવી વાત છે, ભાઈ! શાંતિથી, ધીરજથી વિચારવાની ચીજ છે. .. આ વાત નથી.

'**અન્ય શ્વેતાંબરાદિ...**' શ્વેતાંબર, સ્થાનકવાસી કે અન્યમતિ આદિ બીજા બધા '**વર્ધમાન સ્વામીસે પરંપરા મિલાતે હૈં...**' સ્થાનકવાસી મિલાવે છે નહિ? હમણાં પૂછતું હતું મને. '**વહ કલ્પિત હૈ...**' .. ન આવે સ્થાનકવાસી. ... હતા કે દિ'? ... શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી નીકળ્યા અને દિગંબરમાંથી શ્વેતાંબર બે હજાર વર્ષે નીકળ્યા અને સ્થાનકવાસીમાંથી તેરાપંથી હમણાં ૨૦૦ વર્ષે નીકળ્યા. આહાહા..!

મુમુક્ષુ :- ...સ્થાનકવાસીના પુસ્તકમાં કુંદકુંદાચાર્ય અમારામાંથી એમ કહે.

ઉત્તર :- એ કહે. ... એમાં ગપ્પા મારે બધા. સારા .. નહિ. આહાહા..!

દિગંબરમાર્ગ કોઈ સંપ્રદાય નથી. દિગંબરમાર્ગ એ વસ્તુનું સ્વરૂપ છે. સર્વજ્ઞે કહેલું એવું વસ્તુનું સ્વરૂપ એ દિગંબરમાર્ગ છે. આહાહા..! ઓલામાં આવી ગયું નહિ? જિનદર્શન કોને કહેવું? જૈનદર્શન કોને કહેવું? એ ચૌદમી ગાથામાં આવી ગયું. કે જેને બાહ્ય-અભ્યંતર ત્યાગ હો, ચારિત્ર અંદર હોય, જેને દર્શન અને જ્ઞાન હોય, જેને ઊભા ઊભા આહાર હોય, સંયમધર હોય. ઊભા ઊભા આહાર લેતા હોય, જેને ત્રણ કષાયનો અભાવ હોય, જેને અઠ્યાવીશ મૂળગુણ અને પંચ મહાવ્રતાદિનો વિકલ્પ હોય, જેની દશા નગ્ન હોય એને જૈનદર્શન કહે છે.

ચૌદમીમાં છે. ચૌદમી. ચૌદમી-ચૌદમી. ચૌદમી ગાથામાં. ફરવા ગયા છે બધા. ફરવા શું? રૂપિયા

લેવા એ માલ. ચૌદ-ચૌદ. પાનું ૨૦. 'दुविंह पि गंथचायं' છે? 'तीसु वि जोएसु संजमो ठादि। **णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।'** એને જૈનદર્શન કહીએ. અર્થ **'બાહ્યાંતર ભેદ સે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ...'** અંદરમાં રાગનો ત્યાગ અને બાહ્યમાં વસ્ત્રાદિનો ત્યાગ. **'ઔર મન-વચન-કાય ઐસે તીનોં યોગોં મેં સંયમ હો તથા કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કરણ જિસમેં શુદ્ધ હોં વહ જ્ઞાન...'** જ્ઞાનમાં કાંઈપણ ખોટા જ્ઞાનનું અનુમોદન કે કરાવન હોય નહિ.

**'નિર્દોષ જિસમેં કૃત, કારિત, અનમોદના અપનેકો ન લગે ઐસા, ખડે રહકર પાણિપાત્રમેં આહાર કરે, ઈસપ્રકાર મૂર્તિમંત દર્શન હોતા હૈ.'** એને જૈનદર્શન કહેવામાં આવે છે. આહાહા..! એય..! બલુભાઈ! આને જૈનદર્શન કહે છે. જેને તેને માથા ફોડે. આ .. આવા છે, આવા છે, બીજા છે, મોટા છે, ઢીંકણા છે. આહાહા..! માર્ગ તો આવો અનાદિનો છે. કુંદકુંદાચાર્યે કહેલો વીતરાગનો માર્ગ છે. પણ આ એટલું ખબર નથી કે આ આખી લાઈન છોડીને બેઠા હશે તો કાંઈક કારણ હશે કે નહિ? પણ ચોખ્ખું તો હવે કરવા માંડી. સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ જ એ નહિ. માર્ગ જ આ છે. સમજાણું કાંઈ? દિગંબર સંતોએ ... એને અત્યારે સંપ્રદાયમાં ક્યાં ખબર છે ને એ? બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથદશા હોય, સંયમ હોય, મન, વચન, કાયાથી કરણ, કરાવન, અનુમોદનથી મન શુદ્ધ હોય. ક્યાંય જ્ઞાનમાં કરણ, કરાવન, અનુમોદનમાં દોષ ન હોય અને એકલો ખડા આહાર હોય. ન સારું હોય તો ઊભા રાખીને પાણી આપે એ માર્ગ નથી. એને અહીંયા જૈનદર્શન... આવું બધું નિશ્ચય, વ્યવહાર અને નિમિત્ત આ દશાને જૈનદર્શનનો વ્યવહાર અને નિશ્ચય કહેવામાં આવે છે. આવું જૈનદર્શનનું અનાદિનું સ્વરૂપ છે. આહાહા..! ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ તમારા ભાઈને બેસે નહિ આમાં. એના અગ્રેસર છે ને. એ પણ માણસ સજ્જન છે હોં. .. બહુ મળે. આહાહા..! અહીં આવ્યા હતા. ત્યાં પણ બહુ નરમથી બોલે. પણ ઓલા શ્વેતાંબરના અગ્રેસર છે જામનગરમાં. .. પણ આ માર્ગ બાપા! આખો પલટાવવો સંપ્રદાયને.

મુમુક્ષુ :- .. વગરની..

ઉત્તર :- ... ચુનિભાઈને. આહાહા..! મોટા ભાઈ કોણ હતા નહિ? મૂલચંદભાઈ. મૂળચંદભાઈ .. .. પહેલા આવતા ૭૮માં .. નીકળી ગયા. અહીં કાંઈક થતું હતું. પહેલા ૭૮માં આવ્યા હતા. આહાહા..!

અહીં કહે છે કે એ દ્વાદશાંગ પરંપરાએ ચાલ્યું આવે છે. કહો, સમજાણું? **'ઈનકે પીછે ઈનકી પરિપાટીમેં આચાર્ય હુએ,...'** લ્યો! છે? **'નેમિચંદ ઈત્યાદિ.'** **'ઈનકે પીછે ઈનકી પરિપાટીમેં આચાર્ય હુએ,...'** **'ઈનકે પીછે ઈનકી પરિપાટીમેં ઈનસે અર્થકા વિચ્છેદ નહીં હુઆ,... '** ભાવનો વિચ્છેદ થયો નહિ. **'ઐસી દિગંબરોકે સંપ્રદાયમેં પ્રરૂપણા યથાર્થ હૈ.'** આહાહા..! **'અન્ય શ્વેતાંબરાદિક વર્ધમાન સ્વામીસે પરંપરા મિલાતે હૈં વહ કલ્પિત હૈ ક્યોંકિ ભદ્રબાહુ સ્વામીકે**

**પીછે કઈ મુનિ અવસ્થાસે ભ્રષ્ટ હુએ,...'** બાર વર્ષનો દુકાળ પડ્યો. કંઈક મુનિ ભ્રષ્ટ થયા, કપડા રાખવા માંડ્યા અને ભ્રષ્ટ થઈ ગયા ..થી. આહાહા..! કપડાનો ટૂકડો રાખીને મુનિ મનાવવું જૈનદર્શનથી ભ્રષ્ટ થઈ ગયા. આવી વાત છે. વીતરાગ ત્રિલોકનાથ પરંપરાનો તો આ માર્ગ છે.

**'યે અર્ધફાલક કહલાયે.'** જુઓ! અર્ધફલા. ફાડિયું અડધું રાખવું. એ અર્ધફલા કહેવાતા. ઓલાએ લખેલું છે હોં. ઓલો ચંપક. ચંપક સાધુ છે ને દેરાવાસી. એ મળ્યા હતા ત્યાં. .. એમ કે અર્ધફાલકમાંથી ૧૦૮ .. સુધી આવ્યા છે અત્યારે. ભગવાન જાણે શું થાશે હજી તો. એ સાધુ છે દેરાવાસી. એણે અહીંનું વાંચેલું એને બેઠેલું. વાત તો સાચી લાગે છે. ... એ હતા સાધુ. અર્ધફાલક. કેવા? આ? અર્ધફાલક વસ્ત્રમાંથી વકરેલો વિકાર. એક અર્ધફાલક લીધો હતો સાધુએ દેરાવાસીએ. વકરેલો વિકાર ક્યાં જઈને અટકશે તે તો પ્રભુ જાણે. ૧૦૮. ૧૦૮. ૧૧૧. ૧૧૧ છે લ્યો.

વર્તમાનકાળમાં વિચરતા શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિઓને જીવનમાં .. આદિ પ્રાયઃ ૧૦૮ સાધુ.. ૧૧૯ જેટલી સંખ્યા છે. એમને ગુણી ગણો કે અવગુણી કહો. એ સામા માણસની .. બને છે. પછી બધા લખ્યા.. .. માણસ. આટલા કપડા અને આટલા આ. અર્ધફાલકમાંથી ૧૧૧ સુધી આવ્યા ૧૫ સુધી. આહાહા..! હજી તો ક્યાં જાશે. .. રાખે. ... પણ ..

અહીં એ કહે છે જુઓ! મુનિ ભ્રષ્ટ થયા. **'અવસ્થાસે ભ્રષ્ટ હુએ, યે અર્ધફાલક કહલાયે.'** દેખો! એણે અહીંનું વાંચ્યું હતું ઘણું. દેરાવાસી સાધુ છે. ચંપક સાગર છે. **'ઈનકી સંપ્રદાયમેં શ્વેતાંબર હુએ, ઈનમેં દેવર્ધિગણી નામક સાધુ ઈનકી સંપ્રદાયમેં હુઆ હૈ, ઈસને સૂત્ર બનાયે હૈં...'** લ્યો! આ ૮૪ સૂત્ર દેવર્ધિગણી અહીં.. **'સો ઈનમેં શિથિલાચારકો પુષ્ટ કરનેકે લિયે કલ્પિત કથા તથા કલ્પિત આચરણકા કથન કિયા હૈ વહ પ્રમાણભૂત નહીં હૈ. પંચમકાલમેં જૈનાભાસોંકે શિથિલાચારકી અધિકતા હૈ સો યુક્ત હૈ,... '** આ કાળમાં એમ જ હોય. **'ઈસ કાલમેં સચ્ચે મોક્ષમાર્ગકી વિરલતા હૈ, ઈસલિયે શિથિલાચારિયોંકે સચ્ચા મોક્ષમાર્ગ કહાંસે હો-ઈસ પ્રકાર જાનના.'** લ્યો! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૧, સોમવાર, તા. ૨૨-૧૦-૧૯૭૩**
**ગાથા- ૩, ૪, ૫ પ્રવચન - ૩૩**

.. એમ છે બીજું પદ છે. સંસારમાં ગયો છતાં. એટલે આવા નરક અને પશુમાં કોઈ ભૂલું પડ્યું. પણ સ્વસંવેદન ભાવશ્રુતજ્ઞાન સાથમાં છે. આહાહા..! આ એની લક્ષ્મી હાથમાં છે કહે છે. આ ધૂળની લક્ષ્મી તો પડી. અરે..! હાય.. હાય.. અકસ્માત પાછા. શું કહેવાય તમારે .. શું કહેવાય ઓલું? વીલ-વીલ. વીલ કહે છે ને શું કહે છે? વીલ કર્યું ન હોય કાંઈ. અમારે તો નાની ઉંમર છે. હમણા કાંઈ આપણે

રોગ નથી અને આ આટલી પેદાશ અને આ બધું. વીલ પણ કર્યું ન હોય. એમાં અકસ્માત આવે. આહાહા..! જાવ સંસારમાં. આહાહા..! પણ સમ્યગ્જ્ઞાની, કહે છે કે એને કદાચિત નરક અને પશુમાં જવું પડ્યું. ગતિ હોય. 'ગત' છે ને? સંસાર. '**गओ वि संसारे**' સંસારમાં ગયો એ આ ગતિ ... એ રીતે મનુષ્યગતિ, પશુગતિમાં ગયો. સંસાર છે ને એટલો?

પણ '**सच्चेदणपच्चक्खं**' આહાહા..! ભાષા જુઓ! '**સંસાર મેં ગત હો રહા હૈ, અપના રૂપ અપને દૃષ્ટિગોચર નહીં હૈ તો ભી સૂત્રસહિત હો તો ઉસકે આત્મા સત્તારૂપ ચૈતન્ય ચમત્કારમયી સ્વસંવેદનસે પ્રત્યક્ષ અનુભવ મેં આતી હૈ...**' '**અપને દૃષ્ટિગોચર નહીં હૈ...**'નો અર્થ? પૂર્ણ આખી ચીજની દૃષ્ટિ નથી. અસંખ્ય પ્રદેશી કેવળજ્ઞાની જોવે એવી દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ? પણ સમ્યગ્જ્ઞાનસહિત છે. '**અપના રૂપ અપને દૃષ્ટિગોચર નહીં હૈ...**' એટલે? કેવળજ્ઞાનથી જેવું સ્વરૂપ દેખાય અંતર આત્માનું એવું જ્ઞાન નથી.

'**તો ભી સૂત્રસહિત હો...**' સમ્યગ્જ્ઞાનસહિત હો '**ઉસકે આત્મા સત્તારૂપ...**' આત્માનું હોવાપણું સત્તા, સત્તા મોજુદગી હયાતી. એ '**ચૈતન્ય ચમત્કારમયી સ્વસંવેદનસે...**' ચૈતન્ય ચમત્કારમયી '**સ્વસંવેદનસે પ્રત્યક્ષ અનુભવ મેં આતી હૈ...**' ભલે આમ પ્રત્યક્ષ ઓલી પણ સ્વસંવેદન એનાથી '**સ્વસંવેદનસે પ્રત્યક્ષ અનુભવ મેં આતી હૈ...**' સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એવું પ્રત્યક્ષ કદાચિત ન હો કેવળજ્ઞાન, પણ આ પૂર્ણ દેખવાને પરોક્ષ (અને) વેદવામાં પ્રત્યક્ષ. સમજાય છે કાંઈ? આહાહા..! આચાર્યનું આ છે. ભલે પૂર્ણ ન હો. પણ એમની સત્તાનું ચૈતન્ય ચમત્કાર, જેનો કાળ અલ્પ અને જણાય ત્રણ કાળ ત્રણ લોક એવું ચમત્કાર સ્વરૂપ ભગવાન આત્માનું. નીચે હોં. શ્રુતજ્ઞાનમાં પણ ચૈતન્ય ચમત્કાર જેના જ્ઞાનમાં. 'સબ આગમ ભેદ ઉર વસે.' આહાહા..! ચારેય અનુયોગોમાં શું કહેવું છે? શું તાત્પર્ય છે?

એવું '**ચમત્કારમયી સ્વસંવેદનસે પ્રત્યક્ષ...**' થઈ જાય છે એને. આત્મા એવો પ્રત્યક્ષ થઈ ગયો એટલે બધું એને બીજી વાત પરોક્ષ થઈ જાય છે. સમજાણું કાંઈ? એને ખ્યાલમાં એ વાત રહેતી નથી. આહાહા..! '**सच्चेदणपच्चक्खं**' એમ શબ્દ છે ને પાઠ? સચ્ચેતન પ્રત્યક્ષ. સત્ ચૈતન્ય પ્રત્યક્ષ. ચ ડબલ છે ને. સત્. સત્ ચેતન પ્રત્યક્ષ એમ. સત્ ચેતન પ્રત્યક્ષ. સત્. ચેતન સત્ એમ. સત્ ચેતન સત્. અને પ્રત્યક્ષ. આહાહા..! આત્મા સત્ છે, સત્ છે, એ ચેતન છે. સત્ એ ચેતન છે. પરમાણુ આદિ સત્ તો છે પણ એ અચેતન છે. આ (આત્મા) સત્ છે એ ચેતન છે. એનું પ્રત્યક્ષ. આહાહા..!

'**આત્મા સત્તારૂપ ચૈતન્ય...**' કર્યું છે ને જુઓને. એ સત્‌નું સત્તા કર્યું. '**ચૈતન્ય ચમત્કારમયી...**' એમ પાછું. ચૈતન્યનો ચમત્કાર કાઢ્યો. આમ તો સત્ ચેતન. પણ સત્ ચેતન છે એવું ચૈતન્ય ચમત્કારમયી તત્ત્વ છે. સમજાણું કાંઈ? આ ચમત્કાર છે. જગતના માનેલા, કલ્પેલા ચમત્કાર... આહાહા..! જે જ્ઞાનનું ભાન થતાં ચમત્કાર એમ કે જેને ત્રણ કાળ ત્રણ લોકનું અસ્તિત્વ શું છે એનું એને

જ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અને આ સૂત્રમાં દ્રવ્યસૂત્રમાં આ કહ્યું છે. ભાવશ્રુતરૂપે પરિણમવું એ કહ્યું છે. સૂત્રપાહુડ છે ને?

૧૫માં એ આવ્યું ને? '**अपदेससंतमज्झं**' દ્રવ્યશ્રુતમાં પણ એ કહેવું છે કે જ્ઞાનનું વેદન. અને ભાવશ્રુત પોતે જૈનશાસન છે. જૈનશાસનની પર્યાય લેવી છે ને. અહીં કાંઈ દ્રવ્ય નથી. આહાહા..! લ્યો આ પર્યાય જૈનશાસન આવ્યું. એય..! ચેતનજી! અનુભવ તો એ પર્યાયનો આવે ને. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! '**सच्चेदणपच्चक्खं**' '**सच्चेदणपच्चक्खं**' ગજબ વાત કરે છે. જેને ભાવશ્રુતજ્ઞાનમાં અંતરના સમ્યક્ સ્વસંવેદન જ્ઞાનમાં સત્ ચેતનનું પ્રત્યક્ષપણું ચૈતન્ય ચમત્કારનું થાય છે. આહાહા..! આ વાત છે.

આ સૂત્રમાં કહેવું હોય તો પ્રથમ આ છે. આવું સૂત્રમાંથી કાઢ્યું છે ને પહેલું આવ્યું હતું .. નહિ? શોધીને આમ કાઢ્યું. પ્રયોજન મોક્ષનો માર્ગ એમાં છે એ શોધ્યું છે. આહાહા..! એ વાત તો સર્વજ્ઞના શાસ્ત્રોમાં કહેલામાં છે. સમજાય છે? એ વાત ..ભવમાં આવ્યું હતું ને કાંઈક. ભવનાશનં. એવા અર્થમાં કર્યું છે. સર્વજ્ઞનું કહેલું. એવું કાઢ્યું છે કાંઈક. જુઓ. આ ટીકાકારે. ત્રીજી છે ને? સૂત્રની ત્રીજી. 'મનુષ્ય યથાર્થ મેં સર્વજ્ઞદેવકે શાસ્ત્રકો જાનતા હૈ.' એવું કીધું. 'વહ સંસારકા નાશ કરતા હૈ.' ગાથા. 'ભવ અર્થાત્ પુનર્જન્મ સે રહિત હૈ. અભવ સર્વજ્ઞ જિનેન્દ્ર.' એવું કાઢ્યું છે એમાંથી. ભવસિંધુ છે ને? 'સર્વજ્ઞ જિનેન્દ્ર વહ કહલાતે હૈં. સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રકે સૂત્ર આગમકો જો જાનતા હૈ વહ ભવસંસારકા નાશ કરતા હૈ.' આહાહા..! એવો અર્થ કર્યો છે. ભવનો જેણે નાશ કર્યો છે એમણે કહેલા જે સૂત્રો એમાંથી એને સમજે એનો ભવનો નાશ થાય છે, એમ. એમ કહ્યું. ભવનો જેણે નાશ કર્યો છે, ભવનાશનં. ભવનો જેણે નાશ કર્યો છે. જિતભયં. આવે છે ને પંચાસ્તિકાયમાં ભાઈ? જેણે ભવને જીત્યા છે. આહાહા..!

જેને ભવ જ નથી એવા જે સર્વજ્ઞદેવ એમણે કહેલા જે સૂત્રો એમાંથી જે ભાવસૂત્રપણે પરિણમે એને ભવનો નાશ થાય છે. ભવના નાશ કરેલા સર્વજ્ઞોએ કહેલા શાસ્ત્રો, એમાંથી દ્રવ્યશ્રુતમાંથી ભાવશ્રુત કાઢીને પોતાના આશ્રયે અવલંબીને એ ભવનો નાશ કરનારા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એકલું સૂત્રનું લખ્યું હોય તો ઠીક કાંઈક. એય..! ચેતનજી! વળી એમાં સ્વસંવેદન પ્રત્યક્ષ નાખ્યું. કહો, સમજાણું કાંઈ? કહો હવે '**सच्चेदणपच्चक्खं**' નાખ્યું આમાં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. એકલા દ્રવ્યશ્રુતમાં એ દ્રવ્યશ્રુતનું જ્ઞાન હોય. દ્રવ્યશ્રુત બરાબર જાણ્યું હોય. પણ દ્રવ્યશ્રુત બરાબર જાણ્યાનો અર્થ જ ભાવશ્રુત થયો. આહાહા..! એ દ્રવ્યશ્રુતમાં એ કહ્યું છે. આ ૧૫માં આવ્યું. '**अपदेससंतमज्झं**' અને ભાવશ્રુત તો એ શુદ્ધ ઉપયોગરૂપી જૈનશાસન છે. એ અહીં કહે છે આ. ભાવશ્રુતજ્ઞાનરૂપી પરિણમન છે એ જૈનશાસન છે. અને એ જીવ જૈનશાસન.. એને અજ્ઞાન અને

રાગને જીત્યા, એકત્વબુદ્ધિ છોડી દીધી. એને હવે ભવના નાશ કરનારા એવા સર્વજ્ઞ પરમાત્માએ, ભવના નાશ કરવાની વાત જે શાસ્ત્રમાં કહી છે. નાશ કરવાની કહી છે? આહાહા..! ભવના નાશ કરનાર સર્વજ્ઞ પરમાત્મા એમના મુખમાંથી વાણી નીકળી એ ભવના નાશ કરવાની વાણી છે. અને એનો ભાવ વાણીમાં પણ ભવના નાશ કરવાવાળો ભાવ છે. આહાહા..!

વાણીમાં પણ એ છે અને ભાવશ્રુતમાં પણ આ છે. આહાહા..! શું એની રચના! શ્રીમદ્‌માં નથી આવતું? શ્રીમદ્‌માં આવે છે કાંઈક. વીતરાગવાણીની શું એની રચના! શું એની વીતરાગતા! બીજું આવે છે કાંઈક. છે આવે છે. એવું આવે છે. .. સંભવ નહિ.. ધોળા સફેદપણે ભેખ.. એવું કાંઈક શબ્દ છે. આ વીતરાગની વાણી! આહાહા..! એમાં આવું નિર્મળ સમ્યગ્જ્ઞાન એ વીતરાગના વાણીનો સાર સાચો આ છે. .. આવી ગયું ને આપણે દર્શનપાહુડમાં. આહાહા..!

**'સૂત્રસહિત સૂઈ નષ્ટ નહીં હોતી હૈ વૈસે હી જો પુરુષ સંસાર મેં...'** પુરુષ શબ્દે આત્મા. **'ગત હો રહા હૈ,...'** આહાહા..! એમ શબ્દ છે. ગતિમાં ગયો છે. ગતિ નરક અને પશુ આદિની ગતિ થઈ છે. પણ જેને ભાવશ્રુતજ્ઞાનનું અંતરમાં સ્વભાવનું ભાન થયું, સચેતન પ્રત્યક્ષ થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? એ સૂત્રના જ્ઞાતા **'સ્વસંવેદનસે પ્રત્યક્ષ અનુભવમેં આતી હૈ...'** કોણ? એ ચીજ. આહાહા..! લખ્યું છે ને? **'અપના રૂપ અપને દૃષ્ટિગોચર નહીં હૈ...'** એમ. પણ પોતાનું રૂપ પોતાને **'પ્રત્યક્ષ અનુભવમેં આતા હૈ...'** એમ. આહાહા..! **'ઈસલિયે ગત નહીં હૈ...'** ઓલામાં કહ્યું હતું ને.. **'गओ वि संसारे'** એ **'ગત નહીં હૈ.'** નીકળી જવાનો. આહાહા..! નરકમાં છે અત્યારે તીર્થંકરનો જીવ શ્રેણિક. આમ જુઓ તો ક્યાં અને મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયકે બેઠા હોય લ્યો! આહાહા..! મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી નવમી ગ્રૈવેયકે.

મુમુક્ષુ :- અભવિ પણ.

ઉત્તર :- અને અભવિની તો વાત શું કરવા કહ્યું. એ તો કોઈ દિ' ... ગતે. આ તો ભવ ઘટાડી શકે એવા ભવિ જીવોએ. અનંત ભવવાળા નવમી ગ્રૈવેયક પડ્યા હોય અને એક ભવવાળા પહેલી નરકે પડ્યા હોય. આહાહા..! એ કહે છે કે **'गओ वि संसारे'** અહીં. આ સંસારમાં પડ્યો દેખાય આવો છતાં એ ચૈતન્ય ચમત્કારનું વેદન છે. નીકળી ગયું છે બહારનું. (વેદન) તીર્થંકર થઈ મોક્ષ જશે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ આત્માના જ્ઞાન વિના નવમી ગ્રૈવેયકે ગયા. મોટી ઋદ્ધિ દેખાય અહમિન્દ્ર એનાથી કોઈ મોટું નહિ. એ મરીને પશુ થઈ માણસ થઈ પશુ થઈ નરકમાં જવાના. આહાહા..! એ સંસાર ગત એ સંસાર ગત જ રહેવાના. અને આ સંસાર ગત છે છતાં નીકળીને મોક્ષ જવાના. આહાહા..! સમજાણું કાંઈ?

**'પ્રત્યક્ષ અનુભવમેં આતી હૈ ઈસલિયે ગત નહીં હૈ નષ્ટ નહીં હુઆ હૈ,...'** એમ. **'વહ જિસ સંસારમેં ગત હૈ ઉસ સંસારકા નાશ કરતા હૈ.'** દેખો! આહાહા..! એ નરક અને પશુમાં

ગયેલ છે. સંસાર ગત કહેવાયને એ એટલું. તોપણ સંસારનો નાશ કરે છે. એ નાશ જ કરશે. બધા ભવનો નાશ કરી કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે. આહાહા..! અને જેને ભાવશ્રુતજ્ઞાનરૂપી સ્વસંવેદન નથી અને જેને દ્રવ્યશ્રુતનું (જ્ઞાન) અગ્યાર અંગ અને નવપૂર્વનું હો. આહાહા..! પણ એ સંસારગતમાં જ પડ્યા છે. એ એમાંથી નીકળવું એને છે નહિ. સમજાણું કાંઈ? આ જગતની બહારની આ લીલા. ધોળા-પીળા દેખાય બધું આમ હો.. હા.. હો.. હા.. ધૂળને ધમાહા. ભૂતાવળનો દેખાવ બધો. એ બધો નાશવાન છે. એમાંથી જ્ઞાની નીકળી જશે એમ કહે છે. સમજાય છે? દેખાય એમાં. હલકી ચીજમાં દેખાય સમકિતી. આહાહા..! સમજાણું કાંઈ?

નારકીમાં હોય એટલે શું? આહાહા..! શરીર ખરાબ, રોગ કરોડો રોગો શરીરમાં જન્મે ત્યારથી હોં! તીર્થંકરનો જીવ છે, પણ ત્યાં તો શું થાય? આહાહા..! અને કરોડો વીંછી વેદના એવો સ્પર્શ તો એની પૃથ્વીનો છે. શું થાય? એ ગત છે. આહાહા..! અને અહીં નવમી ગ્રૈવેયક જુઓ તો ઓહોહો..! જેને અનાજનો .. પણ હજાર કેટલું ૩૧ સાગર. ૩૧ હજાર વર્ષે ઇચ્છા થાય તો અમૃત ઝરે. પણ એ સંસારગત છે હોં! આહાહા..! ભાવ. સ્વસંવેદનજ્ઞાન એનો જ્યાં અભાવ એ તો સંસારગત તે સંસારગત જ રહેશે. અને આ સંસાર ગત છે પણ નીકળીને મોક્ષ જશે. આહાહા..! ક્યાં પડદો? નવમી ગ્રૈવેયકનો ગયેલ, મરીને મનુષ્ય થાય, મનુષ્ય, ઢોર ન થાય સીધો. મનુષ્ય મરીને પછી ઢોર, નરક, નિગોદ જાય. આહાહા..! એ ગત છે તે ગત જ રહેવાના. અને આ ગત થઈ ગયા નીચે વયા ગયા, નીચે વયા ગયા. ઓલો ઉપર ગયો, ઓલો નીચે ગયો. બાહ્ય ક્ષેત્ર અપેક્ષાએ હોં. ભાવ અપેક્ષાએ પણ હજી સંસાર એટલો નરકમાં, ઢોરમાં જવું પડ્યું ને? પણ ભાવશ્રુતજ્ઞાન છે (એ) નીકળી જશે.

ત્રણ લોકના નાથ ભગવાન અલ્પ કાળમાં થશે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ આ સૂત્રપાહુડ. સાર. .. સાર કહ્યો ને .. આ ભેટ મૂક્યું ભાવશ્રુત જ્ઞાન જેણે, (એ) નીકળી જવાનો. ભલે અત્યારે નીચ દેખાય, નરકમાં દેખાય. આહાહા..! સાતમી નરકનો નારકી પણ ભાવશ્રુતજ્ઞાનપણે સમકિતમાં પરિણમ્યો છે. આહાહા..! ક્યાં ક્યાં પડ્યો છે? સમજાણું કાંઈ? પણ એ નીકળી જશે. .. પહેલો ભવ .. થાય પણ અલ્પકાળમાં છૂટી જવાનો. સંસારમાં નહિ રહે એ. જેને સંસાર નહોતો એણે કહેલો સૂત્ર એમાં સંસારરહિત થવાની વાત છે, એ જેણે શોધી કાઢી છે અંદરથી, એને સંસાર હોતો નથી. સમજાણું કાંઈ? આ તો અહીં આવી વાતું છે. ભગવાનજીભાઈ! આ દિવાળી આવી એટલે આમ છે, .. પૈસા ફેરવ્યા. દસ લાખ વધ્યા ને પાંચ લાખ વધ્યા. ધૂળમાંય વધ્યા નથી. હેરાન થઈ જવાનો. સાંભળને! કેમ ..ભાઈ!

મુમુક્ષુ :- પુણ્ય બળ્યા.

ઉત્તર :- પુણ્ય બાળ્યા પણ બહારમાં દેખાય છે કેવું? આમ ખુરશી. પધારો... પધારો... પધારો... બરાબર કરે. પૈસાની આશા રાખે. આવશે તો કાંઈક આપશે પાંચ-પચ્ચીસ હજાર. પધારો સાહેબ

પધારો. એ સાહેબ થઈ ગયો. આ જગત છે ને. પણ એ પાછા થઈ જવાના રાંકા-ભિખારા. બીજા નરકમાં હળોહળ ઉઠે. સમ્યગ્દૃષ્ટિ સ્વસંવેદન છે. બહારમાં જુઓ તો.. **'गओ वि संसारे'** એમ કીધું છે ને? **'विणासइ सो गओ वि संसारे'** એમ. અને ઓલો સંસારમાં ઊંચો ક્યાંય ગયો હોય તોપણ ત્યાં રખડવાનો છે. આહાહા..! એ ભગવાન આત્માના સમ્યગ્જ્ઞાનની એ મહિમા છે. આમાં બીજાનું શું કામ છે? **'સંસારકા નાશ કરતા હૈ.'**

**'ભાવાર્થ :- યદ્યપિ આત્મા ઈન્દ્રિયગોચર નહીં હૈ...'** એમ કહ્યું જુઓ! ઓલામાં લખ્યું હતું ને, એ દૃષ્ટિ ગોચર નથી. **'તો ભી સૂત્રકે જ્ઞાતાકે સ્વસંવેદન-પ્રત્યક્ષસે અનુભવગોચર હૈ,... '** એમ. સર્વજ્ઞને પ્રમાણે (પ્રત્યક્ષ) નથી અને ઈન્દ્રિયગમ્ય નથી. **'તો ભી સૂત્રકે જ્ઞાતાકે...'** શાસ્ત્રના જ્ઞાન ભાવજ્ઞાન જેને થયું એ **'સ્વસંવેદન-પ્રત્યક્ષસે અનુભવગોચર હૈ,... '** આહાહા..! **'વહ સૂત્રકા જ્ઞાતા સંસારકા નાશ કરતા હૈ,...'** આહાહા..! **'આપ પ્રગટ હોતા હૈ,...'** લ્યો! છે ને મૂળ પાઠ? **'अदिस्समाणो वि'** છે ને? ચોથું પદ નહિ? ચોથું. **'अदिस्समाणो वि'** વર્તમાનમાં નથી દેખાતો છતાં પ્રત્યક્ષ સ્વસંવેદનને લઈને એટલો પ્રત્યક્ષ છે અને એ વર્તમાન દેખાતો નથી પણ પૂર્ણ પ્રત્યક્ષ થઈ શકશે. આત્માને પૂર્ણ જ્ઞાન એવો થઈ જશે. આહાહા..! ભારે શાસ્ત્ર ભાઈ! ગાથા, ગાથા તે. આહાહા..!

**'સૂત્રકા જ્ઞાતા સંસારકા નાશ કરતા હૈ, આપ પ્રગટ હોતા હૈ,... '** **'अदिस्समाणो वि'** શબ્દ છે ને? ઈન્દ્રિયથી દેખાય નહિ અથવા પૂર્ણ ન દેખાતો હોય આખો, પણ સ્વસંવેદનને લઈને એ પ્રત્યક્ષપણું દેખાય છે એવો એ આત્મા થઈ જશે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને ચારેય પદ તો જુઓ!

**पुरिसो वि जो ससुत्तो, ण विणासइ सो गओ वि संसारे।**
**सच्चेदणपच्चक्खं णासदि तं सो अदिस्समाणो वि।।४।।**

આહાહા..! ભારે!

**'આગે સૂત્રમેં અર્થ ક્યા હૈ વહ કહતે હૈં :—'** હવે એ સૂત્રમાં શું કહ્યું છે અર્થનું-પદાર્થનું સ્વરૂપ, હેય-ઉપાદેયનું સ્વરૂપ.

**सुत्तत्थं जिणभणियं, जीवाजीवादिबहुविहं अत्थं।**
**हेयाहेयं च तहा, जो जाणइ सो हु सद्दिट्ठि।।५।।**

**'અર્થ :- સૂત્રકા અર્થ જિન સર્વજ્ઞ દેવને કહા હૈ...'** આહાહા..! **'जिणभणियं'** પહેલું આવ્યું હતું નહિ એ? તીર્થંકરો સર્વજ્ઞ થયા પછી જ કહે છે. **'जिणभणियं'** તીર્થંકરોએ કહેલું સર્વજ્ઞપણે. આહાહા..! **'સૂત્રકા અર્થ જિન સર્વજ્ઞ દેવને કહા હૈ...'** સૂત્રનો અર્થ હોં! એમ છે ને? **'सुत्तत्थं'** છે ને? સૂત્ર તો ષટ્દ્રવ્યસૂત્રની રચના, પણ તીર્થંકરે ભાવશ્રુત કહ્યું એ અર્થ કર્યો. અર્હંત આવે ને **'अत्थं'**

અર્થ કહે છે. અર્થ એટલે ભાવશ્રુત. એ ભાવશ્રુતમાં અર્થ કર્યા છે.

**'જિન સર્વજ્ઞ દેવને કહા હૈ ઔર સૂત્રકા અર્થ...'** સૂત્રનો અર્થ. **'જીવ અજીવ આદિ બહુત પ્રકારકા હૈ...'** લ્યો! એ અર્થ ભગવાનના કહેલા ભાવમાં જીવ, અજીવ આદિ બહુ પ્રકારે નવ તત્ત્વ આદિનું કથન છે. એક વાત. **'जीवाजीवादिबहुविहं अत्थं'** છે ને પહેલું? **'जीवाजीवादिबहुविहं'** **'जीवाजीवादिबहुविहं'** એમ. ઘણાં પ્રકારે. જીવ જીવરૂપે, અજીવ અજીવરૂપે, પુણ્ય પુણ્યરૂપે વગેરે **'जीवाजीवादिबहुविहं अत्थं'** આહાહા..! અને **'हेयाहेयं'** એમાં પાછું કહીને હેય-અહેય શું છે પાછું ભગવાને કહ્યું. સમજાણું કાંઈ? આવી વાતું લૂખ્ખીલસ જેવી લાગે. રાજા હોય ને રાણી હોય ને પછી દીક્ષા લીધી ને પછી ધામધુમ કરી. કેટલું લાગે!

ઓલા ઈન્દ્રધ્વજનું. વાચ્યું છે ને ભાઈ ઈન્દ્રધ્વજનું નહિ? અહીં છે પત્રિકા છે. પંડિત રાજમલના વખતમાં. આમાં આવ્યું છે આમાં. પહેલાં વાંચ્યું હતું. પત્રિકા આવી છે ક્યાંકથી આપણે, નહિ? વાંચ્યું છે. ઈન્દ્રનું ધ્વજ મોટું. લાખો માણસ ભેગા થયેલા. રાજાનો પહેલા વિરોધ હતો. મંદિર-બંદિર તોડી નાખ્યું. ઓલું થઈ ગયેલું. પાછો રાજા ઓલો થઈ અનુકૂળ. રાજાએ કીધું, જેટલી પંચકલ્યાણકમાં તમારે ચીજો જોઈતી હોય એ રાજમાંથી લઈ જજો. લાખો માણસ ભેગા થયા. ટોડરમલજી આમ ગોમ્મટસારનું વાંચન કરે. માણસો ભેગા થાય. ઓહોહો..! પાંચસો વર્ષથી ગોમ્મટસારની વાત છે એ બંધ હતી. એ શરૂ જ્યાંથી થઈ. આહાહા..! કહે છે કે એ ઘોલન કર્યું છે એમાં. એ વાંચી ગયો પાછળથી. બહુ વર્ણન. બહુ વર્ણન. પહેલા એ વાંચી ગયો. છાપામાં વાંચ્યું હતું. એટલો દેખાવ. સોના-રૂપાના બધા ફૂલો, ફલાણું ફલાણું એવી બહુ ખરચેલા. કરોડો રૂપિયા. તે દિ' કરોડો એટલે! એ કેટલા ગુણા. હવે એટલા વર્ષ પહેલાનું .. થઈ ગયું અત્યારે. આ તો કેટલા વર્ષ? એ તો ઘણાં થઈ ગયા, નહિ? ઘણાય વર્ષ ૨૦૦ વર્ષ. આ ૫૦ વર્ષ પહેલાના હોય એક લાખ અત્યારના ૨૦ લાખ. એટલો ફેર પડી ગયો. ભાવમાં ફેર પડી ગયો અને રૂપિયાની કિંમત ઘટી ગઈ. ઓહોહો..! રૂપિયાની રૂપિયાભાર બદામ અત્યારે. ભારે આવું!

**આસો વદ ૧૨, મંગળવાર તા. ૨૩-૧૦-૧૯૭૩**
**ગાથા- ૬, પ્રવચન - ૩૪**

પાંચ ગાથા અષ્ટપાહુડ. સૂત્રપાહુડની પાંચ ગાથા થઈ ગઈ. **'આગે કહતે હૈં કિ જિનભાષિત સૂત્ર...'** ભગવાન તીર્થંકર પરમાત્માએ કહ્યું જે સૂત્ર. **'વ્યવહાર-પરમાર્થરૂપ દો પ્રકાર હૈ,...'** એક વ્યવહારરૂપ છે કથન અને એક નિશ્ચયરૂપ છે. **'ઉસકો જાનકર...'** વ્યવહારને વ્યવહાર તરીકે જાણીને

અને નિશ્ચયને નિશ્ચય તરીકે જાણીને '**યોગીશ્વર શુદ્ધભાવ કરકે સુખકો પાતે હૈં—**' પોતાનો સ્વભાવ... વ્યવહારને વ્યવહાર તરીકે જાણે ખરો, પણ નિશ્ચય જે આત્માનું સ્વરૂપ છે તેનો આશ્રય લઈને શુદ્ધભાવ કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. '**શુદ્ધભાવ કરકે સુખકો પાતે હૈ.**' સુખ પરમાનંદને પામે છે. એ છઠ્ઠી ગાથા.

जं सुत्तं जिणउत्तं ववहारो तह य जाण परमत्थो।
तं जाणिऊण जोई लहइ सुहं खवइ मलपुंजं।।६।।

'**અર્થ :— જો જિનભાષિત સૂત્ર હૈ,...**' વીતરાગે કહેલા શાસ્ત્રો, એમ કહે છે. સર્વજ્ઞના મુખથી જે વાણી નીકળી. પરમ સર્વજ્ઞદશા અને પરમ આનંદ એવી દશાને પ્રાપ્ત એના મુખથી જે વાણી નીકળી એ સૂત્ર. '**વહ વ્યવહારરૂપ તથા પરમાર્થરૂપ હૈ,...**' બે પ્રકાર છે. એમાં વ્યવહારનું કથન છે અને પરમાર્થ બેયનું કથન છે. વ્યવહારને વ્યવહાર તરીકે વિષય છે. પણ એને છે એમ એને જાણવું જોઈએ. પરમાર્થરૂપ અભેદ આત્મા છે. એનો આશ્રય કરીને કલ્યાણ કરવું. '**ઉસકો યોગીશ્વર જાનકર સુખ પાતે હૈં...**' યોગી નામ આત્માના સ્વરૂપમાં જોડાણ કરીને સુખને પ્રાપ્ત કરે છે. આનંદને પ્રાપ્ત કરે છે. '**ઔર મલપુંજ અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મકા ક્ષેપણ કરતે હૈં.**' સુખને પ્રાપ્ત કરે છે અને કર્મ આદિ ભાવકર્મના મેલને નાશ કરે છે. એ વ્યય કીધો, ઉત્પાદ કીધો, ધ્રુવને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જિનસૂત્રકો વ્યવહાર-પરમાર્થરૂપ યથાર્થ જાનકર...**' ભગવાને કહેલા સિદ્ધાંતમાં વ્યવહાર પરમાર્થ જેમ છે તેમ બરાબર જાણીને '**(મુનિ) કર્મોંકા નાશ કરકે અવિનાશી સુખરૂપ મોક્ષકો પાતે હૈં. પરમાર્થ (નિશ્ચય)...**' હવે વ્યાખ્યા કરે છે. વ્યવહાર એ અભૂતાર્થ હોવા છતાં ત્રિકાળની અપેક્ષાએ. પર્યાય, રાગાદિ છે. ભેદાદિ, એ વ્યવહાર. '**ઈનકા સંક્ષેપ સ્વરૂપ ઈસપ્રકાર હૈ——**' ટૂંકામાં એની કથનની શૈલી આ છે.

મુમુક્ષુ :- રાગરૂપ...

ઉત્તર :- ભેદમાં એક પર્યાય એક ભેદ છે. ગુણગુણી એવો ભેદ છે રાગ એટલે. ગુણગુણીનો ભેદ કરવો એ વ્યવહાર છે.

મુમુક્ષુ :- ગુણની પર્યાય મુખ્ય...

ઉત્તર :- પર્યાયનો ભેદ કરવો પર્યાય પોતે વ્યવહાર છે. દ્રવ્ય એ નિશ્ચય છે, પર્યાય વ્યવહાર છે. આહાહા..! વાત લેશે બધી. કહ્યું એક જગ્યાએ. આ છઠ્ઠી ગાથામાં.

'**જિન-આગમકી વ્યાખ્યા ચાર અનુયોગરૂપ શાસ્ત્રોં મેં દો પ્રકારસે સિદ્ધ હૈ,...**' વીતરાગના કહેલા આગમમાં આગમની વ્યાખ્યા-કથન ચાર અનુયોગરૂપ... શાસ્ત્રોમેં ચાર અનુયોગરૂપ '**શાસ્ત્રો મેં દો પ્રકારસે સિદ્ધ હૈ,...**' ચારેય અનુયોગમાં બે પ્રકાર એવા કે વ્યવહાર અને નિશ્ચય કહેવામાં આવે

છે. આહાહા..! '**એક આગમરૂપ દૂસરી અધ્યાત્મરૂપ.**' એ બે પ્રકારે એટલે '**એક આગમરૂપ દૂસરી અધ્યાત્મરૂપ. વહાં સામાન્ય-વિશેષરૂપસે સબ પદાર્થોંકા પ્રરૂપણ કરતે હૈં...**' બધા છએ દ્રવ્યનું સામાન્ય-વિશેષરૂપ કથન એ આગમરૂપ. છએ દ્રવ્ય. જેટલા ભગવાને જોયા એ છએ દ્રવ્યનું '**સામાન્ય-વિશેષરૂપસે સબ પદાર્થોંકા પ્રરૂપણ કરતે હૈં સો આગમરૂપ હૈ, પરંતુ જહાં એક આત્માહીકે આશ્રય નિરૂપણ કરતે હૈં સો અધ્યાત્મ હૈ.**' આ બે ભેદ. સમજાય છે કાંઈ? છ દ્રવ્યનું સામાન્ય અને વિશેષ, દ્રવ્યરૂપ અને પર્યાયરૂપ-એવું જે કથન એને અહીંયા આગમ પદ્ધતિ કહે છે. અને એક આત્માને આશ્રયે વાત એને અધ્યાત્મ કહે છે.

'**અહેતુમત્ ઔર હેતુમત્ ઐસે ભી દો પ્રકાર હૈં,...**' આગમ ઔર અધ્યાત્મ બીજી રીતે અહેતુમત્ અને હેતુમત્ '**વહાં સર્વજ્ઞકી આજ્ઞાહીસે કેવલ પ્રમાણતા માનના અહેતુમત્ હૈ...**' ભગવાનની આજ્ઞા પ્રમાણે એક એક પર્યાયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ એ તો ભગવાનની આજ્ઞા પ્રમાણે માનવું જોઈએ. એમાં હેતુ-બેતુ, તર્ક કામ કરે નહિ. સમજાણું કાંઈ? છ દ્રવ્ય છે તેની દરેક સમયની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ એ તો સૂક્ષ્મ અહેતુમત્ છે. એ તો આગમ કહે એ પ્રમાણે જાણવું.

અને હેતુમત '**પ્રમાણ-નયકે દ્વારા વસ્તુકી નિર્બાધ સિદ્ધિ કરકે માનના સો હેતુમત્ હૈ.**' આખી વસ્તુને કથન કરે અને મુખ્ય-ગૌણ તરીકે સામાન્ય ને વિશેષનું કથન એ નય. પ્રમાણમાં આખી ચીજનું કથન કરે, નયમાં એક અંશનું કથન. પછી સામાન્ય કે વિશેષનું. એ '**પ્રમાણ-નયકે દ્વારા વસ્તુકી નિર્બાધ સિદ્ધિ...**' જેવી વસ્તુ છે એવી સાબિતી કરે '**સિદ્ધ કરકે માનના સો હેતુમત્ હૈ.**' યુક્તિથી, નયથી, પ્રમાણથી. '**ઈસપ્રકાર આગમમેં નિશ્ચય-વ્યવહારસે વ્યાખ્યાન હૈ,...**' લ્યો! '**વહ કુછ લિખનેમેં આ રહા હૈ.**' હવે એનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છે.

'**જબ આગમરૂપ સબ પદાર્થોંકે વ્યાખ્યાન પર લગાતે હૈં...**' શાસ્ત્રની આગમદશાથી જ્યારે બધા પદાર્થ ઉપર કથન કરે છએ દ્રવ્યનું '**તબ તો વસ્તુકા સ્વરૂપ સામાન્ય-વિશેષરૂપ...**' દરેક પદાર્થ સામાન્યરૂપે છે અને વિશેષરૂપે છે. દ્રવ્યરૂપે એ સામાન્ય અને પર્યાયરૂપ એ વિશેષ. '**અનંત ધર્મસ્વરૂપ હૈ,...**' દરેક પદાર્થ અનંત ધર્મ, આત્મા અનંત ધર્મ, એક પરમાણુ પણ અનંતધર્મ. એવા જ અનંતધર્મ એક આકાશ. એ અનંત ધર્મસ્વરૂપ '**વહ જ્ઞાનગમ્ય હૈ,...**' એ જ્ઞાનમાં જણાય એવી ચીજ છે એ.

'**ઈનમેં સામાન્યરૂપ તો નિશ્ચયનયકા વિષય હૈ...**' સામાન્ય વિશેષમાં, સામાન્ય એટલે ત્રિકાળી દ્રવ્ય. અને વિશેષ એટલે વ્યવહાર-વર્તમાન પર્યાય. આ તો એકલી વાતું. પરમાર્થ અને વ્યવહાર શાસ્ત્રમાં બે છે તેનો ખુલાસો કર્યો છે ને. મગજને કાંઈક કેળવવું પડે ત્યાં. એમ ને એમ માની લે એ વસ્તુ નથી. એને ખ્યાલમાં આવવી જોઈએને ચીજ આવી છે. નય અને પ્રમાણથી કે સિદ્ધાંતથી. જે વિષય છે એ '**વ્યવહારનય કા વિષય હૈ, ઉસકો દ્રવ્ય-પર્યાયસ્વરૂપ ભી કહતે હૈં.**' લ્યો! સમજાણું

કાંઈ? '**વિશેષરૂપ જિતને હૈં ઉનકો ભેદરૂપ કરકે...**' ગુણગુણીનો ભેદ કરવો, પર્યાયનો ભેદ કરવો વગેરે '**ભિન્ન-ભિન્ન કહે વહ વ્યવહારનયકા વિષય હૈ,...**' જરી આમાં ધ્યાન રાખે તો પકડાય એવું છે ભાઈ આમાં તો. આહાહા..!

મુમુક્ષુ :- .. વ્યવહારનું અને ધર્મનું કામ એ નિશ્ચયનું એમ ને?

ઉત્તર :- ધર્મનું... ધર્મની પર્યાય પોતે વ્યવહાર છે. નિશ્ચય તો ત્રિકાળી વસ્તુ છે. સિદ્ધ પર્યાય પોતે વ્યવહાર છે. મોક્ષનો માર્ગ નિશ્ચય છે એ તો રાગની અપેક્ષાએ, પણ એ વ્યવહાર છે. પર્યાય છે ને. ત્રિકાળી દ્રવ્ય. સમજાણું કાંઈ? વસ્તુ છે એ દરેક વસ્તુ. એક સમયમાં ત્રિકાળી વસ્તુ છે તે નિશ્ચય છે. અને એમાં ગુણગુણીનો ભેદ પાડવો કે પર્યાયને લક્ષમાં લેવું એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- કહેવું ઝીણું અને પૂછવું.. સમજાણું.

ઉત્તર :- એ હળવે હળવે તો કહેવાય છે આ. આહાહા..!

આ પદાર્થ વસ્તુ છે કે નહિ? છે કે નહિ? ભગવાને કહેલા છ દ્રવ્યો છે કે નહિ? તો કહે એ છ દ્રવ્યનું જાણપણું કરવું એ આગમ પદ્ધતિ કહેવાય છે. અને એક આત્માને આશ્રયે કથન જાણવું એને નિશ્ચય કહે છે. હવે એમાં પણ બે પ્રકાર. વસ્તુ સામાન્ય રીતે નિશ્ચયનો વિષય છે સામાન્ય ધ્રુવ. આત્મા અભેદ સામાન્યરૂપ એકરૂપ, દ્રવ્યરૂપ એવો નિશ્ચયનો વિષય છે. કેમકે એમાં ભેદ નથી, એમાં અનેકતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! સંસારના જાણપણા માટે બહુ હુશિયાર કરે છે. અહીંયા જાણપણું કહ્યું એમાં ઝીણું પડે. પણ બાપુ! વસ્તુ જ ઝીણી છે ને એ વસ્તુ જ એવી છે. આહાહા..! આગળ તો હજી કહેશે વિશેષ.

'**જિસ વસ્તુકો...**' જુઓ! કહે છે ને નિશ્ચય. સામાન્યરૂપ તો નિશ્ચયનયનો વિષય. વિષય નામ ત્રિકાળી વસ્તુને જાણે એ નિશ્ચયનય. અને '**ઉસકો દ્રવ્ય-પર્યાયસ્વરૂપ ભી કહતે હૈં.**' '**વિશેષરૂપ જિતને હૈં ઉનકો ભેદરૂપ...**' જેટલી પર્યાય, રાગ, નિમિત્તનો સંબંધ એ બધો વ્યવહારરૂપ. '**ભિન્ન ભિન્ન કહે વહ વ્યવહારનયકા વિષય હૈ,...**' દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી સહેલું સટ હતું. આવું આવું. એ કરી શું શકે છે એનો ખ્યાલ આવવો જોઈએ ને. આહાહા..! સવારે કહ્યું નહોતું જીવનું? સવારે વિચાર એ ખૂબ આવ્યો હતો. જીવનું જીવન. કહે છે ને શું રામજીભાઈ કહે છે ને? જીવો જીવવા દો. અંગ્રેજી..માં.

મુમુક્ષુ :- જીવો અને જીવવા દો.

ઉત્તર :- એ અંગ્રેજીનું છે. વીતરાગનું નથી. વીતરાગનું જીવન જીવનું તો એને કહે. સવારમાં કહ્યું હતું. મન અને ઇન્દ્રિયથી જેનું જીવન, ભગવાન આત્માને મન અને ઇન્દ્રિયના સંબંધે જીવન નથી. અલિંગગ્રહણ. આહાહા..! અને તે મન અને ઇન્દ્રિયથી જેનું જીવ નથી એટલે? કે પાંચ ઇન્દ્રિયથી અને

મનના સંબંધથી જેને જીવન નથી. આહાહા..! સમજાણું કાંઈ? એટલે? કે મન અને ઇન્દ્રિયથી... ઇન્દ્રિયથી જીવન તો એકેન્દ્રિયને પણ છે બહારથી. અને પંચેન્દ્રિય છે એને મન અને ઇન્દ્રિયથી... જીવન છે. એ વસ્તુ નથી. જેનું જીવતર જીવન શક્તિ જ્ઞાતાપણે, દૃષ્ટાપણે અને આનંદપણે જીવવું એ જીવન છે. આહાહા..! સમજાણું કાંઈ? દસ પ્રાણ છે એ એમાં આવી ગયા એ પાંચ બોલ લીધા ને? એ આવી ગયા. એવું છે એ દસ જડ પ્રાણ નહિ અને જે દસ પ્રાણની યોગ્યતા એ પણ જીવનું જીવન નહિ. જીવનું જીવન તો એ છે કે જ્ઞાતા-દૃષ્ટા, આનંદ ને સત્તા. ગુણ તો આ બધામાં છે જ. પણ જાણવું, દેખવું અને આનંદના જીવને જીવવું એ જીવનું જીવન છે. આહાહા..! પંડિતજી! આ જીવન. ભારે!

કેમકે જ્ઞાનથી જીવનારો જ્ઞાતાપણે જ્ઞાન એનો સ્વભાવ છે. એની પર્યાયમાં જાણપણાપણે જીવે એ જીવન એનું. અને દર્શનપણે દૃષ્ટાપણે જીવે એ એનું જીવન. ઓહોહો..! ક્યાં વીતરાગને કહેવું? લોકો ક્યાં ચાલ્યા ગયા છે! મહાવીરનું જીવન.. કાંઈક શું કહે છે બોલે છે નહિ? મહાવીરકા સંદેશ, જીવો અને જીવવા દ્યો. લ્યો ઠીક! અહીં કહે, મહાવીરનો સંદેશ, જ્ઞાન ને દર્શન ને આનંદથી જીવો અને જગતને જીવવા દ્યો, એમાં દખલ ન કરો. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! જેના જીવનમાં ફળરૂપે મોક્ષ આવે એ જીવનું જીવન.. જીવ એટલે પ્રભુ ચૈતન્યરૂપી ભગવાન, એનું જીવન એટલે પર્યાયમાં જ્ઞાનપણે જાણવાપણે, આનંદપણે જીવે. આહાહા..! કે જેના ફળ તરીકે સાદિ અનંત શાંતિ મળે એ એનું જીવન છે. ભગવાનનો આ સંદેશ છે. તો ઓલા બધા ભેગા છોકરા બોલે, મહાવીરનો સંદેશ, જીવો અને જીવવા દ્યો. શું પણ જીવન! આહાહા..!

કર્તવ્ય આ છે. નિશ્ચયપણે જીવનું જીવન એ એનું જીવન છે. પણ એ પર્યાયનું જીવન એ વ્યવહારજીવન છે ત્રિકાળની અપેક્ષાએ. શું કહ્યું સમજાણું? જ્ઞાતા, દૃષ્ટા અને આનંદની પર્યાયરૂપ છે ને? પર્યાયનું જીવન છે ને? ત્રિકાળી ધ્રુવ.. ત્રિકાળી વસ્તુ જે છે એ તો નિશ્ચય. હવે ત્રિકાળી વસ્તુને આશ્રયથી જે જીવન પ્રગટ્યું પર્યાયમાં જ્ઞાતા, દૃષ્ટા, આનંદ આદિ એ પર્યાય એ એનું જીવન છે. વ્યવહારરૂપ જીવન એ છે. એય..!

મુમુક્ષુ :- રાગ એ વ્યવહારુ જીવન નહિ?

ઉત્તર :- રાગ એ વ્યવહાર જીવન ક્યાંથી? સદ્ભૂત જૂઠું છે. આહાહા..! આવી વાત છે, બાપુ! માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? એય..! ચીમનભાઈ! .. થઈ રહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠંડા માણસ પાછળ બેસે. અહીંયા વાંચવા બેઠા ત્યારે ખબર પડી. નહિતર તો... કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એકવાર સાંભળ પ્રભુ! તારું વ્યવહારુ જીવન પણ આવા હોય એમ કહે છે. આહાહા..! ત્રિકાળી જીવન તો આનંદ અને જ્ઞાનથી ભરેલું જીવન જીવતું છે જ. એ તો જીવનો ભાવ તે ત્રિકાળી

છે. આહાહા..! પણ એના આશ્રયે પ્રગટેલી... આહાહા..! જ્ઞાનની પર્યાય સ્વસંવેદન, શ્રદ્ધાની પર્યાય, આનંદની પર્યાય, શ્રદ્ધાની પર્યાય સાથે વીર્યની પર્યાય તો દરેકમાં છે જ. સ્વરૂપની રચના. એ પર્યાયે જીવે એનું નામ જીવન છે. આહાહા..! આ પણ વ્યવહારુ જીવન.

મુમુક્ષુ :- ચિદ્‌વિલાસરૂપ અધ્યાત્મ વ્યવહાર.

ઉત્તર :- આવે છે ને પ્રવચનસારમાં. આહાહા..! આમ તો નિશ્ચય મોક્ષમાર્ગ છે એ પર્યાય છે અને વ્યવહાર કહ્યો. ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા..! મોક્ષ પોતે વ્યવહાર, સિદ્ધ પોતે એક જીવની બે પર્યાય .. એ બે ભેદ થઈ ગયો વ્યવહાર છે. આહાહા..! આ વિશેષ છે. પંચાધ્યાયીની વાત એ કરશે આગળ.

અહીં કહે છે '**ઉસકો દ્રવ્ય-પર્યાયસ્વરૂપ ભી કહતે હૈં.**' જુઓ! આવ્યું? શું કીધું? '**સામાન્યરૂપ તો નિશ્ચયનયકા વિષય હૈ ઔર વિશેષરૂપ જિતને હૈં ઉનકો ભેદરૂપ કરકે ભિન્ન ભિન્ન કહે વહ વ્યવહારનયકા વિષય હૈ, ઉસકો દ્રવ્ય-પર્યાયસ્વરૂપ ભી કહતે હૈં.** ' લ્યો! સામાન્ય એટલે ત્રિકાળી દ્રવ્ય અને વિશેષ એટલે વર્તમાન પર્યાય. આહાહા..! '**જિસ વસ્તુકો વિવક્ષિત કરકે સિદ્ધ કરના હો...**' જે ચીજને લક્ષમાં લઈને કથન કરવું હોય '**ઉસકે દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવસે જો કુછ...**' એના પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. ગુણપર્યાયરૂપ દ્રવ્ય, ક્ષેત્ર-પહોળાઈ, કાળ-અવસ્થા, અને ભાવ-ગુણ '**જો કુછ સામાન્ય-વિશેષરૂપ વસ્તુકા સર્વસ્વ હો વહ તો, નિશ્ચય-વ્યવહારસે કહા હૈ...**' લ્યો! એ વસ્તુનું સર્વસ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમાં જે ત્રિકાળી છે એ વસ્તુ એ નિશ્ચય, ભેદરૂપ ભાવ-પર્યાય એટલે વ્યવહાર. ભારે આકરો વિષય ભાઈ ઝીણો છે બધો. આહાહા..!

મુમુક્ષુ :- દિવાળીના દિવસોમાં ઊંચામાં ઊંચી...

ઉત્તર :- ઓલા કહે છે ને આ શું કહે છે એ? પોડા બારશ કહેવાય આપણે. લૌકિકમાં. પોડા બારશ સમજ્યાને? પોડા બારશ એટલે શું? કહો, શેઠ! પોડા બારશ કહે છે આ બારશને.

મુમુક્ષુ :- આ પોડા કાઢી નાખે ને અને સાફ કરે..

ઉત્તર :- પોડા કાઢી નાખે અને ગાર કરે. આ તો નાની ઉંમરનું બધું સમજેલું. પોડા બારશ કહેવાય છે. પોડા એટલે બાર મહિને ગાર ઓલી થઈ ગઈ હોય ને એ કાઢી નાખે. એ સાફ. હવે તો બધી લાદીઓ રહી એમાં ક્યાં કાઢે? આહાહા..!

ભગવાન આત્મા, કહે છે કે એનું સામાન્યરૂપ તે દ્રવ્ય, વિશેષરૂપ તે પર્યાય. સામાન્યનો વિષય તે નિશ્ચય. સામાન્ય તે નિશ્ચયનો વિષય છે, પર્યાય તે વ્યવહારનો વિષય છે. એનું સર્વસ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારેયનું એકસાથે કહેવું એમાં દ્રવ્ય આદિ જે અભેદ છે તે નિશ્ચય અને ભેદ છે તે વ્યવહાર. આ ગાથામાં વ્યવહાર-નિશ્ચય આવ્યો છે ખરો ને એટલે એને ખુલાસો કરવો પડ્યો. '**વૈસે સિદ્ધ હોતા હૈ...**' એમ. '**વ્યવહાર સે કહા હૈ વૈસે, સિદ્ધ હોતા હૈ...**' વસ્તુ દ્રવ્ય પદાર્થ ત્રિકાળી, એનું ક્ષેત્ર-પહોળું, કાળ-અવસ્થા, ભાવ-શક્તિ. જેવું છે તેવું નિશ્ચય-વ્યવહારથી એ વસ્તુ સિદ્ધ થાય છે. સમજાય

છે કાંઈ? પર્યાય પર્યાયપણે સિદ્ધ થાય છે, ક્ષેત્ર ત્રિકાળપણે સિદ્ધ થાય છે, દ્રવ્ય ત્રિકાળપણે સિદ્ધ થાય છે અને ગુણ પણ ત્રિકાળપણે સિદ્ધ થાય છે. આહાહા..!

**'ઔર ઉસ વસ્તુકે કુછ અન્ય વસ્તુકે સંયોગરૂપ જો અવસ્થા હો...'** બીજો વ્યવહાર કહે છે હવે. એનામાં ને એનામાં અભેદપણું તે નિશ્ચય અને ભેદ તે વ્યવહાર. દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર. એ બેય એમાં સર્વસ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આવી ગયું. કેટલું યાદ રાખવું? આમાં ક્યાં યાદ? આ તો વસ્તુની સ્થિતિ છે. આહાહા..! આ રીતે જ્યાં સુધી સમજે નહિ ત્યાં સુધી એને વસ્તુ પરમાર્થે દૃષ્ટિમાં આવે નહિ.

મુમુક્ષુ :- માથે બોજો ઘણો નાખ્યો છે.

ઉત્તર :- બોજો ક્યાં છે? એ તો હળવા થવાનો માર્ગ છે. આહાહા..! અનાદિથી ઉંધે રસ્તે ચડ્યો છે ને. એને આ બરાબર નિશ્ચય અને વ્યવહાર એ બરાબર ચીજને જાણવી પડશે. વ્યવહારે વ્યવહાર છે. નથી એમ નહિ. નિશ્ચય નિશ્ચય છે. એ તો વળી કહ્યું હતું. પણ વ્યવહારે વ્યવહારનો વિષય અને વ્યવહારનય બે છે. નથી એમ નહિ. આહાહા..! પણ એ વ્યવહાર આશ્રય કરવા લાયક અને આદરણીય નથી એટલું. છે તો વસ્તુ નથી વ્યવહાર? એ તો આણે નાખ્યું છે ઓલા ટીકાકારે થોડું. ૪૬મી ગાથા. ૪૬ છે ને સમયસારની? એ .. મારી નાખો તો આમ થાશે.

મુમુક્ષુ :- સમયસારની.

ઉત્તર :- .. વ્યવહારે. બે વાત રાખી છે. વ્યવહાર વિષય નથી, પણ એનો અર્થ એવો કોઈ લઈ લે કે વ્યવહાર વિષય છે, માટે તે આશ્રય કરવા લાયક છે (એમ નહિ). બે વાત કરી હતી. ઓલી આવી હતી ને ૮મી ગાથામાં? વ્યવહાર નિશ્ચયને બતાવે છે. વ્યવહાર બતાવે છે. એમાં વ્યવહારનું અવલંબન લીધું. એનો અર્થ શું? અવલંબન લેવાની ક્યાં વાત છે? વ્યવહાર નિશ્ચયને સમજાવે છે. વ્યવહારનો આશ્રય કરનારે અને લેનારે પણ કરવો નહિ એમ તો એમાં લખ્યું છે. આહાહા..! શાસ્ત્રને ભૂલી ગયો. વ્યવહારે વ્યવહાર સમજાવે છે. ભેદ પાડીને આ છે. એમ. આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા-એમ સમજાવે વ્યવહાર. પણ એ વ્યવહાર અનુસરવા લાયક નથી. કહેનારને અને સાંભળનાર બેયને. ભગવાનજીભાઈ! આવી વસ્તુ છે.

વસ્તુ વસ્તુ છે, અસ્તિ જે રીતે દ્રવ્ય ને પર્યાયરૂપે છે. ત્રિકાળરૂપે છે અને એની દશારૂપે છે. તો એ પર્યાય તો વ્યવહાર થઈ ગયો અને આ નિશ્ચય થઈ ગયો. બેયને એક સાથે જાણનાર પ્રમાણ થઈ ગયું. મુખ્ય ગૌણ કરીને નયથી કહેવું એ નય છે. આહાહા..! પણ કેટલુંક એણે જાણવું જોઈએ. જાણપણું વાંચન જોઈએ. અરે..! આવા વખત ક્યારે મળે? સમજાય છે કાંઈ? આહાહા..!

લીલ-ફુગનો દાખલો આપ્યો છે લીલ-ફુગનો. .. સોમચંદભાઈએ આપ્યો હતો હોં! એય..! આત્મારામજી! તમારો કાકો. જોરાવરમાં નહિ? જોરાવરમાં. જોરાવરમાં એ દાખલો આપ્યો હતો. પછી

સુધરી ગઈ. એમ કે લીલ-ફુગ હોય પાણીમાં તળાવમાં ઉપર ગોદડું, નીચે કાચબો રહેતો હોય. કાચબા રહે ને નીચે? હવે એ લીલ-ફુગનું ગોદડું તૂટ્યું તો કાચબાએ આમ જોયું. કે ઓહો..! આ તો જુદી જાતનું આ બધું તારા ને બધું. એ એના કુટુંબને કહેવા ગયો. કહે, ચાલો કોઈ દિ' જોયું નથી એવું કાંઈક છે. ત્યાં ઓલું ગોદડું ભેગું થઈ ગયું. એણે દાખલો આપ્યો છે. અહીં આ કીધું ને. એવી રીતે માર્ગને જેણે જોયો એ બીજાને કહેવા જાય કે માર્ગ આવો છે, પણ ક્યાં હતો? આહાહા..! વસ્તુ આવી છે. આહાહા..! રાગ વિનાની વસ્તુ પૂર્ણાનંદ સ્વરૂપ છે. એ ગોદડું તૂટ્યું, ફાટ્યું અંદરથી જોયું એણે. આહાહા..! ગ્રંથિભેદ. ગોદડું (એટલે વળી) શું? એ વાત પછી કહે, આવું કોઈ દિ' કોઈએ જોયું નહોતું અમે તો. આ તે કાંઈ ગાંડો લાગે છે સાવ. આહાહા..!

અંતર ચૈતન્ય ચમત્કાર ભગવાન જ્ઞાન અને આનંદની મુખ્યતાથી જેનું ટકવું છે, જેને આશ્રયે પર્યાય થાય છે એ એનું જીવન છે. એવો જે ભગવાન એવો નિશ્ચય-વ્યવહાર થઈ ગયો. ત્રિકાળ તે નિશ્ચય, વર્તમાન પર્યાય જીવને વ્યવહાર. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ વાત વ્યવહાર અને નિશ્ચયની એમાં સમાડી. દ્રવ્ય અને પર્યાયમાં. અથવા અભેદ ને ભેદમાં. હવે એક બીજી વાત વ્યવહારની લે છે.

'**ઉસ વસ્તુકે કુછ અન્ય વસ્તુકે સંયોગરૂપ જો અવસ્થા હો ઉસકો ઉસ વસ્તુરૂપ કહના ભી વ્યવહાર હૈ, ઈસકો ઉપચાર ભી કહતે હૈં. ઈસકા ઉદાહરણ ઐસે હૈ—જૈસે એક વિવક્ષિત ઘટ...**' વિવક્ષિત એટલે કહેવા માગે એવો ઘટ આકરો એમ. જે કહેવા માગે એ. એમ. '**નામક વસ્તુ પર લગાવેં તબ જિસ ઘટકા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવરૂપ સામાન્ય-વિશેષરૂપ જિતના સર્વસ્વ હૈ ઉતના કહા, વૈસે નિશ્ચય-વ્યવહારસે કહના વહ તો નિશ્ચય-વ્યવહાર હૈ...**' ઘટ-ઘટ. ઘટનું સામાન્યરૂપ જે માટી આદિ એ નિશ્ચય. અને એની પર્યાય આદિ એ વ્યવહાર. એ સર્વસ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમાં આવી ગયા. સમજાણું કાંઈ? એના ને એના. હવે પરના સંબંધે ઘટમાં આવે એને એથી વ્યવહાર કહેવો. શું કીધું આ સમજાણું કાંઈ?

ઘડો છે ને ઘડો? એ ઘડાનું સામાન્યરૂપ જે માટી છે એ સામાન્ય. અને ઘડાની અવસ્થા છે રંગની, ફલાણી, એ બધો વિશેષ. એટલે સામાન્ય વિશેષ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમાં એના રહ્યા. એમાં ને એમાં નિશ્ચય અને વ્યવહાર આવ્યો. અભેદ તે નિશ્ચય, સામાન્ય નિશ્ચય, ભેદ તે વ્યવહાર. ઘટનું ઘટ છે એના પર્યાય છે ને એ બધો વ્યવહાર. એ તો વસ્તુના આ રીતે નિશ્ચય-વ્યવહાર આવી ગયા એમાં. હવે બીજી રીતે વ્યવહાર થોડો કહે છે ઓલો દાખલો આપીને.

'**વૈસે નિશ્ચય-વ્યવહારસે કહના વહ તો નિશ્ચય-વ્યવહાર હૈ ઔર ઘટકે કુછ અન્ય વસ્તુકા લેપ કરકે...**' બીજી ચીજનો લેપ કરીને '**ઉસ ઘટકો ...**' સફેદ લગાવે, સફેદો લગાવે, લાખ લગાવે. '**નામસે કહના તથા અન્ય ઘટાદિસેં ઘટકા આરોપણ કરકે ઘટ કહના ભી વ્યવહાર**

હૈ.' ઘડા ઉપર વસ્ત્ર બાંધે. લપેટે છે ને? એ સંયોગી બીજી એવું કહેવું એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? વસ્ત્ર ઉપર બાંધે છે ને. ઘટ ઉપર વસ્ત્ર બાંધે. ચોડીને.

મુમુક્ષુ :- લગનમાં નથી બાંધતા ઘડા ઉપર?

ઉત્તર :- હા. હા. એ પર સંયોગી ચીજને એને પણ વ્યવહાર કહેવાય ઘટનો. ઘટનો વ્યવહાર પર્યાયરૂપ એ વ્યવહાર અને સંયોગી વિશેષતા એ પણ એક અસદ્‌ભુત વ્યવહાર. આહાહા..! ઘણો વિષય આમાં આવી ગયો છે. સમજાણું કાંઈ? ઘડો સામાન્ય છે એ નિશ્ચય અને એનો ભેદ પાડીને આ પર્યાય છે અને આવા રંગની છે, છે એનામાં અસ્તિત્વ. એનું નામ એને વ્યવહાર કહેવો. એ તો એનો ને એનો ભેદ પાડેલો વ્યવહાર એનામાં છે એ કીધું. હવે સંયોગે જે કાંઈ કહેવું એ પણ એક અસદ્‌ભુત વ્યવહારનું કથન છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો બીજી વાત છે. ઘીનો ઘડો કહેવો, ત્રાંબાનો કહેવો, ઓલો .. ઘડો છે, આ દાણાનો ઘડો છે એ તો સંયોગથી વાત છે. પણ આ તો એની સાથે કાંઈ ચોંટેલું હોય નવું. રંગ લગાવ્યો હોય ધોળો. આ ગરબો છે ને નથી કહેતા? રંગ લગાવેલો હોય ને બહારમાં?

**'ઘટકે કુછ અન્ય વસ્તુકા લેપ કરકે ઉસ ઘટકો ઉસ નામસે કહના તથા અન્ય પટાદિમેં ઘટકા આરોપણ કરકે ઘટ કહના ભી વ્યવહાર હૈ.'** લ્યો! **'વ્યવહારકે દો આશ્રય હૈં—'** વ્યવહારના આશ્રયમાં બે પ્રકાર છે. આહાહા..! **'એક પ્રયોજન, દૂસરા નિમિત્ત. પ્રયોજન સાધનેકો કિસી વસ્તુકો ઘટ કહના વહ તો પ્રયોજનાશ્રિત હૈ...'** પ્રયોજન સાધવું હોય અને એને ઘટ કહેવું એને પ્રયોજન આશ્રિત. **'ઔર કિસી અન્ય વસ્તુકે નિમિત્ત સે ઘટમેં અવસ્થા હુઈ ઉસકો ઘટસ્વરૂપ કહના વહ નિમિત્તાશ્રિત હૈ. ઈસપ્રકાર વિવક્ષિત સર્વ જીવ-અજીવ વસ્તુઓં પર લગાના.'** આ આગમની વાત કરી. આ આગમની વાત. ઓહોહો..! છએ દ્રવ્યની અને એના સામાન્ય વિશેષની. અને એના સામાન્ય-વિશેષપણું એ તો નિશ્ચય-વ્યવહાર એનો રહી ગયો, પણ જોડે સંબંધ બીજો આવ્યો એ પણ એક વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! આમાં કેટલું યાદ રહે માણસને? દરકાર ન મળે. ધર્મ બાપુ આ તો ચીજ જાણવી જોઈએ. એમ એમ ઓઘે ઓઘે ચાલે એમ નહિ ચાલે. જેને હિત કરવું છે. આવો જન્મ-મરણ ટાળવાનો ઉપાય જેને શોધવો હોય એને તો જોવું, જાણવું જોશે. સમજાણું કાંઈ?

હવે **'એક આત્માહીકો પ્રધાન કરકે લગાના અધ્યાત્મ હૈ.'** હવે અધ્યાત્મ આવ્યું. એક આત્મા. એમાં પાંચ દ્રવ્યની વ્યાખ્યા ગૌણપણે. મુખ્યપણે આત્માની વ્યાખ્યા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક આત્માના આશ્રયનું કથન આવે એને અધ્યાત્મ કથન કહે. **'જીવ સામાન્યકો ભી આત્મા કહતે હૈં.'** લ્યો! જીવ-જીવ છે આ વસ્તુ એનું ત્રિકાળીપણું જે રહે સામાન્ય એને પણ

જીવ કહીએ. એ નિશ્ચય જીવ. આહાહા..! **'ઔર જો જીવ અપનેકો સબ જીવોંસે ભિન્ન અનુભવ કરે ઉસકો ભી આત્મા કહતે હૈં.'** પોતાની અસ્તિત્વ જે દશા, આત્માનું હોવાપણું ત્રિકાળી જ્ઞાયકભાવ, એને પણ નિશ્ચય આત્મા કહીએ અને પોતે પરથી ભિન્ન કરીને **'અપને પર નિશ્ચય લગાવે...'** એ આવ્યું ને?

**'જબ અપનેકો સબ જીવોંસે ભિન્ન અનુભવ કરે ઉસકો ભી આત્મા કહતે હૈં.'** રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરે એ પણ આત્મા. આ પર્યાયસહિત લીધું ને ત્યાં? એ પણ આત્મા એમ. પહેલો સામાન્યરૂપે આત્મા લીધો. હવે બીજામાં રાગથી ભિન્ન પાડીને અનુભવ કરવો એને પણ આત્મા કહ્યો. આહાહા..! બહુ ઝીણી વાત છે આ તો. છે ને. એના.. વસ્તુ અસ્તિ છે. સામાન્ય એ પણ નિશ્ચય. અને એને પણ આત્મા કહેવો એમ કહે છે. સામાન્યરૂપ જે ત્રિકાળ છે એને પણ આત્મા કહેવો અને રાગથી ભિન્ન પાડીને અનુભવ કરે આત્માનો એને પણ આત્મા કહેવો. નિર્મળ પર્યાયસહિતનો એને આત્મા. એમ. આહાહા..!

મુમુક્ષુ :- .. સહિત પ્રમાણ.

ઉત્તર :- હા. આત્મા કહે એટલે શું પહેલું ..

**'એક આત્માહીકો પ્રધાન કરકે લગાના અધ્યાત્મ હૈ. જીવ સામાન્યકો ભી આત્મા કહતે હૈં.'** એકલું દ્રવ્યસ્વરૂપ જે ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા એને પણ આત્મા કહીએ. બીજી વાત. હવે પર્યાય ભેળવે છે. રાગથી ભિન્ન પાડીને આત્મા અનુભવવો એને પણ આત્મા કહીએ. જયસુખભાઈ! આવું ઝીણું છે બહુ. આહાહા..! ક્યાં આત્મા કોને ખબર? જય ભગવાન. મળ્યા જન્મ્યા ને જીવ્યા. આ પૈસા-બૈસા કાંઈક ભેગા થયા એમ માન્યા. મરી ગયો ચાલ્યો ગયો, થઈ રહ્યું જાવ ચોર્યાસીના ચક્કરમાં. આહાહા..!

મુમુક્ષુ :- અહીં ચોર્યાસીનું ચક્કર.

ઉત્તર :- ચક્કર તો હતું પણ અહીં તો એને ખુલ્લું દેખાતું નહોતું. માણસ છું એમ લાગે ને? માણસ છે, પૈસા છે, બાયડી છે, છોકરા છે, હજીરા છે, મકાન છે. ધૂળેય નથી. એ તો બધા પર છે માળા. તું ક્યાં એમાં હતો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માણસના મકાન થાય. કુતરાએ કોઈ દિ' મકાન બનાવ્યું?

ઉત્તર :- કૂતરો શું? કોઈએ મકાન કોઈ કર્યું જ નથી. જડથી મકાન થાય. જડના, પુદ્‌ગલના પરાવર્તનના સ્વકાળનું પરિણમન હોય ત્યારે એ મકાન થાય છે. એવું છે. આ તો દવાખાનું-બવાખાનું તમે કર્યું નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આ શરીરનો બંગલો આ ... જડ, માટી, ધૂળ છે આ. આ આત્માએ કર્યું નથી. આ તો માટી છે. આ અજીવ તત્ત્વ છે, જડ તત્ત્વ છે, મૂર્ત તત્ત્વ છે. આની રચના આત્માએ કરી નથી. આહાહા..! 'ન કારણ ન કર્તા ન કારયિતા, ન કર્તા' આવે છે ને?

પ્રવચનસારમાં નહિ? એ શરીરના રજકણોનું ભેગું કરવું મેં કર્યું નથી, મેં કરાવ્યું નથી, કર્તાને મેં અનુમોદન નથી કર્યું. આહાહા..! માટીનો બંગલો મોટો આ જડ, માટી, ધૂળ. ભગવાન આત્મા તો અંદર ભિન્ન છે, અરૂપી છે. સમજાણું કાંઈ? એ ભિન્નની રચના મેં કરી નથી. મારાથી થઈ જ નથી. કરનાર જે છે એ તો અજીવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો આત્માને બે રીતે સિદ્ધ કર્યો. એક તો ત્રિકાળી ધ્રુવ નિત્ય છે, અવિનાશી છે, નવો થયો નથી, નાશ થતો નથી. જે આત્મા છે અંદર એ કાંઈ નવો થતો નથી, છે. નાશ થતો નથી. છે એનો નાશ શું થાય? એવી જે સામાન્ય ત્રિકાળી ચીજ એને આત્મા કહેવો, અને એને રાગથી ભિન્ન પાડીને આત્માની નિર્મળ પર્યાયે અનુભવવો એને આત્મા કહેવો. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! હજી આત્મા કોને કહેવો એની ખબર ન મળે. આહાહા..! પોતે કોણ એની ખબર ન મળે. ઘરના છોકરા ઘંટી ચાટે પાડોશીને આટા. કહેવત છે કે નહિ તમારે એ? ઘરના છોકરા ઘંટી ચાટે, બીજાને લોટ દો બીજાને. એમ તું કોણ છો એ ખબર છે? મારી ખબર નહિ ને બીજાની ખબર કરી જડની, ધૂળની. આહાહા..!

અંદર આત્માના બે પ્રકાર વર્ણવ્યા. એક આત્મા નિત્ય આત્મા કહ્યો છે ને નિયમસારમાં. ત્રિકાળ ધ્રુવ તે આત્મા નિત્ય આત્મા. હવે અહીંયા અંદર એની જાતનો અનુભવ કરવો. રાગથી ભિન્ન કરી અને શુદ્ધ વસ્તુ છે એવી શુદ્ધની પર્યાયનો અનુભવ કરવો એ પણ આત્મા છે. કહો, વજુભાઈ! બે પ્રકાર કહ્યા. એક સામાન્ય અને એક વિશેષ. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવો સામાન્ય અને વિશેષ શું હશે? સામાન્ય એટલે જેમાં ભેદ નથી, એકરૂપ ત્રિકાળી વસ્તુ છે એને સામાન્ય કહીએ. એને આત્મા કહીએ. અને એ આત્મા પોતાના સ્વભાવનો આશ્રય લઈને રાગથી ભિન્ન કરીને, આનંદ ને શાંતિનું વેદન અનુભવે એ પણ આત્મા કહીએ. કારણ કે રાગાદિ એ આત્મા નહિ. માટે અનુભવ તે આત્મા છે એમ કહ્યું છે.

એ તો આવે છે ને ૧૪મી ગાથામાં. આત્મા શુદ્ધનય કહો, આત્મા અનુભવ કહો. આહાહા..! આ અપેક્ષા છે એમાં. આમ એ પર્યાય અનુભવ છે એ આત્મા કહ્યો, પણ એ વ્યવહાર આત્મા. અને ત્રિકાળી સામાન્ય એ નિશ્ચય આત્મા. આહાહા..! એય..! ત્રિકાળી ભગવાન આત્મા અનાદિ અનંત ધ્રુવ એ નિશ્ચય આત્મા અને એનો અનુભવ પર્યાય એ વ્યવહાર આત્મા. આત્મા કહ્યો પર્યાય આત્મા. આ નિશ્ચય આત્મા. બે થઈને આખો આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? એના પ્રમાણજ્ઞાનમાં રાગ ન આવ્યો. નિશ્ચય ત્રિકાળી જ્ઞાયકભાવ તે આત્મા અને એનો અનુભવની નિર્મળ પર્યાય તે આત્મા, બે થઈને પ્રમાણ કીધું. રાગ નહિ. સમજાણું કાંઈ? આવી વાતું હવે. નવરાશ ન હોય. માંડ એક કલાક મળે. બાકી ૨૩ કલાક મજૂરી કરે રળવાની, ખાવા-પીવાની. એય..! ભગવાનજીભાઈ! વખત મજૂરી મોટી. સામે અહીં બાયું આવેને થોડી? ચાર કલાક કામમાં એક કલાક ઊભા રહે, અડધો કલાક ઊભા રહે. આમ કરી લે આમ કરી લે. અને આ વાણિયા તો બરાબર ધંધામાં બરાબર કામ સવારથી ઊઠીને. મોટા મજુર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો બરોબર ચાર કલાક. કાલે એક છોડી ઊભી હતી લૂગડાને આમ આમ કરતી હતી. કાલે આમ આમ કરીને વઈ જાય, ઊભી રહે, ભાગી જાય. આમ જાય ને આમ જાય. આહાહા..! કીધું, આ શું કરે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણે કીધું મજુરી માંડી છે? એમાં છોકરા થયા નથી. ઘણાં તમારે છોકરા કરવા હતા. .. કહો, સમજાણું કાંઈ? મજુરી કરવાનો પ્રયત્ન કરે છે અજ્ઞાની. રાગ ને દ્વેષ, વિકલ્પ આખો દિ'. આહાહા..! એય..! મકનભાઈ! આઠ-આઠ કલાક. ઓલા મજુર હોય એ આઠ કલાક કરે. આઠ થી બાર, બે થી છ. વાણિયા મજુર. સવારે છ થી રાતના નવ વાગ્યા સુધી. અમારે દુકાનમાં એમ કહેતા પાલેજ. લોકો નવરા ન થાય. રાતે જાય સાધુ પાસે. સાધુ આવે ને પાલેજ. હું તો નવરો દુકાને સાધુ આવે એટલે છોડી દઉં દુકાન. દુકાને નહિ. પછી ઓલા રાતે આવે સાધુ પાસે. ઓહો..! રાતડિયા શ્રાવક આવ્યા. એમ રાતડિયા. રાતે નવરા. સવારથી રાત સુધી. એક કલાક વહેલું નામું લખી દે એટલું કરે. ઓલું મોડું નામું લખતા દસ વાગે લખતા. આ ઓલા આઠ વાગે લખીને પછી એક કલાક સાંભળવા આવે. આવા મોટા મજુર છે કે નહિ? પછી ભલે પાંચ પચ્ચીસ લાખ ભેગા કરે. ધૂળ ભેગી કોણે કરી? એ તો પુણ્યને લઈને છે. એ શું એના ડહાપણને લઈને છે?

મુમુક્ષુ :- પણ એ દુકાન માંડી એટલે આવ્યા ને?

ઉત્તર :- ધૂળેય નથી. માંડે કોણ દુકાન? ભાવ માંડ્યો છે એણે અજ્ઞાનનો. એય..! આહાહા..! બુદ્ધિ વિનાના માણસો કેટલાય પાંચ-પાંચ લાખની પેદાશો મહિને મહિને કરે છે. અને બુદ્ધિના ખાં ને મહિને બે હજાર પેદાશમાં પરસેવો ઉતરે છે. એ ક્યાં એની ડહાપણનું કામ છે? એ તો પૂર્વના પુણ્ય હોય તો આવે છે. એણે માંડી દુકાન અજ્ઞાનની, રાગની. ધીરૂભાઈ! આહાહા..! એ રાગને કરે અને ભોગવે કહે છે કે એ આત્મા નહિ. પરને તો ભોગવી શકતો જ નથી. આહાહા..! પણ એ રાગના ભાવને કરે ને ભોગવે એ તો અણાત્મા છે, એ આત્મા નહિ. આહાહા..!

આત્મા તો એને કહીએ બે પ્રકારે કે ત્રિકાળી વસ્તુને આત્મા કહીએ અને ત્રિકાળી વસ્તુને રાગથી ભિન્ન પાડીને અનુભવે તેને આત્મા કહીએ. આહાહા..! .. કીધું હતું ને જીવનું જીવન? જીવનું જીવન શું? આહાહા..! આ શરીરે જીવવું, પૈસાએ જીવવું એ જીવન એના કહેવાય? આહાહા..! અને રાગથી અને પુણ્યથી જીવવું એ જીવન કહેવાય જીવનું? અધર્મભાવ જે વિકારભાવ, દોષભાવ એ એને જીવન છે? ભગવાન આત્માનું જીવન અને તેથી જીવતર શક્તિ પહેલી નાખી છે ને. જીવતરશક્તિ પહેલી નાખવાનો હેતુ આ છે. ભગવાન આત્મા જીવત્વશક્તિએ ત્રિકાળી સામાન્ય અને ત્રિકાળી સામાન્ય તે આત્મા વસ્તુ આખી. હવે જીવન શક્તિનું પરિણમન થવું, જ્ઞાતા-દૃષ્ટા આનંદપણે થવું તે વ્યવહાર

આત્મા એટલે કે એ આત્મા. એ પર્યાયનો આત્મા. આહાહા..! કેવા કથન વીતરાગના છે? ઓહોહો..! ચારે બાજુથી આમ વસ્તુ એ ઊભી થાય છે. સમજાણું કાંઈ?

અહીં તો આત્મા એને કહીએ. બે પ્રકારે આત્મા કહીએ. એક તો ભગવાન ત્રિકાળી વસ્તુ, નિશ્ચય વસ્તુ તે જ આત્મા. કાયમ રહેનારું. જેમાં બદલવું નથી, પરિણમવું નથી, હલવું નથી, એવી જે ત્રિકાળી ચીજ તેને આત્મા કહીએ અને એ બીજો આત્મા તો રાગ અને પરથી ભિન્ન પાડી અને એની જાતની પર્યાયને પ્રગટ કરીને એને અનુભવે એને આત્મા કહીએ. આહાહા..! એ સામાન્યનું એ વિશેષ છે એમ કહે છે. એ સામાન્યનું વિશેષ ઓલો રાગ એ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ મુદ્દાની રકમની વાત છે આ. ખબર ન મળે બિચારા. આહાહા..! રાંકા જેવા ફરે. આમ ભલે કરોડપતિ અને અબજોપતિ કહેવાતા હોય. મોટા ભિખારા છે.

જેને નિજ સંપદાની ખબર ન મળે અને પરસંપદાને મારી માને એ તો મોટા મૂઢજીવો છે. આહાહા..! બલુભાઈ! તમે બધા તમારા પૈસાવાળાને સુખી કહે આ લોકો. લ્યો! દસ લાખ આપ્યા હતા એમણે અને દસ લાખ નાખ્યા બલુભાઈએ. એવી કાંઈક વાતું કરે છે. એ પચાસ લાખનું .. કર્યું. શું કહે છે એ તમારું ઓલું? દવાખાનું-દવાખાનું. કારખાનું-કારખાનું. પહેલા વીસ લાખની ફેક્ટરી પછી પચાસ લાખની કરી. એવી વાતું કરે છે લોકો. અહીં કોઈએ સાંભળી નથી.

મુમુક્ષુ :- વાત સાચી છે.

ઉત્તર :- કોક કહેતુ હતું પહેલા દસ લાખ સરકારે આપ્યા, દસ લાખ પોતે આપ્યા. પછી હવે તો પચાસ લાખની ફેક્ટરી મોટી. ત્યાં ગયા હતા. જમ્યા હતા. આહાર કર્યો હતો એના ઘરે. કહો, સમજાણું કાંઈ? કોણ બનાવે ફેક્ટરો? એણે રાગને રચ્યો એ આત્મા નહિ કહે છે. આહાહા..! અહીં તો એ કહે છે હોં. રાગ આસ્રવ છે ને? રાગ આત્મા નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગનો રાગ. એય..! શાંતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિર્મળ પર્યાય એની પોતાની છે. એ પ્રયોજન સિદ્ધ કરવા વ્યવહાર કહ્યો છે. પ્રયોજન એમ સિદ્ધ કરવું છે. આહાહા..! વ્યવહાર પ્રયોજન નિમિત્ત આપણે બે કહ્યાને? પ્રયોજન આ છે વ્યવહારને. પોતાની પર્યાય જ છે એ. અને અવસ્થા તે પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટેલી એની જાત છે. એ પ્રયોજન એને સિદ્ધ કરવા એને વ્યવહાર કહ્યો અને રાગને વ્યવહાર કહેવો એ અસદ્ભૂત વ્યવહાર છે. સદ્ભૂત તો જે વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે એનો ભાગ અંશ પડીને અહીં આવે એને સદ્ભૂત વ્યવહાર કહીએ. આહાહા..!

મોક્ષમાર્ગને પ્રગટ કરે એ પણ એનું સદ્ભૂત વ્યવહારનું જીવન છે. સમજાણું કાંઈ? આવો માર્ગ

વીતરાગનો ભારે ઝીણો પડે માણસને. સાંભળવા મળે નહિ. ત્યાં કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો અને જાત્રા કરો લ્યો. મરી જાવ ત્યાં હવે. એમ કહે છે. ભગવાનજીભાઈ! તારા જીવનની જ્યોતની તો તને ખબર નથી અને કેમ જીવવું પર્યાયમાં એની તને ખબર નથી. એ રાગ ને એ જીવન જીવવું છે? આહાહા..! ગજબ વાત છે. એવી વસ્તુની સ્થિતિને કઈ રીતે કેમ ઘડ બેસાડે છે જુઓને. વ્યવહારની ઘડ આમ બેસવી જોઈએ.

મુમુક્ષુ :- ...સર્જાય છે.

ઉત્તર :- .. છે એ વળી બીજી વાત. મોક્ષતત્ત્વ. આ બીજી વાત છે. અત્યારે તો પર્યાયની નિર્મળતા તેને આત્મા કહીએ. પર્યાયમાં રાગાદિ થાય તેને આત્મા ન કહીએ. વ્યવહારે આત્મા કહેવો હોય તોપણ રાગથી ભિન્ન પડીને શુદ્ધ ચૈતન્યનો અનુભવ તેને વ્યવહાર આત્મા કહેવામાં આવે છે. આહાહા..! ધીરૂભાઈ! પાણી ઉતરી જાય એવા છે બધા. ઓલા ડાહ્યા થઈને ફરે મોટા ડાહ્યાના દિકરા જાણે અમે આમ થયા. ઓહોહો..! ધૂળેય નથી ડહાપણ તારા. ડાહ્યા તારું ડહાપણ ક્યારે કહીએ?

કહ્યું હતું ને એકફેરી નહિ? ડાહ્યાભાઈ ધોલસા હતા ને. પછી નાટક જોવા ગયા હતા એકફેરી અમે ત્યાં પાલેજથી ભરૂચ. ૬૪-૬૫ની વાત હશે. ૬૪ની. ફાવાભાઈ સાથે હતા. ૬૪ પછી. લગન એના ૬૪માં થઈ ગયા. ૬૪માં લગન હતા એના. પછી. એ ડાહ્યાભાઈને.. આઠ દિ'માં ત્રણવાર પાડે ૬૪ની સાલ હોં. પંદરસોનું એક દનિયું હતું. તે દિ' પંદરસો. ૬૫ની સાલ. એ પછી મરવા પડ્યો ડાહ્યાભાઈ. નાટક બહુ બનાવેલા. અરે..! ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ કે આ શાંતિ ને સમાધિથી મરણ કરે તો ડહાપણ કહીએ તારું. બાકી બધા તેં ડહાપણ ડહોળ્યા. આહાહા..! ૬૫ની સાલમાં આઠ દિ' ત્રણ વાર પાડતા રાતે નાટક. રાતે કરે ને રાતે?

એક મીરાંબાઈનું નાટક હતું જોવા ગયા હતા. ૬૫ની સાલ છે. સંવત્ ૧૯૬૫. કેટલા વર્ષ થયા? ૬૪. ૬૪ વર્ષ પહેલાંની વાત છે. સમયસાર ... મીરાંબાઈનું નાટક હતું. સમજાણું કાંઈ? જુઓ આવ્યું ઓલા. આહાહા..! વૈરાગ્યનું નાટક કર્યું હતું. અને આ તો બધા ફિલ્મ-બિલ્મ બધા કાળા કેર કરી નાખ્યા છે. આમ બાયડી જોવે એક ઉપર હાથ નાખ્યો હોય. અરે..! આ તે કાંઈ સજ્જનતા! આવા બહાર ફોટા પાડે અને આ શું લક્ષણ તારા? આહાહા..! કાળ બધો બદલાઈ ગયો બહુ. જુઓને ફોટામાં ઓલા કર્યા હોય. પછી બાઈનો હાથ નાખ્યો હોય ને આમ જોતી હોય. આ શું છે આ તારા? ઓલા તો વૈરાગ્યના નાટક હોં પહેલા. નરસિંહ મહેતા, મીરાંબાઈ, ભર્તૃહરિ, અનસુયા. એક અનસુયા સતી થઈ ગયા. ત્યાં અમારે નાટક આવ્યું હતું. મોટું નાટક આવ્યું પાલેજમાં. અનસુયા નાટક સતી. નર્મદાની બહેન. આમ જોતા જોતાં અંદરથી આમ વૈરાગ્ય થઈ જાય અંદરથી. કે ઓહોહો..! એમ થઈ જાય કે આપણે આવા ક્યારે થઈએ? એવા વૈરાગી હતા.

આ વૈરાગ્ય તો ભગવાન એને કહે છે. આહાહા..! રાગથી ભિન્ન પડીને.. આહાહા..! જે તારી ચીજ

છે આનંદની મૂર્તિ પ્રભુ એ આનંદનું ધામ ત્રિકાળી તેને સામાન્યને નિશ્ચય આત્મા કહીએ, એને પણ આત્મા કહીએ અને એ આત્માને આશ્રયે થતી વીતરાગી દશા એને પણ આત્મા કહીએ. આહાહા..! એ સદ્ભુત વ્યવહારનો આત્મા. ઓલો નિશ્ચય આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? આમ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંત પરમાત્મા સભામાં આમ કહેતા હતા એનું આ સ્પષ્ટીકરણ કરે છે. ભગવાનની વાણીમાં આ બધું આવેલું હતું. સમજાણું કાંઈ? **'जिण सुत्तं'** કહ્યું ને? જિનના સૂત્રો. એમ કહ્યું છે ને? ભગવાનના સૂત્રોમાં વ્યવહાર-નિશ્ચય આવ્યો છે. સમજાણું કાંઈ?

**'અપનેકો સબસે ભિન્ન અનુભવ કરકે, અપને પર નિશ્ચય લગાવે...'** લ્યો પહેલું તો એ આવ્યું. '**ભિન્ન અનુભવ કરે ઉસકો ભી આત્મા કહતે હૈં. જબ અપનેકો સબસે ભિન્ન અનુભવ કરકે, અપને પર નિશ્ચય લગાવે તબ ઈસપ્રકાર જો આપ અનાદિ-અનંત અવિનાશી સબ અન્ય દ્રવ્યોંસે ભિન્ન, એક સામાન્ય-વિશેષરૂપ, અનંતધર્માત્મક, દ્રવ્ય-પર્યાયાત્મક જીવ નામ શુદ્ધ વસ્તુ હૈ, વહ કૈસા હૈ—**' હવે એ કહે છે. શું કીધું આમાં? કે સામાન્ય જે આત્મા કહીએ અને અનુભવને આત્મા કહીએ. એ રીતે '**અપનેકો સબ જીવોં સે ભિન્ન...**' બધા જીવથી જુદો. '**ઉસકો ભી આત્મા કહતે હૈં, જબ અપનેકો સબસે ભિન્ન અનુભવ કરકે, અપને પર...**' શું કહ્યું એ? '**નિશ્ચય લગાવે...**' '**અપને પર નિશ્ચય લગાવે...**' આહાહા..! મારી પર્યાય મારામાં, મારું દ્રવ્ય મારામાં. એમ નિશ્ચય લગાવે. '**તબ ઈસપ્રકાર જો આપ અનાદિ-અનંત અવિનાશી સબ અન્ય દ્રવ્યોંસે ભિન્ન, એક સામાન્ય-વિશેષરૂપ,...**' જુઓ વિશેષ નાખ્યું પાછું હોં એ. પરથી ભિન્ન એનું જે વિશેષપણું છે એવું સામાન્ય વિશેષ '**અનંત ધર્માત્મક, દ્રવ્ય-પર્યાયાત્મક...**' અનંત ધર્માત્મ ત્રિકાળી દ્રવ્ય અને પર્યાય. આહાહા..! ભારે ઝીણું! એ '**જીવ નામક શુદ્ધ વસ્તુ હૈ,...**' એ જીવ નામની શુદ્ધ વસ્તુ એને કહેવામાં આવે છે. એની વ્યાખ્યા હવે વિશેષ કરશે. પણ આ. પહેલો આત્મા કહ્યો સામાન્ય, પછી વિશેષ કહ્યો અને પછી કહે છે કે એ સામાન્ય-વિશેષસ્વરૂપ જે વસ્તુ છે એવો જે જીવ એને શુદ્ધ વસ્તુ કહી, એ શુદ્ધ વસ્તુની વિશેષ વ્યાખ્યા નીચે કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૩, બુધવાર તા. ૨૪-૧૦-૧૯૭૩**
**ગાથા- ૬, પ્રવચન - ૩૫**

આ અષ્ટપાહુડમાં સૂત્રપાહુડ છે. છઠ્ઠી ગાથાનો ભાવાર્થ ચાલે છે ને? જરી ઝીણો છે પણ હવે સમજવા જેવું છે ને આ બધું. આ ધનતેરશ ને આ બધા દિવસો. ધનતેરશનો અર્થ ધન એટલે આત્માની લક્ષ્મી, એનું પૂજન કરવું એ ધનતેરશ છે. એ ધનતેરશ છે.

મુમુક્ષુ :- આ પૂજા કરે લક્ષ્મી?

ઉત્તર :- એ ધૂળમાં એ તો મફતના. આત્મા આનંદસ્વરૂપ લક્ષ્મી છે. એનું અંદર પૂજન કરવું એટલે બહુમાન કરીને સત્કાર કરવો એનું નામ ધનતેરશ છે. આપણે અહીં પેરેગ્રાફ આવ્યો ને.

અહીં જુઓ ફરીને. '**જીવ સામાન્યકો ભી આત્મા કહતે હૈં.**' બીજો પેરેગ્રાફ છે ૪૪ પાને. '**એક આત્મા હીકો પ્રધાન કરકે લગાના અધ્યાત્મ હૈ.**' એના પછી. નીકળ્યું? કહો, બલુભાઈ શું થયું? જરી ઝીણી વાત છે અને વધારે સ્પષ્ટ થાય તો એને સમજવામાં આવે કે '**જીવ સામાન્યકો ભી આત્મા કહતે હૈં.**' એટલે? જે ત્રિકાળ ધ્રુવ છે ને ધ્રુવ નિત્ય? એને સામાન્ય અપેક્ષાએ આત્મા કહીએ. સામાન્ય નામ એમાં ભેદ નથી. એમાં વિશેષ નથી, એમાં પર્યાય નથી, એવી વાત છે. સમજાણું કાંઈ?

એ સામાન્ય.. '**જીવ સામાન્યકો ભી આત્મા કહતે હૈં. જબ અપનેકો...**' હવે બીજી વાત. '**સબ જીવોંસે ભિન્ન અનુભવ કરે ઉસકો ભી આત્મા કહતે હૈં.**' પહેલા શું કહ્યું? જે ત્રિકાળી નિત્ય વસ્તુ ધ્રુવ છે એને આત્મા કહીએ અને એનો અનુભવ કરે. શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એવો પર્યાયમાં અનુભવ કરે તો એ પર્યાયને પણ આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**જબ અપનેકો સબ જીવોંસે ભિન્ન અનુભવ કરે ઉસકો ભી આત્મા કહતે હૈં.**' કહો, સમજાણું કાંઈ? સામાન્ય અને વિશેષ આ રીતે નાખ્યું. ઝીણું છે આમાં બલુભાઈ! આ દવા જેવું નથી. ઓલામાં તો ગપ્પ પણ ચાલે બધું. આ તો બહુ આકરી વાત છે ઝીણી.

મુમુક્ષુ :- એમની દવા પણ બહુ આકરી છે.

ઉત્તર :- દવા-બવા સમજવા જેવું છે. આહાહા..!

કહે છે આ દવા છે. આત્મા એક સમયમાં જે ધ્રુવ સામાન્ય જે વસ્તુ છે એને આત્મા કહેવો. શાંતિભાઈ! જે ત્રિકાળી દ્રવ્ય છે, સામાન્ય વસ્તુ છે એને આત્મા કહેવો એ એક વાત. બીજી '**જબ અપનેકો સબ જીવોંસે ભિન્ન અનુભવ કરે ઉસકો ભી આત્મા કહતે હૈં.**' જ્યારે આત્મા રાગથી ભિન્ન, રાગના વિકલ્પથી અને શરીર, કર્મ તો ભિન્ન છે જ. પણ રાગથી ભિન્ન કરીને આત્માનો અનુભવ એ પર્યાય છે. એ અનુભવની પર્યાયને પણ આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બે બોલ થયા.

હવે એને **'જબ અપનેકો સબસે ભિન્ન અનુભવ કરકે,...'** હવે ત્રીજો બોલ. એ ત્રીજો બોલ એ સામાન્ય-વિશેષ ભેગુ કરે છે એમાં. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! એણે બહુ સરસ નિશ્ચય અને વ્યવહાર બહુ સ્પષ્ટીકરણ સરસ કર્યું છે. બે બોલ તો થઈ ગયા. હવે **'જબ અપનેકો સબસે ભિન્ન અનુભવ કરકે...'** જ્યારે આત્મા રાગથી, વિકલ્પથી ભિન્ન જેવું સ્વરૂપ એનું શુદ્ધ ચૈતન્ય છે એવું પર્યાયમાં અનુભવ કરે. સમજાણું કાંઈ? **'અપને પર નિશ્ચય લગાવે...'** ત્યારે પોતામાં નિશ્ચય કહે. આહાહા..! પર્યાયસહિત છે ને? **'અનુભવ કરકે,...'** છે ને? **'અનુભવ કરકે, અપને પર નિશ્ચય લગાવે...'** વજન અહીં છે. **'જબ અપનેકો સબસે ભિન્ન અનુભવ કરકે, અપને પર નિશ્ચય લગાવે...'** વજન ત્યાં છે. સમજાણું કાંઈ? ઝીણું તો છે ભાઈ! આ વસ્તુ. પણ કાંઈ કોઈ દિ' અભ્યાસ ન કરે અને કાંઈ સમજે નહિ અને એમ ને એમ ચાલે જાય પોગળ અનાદિનો. આહાહા..!

મુમુક્ષુ :- આજ મુદ્દાની રકમ છે, પ્રભુ!

ઉત્તર :- મુદ્દાની રકમ આ છે.

મુમુક્ષુ :- જે જ્ઞાન .. ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

ઉત્તર :- સમજાય છે કાંઈ?

પહેલાં બે બોલ તો એમ કહ્યાં કે જે ત્રિકાળી સામાન્ય વસ્તુ તે જ આત્મા નિશ્ચય. અને એનો અનુભવ કરવો રાગથી ભિન્ન કરીને એ પણ આત્મા. એ પર્યાયનો આત્મા, એ વ્યવહાર આત્મા. હવે ત્રીજામાં એમ કહે છે કે જે અનુભવ કરીને નિશ્ચય લગાવવો કે જે પર્યાયસહિત કીધો હતો ને? આત્મા રાગથી, વિકલ્પથી ભિન્ન કરીને **'અનુભવ કરકે, અપને પર નિશ્ચય લગાવે તબ ઈસપ્રકાર જો આપ અનાદિ-અનંત અવિનાશી...'** ભગવાન આત્મા તો અનાદિ અનંત અવિનાશી **'સબ અન્ય દ્રવ્યોંસે ભિન્ન, એક સામાન્ય વિશેષરૂપ...'** સામાન્ય જે પહેલું કહ્યું હતું ... ધ્રુવ અને નિર્મળ અનુભવની પર્યાય વિશેષરૂપ. સમજાય છે કાંઈ? એમાં તો વિશેષ પર્યાયમાં અગુરુલઘુ પણ નાખશે એમાં.

કહે છે કે **'સામાન્ય વિશેષરૂપ અનંતધર્માત્મક, દ્રવ્ય...'** અનંત ધર્મસ્વરૂપ, અનંતગુણસ્વરૂપ દ્રવ્ય. પણ સામાન્ય અને વિશેષ બે થઈને. આહાહા..! આ નિશ્ચય-વ્યવહારનું સ્પષ્ટીકરણ કરે છે કે શાસ્ત્રમાં નિશ્ચય વ્યવહાર કહ્યો છે એ પ્રમાણે જાણીને કહ્યું છે ને? **'सुत्तं जिणउत्तं'** સૂત્રે ભગવાને જિનેશ્વરે કહ્યું. **'ववहारो तह य जाण परमत्थो'** વ્યવહાર અને પરમાર્થ બેને એમ જિનસૂત્રમાં કહ્યું એને જાણવું જોઈશે. આહાહા..! કહે છે કે જ્યારે પોતાને જુદો અનુભવ કરે, રાગથી જુદો અનુભવ કરે. પરદ્રવ્યથી કીધું છે ને? **'અપને પર નિશ્ચય લગાવે...'** ભાષા તો સાદી છે પણ હવે જરી ભાવ તો ઊંચા છે એમાં શું કરવું?

પોતે આત્મા સામાન્ય જે નિત્ય ધ્રુવ એ આત્મા અને એનો અનુભવ કરવો પર્યાયમાં, રાગથી ભિન્ન

એ આત્મા. હવે સામાન્ય-વિશેષ બે થઈ ગયા. હવે '**અનુભવ કરકે, અપને પર નિશ્ચય લગાવે...**' તો સામાન્ય-વિશેષ બેય એમાં આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ઝીણું પણ હવે સાંભળવું પડશે કે નહિ એને સમજવું પડશે કે નહિ? અનંતકાળ એમ ને એમ ગાળ્યા એણે. આહાહા..! વાસ્તવિક તત્ત્વને સમજ્યા વિના વ્યવહારથી ધર્મ થાય અને નિશ્ચયથી આમ થાય અને નિશ્ચયથી એટલે પછી પર્યાયમાં મલિનતા હોય જ નહિ. એવા ગોટા વાળ્યા છે અનાદિના. એમ અહીં ચોખવટ કરે છે. સમજાણું કાંઈ? હળવે હળવે સમજવું. ધીમે ધીમે. આહાહા..!

'**અપનેકો સબસે ભિન્ન અનુભવ કરકે,...**' ભગવાન આત્માને રાગથી, શરીર, વાણી, મનથી અને પરથી તો ઠીક, હવે એ તો પર ભિન્ન રહી ગયું. પણ રાગથી પણ. વિકલ્પ છે એ આસ્રવતત્ત્વ છે, ભાવબંધ છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન અબંધસ્વરૂપ છે એના જે અબંધ પરિણામ અનુભવમાં, એવો અનુભવ કરીને જો આત્માને જાણે તો શી રીતે કેમ જાણે? '**અપને પર નિશ્ચય લગાવે...**' સામાન્ય-વિશેષ બેય અનુભવ કરીને નિશ્ચય લગાવે એમ કહે છે. સમજાણું કાંઈ? છે ને સામે પુસ્તક? '**નિશ્ચય લગાવે તબ ઈસપ્રકાર જો આપ અનાદિ-અનંત અવિનાશી...**' અનાદિ-અનંત. આહાહા..! છે... છે... છે... અનાદિ-અનંત. અવિનાશી. અનાદિ-અનંત છે માટે તે નાશ થાય એવો નથી.

'**જબ સબ અન્ય દ્રવ્યોં સે ભિન્ન,...** ' પરપદાર્થથી જુદો '**એક સામાન્ય-વિશેષરૂપ,...** ' જોયું! બેય નાખ્યું. અનુભવ કરીને, કીધું છે ને? આહાહા..! સામાન્ય જે ત્રિકાળી ધ્રુવ અને વિશેષ જે વર્તમાન રાગથી ભિન્ન પડેલી અનુભવદશા એ વિશેષ. શશીભાઈ! જુઓને આ. ગૃહસ્થાશ્રમમાં આવું સ્પષ્ટી કરણ કરે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો પહેલી સાધકની વાત છે ને.

'**સામાન્ય-વિશેષરૂપ, અનંતધર્માત્મક, દ્રવ્ય-પર્યાયાત્મક...** ' સમજાણું કાંઈ? ત્રિકાળી દ્રવ્ય જે શુદ્ધ વસ્તુ અને એનો રાગથી ભિન્ન પડીને અનુભવ એ પર્યાય. એ સામાન્ય અનાદિ-અનંત અને વિશેષ પર્યાય વર્તમાન અનુભવ. એવું અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય અને '**પર્યાયાત્મક જીવ...**' એ દ્રવ્ય અને અવસ્થા સ્વરૂપ '**જીવ નામક શુદ્ધ વસ્તુ હૈ, વહ કૈસા હૈ—**' એ કહે છે. સમજાણું કાંઈ? આત્મા.. બહુ સરસ વાત લીધી છે. નિશ્ચય અને વ્યવહારનો ખુલાસો શાસ્ત્રમાં ભગવાને '**सुत्तं जिणउत्तं**' એમ. '**सुत्तं जिणउत्तं**' સૂત્ર જિનેશ્વર ભગવાને કહ્યા એ શાસ્ત્રમાં વ્યવહાર અને નિશ્ચય બે છે તેમ એને જાણવું જોઈએ. જાણવું કહ્યું ને કુંદકુંદાચાર્યે? તો નિશ્ચય એક આ કે ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ તે નિશ્ચય, એ આત્મા. અને પર્યાયની નિર્મળતા તે પણ આત્મા પણ એ વ્યવહાર. ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર. પણ બે થઈને જ્યારે અનુભવની દૃષ્ટિથી જોવે તો એ સામાન્ય અને વિશેષ બે થઈને નિશ્ચય છે.

મુમુક્ષુ :- બહુ ઊંડી વાત છે.

ઉત્તર :- આ અધિકાર જ એવો આવ્યો છે એમાં શું કરે? સમજાણું કાંઈ?

એમાં પ્રમાણ તો બીજું થાય. એ તો રાગાદિને ભેળું જાણે તો પ્રમાણ થાય. રાગ જે ભિન્ન છે એને જાણે અને નિર્મળ પર્યાયસહિતનો આત્મા તે નિશ્ચય. અને રાગાદિ જોડે છે એ વ્યવહાર. એ બેને જાણે તો પ્રમાણ એમ. આહાહા..! શાસ્ત્રમાં ભગવાને કહેલા શાસ્ત્રમાં નિશ્ચય અને વ્યવહાર કોને કહેવો અને નિશ્ચય વ્યવહાર શું છે? એની આ રીત સમજાવે છે. આહાહા..! કહે છે. એને કહે છે હવે. 'કૈસા હૈ--' એને કહે છે હોં! એ સામાન્ય-વિશેષ જે કીધું એને કહે છે.

'**શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ અસાધારણ ધર્મકો લિયે હુએ,...**' શું કીધું? કે ચેતનાને હવે લેવી છે. દ્રવ્યનું સ્વરૂપ કાયમ. એ કેવી ચેતના? કે દર્શન-જ્ઞાનમયી. દૃષ્ટા અને જ્ઞાનમય જે ચેતના જે ત્રિકાળ વસ્તુ ભગવાન ત્રિકાળ જેમ ચેતન એની ચેતના ત્રિકાળ. એ ચેતના એટલે દર્શન-જ્ઞાનમયી. ચેતના બે રૂપે. બેનું એકરૂપ. '**અસાધારણ ધર્મકો...**' એવો અસાધારણ એક જ આ ધર્મ છે. એ અનંતા ગુણોને ધર્મમાં એક આ ચેતના અસાધારણ. એને '**લિયે હુએ, અનંત શક્તિકા ધારક હૈ,...**' કોણ? આત્મા. આ અનંત શક્તિનો ધારક છે. શુદ્ધ વસ્તુ કીધી છે ને અંદર? ઉપર.

'**ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.**' હવે એમાં જે સામાન્ય ભેદ. સામાન્યનો ભેદ સામાન્ય '**ચેતના અનંત શક્તિકા સમૂહ...**' અનંત શક્તિનો સમૂહ સામાન્યપણે એ દ્રવ્ય. સમજાણું કાંઈ? છે જરી, છે વસ્તુ એવી છે. '**ઉસમેં...**' એટલે અનંત શક્તિ સ્વરૂપ જે વસ્તુ છે એમાં ભેદ, એનો ભેદ છે પણ એ વસ્તુનો ભેદ હોં. પણ ચેતના અનંત શક્તિનો સમૂહ તે દ્રવ્ય. એનો જે ચેતના વસ્તુભેદ એનો સમૂહ આખો તે આત્મા. કહો, સમજાણું કાંઈ?

'**ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.**' હવે એમાં ભેદ. '**અનંતજ્ઞાન-દર્શન-સુખ-વીર્ય યે ચેતનાકે વિશેષ હૈં...**' ઓલી સામાન્ય ચેતના કીધી હતી. દર્શન-જ્ઞાન સ્વરૂપે ચેતના એ સામાન્ય એ ચેતના અનંત શક્તિસંપન્ન તે દ્રવ્ય. સમજાણું કાંઈ? ભાઈ દ્રવ્યાનુયોગનો વિષય. એમ ને એમ ઉપરથી ને ઉપરથી ચાલી ગયા છે એટલે આવી વાત એને એવી લાગે આ શું છે પણ? એનું તત્ત્વ આવું છે. ભગવાને આ પ્રમાણે કહ્યું છે. '**जिणउत्तं**' એમ કીધું છે ને? '**सुत्तं जिणउत्तं**' જિન જ્યારે કેવળી થયા. ભગવાનની વાણીમાં કેવળી થયા પછી આ વાત આવી છે. નિશ્ચય અને વ્યવહાર વીતરાગના માર્ગમાં આ છે.

કહે છે કે જે આત્મા એનો સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિવાળું એ દ્રવ્ય. સમજાણું? અને એનો ભેદ '**અનંતજ્ઞાન-દર્શન-સુખ-વીર્ય યે ચેતનાકે વિશેષ હૈં...**' સામાન્ય જે ચેતના કીધી હતી એ સામાન્ય ચેતના અનંત શક્તિસંપન્ન દ્રવ્ય એમ કીધું હતું. એમાં જે સામાન્ય ચેતના કીધી એમાં ચાર ભેદ. અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય '**યે ચેતનાકે વિશેષ હૈં...**' એ તો એનો ગુણ છે કહે છે. અનંત શક્તિ

સામાન્ય ચેતનાસ્વરૂપ તે દ્રવ્ય. હવે એ અનંત શક્તિસંપન્ન જે ચેતના એના જે આનંદ આદિ ગુણો. છે ને સુખ વીર્ય આદિ? એ વિશેષ. એ ગુણ. આહાહા..! વસ્તુ જે છે આત્મા પદાર્થ એનો જે સામાન્ય ચેતના એટલે ભેદ પાડ્યા વિનાની ચેતના. ભલે દર્શનજ્ઞાનરૂપ ચેતના. એ ચેતના એનું ત્રિકાળી રૂપ છે. એ ચેતના શક્તિસંપન્ન તે દ્રવ્ય. આહાહા..! સમજાણું કાંઈ? એ ભેદ એ વિશેષ, એ ગુણ.

ઓલી એક ચેતના ત્રિકાળી ચેતનાનું સંપન્ન જે વસ્તુ તે દ્રવ્ય. હવે એ ચેતનાના પ્રકાર જે પડ્યા તે એના ગુણ. આહાહા..! સમજાણું કાંઈ? જયસુખભાઈ! તમારા વકીલાતમાં આવું આવ્યું નહિ હોય ક્યાંય.

મુમુક્ષુ :- રખડવાનું આવે છે.

ઉત્તર :- રખડવાનું આવે છે. આહાહા..!

ભગવાન આત્મા વસ્તુ તરીકે અંદર જે છે પદાર્થ એ સામાન્યપણે જે ત્રિકાળ છે એ આત્મા અને તેનો રાગથી ભિન્ન અનુભવ કરવો એ પણ આત્મા. એ સામાન્ય વિશેષ થઈને આત્મા કેવો છે? એનું આ વર્ણન કરે છે હવે. એ એમ કહ્યુંને જુઓને. '**શુદ્ધ વસ્તુ હૈ, વહ કૈસા હૈ—**' એમ. સમજાણું કાંઈ? આરે! આવી મહેનત કરવી? આને સમજવું આકરું પડે લ્યો. બહારની વાતું કરે ત્યારે ડહાપણ જાણે ઉતર્યો દેવનો દીકરો એવી વાતું કરે. આનું આમ છે.. આનું આમ છે.. આનું આમ છે... એય..! દવાની વાતું કરે તો બલુભાઈ કેવી કરતા હશે?

મુમુક્ષુ :- એ તો ફોરેનમાં જાય ત્યારે.

ઉત્તર :- ફોરેનમાં. બહાર આફ્રિકામાં ગયા હતા. ત્રણ મહિના ત્યાં રહ્યા. સાંભળ્યું આ રળવા માટે, પાપ માટે ત્રણ મહિના ત્યાં રહ્યા કહે છે. અને આ આત્મા માટે રહેવું હોય તો જરી... આહાહા..! આવા સમય સ્વરૂપના સાધનના કાળ છે આ તો. આહાહા..! જન્મ-મરણને મટાડવાના પંથનો કાળ ભાઈ છે તને. આહાહા..! કહે છે, એ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ વર્ણવવા છે હવે. એમ જે કીધું હતું ને '**જીવ નામક શુદ્ધ વસ્તુ હૈ, વહ કૈસા હૈ— શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ અસાધારણ ધર્મકો લિયે હુએ, અનંત શક્તિ ધારક હૈ, ઉસમેં સામાન્ય ભેદ ચેતના અનંત શક્તિકા સમૂહ દ્રવ્ય હૈ.**' સામાન્ય ચેતના સ્વરૂપ ત્રિકાળી તેને દ્રવ્ય કહીએ એમ કહે છે. અને એ ચેતનાના ભેદો એ ગુણ છે. આહાહા..! ઠીક, માણસ ભેગા થયા છે, હવે સાંભળે તો ખરા. આ બધા આવ્યા છે જુદા જુદા ઘણાં આવ્યા. અમારે શાંતિભાઈએ કીધું ધ્યાન દેજે હોં આ તો ... છે અહીંયા. ત્યાં આજે આવ્યું પછી મુહૂર્ત. આહાહા..! આ તો મોક્ષના મંડપની વાતું છે. એવી વાત છે બાપુ!

મુમુક્ષુ :- આનું નામ પણ પ્રવચન મંડપ છે ને.

ઉત્તર :- પ્રવચન મંડપ વાત સાચી લ્યો. પ્રવચન મંડપ છે ને આ. આહાહા..!

બે વાત થઈ. શું કીધું? એક દ્રવ્ય અને ગુણ. દ્રવ્ય કોને કહ્યું અહીંયા? એ ત્યાં સામાન્ય જે કીધું

હતું એ એને અહીંયા દ્રવ્ય કઈ રીતે કહ્યું? કે જે સામાન્ય ચેતના દર્શન-જ્ઞાનનું એકરૂપ એવી અનાદિ-અનંત જે શક્તિમાત્ર તે દ્રવ્ય, એમ. દ્રવ્ય એ આ અનંત શક્તિમાત્ર જે જ્ઞાન, દર્શનનું રૂપ ચેતના એની શક્તિમાત્ર જે દ્રવ્ય. હવે એના જે ભેદ જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય એ ગુણ. સમજાણું કાંઈ? '**ઔર અગુરુલઘુ ગુણકે દ્વારા ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ પરિણમન કરતે હુએ...**' એ અગુરુલઘુ નામના ગુણ દ્વારા પર્યાયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ. સૂક્ષ્મ વાત છે એ.

'**જીવકે ત્રિકાલાત્મક અનંત પર્યાયેં હૈં.**' એ જીવને ત્રિકાળ સ્વરૂપ અનંતી અવસ્થાઓ છે. એ પર્યાય છે. ત્રણ વાત કરી. દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય એને કહીએ કે જે સામાન્ય ચેતના અનાદિ-અનંત જ્ઞાન-દર્શનનું એકરૂપ એવી અનંત શક્તિનું સ્વરૂપ તે દ્રવ્ય અને એ ચેતનાના ચાર ભેદ પાડીને જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય તે ગુણ અને એ ચેતનાની વર્તમાન પર્યાય અગુરુલઘુની ષટ્ગુણ હાનિવૃદ્ધિ એ પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ... ભેગી આવી.

ઉત્તર :- અનુભવમાં તો નિર્મળ પર્યાય આવી ગઈ પછી આ પર્યાય ભેગી આવી. અગુરુલઘુની પહેલી આવી. એ તો સામાન્ય-વિશેષમાં આવી ગઈ અંદર. એની વ્યાખ્યા ચાલે છે ને? સામાન્ય-વિશેષરૂપ જે આત્મા શુદ્ધ વસ્તુ કેવો છે? એ આવો છે એમ કહે છે. અનુભવની પર્યાય ભેગી આવી જ ગઈ છે. ભાઈ! સમજાણું આમાં? વસ્તુ સામાન્ય વિશેષરૂપ વસ્તુ, સામાન્ય જે ત્રિકાળી આત્મા અને વિશેષ નિર્મળ અનુભવ તે આત્મા. એ બે થઈને જે સામાન્ય વિશેષરૂપ શુદ્ધ વસ્તુ એ કેવી છે એ અહીં ચાલે છે. એટલે સામાન્યરૂપ અને વિશેષરૂપ અનુભવ તો પર્યાય ભેગી છે જ, પણ એના ભેગી અગુરુલઘુ ષટ્ગુણહાનિવૃદ્ધિની પર્યાય એને અહીં લીધી છે. આહાહા..!

મુમુક્ષુ :- અનુભવ કરીને ..

ઉત્તર :- હા. સામાન્ય વિશેષ (એટલે) જે અનુભવ પર્યાય અને સામાન્ય ધ્રુવ એ બે થઈને જે શુદ્ધ વસ્તુ છે એ કેવી છે એ અહીં ચાલે છે. છે ને જુઓને અંદર. સમજાણું કાંઈ?

'**ઈસ પ્રકાર શુદ્ધ જીવ નામક વસ્તુકો...**' એ પ્રકારે શુદ્ધ જીવ નામની વસ્તુ ભગવાન આત્મા '**સર્વજ્ઞને દેખા, જૈસા આગમમેં પ્રસિદ્ધ હૈ,...**' ભગવાને જેવું કહ્યું, જાણ્યું એવું 'ઉત્તં' સૂત્રમાં પ્રસિદ્ધ છે એમ કહે છે. '**વહ તો એક અભેદરૂપ શુદ્ધ નિશ્ચયનયકા વિષયભૂત જીવ હૈ,...**' એ પર્યાયસહિત સમજાણું કાંઈ? અભેદ અભેદ હોં ત્યાં. દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અનુભવ એ અભેદ. એ '**શુદ્ધ નિશ્ચયનયકા વિષયભૂત જીવ હૈ, ઈસ દૃષ્ટિ સે અનુભવ કરે તબ તો ઐસા હૈ...**' આહાહા..! સમજાણું કાંઈ? ભલે થોડું સમજાય પણ બરાબર સમજવું જોઈએ ને. લાંબી લાંબી મોટી વાત, પણ વસ્તુસ્થિતિ શું છે એમ એના ભાવમાં ન આવે ત્યાં સુધી જાણે શી રીતે? સ્થિતિ જ આવી છે વસ્તુની, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**વહ તો એક અભેદરૂપ શુદ્ધ નિશ્ચયનયકા વિષયભૂત જીવ હૈ, ઈસ દષ્ટિસે અનુભવ કરે...**' અનુભવ કરે. '**તબ તો ઐસા હૈ ઔર અનંત ધર્મોંમેં ભેદરૂપ કિસી એક ધર્મ કો લેકર કહના વ્યવહાર હૈ.**' લ્યો! એકમાંથી એક ધર્મને જુદો પાડીને કહેવું. અભેદ છે એ તો આમ છે. પણ જુદો પાડીને કહેવું એ વ્યવહાર. સમજાણું કાંઈ? આમ જિનસૂત્રને વિષે '**जिणउत्तं**' જિનેશ્વરે આ રીતે કહ્યું છે. એમ કહે છે. પહેલાના ગૃહસ્થો પણ કેવા! પરંપરા સાચી મળી ગઈ અને અંદર એવી પાત્રતા. જાવ.

'**આત્મવસ્તુકે અનાદિહીસે...**' હવે બીજી વાત લે છે. એ વાત ત્યાં પૂરી થઈ. સમજાણું કાંઈ? હવે વિકાર લેવો છે ને પાછો? અનુભવમાં તો રાગથી રહિત કીધું હતું. સામાન્ય વસ્તુ કીધી હતી અને વિશેષ એને રાગથી ભિન્નનો અનુભવ અને એમ વસ્તુ કહીને નિશ્ચય કહ્યો હતો. ભેદ જુદો પાડીને કહેવું એ વ્યવહાર. હવે એમાં વિકાર છે એ શું છે ત્યારે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... જાણી લે. તો પછી નિર્મળ પર્યાય જે અભેદ હતી...

ઉત્તર :- અહીંયા અત્યારે એ વાત નથી. અહીંયા અત્યારે નથી. દ્રવ્યનો સમ્યક્નો વિષય છે અભેદ એ જુદી વાત છે. પણ અભેદનો અનુભવ કર્યો ત્યારે એને શુદ્ધતા થઈ અને શુદ્ધ ભાસમાં આવ્યું એ અપેક્ષાથી લેવું. સમજાણું કાંઈ? દ્રવ્ય વસ્તુ છે એ તો અભેદ છે દર્શનનો વિષય. વિષય તો અભેદ છે. પણ અભેદનો અનુભવ થયો કે આ અભેદ છે, ત્યારે એ અનુભવસહિતની વિશેષ પર્યાયસહિતનો નિશ્ચય લગાવ્યો છે. સમજાણું કાંઈ? કિરણભાઈ! આ બધું ઝીણું છે હોં તમારે ત્યાં ઓલા ગોળા મારે છે ને. આહાહા..! જુઓ આ ધનતેરસ. જ્ઞાનની ધનતેરસ છે આ. આહાહા..! આવું સ્વરૂપ આત્માનું છે એવું એણે નિશ્ચય અને વ્યવહારથી બરાબર જાણવું જોઈએ. આહાહા..!

હવે એક બોલ રહી ગયો અંદરમાં રાગાદિ છે એ. રાગથી તો ભિન્ન અનુભવ્યો. સમજાણું? પણ રાગ છે ને? '**આત્મવસ્તુકે અનાદિ હી સે પુદ્ગલ કર્મકા સંયોગ હૈ,...** ' ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ અમૃતમૂર્તિ પ્રભુ. અમૃતમૂર્તિ આત્મા છે. કોઈ દિ' મરે નહિ અને દુઃખ એમાં છે નહિ. એવી અમૃતની અમર મૂર્તિ પ્રભુ એને '**અનાદિ હી સે પુદ્ગલ કર્મકા સંયોગ હૈ, ઈસકે નિમિત્ત સે રાગદ્વેષરૂપ વિકારકી ઉત્પત્તિ હોતી હૈ...**' જુઓ! પર્યાયમાં કર્મનું નિમિત્ત. નિમિત્તથી નહિ, પણ નિમિત્ત છે એટલે '**નિમિત્ત સે...**' કહ્યું. પણ નિમિત્ત છે એનો અર્થ, પરનું લક્ષ કરે છે પર્યાયમાં એનાથી '**રાગદ્વેષરૂપ વિકારકી ઉત્પત્તિ હોતી હૈ...** ' સમજાય છે કાંઈ?

ઓલામાં એમ આવ્યું હતું, નહિ? ત્યાં આવ્યું હતું ને ક્યાં? અનાદિમાં. આવ્યું હતું. હમણાં નહોતું આવ્યું નહિ? એ તો વાત ઓલી થઈ હતી મોક્ષમાર્ગની. આમાં નહોતું આવ્યું ક્યાંય? આવ્યું હતું નહિ ઓલું? સમયસારમાં આવ્યું હતું. આવ્યું હતું કાલે સમયસારમાં એ નહિ? આવ્યું હતું. અનાદિના પ્રજ્ઞાના દોષથી રાગ અને દ્વેષ, મોહમાં સ્થિર છે. આહાહા..! એમાં આવ્યું હતું કે અનાદિમાં નિમિત્ત

નાખ્યું એ નથી નાખ્યું એમ કહેવું છે. ત્યાં નિમિત્ત નથી નાખ્યું. અહીં તો એક નિમિત્ત સમજાવે છે કે વિકાર છે એ નિમિત્તને લક્ષે થાય છે. એટલું. થાય છે નિમિત્તથી નહિ. થાય છે તો પોતાથી. સમજાણું કાંઈ? અનાદિથી વિકાર થાય તો એ પોતાથી અને સાદિપણે વિકાર નવો થાય તો એ પણ પોતાથી. નિશ્ચયથી, નિશ્ચયમાં તો નિમિત્તની અપેક્ષા પણ છે નહિ. જ્યારે વ્યવહાર લેવો હોય ત્યારે નિમિત્તની અપેક્ષા સાથે આવે. સમજાણું કાંઈ? ભારે વાતું.

**'નિમિત્તસે રાગદ્વેષરૂપ વિકારકી ઉત્પત્તિ હોતી હૈ ઉસકો વિભાવ પરિણતિ કહતે હૈં,...'** ભગવાન આત્મામાં અમૃત સ્વરૂપ ભગવાન આનંદમય હોવા છતાં એની પર્યાયમાં પણ અનુભવ કરે તો આનંદની દશાસહિત હોવા છતાં, એને કર્મના નિમિત્તના સંબંધે વિભાવની પરિણતિ અંદર છે. વિકારની દશા છે. એ દુઃખદશા છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'ઈસસે ફિર આગામી કર્મકા બંધ હોતા હૈ.'** લ્યો! એ અરસપરસ લીધું ને? કર્મનું નિમિત્તથી પરવશ થઈને પોતે પરવશ પોતે થાય સ્વતંત્ર હોં. કર્મ પરવશ કરાવતું નથી. પર્યાયમાં પરને વશે થઈ અને રાગ-દ્વેષનો જે થાય છે એ વિભાવ પરિણતિ અવસ્થા છે. એ **'ફિર આગામી કર્મકા બંધ હોતા હૈ.'** નિમિત્તને આશ્રયે થયેલો વિકાર અને એ વિકાર નવા કર્મબંધનનું નિમિત્ત છે. અરેરે..! આવી વાત! ઓલો સહેલોસટ ધર્મ હતો કે વ્રત કરવો ને તપસ્યા કરવી. લ્યો! આવો આકરો કરી નાખ્યો છે. આકરો નથી. માર્ગ જ આ છે. ગપ્પા માર્યા છે બધાએ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે **'આગામી કર્મકા બંધ હોતા હૈ. ઈસપ્રકાર અનાદિ નિમિત્ત-નૈમિત્તિક ભાવકે દ્વારા...'** લ્યો! અનાદિ નિમિત્ત-નૈમિત્તિક. કર્મ નિમિત્ત, નૈમિત્તિક વિકાર. વિકાર નિમિત્ત, બંધન નૈમિત્તિક. શું કીધું? આત્મામાં અનાદિથી નિમિત્ત કર્મ અને નૈમિત્તિક વિકાર અને એ વિકાર નિમિત્ત અને નવું બંધન નૈમિત્તિક. આવો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક. **'ચતુર્ગતિરૂપ સંસારભ્રમણકી પ્રવૃત્તિ હોતી હૈ.'** આ રીતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી ચાર ગતિના પરિભ્રમણમાં દુઃખી થઈ રહ્યો છે. **'સંસાર ભ્રમણકી પ્રવૃત્તિ હોતી હૈ.'** એમ કહે છે. આહાહા..! કીડા, કાગડા, કંથવા, કુંજર-હાથી, ભવનપતિ, વ્યંતર, તિર્યંચ, સિંહ. આહાહા..! આવા ભવો ચાર ગતિની પ્રવૃત્તિનું ભ્રમણ છે કહે.

**'જિસ ગતિકો પ્રાપ્ત હો વૈસા હી નામકા જીવ કહલાતા હૈ...'** જે ગતિને પ્રાપ્ત એ નામ કહેવાય. આ મનુષ્યનો જીવ, આ દેવનો જીવ એમ કહેવાય. આહાહા..! **'નામકા જીવ કહલાતા હૈ તથા જૈસા રાગાદિક ભાવ હો વૈસા નામ કહલાતા હૈ.'** આ રાગી જીવ, આ દ્વેષી જીવ, ક્રોધી જીવ, માની જીવ, વિષય-વાસના આદિ. ગતિવાળો કહેવાય અને રાગવાળો કહેવાય એમ કહે છે. અઘાતિ અને ઘાતિ બેની વાત લીધી. સમજાણું કાંઈ? અઘાતિ કર્મના નિમિત્તે ગતિ આદિ થાય ત્યારે એને એવો કહેવાય. આ મનુષ્યગતિનો જીવ, આ દેવગતિનો જીવ. એ ઘાતિકર્મના નિમિત્તથી વિકાર

થાય અને રાગી જીવ, દ્વેષી જીવ એમ કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ?

આ ધર્મ તો કહે કે આ વ્રત કરવા, અપવાસ કરવા. આવી વાત હોય તો પકડાય પણ ખરી. પણ સાંભળને! કરનારો કોણ છે અને કેવો છે એની ખબર વિના શું કરશે એ? ધર્મ કરનાર કોણ છે, કેવો છે એની ખબર વિના ધર્મ થઈ જાય એને? આહાહા..! શું કહ્યું આમાં ચીમનભાઈ આ બધું. તમે રોકાણા. આઠ દિ' રોકાણા છે અહીંયા. ગ્યા હતા કોક માટે અહીંયા રોકાણા. કુંડલા. કહો, સમજાણું કાંઈ?

**'તથા જૈસા રાગાદિક ભાવ હો વૈસા નામ કહલાતા હૈ.'** કર્મના ઉદયની ગતિ... મનુષ્યનો જીવ, પશુનો જીવ, દેવનો જીવ, નારકીનો જીવ, કાગડાનો જીવ, કંથવાનો જીવ એમ કહેવાય ને? એ અઘાતિના નિમિત્તની અપેક્ષાએ કહેવાય છે. અને ઘાતિના નિમિત્ત તો રાગ, દ્વેષ, મિથ્યાત્વ આદિ છે. આ મિથ્યાદૃષ્ટિ જીવ, આ રાગી જીવ, આ દ્વેષી જીવ. આહાહા..! **'જબ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવકી બાહ્ય અંતરંગ સામગ્રીકે નિમિત્તસે...'** હવે ચાર ગતિનું પરિભ્રમણ આ રીતે થયું. પણ હવે મટે ત્યારે શું થાય એ વાત હવે કહે છે.

**'જબ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ બાહ્ય અંતરંગ સામગ્રી... '** નિમિત્તાદિ અને ભાવ અંદરમાં નિર્મળ ભાવ આદિ. **'અંતરંગ સામગ્રીકે નિમિત્તસે અપને શુદ્ધસ્વરૂપ શુદ્ધનિશ્ચયનયકે વિષયસ્વરૂપ...'** પોતાનું શુદ્ધ સ્વરૂપ, **'શુદ્ધનિશ્ચયનયકે વિષયસ્વરૂપ અપનેકો જાનકર શ્રદ્ધાન કરે...'** લ્યો! પોતે ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ છે, પવિત્રનું ધામ છે. એવું અંતરમાં સ્વસન્મુખની દૃષ્ટિએ શ્રદ્ધા કરે **'ઔર કર્મ સંયોગકો તથા ઉસકે નિમિત્ત સે અપને ભાવ હોતે હૈં ઉનકા યથાર્થ સ્વરૂપ જાને...'** જાણે બરાબર. ગતિ છે, આ રાગ છે એમ જાણે બરાબર. પણ અનુભવ શુદ્ધનો કરે ત્યારે શ્રદ્ધાન કરે અને આનું જ્ઞાન કરે. એમ કહે છે. આહાહા..!

**'સંયોગકો...'** કર્મસંયોગને. **'ઉસકે નિમિત્તસે અપને ભાવ હોતે હૈં ઉનકા યથાર્થ સ્વરૂપ જાને તબ ભેદજ્ઞાન હોતા હૈ,...'** આહાહા..! ગતિ અને રાગાદિભાવ એને બરાબર જાણે. પણ શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા કરે ત્યારે એને જાણે ત્યારે એને ભેદજ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ અંતર આનંદની મૂર્તિ પ્રભુ છે. આહાહા..! ક્યાં રાંકો રખડે છે મારો. એક બીડી સારી મળે ત્યાં ખુશી ખુશી. આ છોડીયું છાણા વીણવા આવે છે ને રસ્તામાં. એમાં છાણ ઝાઝું પડ્યું હોય અને ટોપલો ભરાણો આવડો મોટો. ખુશી ખુશી થઈ જાય કે આહાહા..! એ ઢોરની વિષ્ટા. છાણ એટલે? પશુની વિષ્ટા. એની માને જઈને કહેશે, બા! આજ તો ખુબ છાણ મળ્યું. આહાહા..! અરે..! ત્રણ લોકનોનાથ જેને ચક્રવર્તીના રાજ અને ઈન્દ્રના પદ પણ બળખો છોડે એમ છોડી દે, એવો અહીંયા એક છાણમાં રાજી થાય. આહાહા..! એક બાયડી સારી મળે ત્યાં રાજી થઈ જાય. એક છોકરો સારો સુંવાળો રૂપાળો કર્મી જાગેને ખુશી થઈ જાય. આહાહા..! શું કર્યું આ એણે? એય..! ફુલંચદભાઈ!

મુમુક્ષુ :- કર્મી જાગે તો રાજી થઈ જાય.

ઉત્તર :- હા કીધું ને એ તો કર્મી કહ્યું. પૈસા કમાય. કર્મી કહ્યું હતું. ભેગું કહ્યું હતું. છોકરો સારો, રૂપાળો અને કર્મી એમ ત્રણ કહ્યું હતું. અને કર્મી જાગે કે આહાહા..! છોકરાના નામે બાપને ઓળખાવાય ત્યારે તો. આ કોનો બાપ? કે ફલાણાનો. પ્રસિદ્ધ ઓલો થયો ને? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, અરે..! આત્મા! પ્રભુ તું તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છો ને નાથ! તારા ત્રિકાળ સંપદામાં આનંદ અને શાંતિ ભરીને પ્રભુ! આ તને શું થયું આ? આહાહા..! બહારનો કર્મનો સંયોગ અને એના નિમિત્તથી થતો ભાવ. આહાહા..! એને જાણી અને ભેદજ્ઞાન કરે. અરે..! આ હું નહિ. હું તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું. રાગ અને કર્મના સંબંધે ગતિ આદિ એ હું નહિ. સમજાણું કાંઈ? આ તો પહેલું એવું લીધું કે શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન કરે પછી જ્ઞાન સાથે કરે. એમ સાથે લીધું. એમ લીધું ને? શુદ્ધ સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનય. જે જ્ઞાનનો અંશ ત્રિકાળીને પકડે, વિષય કરે એને જાણીને શ્રદ્ધાન કરે. '**જાનકર શ્રદ્ધાન કરે...**' એમ લખ્યું છે ને? એવા '**અપનેકો જાનકર શ્રદ્ધાન કરે...**' આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણ્યા વિના કોની શ્રદ્ધા પણ? આહાહા..! માતાના પેટમાં, શાસ્ત્રમાં એવું આવે છે, ગર્ભ રહે તો બાર વર્ષ રહે. નવ મહિને જન્મ થાય એ જુદી વાત છે. પણ રહે તો બાર વર્ષ સુધી એક ગર્ભ રહે. એવો શાસ્ત્રમાં લેખ છે. આહાહા..!

મુમુક્ષુ :- ... છ વર્ષ

ઉત્તર :- ઘણાંને હોય છે. ત્રણ-ત્રણ વર્ષના હોય છે પેટમાં. ભગવાન તો બાર વર્ષ કહે છે. મારે તો હજી બીજું કહેવું છે. બાર વર્ષ રહે.. આહાહા..! ઉંધે માથે લટકે એ ત્યાંથી જ્યાં જન્મ્યો એ દિવસે પાછો મરી જાય ત્યાં ને ત્યાં. વળી બીજા બાર વર્ષ માતાના પેટમાં. એવી કાયસ્થિતિ ગર્ભની ચોવીસ વર્ષની એવી છે. આહાહા..! ભૂલી ગયો પણ માળો. જરીક કાંઈક માણસપણું ને ઈન્દ્રિય. આહાહા..! તે શું વેઠ્યું છે? તું ક્યાં હતો? અને તું છો કોણ? સમજાણું કાંઈ? ભૂલી ગયો માળો ભૂલી ગયો. આહાહા..! એ અહીં કહે છે કે ભાઈ! તું જાણ તો ખરો બાપા! આહાહા..! તારી ચીજ તો અંતર શુદ્ધ ચૈતન્યઘન એની શ્રદ્ધા કરવાથી તને ધર્મની સુખની શાંતિનો પંથ મળશે તને. અને એ જ કાળે કર્મનો સંયોગ કેટલો? અને તેના નિમિત્તથી થતો વિકાર કેટલો થયો? એનું જ્ઞાન કર.

જ્ઞાન કરીને યથાર્થ જાણે '**તબ ભેદજ્ઞાન હોતા હૈ,...**' શ્રદ્ધા થઈ છે ભેગું આનાથી ભિન્ન એનું નામ ભેદજ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ? '**તબ હી પરભાવોંસે વિરક્તિ હોતી હૈ.**' આહાહા..! ત્રણે લઈ લીધું. વસ્તુનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એની શ્રદ્ધાન, કર્મ અને નિમિત્તનું જે કર્મથી થતાં વિકારોનું જ્ઞાન, એનાથી ભેદજ્ઞાન અને ભેદજ્ઞાન થયું એથી પુણ્ય-પાપના ભાવથી વિરક્તિ થઈ. એ ચારિત્ર. આહાહા..! '**પરભાવોંસે વિરક્તિ હોતી હૈ.**' આહાહા..! '**ફિર ઉનકો દૂર કરનેકા ઉપાય**

**સર્વજ્ઞકે આગમસે યથાર્થ સમજકર...**' કહો, વિરક્તિ થાય છે પણ એમ કે ફરી વિશેષ સ્પષ્ટ જાણવા. '**દૂર કરનેકા ઉપાય...**' રાગાદિ દૂર કરવાનો ઉપાય. પુણ્ય અને પાપના ભાવ જે કર્મના નિમિત્તે ઉપાધિ દુઃખરૂપ દશા એને દૂર કરવાનો ઉપાય. આહાહા..!

'**સર્વજ્ઞકે આગમસે...**' સર્વજ્ઞ જેણે પૂર્ણ ત્રિકાળ જાણ્યું છે. આહાહા..! એવા સર્વજ્ઞના આગમથી. '**યથાર્થ સમજકર...**' એમાંથી પણ પાછું '**યથાર્થ સમજકર...**' આગમમાં ગોટા વાળે આનું આમ, એ નહિ. આગમમાં જે કહ્યું છે એમ '**યથાર્થ સમજકર ઉસકો અંગીકાર કરે...**' આહાહા..!

મુમુક્ષુ :- શ્રદ્ધા પણ સાથે...

ઉત્તર :- હા, આ કહ્યું ને '**જાનકર શ્રદ્ધાન કરે...**' પછી જ્ઞાન સાથે થયું બીજું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા તે આવી ગયું ને. જુઓ છે ને. હવે વિરક્તિ. જ્ઞાને જાણ્યું કે આ વિરક્ત છોડવા જેવું છે એમ. એને જાણ્યું થોડું કહે અને એનો ઉપાય વિશેષ બતાવશે. લખાણ ભારે કર્યું છે છઠ્ઠી ગાથાનું. બહુ સારું. આહાહા..!

'**ફિર ઉનકો દૂર કરનેકા ઉપાય સર્વજ્ઞકે આગમસે યથાર્થ સમજકર ઉસકો અંગીકાર કરે તબ અપને સ્વભાવમેં સ્થિર હોકર...**' ચારિત્ર અંગીકાર કરે એમ કહે છે. ઉપાય અંગીકાર કરે રાગનો એટલે ચારિત્ર સ્વરૂપમાં રમણતા. '**અપને સ્વભાવમેં સ્થિર હોકર...**' પોતાનો આનંદ સ્વભાવ, ભગવાન જ્ઞાનસ્વભાવ શાંત... શાંત... શાંતિ.... શાંતિ.. શાંતિનો રસનો સ્વભાવ એવી શ્રદ્ધા કરેથી એવું જ્ઞાન પરથી ભિન્ન પાડ્યું. હવે એમાં ઠરે છે. આહાહા..! આ ચારિત્ર. આ દર્શન, જ્ઞાન અને ચારિત્રની આ વ્યાખ્યા. આહાહા..!

'**અનંત ચતુષ્ટય પ્રગટ હોતે હૈં,...**' આહાહા..! '**અપને સ્વભાવમેં સ્થિર હોકર...**' કોઈ મહાવ્રતના વિકલ્પ અને એનાથી આ મુક્તિ પામે છે અનંતચતુષ્ટયમાં, એમ નહિ. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન પણ એને વિશ્વાસ ક્યાં બેસે છે? આવડો મોટો પ્રભુ છું. આહાહા..! એક સમયની વર્તમાન હાલતમાં જેની દૃષ્ટિ છે એને હાલતની પાછળ મહાપ્રભુ બિરાજે છે... ચૈતન્ય તત્ત્વ, મહા ચૈતન્ય તત્ત્વ, મહાન પરમેશ્વર પોતે. આહાહા..! એવું જેને શ્રદ્ધા અને જ્ઞાન થયા એ હવે સ્વભાવમાં સ્થિર થઈને અનંત ચતુષ્ટયને પ્રગટ કરે છે. કહો, ભગવાનજીભાઈ! આવી વાતું. આહાહા..! લોકોના ભાગ્ય છે ને એટલા, તે બરાબર ટાકણે આવ્યું. આ બધા ઝાઝા આવ્યા ત્યારે આ આવ્યું લ્યો. એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ઓહોહો..!

કહે છે, ત્રણ લોકના નાથ પરમેશ્વરે જિનસૂત્રમાં એમ કહ્યું કે નિશ્ચય આને કહેવો અને વ્યવહાર આને કહેવો. એટલે કે વસ્તુનો ત્રિકાળી સ્વભાવનો અનુભવ કરવો ત્યારે એને નિશ્ચય યથાર્થ છે એમ ભાસ્યું

અને ત્યારે એને રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, એ જ્ઞાને જાણ્યું કે આ રાગને છોડવા જેવો છે. શ્રદ્ધામાં તો પ્રતીત એટલું છે કે આ જ્ઞાન જાણે છે કે આ છોડવા જેવું છે. એ છોડવા માટે અંતરમાં સ્વરૂપને અંગીકાર ચારિત્રને કરે. આહાહા..! અને એ સ્વરૂપના સ્વભાવમાં સ્થિર થાય એટલે અંતર સ્વરૂપમાં સ્થિર થાય, જે સ્વરૂપ અનંત ચતુષ્ટમય છે આત્મા એને સ્થિર થતાં અનંત ચતુષ્ટય પ્રગટ પર્યાયમાં થાય. આહાહા..! આ લક્ષ્મી પ્રગટ થઈ કહે છે.

મુમુક્ષુ :- ધનતેરશ આવી.

ઉત્તર :- આ ધનતેરશ આવી. કહો કિરણભાઈ! આ કિરણ પ્રગટ્યા એમ કહે છે. આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદનો પૂર પ્રભુ, ચૈતન્યનો નૂર. તેજ મહા જેના પડ્યા અંદરમાં. આહાહા..! એની શ્રદ્ધા કર્યે પરથી જુદું પાડીને ભેદજ્ઞાન કર્યું, હવે એ સ્વરૂપમાં ઠરતાં એને અનંત ચતુષ્ટયની દશા પ્રગટ થાય છે. આહાહા..! અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય એવો આત્મારૂપી સૂર્ય એ સ્વભાવથી ભરેલો ભગવાન એની અંતરમાં રમતું રમત કરતાં સ્થિર થતાં એને અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે. એને બહારની ક્રિયા અને મહાવ્રતના પરિણામથી અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

‘**સર્વજ્ઞકે આગમસે યથાર્થ સમજકર ઉસકો અંગીકાર કરે તબ અપને સ્વભાવમેં સ્થિર હોકર અનંત ચતુષ્ટય પ્રગટ હોતે હૈં, સબ કર્મોંકા ક્ષય કરકે...**’ આહાહા..! જુઓ આ છેકથી લીધી. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ આનંદનું ધામ શુદ્ધ ચૈતન્યઘન અને એને તો એ કહ્યું હતું શુદ્ધ ચેતના અનંત શક્તિસંપન્ન તે દ્રવ્ય, એમ. આહાહા..! અભેદ. એવા સ્વભાવની શ્રદ્ધા કરીને અને પરનું જ્ઞાન રાગાદિનું કરીને, એનાથી ભેદજ્ઞાન કરીને અને રાગાદિભાવ છે તે વિરક્તિ-છોડવા જેવા છે. એમ જાણીને પછી સ્વરૂપમાં સ્થિરતા થવાનો અંગીકાર કરીને અનંત ચતુષ્ટયને પ્રગટ કરે છે. આહાહા..! પરમાત્મા કેવળજ્ઞાન થાય છે એમ. આહાહા..!

‘**સબ કર્મોંકા ક્ષય કરકે લોકશિખર પર જાકર...**’ પછી આત્મા અહીંથી છૂટો થઈ જાય છે. લોકશિખર જાય છે. લોકનો પદાર્થ છે અગ્રે. અહીં તો રહીને જ્યાં છેલ્લામાં છેલ્લો ભાગ ત્યાં રહે છે. એ વ્યવહારક્ષેત્ર છે, છે તો પોતામાં. પણ પરક્ષેત્ર એનું લોકને અગ્રે છે. સમજાણું કાંઈ? ‘**લોકશિખર પર જાકર બિરાજમાન હો જાતા હૈ...**’ એ કોકે લખ્યું લોકના શિખર મુક્તિ છેલ્લા. આવી કલ્પના કરી છે. આવા ને આવા મૂર્ખા. એમ કે ભગવાનને મુક્ત થયા તો એને મુક્ત શિલા એક કલ્પી જ્યાં વળી પત્થર. અરે..! સાંભળને ભગવાન. હા એમ કે ત્યાં પછી બીજે પથરા ઉપર રહે. પથરા ઉપર ક્યાં છે? એ તો મુક્તિશિલાથી બહુ દૂર છે. હજારો ગાઉ દૂર છે. આહાહા..! એ તો લોક થયા ચૌદ બ્રહ્માંડ એનું છેલ્લું ક્ષેત્ર છે ત્યાં રહે બસ એમ. એ વ્યવહારથી. બાકી રહે છે પોતાના અસંખ્ય પ્રદેશમાં. આહાહા..!

અરે..! આવી વસ્તુસ્થિતિ છે. એને બધી રીતે સર્વજ્ઞે કહ્યો એ ક્ષેત્ર, એ ભાવ, એ શ્રદ્ધા, એ જ્ઞાન એ ચારિત્ર, એ સંયોગ ચીજ, પેલો વિકાર વસ્તુ જે ભગવાને કહી એ બધું આમાં મૂકી દીધું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શ્વેતાંબર સિદ્ધશિલાથી એક...

ઉત્તર :- છઠ્ઠા ભાગમાં. ૩૩૩ ધનુષ. ૫૦૦ ધનુષમાંથી છેલ્લો ભાગ નીકળી ગયો ત્રીજો ભાગ. એટલા રહે. એ બધી કલ્પના. કારણ કે જુદું પાડ્યું છે ખરું ને. એટલે કાંઈક કરવું જોઈએ ને? આહાહા..!

કેવળીનો સર્વજ્ઞનો કહેલો. તેથી કહેતા આવે છે ને, સર્વજ્ઞના આગમથી યથાર્થ જાણીને. આહાહા..! સર્વજ્ઞના આગમ તો દિગંબર સંતોએ જે રચ્યા એ સર્વજ્ઞના કહેલા આગમો છે, ભાઈ! એ સિવાય કલ્પના કરીને શ્વેતાંબરોએ નવા રચ્યા એ વસ્તુ નથી. એમાંથી સ્થાનકવાસી નીકળ્યા એ પણ કલ્પિત વાત છે બધી. સમજાણું કાંઈ? દુઃખ લાગે માણસને ... એને લાગે હોં. બાપુ! પણ માર્ગ આ છે ને ભાઈ! સત્યની વસ્તુ આવી છે. એ દુઃખ લગાડવા માટે નથી. સત્યના પ્રકાશ માટે આ વાત છે. આહાહા..! ભાઈ! અરેરે..! આવા ટાણા આવ્યા છે.

**'તબ મુક્ત યા સિદ્ધ કહલાતા હૈ.'** લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૪, ગુરુવાર તા. ૨૫-૧૦-૧૯૭૩**
**ગાથા- ૬, પ્રવચન - ૩૬**

આ અષ્ટપાહુડમાં સૂત્રપાહુડ. ગાથા છઠ્ઠી. એના ભાવાર્થમાં છઠ્ઠો પેરેગ્રાફ છે આમાં. વ્યવહાર અને નિશ્ચયની વાત ચાલે છે.

મુમુક્ષુ :- પહેલા વ્યવહાર કે પહેલા નિશ્ચય?

ઉત્તર :- પહેલો પછી... નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય. પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એવું કાંઈ નથી. બેય સાથે છે. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** આવે છે ને? એમ જ છે ને વસ્તુ. વસ્તુસ્વરૂપ. અહીં તો નિશ્ચય-વ્યવહારના ઘણાં પ્રકાર પાડ્યા છે. બાકી ખરેખર તો ત્રિકાળ વસ્તુ નિશ્ચય જે સ્વરૂપ છે એને અહીં નિશ્ચય કહીએ અને એની આ વર્તમાન પર્યાય છે એને ભેદ પાડીને કહ્યું માટે એને પણ વ્યવહાર કહીએ. અને કર્મના નિમિત્તથી થતાં પોતામાં રાગની અવસ્થા

એને પણ અસદ્‌ભૂત વ્યવહારનયે વ્યવહાર કહીએ. સમજાણું કાંઈ? વ્યવહાર છે હેય. પણ હોય છે.

મુમુક્ષુ :- હેયનું આવું લાંબુ લાંબુ શું કરવા સમજવું?

ઉત્તર :- ન સમજે તો થઈ રહ્યું. પણ એને જે કાંઈ છોડવા યોગ્ય છે એ જો એનું જ્ઞાન ન કરે... પહેલું એ તો આવી ગયું ત્યાં નહિ? '**ववहारो तह य जाण परमत्थो**' વ્યવહારને પરમાર્થ સિદ્ધાંતમાં કહ્યું એને જાણ. જાણવાનો નથી વ્યવહાર? જાણવામાં તો છે નહિ વ્યવહાર કેવો છે, એમ. ઘણા પ્રકાર આવી ગયા આમાં આપણે. સમજાણું કાંઈ?

ત્રિકાળ ધ્રુવસ્વરૂપ સામાન્ય આત્મા, એને પણ આત્મા કહ્યો. અને રાગથી ભિન્ન પડેલી અનુભવદશા એને આત્મા કહ્યો. એ બે થઈને આત્માને નિશ્ચયમાં કહેવામાં આવે છે. પરથી જુદાની અપેક્ષાએ. એટલે પોતાની અપેક્ષાએ સ્વની અપેક્ષાએ ત્રિકાળી તે નિશ્ચય છે અને અનુભવની પર્યાય તે ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર છે. પણ પરથી જુદું પાડવા માટે, રાગથી જુદું પાડવા માટે અનુભવની પર્યાય સહિતનો આત્મા એ નિશ્ચય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વ્યવહાર-નિશ્ચયની બહુ ઝીણી વાત. આ મોટો ગોટો ઉઠ્યો છે ને એને લઈને. આહાહા..! વ્યવહાર ભેદરૂપ એને વ્યવહાર કહીએ, નિમિત્તના સંબંધે ઉત્પન્ન થયેલો વિકાર પોતામાં એને વ્યવહાર કહીએ અને નિમિત્તની ચીજની પ્રવૃત્તિને પણ એને અસદ્‌ભૂત વ્યવહાર કહીએ. આવું છે.

'**ઈસપ્રકાર જિતની સંસારકી અવસ્થા ઔર યહ મુક્ત અવસ્થા...** ' ભગવાન આત્મામાં સંસારની દશા કે મોક્ષની દશા '**ઈસપ્રકાર ભેદરૂપ આત્માકા નિરૂપણ...**' ભેદ થયોને એટલો? સંસાર અવસ્થા અને મોક્ષ અવસ્થા એ ત્રિકાળની અપેક્ષાએ એ ભેદ થયો. ભેદ થયો તેથી એને વ્યવહાર કહેવામાં આવ્યો. આહાહા..! કહેશે. જ્યારે પર્યાય કહેવો હોય ત્યારે એ નિશ્ચય છે, પર્યાય તરીકે. પણ સ્વમાં ત્રિકાળની અપેક્ષા બે ભેદ પડ્યા માટે એ અપેક્ષાએ વ્યવહાર છે. આહાહા..! વ્યવહાર અને નિશ્ચય. કહ્યું છે ને, જેને કારણ અને કાર્ય બરાબર સમજાય એ બધું સમજે, પણ જેને વ્યવહાર-નિશ્ચય અને કારણ-કાર્યનું જ્ઞાન યથાર્થ નથી એને ગોટો ઉઠ્યા વિના રહે નહિ. આહાહા..!

'**વ્યવહાર નયકા વિષય હૈ, ઈસકો અધ્યાત્મશાસ્ત્ર મેં અભૂતાર્થ-અસત્યાર્થ નામસે કહકર વર્ણન કિયા હૈ,...**' લ્યો! શું કહ્યું એ? કે આત્મા વસ્તુ છે ત્રિકાળી નિત્ય ધ્રુવ અવિનાશી જેનો ત્રિકાળ સ્વભાવ એ નિશ્ચય. અને એની દશાઓ સંસાર અને મુક્ત થાય એ ભેદ છે તે વ્યવહાર કહેવામાં આવે. એને અધ્યાત્મ શાસ્ત્રમાં અસત્યાર્થ કહ્યું છે. ૧૧મી ગાથા કીધી ને. વ્યવહારો અભૂતાર્થ. એ પર્યાય, સંસાર અવસ્થા કે મોક્ષ અવસ્થા બધા પરિણામ ત્રિકાળીની અપેક્ષાએ, ત્રિકાળી જે વસ્તુ છે તે સત્યાર્થ છે, ભૂતાર્થ છે, એની અપેક્ષાએ પર્યાયો અસત્યાર્થ અને અભૂતાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર અને નિશ્ચય જૈનદર્શનમાં શું કહ્યું છે એનું પંડિતજીએ ઠીક રીતે ખુલાસો કર્યો છે. આ ગંભીર વાત છે.

'**ક્યોંકિ શુદ્ધ આત્મામેં સંયોગજનિત અવસ્થા હો સો તો અસત્યાર્થ હી હૈ,...**' સમજાણું? શુદ્ધ ભગવાન આત્મામાં '**સંયોગજનિત અવસ્થા હો સો તો અસત્યાર્થ હી હૈ, કુછ શુદ્ધ વસ્તુકા તો યહ સ્વભાવ નહીં હૈ ઈસલિયે અસત્ય હી હૈ. જો નિમિત્ત સે અવસ્થા હુઈ વહ ભી આત્માહીકા પરિણામ હૈ,...**' આહાહા..! એને અભૂતાર્થ કહ્યું હતું, પણ જે આત્મામાં '**નિમિત્ત સે અવસ્થા હુઈ વહ ભી આત્માહીકા પરિણામ હૈ, જો આત્માકા પરિણામ હૈ વહ આત્માહીમેં હૈ, ઈસલિયે કથંચિત્ ઈસકો સત્ય ભી કહતે હૈં,...** ' પર્યાય એનામાં થઈ છે એ અપેક્ષાએ કથન સત્ય છે, પણ ત્રિકાળની અપેક્ષાએ તેને અસત્ય અને અભૂતાર્થ (કહી). બધા .. અભૂતાર્થ કહેવામાં આવ્યું છે. બહુ ઝીણું આવ્યું છે.

આવી ચીજ વસ્તુ છે આમ અંદર. આહાહા..! એક સમયમાં વર્તમાન ત્રિકાળ વસ્તુ સદશ એકરૂપ ત્રિકાળ પરમાત્મસ્વરૂપ એને અહીંયા ખરેખર તો સત્યાર્થ કહ્યું છે અને એની અપેક્ષાએ જે કાંઈ સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષ એ બધા પરિણામ છે, પર્યાય છે માટે અસત્યાર્થ કહ્યા છે. પણ એની પર્યાયનો અંશ એનામાં છે. એ અપેક્ષાએ કથંચિત્ સત્ય પણ કહેવામાં આવે છે. આ અનેકાંત છે અનેકાંત. સમજાણું કાંઈ? હવે તો આ ૩૯મી આ દિવાળી આવી છે. ઘણાં વર્ષથી તો ચાલે છે વાત. ઝીણું પડે એમ બહુ ન માનવું. એનો માર્ગ જ આમ છે.

ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ એક ક્ષણમાં ત્રિકાળ ધ્રુવ છે એમ કહે છે. આહાહા..! અને એ જ સમયમાં વર્તમાન અવસ્થા છે તે ત્રિકાળની અપેક્ષાએ તો વ્યવહાર કહો કે અસત્યાર્થ કહો. કેમકે આશ્રય લેવા લાયક તો એક ત્રિકાળી ભગવાન આત્મા છે. પર્યાય આશ્રય લેવા લાયક નથી. કેમકે પર્યાયને આશ્રયે પર્યાય થતી નથી. એથી એ પર્યાયને-અવસ્થાને, અસત્યાર્થ, અભૂતાર્થ કહીને વ્યવહાર કહ્યો છે. તે પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે, અસત્યાર્થ કહ્યો છે. અભાવ કરીને અસત્યાર્થ કહ્યો છે એમ નહિ. આહાહા..!

'**ક્યોંકિ શુદ્ધ આત્મામેં સંયોગજનિત અવસ્થા હો સો તો અસત્યાર્થ હી હૈ,...**' સંયોગથી ઉત્પન્ન થયેલી વિકારી. '**શુદ્ધ વસ્તુકા તો યહ સ્વભાવ નહીં હૈ ઈસલિયે અસત્ય હી હૈ. જો નિમિત્તસે અવસ્થા હુઈ વહ ભી આત્માહીકા પરિણામ હૈ,...** ' હવે એને '**જો આત્માકા પરિણામ હૈ વહ આત્માહીમેં હૈ,...**' રાગ-દ્વેષ આદિ કે સંસાર અવસ્થા કે મોક્ષ અવસ્થા. '**કથંચિત્ ઈસકો સત્ય ભી કહતે હૈં,...**' પર્યાય અપેક્ષાએ સત્ય છે. '**પરંતુ જબતક ભેદજ્ઞાન નહીં હોતા હૈ તબ તક હી યહ દૃષ્ટિ હૈ,...**' રાગ પણ સત્ય છે, એ રાગથી ભિન્ન જ્ઞાન ન થાય ત્યાં સુધી રાગ સત્ય છે એમ એને જ્ઞાનમાં જાણે. પણ ભેદજ્ઞાન થયા પછી મારામાં રાગ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરંતુ જબ તક ભેદજ્ઞાન નહીં હોતા હૈ...**' અર્થાત્ રાગનો વિકલ્પ જે છે શુભ-અશુભ. અહીં

મુખ્ય તો શુભની વાત છે. એ શુભરાગથી ભિન્ન પડીને પોતાની ચીજનું પરથી ભિન્ન જ્ઞાન ન થાય ત્યાં સુધી એ બધું રાગાદિ પોતામાં છે એ અસત્ય હોવા છતાં (તથા) પર્યાયમાં સત્ય હોવા છતાં પોતામાં છે એમ ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જાણવું. આહાહા..! પણ ભેદજ્ઞાન થયે એ રાગ મારામાં નથી. સમજાય છે કાંઈ આમાં? આહાહા..! '**જબ તક ભેદજ્ઞાન નહીં હોતા હૈ તબ તક હી યહ દૃષ્ટિ હૈ, ભેદજ્ઞાન હોનેપર જૈસે હૈ વૈસે હી જાનતા હૈ.**' જાણે કે રાગ છે. મારામાં નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન એને રાગથી પૃથક્ થયેલી દૃષ્ટિના કાળમાં ભેદજ્ઞાનના કાળમાં, એ રાગને જેમ છે એમ જાણે, પણ મારામાં નથી. પર્યાયમાં છે, વસ્તુ તરીકે અસત્ય છે. જ્ઞાનમાં જાણવાલાયક તરીકે વ્યવહારનયનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવા સાધારણ બિચારા બૈરા ને છોકરા ને શું આ ધર્મ શું કહે છે? આહાહા..!

મુમુક્ષુ :- એકવાર કાને પડે ને...

ઉત્તર :- અરે..! કાને પડે તો એની અલૌકિક વાત છે બાપુ આ. આહાહા..! કોરા શંકોરા હોય ને કોરા. વાસણ કોરા શંકોરા. એમાં પાણી પડે તો પહેલું થોડું પડે તો એમાં શોષાઈ જાય. પણ પછી વારંવાર ઝાઝા પડે તો ઉપર લઈ જાય પાણી થઈ જાય. આ તો ભાઈએ કહ્યું એટલે દાખલો આપ્યો. એમ વારંવાર નાખતા એને ખ્યાલમાં ન આવે જરી પકડાય, પણ થોડું થોડું અંદર સંસ્કાર પડતાં જ્યારે વિશેષ સંસ્કાર પડે ત્યારે એને ખ્યાલમાં આવી જાય વાત. કિરણભાઈ! બધું આ ઝીણી વાત છે હોં. ઓલા રળવા-બળવામાં કાંઈ (નથી). એ તો પુણ્યને લઈને આવે. એ કાંઈ ડહાપણ-બહાપણ નથી ત્યાં. આહાહા..! અરે..! જે જન્મ-મરણ દુઃખના પાયામાં પુરાઈ ગયો છે આખો. ઓહોહો..! એ દુઃખ તે જ હું એમ જેણે માન્યું છે. આહાહા..! પણ એ દુઃખ તે હું એ ક્યાં સુધી? કે જ્યાં સુધી એને ભેદજ્ઞાન નથી થયું ત્યાં સુધી, એમ કહે છે. એ દુઃખથી ભિન્ન પડતાં ભગવાનની અંતરમાં ગયો ત્યાં તેમાં આનંદ જ છે. તે દુઃખથી મુક્ત છે. દુઃખ પૃથક્ તરીકે બીજી ચીજ છે એમ છે, એમ જાણે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો આકરો. આ મોટા દિવસમાં આવો આવ્યો માર્ગ.

મુમુક્ષુ :- મોટા દિવસમાં મોટી વાત.

ઉત્તર :- મોટી વાત.

'**જો દ્રવ્યરૂપ પુદ્ગલકર્મ હૈં...**' હવે બીજી અપેક્ષાથી. '**વે આત્મા સે ભિન્ન હી હૈં,...**' કર્મ જે જડ છે એ તો તદ્દન જુદા જ છે. એની અવસ્થામાં ભેદરૂપ અને અશુદ્ધતારૂપ એ કંઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? પહેલામાં તો એમ કહ્યું હતું કે જે વસ્તુ ત્રિકાળ ધ્રુવ પ્રભુ, એની અવસ્થા છે એ એનું ભેદરૂપ છે અને એમાં રાગાદિ થાય એ પણ એનામાં છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી.

ઉત્તર :- એ ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી. અને હવે આ કહે છે કે કર્મ જે છે અંદર જડ, એ તો જુદા ચીજ જ છે જુદી. ભગવાન આત્મા અરૂપી ચૈતન્ય ઘન એમાં કર્મના રજકણો જે છે એ તો તદ્દન ભિન્ન ચીજ છે.

'**ઉનસે શરીરાદિક સંયોગ હૈ વહ આત્માસે પ્રગટ હી ભિન્ન હૈ,...**' આહાહા..! અને એ કર્મના નિમિત્તથી શરીર, વાણી, મન જે જડ છે એ બધા પ્રગટ પ્રસિદ્ધ પર છે. આહાહા..! સમજાણું કાંઈ? કર્મ પ્રગટ પ્રસિદ્ધ પર છે અને એના નિમિત્તે થયેલા શરીર, વાણી, મન એવા દસ પ્રાણ આદિ એ તો '**સંયોગ હૈ વહ આત્માસે પ્રગટ હી ભિન્ન હૈ,...**' મન, વચન અને કાયા, પાંચ ઈન્દ્રિય જડ, આયુષ્ય, શ્વાસ એ તો કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી તદ્દન જુદી ચીજ છે. એ પ્રસિદ્ધિ છે. લ્યો! '**આત્માકે કહતે હૈં સો યહ વ્યવહાર પ્રસિદ્ધ હૈ હી,...**' શરીર આત્માનું, વાણી આત્માની, મન આત્માનું એ તો વ્યવહારનું કથન છે. એ તો ભિન્ન છે છતાં આનું કહેવું એ તો ઉપચારનું કથન વ્યવહાર છે. વાસ્તવિક એના શરીર, વાણી, મન છે જ નહિ. એ તો જગતની ચીજ રજકણો છે. જગતની ચીજ એની કહેવી એ તો વ્યવહારનો ઉપચાર છે. આહાહા..! એમાં બાયડી, છોકરા, કુટુંબ, મકાન એ તદ્દન કર્મના નિમિત્તે થયેલો આ શરીરાદિમાં એ પણ આવે છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, પૈસા એ તદ્દન જુદા છે. એને આના કહેવા. આ પૈસા આના, આ મકાન આનું, આ છોકરાનો બાપ એ બધા ઉપચારના કથન છે.

મુમુક્ષુ :- એના છે નહિ?

ઉત્તર :- કે દિ' હતા? સુમનભાઈ દીકરો નહિ રામજીભાઈનો?

મુમુક્ષુ :- મારે કોકનો દીકરો થાવું પડે.

ઉત્તર :- માણેકચંદભાઈનો રામજીભાઈ દીકરો છે. આહાહા..!

કહે છે કે એ તો.. આ આમાં આવે છે એ. '**શરીરાદિકા સંયોગ હૈ વહ આત્માસે પ્રગટ હી ભિન્ન હૈ,...**' છે ને? '**દ્રવ્યરૂપ પુદ્ગલકર્મ હૈં વે આત્મા સે ભિન્ન હી હૈં, ઉનસે...**' ઉનસે એટલે કર્મથી. કર્મના સંયોગથી શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આબરૂ, લક્ષ્મી, મકાન એ '**સંયોગ હૈ વહ આત્માસે પ્રગટ હી ભિન્ન હૈ,...**' આહાહા..! કોનો છોકરો? અને કોનો બાપ? મફતનો. કહો, ફુલચંદભાઈ! છોકરા માટે પણ રોકાવું પડે ને બધું?

મુમુક્ષુ :- ઠેકાણે પાડવા છે ને.

ઉત્તર :- ઠેકાણે પાડવું છે ને. આહાહા..! કહે છે કે એ બધા તો પર જ છે. કર્મ જેમ પર છે એમ કર્મના નિમિત્તે મળેલી આ સામગ્રીઓ પર જ છે. એને આત્માની કહેવી એ તો ઉપચાર, વ્યવહાર છે, વાસ્તવિકતાથી દૂર છે. આહાહા..!

'**ઈસકો અસત્યાર્થ યા ઉપચાર કહતે હૈં.**' દેખો લ્યો! આત્માનું શરીર, આત્માની ભાષા,

આત્માનો દીકરો, આનો બાપ, આની પત્ની, આનો પતિ એ બધા ઉપચારના કથનો છે. કોણ કોના કોના પતિ-પત્ની? કાંઈ આત્મા ભિન્ન ચીજ, શરીર ભિન્ન ચીજ. આહાહા..! જૂઠું છે બધું. જૂઠી છે બધી. આહાહા..! ભૂતાવળ ભેગી થઈ છે બધી. એને ક્યાં એ એકલો, ક્યાંથી એકલો આવ્યો? એકલો અત્યારે રહ્યો અને એકલો થઈને જાશે. આહાહા..! આ સંયોગો જે દેખાય છે એ બધા, કહે છે કે કર્મના નિમિત્તે થયેલી ચીજ છે. એ તારાથી તદ્દન ભિન્ન છે. આહાહા..! એને પોતાની માનવી એ તો મિથ્યાત્વ ભાવ છે. સમજાણું કાંઈ? જે તદ્દન ભિન્ન ચીજ છે, શરીર, વાણી, મન. આ મન પરમાણુ હોં! સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, મકાન, આબરૂ, કપડા, ઝવેરાત-દાગીના એ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી પર સામગ્રી છે. એ તદ્દન ભિન્ન છે. બિલકુલ આત્માને અને એને કાંઈ સંબંધ નથી. આહાહા..! છતાં એમ કહેવું એ જૂઠું છે કે આની આ સ્ત્રી અને આનો પતિ, આની પત્ની બધે જૂઠે જૂઠું છે. સમજાણું કાંઈ? આહાહા..!

એકલો પોતે જુદી ચીજ છે. એમાં ભલે, કહે છે, ભેદ પડો અને અશુદ્ધતા હો, એ ત્રિકાળની અપેક્ષાએ તો અસત્યાર્થ છે, પણ પર્યાયની અપેક્ષા સત્યાર્થ ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી એને જાણવું. આહાહા..! સમજાણું કાંઈ? ભેદજ્ઞાન એટલે? એનાથી જુદો પડ્યો એટલે પછી એ એનું ક્યાં રહ્યું? આહાહા..! સમજાણું કાંઈ? રાગ અને પુણ્યથી જુદો પડ્યો, એ ભેદજ્ઞાનનો અર્થ કે એનાથી જુદો પડ્યો. જુદો પડ્યો એટલે પછી જુદી એની ક્યાં રહી ત્યાં? આહાહા..! કહો. ત્યારે તો તેને અસત્યાર્થ જાણવો જોઈએ. ભેદજ્ઞાનની અપેક્ષાએ રાગાદિ, ભેદ ને રાગાદિને અસત્યાર્થ જાણવો જોઈએ. આહાહા..!

વળી '**યહાં કર્મકે સંયોગજનિત ભાવ હૈં વે સબ નિમિત્તાશ્રિત વ્યવહારકે વિષય હૈં...** ' આત્મામાં પુણ્ય અને પાપનો ભાવ એ બધો સંયોગજનિત ભાવ છે. આહાહા..! પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠું, વિષય, વાસના, દિલગીરી, અરતિ, શોક એ બધા પરિણામ '**સંયોગજનિત ભાવ હૈં વે સબ નિમિત્તાશ્રિત વ્યવહારકે વિષય હૈં...** ' નિમિત્તને આધિન થયેલા માટે તે વ્યવહારનો વિષય છે. આહાહા..! આ વ્યવહાર અને નિશ્ચય. '**जिणउत्तं**' એમ શબ્દ આવ્યો છે. '**सुत्तं जिणउत्तं**' જિન ભગવાને કહેલા સૂત્ર, એમાં વ્યવહાર અને નિશ્ચય કેમ છે એની વ્યાખ્યા ચાલે છે. આહાહા..!

'**ઔર ઉપદેશ અપેક્ષા ઈસકો પ્રયોજનાશ્રિત ભી કહતે હૈં,...** ' ઉપદેશ કહેવાયને ત્યારે કે રાગથી ભિન્ન છે. પણ રાગ તે આત્માનો છે એનાથી તું જુદો પડ. એ વાત પ્રયોજન આશ્રયે એને કથન કરવું એ પણ વ્યવહાર છે. અથવા આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ભેદ પાડીને પ્રયોજનને આશ્રયે પ્રયોજન સમજાવું છે અભેદ અને પ્રયોજનની અપેક્ષાએ તો એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! એની એક સમયની પર્યાયને પણ પ્રયોજન અપેક્ષાએ. કેમકે પર્યાયમાં સમજે છે. ત્રિકાળી વસ્તુને પર્યાયમાં સમજે છે. નિત્યને અનિત્યમાં નિર્ણય થાય છે. નિત્યનો નિત્યમાં નિર્ણય થતો નથી.

આહાહા..! એવી ભગવાન ચીજ જે અંદર ધ્રુવ-ધ્રુવ વસ્તુ એનો નિર્ણય તો પર્યાયમાં થાય છે તેથી એને પ્રયોજનાશ્રિત વ્યવહાર કહે. જો ભાઈ! આ એનું છે, આ પર્યાય એની છે, આ ભેદ એના છે. ભેદથી સમજાવે ને? ૮મી ગાથામાં આવ્યું છે ને કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર તે આત્મા એ ભેદકથન. એ વ્યવહારનું પ્રયોજન આશ્રય ત્રિકાળને સમજાવા માટે આવો ઉપદેશ હોય છે. એ વ્યવહાર છે.

'**ઈસપ્રકાર નિશ્ચય-વ્યવહારકા સંક્ષેપ હૈ.**' લ્યો! ઘણું આવી ગયું છે ને પહેલું. શાંતિથી, ધીરેથી સમજે તો સમજાય એવું છે. એ સમજવા માટે એમ ભગવાને કહ્યું છે અને સમજનારની યોગ્યતા છે એને માટે કહ્યું છે. સમજાણું કાંઈ? એ કાંઈ જડને નથી કહેતા. તેમ રાગને આમ નથી કહેતા કે રાગ તું છો પર. આત્માને કહે છે કે રાગ તારાથી પર છે. સમજાણું કાંઈ? આહાહા..!

હવે મોક્ષમાર્ગ ઉપર આવે જરી. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકો મોક્ષમાર્ગ કહા,...**' હવે એ પર્યાયની વાત લે છે. ઓલી તો પરથી ભિન્ન દ્રવ્યની અને પરથી ભિન્ન પર્યાયની અને પરના સંબંધવાળી રાગ એની વ્યાખ્યા કરી. હવે આ મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહારની વ્યાખ્યા કરે છે. આહાહા..! ઝીણું છે પણ હવે અંદર પુસ્તક તો આવી ગયા છે ઘણાં બધાય. હમણાં તાકણે બધા આવી ગયા છે વંચાઈ છે એટલે. ન હોય એણે લઈ લેવું જોઈએ. છે કે નહિ? ફુલચંદભાઈ! નથી ને ઠીક કહ્યું. એ .. આહાહા..!

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ એની અંતરમાં જ્ઞાનનું એનું જ્ઞેય બનાવીને, ધ્યાનમાં એને ધ્યેય બનાવીને, ધ્યાનમાં એનો વિષય બનાવીને જે દૃષ્ટિ પ્રગટ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! એને જ્ઞેયને જ્ઞેય બનાવીને જે જ્ઞાન પર્યાયમાં થાય એને સમ્યગ્જ્ઞાન કહે છે. એ સમ્યગ્જ્ઞાનમાં દર્શનમાં વિષય તો ત્રિકાળ છે. હવે એ ત્રિકાળમાં જે દર્શન-જ્ઞાન થયું, એમાં જે ઠરવાની ક્રિયા થાય તેને ચારિત્ર કહે છે. '**યે તીનોં એક આત્મા હી કે ભાવ હૈં,...**' લ્યો! ત્રણ પણ એક આત્માનો ભાવ એમ.

'**યહાં ઐસે સમજના કિ યે તીનોં...**' કે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર '**એક આત્મા હી કે ભાવ હૈં,...**' છે ત્રણ, પણ એક આત્માના ત્રણ ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસપ્રકાર ઈનરૂપ આત્મા હી કા અનુભવ હો સો નિશ્ચય મોક્ષમાર્ગ હૈ,...**' લ્યો! '**ઈસપ્રકાર ઈનરૂપ...**' એ પ્રકારે-એ રૂપે આત્મારૂપે. આત્માનું. ઓહો..! ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ, એનો અનુભવ હો, અનુ એટલે દ્રવ્યને અનુસરીને દશા થાઓ એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. એ નિશ્ચય સાચો મોક્ષમાર્ગ છે. લ્યો!

'**ઈસમેં ભી જબતક અનુભવકી સાક્ષાત્ પૂર્ણતા નહીં હો...**' એ અનુભવની પૂર્ણ પ્રાપ્તિ ન હો, ત્રણની એકતાની પૂર્ણ પ્રાપ્તિ '**તબતક એકદેશરૂપ હોતા હૈ...**' તો એક ભાગરૂપ અનુભવ થાય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે.. સમજાણું કાંઈ? આહાહા..! '**એકદેશરૂપ હોતા હૈ ઉસકો કથંચિત્**

**સર્વદેશરૂપ કહકર...'** એને આખો મોક્ષમાર્ગ કહેવો. ચોથે, પાંચમે, છઠ્ઠે એક અંશ હોવા છતાં એને પૂર્ણ અનુભવ કહેવો એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..! **'તબતક એકદેશરૂપ હોતા હૈ ઉસકો કથંચિત્ સર્વદેશરૂપ કહકર કહના વ્યવહાર હૈ ઔર એકદેશ નામસે...'** અને જેટલો અંશ છે તેટલો તેને કહેવો એ નિશ્ચય છે. આહાહા..! ભારે આવી વાત!

ફરીને. કે જે આત્મા છે વસ્તુ ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ, તીર્થંકરે જોઈને કહી. એવો જેને આત્મા અંતર દૃષ્ટિમાં આવે અને એને જ્ઞાનની પર્યાયમાં પણ એ જ્ઞેય આવડું આવે ત્યારે એને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય. અને એમાં ચારિત્ર સ્વરૂપમાં ઠરે ત્યારે. એ ત્રણની નીચે છે એ પૂર્ણતા નથી. છતાં નીચે પૂર્ણતા કહેવી એ વ્યવહાર છે. અને જેટલો છે તેટલો તેને જાણવો, કહેવો એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? ભારે વાત. બલુભાઈ! આવી ઉપરટપકે પકડ્યું એને આ આકરું લાગે છે અત્યારે. ઉપરટપકે હા.. હા.. હા, ના કર્યું હોય. આહાહા..! આવો માર્ગ ઊંડેથી એણે જાણવો પડશે. સમજાણું કાંઈ? વ્યવહાર-નિશ્ચયના ઝઘડા છે એ ઝઘડા ટાળવા હોય તો એને આ જાણવું પડશે. વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે. નિશ્ચય નિશ્ચયના સ્થાનમાં છે. પણ વ્યવહાર આશ્રય કરવા લાયક છે એમ નથી.

મુમુક્ષુ :- સાધક થઈને ...

ઉત્તર :- સાધક એ તો ઉપચારથી કહ્યું છે. સાધક તો સ્વરૂપ અનંત આનંદસ્વરૂપ એ પોતે જ ઘોળાઈને ઊભો થાય છે અંદર એ સાધક છે. વ્યવહાર રાગને સાધક (કહ્યો એ) તો ઓલા સાધકનો એણે ઉપચાર કર્યો. સાધકની સાથે પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન આત્મા... એ તો આવી ગયું છે પહેલું. રાગથી ભિન્ન પાડવાની પ્રજ્ઞા એ પોતે જ સાધન છે. સમ્યગ્જ્ઞાનની દશા જે રાગથી ભિન્ન પડીને સ્વનો આશ્રય લે છે એ પ્રજ્ઞા પર્યાય એ સાધન છે. પણ એ સાધનકાળમાં એક રાગની તે પ્રકારની તે તે ભૂમિકાને યોગ્ય જાત કેવી છે એવું જણાવવા એને સાધન કહેવામાં આવે છે. સાધન નથી, છે તો બાધક. સમજાણું કાંઈ? પણ અહીંયા સાધક પોતે પોતાના સ્વરૂપને સાધે છે એ વખતે આવો રાગ હોય છે એમ ગણીને નિરૂપણ સાધકનું એણે કર્યું છે. વ્યવહાર નિરૂપણ તરીકે સાધન છે, વસ્તુ તરીકે નહિ. આવું હવે કોને ખબર છે. સમજાણું કાંઈ? બાપુ! જાણવું પડશે ભાઈ! મોટા ગોટા છે.

અહીં તો ત્રિકાળીને નિશ્ચય કહીએ, પર્યાયને વ્યવહાર કહીએ અને રાગને અસદ્ભૂત વ્યવહાર કહીએ. વળી બીજી રીતે કહીએ તો નિર્મળ અનુભવ પર્યાયસહિતનો આત્મા તેને નિશ્ચય કહીએ અને રાગને વ્યવહાર કહીએ. આહાહા..! કહો, ચંદુભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા..! એણે કોઈ દિ' સાચી વાત (સાંભળી નથી) રુચિપૂર્વક એને કાને પડી નથી અનંતકાળમાં. આ વસ્તુ આહાહા..! કહે છે કે જે ભગવાન પૂર્ણ સ્વરૂપ એ તો નિશ્ચયથી સત્ય જ છે. પર્યાય પણ પર્યાયની અપેક્ષાએ સત્ય છે પણ ત્રિકાળની અપેક્ષાએ અભૂતાર્થ ગણીને, તેને વ્યવહાર ગણીને જૂઠી કહ્યું. પણ રાગ તે તદ્દન જૂઠો છે વળી. એ રાગ અસત્ય છે એની અપેક્ષાએ પર્યાય સત્ય છે. પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય ત્રિકાળ સત્ય છે.

ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અસત્ય છે, પર્યાયની અપેક્ષાએ રાગ અસત્ય છે અને રાગની અપેક્ષાએ પરદ્રવ્યની પર્યાય અસત્ય છે. સમજાય છે કાંઈ? આ બધું એને જાણે તો ... નહિતર ઝઘડા વ્યવહાર-નિશ્ચયના ચાલ્યા છે. વ્યવહારથી પણ લાભ થાય. વ્યવહારથી લાભ થાય એમ પણ કહેવાની અપેક્ષા છે. પણ જેને નિશ્ચય મોહક્ષોભ રહિત પરિણામ પ્રગટ્યા છે એને શુભરાગ પણ એટલો મોહનો ક્ષોભનો અભાવ છે એથી એને પણ સાધન કહે, વ્યવહાર કહે. શુભરાગને પણ વ્યવહાર કહે. એ શુભરાગમાં પણ નિશ્ચય સ્વભાવને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ્યું છે એ નિશ્ચય. અને સાથે શુભરાગ છે એમાં એટલો મોહનો રાગ ઘટ્યો છે માટે એને વ્યવહાર પણ કહેવામાં આવે છે.

આવ્યું હતું ઓલામાં ભાઈ! ૮૨ ગાથામાં. ૮૨ નહિ ભાવ? ભાવપાહુડ. એમાં છે ને જુઓને. ૮૨-૮૨. ભાવપાહુડ હોં. ૮૩. ૮૩-૮૩. ૮૩ ગાથા. એ ભાવપાહુડ. ૧૭૮ પાનું.

**पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो।।८३।।**

છે? ૮૩ ગાથા. નથી આવી? '**જિનશાસનમેં જિનેન્દ્રદેવને...**' જરી ઓલું સૂક્ષ્મ છે એટલે જરી આમાંથી થોડુંક (લઈએ). જૈનશાસનમાં '**જિનેન્દ્રદેવને ઈસપ્રકાર કહા હૈ કિ-પૂજા આદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હી હૈ...**' ધર્મ નહિ. આહાહા..! ભગવાનની પૂજા, વ્રત એ પુણ્ય છે. અને '**મોહકે ક્ષોભસે રહિત જો આત્મા કા પરિણામ વહ ધર્મ હૈ.**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના રાગનો અભાવ, મિથ્યાત્વનો અભાવ એ ધર્મ છે.

'**ભાવાર્થ :- લૌકિક જન તથા અન્યમતી કઈ કહતે હૈં...** ' જૈનમાં પણ લૌકિક અને અન્યમતિઓ. જૈનમાં રહેલા પણ લૌકિક છે અને અન્યમતી કેટલાક કહે છે. બેય લીધા. '**કિ પૂજા આદિક શુભ ક્રિયાઓંમે ઔર વ્રતક્રિયાસહિત હૈ વહ જિનધર્મ હૈ, પરંતુ ઐસા નહીં હૈ. જિનમતમેં જિનભગવાનને ઈસપ્રકાર કહા હૈ કિ-પૂજાદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હૈ, ઈસમેં પૂજા ઔર આદિ શબ્દ સે ભક્તિ,...**' ભગવાનની પૂજા, ભગવાનની ભક્તિ, ભગવાન, ગુરુ આદિને વંદન અને '**વૈયાવૃત્ય આદિક સમજના,...**' આહાહા..! '**યહ તો દેવ-ગુરુ-શાસ્ત્રકે લિયે હોતા હૈ...**' એ તો પરદ્રવ્યને આશ્રયે થાય છે એમ કહે છે. આહાહા..!

'**ઉપવાસ આદિક વ્રત હૈં વહ શુભક્રિયા હૈ,...**' ઉપવાસ આદિ છે એ તો શુભક્રિયા રાગની છે. આહાહા..! '**ઈનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ હૈ ઉસસે પુણ્યકર્મ હોતા હૈ...**' કહો, આ તો સમજાય એવું છે. ઓલું જરી ઝીણું હતું થોડુંક આ. આહાહા..! '**ઈસલિયે ઉનકો પુણ્ય કહતે હૈં. ઈસકા ફલ સ્વર્ગાદિક ભોગોંકી પ્રાપ્તિ હૈ.**' એ પુણ્યનું ફળ તો સ્વર્ગાદિ મળે, આત્માની શાંતિની પર્યાય એનાથી પ્રાપ્ત ન થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને પણ, મુનિને પણ જેટલો શુભભાવ ભક્તિ, પૂજા આદિનો છે એના ફળ તરીકે સ્વર્ગાદિ સંયોગ મળે, કેમકે એ સંયોગીભાવથી

સંયોગ મળે. એમાં સ્વભાવની એકતાની પર્યાયનો લાભ ન થાય. આહાહા..! હવે આમાં મોટા વાંધા છે ને. નહિ, એનાથી પણ આમ થાય. શુભોપયોગ ધર્મ છે. કોણ ના પાડે શુભોપયોગમાં ધર્મ નથી? આહાહા..! નહિ. શુભ ઉપયોગ ધર્મ છે. એ હમણાં ઈંદોરમાં કહેવાયું. આહાહા..! શું કરે ભાઈ!

અહીં તો શુભ ઉપયોગને રાગસહિત પરિણામ કહ્યા છે. ચાહે તો ભક્તિ હોય, પૂજા હોય. આવ્યુંને? વંદના હોય, વૈયાવૃત્ય હોય. દેવ-ગુરુ-શાસ્ત્રની વૈયાવચ્ચ કરવી, મંદિરની વૈયાવચ્ચ કરવી એ બધો શુભભાવ છે. સાધુની વૈયાવચ્ચ કરવી એ શુભભાવ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય તો એ શુભભાવ છે. આહાહા..!

'**મોહ ક્ષોભસે રહિત આત્માકે પરિણામકો ધર્મ સમજીયે.**' હવે ધર્મની વાત આવે છે. મોહ એટલે મિથ્યાત્વ અને ક્ષોભ એટલે આકુળતા. એનાથી રહિત '**આત્માકે પરિણામકો ધર્મ સમજીયે.**' આહાહા..! આત્મા શુદ્ધ અખંડ આનંદસ્વરૂપ, એના પરિણામ એ મોહ અને ક્ષોભ રહિત છે. એ પરિણામ એ પર્યાયને ધર્મ કહીએ. લ્યો! સમજાણું કાંઈ? '**મિથ્યાત્વ તો અતત્ત્વાર્થશ્રદ્ધાન હૈ, ક્રોધ-માન-અરતિ-શોક-ભય-જુગુપ્સા યે છહ દ્વેષપ્રકૃતિ હૈં ઔર માયા, લોભ, હાસ્ય, રતિ યે ચાર તથા પુરુષ, સ્ત્રી, નપુંસક યે તીન વિકાર, એસી સાત પ્રકૃતિ રાગરૂપ હૈં. ઈનકે નિમિત્તસે આત્માકા જ્ઞાન-દર્શનસ્વભાવ વિકારરહિત, ક્ષોભરૂપ, ચલાચલ, વ્યાકુલ હોતા હૈ...**' આહાહા..! કેટલી ભાષા કરી! ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ, ભેદ, વાસના, સ્ત્રી, પુરુષ, નપુસંકની વૃત્તિ એ વાસના એ બધી ક્ષોભરૂપ વિકારસહિત, ચળાચળ, વ્યાકુળતા છે. '**ઈન વિકારોંસે રહિત હો તબ શુદ્ધદર્શનજ્ઞાનરૂપ નિશ્ચય હો વહ આત્માકા ધર્મ હૈ.** ' આહાહા..!

'**ઈસ ધર્મસે આત્માકે આગામી કર્મકા આસ્રવ રુકકર સંવર હોતા હૈ ઔર પહિલે બંધે હુએ કર્મોંકી નિર્જરા હોતી હૈ. સંપૂર્ણ નિર્જરા હો જાય તબ મોક્ષ હોતા હૈ...** ' હવે શુભ પરિણામની વાત આવી. સમ્યગ્દૃષ્ટિને હોં! અજ્ઞાનીની વાત નથી. '**એકદેશ મોહકે ક્ષોભકી હાનિ હોતી હૈ ઈસલિયે શુભપરિણામકો ભી ઉપચારસે ધર્મ કહતે હૈં...**' કહો, દેવીલાલજી! સમકિત દૃષ્ટિની વાત છે હોં. સ્વભાવનો આશ્રય થઈ દર્શન, જ્ઞાન, સ્થિરતા આદિ આવી છે એના જે શુભ પરિણામ. '**એકદેશ મોહકે ક્ષોભકી હાનિ હોતી હૈ...** ' એમાં. અશુભરાગની હાનિ થઈ ને? '**ઈસલિયે શુભપરિણામકો ભી ઉપચારસે ધર્મ કહતે હૈં ઔર જો કેવલ શુભપરિણામ હી કો ધર્મ માનકર સંતુષ્ટ હૈ ઉનકો ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' એ શુભભાવથી જ મને ધર્મ થાય છે. આહાહા..! દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ, લાખો કરોડો રૂપિયાના દાન, પૂજા, ગજરથ. ગજરથ કહે છે ને મોટા. ઈન્દ્રધ્વજ મહોત્સવ. એ બધા શુભભાવ છે. પણ જો એનાથી ધર્મ થાય એમ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો આ તો સમજાય એવી વાત હતી. આ તો પાઠ છે. આત્મધર્મમાં ઘણીવાર આવી ગયું છે આ.

'**और एकदेश नामसे कहना निश्चय है.**' જેટલું પ્રગટ્યું છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ. એને એ પ્રમાણે કહેવું એ નિશ્ચય. પણ પ્રગટ્યું છે થોડું અને એને પૂર્ણ કહેવું એનું નામ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? નાના નાના છોકરા પણ સાંભળવા બેઠા છે. સાંભળે તો ખરા, કાને તો પડે. આહાહા..! અરે..! આ ભગવાનનું સ્વરૂપ જ એમ છે. નિગોદના એક શરીરમાં અનંતા ભગવાન બિરાજે. આહાહા..! કોને બેસે? જેને આ દ્રવ્યસ્વભાવ આવો છે બેસે એને એ વાત બેસી જાય. ક્ષેત્ર ભલે મોટું ન હોય પણ શક્તિ છે ને, સત્ત્વ છે ને. એ પણ જ્ઞાન છે એનું સત્ત્વ જ્ઞાન છે. આત્મા સત્ છે એનું સત્ત્વ જ્ઞાન છે. જ્ઞાન સત્વ છે એટલે એ તો પૂર્ણ છે. શક્તિ કહો, ગુણ કહો, સ્વભાવ કહો એ પૂર્ણ છે. પૂર્ણ છે એ પરમાત્મા છે. સમજાણું કાંઈ?

એક અંગુલના અસંખ્ય ભાગમાં એક કણી જેટલો કણિયો... કણિયો કહે છે. લીલ-ફુગ એક કણીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા ભગવાન. દેવળ એક અને અનંત ભગવાન દેવ. આહાહા..! બાપુ! એ તો સ્વભાવની વાત છે. સ્વભાવ જે છે ને એ સ્વભાવની .. નથી. સ્વભાવ, વસ્તુ છે એ અરૂપી છે. પરમાણુ પણ ખરેખર તો ઇન્દ્રિયગમ્ય તો છે નહિ. છએ દ્રવ્ય ઇન્દ્રિયગમ્ય છે નહિ. આહાહા..! પંચેન્દ્રિયમાં પણ એક એક આત્મા આવો વસ્તુ છે ને? પદાર્થ છે ને? તો એની અવસ્થા ઉત્પાદ-વ્યયની હોવા છતાં ધ્રુવ એનું સ્વરૂપ છે કે નહિ? ક્ષેત્ર નાનું એમ નહિ, પણ ક્ષેત્રમાં તાકાત કેટલી છે? એમાં જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંતભાવની તાકાત છે. એવી આત્માની શક્તિની તાકાત જેને બેસે એને એ વાત બેસી જાય. આહાહા..! સમજાણું કાંઈ? આ વીતરાગ માર્ગ છે એ બહુ સૂક્ષ્મ છે અને ઘણા ધીરાનું કામ છે આ. સમજાણું કાંઈ?

અહીં કહે છે, એવું જે સ્વરૂપની પ્રતીતિ છે વાસ્તવિક પોતાની ધ્રુવની. તો એ રીતે બધાને વસ્તુ તરીકે તો ધ્રુવ જ ભાળે છે. આવ્યું ને '**एयन्त णिच्छयगदो समओ सवत्थ**' ટીકામાં જયસેન આચાર્યે એ લખ્યું છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય. પણ એકેન્દ્રિય એ તો પર્યાય છે, પણ વસ્તુ જે છે એ તો પરમેશ્વર એકત્વ સદાય છે. આહાહા..! એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, સંસાર, સિદ્ધ આદિ એ તો બધી પર્યાયો છે. પણ એ પર્યાયોમાં ઓલી ધ્રુવ ચીજ છે એકરૂપ વસ્તુ છે એ આત્મા અને એ ભગવાન છે. આહાહા..! અરે..! આ વાત તો કાંઈ સાધારણ પ્રાણીને બેસે એવી છે? બાપા! આત્મા આ તો અલૌકિક વાતું છે ભગવાન! આહાહા..! સત્નું સ્વરૂપ જ આવું છે. આહાહા..! ત્યાં ઓલા કહે કે એક છે આત્મા. તેથી ભગવાને તો એમ કહ્યું કુંદકુંદાચાર્યે. પાખંડીઓની માન્યતા છે. અમેહનાકાર પાખંડીઓથી પ્રસિદ્ધ લોકાકાશ પ્રમાણે વ્યાપક એક એ પાખંડીઓની માન્યતા છે. આહાહા..! કહેવાનો આશય આવો છે. આવી વસ્તુ એક એક આવી છે, એને બધી થઈને એક કહે. અરે..! પણ મોટો પાખંડ છે. સમજાણું કાંઈ?

આવી ચીજો અનંત... અનંત... અનંત... એવા અનંત આત્માઓથી અનંતગુણા તો રજકણો

તેટલા જ ગુણવાળા. એને બધાને એક કહેવું એ તો ઘણું જ મિથ્યાત્વનું જોર છે ત્યાં. તેથી આવી મહાન ચીજોને એક તરીકે ગણી નાખી. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક એમ કહે છે ને કે આ નિશ્ચયની વાત છે ને એ વેદાંત સાથે મળતી છે એટલે આ વેદાંતની શૈલીની વાત છે આ. ઓલી ક્રિયામાં ધર્મ નથી એમ આવે. દયા આવી ગયું ને? એ ધર્મ નથી, પુણ્ય છે. હોય છે. વેદાંતમાં ગયું આ તો બધું. અરે..! વેદાંતમાં. વેદાંતનો અર્થ જ્ઞાનના અંતમાં-સારમાં ગયું એમ કહે. પણ વેદાંત કહે છે કે એક જ આત્મા, એનાથી તો અનંતગુણો વિરોધ છે. આહાહા..! આ વસ્તુ ક્યાં એને ખ્યાલમાં નથી. સાંભળી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે એવો જે પરિપૂર્ણ પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ અંશે પ્રગટેલી હોય એને પૂરું કહેવું એ વ્યવહાર છે અને છે એવું જાણવું એ નિશ્ચય. કહો, સમજાણું કાંઈ? હવે આવો ધર્મ કેવો? ઓલી તો કેવી હતી અમારે હીરાજી મહારાજની છ કાયની દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો. ભાઈ! વ્રત કરવાથી સંવર થાય, તપસ્યા કરવાથી નિર્જરા થાય. લ્યો! અને પરની દયા પાળવાથી ઉપયોગમાં શુદ્ધતા થાય. શુદ્ધતા થાય એટલે ધર્મ થાય, એમ. આહાહા..! વસ્તુ અંધારે રહી ગઈ એને પોતાના અજ્ઞાનમાં. આવી ચીજ એ કહે છે એ પ્રતીતિ એમ કહે છે. એવો પૂર્ણ પ્રભુ આત્મા પાંચસો ધનુષના દેહવાળો હોય કે સાત-આઠ હાથ વાળો હોય. આહાહા..! પણ એ વસ્તુ જે છે એ તો પરિપૂર્ણ અનંતગુણનું ધામ ધ્રુવ-ધ્રુવ વસ્તુ છે. એવી ધ્રુવની એમાં પ્રતીતિ, પ્રતીતિમાં જોર કેટલું છે? કે જે આખી ચીજ આવડી એણે એને શ્રદ્ધામાં લીધી હતી. એક સમયની શ્રદ્ધામાં આવો ત્રિકાળ વસ્તુ ભગવાન જેના પાર ન મળે ગુણનું અપારપણું એવી સદશ શક્તિનો પિંડ પ્રભુ, એવો જેને શ્રદ્ધામાં લીધી આ એને સમ્યગ્દર્શન નિશ્ચયથી કહીએ કહે છે. અને એનું જાણવાનું જ્ઞાન તે નિશ્ચય જ્ઞાન કહ્યું, ઠરવાનું ચારિત્ર કહ્યું. વસ્તુ આ છે. હવે એ પૂર્ણ નથી અને એને પૂર્ણ કહેવો કે મોક્ષમાર્ગ પૂરો થઈ ગયો છઠ્ઠે એ વ્યવહારથી. અને ચોથે ગુણસ્થાને મોક્ષમાર્ગ કહેવો એ પણ વ્યવહાર છે.

મુમુક્ષુ :- જેટલો પ્રગટ્યો છે

ઉત્તર :- જેટલો પ્રગટ્યો છે એટલો એને જાણવો કહેવો એ નિશ્ચય છે. આવા કેટલા પડખા યાદ રાખવા? આહાહા..! આ તો પડખાં નથી એની જાતની વાતની વાત છે. પડખાં બડખાં ક્યાં એટલા બધા છે? આહાહા..! એકકોર દ્રવ્યનું પડખું, એકકોર પર્યાયનું પડખું અને એની સાથે રાગનું પડખું. આ એની રમતુંની વાત છે બધી. સમજાણું કાંઈ? આહાહા..!

હવે '**દર્શન, જ્ઞાન, ચારિત્રકો ભેદરૂપ કહકર મોક્ષમાર્ગ કહે...**' એને ભેદ પાડીને વ્યવહાર. '**તથા ઈનકે બાહ્ય પરદ્રવ્યસ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ નિમિત્ત હૈં ઉનકો દર્શન, જ્ઞાન, ચારિત્રકે નામસે કહે વહ વ્યવહાર હૈ.**' વ્યવહાર છે ને વ્યવહાર રાગને? એ રાગને સમ્યગ્દર્શન કહેવું, એમ શાસ્ત્રના જ્ઞાનને જ્ઞાન કહેવું, એમ મહાવ્રતને ચારિત્ર કહેવું એ ભેદરૂપ મોક્ષમાર્ગ છે. એ તો વ્યવહાર

છે અને એનું **'બાહ્ય પરદ્રવ્યસ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ નિમિત્ત હૈં...'** દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે. **'ઉનકો દર્શન, જ્ઞાન, ચારિત્રકે નામસે કહે...'** આવ્યુંને ભાઈ એમાં? ઓલા બંધમાં ન આવ્યું બંધ? છ કાયના જીવો એ ચારિત્ર છે એમ એ અહીં કહે છે. નવ તત્ત્વ તે શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? આચારાંગ આદિના અક્ષરો તે જ્ઞાન છે. એમાં નિમિત્ત છેને એટલે કહી દીધું. આહાહા..! એ વ્યવહારથી કહે છે. ત્યાં તો એ કીધું છે. છ કાયના જીવ તે ચારિત્ર છે. એટલે કે છ કાયના ભાવોનો, દયાનો ભાવ વિકલ્પ છે ને એ છે વ્યવહાર ચારિત્ર છે. પણ એમાં ઓલું નિમિત્ત પડ્યું હતું એને કહી દીધું પરદ્રવ્યનું. એમાં નિમિત્ત પડ્યું ને બસ એ. એ અહીં કહે છે જુઓ.

જે **'બાહ્ય પરદ્રવ્યસ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ નિમિત્ત હૈં ઉનકો દર્શન, જ્ઞાન, ચારિત્રકે નામસે** કહે વહ વ્યવહાર હૈ. ' આહાહા..! સમજાણું કાંઈ? વેદનાથી સમકિત થયું, દેવઋદ્ધિ દેખીને સમકિત થયું, એ બધા વ્યવહારના કથનો છે. બહારના પરપદાર્થના. સમ્મેદશિખરના આમ દર્શન થતાં સમકિત થયું. સમવસરણમાં ભગવાનને દેખીને સમકિત થયું એ બધા બાહ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નિમિત્ત છે. એને કહે વ્યવહારે.

**'દેવ, ગુરુ, શાસ્ત્રકી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં,...'** જુઓ ખુલાસો કર્યો છે. પર છે ને પરવસ્તુ? દેવ પર, ગુરુ પર અને શાસ્ત્ર પર. આહાહા..! થોડું ઝીણું તો આવ્યું પણ હવે ભાઈ! આ મનુષ્યદેહ આવો એમાં જો આ ન કર્યું... આહાહા..! એ રજકણ બધા વિખાઈ જશે આ. એકલો ચાલ્યો જશે ચોર્યાસીમાં રખડવામાં. સાચી સમજણ અને સાચી શ્રદ્ધાનો દોરો ન પરોવ્યો ભાઈ! ક્યાંય હાથ નહિ આવે તું. આહાહા..! ક્યાંય ચોર્યાશીના અવતાર એ અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર. ત્યાં બધા વૈમાનિક દેવો અને ભૂતડાના વ્યંતર. નારકીના, પૃથ્વીકાયના જીવ પાછા. આહાહા..! પાણીનો જીવ. નારકીની આસપાસ છે ને ઓલું શું કહેવાય એ? વાયુમંડળ. ઉદોદધિ એમાં જીવ જન્મે. આહાહા..! મુક્તિશીલાનો પત્થર એમાં જીવ જન્મે અંદર.

જેને આ આત્મા નિશ્ચય અને વ્યવહારની વાતનું શું સ્વરૂપ છે એવું જો ન જાણ્યું, એને આ પરિભ્રમણના ભવોમાં જાવું પડશે. આહાહા..! ઇન્દ્રિયો હારી જશે ચાર, મન હારી જશે. દુનિયાને કબુલ કરવું પડે કે આ જીવ છે એવી જાતમાં નહિ રહે તું. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયા એને કહે કે આ આત્મા છે એવી સ્થિતિમાં પણ નહિ રહે. અરર..! .. જોઈએ બાપા આત્મા આમ છે એમ જરી. ઓલામાં અનંત આત્મા છે. એવું અસત્યને સેવ્યું હતું. જાણે એવા સત્યને આળ આપ્યા હતા કે એ સત્‌પણું પોતાનું છે (એમ) દુનિયાને કબુલવું મુશ્કેલ પડી ગયું. આહાહા..! સમજાણું કાંઈ?

**'દેવ, ગુરુ, શાસ્ત્રકી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં,...'** ઠીક! શ્રદ્ધામાં નિમિત્ત છે ને એ? વ્યવહાર હોં! વિકલ્પ છે, એ રાગ છે. આહાહા..! **'જીવાદિક તત્ત્વોંકી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં.'** એ વ્યવહાર. આહાહા..! **'શાસ્ત્રકે જ્ઞાન અર્થાત્ જીવાદિક પદાર્થોંકે જ્ઞાનકો જ્ઞાન કહતે હૈં**

ઈત્યાદિ.' એ વ્યવહાર. આહાહા..! રાગ છે એમ કહે છે. આહાહા..! ઓહોહો..! હવે ચારિત્ર પછી લેશે. શ્રદ્ધામાં ભગવાન આત્મા સ્વસ્વરૂપે પૂર્ણાનંદ પ્રભુ, એની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન. અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તે વિકલ્પ છે, રાગ છે. એ વ્યવહાર શ્રદ્ધા કહેવામાં આવે. એટલે કે નથી એને કહેવું એનું નામ વ્યવહાર. એમ આત્માનું જ્ઞાન. આત્મા જ્ઞાનસ્વરૂપ છે ચૈતન્ય એનું જ્ઞાન એ નિશ્ચયજ્ઞાન છે અને શાસ્ત્રનું જ્ઞાન એ વિકલ્પ રાગ છે, વ્યવહાર છે. આહાહા..! અહીં તો શાસ્ત્રના જ્ઞાન થોડાઘણાં થાય તો એને ચડી જાય આહાહા..! મોટો પંડિત થઈ ગયો અને હું જાણે દુનિયામાં અધિક. આહાહા..!

મુમુક્ષુ :- પૂજા થાય, રોટલા મળે, ઓટલા મળે, માલ મળે.

ઉત્તર :- રોટલા મળે. ગૃહસ્થોમાં જાય છે ને ત્યાં. એ કહે છે.

મુમુક્ષુ :- હું તો મારી વાત કરું, પ્રભુ! બીજાની વાત હું કરતો નથી.

ઉત્તર :- મેં એ કીધું. ભાઈ ત્યાં જાય છે ને. .. પૈસાવાળા ઘણા. પંદર ઘર છે ને? કેટલા? પંદર છે.

મુમુક્ષુ :- પંદર ઘર છે. પચાસ લાખ..

ઉત્તર :- હા. પૈસાવાળા છે. ત્યાં જાય ને પછી ઝપટ મારે એટલે લોકો, ઓહોહો..! સ્થાન આપે, માલ આપે, ખાવાનું આપે બધું આપે. એમ કહે છે.

મુમુક્ષુ :- માલ આપે નહિ.

ઉત્તર :- પૈસા તો ક્યાં તમારે દેવા છે?

હવે નિશ્ચય ચારિત્રમાં વ્યવહાર ચારિત્ર કેવું હોય એ વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૫, શુક્રવાર તા. ૨૬-૧૦-૧૯૭૩**
**ગાથા- ૬, પ્રવચન - ૩૭**

અષ્ટપાહુડ. સૂત્રપાહુડ ચાલે છે. ભગવાનને (નિર્વાણનું) આજે ૨૫૦૦ મું વર્ષ બેઠું. .. પછી કરશે. પૂરુ થાય એટલે. ૨૫૦૦મું વર્ષ બેઠું મોક્ષ પધાર્યાને. ભગવાનને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ દશમે થયેલું છે. પણ પછી પાવાપુરીમાં મોક્ષ પધાર્યા. ત્યાં આગળ આત્મામાં ધ્યાનમાં અજોગ દશા પ્રગટ કરી. શુક્લધ્યાનમાં. ઉત્કૃષ્ટ અંદરમાં એકાગ્ર થવાથી જોગથી રહિત. જેવું એ નિવૃત્ત સ્વરૂપ છે એવું નિવૃત્ત

અંતર સાધ્યું. અને રાગથી, કંપન્નથી જુદા પડીને અકંપન્ને સ્થિર થઈને મોક્ષની પર્યાયને સાધી. આહાહા..! અનંત કાળમાં સિદ્ધપદ નહોતું એ આ મંગળિકનો દિવસ છે એમાં સિદ્ધપદની પ્રાપ્તિ થઈ. એ સિદ્ધપદ મળ્યું એ આમ તો વ્યવહાર છે. કેમકે પર્યાય છે ને? પર્યાય છે ને એટલો વ્યવહાર. પણ બીજા વિચાર કરનારને શુદ્ધ જ્ઞાનીને વ્યવહાર છે. એને કાંઈ છે નહિ. એને તો ... આહાહા..!

પોતે તો પૂર્ણ સ્વરૂપ થઈ ગયું. દ્રવ્ય અને પર્યાય પૂર્ણ એ તો પ્રમાણ જ્ઞાન પૂરું થઈ જાય છે. એને નય નથી. પણ નિશ્ચયે શુદ્ધ જ્ઞાની શુદ્ધ જ્ઞાનના ભાગરૂપ નય જે અવયવ. આ વિષય બધો ઝીણો છે આમાં આજે. .. મોટા દિવસમાં આવ્યો છે એને ખ્યાલ તો રાખવો પડશે. નિશ્ચય-વ્યવહારના પડખાં સમજવા માટે ઘણી મધ્યસ્થતા અને તાત્ત્વિકતા શું કહી છે એનું એણે જ્ઞાન કરવું પડશે. અહીં એ જ આપણે આવ્યું જુઓ. પરમાત્મા મોક્ષ પધાર્યા એ પર્યાય છે. ખરેખર નિશ્ચયથી તો એ પર્યાયને પરદ્રવ્ય કીધી છે. એ કઈ અપેક્ષાથી? કહો, સમજાય છે કાંઈ? પર્યાયમાંથી પર્યાય આવતી નથી. પર્યાય દ્રવ્યમાંથી આવે છે. એથી એક સમયની પર્યાય મોક્ષને પણ જેણે પરદ્રવ્ય કીધું છે. આહાહા..! અને એને વ્યવહાર કહ્યો. અને એક બાજુ એનામાં થયેલી મોક્ષની પર્યાય અથવા મોક્ષનો માર્ગ એ નિશ્ચય છે, એના પર્યાયમાં છે માટે નિશ્ચય છે.

બીજી રીતે કહીએ તો પુણ્ય ને પાપનો સંસાર જે ઉદયભાવ છે એને અહીંયા અધ્યાત્મશાસ્ત્રમાં તો પરદ્રવ્ય તરીકે કહ્યું. પણ બીજી અપેક્ષાએ, આગમ અપેક્ષાએ લઈએ તો એ વિકાર નિશ્ચયથી સ્વદ્રવ્યની પર્યાય છે માટે એનો છે. સમજાણું કાંઈ? આ બધા નિશ્ચય-વ્યવહારના ઝઘડા ઊભા થયા છે ને એનો ખુલાસો કર્યો છે. શાસ્ત્રની પદ્ધતિના નિશ્ચય-વ્યવહાર કેવા હોય? એ વ્યવહાર એક સમયની પર્યાયને પણ વ્યવહાર કહ્યો. એ તો પ્રશ્ન ઉઠ્યો હતો. પાંચમી ગાથામાં નથી? કે પર્યાય તો એની છે. એને તમે વ્યવહાર કેમ કહો? વ્યવહાર તો પરદ્રવ્યને વ્યવહાર કહેવાય. પરવસ્તુ તે વ્યવહાર અને સ્વવસ્તુ તે નિશ્ચય. એ પર્યાય તો પરવસ્તુ નથી, એને તમે વ્યવહાર કેમ કહ્યો? કે ભાઈ! સાધકજીવને અભેદ ઉપર દૃષ્ટિ ગયા વિના અને અભેદ થયા વિના એને ધર્મનો લાભ થતો નથી. અને રાગી પ્રાણી છે એથી ભેદ ઉપર લક્ષ જશે તો એને રાગ થશે. ભેદ એ રાગનું કારણ છે એમ નહિ. પણ રાગીને રાગભાવ છે ને? એ અભેદ ઉપર દૃષ્ટિ જશે તો તેને મુક્તિનું કારણ થશે. ભેદ ઉપર લક્ષ જશે તો રાગીને રાગના કારણે રાગ ઉત્પન્ન થશે. ઝીણી વાતું બહુ ભાઈ! આહાહા..! કહો, પોપટભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય, ઉપરટપકે સાંભળ્યું હોય નિશ્ચય આમ છે અને ફલાણું આમ છે. આહાહા..! બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો કહેલો નિશ્ચય અને વ્યવહાર જે અપેક્ષાથી કહ્યું તે અપેક્ષાથી એનું યથાર્થપણે જાણવું પડશે. આહાહા..!

અહીંયા આવ્યું આપણે. અહીંયા આવ્યું છે ને છેલ્લા પેરેગ્રાફમાં. ભગવાન મોક્ષ પધાર્યા. આહાહા..! ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનના વિરહ પડ્યા અને બુદ્ધિ ઓછી, બહુ ઓછી રહી એટલે નિશ્ચય-વ્યવહારને

સમજવામાં પક્ષપાત કરીને ઝઘડા ઊભા કર્યા છે. પણ એ ઝઘડાને ટાળવા ભગવાનની વાણીમાં નિશ્ચય-વ્યવહારનું સ્પષ્ટ સ્વરૂપ આવ્યું છે. સમજાય છે કાંઈ? ત્રિકાળી દ્રવ્ય વસ્તુ છે એને નિશ્ચય કહીએ. આહાહા..! ત્યારે એની વર્તમાન પર્યાયને વ્યવહાર કહીએ. ભેદરૂપ થયું ને? ન્યાય આવે છે ને હવે? ભેદ પડ્યોને એટલો? આહાહા..! અને વ્યવહાર કહીએ એટલે એ હેય થઈ ગયો. સમજાણું કાંઈ?

બીજી અપેક્ષાએ કે જે આ દર્શન, જ્ઞાન, ચારિત્ર એમાં પ્રગટ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માને અવલંબે પ્રગટ થાય એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. જેને પર્યાયને ત્રિકાળની અપેક્ષાએ પરદ્રવ્ય કહ્યું હતું એને રાગથી ભિન્ન પડેલી દશાને, સ્વઆશ્રિત થયેલી છે માટે તેને નિશ્ચય-મોક્ષમાર્ગ કહ્યો. ચંદુભાઈ! ભારે પડખું ભાઈ આવા. અને એ ત્રિકાળીને નિશ્ચય કહ્યો, એના મોક્ષમાર્ગને પણ નિશ્ચય કહ્યો. અને ભેદરૂપ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વ્યવહારે ભેદ પડે એને વ્યવહાર કહ્યો. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત વગેરેને વ્યવહાર કહ્યો.

ખરેખર તો વ્યવહાર પરદ્રવ્યને જ કહેવામાં આવે છે. પણ પ્રયોજનને સિદ્ધ કરવા માટે તેની (પોતાની) પર્યાયને પણ વ્યવહાર કહીએ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ લગાવવા પ્રયોજન આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિની શુદ્ધિ માટે અભેદ વસ્તુને નિશ્ચય કહી. અને અભેદ તે મુખ્ય છે અને મુખ્ય તેને નિશ્ચય કહ્યો. આહાહા..! એક બાજુ પોતાનો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે થઈને નિશ્ચય કહ્યું. સ્વ છે માટે. પર છે તે વ્યવહાર કહ્યું. બીજી રીતે એને સ્વની પર્યાયમાં ભેદ પડે છે, ત્રિકાળની અપેક્ષાએ. અહીં તો સાધકને નય, પ્રમાણ, નિશ્ચય, વ્યવહાર હોય ને? ભાઈ! આ કાંઈ નિશ્ચય વ્યવહાર મુક્તને હોય નહિ. સાધકને કઈ રીતે નિશ્ચય-વ્યવહાર છે એવા એણે સમજવા જોઈશે. આહાહા..!

અરે..! અનંતકાળમાં એણે વાસ્તવિક સત્યનું સ્વરૂપ અને વ્યવહારનું ઉપચારિક સ્વરૂપ શું છે? કઈ અપેક્ષાએ? એનું એણે જ્ઞાન કર્યું નથી. યથાર્થ જ્ઞાન હોય અને શાંતિ ન મળે એમ બને નહિ. સમજાય છે કાંઈ? એ અહીં કહે છે. ફરીને લઈએ પેરેગ્રાફ. '**દર્શન, જ્ઞાન, ચારિત્રકો ભેદરૂપ કહકર મોક્ષમાર્ગ કહે...**' એ વ્યવહાર થયો. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ વ્યવહાર દર્શન છે. એ વ્યવહાર સમકિત કહેવાય છે. જે રાગ ભેદ સ્વરૂપ છે. એને વ્યવહાર ભેદ કરીને વ્યવહાર કહીએ. '**તથા ઈનકે બાહ્ય પરદ્રવ્યસ્વરૂપ...**' બાહ્ય નિમિત્ત. દ્રવ્ય બાહ્ય નિમિત્ત, ક્ષેત્ર બાહ્ય નિમિત્ત, કાળ અને ભાવ નિમિત્ત છે '**ઉનકો દર્શન, જ્ઞાન, ચારિત્ર નામસે કહે...**' એ કાલે કહ્યું હતું. નવ તત્ત્વને, નવ તત્ત્વને સમકિત કહેવું. છ કાયના જીવને ચારિત્ર કહેવું, શાસ્ત્રના અક્ષર શાસ્ત્ર જે અક્ષર છે એને જ્ઞાન કહેવું. કેમકે તેના નિમિત્તે, અવલંબે થયેલું માટે એ નિમિત્તને જ દર્શન, જ્ઞાન, ચારિત્ર પરદ્રવ્યને કહેવું એ પણ એક વ્યવહાર છે. ઝીણું તો છે ભાઈ આ. આ અધિકાર જ ઝીણો તાકડે આવ્યો છે આમાં. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

કહે છે કે '**દર્શન, જ્ઞાન, ચારિત્ર...**' હવે મોક્ષમાર્ગ ઉપર લેવું છે. પહેલું તો દ્રવ્ય અને પર્યાય

વચ્ચેની વાત કરી હતી. હવે નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગની પર્યાયના ભેદની વાત કરે છે. સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષનો માર્ગ અંતર એ તો નિશ્ચય છે. ભલે દ્રવ્યની અપેક્ષાએ પર્યાય છે, પણ રાગની અપેક્ષાએ નિર્મળતા છે ભિન્ન. એટલે એને નિશ્ચય કહેવામાં આવે. પોતાની પર્યાય છે અને પોતાથી ઉત્પન્ન થયેલી છે. પરથી ઉત્પન્ન થયેલી દશા નથી. પણ એમાં ભેદ દેખાય છે એ પરને આશ્રયે ઉત્પન્ન થયો છે માટે વ્યવહાર કહીએ. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત એ બધો વ્યવહાર છે. એ વ્યવહાર ખરેખર તો વસ્તુની અપેક્ષાએ તો હેય છે.

મુમુક્ષુ :- આવ્યા વિના રહેતો નથી.

ઉત્તર :- આવ્યા વિના રહેતો જ નથી. આવે તો ખરો, પણ એ હેયબુદ્ધિએ આવે છે. હેયબુદ્ધિએ જ્ઞેય છે. ભગવાન ત્રિકાળ છે એ ઉપાદેય બુદ્ધિએ જ્ઞેય છે. આમાં ક્યાં બધું? ઉપરટપકે પકડ્યું હોય અને હા હા પાડતા હોય. આહાહા..!

ઓલામાં 'નિશ્ચય વ્યવહારનયે જગત ભરમાયો.' એ આવે છે ને. બનારસીદાસમાં આવે છે. એને ન સમજે બરાબર તો એમાં ભ્રમ જ ઉત્પન્ન થાય. એવો અનાદિથી એમ ને એમ... આહાહા..! ભાઈ! તારી ચીજ તો. ઓહો..! પૂર્ણ આનંદ સ્વરૂપ પ્રભુ છે ને. એની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. અને એ સમ્યગ્દર્શન છે પર્યાય, પણ મોક્ષના માર્ગની અપેક્ષાએ તે પર્યાય નિશ્ચય છે. આહાહા..! હવે આ વખતે આ અધિકાર આવ્યો કુદરતી શું કરવું? આ ૩૯મી દીવાળી છે ને? પરિવર્તન પછીની. કહો, સમજાણું કાંઈ? આ તો બહુ વાંચન અને વિચારવું પડશે. એય..! બાલુભાઈ! આમ ઉપરથી નહિ ચાલે ત્યાં.

મુમુક્ષુ :- આપની સેવા કરે એટલે.

ઉત્તર :- સેવા-બેવામાં કાંઈ ચાલે એવું નથી. ત્યાં જઈએ તો ચોવીસ કલાક સાથે રહે. મુંબઈમાં દુકાન-બુકાન જાય નહિ. રાતે નહિ. ઘરે નહિ. એ છોકરો કરે છે એટલે એ સંતોષ હોય ને એનો. આહાહા..! એ ન હોય અંદરમાં, જુઓ એ કહે છે. આમ હોય તો થાવ. ઓહોહો..! એ પરમાં મારો અધિકાર જરીએ નથી. સમજાણું કાંઈ?

અહીંયા કહે છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સમ્યક્ છે, સાચો મોક્ષમાર્ગ છે એનો ભેદ પાડીને કહેવું. નિયમસારમાં આવે છે ને .. ભેદ પાડીને કહેવું. એ તો જાણે કે ત્રણનો ભેદ એક દર્શન, જ્ઞાન એમ નહિ. એમાં એ શૈલી છે. નિયમસારમાં. શરૂઆતમાં. એ તો જાણે દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ છે એનો એક એક ભેદ પાડવો એમ કહે છે. પણ એનો અર્થ બીજો છે. એ એનો ભેદ પાડવો. કે દર્શન જે સમ્યક્ છે એનો ભેદ પાડીને વ્યવહાર કહેવો એ વ્યવહારની વાત છે.

મુમુક્ષુ :- એને પોતાને જુદો પાડે છે.

ઉત્તર :- જુદો પાડે છે. આહાહા..! છોટાભાઈ! નિયમસારમાં આવે છે. અહીં તો હવે ઘણું વંચાઈ

ગયું છે હોં. શક્તિ પ્રમાણે... બાકી અપાર વસ્તુ છે. ઓહોહો..! વીતરાગ માર્ગનું દ્રવ્ય, ગુણ, પર્યાયની શૈલી અપાર... અપાર... અપાર... ગંભીર છે. સાધારણ પ્રાણીઓને પાર પામી શકવો બહુ કઠણ છે. આહાહા..! આ તો પરમ સત્ય એવું છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ એવું પરમ સત્ય જાહેર કર્યું છે. એની અંદરમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્માને આશ્રયે થાય એ નિશ્ચય છે. કેમકે એ સત્ય છે. એ સત્ય છે એટલે? એ રાગરૂપ નથી, ભેદરૂપ નથી. એ અપેક્ષાએ એને સત્ય કહીએ અને ત્રિકાળની અપેક્ષાએ તેને અસત્ય કહ્યું છે. પરિણામમાત્રને અભૂતાર્થ અને અસત્ કીધા છે. આહાહા..! ગજબ વાત છે.

એ અહીં કહે છે અને એ બાહ્ય પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ નિમિત્ત છે. એ વસ્તુને વ્યવહાર કહેવો. પરદ્રવ્યને હોં. આહાહા..! '**નામસે કહે વહ વ્યવહાર હૈ.**' હવે એનો ખુલાસો કર્યો છે. '**દેવ, ગુરુ, શાસ્ત્રકી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં,...** ' એ વ્યવહાર વિકલ્પ રાગ. આહાહા..! દેવ, અરિહંત, ગુરુ નિર્ગ્રંથ, શાસ્ત્ર ભગવાને કહેલા. આહાહા..! અનેકાંત શાસ્ત્ર જે છે ભગવાનના કહેલા છે. એની શ્રદ્ધા એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. વ્યવહાર સમ્યગ્દર્શનની વ્યાખ્યા તો વિકલ્પ છે. સમજાય છે કાંઈ?

'**જીવાદિક તત્ત્વોંકી શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં.**' બીજી લીટી. જીવાદિ શ્રદ્ધાને સમ્યગ્દર્શન. એથી કાલે આવ્યું હતું ને થોડું? કે નિગોદના જીવ જે જીવ છે એ અનંત છે. સ્વદ્રવ્યની શ્રદ્ધાવાળાને પરદ્રવ્યની શ્રદ્ધાનો વ્યવહાર એને આવે. એક શરીરમાં અનંતા જીવ અને એક એક જીવે સર્વજ્ઞ સ્વભાવી આનંદ સ્વભાવી, પર્યાયમાં અક્ષરના અનંતમાં ભાગે ઉઘાડ, ક્ષેત્રે એક, અંશમાં અનંતા. એક કણમાં અનંતા. એવું જીવતત્ત્વ છે એને નિશ્ચયની શ્રદ્ધાવાળાએ આવી એને વ્યવહાર શ્રદ્ધા એને હોય છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો મોક્ષને પણ વ્યવહાર કહી દીધો. જીવાદિક પદાર્થો કે જ્ઞાન. છે ને? '**શ્રદ્ધાકો સમ્યગ્દર્શન કહતે હૈં.**' જીવાદિ પદાર્થ ... મોક્ષ પદાર્થ આવ્યો. પર્યાયની શ્રદ્ધા એ વ્યવહાર શ્રદ્ધા છે. આહાહા..! અત્યારે તો નથી મોક્ષ. છે એની શ્રદ્ધા કરવી એ તો પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ! ધીરજની વાત છે આ. પહેલા ભાઈ .. માર્ગ હતો. પહેલા લગન કરતા ને લગન. પહેલાં હતો. હવે તો ક્યાં નવરાશ છે? લગન કરે એટલે ફાળકો ગુંચવીને આપે વરને. સાંભળ્યું છે? ચંદુભાઈ! સુતરનો ફાળકો હોય ને ગૂંચવીને અને એને આપે. એને એ વખતે પરણવા આવ્યો છે એની હોંશમાં ધીરજ છે કે નહિ?એ જોવા માટે. શશીભાઈ! હતું એવું પહેલું? કોને ખબર? મને ખબર છે. અહીં તો બધા નમૂના જોયેલા છે ને. એ સૂતરનો ફાળકો ગૂંચવી આડોઅવળે કરીને આપે વરને. ખોલી દ્યો. ધીરજ જોવે. આહાહા..! એમ આત્મામાં નિશ્ચય-વ્યવહારની ગૂંચ કઈ રીતે છે એનો ઉકેલ કરવો જોઈએ એણે. તો એને મોક્ષના લગન થાય, મોક્ષ થાય. નહિતર ન થાય. સમજાણું કાંઈ? આહાહા..! આવે છે, નિશ્ચય

વ્યવહારનયે જગત ભરમાયો. આહાહા..!

અરે..! આ વસ્તુ સર્વજ્ઞ પંથમાં જ હોય. સમજાય છે કાંઈ? અને એવી રીતની સત્યતા એ દિગંબર જૈન ધર્મમાં જ હોય. એ અહીં કહે છે કે '**જીવાદિક તત્ત્વોંકી શ્રદ્ધા...**' આહાહા..! અનંત જીવ, અનંત રજકણો, શુભભાવ પુણ્ય, અશુભભાવ પાપ, બેય આસ્રવ થઈને ભાવબંધ ... એની યથાર્થ શ્રદ્ધા વ્યવહાર છે. એ વિકલ્પ છે એ તો રાગ છે એમાં. '**શાસ્ત્રકે જ્ઞાન અર્થાત્ જીવાદિક પદાર્થોંકે જ્ઞાનકો જ્ઞાન કહતે હૈં...**' એ વ્યવહાર. આહાહા..! પરદ્રવ્ય છે ને શાસ્ત્ર? એ શાસ્ત્રનું જ્ઞાન એ પણ વ્યવહારું જ્ઞાન વિકલ્પવાળું અને રાગવાળું છે. આહાહા..!

'**પાંચ મહાવ્રત,...**' હવે ચારિત્ર અહીંથી આવ્યું. અહીંથી કાલે હતું. હવે ચારિત્રની અંદર નિશ્ચય તો સ્વરૂપના આનંદમાં રમણતા. ભગવાન આનંદસ્વભાવી વસ્તુ એની પ્રતીત અને જ્ઞાનસહિત આનંદસ્વરૂપ પ્રભુમાં રમવું, ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! એની સાથે વ્યવહાર ચારિત્ર એટલે કે ચારિત્ર નથી પણ ચારિત્ર કહેવું એનું નામ વ્યવહાર. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ એ આસ્રવના પરિણામ છે. એને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે.

'**પાંચ સમિતિ,...**' જોઈને ચાલવું વગેરે. એ આસ્રવ વિકલ્પ. '**તીન ગુપ્તિરૂપ પ્રવૃત્તિકો ચારિત્ર કહતે હૈં.**' મન, વચન અને કાયામાં શુદ્ધની પ્રવૃત્તિ એને ચારિત્ર કહે, એ વ્યવહાર છે. એ શુભ વિકલ્પ છે. આહાહા..! અહીં તો હજી એ પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર થઈ ગયું. ઓલી તો એકકોર રહી ગઈ વાત. આહાહા..! ક્યાં એકેય.. શું થાય? કહે છે. એને '**બારહ પ્રકારકે તપકો તપ કહતે હૈં.**' એ અનશન ને ઉણોદરી ને વૃત્તિ પરિસંખ્યાન ને રસપરિત્યાગ ને અપવાસ કર્યો, પાંચ અપવાસ કર્યા, દસ અપવાસ કર્યા એ વ્યવહાર તપ છે. એમાં શુભવિકલ્પ રાગની મંદતાનો હોય એને વ્યવહારતપ. અંતરમાં ઈચ્છા નિરોધના અમૃતના સ્વાદમાં જે દશા થાય એને નિશ્ચય તપ કહીએ. અને આવા બાર પ્રકારના તપના વિકલ્પ ઉઠે એને વ્યવહાર કહીએ. એટલે કે તપ નથી ને તપ કહેવો એ વ્યવહાર છે. આહાહા..! ત્યારે કહે વ્યવહાર છે ને? છે એટલે શું પણ? એ ધર્મ છે? એ વ્યવહાર.. એમ કહે છે કે એ વ્યવહારમાં નિશ્ચયનો અંશ છે એમ કહે છે. એ ત્યાં સાંભળ્યું હતું તે દિ'. ૧૩મી સાલમાં. સમજાણું કાંઈ? વ્યવહારમાં નિશ્ચય હોય તો વ્યવહાર કહ્યો કેમ એને? આહાહા..!

'**ઐસે ભેદરૂપ...**' હવે બે વાત લીધી. ભેદરૂપ સમજાય છે? સંસારદશા અને મોક્ષદશા એ ભેદરૂપ. અને આ વ્યવહારના વિકલ્પ આદિ એ ભેદરૂપ. દ્રવ્યની અપેક્ષાએ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ મોક્ષ અને સંસાર એ ભેદરૂપ વ્યવહાર છે, અને નિશ્ચય મોક્ષમાર્ગની અપેક્ષાએ એમાંથી ભેદ પડતો વિકલ્પ જે નવ તત્ત્વની શ્રદ્ધા આદિને એને વ્યવહાર (કહ્યો) એ ભેદરૂપ છે. '**તથા પરદ્રવ્યકે આલંબનરૂપ પ્રવૃત્તિયાં...**' એ ભેદરૂપ તો એકલી પર્યાય કીધી. મોક્ષની આદિ. અને મોક્ષમાર્ગમાંથી

ભેદરૂપ. મોક્ષમાર્ગનો ભેદરૂપ જો કહો તો તો રાગ થઈ ગયો. પણ અહીં તો સમુચ્ચય. માથે લીધું હતું ને? '**ઈસપ્રકાર જિતની સંસારરી અવસ્થા હૈ યહ મુક્ત અવસ્થા ઈસપ્રકાર ભેદરૂપ આત્માકા નિરૂપણ હૈ વહ ભી વ્યવહારનયકા વિષય હૈ.**' છે ને પેરેગ્રાફમાં? એ ભેદરૂપ લીધું. એ ભેદરૂપ લીધું.

'**તથા પરદ્રવ્યકે આલંબનરૂપ...**' પરદ્રવ્યના આલંબને જેટલી પ્રવૃત્તિ દયા, દાન, વ્રત, સમિતિ, ગુપ્તિ થાય એ '**સબ અધ્યાત્મશાસ્ત્રકી અપેક્ષા વ્યવહારકે નામસે કહી જાતી હૈ...**' આહાહા..! અધ્યાત્મ શાસ્ત્ર જ્યાં સ્વના આશ્રયની વાત કહેવામાં આવે એ અપેક્ષાએ તો બધું એક સમયની પર્યાય મોક્ષ અને સંસાર, મોક્ષનો માર્ગ, સમજાય છે કાંઈ? એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! એક સમયની દશા જ્યાં ત્રિકાળ વસ્તુ છે આખી. આહાહા..! પૂર્વે જેની અસ્તિ નહોતી અને ભવિષ્યમાં નહિ એમ છે? એ તો અસ્તિ... અસ્તિ... અસ્તિ... છે... છે... છે... એવું જે સદૃશ તત્ત્વ એ એને નિશ્ચય કહીએ. એને સત્ય કહીએ, એને ભૂતાર્થ કહીએ, એ જ છે એમ કહીએ. અને એક સમયની મોક્ષાદિ પર્યાય એ અસત્ય કહીએ, જૂઠી કહીએ, નથી એમ કહીએ. આની અપેક્ષાએ હોં. આહાહા..!

'**ક્યોંકિ વસ્તુકે એકદેશકો વસ્તુ કહના ભી વ્યવહાર હૈ...**' ત્રિકાળી દ્રવ્યની એક સમયની પર્યાયને આત્માની કહેવી એ પણ વ્યવહાર છે કહે. આહાહા..! ઝીણું લાગે, પણ આમાં વિષય જે આવ્યો છે એમાં ... આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારના પ્રકાર ઘણા હોય.

ઉત્તર :- ઘણા છે. એક સમયની પર્યાય ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર, એક સમયની પર્યાય ત્રિકાળની અપેક્ષાએ પરદ્રવ્ય, એક સમયની પર્યાય ઉપચારિક, વ્યવહારિક અને જૂઠી. અને રાગની અપેક્ષાએ એક સમયની પર્યાય સાચી સત્ય અને છે. આહાહા..!

ઓલા કહે છે ને કે સૂંઠનો ગાંઠિયો લઈને ગાંધી ન થવાય. એક સૂંઠનો ગાંઠિયો વેચવા બેઠો તો ગાંધી થઈ ગયા? ભાઈ સૂંઠની ગુણ જોવે અને એ સિવાય હળદર ને ધાણા ને જીરૂ ને .. ઢગલા જોવે ત્યારે ગાંધી કહેવાય. આમ ગાંધી ન કહેવાય. અને એક બે વસ્તુ કાંઈક પકડી તો થઈ ગયું જ્ઞાન અમને. સમજાણું કાંઈ? એ સૂંઠને ગાંઠિયે ગાંધી ન થવાય. ચંદુભાઈ! ગાંધી કહેવાય એ? આહાહા..!

કહે છે, '**પરદ્રવ્યકે આલંબનરૂપ પ્રવૃત્તિયાં સબ અધ્યાત્મશાસ્ત્રકી અપેક્ષા વ્યવહારકે નામસે કહી જાતી હૈ...**' દેખો! એટલે રાગાદિનો ભાવ એને વ્યવહાર કહીએ અને રાગમાં જે નિમિત્ત છે એને પણ વ્યવહાર કહીએ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં નથી લીધું? કે વિકાર છે નિશ્ચયથી પોતાનો છે અને કર્મ એનું નિમિત્ત એ તો વ્યવહાર એને કહીએ. એ અપેક્ષા આ બેની વચ્ચેનો ભેદ પાડવાની વાત. અહીં જ્યારે સમયસારમાં કહ્યું વિકારમાત્ર છે એ વ્યવહાર, અભૂતાર્થ છે. અસત્યાર્થ વસ્તુમાં ત્રણ કાળમાં નથી. એ બીજી અપેક્ષા છે. એ વિકાર, દ્રવ્યમાં જવા માટે વિકારનું જ્ઞાન હોય, એને પણ એ જ્ઞાન કરીને જાવું છે ક્યાં? અંતર્મુખ પરમાત્મા બિરાજે છે ત્યાં એને જાવું છે. સમજાણું કાંઈ? એવા ધ્રુવધામમાં જેને

દૃષ્ટિ નાખવી છે. આહાહા..! બધી ચિંતાઓ છોડી, એક સમયની પર્યાયમાં પણ કાંઈ છે એવો વિકલ્પ પણ છોડી દઈ. આહાહા..! ત્રિકાળની અપેક્ષાએ એને સ્વદ્રવ્ય કીધું, પર્યાયને પરદ્રવ્ય કીધી. એ પર્યાયને મોક્ષમાર્ગની અંદર નિશ્ચય મોક્ષમાર્ગ એનો સાચો કીધો. રાગને લઈને વ્યવહાર કીધો. એના નિમિત્ત હોય એને પણ વ્યવહાર કહેવાય.

હવે ત્રીજી વાત આવી. હવે બીજી વાત લે છે પંચાધ્યાયની. કાને પડવા તો દ્યો આ શું છે. અજાણ્યા, સાધારણ મગજવાળાને એવું લાગશે. કેટલાક છોકરાઓ ભેગા થયા છે ને. આહાહા..! ક્યાંય કેળવણીના ઠેકાણા નથી. ચોથી પાંચમીમાં હતી એવા અહીં ઠેકાણા સાતમીમાં નથી અને મેટ્રીકમાં નથી. આહાહા..! '**અધ્યાત્મ શાસ્ત્ર મેં...**' બીજી રીતે અધ્યાત્મ શાસ્ત્ર એમ. એક વાત તો અધ્યાત્મ શાસ્ત્રની વ્યવહારે. '**ઈસપ્રકાર ભી વર્ણન હૈ...**' એક આ પ્રકારનું પણ અધ્યાત્મ શાસ્ત્ર, જેમાં ભગવાન આત્માને મુક્ત કરીને જેમાં કથન છે એવા '**અધ્યાત્મ શાસ્ત્ર મેં ઈસપ્રકાર ભી...**' ઉપર કહ્યું એ તો છે, પણ આ પ્રકારે પણ એક વર્ણન છે.

'**કિ વસ્તુ અનંત ધર્મરૂપ હૈ...**' ભગવાન આત્મા તો અનંત ધર્મસ્વરૂપ છે. અનંત ધર્મ ધાર્યા છે, અનંત શક્તિ ગુણસ્વરૂપ છે. ભગવાન વસ્તુ એક, પણ એની શક્તિઓ, ગુણ, સ્વભાવ, સત્ત્વ એ અનંત છે. સત્ વસ્તુ એનું સત્ત્વ, સત્ત્વ એટલે ગુણભાવપણું. આહાહા..! એ અનંત ધર્મ છે. શશીભાઈ! આ વખતે આ ઝીણું આવ્યું છે. આહાહા..! '**ઈસલિયે સામાન્ય વિશેષરૂપસે તથા દ્રવ્ય-પર્યાયસે વર્ણન કરતે હૈં.**' તેથી અધ્યાત્મમાં સામાન્ય વિશેષરૂપથી અને દ્રવ્ય-પર્યાય બે. એક દ્રવ્ય એટલે સામાન્ય અને પર્યાય એટલે વિશેષ. એનો ખુલાસો કર્યો. શું કહ્યું સમજાણું કાંઈ?

ભાઈ! આ તો અલૌકિક વાતું છે. એ હીરા જેને લેવા એની કિંમતું એણે કરવી પડે. એમ જેને સાચો મોક્ષમાર્ગ સમજવો હોય એને પુરુષાર્થની કિંમત એને દેવી પડશે. સમજાણું કાંઈ? આહાહા..! હેરાન થઈ ગયો છે આમ ને આમ ચોર્યાશીના અવતારમાં. કર્મ અને કર્મના નિમિત્તે થતી સામગ્રીઓ એને પોતાની માનવી એ આત્માનું ખૂન છે. કર્મ અને કર્મના નિમિત્તે બે પ્રકાર—ઘાતિ અને અઘાતિ. ઘાતિ કર્મના નિમિત્તે થતી અંદરમાં વિકૃત અવસ્થાઓ, અઘાતિના નિમિત્તે સામગ્રી. આમ ને આમ બધું. એટલે કર્મ અને કર્મના નિમિત્તે થતી ઉપાધિમાં કોઈપણ અંશને પોતાનો માનવો. આહાહા..! એ અધર્મ મિથ્યાત્વ મહાસ્વરૂપની હિંસા છે. સમજાણું કાંઈ? કહો, ડાલચંદભાઈ! ક્યાં ગયા તમારે હરિભાઈ! દાદા! સમજવું પડશે હોં. ત્યાં એકલા મોટા મોટા વેપાર ને ફલાણું ઢીંકણું. આબરૂ મોટી હોય ને દસ લાખ રૂપિયા મોટા બંગલા એ કાંઈ ધૂળમાંય નથી કાંઈ. આહાહા..!

ત્રણ લોકનો નાથ અનંત આનંદસહિત જ્યાં બિરાજે છે અંદર. આહાહા..! એનું સ્વરૂપ બે પ્રકારે--એક સામાન્ય સ્વરૂપ, એક વિશેષ સ્વરૂપ. એટલે કે એક દ્રવ્યરૂપ, એક પર્યાયરૂપ. સમજાય છે કાંઈ? આત્મા છે એ ત્રિકાળી એક દ્રવ્યરૂપ વસ્તુ ધ્રુવરૂપ અને એક ઉત્પાદ-વ્યય-પર્યાયરૂપ. એટલે

ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્‌ના બે ભાગ પાડ્યા. ત્રણ હતા એના બે પાડ્યા. ઉત્પાદ-વ્યય-અવસ્થા ઊપજવી, બીજી અવસ્થા જવી અને ધ્રુવ એવું થવાં છતાં એ સદશ વસ્તુ ગુણ તો કાયમ રહે છે. એ ત્રણના અત્યારે બે હવે. એકકોર વસ્તુ દ્રવ્ય ત્રિકાળી અને ઉત્પાદ વ્યય પર્યાય. ત્રિકાળી તે સામાન્ય, ઉત્પાદ-વ્યય તે વિશેષ. ત્રિકાળી તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર એમ જે કહ્યું હતું એને બીજી રીતે હવે કહે છે. સમજાણું કાંઈ? હવે બીજી રીતે કહે છે.

**'દ્રવ્યમાત્ર કહના તથા પર્યાયમાત્ર કહના વ્યવહારકા વિષય હૈ.'** પંચાધ્યાયની શૈલી. આ દ્રવ્ય છે ત્રિકાળી છે એ પણ આખી ચીજમાંથી ભેદરૂપ વિકલ્પ ઉઠ્યો. આ દ્રવ્ય છે. એ પણ વ્યવહાર છે. લ્યો! ભેદ પડ્યો ને? આખી ચીજમાંથી એક અંશના બે અંશ થઈ ગયા ને? સમજાણું કાંઈ? પંચાધ્યાયીની (શૈલીએ) જેટલું કથન કરો એ વ્યવહાર છે, એ એમ નહિ એનું નામ નિશ્ચય છે એ સિદ્ધ કરે છે અહીંયા. એમ નહિ. કે દ્રવ્યમાત્ર કહેવું અને પર્યાયમાત્ર કહેવું એ વ્યવહારનો વિષય થઈ ગયો. એક એક બેય વ્યવહારનો વિષય. ચંદુભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- .. ન પડી.

ઉત્તર :- ભેદ પડયો ને વિકલ્પ છે એટલો. એ વિકલ્પવાળી નય લઈને દ્રવ્યમાત્ર કહેવું એ વ્યવહાર, પર્યાયમાત્ર કહેવું એ પણ વ્યવહાર.

અને **'દ્રવ્યકા ભી તથા પર્યાયકા ભી નિષેધ કરકે વચન-અગોચર કહના નિશ્ચનયકા વિષય હૈ.'** આ દ્રવ્ય છે એમ જે થાય એ પણ એક વિકલ્પ છે. આહાહા..! જેને દ્રવ્ય દૃષ્ટિથી સમ્યગ્દર્શન થાય એમ જે કહ્યું એ દ્રવ્ય ત્રિકાળીનું જ્યાં આશ્રય લક્ષ ત્યાં જાય છે એટલે સમ્યગ્દર્શન થાય. એ દ્રવ્યને અહીંયા વિકલ્પવાળી નિશ્ચયનય લીધી. સમજાણું કાંઈ? કહે છે કે દ્રવ્ય વસ્તુ છે એમ વસ્તુ છે, વસ્તુ છે. વસ્તુ છે એ ત્રિકાળી, પણ એનો વિકલ્પ કે આ છે એમ થયું તે વિકલ્પ ઉઠ્યો. અને પર્યાય છે એની અવસ્થા. એનો વિકલ્પ ઉઠ્યો. કથનમાત્રના ભેદ પાડતાં એ લક્ષમાં લે તો એને વિકલ્પ ઉઠે છે. પણ એનો નિષેધ કરીને, દ્રવ્યનો અને પર્યાયનો નિષેધ કરીને વચન અગમ્ય કોઈ ચીજ છે. વિકલ્પાતીત ચીજ છે. આહાહા..! જેના, કહો ગીરધરભાઈ! આ બધું ઝીણું આવ્યું. ગીરધરભાઈની જમીન લેવાઈ ગઈ ભાઈ કાલે. એ ગીરધરભાઈની જમીન કહેવાઈ ગઈ. એને લેવાની હતી ને. આવ્યા હતા કહેવા. ત્યાં દેરાસર નવું કરવાનું છે. સાધારણ છે ને ભગવાનનું મંદિર. જોયું છે તમે? .. સાધારણ બીજું. .. હવે ત્યાં ગૃહસ્થો તો ઘણા છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કેવું એને જ્ઞાન કેટલું કયા પ્રકારનું કરવું? દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો પર અને વ્યવહાર. પણ અહીં તો દ્રવ્યવસ્તુ ત્રિકાળી દ્રવ્ય છે, આ દ્રવ્ય છે એમ ભેદ પાડીને વિકલ્પ ઉઠે છે એ પણ વ્યવહાર છે. ..ચંદભાઈ! આહાહા..! ભગવાનની ભક્તિ એ તો વ્યવહાર, અસદ્‌ભુત વ્યવહાર એ તો. આહાહા..! પણ દ્રવ્ય વસ્તુ છે એવી છે એવો વિકલ્પ ઉઠે એ પણ સદ્‌ભૂત વ્યવહાર. આહાહા..! એ પણ નિષેધ

કરવાલાયક છે. ભારે વાતું ભાઈ! આવો માર્ગ વીતરાગનો, લોકો બહારમાં કલ્પીને બેસી ગયા બધા. ઓલા કહે દયા પાળવી, ઓલા કહે ભક્તિ, જાત્રા કરવી, ઓલા કહે લૂગડા છોડીને નાગા થઈને રહેવું. આહાહા..! એમાં છે શું બાપુ! એ તો અનંતવાર કર્યું ભાઈ!

વસ્તુ અંદરમાં પૂર્ણ આનંદનો નાથ પ્રભુ, તારો ભગવાન પૂર્ણાનંદે બિરાજમાન છે. આહાહા..! જેમાં એક સમયની વર્તમાન અવસ્થા છે ને. કાર્યરૂપ કે વિચારરૂપ એ એમાં નથી. એવી ચીજને દ્રવ્યમાત્ર પણ કહેવું અને લક્ષમાં લેવું, તો કહે છે કે એ વિકલ્પ છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ તો પ્રભુ ઊંડે ઊંડે લઈ જાવ છો.

ઉત્તર :- ઊંડે ઊંડે. આહાહા..! ઊંડે એટલે હોય ત્યાં પાતાળે પાણી નીકળે ને? સમજાણું કાંઈ? આ તો દિવાળીનો દિવસ છે. ભગવાન મોક્ષ પધાર્યા છે. પાવાપુરી ઉપર (સિદ્ધ) ક્ષેત્રમાં બિરાજે છે. એ ભગવાનની વાણીમાં નિશ્ચય-વ્યવહારનો... એ આવ્યો છે ને પાઠ? **'सुत्तं जिणउत्तं'** સૂત્ર તે **'जिणउत्तं'** જિનેશ્વરે કહ્યા, ભગવાન ત્રિલોકનાથ. એ સૂત્રમાં વ્યવહાર અને પરમાર્થનું સ્વરૂપ છે એને જાણે છે. ભગવાન કુંદકુંદાચાર્ય પોતે કહે છે. કહો, સમજાણું કાંઈ? જૈનદર્શનમાં ભગવાન ત્રિલોકનાથે જેના દેવો ઈન્દ્રો એકાવતારી તળિયા ચાટતા, જેની રજુ માથે લેતા એવા ત્રિલોકનાથ વીતરાગ બિંબ સર્વજ્ઞ પરમાત્મા થયા, અરિહંત થયા. ત્યારે વાણી હોય ને? એ વિના તો વાણી છે નહિ. અરિહંત થયા પહેલાં તીર્થંકરને વાણી હોય નહિ. આ ઉપદેશની. બીજી હોય સંસારની. સમજાણું કાંઈ? એથી એને વીતરાગે કહ્યો જિનેશ્વરે એવો જે શાસ્ત્રમાં નિશ્ચય અને વ્યવહાર, એને જાણ. કુંદકુંદાચાર્ય કહે છે એને આમાં કહ્યું એમ જાણ. એમ.

બીજા જે સૂત્રો ભગવાનના કહેલા નથી એમાં તો અનેક પ્રકારના નિશ્ચય અને વ્યવહારના ગોટા વાળ્યા છે. કારણ કે એ ભગવાનના કહેલાં જ નથી. સમજાય છે કાંઈ? વસ્તુ આવી છે. શ્વેતાંબર શાસ્ત્ર એ ભગવાનના કહેલા જ નથી. ખરેખર તો બહુ શાંતિથી, ધીરજથી એણે સમજવું પડે. એ ગૃહીત મિથ્યાદષ્ટિના કરેલા છે. મુનિના નહિ, સમકિતીના નહિ, અગૃહીત મિથ્યાદષ્ટિના નહિ. ભાઈ! શાંતિથી એની તપાસ કરો તો આ છે. એથી એમાં કહેલા વ્યવહાર-નિશ્ચયની વાત નથી કીધી. ભાઈ! ગાથા એ છે ને જુઓને. ગાથા શું છે જુઓને. **'सुत्तं जिणउत्तं'**

મુમુક્ષુ :- એમાં પણ નિશ્ચય-વ્યવહારની વાત જ બહુ ખોલી નાખી.

ઉત્તર :- એ બધી ઘણી વ્યવહારની, નિશ્ચયની. કેવળજ્ઞાની થાય, મોક્ષ જાય ત્યારે પાંચ પાટલા બીજાને સોંપે, અહીં સુધી વાતું છે. .. સમુદ્ઘાત થઈ ગઈ છે. કેવળજ્ઞાન સમુદ્ઘાત થઈ ગઈ છે. હવે જાવું છે ને મોક્ષ? જાવું હોય ને ઘરે? .... એવો પાઠ છે. ૩૬મું અધ્યયન ... શું વાતું તે આ! એ સૂત્ર જ નથી. આહાહા..! એમાં નિશ્ચય-વ્યવહારનું સાચું સ્વરૂપ છે જ નહિ. એથી ભગવાન આચાર્યને આ સૂત્રપાહુડમાં **'सुत्तं जिणउत्तं'** નાખવું પડ્યું. એમાં કહેલા નિશ્ચય-વ્યવહારને આટલા પડખાથી જાણવું

પડશે. ઝાંઝરીજી! આવી વસ્તુ છે. આહાહા..! અરે..! મેટ્રીકમાં પાસ થવા પણ અમુક વખત ગાળે છે. એલ.એલ.બી.ના પૂંછડા વળગાડવા. ઉપાધિ કહે છે ને એને? આમાં પણ ઉપાધિ લખી છે આ પી.એચ.ડી. ઉપાધિ લખી છે. ડોક્ટરની. વિદ્યાની. ઉપાધિ છે. આહાહા..!

આ તો ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપ વસ્તુ... વસ્તુ... વસ્તુ... અને પર્યાય સ્વરૂપ વસ્તુ એવા બે એના ભાગ પાડવા એ વ્યવહાર છે. અમરચંદભાઈ! હવે આ વ્યવહાર ક્યાં સુધી નાખશે? ઓલા તો કહે, વ્યવહાર રાગની ક્રિયા કરો વ્યવહાર એનાથી લાભ થાશે. અરે..! ભગવાન! આહાહા..! અને નિમિત્તથી લાભ થાય. દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ થાય એ તો ક્યાંય વ્યવહાર ગયો. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો નિમિત્તનું અસ્તિત્વ નિમિત્તમાં અને તેના તરફના લક્ષવાળો રાગ તે રાગમાં અને તે રાગનું જ્ઞાન તે એની પર્યાયમાં અને એ પર્યાય વિનાનું ત્રિકાળી દ્રવ્ય તે દ્રવ્ય સ્વરૂપે એમ ભેદ પાડીને કહેવું એ પણ વ્યવહાર છે કહે છે. આહાહા..! આ વીતરાગનો માર્ગ ભાઈ! આ કોઈ આલીદુઆલીનો કહેલો નથી. આ તો ત્રણ લોકના નાથ કેવળી પરમાત્મા વીર જિને... આહાહા..! એક વિચાર આવ્યો હતો કે આજે ભગવાનનો મોક્ષ થયો અને કાલે આવે છે શનિવાર. વીરનો શનિવાર કહેવાય છે. હનુમાનનો કહેવાય ને હનુમાનનો. વીરના પચ્ચીસોમું વર્ષ આ બેઠું અને બીજે જ દિવસે વીરનો દિવસ આવે છે. શનિવાર છે. અને ત્રીજે દિવસે રવિવાર આવે છે. પછી આવે સોમ. આહાહા..!

મુમુક્ષુ :- પછી મંગળવાર.

ઉત્તર :- મંગળવારે ... આહાહા..!

ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારા ઘરની વાતું બાપુ મોંઘી છે ભાઈ! સાધારણ પ્રાણી કથન કરીને ધર્મ કરીને બતાવે બાપુ! એવી એ ચીજ નથી. દુર્લભબોધિ છે ભાઈ! અનંતકાળે જેની પ્રાપ્તિ દુર્લભ, દુર્લભ્ય, મહા પુરુષાર્થે પ્રાપ્ત થાય એવી ચીજ છે. સાધારણ પુરુષાર્થથી મળે એવી ચીજ નથી. આહાહા..! કહે છે દ્રવ્યમાત્ર કહેવું (વિકલ્પ) પર્યાય વ્યવહારનો વિષય, એ દ્રવ્ય કહેવું એ વ્યવહારનો વિષય. જેને દ્રવ્યદૃષ્ટિમાં નિશ્ચયનો વિષય, એ વિકલ્પ વિનાની વાત હતી. અહીં વિકલ્પવાળી નય છે. ભાગ પાડીને આ છે, આ છે એમ વિકલ્પ ઉઠે છે ને એમ. આ છે. આ દ્રવ્ય છે, એ અપેક્ષાએ લીધું. આ દ્રવ્ય છે એવો વિકલ્પ ઉઠે છે. આ પર્યાય છે એ વિકલ્પ, એમ.

અહો..! જગતના ભાગ્ય સમયસારાદિ શાસ્ત્રો રહી ગયા.

મુમુક્ષુ :- એને સંભળાવનારા પણ મળી ગયા.

ઉત્તર :- અમે તો ભગવાન ભગવાન પ્રભુ પરમાત્માએ કહ્યું એ કહેવામાં આવે છે. આહાહા..! કહેશે. સાધારણ બુદ્ધિવાળાઓ પોતે કલ્પીને મહંત થઈને ન બેસશો બાપા! આ વસ્તુ ગંભીર છે. સમજાય છે કાંઈ? અલ્પબુદ્ધિવાળામાં કાંઈક થોડું-ઘણું શીખીને નિશ્ચય-વ્યવહારની વાતું કરવા માંડે. બાપુ! ત્યાં મહંતપણું ન કરતો ભાઈ! એમાં મદ ચડી જશે. છે ને? આહાહા..! છે ને? .. બહુ સરસ

વાત. બહુ સરસ વાત. જયચંદ્ર પંડિતે તો અર્થ કર્યા છે. આહાહા..! સમયસાર, અષ્ટપાહુડ, આત્મમિમાંસા.

મુમુક્ષુ :- આત્માનુશાસનમાં પણ બહુ સરસ...

ઉત્તર :- ..

કહે છે કે જ્યારે એક અધ્યાત્મની દૃષ્ટિમાં એક આ પ્રકારનું પણ કથન આવે છે. એ માથે કહ્યા નિશ્ચય-વ્યવહારના એના કથન તો ઠીક છે, પણ એક અધ્યાત્મના કથનમાં પણ આ પ્રકારનું કથન આવે છે. કે જેને ભગવાન આત્મા દ્રવ્ય ત્રિકાળી વસ્તુ અને એક સમયનું ચાલતું પરિણમન – એ બેની અંદરમાં આ દ્રવ્ય છે, આ દ્રવ્ય છે એવો જે વિકલ્પ ઉઠે છે કે આ દ્રવ્ય છે, એ વ્યવહાર છે. આહાહા..! આ પર્યાય છે, એવું છે તો છે પણ વિકલ્પ ઉઠે કે આ છે એ વ્યવહાર છે. આહાહા..! ત્યાં એકવાર મોક્ષમાર્ગની પર્યાયને નિશ્ચય કહ્યો. એકલો .. પર્યાયને ત્રિકાળની અપેક્ષાએ પરદ્રવ્ય કહ્યું. એ જ વાતને એનો પર્યાયને દ્રવ્ય જેવું નાખી દીધું અહીં તો. તો જેમ દ્રવ્ય છે, એમ પર્યાય છે એવો બેયનો વિકલ્પ વ્યવહાર છે. સમજાણું કાંઈ? કહો, હરિભાઈ! આ બધું સમજવું પડશે હોં. ભાઈને માથે બધું નાખ્યું હશે. આહાહા..!

હવે આવ્યું. '**જો દ્રવ્યરૂપ હૈ વહી પર્યાયરૂપ હૈ...**' હવે નિશ્ચય આવે છે. નિશ્ચય છે ને ઓલો પહેલો? નિષેધ આવ્યો એમાં નિશ્ચય છે. '**દ્રવ્યકા ભી તથા પર્યાયકા ભી નિષેધ કરકે વચન-અગોચર કહના નિશ્ચયનયકા વિષય હૈ.**' સમજાણું કાંઈ? '**જો દ્રવ્યરૂપ હૈ વહી પર્યાયરૂપ હૈ ઈસપ્રકાર દોનોંકો હી પ્રધાન કરકે કહના પ્રમાણકા વિષય હૈ,...**' પણ એ વિકલ્પ છે ને બધો. '**ઈસકા ઉદાહરણ પ્રકાર હૈ—**' હવે વિશેષ. '**દ્રવ્યરૂપ હૈ વહી પર્યાયરૂપ હૈ ઈસપ્રકાર દોનોંકો હી પ્રધાન કરકે કહના પ્રમાણકા વિષય હૈ,...**' ઓલો નિશ્ચયનો વિષય એ હતો આ પણ નહિ અને આ પણ નહિ. અને આ પણ છે અને આ પણ છે બે ભેગા એ પ્રમાણનો વિષય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આ જુઓને આ પણ ગૃહસ્થાશ્રમમાં રહેલાએ ટીકા કરી છે. બાયડી, છોકરાવાળા હતા હોં. એ ક્યાં એને નડે છે દૃષ્ટિમાં? સમજાણું કાંઈ? એમ નથી કે ભાઈ આ બાયડી, છોકરા ને કુટુંબ હોય માટે સાચું જ્ઞાન ન થાય. અને બાયડી, છોકરા, કુટુંબ છોડી દીધું માટે એને સાચું જ્ઞાન થાય. આહાહા..! બલુભાઈ! .. માણસો બીજાની .. ઘણા વધી જાય. પણ ત્યારે કહે આવું આવું થયું તો આવું થયું. ઓલું તો દ્રવ્યદૃષ્ટિ કરવી તે નિશ્ચય, પર્યાયદૃષ્ટિ રાખવી વ્યવહાર માટે હેય, એ તો સાવ ટૂંકુંટચ. એનું આ સ્પષ્ટીકરણ છે. કઈ અપેક્ષાએ દ્રવ્ય અને કઈ અપેક્ષાએ પર્યાય, કઈ અપેક્ષાએ નિશ્ચય મોક્ષમાર્ગ છે, કઈ અપેક્ષાએ વ્યવહાર એણે બરાબર ભેદ પાડીને સમજવું જોઈએ. નહિતર ગોટો ઉઠશે. આહાહા..!

'**દ્રવ્યરૂપ હૈ...**' એમાં પહેલું '**દ્રવ્યકા ભી તથા પર્યાયકા ભી નિષેધ કરકે વચન-અગોચર કહના...**' એ તો વિકલ્પાતીત વસ્તુ છે. આમ રહે છે અને આ પર્યાય છે એવો વિકલ્પ પણ જેમાં નથી.

એવું અનુભવમાં પણ એ વિકલ્પનો અવકાશ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ ભગવાન આત્મા પર્યાય દ્વારા દ્રવ્યનો અનુભવ કરે એમાં, કહે છે, વિકલ્પનો અવકાશ નથી એમ કહે છે. વિકલ્પ દ્વારા ન થઈ શકે એને. પર્યાય દ્વારા દ્રવ્યને પકડતાં, આ દ્રવ્ય છે કે એ પર્યાય છે એવો ત્યાં વિકલ્પનો ઉચ્છેદ થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું. પણ એક આવું છે વસ્તુ. નિશ્ચય-વ્યવહારના પડખા એનું ભાન જ ક્યાં છે? લક્ષમાં તો લેવું પડે ને. સમજાણું કાંઈ? એ ત્યાં બધા ગોટા ઉઠાવ્યા છે ને બધા. નિમિત્તથી થાય, ચાહે વ્યવહારથી થાય નિશ્ચય. મોટો ગોટો ઉઠ્યો. નિમિત્ત અજીવ કર્મ, એનાથી આત્માને વિકાર એને લઈને થાય. ગોટો ઉઠ્યો. અજીવથી આસ્રવ થયો, અજીવ ને આસ્રવ બે ભિન્ન ચીજ ન રહી અને આસ્રવ જે શુભભાવ એનાથી ધર્મ થાય એટલે આસ્રવ અને સંવર ભિન્ન ચીજ ન રહી. સમજાણું કાંઈ?

નવને ભિન્ન કીધા ને પહેલા વ્યવહારે? એ ભિન્ન પણ ક્યાં રહ્યા છે? આહાહા..! કર્મથી વિકાર થાય, કર્મથી વિકાર થાય, કર્મ છે તો વિકાર છે. તો તો પછી કર્મને લઈને છે તો વિકાર છે એટલે કર્મ અજીવ છે અને વિકાર થયો તે આસ્રવ ભાવબંધ ને પુણ્ય ને પાપ છે. એટલે પુણ્ય-પાપ, આસ્રવ અને ભાવબંધ અજીવ છે તો છે એટલે અજીવ ભિન્ન અને તત્ત્વ ભિન્ન રહ્યા નહિ એને. આહાહા..! અને પુણ્યના પરિણામ શુભભાવ ને ભાવબંધ છે, તો એને ધર્મ થાય છે. એમાંથી એને શુદ્ધતા પ્રગટે છે. શુભભાવ હોય. કેમકે આખિરમાં તો શુભભાવ હોય છે. છેલ્લે જ્યારે છોડવું છે શુભને ત્યારે તો શુભ હોય છે માટે શુભભાવ કાંઈક કારણ છે, કાંઈક પણ એમાં અસર છે એની. અને આત્માને નિશ્ચય થાય. તે આસ્રવ ને સંવર અને આસ્રવ ને નિર્જરા બે એક કરી નાખ્યા. વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા રહ્યા નહિ એના. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવું કાંઈક છે એમ તો લક્ષમાં રાખવું. પકડાયું નહિ તો પણ કાંઈક માર્ગ તો છે. આહાહા..! ભગવાનજીભાઈ! આહાહા..!

**'દ્રવ્યકા ભી તથા પર્યાયકા ભી નિષેધ કરકે વચન-અગોચર કહના નિશ્ચયનયકા વિષય હૈ. જો દ્રવ્યરૂપ હૈ વહી પર્યાયરૂપ હૈ ઈસપ્રકાર દોનોંકો હી પ્રધાન કરકે કહના પ્રમાણકા વિષય હૈ, ઈસકા ઉદાહરણ ઈસપ્રકાર હૈ—'** હવે એનું ઉદાહરણ આપશે લ્યો. એનું ઉદારણ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧, શનિવાર તા. ૨૭-૧૦-૧૯૭૩**
**સમયસાર, કળશ- ૨૬૮, પ્રવચન - ૩૮**

૨૬૮ કળશ છે. સમયસાર. સમયસાર લીધું છે ને? કાલે રાત્રે કહેવાનું ભૂલી ગયા હતા. સમયસાર. ૨૬૮.

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।।२६८।।

આ સુપ્રભાતની વ્યાખ્યા છે. આજ બેસતું વર્ષ ઉજવે છે. પણ આ તો સુપ્રભાત આત્માનો દિવસ ઉજવે છે. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય અનંત આનંદ, જ્ઞાન આદિ ચતુષ્ટયથી ભરેલો પદાર્થ છે. આત્મા અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન, અનંત વીર્ય, એવા સ્વચતુષ્ટયથી એ વિશેષે અનંતગુણો, એનાથી ભરેલો પદાર્થ છે એમાં જ્યારે એને મિથ્યાત્વરૂપી રાત નાશ થાય છે અને સમ્યગ્દર્શનરૂપી દિવસ સૂર્ય ઊગે છે. એને સુપ્રભાત કહે છે. સમજાણું કાંઈ? એ કહે છે.

'**(પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે)...**' એટલે શું કહ્યું? કે જે કોઈ આ આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદનો સાગર ભગવાન આત્મા એનો જેટલો આશ્રય કરે, એને અવલંબે એને સુપ્રભાત પ્રગટ થાય છે એમ કહે છે. જઘન્ય સુપ્રભાત સમ્યગ્દર્શન છે. ઉત્કૃષ્ટ સુપ્રભાત અનંત કેવળજ્ઞાન દર્શન આદિ એ છે.

મુમુક્ષુ :- મધ્યમ મુનિપણું.

ઉત્તર :- મધ્ય તો એનો આત્મા. આ વસ્તુ અહીં શરૂઆત અહીં બેસે છે. બે લીધી છે. બનારસીદાસે સમ્યગ્દર્શન લીધું છે, આમણે કેવળજ્ઞાન લીધું છે.

શું કહે છે? ભગવાન આત્મા વસ્તુ જે સ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વીતરાગ મૂર્તિ આત્મા છે. એવા ચૈતન્યદ્રવ્યનો વસ્તુના સ્વભાવનો આશ્રય, અવલંબે છે એને '**चित्पिण्ड**' '**ચૈતન્યપિંડનો નિરર્ગળ...**' એક ન્યાયે તો એક ચૈતન્યપિંડ જે વસ્તુ છે પદાર્થ, એને આશ્રયે પ્રગટ થયેલી દશા કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ અને વીર્ય એ જેની પ્રગટદશા છે. સુપ્રભાત ઉત્કૃષ્ટ. સમજાણું કાંઈ? જઘન્યદશા.. ચિત્પિંડ.. મિથ્યાત્વનો નાશ થઈ. કેમકે જેણે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધનો આશ્રય કર્યો એને મિથ્યાત્વનો નાશ થયા વિના રહેતો નથી. મિથ્યાત્વરૂપી રાત્રીનો અંધકાર ત્યાં નાશ થાય છે. આહાહા..! અને સમ્યગ્દર્શનરૂપી સૂર્યનો પ્રકાશ થાય છે. સમજાય છે કાંઈ? એ પ્રકાશ કોને આશ્રયે થાય એ પણ કહ્યું અને

એને આશ્રયે થાય તો આવી દશા પ્રગટ થાય છે.

સમ્યગ્દર્શન એ ચૈતન્યનો સૂર્ય પ્રકાશ્યો અંદર. પર્યાયમાં એ પ્રકાશ્યો. વસ્તુ તો હતી ચિદ્દ્પિંડ. પણ એ ચિદ્દ્પિંડ પર્યાયમાં ચિદ્દ્પિંડની અવસ્થા પ્રગટ થઈ. આહાહા..! એને અહીંયા અર્થકારે દર્શન લીધું છે. કેવળદર્શન. એ પિંડ વસ્તુ જે ત્રિકાળ છે એને આશ્રયે પ્રગટ થતી અનંત દર્શનની શક્તિ જે છે એને અહીં ચિદ્દ્પિંડ કહે છે. અનંત દર્શન જે કેવળજ્ઞાન સાથે હોય તે. આહાહા..! અને નીચે સમ્યગ્દર્શન એ ચૈતન્ય ભગવાન આત્મા એના શ્રદ્ધાની સમીપમાં પ્રભુ વર્તે છે એથી શ્રદ્ધામાં પ્રકાશ આવ્યો સમ્યગ્દર્શનનો. સમકિતરૂપી સૂરજ ઊગ્યો. સમજાણું કાંઈ?

આ બહેનું ગાણા નથી ગાતા લગન વખતે? સૂરજ અમારે.. શું કીધું એ? સોના સમો રે સૂરજ ઊગ્યો...' એમાં તો ધૂળેય નથી. 'સોના સમો રે સૂરજ ઊગ્યો' ભાઈ! ચૈતન્ય નાથ પ્રભુ અંદર બિરાજે છે. આહાહા..! સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. સત્ છે, એ ચિદ્ અને આનંદનો ભંડાર છે. એની એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? અનંતગુણનો એ રત્નાકર-રત્નનો સાગર છે. પણ પોતાની કિંમત કેમ આવે એને? પરની કિંમત કરવા ગયો, પોતાની કિંમત ભૂલી ગયો. આહાહા..! અનંત અનાથ. કેમ? કે અનાદિથી એની વર્તમાનદશાનો જે પ્રગટ અંશ છે એમાં એનું રુચિ ને લક્ષ અને એમાં એની બધી રમત છે. પણ એક સમયની એ અવસ્થા જે ગતિ વર્તમાન દેખાય છે ક્ષયોપશમ, વિકાર, જ્ઞાન, પર્યાય વગેરે. એ ક્યાંથી ઊભી થઈ દશા? કોને આધારે ઊભી થઈ? શેમાંથી એ આવી? એવો જે ત્રિકાળી ભગવાન દ્રવ્યસ્વભાવ વસ્તુ આત્મતત્ત્વ. આહાહા..!

ભગવાન આત્મતત્ત્વ એ પૂર્ણ જે અંદર સ્વભાવથી ભરેલો એની નજરું કરતાં .. 'हासः'નો શબ્દ નિધાન લીધો છે. 'हासः' છે ને 'हासः'? એને નિધાન પણ લીધો છે અને એક અર્થ એવો લીધો છે. અહીં તો 'हासः'નો અર્થ ખીલવું લીધું છે. એટલે? ભગવાન આત્મા અંતરના દ્રવ્ય વસ્તુસ્વભાવમાં એક સમયની વર્તમાનદશા એની પાછળ આખું તત્ત્વ પૂર્ણ ધ્રુવ તત્ત્વ ભગવાન છે આત્મા. એની અંતર દૃષ્ટિ થતાં એ આત્મા પર્યાયમાં ખીલી જાય છે. જેમ ગુલાબનું ફૂલ સંકોચ પામેલું હોય છે ત્યારે એને સૂર્યના કિરણોનું નિમિત્ત હોતાં તે ગુલાબ ફૂલ હજાર-હજાર પાંખડીના થાય છે. ત્યાં આપણે જોવા ગયા હતા ત્યાં નહોતું. શું કહેવાય? ચીખલી. ચીખલી. ચીખલીમાં એક તળાવ છે એમાં બહુ ગુલાબ થાય છે. પણ તે દિ' તો આપણે કોઈ બધા .. ચીખલી છે. ગુલાબ સંકોચ હોય, એ ખીલે જ્યારે હજાર પાંખડીનું ખીલે. એમ ભગવાન આત્મા અનંત ગુણની રાશી એવો પ્રભુ એની જ્યારે અંતર નિધાનની દૃષ્ટિ પડતાં પર્યાયમાં ઝરમર... ઝરમર... ઝરમર... ઝરમર... જેમ મેઘ વરસે... એ અર્થ કર્યો છે. ઝરમર શબ્દ છે પણ મને આ .. ઝરમર શબ્દ તો છે. 'हासः'નો અર્થ એક ઝરમર કર્યો છે. આહાહા..!

પ્રભુ આનંદસ્વરૂપ આત્મા એની અંતરમાં દૃષ્ટિ અપૂર્વ અનંતકાળે કદી કરેલી નહિ. એવી અંતરમાં દૃષ્ટિ જતાં પર્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ, આનંદ એનું ઝરવું, ઝરમર... ઝરમર...

અંદરથી દશા પ્રગટ થાય છે. આ વરસ બેસતાનું આ. આ બોણી ચાલે છે આ. આહાહા..! ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે એની એને ખબર નથી. જગતના પદાર્થને કિંમત ને મહત્તા ને મહિમા આપતા પોતાની મહત્તા અને મહિમા એ ચૂકી ગયો છે. આહાહા..! હું કોણ? એટલે એને એમ કે હું તો એક પામર પ્રાણી. એક રાગી છું, દ્વેષી છું, અલ્પજ્ઞાનવાળો એવો હું. એ નહિ તું. એક સમયની દશા પ્રગટ અવસ્થા એટલામાં તું આખો આવી જતો નથી. સમજાણું કાંઈ? એવો જે ભગવાન, શું કીધું? ચૈતન્ય પિંડ. ચૈતન્યપિંડ આ તો પર્યાયની વ્યાખ્યા છે હોં. પર્યાયમાં પ્રગટ થયેલી દશા ચૈતન્યપિંડ એને અહીં એક ન્યાયથી કેવળદર્શન લીધું છે, અને બીજી ન્યાયે એમાં સમ્યગ્દર્શન લીધું છે.

ચૈતન્યપિંડ એટલે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનની પર્યાયમાં આવો આત્મા આખો અનુભવમાં આવ્યો. આહાહા..! એથી એ સમ્યગ્દર્શન પોતે ચૈતન્યપિંડ છે. એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય પ્રતીતમાં આવ્યું અને જેની એક સમયની પર્યાયમાં–અવસ્થામાં છ દ્રવ્ય જણાય એવી જે પર્યાય એવી એની સામર્થ્યતા જે છે એમાં સ્વદ્રવ્યનો આશ્રય આવ્યો એટલે એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય અનંત અનંત છે એને જાણવાની તાકાતવાળી પર્યાય. એવી અનંતી પર્યાયનો એક ગુણ, એવા અનંતા ગુણનો પિંડ એની જે પ્રતીતમાં સમ્યગ્દર્શનમાં આવ્યો એ સમ્યગ્દર્શન પર્યાય ચૈતન્યપિંડ છે. આહાહા..! અમરચંદભાઈ! આવી વાત છે. આ પહેલા લેતાં બે-ત્રણ .. પહેલાં. પણ આ જરી ઝીણું હતું ને સવારનું. એટલે સવારનું નહિ બેસે નવાને. આ આવ્યું. નહિતર વર્ષ બેસતા લેતા ઘણીવાર. બધા એ વખતે હાજર ન હોય. બધા નવા હશે ને કેટલાકે કોઈ દિ' સાંભળ્યું ન હોય. આહાહા..!

ભગવાન! તારો આત્મા આનંદનો સાગર પ્રભુ, અતીન્દ્રિય આનંદથી ભરેલો બાકી પદાર્થ છે કે નહિ? તો એ સાકર છે તો સફેદને ગળપણના મીઠાશથી ભરેલી ચીજ છે? કે ખાલી છે? તો આ તો ભગવાન આત્મા જડને પણ નક્કી કરનારું તો આ તત્ત્વ છે કે આ જગતમાં જડ છે, શરીર છે, આ રાગ છે, એને જાહેર કરનારું તો ચૈતન્યપિંડ છે. એવા ચૈતન્યપિંડમાં એવી શક્તિ છે એની એને ખબર નથી. આહાહા..! એણે બીજું બધું કર્યું. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા. આહાહા..! એ બધો ભાવ તો શુભરાગ છે. સમજાણું કાંઈ? એ કાંઈ આત્મતત્ત્વ નહિ. આહાહા..! એ આત્મતત્ત્વ તો એ શુભરાગના વિકલ્પથી પણ પાર નિર્વિકલ્પ આનંદનો નાથ આનંદઘન પ્રભુ છે. આહાહા..! એવા ચૈતન્યનો જેણે આશ્રય લીધો એને મિથ્યાત્વરૂપી અંધકાર નાશ થયો, મોહ નિદ્રાનો નાશ થયો અને જેની પલકું ફાટી આંખની. આમ બંધ હતી તો ખુલી ગઈ. સમજાણું કાંઈ?

મોહ મિથ્યાત્વરૂપી નિદ્રા જે હતી અનાદિની. આહાહા..! ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ ને જ્ઞાનનો પિંડ પ્રભુ, એવી અંદરમાં પ્રતીતિ થતાં એને મોહરૂપી નિદ્રાનો નાશ થયો, પલક ફાટી અને વિકાસ થયો અંદરમાંથી. એને અહીંયા સુપ્રભાત. એ વર્ષ ઊગ્યો દિ' એનો ઊગ્યો અને દિવાળી થઈ એને ઘરે. સમજાણું? લાડવા ખાય ને આ ખાય ધૂળેય નથી એમાં. આહાહા..! રાતે આવા ધડાકા બોલે છે ને શું

કહેવાય એ? ફટાકડા. ફડાકિયામાં ફડાક.. ફડાક... આહાહા..! એમાં તો બિચારા કેટલાય જીવ મરી જાય. આ તો ફડાકિયો ફાટે તો જીવ ઊગી નીકળે અંદરમાંથી. સમજાણું કાંઈ? ઓલી શું કહેવાય? ફુલઝરણી. ફુલઝરણી આવતી આ નહિ? આમ સળગાવે તો ફુલ ઝરે. દારૂની નહિ ફૂલઝરણી. ફુલઝરણી. હા અહીં તો બધું અમે કર્યું હતું ને નાની ઉંમરમાં? ફુલઝરણી કરી છે. બધા એક એક નમુના જોયા છે. સમજાણું? અમારા મામા તરફથી આવતું બધું દિવાળીનું.

અહીં કહે છે કે ભગવાન આત્મા... આહાહા..! એ '**झर्झरं**' શબ્દ છે હો. ... '**झर्झरं**' .. એ શું છે? '**हासः**' '**झर्झरं**' છે. મારે તો ઓલું અંદર લાગુ પડે એ બેસાડી દેવું. સંસ્કૃત છે. સંસ્કૃત છે અધ્યાત્મ તરંગણી આ શ્લોકનો સંસ્કૃતમાં અર્થ છે. સંસ્કૃતમાં એના અર્થો છે એક એક શબ્દના. પૂર્વે વિદ્વાનો સંતોએ ઘણી મહેનત કરી જગત પાસે સત્યને જાહેર કર્યું છે. જગત પાસે સત્યને જાહેર કર્યું છે. પણ એણે દરકાર કરી નથી. આહાહા..! અને તે મનુષ્યપણાનો ભવ મળ્યો, એકેન્દ્રિય, લીલોતરી એમાંથી કીડા, કાગડા, કુંજરમાંથી નીકળીને માંડ આવ્યો છે. હવે એમાં જે આ કરવા જેવું એ કેમ કરવું? એને ખબર નથી. પણ આપણે '**झर्झरं**' એટલે આ. આહાહા..!

ભગવાન શાંતરસ અને આનંદની મૂર્તિ પ્રભુ, એનો જ્યાં અંતર્મુખ થઈને સ્વીકાર કર્યો, તો કહે છે કે એની સમયની પર્યાયમાં, જેમ ગુલાબનું ફૂલ ખીલે એમ પર્યાય ખીલી જાય છે આત્માની. આનંદની, શાંતિની પર્યાયથી આત્મા ખીલી જાય છે. અને જેમ શું કીધું? એ ફુલઝરણી એમ એક પછી એક ધારા રાગ વિનાની, શુદ્ધ પરિણતિની ધારા, આનંદની ધારા ફૂલખરણી, આનંદનું ફૂલ ખરે છે એમાંથી. એવો અનંત આનંદનો નાથ ભગવાન, જેને અંદરમાં ભેટા કર્યા એને અંદરમાં સુપ્રભાત ઊગ્યો છે કહે છે. આહાહા..! કહો, વજુભાઈ! તમારે પૈસાબૈસાનું આમાં કાંઈ આવતું નથી. આહાહા..! બે, પાંચ, દસ કરોડ રૂપિયા ભેગા થયા માટે મોટો. ધૂળેય નથી સાંભળને. ભિખારા છે બધા. આટલા પૈસા જોયા આ જોયા. આ તો આત્મા. મારે બીજું કાંઈ ન જોઈએ. મારે જોવે તો એ ભગવાન આત્મા. એવો અનંતનો સાગર એને જેને અંતર શ્રદ્ધા અને જ્ઞાનમાં સ્વીકાર્યો કહે છે કે એ ખીલી નીકળી દશા. 'ખીલવો' આમાં શબ્દ છે. આમાં '**हासः**' ખીલવું શબ્દ છે આમાં.

'**ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ...** ' એક એક શબ્દનો અર્થ છે એ. પહેલો '**चित्पिण्ड**' છે. '**चण्डिम**' એટલે નિરર્ગળ-પ્રકાશ. ચૈતન્ય પિંડનો જેનો પ્રતાપ વિલસતો. આહાહા..! વિકાસ જેનું રૂપ, જેમ ફૂલ ખીલે એમ ભગવાન આત્મા વર્તમાન દશામાં ત્રિકાળી વસ્તુનો આશ્રય લઈને ખીલી જાય છે. સમજાય છે કાંઈ? આ વર્ષ બેસતાનું આ સુપ્રભાતનું મંગળિક છે આ. આ માર્ગ છે. આહાહા..! એના જ્ઞાન ઉપર ધ્યાનમાં તો એ વાત લે કે વસ્તુ તો આ છે. આહાહા..! એના જ્ઞાનમાં, એના જ્ઞાનમાં દોરમાં તો એમ લે કે અહીં જવું અંદરમાં એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કહે છે, એ ચૈતન્યનો પિંડ જેનું રૂપ વિકાસરૂપ જેનું ખીલવું છે. શક્તિ તો હતી અંદર, કહે છે.

ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ બેહદ અપરિમિત સ્વભાવથી ભરેલો ભગવાન. આહાહા..! એક બીડી જરી પીવે ત્યાં એને એમ થઈ જાય કે આહાહા..! દિશાએ જંગલ જાય, પાયખાને બે બીડી પીવે, એ શું કહેવાય તમારે એ? સિગારેટ. ત્યારે ભાઈસાહેબને દસ્ત ઉતરે. આવા તો જેના વ્યસન. વ્યસનનો અર્થ પીડા થાય છે હોં. વ્યસનનો અર્થ જ પીડા અને દુઃખ થાય છે. આવા જેના દુઃખના દાઝ્યા. દુઃખથી દાઝેલા. આહાહા..! એને આ ચૈતન્ય ભગવાન આનંદનો નાથ કેમ બેસે? જરીક એક બહારની પ્રશંસા થોડી સાંભળે ત્યાં રાજી રાજી થઈ જાય. હવે ધૂળમાંય નથી સાંભળને. એ પરમાત્માના આનંદમાં જ્યાં મોજમાં ગયો. આહાહા..! આનંદ ખીલી ગયો. એ અંકુરા ફૂટ્યા. એ આત્મભૂમિકામાં જે શક્તિઓ અનંત અપરિમિત, અપરિમિત અનંત સંખ્યાએ અને એક એક શક્તિનું અપરિમિત એટલે મર્યાદા વિનાનો જેનો સ્વભાવ. એવા ભગવાન આત્માને અંતર સન્મુખ થતાં જેની પર્યાયે પર્યાયે ખીલી ગઈ દશા એની. આહાહા..! એની મોહનિદ્રા ગઈ, પલક ફાટી અને એને ચૈતન્ય સૂર્ય અંદરમાંથી ઊગ્યો. એ ઊગ્યો એ ઊગ્યો એ પછી આથમે નહિ હવે. સમજાણું કાંઈ? આ તો વર્ષ બેઠા અને વર્ષ ગયા. એમ કહે છે ને? આ વર્ષ બેઠું. બેઠું ને? પછી ચાલવા માંડ્યું. એક, બે, ચાર. આ બેઠું અને પછી ચાલવા માંડ્યું... ચાલવા માંડ્યું.. દિવાળી પૂરી થઈ લ્યો. આ તો ચાલવા માંડ્યું નીકળ્યે નીકળ્યું. માના પેટમાંથી નીકળ્યું પાછો .. પાછો જાય એમ બને નહિ. આહાહા..! એમ ભગવાન આત્મા વસ્તુએ પરિપૂર્ણ શાંત અને આનંદ એનો આશ્રય લેતાં જે દશા ખીલી ગઈ, જે દશામાં નિધાન આવ્યું. આહાહા..! આત્મા એટલે નિધાન કહ્યું છે.

નિધાન, ઝરઝરવું અને ખીલવું એ 'हासः'ના ત્રણ અર્થ છે. આમાં ત્રણ છે. આપણને ક્યાં શબ્દ ગોઠવતા આવડે છે. જોયું આમાંથી. જુદા ભાવ. સમજાણું કાંઈ? આહાહા..! મહારાજા પ્રભુ અંદર ચૈતન્ય જેને અંદરમાં ગાદીએ બેઠો ભગવાન આત્મા, રાગમાં અને પુણ્યમાં અનાદિથી બેઠો હતો, ઉઠાવીને એને અંદરમાં બેસાડ્યો. એને નિધાન મળ્યું. એને અનાદિનું નિધાન જે અવ્યક્ત ખ્યાલમાં નહોતું. આહાહા..! એ દૃષ્ટિમાં આવ્યું અને સમયે સમયે એટલે ક્ષણે ક્ષણે અનંતગુણની પર્યાયનું ઝરવું, પ્રગટ થવું, ઝરમર... ઝરમર... ઝરમર.. વરસાદ વરસે એમ અંદર વરસાદ વરસવા માંડ્યો. આહાહા..! શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓની દશા વર્તમાન પર્યાયમાં ઝરમર જેમ ખીલવા માંડી. આહાહા..!

ખીલતા ખીલતા જ્યાં કેવળજ્ઞાનનો કાળ આવ્યો. આહાહા..! પૂર્ણ કેવળજ્ઞાન થઈ ગયું. એ ઓલામાં પણ આવે છે. પદ્મનંદી પંચવિંશતિમાં. તે દિ' આવતા. પદ્મનંદીમાં પણ આવે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન ખીલ્યું, રાત્રીનો અંધકાર એમાં નાશ થઈ ગયો. એ બારમા સુધી તે દિ' અજ્ઞાન કહ્યું હતું ને ભાઈ! બારમા ગુણસ્થાન સુધી એની જ્ઞાનની અલ્પતા ગણી છે ને? એને જ્યાં કેવળ થયું ત્યાં બધી દશા નાશ થઈ ગઈ. પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ... ચૈતન્ય ભગવાન પોતે જ્ઞાનથી ઝળહળ સૂર્ય ઉગ્યો છે

અંદરથી. આહાહા..! એ કેવળજ્ઞાન. અને એની સાથે પ્રગટ થયેલું કેવળદર્શન. એ આ '**चण्डिम**'માં કેવળદર્શન કર્યું છે. સમજાણું કાંઈ? કેવળદર્શન અથવા સમ્યગ્દર્શન બેય અર્થ થાય છે એના. આહાહા..! અરેરે..! એના ગાણા સાંભળ્યા નહિ એણે હોં! શાંતિભાઈ! વખાણ બહારના કરે કે આ .. પાંચ. સોજા સમજાય છે ને? આ શરીરમાં સોજા નથી થાતા? એય..! ચંદુભાઈ! સોજા એ નિરોગતા હશે? બગાડ છે. આહાહા..! આ તો .. નીકળેલી વસ્તુ '**चण्डिम**'-પ્રકાશ ચૈતન્યપિંડ. '**चण्डिम**' ભગવાન! આ વર્તમાન પર્યાયની વાત છે હોં બધી. ચૈતન્યસૂર્ય દ્રવ્યની વાત નથી. સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ એક ક્ષણમાં ધ્રુવ નિધાન પડ્યું છે એના જેણે પ્રતીત અને સ્વીકાર, એનું જ્ઞેય બનાવીને વર્તમાન જ્ઞાનની દશા જે જ્ઞાનરૂપે પરિણમી, શુદ્ધરૂપે થઈ એ એનું નિધાન ખીલ્યું. એ એને ઝરમર ઝરમર વરસતો શાંતિનો વરસાદ આવ્યો. આહાહા..! અને એને અહીંયા નિધાન કહે છે અને એ વસ્તુ હતી શક્તિમાં, એનું પર્યાયમાં વિકસવું, ખીલવું, ખુલવું, પ્રગટ થયું છે. લ્યો આ વર્ષ બેસતાનું આ છે. ઓલા કહે લાડવા ખાવા, આ આપવા, પહેરામણી આપવી. સોનાનો થાળ એમાં ફલાણું ઢીંકણું. આજે આવ્યું છે ચાર નીચે. રૂપાના સિક્કા આવ્યા છે ચાર. રૂપાના સિક્કા નથી આવતા? ચાર આવ્યા છે. સવારે મૂક્યા છે કોકે. ૨૫-૨૫ રૂપિયાનો એક સિક્કો. ચાર આવ્યા હતા. પડ્યા હતા માથે. કોકે લીધા હશે. આહાહા..! આ તો સિક્કો આનંદના નાથનો સિક્કો ફટ કરીને બહાર આવ્યો છે. હું તો આનંદસ્વરૂપ છું. મારામાં દુઃખની ગંધ નથી. એવો સચ્ચિદાનંદ પ્રભુ-સત્ ચિદાનંદ પ્રભુ આત્મા એનો પ્રેમ અને પ્રીતિની દૃષ્ટિમાં જેનું ખીલવું થયું છે.

'**शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।**' '**શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે,...**' શું કહે છે? અહીંયા જ્ઞાનની, કેવળજ્ઞાનની વ્યાખ્યામાં છે. કે જેને કેવળદર્શન પ્રગટ્યું એની સાથે સુપ્રકાશ કેવળજ્ઞાન પ્રગટે છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી કેવળજ્ઞાન શક્તિ જે શક્તિરૂપે હતી એ વર્તમાન દશામાં એ પ્રગટ દશા થઈ. એને અહીંયા કેવળજ્ઞાન કહે છે. અથવા નીચલી દશામાં લઈએ તો '**शुद्धप्रकाशभर**' શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ. મિથ્યાત્વનો નાશ થતાં, સમ્યગ્દર્શન પ્રગટ થતાં, જેને શુદ્ધ પરિણતિ, શુદ્ધદશા પ્રગટ થઈ, જે અનાદિની, અશુદ્ધ અને મલિન અને દુઃખરૂપ દશા હતી, સમજાય છે કાંઈ? એના સ્થાનમાં, એના કાળમાં, એની દશામાં શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ. આહાહા..! શુદ્ધધારા. શુદ્ધ પવિત્ર પરિણતિ દશા જેને પ્રગટ થઈ એને સુપ્રભાત કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'**शुद्धप्रकाशभर**' અતિશય. અતિશય છે કહે છે. આહાહા..! એ શુદ્ધ પરિણતિની વિશેષતા છે. શું કહ્યું સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થતાં શુદ્ધ પરિણતિની વિશેષતા ત્યાં પ્રગટી. અશુદ્ધતા હતી એનો નાશ થઈને, એમ લીધું છે ને ..માં. સમ્યક્ત્વ એટલે એને શુદ્ધ પરિણતિ જ હોય છે. ભાઈ! અશુદ્ધ પરિણતિ છે એને ગૌણ કરીને એકલી શુદ્ધ પરિણતિ જ પ્રગટી. કેમકે પ્રભુ શુદ્ધ વીતરાગી મૂર્તિ છે, શુદ્ધ

છે એનો આશ્રય લઈને જે દૃષ્ટિ સમ્યક્ પ્રગટી એમાં શુદ્ધ પ્રકાશ પ્રગટ્યો, શુદ્ધ પરિણતિ થઈ. વીતરાગ અવસ્થા પ્રગટ થઈ. આહાહા..! એટલે સમ્યગ્દર્શન એ વીતરાગ અવસ્થા છે અને એની સાથેનું જ્ઞાન છે એ પણ વીતરાગી જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આનું નામ વર્ષ બેઠું કહેવાય છે. આનું નામ ભગવાન આત્મામાં વર્ષ બેઠું. બાકી બધી વાતું છે જગતની. આહાહા..!

સુપ્રભાત. છે ને અંદર છે શબ્દ જુઓ! '**शुद्धप्रकाशभर**' '**શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે...**' નિર્ભર એટલે એ. શુદ્ધ પ્રકાશ પરિણતિના વિશેષ અતિશયથી એને લીધે નિર્ભર એટલે એ લીધું. '**सुप्रभातः**' એ સુપ્રભાત સમાન છે. આહાહા..! 'સોના સમો રે સૂરજ ઊગ્યો.' આત્મામાં સમ્યગ્દર્શન થયું ત્યાં સોના સમાન સૂર્ય નીકળ્યો. આહાહા..! સોનાને જેમ કાટ ને મેલ ન હોય, એમ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની અંદર પ્રતીત અને અનુભવ કરતાં એને શુદ્ધની ધારા પ્રગટે છે. ત્યાં મેલ અને મલિનતા એમાં હોતી નથી. આહાહા..! અરે..! એવી વાત પણ એણે કોઈ દિ' સાંભળી નહિ હોં! અને દુનિયાના ડહાપણ કરી કરીને મરી ગયો અનાદિથી. રાજા થયો, રંક થયો, દેવ થયો, નારકી થયો, કીડા-કાગડા .. અનંતવાર થયો. પણ આ કેવળજ્ઞાનનો કંદ પ્રભુ આત્મા એને અંદર કેળવવો કેમ અને વિકાસ કરવો એની એણે કળા ન શીખી. જે શીખવા જેવી આ છે એ કળા ન શીખ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે શુદ્ધ પ્રકાશ, શુદ્ધ પરિણતિ, શુદ્ધ દશાની વિશેષતાથી, એને લઈને સુપ્રભાત એને કહેવામાં આવે છે. આ બીજા પદની વ્યાખ્યા ચાલે છે. '**शुद्धप्रकाशभर**' શુદ્ધ પરિણતિ, શુદ્ધદશાના વિશેષતાથી, વિશેષતાને '**निर्भर**' લઈને '**सुप्रभातः**' છે. આહાહા..! એક શુદ્ધ પરિણતિ પ્રગટી એ સુપ્રભાત છે. આત્મામાં સમ્યગ્દર્શન થતાં ચૈતન્ય એવો સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ હતો એવો એનો સ્વીકાર થતાં એની દશામાં શુદ્ધતાની પરિણતિને લઈને વિશેષતાને લઈને એ સુપ્રભાત કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- શુદ્ધ પરિણતિને પ્રભુ આનંદ ઝરતો...

ઉત્તર :- એ પછી આવશે. હજી હવે આવશે. આ તો હજી જ્ઞાનની વાત આવી. આહાહા..! ઓહોહો..! સંતોએ કેટલું સંકેલ્યું છે થોડા શબ્દમાં. આહાહા..! 'સદ્‌ગુરુએ માર્યા શબ્દના બાણ અને અંદર ખીલી નીકળ્યો ભગવાન.' સમજાણું કાંઈ? એ આવે છે હોં સમયસાર નાટકમાં. સમયસાર નાટકમાં ક્યાંય આવે છે. સમયસાર નાટક છે ને આ. એમાં પાછળ હશે. પાછળ નહિ હોય? આવે છે ખરા. હમણાં શબ્દ આવી ગયો હતો. 'સદ્‌ગુરુએ માર્યા શબ્દના બાણ અને ખીલ્યો અંદરથી ભગવાન.' એવું આવ્યું. ખીલવાની વાત ભગવાને કરી હતી ગુરુએ. ..દાસજી! આહાહા..! આ બાજુમાં છે. ઓલીકોર નીચે એટલામાં છે. ચૌદ ગુણસ્થાનમાં.. એમાં હશે ક્યાંક. ચોથે, પાંચમે, છઠ્ઠે પ્રગટ થાય છે ને ત્યાં હશે. એમાં નીચે લખ્યું હતું. ત્યાં નહિ. ત્યાં ત્યાં એ બાજુ. એ શબ્દ જ ચોખ્ખો પડ્યો છે. 'સદ્‌ગુરુએ શબ્દના..' કહો, સમજાણું કાંઈ? આહાહા..!

આ રીતે જ્ઞાનીના જ્ઞાનમાં જે વાણી આવી મુનિઓની, સંતોની, સમકિતીની, કેવળીની એ એણે આત્મા ખીલી જાય એવી વાત આવી છે. આહાહા..! એને રાગ કર અને રાગથી તને લાભ થાય અને સ્વર્ગ મળે એ વાણી વીતરાગની નહિ, સંતોની એ વાણી નહિ. આહાહા..! સંતોની વાણીમાં તો વીતરાગતા ખીલે અને રાગનો નાશ થાય એ વાણીનું એનું સ્વરૂપ છે. વીતરાગપોષક વાણી હોય. સંતોની, ધર્માત્માની વીતરાગપોષક વાણી હોય. રાગનાશક અને વીતરાગપોષક. આહાહા..! રાગની પોષકવાણી વીતરાગમાં ન હોય. એ અહીં કીધું એણે કે ભગવાનની વાણી એને કાને પડી અને જ્યાં અંતર અનુભવ થયો.

'**शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः**।' આહાહા..! '**શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે,...**' બે બોલ થયાં. એક તો સમ્યગ્દર્શન અને સાથે સમ્યગ્જ્ઞાન. એકકોર કેવળદર્શન અને સાથે જ્ઞાન. '**आनन्दसुस्थितसदास्खलितैकरूप**' કેવું છે? '**આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એક રૂપ છે...**' આ પર્યાયની વાત છે હોં અવસ્થા. જેનો ભગવાન આત્માનો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદનો નાથ એ છે. પણ અતીન્દ્રિય આનંદના નાથને જેણે નાથ્યો એટલે દૃષ્ટિમાં લીધો. સમજાણું કાંઈ? એવા પરમાત્મસ્વરૂપને જેણે પ્રતીતમાં સ્વીકાર કર્યો, કહે છે કે એને આનંદની ધારા વહે છે. એ અંતરમાં આનંદનો સ્વભાવ જે ત્રિકાળ પડ્યો છે એમાંથી જેને અનંત આનંદ પ્રગટ થાય છે. એ કેવળજ્ઞાનની સાથે અનંત આનંદ છે એની વાત છે. અને નીચલી દશામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સાથે આનંદની ધારા શાંતિની, આનંદની ધારા વહે છે. આહાહા..! એકલું જ્ઞાન ન હોય. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ હોય. આહાહા..!

જુઓ આ માર્ગ. આત્મધર્મ આને કહીએ. આત્મતત્ત્વની પિછાણ આને કહીએ. આહાહા..! હવે એની ખબર ન મળે ને બહારની પ્રવૃત્તિમાં ધર્મ કરીને માન્યા. કહે છે, આનંદ સુસ્થિત. એવો આનંદ પ્રગટ્યો કે સુસ્થિત. અનાકુળ–આકુળતા વિનાની સ્થિરતા પ્રગટી અંદર. આહાહા..! ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ જે શક્તિરૂપ, સ્વભાવરૂપ, સત્ત્વરૂપ, ભાવરૂપ, ગુણરૂપ હતો, એને અંતરમાં આશ્રયે દૃષ્ટિમાં લેતા એને પર્યાયમાં પણ જ્ઞાન એકલું ન આવ્યું બહાર. આનંદસહિત જ્ઞાન આવ્યું. એ જ્ઞાન આનંદનો ભોક્તા છે. આહાહા..! નિત્યભોજી. આવે છે ને નિત્યાનંદ ભોજી. આહાહા..! આ તો એક ક્ષણ લાડવા ખાય અને વળી પાછો તાવ આવે .. પાંચ દિ' નીકળે તો હાય.. હાય.. બહુ હરખ કરવા જાય. આ સુપ્રભાત કોને કહેવો એની વાત ચાલે છે. આવા સૂર્ય ઊગ્યા અને આથમ્યા અનંતવાર થઈ ગયા, પણ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એને સંતો સુપ્રભાત કોને કહે છે? કે જેમાં આત્મા અખંડાનંદ પ્રભુ છે. આ સચ્ચિદાનંદ આત્મા છે. આહાહા..! સત્ ચિત્ અને આનંદનું સ્વરૂપ એનું છે. એવા સચ્ચિદાનંદ પ્રભુને જેણે અંતરમાં સ્વીકાર્યો એની જેને મહત્તા અને મહિમા જેના અંતરમાં આવી, એને કહે છે કે આનંદ અંદરમાંથી ઝરમર ઝરમર આનંદ ઝરે છે. આહાહા..!

નરસિંહ મહેતાએ ન કહ્યું? કે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' બધી જૂઠી, ધૂળ તારી જા. તારી પૂજા ને ભક્તિ ને દાન ને દયા ને વ્રત ને તપ બધા એકડા વિનાના મીંડા. કહો, મનુભાઈ! આ આત્મતત્ત્વ જે છે. આહાહા..! એણે પણ સાંભળ્યું નથી. એની એને મહત્તા કોઈ દિ' આવી જ નથી. બહારની પ્રવૃત્તિની મહત્તા આગળ આ ધૂળની મહત્તા પૈસા, બાયડી, છોકરા, રાજ ને પાટ. ધૂળધાણી. એની મહત્તા આગળ આત્મા અંદર પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. વસ્તુ છે ને, પદાર્થ છે ને, તત્ત્વ છે ને. તો એ તત્ત્વ અનાદિ અનંત છે. અને અનાદિ અનંત એનો સ્વભાવ અનાદિ અનંત છે. વર્તમાનદશા-અવસ્થા અલ્પજ્ઞ છે રાગાદિથી. પણ એનું સ્વરૂપ છે એ પૂર્ણ છે અંદર. એ પૂર્ણ સ્વરૂપનો જેને ગુરુગમથી સાંભળીને શબ્દના બાણ વાગતા. સમજાણું કાંઈ? એ તો હાથ આવવું હોય ત્યારે આવે ને. ત્યાં કાંઈ નથી. એ તો જે છે ત્યાં આમ જ કીધું ત્યાં. એ પાછળના ભાગમાં.

'સદ્ગુરુએ માર્યા શબ્દના બાણ...' એ આ શબ્દ. પ્રભુ! તું ત્રિકાળ આનંદનો નાથ છો ને અંદર. તારી ચીજમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. હવે એને ક્યાંથી ખબર? સાકરમાં તો એકલી ગળપણ જ ભરી છે. એમાં કડવાશ-બડવાશ હોય નહિ. એમ પ્રભુ તારા સ્વરૂપમાં તો અતીન્દ્રિય આનંદ છે. આ ઇન્દ્રિયનો આનંદ જે છે માને છે એ તો ઝેરના પ્યાલા પીએ છે. વિષયમાં આનંદ માને, બહારમાં આનંદ માને એ તો ઝેરને પીવે છે ગટ ગટ કરે છે અંદર. પ્રભુ! તારામાં એવો આનંદ છે કે એક ક્ષણ પણ જો તારા સ્વરૂપનો સ્વીકાર કરતાં એને આનંદ ઝરે ઝરમર.. ઝરમર.. વરસાદ વરસે છે. એમાં અંકુરા ફૂટે. અષાઢ મહિનાનો પહેલો વરસાદ હોય ને આખી જમીન અંકુરે ફાટી નીકળે. અંકુરા-અંકુરા. એમ જ્યાં આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, આહાહા..! આત્મતત્ત્વ. એની અંદરમાં દૃષ્ટિ થતાં, એની વર્તમાન દશામાં આનંદનું ઝરવું ઝરમર વરસાદ વરસે, એને સુપ્રભાત કહે છે. એને વર્ષ બેઠું અને એ કેવળજ્ઞાન અને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરશે એનું નામ અહીંયા સુપ્રભાત કહેવામાં આવે છે. આ બહારના બધા સુપ્રભાત તમારે થાય ને સવારના નાળિયેર મૂકે, લાડવા થાય ને લાપસી કરે. આહાહા..!

ઓલું જુઓને અરબપતિ એક દસ મિનિટમાં મરી ગયો. શાંતિલાલ ખુશાલ નહિ? સાંભળ્યું છે કે નહિ? આ ગોવામાં નહિ? ગોવા. શાંતિલાલ ખુશાલ અબજપતિ. ત્રણ કરોડની તો ઊપજ બહારની એને ત્રણ કરોડની ઊપજ. દશા શ્રીમાળી છે. આપણે છે ને અહીંયા બહેનની દીકરી બ્રહ્મચર્ય. .. દીકરી. નિર્મળા. એક એની વહુને કાંઈ નબળાઈ હતી. ૬૧ વર્ષની ઉંમર નાની. અબજો રૂપિયા. ૪૦-૪૦ લાખના તો બંગલા રહેવાના. ૪૦ લાખના. પણ ધૂળધાણી ને વા પાણી. આ આત્માનો બંગલો જેણે જોયો નહિ. આહાહા..! એને બૈરાને કાંઈક ઠીક નહોતું તો આવ્યા હતા મુંબઈ. એમાં સૂતા હશે. રાતે દોઢ વાગે ઉઠ્યા. દુઃખે છે જરી. દુઃખે છે. કોઈ દિ' આવેલી નહિ કોઈ દિ' આહાહા..! શું કહેવાય તમારે? હાર્ટ હાર્ટ. ડોક્ટરને બોલાવો. ડોક્ટર જ્યાં આવે ત્યાં એ ખલાસ દસ મીનીટમાં. કોઈ દિ' હાર્ટની બિમારી નહિ પણ દેહની સ્થિતિ આ તો જડ બાપુ! આ કાંઈ તારી ચીજ નથી. આ તો જડના હાડકા ને માંસ

ને ધૂળ છે. એ વીર્ય અને લોહીના બિંદુમાંથી બંગલો આ બન્યો બહુ મોટો અને રાખ થઈ સ્મશાનમાં.. પ્રભુ! તું તો આત્મા અંદર જુદી ચીજ છો. એક ક્ષણમાં પણ હોં! દસ મિનિટમાં ખલાસ. આહાહા..! લઈ ગયા પછી ત્યાં. આબરૂવાળો માણસ હતો. ત્યાં શું કહેવાય ગોવામાં. ફુલ બુલ નાખ્યા હશે. મડદાને નાખે આમાં. કારણ કે આબરૂ મોટી છે, આબરૂદાર છે. લાખ લાખ રૂપિયાની પેદાશ દિવસની હોં. .. પેદાશ. ધૂળમાંય કાંઈ નહિ. એ તો પૂર્વના પુણ્ય હોય તો દેખાય છે એમાં બળી ગઈ એની શાંતિ. આ પૂર્વના પુણ્ય હતી લોન લઈને આવેલો આ એનું દેખાણું. પુણ્ય બળી ગયા અને એ દેખાય છે, પણ તારી પાસે શું આવ્યું ધૂળ? નારણભાઈ!

આ આત્મલક્ષ્મી, અહીં તો પરમાત્મા કહે છે. આહાહા..! અંતરમાં ભગવાન એટલે અનંત જ્ઞાન, અનંત આનંદ, શાંતિ એ લક્ષ્મી આત્માની છે અંદર. પણ કેમ બેસે? કોઈ દિ' જોઈ નથી, સાંભળી નથી. અને વિચાર કર્યો નથી. એની સન્મુખ થવામાં કેટલો પુરુષાર્થ જોઈએ એની એને ખબર નથી. આ રખડપટ્ટી, રખડપટ્ટી કરી કરીને મરી ગયો. રાજા થયો દુઃખી, શેઠિયા દુઃખી, રાંક દુઃખી, બધા દુઃખી છે. આહાહા..!

અહીં કહે છે કે ભાઈ! ભગવાન આત્મા એ મોહનિદ્રાનો જેણે નાશ કર્યો એટલે કે મિથ્યાત્વનો નાશ કર્યો, એટલે કે પરમાં સ્થિત છે એવી જે મિથ્યાબુદ્ધિ હતી એનો નાશ કરીને આત્મામાં આનંદ છે એવી જેને દૃષ્ટિ થઈ, એને સુપ્રભાત પ્રગટ્યો. એને ઘરે દિવસ ઊગ્યો. સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકનાથ, સંતો આમ કહે છે બધા. એવું એણે સાંભળ્યું નથી. ભાઈ! તું ભગવાન છો બાપુ આત્મતત્ત્વ. આત્મા એટલે શું? ઓહોહો..! એક સેક્રીન જેવું થાય છે સાકરનું આખું. ઓહોહો..! બહુ મીઠાશ... બહુ મીઠાશ... જડ. ધૂળના રજકણોને શું કહેવાય નથી આ? સેક્રીન. આ તમારા શબ્દો કોને આવે? એ મીઠાશ. આ આત્મામાં કાંઈ છે નહિ. આત્મામાં અતીન્દ્રિય આનંદની મીઠાશ છે.

મુમુક્ષુ :- એના મધુરરસ છે.

ઉત્તર :- આ મધુર રસ છે ચૈતન્ય ભગવાનને. પણ ચૈતન્ય મધુરરસ પ્રભુ તને ખબર નથી, ભાઈ! એ શુભ-અશુભરાગ થાય છે ને, આકુળતા વિકલ્પો, એ તો દુઃખ છે. એની પાછળ ભગવાન આત્મા આનંદસ્વરૂપ તું છો. આહાહા..!

મુમુક્ષુ :- તો પ્રગટ કેમ નથી થતું બધું?

ઉત્તર :- આ ભાન કરતો નથી માટે. મીઠાશ બધી બહારની છે ને.

મુમુક્ષુ :- આપના બોલવામાં બહુ આનંદ આવે, અંદર આનંદ આવે ત્યારે આનંદ કહેવાય.

ઉત્તર :- ઓલા છોકરાની મીઠાશ કેટલી લાગે જુઓ! બાપુજી ઓલા .. એના છોકરાનો. મોટો ઓફીસર. બે હજારનો પગાર. હવે ત્યારે બેને શું.. આ અમારે રહ્યા ક્યાં ગયા ચંદ્રકાંત? ચંદ્રકાંતને ૨૧૦૦નો પગાર છે. ક્યાં છે? બેઠા હતા ને અહીંયા ચંદ્રકાંત નહિ? એ. બેઠા છે નહિ બાજુમાં. ચંદ્રકાંત

છે. એને ૨૧૦૦નો પગાર છે. એસોમાં જેમાં આપણા છે ને રામજીભાઈનો દીકરો. એસોમાં, ઉડતો ઘોડો. નહિ ઓલો .. હતું ને આપણે હતું. પછી ફેરવી નાખ્યું. તેલ તેલ. એનામાં નોકર છે ને સુમનભાઈ? આઠ હજારનો પગાર છે માસિક. એમના દીકરાનો. માસિક આઠ હજાર.

મુમુક્ષુ :- આપ તો બધી ધૂળ કહો છો.

ઉત્તર :- ધૂળ ને ઝેર છે. આમ તો બીજું કહું છું. એ સુમનભાઈની જે કંપની છે ને એમાં. ૨૧૦૦નો પગાર છે. અહીં આવે છે મહિનો રહેવા. રજા હોય ને ત્યારે એક મહિનો રહેવા આવે. હવે એવા તો ધૂળ અનંતવાર મળી, સાંભળને હવે. આહાહા..! તે આત્માના રતનને રાગમાં રોળી નાખ્યું ભગવાન! આહાહા..! રતન રોળાયું સ્મશાનમાં. કહ્યું હતું ને એકફેરી નહિ? ૬૬ની સાલમાં પાલેજ દુકાન હતી ને. પાલેજમાં દુકાન હતી. શિવાજીરાવનો દીકરો હતો. ફત્તેહરાવ એ મરી ગયો નાની ઉંમરમાં. અત્યારે એનો દીકરો છે. ત્રણ કરોડની ઊપજ. છોકરો બે વર્ષનો હતો અત્યારે તો.. ૬૬ની વાત છે. દુકાને મેં સાંભળ્યું હતું. ચોપડી અમારી પાસે આવી હતી દુકાન ઉપર. 'રતન રોળાયું સ્મશાન..' એમ આવ્યું હતું. હવે એ રત્ન તો ધૂળમાંય નથી ક્યાંય, સાંભળને હવે. ક્યાંય બિચારા વયા ગયા હશે. આ ચૈતન્ય હીરલો આનંદનો નાથ ભગવાન એને તેં રાગ ને પુણ્ય ને પાપમાં રોળી નાખ્યો છે. બગાડી નાખ્યું તેં તારું પ્રભુ! તું શું છે તેની તને ખબર નથી.

અહીં કહે છે '**आनन्दसुस्थितसदास्खलितैकरूप** ' એવો ભગવાન અંદર છે કે અતીન્દ્રિય આનંદનું એકરૂપ. આ તો પર્યાયની વાત છે અહીં. પણ એવો એકરૂપ જે અતીન્દ્રિય આનંદ છે આત્મા. આ ઈન્દ્રિયનો આનંદ જે માને છે એ તો સુખ કલ્પના છે. એ કલ્પનાની પાછળ જે છે અંદર આત્મા એ તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. સચ્ચિદાનંદ પ્રભુ છે. એ આનંદની અંતર દૃષ્ટિ કરતાં એને સુપ્રભાત પ્રગટ થાય છે. આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એકરૂપ. આહાહા..! ત્રિકાળ આનંદ સ્વરૂપ અસ્ખલિત છે, એનો અનુભવ અને દૃષ્ટિ કરતાં, એનો સ્વીકાર અને સત્કાર કરતા, એની દશામાં આનંદ અતીન્દ્રિય અસ્ખલિત ધારાવાહી આનંદ પ્રગટ થાય, એને સુપ્રભાત કહે છે. આ તો બીજી જાત છે ભાઈ આ દુનિયાથી હોં. આ તો જંગલમાં આવીને પડ્યા છીએ તમારા સોનગઢ આવીને.

મુમુક્ષુ :- અહીં બધા ચાલ્યા આવે છે...

ઉત્તર :- સાચી વાત છે. આ તો આત્મા આ તો અહીં જંગલમાં આવીને પડી ગયા. આહાહા..!

મુમુક્ષુ :- જંગલમાં મંગલ કરી દીધું છે.

ઉત્તર :- આ તો આત્મા ભગવાન. આહાહા..! એક કડી કોક કીધી હતી હોં કાલે અરજણભાઈએ. એ અરજણભાઈ નથી વાણંદ? .. આપણે અરજણભાઈ નથી વાણંદ? એ પરમ દિ' આવ્યા હતા અને કાંઈક કડી બોલ્યા હતા આની આગમની. કોઈ જૂની કડી હતી એમાંથી બોલ્યા કે આગમ આમ થાશે અને એના પછી આમ થાશે. બોલ્યા હતા. હું તો મારા વિચારમાં હતો. મને .. નથી. અરજણભાઈ

આવ્યા છે? નથી આવ્યા. એ બોલ્યા હતા કાંઈક. શ્લોક છે એ શ્લોક. આગમનો શબ્દ કે જે આગમ આમ કહ્યા એ આગમ.. એમ કહે. બોલ્યા હતા. મારો વિચાર હું અંદરમાં હતો. પૂછતા હતા જરી. આગમે પછી આમ કહ્યું. આહાહા..!

આ તો આગમ એટલે આત્મજ્ઞાન. આ તો અક્ષરજ્ઞાન અક્ષર છે. અંતરમાં સચ્ચિદાનંદ અક્ષર. જે જ્ઞાનનું ખરવું, નાશ ન થાય એવો જે ચૈતન્યનો જ્ઞાનસ્વભાવ તેને અહીંયા અક્ષર જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! કહે છે, જેને એવો ભગવાન આત્મા અનંતકાળમાં બેઠો નથી. બહારની પ્રવૃત્તિમાં ધર્મ માનીને રોકાઈ ગયો છે ત્યાં. સમજાણું કાંઈ? તેથી નરસિંહ મહેતાએ કહ્યું ને 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' તારા પૂજા, ભક્તિ, દાન, દયા બધા મીંડા છે. એય..! નાનુભાઈ! એ આત્મા એનાથી ઉત્કૃષ્ટ સર્વજ્ઞે કહેલો આત્મા. આહાહા..! એ આત્માની અંદર શ્રદ્ધા ને જ્ઞાન થતાં, કહે છે કે એને સૂર્યના કિરણ જેમ ખીલે, એમ અનંત શક્તિવાળો પ્રભુ હતો એનો જ્યાં સ્વીકાર અંતરમાં, અનુભવમાં દૃષ્ટિમાં લીધો ત્યાં કિરણ અંકુરા ફૂટ્યા. જેમ જમીનમાં વરસાદ આવતા અંકુરા ફૂટે, એમ અનંતગુણના અંકુરાના અંકુર ફૂટ્યા. એને અહીં પ્રભાત કહેવામાં આવે છે. આ તો અધ્યાત્મની વાત છે ને ભગવાન! અહીં તો બહુ અંદરની વાતું છે ભગવાન! એ કોઈ બહારથી કાંઈ હાથ આવે એવી નથી. એટલે ઘણાને ઝીણું લાગે છે. પણ હોય એ છે તો આવો.

અરૂપી અંદર ચૈતન્યઘન આ તો બધા માટી, જડ, રૂપી. આ તો જડ એના વિરોધી તત્ત્વ છે. એનું ચૈતન્ય અંદર ચૈતન્યના નૂર, જ્ઞાનનું નૂરના-તેજના પૂર ભરેલું છે અંદર. આહાહા..! એવા જ્ઞાનના નૂરના પૂરને જેણે સ્વીકાર્યો અંદર એને આનંદ પ્રગટ થાય છે. આહાહા..! જેનો ચૈતન્ય મધુર સ્વાદ છે. આહાહા..! આ ધૂળના સ્વાદ એ આત્માને આવતા નથી. આ દૂધપાક ને એના સ્વાદ આત્માને નથી. એ તો જડ છે. પણ એના ઉપર લક્ષ કરીને રાગ કરે છે ને રાગ? એ રાગનો સ્વાદ છે એને. એ તો જડ છે. આ તો અરૂપી આત્મા છે. અરૂપીને દૂધપાકનો, બાયડીના શરીર, માંસ, હાડકાનો સ્વાદ આવે છે એને? આ તો જડ છે. પણ એના ઉપર લક્ષ કરીને પ્રેમ કરે છે અને રાગ કરે છે તો રાગનો એને સ્વાદ છે. આહાહા..! એ રાગનો સ્વાદ ઝેરીલો સ્વાદ, ચાર ગતિમાં રખડવાનો સ્વાદ છે. આ સ્વાદ તો ચૈતન્ય મધુર. એ રાગનો સ્વાદ છોડીને અંદર પ્રભુ... આ તો અપૂર્વ વાત છે ભગવાન! એણે અનંતકાળમાં કર્યું નથી. ધ્યાન જ આપ્યું નથી. ટાણા આવ્યા ત્યારે એમ કરીને છૂટી ગયો, આમ થાય, હળવે હળવે થાય, ઢીંકણું થાય. એમ કરીને એણે નકાર જ કર્યો છે મારે. આહાહા..! અને આંખુ વિચાણી જાવ ચોર્યાસીના અવતારમાં. આહાહા..! વંટોળિયાનું તરણું ઊડીને ક્યાં જઈને પડશે? એમ જેને આત્મજ્ઞાન અને ભાન નથી, મિથ્યાત્વના ભ્રમમાં પડ્યા એ ઉડતા તરણા ક્યાં જઈને અવતરશે? આહાહા..!

કહે છે જેને આ આત્માનું જ્ઞાન અને આત્મદર્શન થયું એને આનંદ પ્રગટ્યો. આહાહા..! અને હવે

ચોથો બોલ. **'અચળ જેની જ્યોત છે...'** આહાહા..! અચળ શબ્દ. જે આત્મામાં વીર્ય અંદર બળ પડ્યું છે. એ બળનો જ્યાં સ્વીકાર થયો ત્યાં દશામાં અનંત બળ પ્રગટ થાય છે. જેમ ગુલાબનું ફૂલ સંકોચ હોય તો ખીલેલું ન હોય, પણ સૂર્યના કિરણો નિમિત્ત પામીને ખીલી નીકળે છે ગુલાબનું ફૂલ. એમ ભગવાન આત્મા અનંત વીર્યનો પિંડ પ્રભુ આત્મા છે. આહાહા..! એની અંતરમાં દૃષ્ટિ અને શ્રદ્ધા કરતાં એની પર્યાય વર્તમાન દશામાં અચળ જ્યોત વીર્ય એ પ્રગટ થાય છે. આહાહા..! આ બળ કહેવાય. બાકી દુનિયાના બળ ને રાગ ને ધૂળ મારી નાખશે એને. સમજાણું કાંઈ? એ અચળ એવો આત્મા **'अयम् आत्मा उदयति' 'अयम् आत्मा'** ઉદય પામે છે. શબ્દ છે. આ સૂર્ય જેમ ઉદય પામે છે, એમ ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યથી ભરેલો છે. વસ્તુ છે એ આત્મતત્ત્વ જ એવડું એ છે. એનો અંદર સ્વીકાર અને અનુભવ દૃષ્ટિ કરતાં, એ ધર્મની પહેલી દશા, એનામાં અનંત ચતુષ્ટયના અંશો પ્રગટ થાય છે. એમાં એ આત્મા ઉદય પામ્યો એમ કહેવામાં આવે છે. એ આત્મા ઉદય પામ્યો જે અંધારામાં હતો. સમજાણું કાંઈ? એ ઊગ્યો આત્મા. આહાહા..! અને જેમ ઊગ્યો એ ઊગ્યો. જેમ માતાના પેટમાંથી પુત્ર જન્મે એ પુત્ર પાછો જાય નહિ. એમ એકવાર સમ્યગ્દર્શન અને આત્માના કિરણનું ભાન થયું, પાછો ન જાય એ. એ કેવળજ્ઞાન લઈને, ભવના અંત લઈને છૂટકો કરે. એને અહીંયા સુપ્રભાત, દિવસ ઊગ્યો, વર્ષ બેઠું એમ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૨, રવિવાર તા. ૨૮-૧૦-૧૯૭૩**
**ગાથા - ૬, ૭, ૮, પ્રવચન - ૩૯**

અષ્ટપાહુડ છે. એની છઠ્ઠી ગાથાનો ભાવાર્થ ચાલે છે. અહીં તો નિશ્ચય અને વ્યવહારનયનું સિદ્ધાંત શાસ્ત્રમાં જે કથન છે એને જે રીતે છે તેમ એને બરાબર જાણવું જોઈએ. નિશ્ચય અને વ્યવહાર બે વિરોધી છે. નિશ્ચય જ્યારે અભેદની વાત કરે ત્યારે વ્યવહાર ભેદની વાત કરે. એ વાત છે. નિશ્ચય એકરૂપ તત્ત્વને આશ્રયની વાત કરે, ત્યારે વ્યવહાર પરના આશ્રયના ભાવની વાત કરે છે. અને એ વ્યવહારના પણ અનેક પ્રકાર. પરવસ્તુ નિમિત્ત હોય એને વ્યવહાર કહેવો. બધો છે હેય. પણ હેય ના પ્રકારમાં આટલા પ્રકાર છે. પરવસ્તુનું નિમિત્ત દેખીને તેને હેય કહેવું એ પણ એક વ્યવહાર છે. આત્મામાં રાગ થાય, દયા, દાન, એ પણ નિશ્ચયથી સ્વમાં છે, પણ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ તે રાગ હેય છે, છોડવા જેવો છે. ત્યારે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એને આશ્રયે થયેલી દશા એ આદરણીય છે.

જ્યારે એ દશા જે છે નિર્મળ... ઝીણી વાત છે, બધી આવી ગઈ છે. આત્મામાં નિર્મળદશા ધર્મની

થાય તેને જ્યારે વ્યવહાર કહે ત્યારે એ હેય થઈ જાય. અને ત્રિકાળી વસ્તુને ઉપાદેય કરે એ નિશ્ચય છે. આ બધા પડખાં શાસ્ત્રમાં છે એને જેમ છે તેમ જાણવા જોઈએ. એકાંત ખેંચી નાખે અને તત્ત્વના ગર્ભને વાસ્તવિક વ્યવહારનો સંદર્ભ, ગર્ભ શું છે તત્ત્વ? નિશ્ચયનું શું રહસ્ય છે? એને સમજ્યા વિના ગોટા વાળે, યદ્‌વા-તદ્‌વા કહે, એ વિપરીત શ્રદ્ધા થાય.

અહીં કહે છે '**જૈસે જીવકો ચૈતન્યરૂપ, નિત્ય, એક, અસ્તિરૂપ ઈત્યાદિ અભેદમાત્ર કહના...**' ૪૬ પાને છે ને? બીજા પેરેગ્રાફમાં પાંચમી લીટી. ત્રણ ને બે પાંચ. '**ઈસકા ઉદાહરણ ઈસપ્રકાર હૈ—જૈસે જીવકો...** ' ભગવાન આત્મા '**ચૈતન્યરૂપ, નિત્ય, એક, અસ્તિરૂપ...** ' આમ છે. આ બધું જ્ઞાન કર્યે એને યથાર્થપણું પ્રાપ્ત થાય એવું છે. એમ ને એમ ઉપર ટપકે માની લે, જાણે કે અમને .. એ કહેતા હતા ઉપરનું ઉપરનું જાણવું કાંઈક. રહસ્ય અમે ન જાણીયે. અમારા હોલકર છે ને હોલકર એમાં રૂમાં તો બહુ ઊંડે ઊંડે જાતા હશે. છે કે નહિ હોલકર?

અહીંયા તો એમાં કઈ અપેક્ષાનું કથન છે એમ જાણવું જોઈએ. એક સમયની પર્યાય છે એને પણ પરદ્રવ્ય કહે. એ ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેવા માટે અને એમાંથી (દ્રવ્યમાંથી) નવી પર્યાય પ્રગટ થાય એ અપેક્ષાએ પર્યાયને પરદ્રવ્ય કીધી. એ (શુદ્ધ) પર્યાયને રાગની અપેક્ષાએ નિશ્ચય કહીએ. અને રાગને પરની અપેક્ષાએ નિશ્ચય કહીએ, નિમિત્તને આધીન થઈ માટે વ્યવહાર કહીએ. આ બધા પ્રકારો સિદ્ધાંતમાં છે એને બરાબર યથાવિધિ જેમ છે તેમ જાણવું જોઈએ. નહિતર કંઈકનું કંઈક થઈ જાય એમ છે. જુઓ!

કેવો છે ભગવાન આત્મા નિશ્ચય? જીવ ચૈતન્યરૂપ છે એ તો. જ્ઞાનસ્વભાવ, વસ્તુસ્વભાવ નિત્ય છે. જીવનું ચૈતન્યસ્વરૂપ એ નિત્ય છે, એક છે. પ્રકાર ભેદ નથી એમાં. એકરૂપ છે. એવું જે અસ્તિત્વ-હોવાપણું '**ઈત્યાદિ અભેદમાત્ર કહના...**' અભેદમાત્ર જાણવું કે કહેવું '**વહ તો દ્રવ્યાર્થિક નયકા વિષય હૈ...**' દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુને જાણવાનો એ વિષય છે. સમજાણું કાંઈ? '**ઔર જ્ઞાન-દર્શનરૂપ, અનિત્ય, અનેક, નાસ્તિત્વરૂપ ઈત્યાદિ...**' આત્મામાં આ જ્ઞાન છે, આ આનંદ છે, આ સમકિત છે અને એ અનિત્ય જે અવસ્થાઓ ભેદરૂપ અને અનિત્ય અવસ્થાઓ એ અનેક અને નાસ્તિરૂપ. પરથી નાસ્તિ પરસમય એમાં નથી. '**ઈત્યાદિ ભેદરૂપ કહના પર્યાયાર્થિક નયકા વિષય હૈ.**' ઝીણું છે ભાઈ આ થોડું.

'**દોનોં હી પ્રકારકી પ્રધાનતાકા નિષેધમાત્ર વચન-અગોચર કહના નિશ્ચય નયકા વિષય હૈ.**' નિષેધ એ નહિ ને એ નહિ. છે એ છે. ભેદ પાડીને કહેવું એ બધો વ્યવહાર. '**દોનોં હી પ્રકારકો પ્રધાન કરકે કહના પ્રમાણકા વિષય હૈ ઈત્યાદિ.**' લ્યો એટલું એને થોડું ઝીણું છે પણ હવે થોડું લીધું. બીજું જાણવા જેવી વાત છે. બહુ લાંબુ ઠીક નહિ પડે સભામાં.

સાતમી ગાથા. કારણ કે આ .. શૈલી છે. ફક્ત એ જાણવાનું. જેમ છે તેમ એને નયથી જાણવું અને

જાણીને જેમ છે તેમ તેનું યથાર્થ અંદર રહસ્ય છે એનો અર્થ કરવો. એને આઘોપાછો કરવા જશે તો ભ્રષ્ટ થઈ જશે. નિશ્ચય-વ્યવહારને યથાર્થ નહિ જાણે. ક્યાંક વ્યવહારને ઉપાદેય કહ્યો હોય. એ જાણવા માટે કહ્યો હોય. પણ વ્યવહાર આદરણીય છે એને માટે નથી કહ્યો. એવા કથનોને એને બરાબર જાણવા એની વાત છે. અત્યારે મંદબુદ્ધિ પ્રાણી છે અને એમાં થોડા જ્ઞાનમાં મહંતપણું અભિમાનમાં પોતે આવીને ઘણું જાણું છું એવા .. વીતરાગની આજ્ઞા નહિ સમજે તો એ ભ્રષ્ટ થઈ જશે. સમજાણું કાંઈ? વગેરે વગેરે વાત છે. આહાહા..!

ગુરુ સંપ્રદાયમાં અત્યારે યથાર્થ ગુરુની આજ્ઞા રહી નથી એમ કહે છે. આહાહા..! અને પોતાની કલ્પનાએ કરવા જશે તો વાસ્તવિક તત્ત્વ એને હાથ આવશે નહિ. બહુ ઝીણી વાત છે થોડી. સાતમો બોલ લ્યો હવે સાતમી ગાથા. '**આગે કહતે હૈં કિ જો સૂત્રકે અર્થ—પદસે ભ્રષ્ટ હૈ ઉસકો મિથ્યાદૃષ્ટિ જાનના—**'

**सुत्तत्थपयविणट्ठो मिच्छादिट्ठी हु सो मुणेयव्वो।**
**खेडे वि ण कायव्वं पाणिप्पत्तं सचेलस्स।।७।।**

આહાહા..! '**અર્થ :- જિસકે સૂત્રકા અર્થ ઔર પદ વિનષ્ટ હૈ વહ પ્રગટ મિથ્યાદૃષ્ટિ હૈ,...**' શું કહે છે? દિગંબર ધર્મમાં જે શાસ્ત્ર ચાલ્યા આવ્યા છે અનાદિના. સર્વજ્ઞ પરમેશ્વરે જે દિગંબર જૈન ધર્મ કહ્યો એ જ જૈન ધર્મ છે. એ પહેલાં આવી ગયું છે. જૈનદર્શન કોને કહેવું? અને એ ધર્મની મૂર્તિ જે દેખાય એ દર્શન શું છે? કે અંતરમાં ત્રણ કષાયનો અભાવ થઈને જેને નિર્ગ્રંથદશા પર્યાયમાં પ્રગટ થઈ છે. અને જેની ભૂમિકામાં એ ભૂમિકાને યોગ્યનો વ્યવહાર પંચ મહાવ્રત, ઊભા ઊભા આહાર, અદંત ધોવન આદિના વિકલ્પો એને હોય છે એ વ્યવહાર છે. અને મુદ્રા નગ્ન હોય છે શરીર. એ ત્રણ થઈને જૈનદર્શન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એમાંથી કયું ન હોય તો ચાલે?

ઉત્તર :- હોય જ તે. ન હોય તો ચાલે નહિ. સાધક છે ને અહીં તો હજી? સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ છે આનંદમૂર્તિ પ્રભુ. એને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. અંતરમાં ઉગ્ર પુરુષાર્થથી સ્વસંવેદન પ્રત્યક્ષદશા વિશેષ થાય એ વાસ્તવિક જૈનદર્શન નિશ્ચય છે. એની ભૂમિકામાં અચેલપણું-વસ્તુરહિતપણું, એકવાર આહાર, છ આવશ્યકનો વિકલ્પ એની ભૂમિકાનો, એ વ્યવહાર છે અને એ ભૂમિકાને યોગ્ય શરીરની-અજીવની અવસ્થા નગ્ન હોય એ વસ્તુનું સ્વરૂપ છે. કહો, બલુભાઈ! આવું જે જૈનદર્શન ભગવાને કહ્યું એને અંતરમાં પોતાના સ્વભાવના આશ્રયથી માનવું અને એના આવા જૈનદર્શન જે વીતરાગે શાસ્ત્રમાં કહ્યું, એનાથી જે ભ્રષ્ટ થયા. ઝીણી વાત છે જરી. જુદી વાત છે, ભગવાન!

અહીં તો આચાર્ય કહે છે કે સૂત્ર જે ભગવાને કહેલા એના એ દિગંબરના શાસ્ત્રો મુનિઓએ ધારી

રાખ્યા છે. એ શાસ્ત્રમાંથી એક શબ્દથી પણ જે .. વિરોધ. છે ને? સૂત્રનો અર્થ અને પદ વિનષ્ટ થયા. આહાહા..! વાસ્તવિક જે સર્વજ્ઞ પરમાત્માના કહેલા શાસ્ત્રો જે દિગંબરના શાસ્ત્રો એ પરમાર્થના કહેલા છે. ભગવાનના કહેલા છે. એનાથી એક પણ શબ્દ ને અર્થને ભ્રષ્ટ થઈને જે પંથ જૈનમાં નીકળ્યો એ મિથ્યાદષ્ટિ પંથ છે. સમજાણું કાંઈ? જરી ઝીરવી રાખવા જેવી વાત છે. ધર્મચંદભાઈ! એવી વાત. ભગવાને કહેલા શાસ્ત્રોમાં તો આ માર્ગ હતો. એમાંથી કલ્પિત કરી નાખ્યો. મુનિને વસ્ત્ર હોય, મુનિને તત્ત્વજ્ઞાનનું જ્ઞાન હોય એને ગમે તે રીતે આહાર કરેલો હોય પણ એને ખપે, સ્ત્રીનો દેહ હોય અને એને મુનિપણું આવે, કેવળ થાય એ બધા સૂત્રના ન્યાયથી ભ્રષ્ટ છે. એય..! બલુભાઈ! આવું છે આ. આહાહા..! બહુ ઝીણી વાત છે આ. શ્વેતાંબર પંથ નીકળ્યો એની ઉપરની વાત છે આ.

'**सुत्तत्थपयविणट्ठो**' કુંદકુંદાચાર્યનો પોકાર છે કે જે સૂત્રના વીતરાગ પરમેશ્વરે જે સૂત્ર, સિદ્ધાંત કહ્યાં હતા એનાથી એક પણ ન્યાયથી ભ્રષ્ટ થયા એ પ્રગટ મિથ્યાદષ્ટિ છે. '**हु**' છે ને '**हु**'? ખરેખર મિથ્યાદષ્ટિ છે. અરર..! આ વાત આકરી પડે. કહો, શિવલાલભાઈ! શ્વેતાંબર મત આખો અને એના પેટામાં નીકળેલો સ્થાનકવાસી પંથ બેય ભગવાનના શાસ્ત્રથી વિરૂદ્ધ થઈને પંથ નીકળ્યા છે. એય..! જયંતિભાઈ! અત્યાર સુધી બધું ઓલામાં ચાલતું હતું. આહાહા..! અન્યમતની તો વાત શું કરવી? પણ અહીંયા જૈન ધર્મમાં પણ પ્રવાહરૂપે અનાદિનો ભગવાને કહેલો શાસ્ત્રનો માર્ગ... આહાહા..! ક્યાં ગયા શાંતિભાઈ? પાલનપુર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આવ્યો છે? કહો, સમજાણું કાંઈ?

આ પરમ સત્ય છે. કુંદકુંદાચાર્ય પંચ મહાવ્રતધારી વ્યવહારે, નિશ્ચયથી વીતરાગ પદધારી અને નગ્નપણું અને એકવાર ઊભા આહાર લે. પાત્ર ન હોય, વસ્ત્ર ન હોય. એવી દશાને જૈન દર્શનનું મોક્ષમાર્ગનું પૂરું રૂપ કહેવામાં આવે છે. એનાથી કંઈ પણ જ્યારે ફેર પાડ્યો એ બધા મિથ્યા દષ્ટિ, પ્રગટ ગૃહીત મિથ્યાદષ્ટિ છે. ચીમનભાઈ! એના બાપ એ. આવું છે. વૈરાગ્યનો નિષેધ બહુ કરે. જૂની રૂઢિના માણસ હોય ને. એણે કાંઈ વાંચ્યું ના હોય... ક્રિયાકાંડ શ્વેતાંબરના કરતા હોય. એમાં કહે શ્વેતાંબર મિથ્યાદષ્ટિ હાય.. હાય...

મુમુક્ષુ :- આપણે ત્યાં (સોનગઢ) નથી જવું.

ઉત્તર :- આપણું નીકળી જાય. આહાહા..! બાપુ! માર્ગ આ છે, ભાઈ! શાંતિથી જે ધીરજથી જે યથાર્થ માર્ગ હતો, સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરનો માર્ગ, એમાં ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. એ જૈનદર્શનની પરંપરામાં મૂળ માર્ગના પ્રણેતા કુંદકુંદાચાર્ય છે. એ કુંદકુંદાચાર્ય એમ પોકાર કરે છે જગતને બાપુ! વીતરાગ માર્ગથી ભગવાને કહેલા સિદ્ધાંતોથી આ જે નવા સિદ્ધાંત બનાવ્યા આચારાંગને એ તો કલ્પિત બનાવેલા છે. ૩૨ ને ૪૫ એ

ભગવાનના કહેલા નથી. ઝીણી વાત છે, ભાઈ! અરે..! આ વાત કેમ બેસે? એય..! કાંતિભાઈ!

મુમુક્ષુ :- બરાબર બેસે .. પ્રભુ આપના ચરણમાં.

ઉત્તર :- પણ એટલો તો એણે વિચાર કરવો જોઈએ ને કે આ એમાં હતા કેટલું, છતાં ફેરવીને બેઠા છે તો કાંઈક હશે અંદર? પ્રેમચંદભાઈ! આહાહા..! માર્ગ એ બાપુ આવો છે ભાઈ! વીતરાગનો કહેલો, કેવળીનો કહેલો અને સંતોએ તે જાતનો અનુભવ કરીને અમે માર્ગ કહીએ છીએ એમ કહે છે. આહાહા..! આ માર્ગના પ્રણેતા અમે આ ઊભા. આહાહા..! આવે છે ને પ્રવચનસાર. પાછળના ભાગમાં આવે છે. માર્ગ આવો છે. આહાહા..! જેની નગ્નદશા, એકવાર ઊભા ઊભા આહાર. આહાહા..! અને જેના વિકલ્પો પણ કષાયની ઘણી મંદતાવાળા પંચ મહાવ્રતાદિના. અને જેની દશા અંદરમાં વીતરાગ મૂર્તિ પ્રભુ, એને આશ્રયે સ્વઆશ્રયે દશા પ્રગટ થયેલી ત્રણ કષાયના અભાવવાળી એને મુનિમાર્ગ કહીએ, એને મોક્ષમાર્ગ કહીએ, એને જૈનદર્શન કહીએ. સમજાણું કાંઈ? મૂળચંદભાઈ! આવી વાત છે આ તો.

એના સૂત્રના એક પદથી અને એક અર્થથી ભ્રષ્ટ થયા એ પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. ..ભાઈ! માર્ગ આવો છે. કોઈ સાથે વિરોધની વાત નથી. કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ-દ્વેષ નહિ. એ પણ આત્મા છે. પણ વસ્તુનું સ્વરૂપ આવું છે ત્યાં શું થાય? અનંત કેવળીઓએ, અનંત તીર્થંકરોએ, અનંત સંતોએ તો આ માર્ગ કહ્યો છે, ભાઈ! જૈનદર્શનની પરંપરાનો વાસ્તવિક માર્ગ તો દિગંબર ધર્મ અને દિગંબરના શાસ્ત્રો. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આકરું લાગે બહુ. આખી ચીજ .. હોય અને માન્યા હોય કે અમે આવા સાધુ છીએ. અરે..! ભાઈ! આહાહા..!

'**ઈસલિયે જો સચેલ હૈ,...**' દેખો! '**વસ્ત્રસહિત હૈ...**' વસ્ત્રસહિતપણું સાધુપણામાં જેણે મનાવ્યું એ બધા સિદ્ધાંતથી ભ્રષ્ટ છે. અનાદિ સનાતન વીતરાગ માર્ગથી વિપરીત થયેલા છે. એય..! પ્રેમચંદભાઈ! એ માને ઘરમાં એકલા. બાકી બધા.. આ માર્ગ શું છે એ જરી.. આહાહા..! '**ઈસલિયે જો સચેલ હૈ, વસ્ત્રસહિત હૈ...**' આ કારણે વસ્ત્રસહિત એને સ્થાપ્યા. ભગવાનના શાસ્ત્ર વિરાધ્યા, એનાથી ભ્રષ્ટ થયા એટલે વસ્ત્રસહિત સાધુપણું સ્થાપ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો ભાઈ ... માર્ગ તો .. ભલે એ જૈનદર્શનની મુનિપણાની દશા પાળી ભલે ન શકે, પણ એ માર્ગ આ છે એવી એને શ્રદ્ધા અંદરમાં કરવી જોઈએ. એ અહીં શ્રદ્ધાનું જોર છે. સમ્યગ્દર્શનનું જોર છે પણ એ સમ્યગ્દર્શનમાં આવું જૈનદર્શન છે એની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આહાહા..! આ માર્ગ છે ભાઈ! આ વસ્તુ જ આ છે ને. આહાહા..!

'**ઉસકો 'ખેડે વિ' અર્થાત્ હાસ્ય-કુતૂહલમેં ભી પાણિપાત્ર અર્થાત્ હસ્તરૂપ પાત્રસે આહાર નહીં કરના.**' શું કહે છે એ? વસ્ત્ર રાખવા અને હાથમાં આહાર લેવો. ભાઈ! પહેલા આવ્યું હતું ને શરૂઆતમાં. એ માર્ગ વીતરાગનો નથી. પહેલા શરૂઆતમાં એમ રાખતા. મંદિર પણ શરૂઆતમાં

બેયના એક હતા. પછી ફેરફાર થઈ ગયો. ભાઈએ બરાબર કીધું. એ .. થઈ ગયું છે. હુકમચંદજીને ક્ષયોપશમ ઘણો છે, બહુ છે. એક એક વાતને એવી .. મોક્ષમાર્ગની. કહે છે કે ત્રણ લોકના નાથ કેવળી મહાવિદેહમાં પરમાત્મા તો બિરાજે છે. અહીં પણ વીર અને ગૌતમાદિ થઈ ગયા. એ બધા ભગવાનોએ મુનિમાર્ગને જૈનદર્શન વસ્ત્રરહિત એવા સાધુ અને રાગરહિત એવી અંતરની દશા નિશ્ચય. અને રાગની ભૂમિકા હોય ત્યાં, પણ એ વસ્ત્ર લે એવો રાગ ન હોય. સમજાણું કાંઈ? નિર્દોષ આહાર લે એવો વિકલ્પ હોય, નગ્નપણું રહેવું એવો એક વિકલ્પ હોય. એ તો એ ભૂમિકાની મર્યાદા છે.

બાહ્યમાં વસ્ત્રનો એક ટૂકડો રાખે અને મુનિ માને કે મનાવે એ સિદ્ધાંતથી ભ્રષ્ટ છે. આહાહા..! ભારે આકરું! કુંદકુંદાચાર્ય કહે છે જુઓ. હવે બેયના સૂત્ર સરખા છે અને બેયના સિદ્ધાંતમાં મોક્ષનો માર્ગ છે એ ક્યાં આમાં રહ્યું? લ્યો આ વર્ષ બેસતાનો બીજો દિ' આવ્યો આ. એકકોર ચંદ્ર છે બીજ અને વાર રવિ છે. ચંદ્ર અને સૂર્ય ભેગા થયા આજે. ચંદ્ર બીજ છે ને આજે બીજ છે. ભાઈબીજ કહે છે શું કહે છે આ? અને આ વાર રવિ છે. રવિ એટલે સૂર્ય. ચંદ્ર અને સૂર્ય બે ભેગા થયા છે. એમાં આવે છે નહિ? ભજનમાં ત્યાં આવે છે નહિ? અહીં સૂર્ય ઊગે ચંદ્ર.. ભજનમાં આવે છે આપણે. ભગવાન કેવળી પરમાત્માની ઈન્દ્રો આવીને સેવા કરે છે .. એમ કહે છે. ભક્તિમાં છે ભક્તિમાં.

અહીં કહે છે, ભાઈ! શાંતિથી કોઈ પ્રત્યેનો વિરોધભાવ રાખ્યા વિના વસ્તુની સ્થિતિ આ છે. અનંત કેવળીઓએ વસ્ત્રસહિત મુનિપણું માને એને મિથ્યાદષ્ટિ (કહ્યા), એને સમ્યગ્દર્શન હોય નહિ. તો એને સાધુપણું ક્યાંથી હોય? આકરો માર્ગ છે. એમાં તો શ્વેતાંબર આવી ગયા. હવે આ તો ૩૯ વર્ષથી થાય છે આ બધા. આ ૩૯મું વર્ષ બેઠું આ. ભાઈને બેસશે ત્રીજું વર્ષ. આહાહા..! હવે આવું તો સ્પષ્ટ કરવાનો પ્રસંગ આવે ત્યારે આવે ને. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પંચમકાળમાં આવું બનતું હશે?

ઉત્તર :- આ કોની વાત ચાલે છે આ? આ પંચમ આરાના મુનિ કહે છે એ કોને કહે છે? આહાહા..!

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય, જે ભગવાન પછી ગૌતમ અને ગૌતમ પછી કુંદકુંદાચાર્ય આવ્યા. એ એમ પોકારે છે, સૂત્રના ભગવાને કહેલા શાસ્ત્રો ભાઈ! એમાં તો વસ્ત્રરહિતપણું મુનિપણું સ્થાપ્યું છે. અને એમાંથી શાસ્ત્રનો એક અર્થ પણ ફેરવી નાખીને અચેલ એટલે એમ કહે છે એ. જેમ કન્યા ઉણોદરી હોય શું કહેવાય એ? કન્યા નહિ ઉદર .. નથી એનો અર્થ પાતળું છે. બહુ પાતળું હોય ને શરીર. .. આને પેટ જ નથી એમ કહે. એનો અર્થ? કે બહુ પાતળું છે માટે. એમ અચેલનો અર્થ બહુ વસ્ત્ર થોડા રાખે માટે અચેલ એમ અર્થ કરે છે. એમ નથી, બાપુ! મૂળ દેવમાં ભૂલ છે. દેવે આવું કહ્યું એમ માનનારા દેવને ઓળખતા નથી. ગુરુએ એમ પાળ્યું એમ માનનારા ગુરુને ઓળખતા નથી. અને શાસ્ત્રમાં એમ કહ્યું છે વસ્ત્રસહિત મુનિ, એ શાસ્ત્રને જાણતા નથી. ત્રણેમાં એની ભૂલ છે. આહાહા..! કહો, ધીરૂભાઈ! ભારે આકરું! આહાહા..!

'**ખેડે વિ અર્થાત્ હાસ્ય-કુતૂહલમેં ભી પાણિપાત્ર અર્થાત્ હસ્તરૂપ પાત્રસે આહાર નહીં કરના.**' હાથમાં આમ વસ્ત્ર પહેરેલું હોય અને હાથમાં આહાર લે. વિકલ્પમાત્રથી પણ કરવું નહિ. અને એવાને કુતૂહલમાત્રથી પણ આહાર દેવો નહિ. ગુરુ માનીને કે આ પણ ગુરુ હોય છે. આહાહા..! કહો, પ્રવિણભાઈ! આ તો ઓપરેશન છે ને? સર્જન છે. આહાહા..!

'**ભાવાર્થ :- સૂત્રમેં મુનિ કા રૂપ નગ્ન-દિગંબર કહા હૈ.**' ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંત પ્રભુએ સિદ્ધાંતમાં મુનિનું નગ્નરૂપ કહ્યું છે. આહાહા..! પ્રવચનસારમાં ઓલામાં આવ્યું ને? જિનવરે કહેલો. અઠ્યાવીશ મૂળગુણ જિનવરે કહ્યા છે, ભાઈ! વસ્ત્ર રાખવા ને પાત્ર રાખવા એ ભગવાનની વાણી નથી. એ તો અજ્ઞાનીઓ શાસ્ત્રોમાં કલ્પિત બનાવીને એને શાસ્ત્રમાં નાખ્યા. આહાહા..! બહુ ઉથલપાથલ. માર્ગ તો આવો છે બાપુ! કોઈની સિફારીશ કે .. ત્યાં કામ આવે નહિ. કે મોટી પદવી આવી છે ને આવી છે. વીતરાગ ભગવાનનો વિરહ પડ્યો. સંતો આદિ સાચાની ઉત્પત્તિ ઘટી ગઈ. બુદ્ધિની લક્ષ્મીના વિકાસ ઓછા થઈ ગયા. એમાં આવા માર્ગ નીકળ્યા એને પરખવા કઠણ પડી ગયા. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર એ એમ કહે છે કે સિદ્ધાંતમાં તો મુનિને નગ્નદશા કીધી છે. એકલી નગ્ન નહિ. અંતરમાં વીતરાગતા આત્માના આનંદની દશા પ્રગટી છે એને વસ્ત્ર લેવાનો વિકલ્પની ઉત્પત્તી જ ન હોય. એવી જેની દશા છે એને ભગવાને નગ્ન કહ્યા છે. શાંતિભાઈ!

'**જિસકે ઐસા સૂત્રકા અર્થ તથા અક્ષરરૂપ પદ વિનષ્ટ હૈ...**' સિદ્ધાંતનો આવો અર્થ જે શાસ્ત્રમાં નથી કે વસ્ત્રપણું તે મુનિપણું હોય, વસ્ત્ર રાખવામાં મૂર્છા ક્યાં છે? મૂર્છા.. એમ કહ્યું છે. બાપુ! ત્યારે વસ્ત્ર રાખવું એ જ મૂર્છા છે. પ્રવચનસારમાં તો કહે છે કે પરની હિંસા થાય અને હિંસા ન લાગે. ન મારવાનો ભાવફેર છે માટે. પણ પરિગ્રહ રાખે અને પરિગ્રહવંત ન હોય એમ બને નહિ. પ્રવચનસારમાં છે ને. આહાહા..! એ સિદ્ધાંત સિદ્ધ કર્યા છે. આહાહા..! વાસ્તવિક હજી ગુરુ અને દેવની ખબર ન મળે અને દેવ-ગુરુનું સ્વરૂપ શાસ્ત્રમાં શું કહ્યું એ શાસ્ત્રની ખબર ન મળે એની શ્રદ્ધા સાચી ક્યાંથી થાય? આહાહા..!

**મુમુક્ષુ :-** ...

ઉત્તર :- દેવા આહાર.. એ દેવાની વાત જ નથી અહીં. મુનિ છે એમ માનીને ન દે એમ. આવે તો આવે, એમાં ક્યાં ના છે? કોઈપણ આવે. અને એના ઉપર કાંઈ દ્વેષ છે? વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જાણવું. અંદરમાં અંતરમાં એના પ્રત્યે વેર નહિ. દ્વેષ આવે એમ ન હોય. એ પણ આત્મા છે. ભૂલ્યા છે, પણ પર્યાયમાં એ ભૂલ ટાળશે ત્યારે થાશે. એનો સ્વભાવ જ ભૂલને ટાળવાનો છે. પણ હવે રાખીને કરે ત્યાં સુધી શું થાય? એમ કહે છે. ચંદુભાઈ! આહાહા..!

ઘણી જ કરૂણાથી કુંદકુંદાચાર્ય જગત પાસે જાહેર કરે છે ભાઈ! શબ્દનો એક ન્યાય ફેરવ્યો શાસ્ત્રનો. '**આપ વસ્ત્ર ધારણ કરકે મુનિ કહલાતા હૈ...**' આહાહા..! ઓલાએ તો બિચારાએ લખ્યું છે ને એક

જણાએ નહિ? અર્ધફાલક હતા. ભાઈ નહિ એક સાધુ છે ને? જૂનાગઢ મળ્યા હતા. અર્ધફાલક પહેલા સાધુ થયા દિગંબરમાંથી નીકળ્યા ત્યારે. આટલો કટકો. આમાં છે પાઠ અષ્ટપાહુડમાં. અર્ધફાલક. એણે લખ્યું છે. અર્ધફાલકમાંથી ૧૦૮ ઉપકરણ થઈ ગયા. ૧૧૧. ભગવાન જાણે હજી ક્યાં સુધી જાશે? ક્યાં જઈ અટકશે? અર્ધફાલકમાંથી વકરેલો વિકાર. એ શ્વેતાંબર સાધુ છે. પણ અહીંનું બધું વાંચેલું છે ને. છે ને એ? અર્ધફાલક વસ્ત્રમાંથી વકરેલો વિકાર ક્યાં જઈને અટકશે એ તો પ્રભુ જાણે. ઉદાસીન ચંપક સાગર. દેરાવાસી સાધુ. આ વાંચ્યું છે એટલે એનું. દિગંબરમાંથી નીકળ્યા ત્યારે તો કટકો રાખતા થોડો આટલો નગ્ન. .. એમાંથી પછી વધી ગયું. પ્રાયે ૧૦૮ સાધુજીને અને સાધ્વીને .. ૧૧૯ જેટલી સંખ્યા થાય છે. આટલું રાખે છે... સાધુ.

મુમુક્ષુ :- બજરની ડાબલી આવી ગઈ છે ને.

ઉત્તર :- બજરની ડાબલી આવી છે. બજરની ડાબલી, ચશ્મા, ઘડિયાળ. આ તો વસ્તુ એક જાણવા માટેની. માર્ગ તો એ .. છે. અનાદિનો સનાતન જૈનદર્શન એ દિગંબર દર્શન જૈનદર્શન. એમાંથી ભ્રષ્ટ થઈને શ્વેતાંબર દર્શન નીકળ્યું એને માટે આ ભગવાન કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. સમજાણું કાંઈ? શ્રદ્ધાને સુધારો અને એ શ્રદ્ધા નહિ સુધરે ત્યાં સુધી અંતરમાં નહિ જશો. એમ કહે છે. સમજાણું કાંઈ? એવી વાત છે. આહાહા..!

**'આપ વસ્ત્ર ધારણ કરકે મુનિ કહલાતા હૈ વહ જિન-આજ્ઞાસે ભ્રષ્ટ હુઆ...'** છે ને એમાં? આ બહાર વાત જાય તો લોકોને એવું લાગે કે.. આહાહા..!

મુમુક્ષુ :- ગળા સુધી આવી ગયા છે.

ઉત્તર :- આવી ગયા છે. આહાહા..!

મુમુક્ષુ :- હવે આ વાત કોઈને આકરી નથી લાગતી.

ઉત્તર :- માર્ગ જ આ છે, ભગવાન! વસ્તુ જ આ છે ને, પ્રભુ! તને લાગત આવે છે ભાઈ! વસ્ત્રસહિત મુનિપણું માને એ જૈનદર્શનને કલંક છે. એ કુપુત્ર જાગ્યા છે એમ કહે છે. ભલે મુનિ ન થઈ શકે, પણ જેવું સ્વરૂપ આત્માનું છે એમ એવું એને માનવું તો જોઈએ ને. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ આ છે. એમાં કોઈની સિફારશ કે કોઈની મહા મોટપ હોય માટે અમે કાંઈક એમાં આવી જઈએ. એ બહારની મોટપ કાંઈ નથી. આહાહા..! ઘણાં બચાવ કરે છે અત્યારે આ. ત્યાં સુધી કહે છે, ભગવાનને પણ વસ્ત્ર હતું.. અને અડધું ફાડીને આપ્યું. અરેરે..! બાપુ! આ માર્ગ વીતરાગનો નહિ, ભાઈ! એ શાસ્ત્ર ભગવાનના નહિ. એ તો શાસ્ત્રના સિદ્ધાંતથી ભ્રષ્ટ થયેલાઓએ બનાવેલા છે. શાંતિથી કહો, મીઠાશથી કહો, સત્ય તો આ છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! એના શ્વેતાંબરના મંદિરો, ભગવાનને મોટા દાગીના માથે ચડાવે. શું કીધું?

મુમુક્ષુ :- મુગટ.

ઉત્તર :- મુગટ, ચાંદીના આંગી. અત્યારે એક ઠેકાણે જોયું હતું અત્તર લગાવીને ચોપડે. અરર..! એક અત્તરના બિંદુમાં મહાપાપ. આ માર્ગ ભગવાનનો એવો ન હોય ભાઈ! ભગવાનનો માર્ગ અહિંસા છે. રાગની ઉત્પત્તિ ન થવી એવી જે દશા એને અહિંસા કહે છે. એવા ભાવવાળાને આવો ભાવ ન હોય. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો એક વસ્તુનું સ્વરૂપ આ છે. આહાહા..! આવું સાંભળીને પોતાના દોષ હોય એ ટાળવાની વાત છે. બીજાના દોષ હોય એના ઉપર .. કરવાની.. કરવાની .. વાતું છે. આહાહા..! માર્ગ સનાતન સત્ય તો આ છે. આહાહા..!

કહ્યું હતું ને એક જણે પ્રશ્ન કર્યો હતો કે આ ઉદ્દેશિક આહારનો ખુલાસો થઈ જાય તો પ્રેમ વધે. એ શું ખુલાસો કરીયે? એમ એ ગૃહસ્થો એને માટે કરે છે અને એ સાધુ લે છે એમાં કાંઈ વાંધો નથી. બાપુ! ભગવાનના વિરહ પડ્યા, પાછળ આવા અર્થ ન થાય. આહાહા..! એમ કહ્યું ભાઈ હોં. વીતરાગ કેવળી .. ભાઈ! એની પાછળ આવા અર્થ ન થાય. અને એ રીતે સંપ વધે એ સંપ ન કહેવાય. સમજાણું કાંઈ? એણે ગૃહસ્થો કરે અને લે એમાંથી કાંઈક ઉદ્દેશિક (નથી) એવી શૈલી જો નીકળે તો સંપ બહુ થાય. મેં તો કીધું, હિન્દુસ્તાનમાં ક્ષુલ્લક દ્રવ્યલિંગી પણ હું તો માનતો નથી. એને ચોખ્ખું કહ્યું. હતો ક્ષુલ્લક. એને કીધું હતું. સાંભળતો હતો. સાંભળતો હતો શાંતિથી. કોઈ વ્યક્તિ પ્રત્યે ઓલાથી નહિ. બાપુ! માર્ગ આ છે. હિન્દુસ્તાનમાં દ્રવ્યલિંગી સાધુ તો નથી, પણ દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ નથી. આ બેસે, ન બેસે આ ... આહાહા..! આવું સ્વરૂપ ગણધરોએ, તીર્થંકરોએ ઈન્દ્રો અને ગણધરની સભામાં આ ફરમાવ્યું હતું એ કુંદકુંદાચાર્ય ફરમાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'જિન-આજ્ઞાસે ભ્રષ્ટ હુઆ પ્રગટ મિથ્યાદષ્ટિ હૈ,...'** આહાહા..! **'ઈસલિયે વસ્ત્ર સહિતકો હાસ્ય-કુતૂહલસે ભી પાણિપાત્ર અર્થાત્ હસ્તરૂપ પાત્રસે આહારદાન નહીં કરના તથા ઈસપ્રકાર ભી અર્થ હોતા હૈ કિ ઐસે મિથ્યાદષ્ટિકો પાણિપાત્ર આહારદાન લેના યોગ્ય નહીં હૈ,...'** વસ્ત્રસહિત રહેવું અને હાથમાં આહાર લેવો એવું એને હોઈ શકે નહિ. આહાહા..! જૈન સિવાય અન્યમતની તો શું વાત કરવી? પણ જૈનમાં આવા ફાંટા પડ્યા. દુકાનો જુદી જુદી થઈ ગઈ. બિચારા લોકોને નિર્ણય કરવાના વખત રહ્યા નહિ. માંડ કલાક-બે કલાક વખત મળે, ૨૨ કલાક ધંધો. હવે એમાં આટલા પ્રકારના પંથનો નિર્ણય કરવો કેમ? સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે કે એવા પાણિપાત્રવાળાને આહાર ન દેવો, વસ્ત્રસહિત(વાળાને) હાથમાં આહાર ન દેવો એમ કહે છે. અને એણે હાથમાં આહાર લેવો નહિ. બે વાત લીધી. આહાહા..! **'ઐસા ભેષ હાસ્ય-કુતૂહલસે ભી ધારણ કરના યોગ્ય નહીં હૈ,...'** આહાહા..!

એક તો વસ્ત્ર રાખવું અને વળી હાથમાં આહાર લેવો એવું કુતૂહલથી પણ ન કરવું ભાઈ! જૈનદર્શન લજાય છે. જૈનદર્શન તો છે એ છે. પણ બાપુ તારા આ ભાવથી જૈનદર્શનની અશોભા થાય છે, ભાઈ! આહાહા..! પાળી ન શકે એથી એને કાંઈ વાંધો નહિ. પણ ગોટા ઊંધા વાળવા એ માર્ગ નથી, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પછી એકદમ પહેલાં તો મંદિર એકલું આવ્યું.. પછી .. પહેલા જુદા પડ્યા ને બાર વર્ષ દુકાળ પડ્યો ને તો થોડુંક કપડું રાખતા. બસ. પછી હાથમાં લે આહાર. એ કહે છે. એ માર્ગ નથી વીતરાગનો. આહાહા..! સનાતન સર્વજ્ઞ પરમેશ્વર જેના સર્વજ્ઞના જ્ઞાનમાં આવું મુનિપણું વસ્ત્ર વિનાનું, રાગ વિનાની દશા, અને રાગ હોય તો એની મર્યાદા શું છે. એવું ભગવાનનું જ્ઞાનમાં જોયું એવું કહ્યું. એવું શાસ્ત્રમાં રચ્યું. જે શાસ્ત્રમાં અર્થમાંથી ઉંધા (અર્થ) કરી બીજો અર્થ કાઢ્યો. અચેલનો અર્થ વસ્ત્ર થોડા હોય એને અચેલ કહેવું. વાંધો નહિ? કહે છે કે એ શાસ્ત્રથી ભ્રષ્ટ થઈ ગયા છે. સમજાણું કાંઈ? અરે..! જગતને ક્યાં પડી છે? આ સત્ય ક્યાં છે અને અસત્ય શું છે?

પોતાને આ સત્ય શું છે એના નિર્ણય વિના પ્રભુ! તું ક્યાં જઈશ? આહાહા..! અને અસત્યનો નિર્ણય જૂઠો છે એને છોડ્યા વિના એને ક્યાં જાવું છે? આહાહા..! ભગવાન પરમ સત્ય ચૈતન્ય સાહેબો એ તો પરમ સત્યને જ સ્વીકારનાર છે. એક અંશે પણ અસત્ય હોય એ ચૈતન્યની અંદર સમાતું નથી. સમજાણું કાંઈ? જાગતી જ્યોત ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા એ જેવી છે તેવી એ જાણે. ફેરફાર કરીને કંઈપણ જાણે એ શાસ્ત્રના અર્થને સમજતા નથી, એ વીતરાગની આજ્ઞાને માનતા નથી. એ વીતરાગના પંથથી ભ્રષ્ટ થયેલા છે. આહાહા..!

મુમુક્ષુ :- સત્ય...

ઉત્તર :- આ છે. માર્ગ આ છે.

'**વસ્ત્રસહિત રહના ઔર પાણિપાત્ર ભોજન કરના,...**' કટકો આટલો રાખવો અને હાથમાં આહાર લેવો એમ કહે છે. શરૂઆતમાં એટલો કટકો રાખે. બહુ ઓલી નિંદા થઈ જાય લોકોને એટલે એટલો રાખવો એમ કરવા માંડ્યુ. એમાં ઝાઝું ચાલ્યુ.. ચાલ્યું... આહાહા..! સાધુ નીકળે તો પોટલા માથે. મજુર એક બે હોય હારે. આ નિર્ગ્રંથ મુનિ. અરેરે..! પ્રભુ! આ માર્ગ વીતરાગનો નહિ ભાઈ! કેવળી તીર્થંકરોનો આ માર્ગ નહિ. એ વસ્ત્રનો ટૂકડો રાખવો અને આહાર, પાણી હાથમાં લેવો, ભાઈ! એ મશ્કરી છે કુતૂહલથી એમ કરીશ નહિ અને એવાને તું કુતૂહલથી પણ આહાર દઈશ નહિ મુનિ માનીને. સમજાણું કાંઈ? આહાહા..! '**ક્રીડામાત્ર ભી નહીં કરના.**'

'**આગે કહતે હૈં કિ જિનસૂત્રમેં ભ્રષ્ટ હરિહરાદિકકે તુલ્ય હો તો ભી મોક્ષ નહીં પાતા હૈ...**'

हरिहरतुल्लो वि णरो सग्गं गच्छेइ एइ भवकोडी।
तह वि ण पावइ सिद्धिं संसारत्थो पुणो भणिदो।।८।।

‘**અર્થ :- જો મનુષ્ય સૂત્રકે અર્થ પદસે ભ્રષ્ટ હૈ વહ હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત્ રુદ્ર, ઈનકે સમાન ભી હો,...**’ કહે છે કે મહા પુણ્યવંત હો અને મોટી પદવી હો. એથી શું? રાજા માનતા હોય. સમજાય છે કાંઈ? મોટા મોટા રાજા માને, મોટી પદવી હોય એથી શું? એ કાંઈ વસ્તુ નથી. અને સાચા સંત હોય નગ્ન દિગંબર, થોડી બુદ્ધિ સમજાવવાની હોય. જંગલમાં બાવળ નીચે પડ્યા હોય. ન માને કોઈ. પથરા મારે એથી કાંઈ સત્ય ઘટી જાય એવું છે. અને આવા મોટા પદવી ધરો થયા માટે ધર્મ એ પણ કાંઈક ધર્મ છે, એમ નથી.

પદથી ભ્રષ્ટ થયા એ હરિ અને હર ‘**અનેક ઋદ્ધિ સંયુક્ત હો, તો ભી સિદ્ધિ અર્થાત્ મોક્ષકો પ્રાપ્ત નહીં હોતા હૈ.**’ ક્ષયોપશમજ્ઞાન એટલો હોય, જગતને સમજાવાની શક્તિ અને લાખો માણસ ભેગા કરવાની શક્તિ, છતાં ભગવાનના કહેલા સિદ્ધાંતથી ભ્રષ્ટ છે. એ તો મોટી હલકી ગતિએ જવાના છે કહે છે. અત્યારે ભલે પદવી મોટી ધરાવતા હોય. આહાહા..! અને મોટા પંથના આચાર્ય ને ગુરુ થયા. આમાં આવી ગયું છે પહેલું. એની ત્રસની સ્થિતિ પૂરી થવા લાગી છે. આહાહા..! આકરું લાગે, ભગવાન! પણ માર્ગ તો આ છે હોં પ્રભુ! મિથ્યાત્વના ફળ શું ભાઈ! અનંત કેવળીઓથી વિરુદ્ધ, અનંત સિદ્ધાંતોથી વિરુદ્ધ, અનંત ગુરુઓથી વિરુદ્ધ. કહો, સમજાણું કાંઈ? હવે આમાં ક્યાંય નથી, એને ઠેકાણે અન્યમાં પણ કાંઈક હશે બ્રાહ્મણમાં ને વેદમાં ને ઢીંકણામાં. ભ્રમણા... ભ્રમણા જગતની એ મિથ્યાત્વની પુષ્ટિમાં અનંત સંસાર છે રખડવાનો. આહાહા..! સમજાણું કાંઈ? ઠીક હવે આ જરી અધિકાર આવ્યો આજે. આહાહા..!

‘**મોક્ષકો પ્રાપ્ત નહીં હોતા હૈ. યદિ કદાચિત્ દાન પૂજાદિક કરકે પુણ્ય ઉપાર્જન કર...** ’ બાહ્ય વ્રત પાળે. અજ્ઞાનીને છે એ જાતના. બ્રહ્મચર્ય પાળે, ભગવાનની પૂજા, ભક્તિઓના .. લાખો, કરોડો રૂપિયા ખર્ચીને, પણ શાસ્ત્રના સિદ્ધાંતથી ભ્રષ્ટ થયેલા એ મોટી મોટી પૂજાઓ રચાવે, ભલે કદાચિત્ સ્વર્ગમાં જાવ તો જાવ. ‘**વહાં સે ચય કર, કરોડોં ભવ લેકર સંસાર હી મેં રહતા હૈ,...**’ અરર..! સમજાણું કાંઈ? કહે છે કે ભગવાને કહેલા સિદ્ધાંત એનાથી એક પણ અર્થ ફેરવીને ભ્રષ્ટ થયા. એમણે તો ઘણાં હજારો અર્થ ફેરવી નાખ્યા છે. ઘણા તો એકપણ અર્થ ફેરવીને કે વસ્ત્રસહિત મુનિપણું માનવું એટલો એક અર્થ લ્યો. તોપણ કહે છે કે એ મોટા મહંત હો, જ્ઞાનના ક્ષયોપશમમાં વધી ગયેલા હોય, રાજા-મહારાજા જેના તળિયા ચાટતા હોય. રાજના માન જેને મળતા હોય, રાજા જેને ત્રાંબાના પત્ર ઉપર લખી દે કે જાવ, તમારો આટલો હક છે. પણ એથી શું? કહે છે.

તત્ત્વની વાતનો વિષય તો આ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જેને હજી ખબર નથી. એને આત્માની ખબરું પડે અને સમકિત થાય, ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! કુંદકુંદાચાર્ય તો શાંતિથી

દર્શનપાહુડમાં વાત કરી એવી સૂત્રપાહુડમાં આ વાત કરી. ભગવાનના કહેલા સિદ્ધાંતો આચારાંગ અને સૂયગડાંગ ને એ તો લોપ થઈ ગયા છે. એનો અમુક ભાગનો અંશ કુંદકુંદાચાર્ય આદિથી રહી ગયો છે. એમાંથી પણ ભ્રષ્ટ થયા. આહાહા..! અને મોટી મહંતદશા શરીરના પુણ્ય જબરા હોય. સમજાય છે? હજારો રાજાઓ ખમ્મા-ખમ્મા કરતા હોય. એથી શું? ભલે એ વખતના પુણ્યના પરિણામ હોય દાનના, દયાના, બ્રહ્મચર્યના, તો સ્વર્ગમાં જાય. પણ કરોડો ભવ કરીને, અબજો ભવ કરીને. ભવકોટિ શબ્દ છે ને? આહાહા..! '**न प्राप्नोति सिद्धिं**' એવા કરોડો ભવ કરે તો પણ એની મુક્તિ છે નહિ. આહાહા..! આ સમ્યગ્દર્શનની વ્યવહાર શ્રદ્ધાના સુધારાની વાત છે.

મુમુક્ષુ :- મૂળ રકમ છે પ્રભુ આ.

ઉત્તર :- હા. અથડામણી કોઈ સાથે ઊભી થાય એ વાત નથી આમાં. માર્ગ આવો છે ભારે ભાઈ! અરિહંતનો કહેલો. કેવળી પણ્ણંતો ધમ્મો. કેવળીએ કહેલો ધર્મ તે આ છે. એમાંથી કંઈપણ ફેરફાર કરીને મહા પદવીને પામેલા અને બાળબ્રહ્મચારી હોય, રાજા માન્ય કરતા હો, જેના પુણ્યના ઠાર દેહમાં દેખાતા હોય, એથી શું? એમ કહે છે. અંતે કરોડો ભવ કરી સંસારમાં રખડશે. આહાહા..! કહો, સમજાણું આમાં? આ અંદર પચાવાની વાત છે હોં! કોઈ સાથે અથડામણ કરવાની આ વાત નથી. પોતાને સમજીને દોષ વિરોધ હોય એને ટાળવો એ વાત છે. બીજા સાથે ચર્ચા ને વાદ ને ઝઘડા કરવા (નહિ). સમજાણું કાંઈ?

'**કરોડોં ભવ લેકર સંસાર હી મેં રહતા હૈ,-ઈસપ્રકાર જિનાગમમેં કહા હૈ.**' દેખો! છે ને? '**सिद्धिं संसारत्थो पुणो भणिदो**' પાઠમાં છે પાઠ. એને સંસારમાં રખડવું પડશે. આહાહા..! અત્યારે મહંત મોટા ક્ષયોપશમમાં દરિયા જેવા ક્ષયોપશમ. અગ્યાર અંગ અને નવપૂર્વની લબ્ધિ થઈ હોય. લ્યો. આહાહા..! છતાં જેણે ભગવાનના માર્ગનો વિરોધ કરીને સિદ્ધાંત નવા બનાવ્યા, એમાં વસ્ત્રસહિત મુનિપણું સ્થાપ્યું એ બધા કરોડો ભવ કરશે અને રખડશે ચાર ગતિમાં. ચંદુભાઈ! આવી વાત છે. કહો, મનહરભાઈ! આ તમારે પારેખ કુબેર હતા. કુબેર શું? કબીર. કબીર. હવે છોડી દીધું છોકરાએ. પણ ફુલચંદભાઈને થોડું-ઘણું હતું હોં. કબીર કબીરનું નહિ? પણ સામે મોતી પારેખ હતા ને તમારી સામે નહિ? ડોસા નહોતા તમે નહિ જોયા હોય. સામે. મોતી પારેખ હતા. એ પાકા કબીરપંથી. બુદ્ધિ કાંઈ ન મળે. જાડી બુદ્ધિ. આહાહા..!

અહીં તો કબીરપંથી નહિ પણ જૈનપંથીમાંથી પણ જે વસ્ત્ર રાખીને મુનિપણું માને એ અજૈન છે, જૈન નથી. કહો, સમજાણું કાંઈ? અરે..! એને દરકાર આત્માની શું? અરે..! મારું શું થશે? હું અહીંથી જઈશ તો આત્મા તો કાયમ છે. આ તો બધું વીખાઈ જશે ફૂ. તો ક્યાં જાવું છે એને? જો એણે મિથ્યાશ્રદ્ધા રાખી તો મિથ્યા શ્રદ્ધામાં રખડશે ચાર ગતિમાં. જો એણે સાચી શ્રદ્ધા કરીને અંતરને આત્માને આશ્રયે સમ્યક્ કર્યું હશે તો એને ભવિષ્યમાં પણ એકાદ બે ભવ કે પાંચ ભવે કેવળ ને મોક્ષ

જાશે એ. સમજાણું કાંઈ? પણ આ દિગંબર સર્વજ્ઞોએ અને મુનિઓએ કહેલો માર્ગ એ જેને અંદરમાં બેસે એને ભવભ્રમણ હોય નહિ. આને ભવ હોય તો એને ભવ ન હોય એમ ગુલાંટ ખાય છે વાત. સમજાણું કાંઈ? કહો, મનસુખભાઈ! શું કરવું આમાં તમારું? એનું ઘર એક અને સામે ઘણા બધા ઓલા. આહાહા..!

જુઓ ભાવાર્થમાં છે ને? '**શ્વેતાંબરાદિક...**' શ્વેતાંબર અને સ્થાનકવાસી અને એમાં તેરાપંથી આ જે નીકળ્યા અત્યારે તુલસી આદિ. '**ઈસ પ્રકાર કહતે હૈં કિ–ગૃહસ્થ આદિ વસ્ત્ર સહતિકો ભી મોક્ષ હોતા હૈ...**' વસ્ત્ર છે સહિત છે એ તો ગૃહસ્થપણું છે, છતાં એને મોક્ષ થાય છે. અન્ય લિંગે સિદ્ધા. આવે છે એને? ગૃહસ્થી સિદ્ધા, અલિંગ સિદ્ધા.. આહાહા..!

મુમુક્ષુ :– .. માં દાખલો આપે છે.

ઉત્તર :– હા આવે છે ને. કેવળ થયું પછી વસ્ત્ર આપ્યા. અમારે દીક્ષામાં એમ થયું હતું. દીક્ષા મોટી થઈને ધામધુમ હાથીના હોદ્દે. સાંજે પછી ગાવા માંડ્યા બધા ભેગા થઈને. ઉતારો છે ને દરબાર. ભરતેશ્વરને કેવળ થયું એ ભજન કાંઈક આવે છે અને પછી દેવે દીધા ઓઘા ને મુહપતિ .. રાગી. કેવળજ્ઞાન થયું ભરતને અરિસાભવનમાં. પણ પછી ઓલા વસ્ત્ર હતા એ કાઢી નાખ્યા અને પછી વસ્ત્ર આપ્યા હતા. ત્યારે દેવો વાંદવા લાગ્યા. દેવો દીધા.. ... એ ગાય. એ સાંભળ્યું હતું મેં બરાબર. બહુ માણસ ભેગુ થયું હતું. બે હજાર માણસ આવ્યું હતું. ૭૦ની વાત છે. ૬૦ વર્ષ.

કહે છે. આહાહા..! '**વસ્ત્ર સહિતકો ભી મોક્ષ હોતા હૈ–ઈસપ્રકાર સૂત્રમેં કહા હૈ. ઉસકા ઈસ ગાથામેં નિષેધકા આશય હૈ કિ–જો હરિહરાદિક બડી સામર્થ્યકે ધારક ભી હૈં તો ભી વસ્ત્ર સહિત તો મોક્ષ નહીં પાતે હૈં. શ્વેતાંબરોને સૂત્ર કલ્પિત બનાયે હૈં,...**' ખુલાસો કર્યો. .. ૩૦ ને ૪૫ સૂત્રો ભગવાનના કહેલા નથી પણ સમકિતીના કહેલા પણ નથી. '**ઉનમેં યહ લિખા હૈ સો પ્રમાણભૂત નહીં હૈ; વે શ્વેતાંબર જિનસૂત્રકે અર્થ—પદસે ચ્યુત હો ગયે હૈં, ઐસા જાનના ચાહિયે.**' લ્યો!

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૩, સોમવાર તા. ૨૯-૧૦-૧૯૭૩**
**ગાથા – ૮, ૯, ૧૦, પ્રવચન – ૪૦**

ભાવાર્થ આવ્યો છે ને? ૮મી ગાથા. ભાવાર્થ છે ને? આ વાત સમ્યક્ પ્રમાણે શાસ્ત્રની સમજવી જોઈએ. કોઈ સાથે વાદવિવાદ ને ઝઘડા ને અથડામણી કરવી એ માટે આ વાત નથી. સમજાણું કાંઈ?

કેટલાક ઉતાવળા થઈને એકદમ કહે, તમે શ્વેતાંબરમત મિથ્યાદષ્ટિ છો. એ માટે આ વાત નથી. પોતાને સમજવા માટે આ વાત છે. સમજાણું કાંઈ? એ અધિકાર આવ્યો હોય ત્યારે પછી એનું સ્પષ્ટ કરવું જોઈએ ને?

મુમુક્ષુ :- પોતાને જાણવાને માટે આવે છે.

ઉત્તર :- માટે છે. કોઈ સાથે નહિ જુઓ આમ. આવો છે.. બીજાને શું કામ છે તારે?

ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ એમ કહ્યું કે જે પરંપરાએ શાસ્ત્ર ચાલતા એ કુંદકુંદાચાર્ય કહે છે, એમાંથી સૂત્રના ભ્રષ્ટ થયા શ્વેતાંબર લોકો અને નવા કલ્પિત શાસ્ત્રો બનાવ્યા. એ ભગવાનના શાસ્ત્ર નથી. અને એ શાસ્ત્રમાં કલ્પિત વાતું બધી ઘણી કરી. અને એવી માન્યતાથી તો મિથ્યાત્વ થાય એ માટે આ વાત જરી જણાવે છે. સમજાય છે કાંઈ?

ભાવાર્થ છે ને? '**શ્વેતાંબરાદિક...**' શ્વેતાંબર જૈન અને સ્થાનકવાસી અને તેરાપંથી આ તુલસી આદિ. એ '**ઈસપ્રકાર કહતે હૈં કિ–ગૃહસ્થ આદિ વસ્ત્ર સહિતકો ભી મોક્ષ હોતા હૈ---**' ગૃહસ્થલિંગે સિદ્ધા. પંદર ભેદે સિદ્ધ કહે છે એમાં. શાસ્ત્રમાં.

મુમુક્ષુ :- ભરત મહારાજનો દાખલો આપે છે.

ઉત્તર :- દાખલો જૂઠો છે. ભરત મહારાજને ધ્યાનમાં આવ્યા ને વસ્ત્ર છોડ્યા પછી મુનિપણું થયું. અરીસા ભવનમાં ભરતજી પોતાના .. દેખીને વૈરાગ્ય થઈ ગયો અને વસ્ત્ર છોડી દીધા, પછી ધ્યાનમાં આવ્યા ત્યારે તેને કેવળજ્ઞાન થયું. વસ્ત્ર રાખવાનો ભાવ હોય અને મુનિપણું આવે એ ત્રણ કાળમાં ન બને. વસ્તુની સ્થિતિ આવી છે.

કહે છે કે '**શ્વેતાંબરાદિક ઈસપ્રકાર કહતે હૈં કિ–ગૃહસ્થ આદિ વસ્ત્ર સહિતકો ભી મોક્ષ હોતા હૈ—ઈસપ્રકાર સૂત્રમેં કહા હૈ.**' અન્યના શાસ્ત્રમાં ૩૨ સૂત્ર, ૪૭ સૂત્રમાં એ કહ્યું છે. ઘણું લખ્યું છે પરિગ્રહની વાતું. '**ઉસકા ઈસ ગાથામેં નિષેધકા આશય હૈ...**' આ ગાથામાં એનો નિષેધ કર્યો છે ભગવાન કુંદકુંદાચાર્યે. '**કિ–જો હરિહરાદિક બડી સામર્થ્યકે ધારક ભી હૈં...**' હરિ–વાસુદેવ–હર -શંકર એવા '**ધારક ભી હૈં તો ભી વસ્ત્ર સહિત તો મોક્ષ નહીં પાતે હૈં.**' વસ્ત્ર રાખે અને સાધુપણા હો, વસ્ત્ર હો બુદ્ધિપૂર્વક હોં! કોઈ નાખી દે માથે ને એ જુદી વાત છે. વસ્ત્ર રાખવાની બુદ્ધિ અને ભાવમાં ચારિત્ર હોય એ ત્રણ કાળમાં બને નહિ. આવું આકરું લાગે.

મુમુક્ષુ :- સંપ્રદાયમાં લાગે આકરું લોકોને.

ઉત્તર :- સંપ્રદાય નથી બાપુ! આ તો વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુની સ્થિતિ આવી અનંત તીર્થંકરોએ કહી છે. અનંત સર્વજ્ઞોનો આ મત છે. કલ્પિત શાસ્ત્રો બનાવ્યા, એના આચાર્યે વિરૂદ્ધ બનાવ્યા છે બધા. સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! સંપ્રદાયનો આ માર્ગ નથી. એ તો પછી વસ્ત્રરહિત મુક્તિ એ સંપ્રદાયવાળા દિગંબર માને છે. વસ્ત્રસહિત મુક્તિ શ્વેતાંબર માને છે.

અહીં કહે છે કે '**બડી સામર્થ્યકે ધારક ભી હૈં તો ભી વસ્ત્ર સહિત તો મોક્ષ નહીં પાતે હૈં. શ્વેતાંબરોને સૂત્ર કલ્પિત બનાયે હૈં,...**' આહાહા..! ભારે આકરું પડે. પાઠ જ એ કહે છે ને. 'हरिहरतुल्योऽपि नरः स्वर्गं गच्छति एति भवकोटिः। तथापि न प्राप्नोति...' મુક્તિ. આહાહા..! મોટા પરાક્રમી હોય, હજારો રાજાઓ જેની સેવા કરતા હોય, લાખો માણસમાં ઉપદેશ આપતા હોય, મહંત થઈ આચાર્ય, ઉપાધ્યાય ફરતા હોય, પણ જેણે વસ્ત્ર સહિત મુનિપણું માન્યું છે એ તો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**ઉનમેં યહ લિખા હૈ સો પ્રમાણભૂત નહીં હૈ;...**' એમાં લખ્યું છે વસ્ત્રનું, પાત્રનું. .. નિશિત સૂત્ર બનાવ્યું છે કલ્પિત. સાધુને ત્રણ પાત્રા ખપે, રંગ ને રોગાન ને આ ને તે. બધું કલ્પિત છે. એ વીતરાગના કહેલા તો નથી, પણ સમકિતીના કહેલા એ શાસ્ત્ર નથી. માને, ન માને સ્વતંત્ર જીવ છે. નવરંગભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? કોઈની સાથે વિરોધ કરવા, અથડામણ કરવાની આ વાત નથી. આ તો વસ્તુની મર્યાદા સર્વજ્ઞે જોયેલી, જાણેલી અને કહેલી એ વાત છે. પ્રવચનસારમાં નથી આવતું? જૈન જિનેશ્વરે આ મત કહ્યો છે. અઠ્યાવીશ મૂળગુણ, અચેલ દિગંબરપણું એ વીતરાગ તીર્થંકરોએ કહી છે. અને પંદર ભેદે સિદ્ધ થાય, ગૃહસ્થલિંગે સિદ્ધ થાય, અન્ય લિંગે સિદ્ધ થાય અને પછી કલ્પનાઓની વાતું અજ્ઞાનીની કરેલી છે. એ જ્ઞાનીના અભિપ્રાયની જ્ઞાનીની વાત નથી. અમરચંદભાઈ! તમારે બહુ આકરું પડે... આહાહા..! માર્ગ આ છે ભાઈ!

મુમુક્ષુ :– રાગ-દ્વેષ આવે છે કે નથી આવતો?

ઉત્તર :– રાગ-દ્વેષ જરીએ નથી આવતો. વીતરાગતા આવે છે. તો તો અન્યમતિ ઈશ્વરકર્તા માને, આ પાખંડી ધર્મ..માં માને અને બોકડા કાપીને ધર્મ માને એને ખોટું કહેવું એમાં દ્વેષ આવ્યો? એ .. છે બધા. ..વાદી છે એ. એ માનવું શું કરવા જોઈએ? એવું શું કરવા માને છે બોકડા કાપીને ધર્મ માને એમાં વાંધો શું છે? માનવું ન જ જોઈએ. ભલે હો. એમ ન ચાલે. આ તો માર્ગ વીતરાગનો છે બાપુ! આહાહા..! ટોડરમલને સંપ્રદાયની .. મરવું પડ્યું. ૪૭ વર્ષની ઉંમરે હાથીને ... સંપ્રદાયવાળાને ન ગોઠ્યું. એણે ચોખ્ખી વાત કરી હતી મોક્ષમાર્ગપ્રકાશકમાં. સમજાણું કાંઈ? એમાં તો લખ્યું કે મારી નાખ્યા પણ પછી મારીને મડદાને ગંદકીમાં... એટલો માણસને દ્વેષ થયો. એ સંપ્રદાયની દૃષ્ટિએ. એમણે તો જે કહ્યું હતું એ બરાબર કહ્યું છે. પણ સંસાર એમ અનાદિથી ચાલ્યો જાય છે. એમાં પંચમકાળ, .. નહિ, બુદ્ધિ ઓછી અને જ્યાં પકડાણા હોય એમાંથી છૂટવું એને કઠણ પડે.

કહે છે કે '**શ્વેતાંબરોને સૂત્ર કલ્પિત બનાયે હૈં, ઉનમેં યહ લિખા હૈ સો પ્રમાણભૂત નહીં હૈ; વે શ્વેતાંબર જિનસૂત્રકે અર્થ–પદસે ચ્યુત હો ગયે હૈં,...**' ભગવાનના કહેલા સિદ્ધાંત એ બાર વર્ષના દુકાળના કાળમાં શાસ્ત્રથી ભ્રષ્ટ થયા એટલે પછી પંથ નવો કાઢ્યો કલ્પિત. એ જૈનદર્શન અને જૈનધર્મ નહિ. માને, ન માને બેસે ન બેસે પણ માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? શ્રીમદ્ કહે છે ને એક

પંક્તિ. સમભાવ. સમભાવની વ્યાખ્યા એવી કરી છે. કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર કહી માને, સ્થાપે. સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને (સાચા) માને અને સ્થાપે એ સમભાવ છે. સમજાણું કાંઈ? શું શબ્દ નથી? શબ્દ ગાથા.

મુમુક્ષુ :- આત્મજ્ઞાન સમદર્શિતા.

ઉત્તર :- હા, બસ એ. 'આત્મજ્ઞાન સમદર્શિતા.' એ સમદર્શિતાની વ્યાખ્યા કરી. મોટા પુસ્તકમાં. કે ભાઈ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને કે સ્થાપે કે ખોટા છે એ સમભાવ છે. જ્ઞાતાપણાનો ભાવ છે એ. અને સાચાને સાચા સ્થાપે એ અંદરમાં વસ્તુ સ્વભાવનો સમભાવ છે. ભલે વિકલ્પ હોય. સમજાણું કાંઈ? નહિતર તો કોઈ સત્ય વાત કહેવાય જ નહિ. દુનિયામાં ઊંધા માર્ગો અનેક છે.

પણ મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો કહ્યું છે કે તમે આવી વાત કરશો તો ઝઘડા થશે. પણ ઝઘડા અમે કરીએ તો ને. એ વિરોધ કરે તો ભલે કરે. અમે કાંઈ વિરોધ કરતા નથી. અમે તો અમારા માર્ગની વાત છે એને સમજીએ છીએ અને કહીએ છીએ. છે એમાં? મોક્ષમાર્ગપ્રકાશકમાં. આવું છે આ. '**પ્રમાણભૂત નહીં હૈ;...**' '**ઐસા જાનના ચાહિયે.**'

'આગે કહતે હૈં કિ—' ૯મી. '**જિનસૂત્રસે ચ્યુત હો ગયે હૈં વે સ્વચ્છંદ હોકર પ્રવર્તતે હૈં, વે મિથ્યાદષ્ટિ હૈં :—**' આહાહા..!

**उक्किट्ठसींहचरियं बहुपरियम्मो य गरुयभारो य।**
**जो विहरइ सच्छंदं, पावं गच्छंदि होदि मिच्छत्तं।।९।।**

'**અર્થ :- જો મુનિ હોકર ઉત્કૃષ્ટ, સિંહકે સમાન નિર્ભય હુઆ આચરણ કરતા હૈ...** ' મહિના-મહિનાના અપવાસ કરે, મહા તપસ્યાઓ કરે, બહારના વ્રત મહા કઠોર પાળે '**ઔર બહુત પરિકર્મ અર્થાત્ તપશ્ચરણાદિ ક્રિયાવિશેષોંસે યુક્ત હૈ...**' ત્યાં વાંચન, શ્રવણ, મનન, તપસ્યા, આદિમાં વિશેષ પરિક્રિયા બધી ક્રિયાઓથી સહિત હોય. '**ગુરુકે ભાર...**' પદસ્થ હોય મોટો આચાર્ય ને ઉપાધ્યાય ને ગણીવર અને ગણ. '**અર્થાત્ બડા પદસ્થરૂપ હૈ,...**' એવા પદમાં હોય. '**સંઘ-નાયક કહલાતા હૈ...**' આહાહા..! '**પરંતુ જિનસૂત્રસે ચ્યુત હોકર...**' ભગવાન તીર્થંકરોએ જે શાસ્ત્રો કહ્યા એનાથી જે ભ્રષ્ટ થયા એ કુંદકુંદાચાર્યે સ્પષ્ટ કર્યું. સમજાણું કાંઈ?

'**સ્વચ્છંદ પ્રવર્તતા હૈ...**' પોતાની કલ્પનાએ પ્રવર્તે છે. વીતરાગના માર્ગને છોડી, શાસ્ત્રની આજ્ઞાને છોડી દઈ અને પોતાની કલ્પનાએ શાસ્ત્ર બનાવીને એ પ્રમાણે પ્રવર્તે છે. '**તો વહ પાપ હી કો પ્રાપ્ત હોતા હૈ...**' એ પાપી છે. આહાહા..! એના આત્માને મહા દુઃખ જ છે એ. અને દુઃખની પરંપરામાં દુઃખી છે. એમ કહે છે. એ તો કરૂણા છે હોં! ભાઈ! પરમસત્ય વસ્તુ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથે કહી એવી શાસ્ત્રની રચનામાંથી છૂટી જઈ કલ્પનાના શાસ્ત્ર બનાવ્યા, સ્ત્રીને મુક્તિ થાય, ભગવાનને આહાર હોય, ભગવાનને બે પિતા હોય, મુનિને વસ્ત્ર આટલા .. હોય... બધું વીતરાગ ત્રિલોકનાથ

તીર્થંકરના અભિપ્રાયથી તદ્દન વિરૂદ્ધ માર્ગ છે. નવનીતભાઈ! આવું છે.

મુમુક્ષુ :- સંખ્યા..

ઉત્તર :- સંખ્યા તો ઘણી છે આ જુઓને. વૈષ્ણવની સંખ્યા કેટલી છે? .. કરોડોની. આ ડોંગરેજી એ બિચારા કેટલી વાતું કરતા હતા. ડોંગરેજી અહીં નહોતા ઉતર્યા? કેટલા એને શું કહેવાય એ પારાયણ. પારાયણ કેટલી કરી? ડોંગરેજજી. વાંચન. ભાગવત. રામાયણની. રામચરિત માનસ કહેતા હતા રામચરિત માનસ નહિ? એટલું એટલું બધું કર્યું હવે એમ કે ત્યાં બાયડી વઈ ગઈ રજનીશમાં. અને આ ધણી આવો પચાસ-પચાસ હજાર માણસમાં ભાષણ આપતો હતો. એની દૃષ્ટિ હો રામાયણની. અહીં કર્યું છે. મુંબઈમાં તો ૪૦-૪૦, ૫૦-૫૦ હજાર માણસ ભેગા થાય. કરોડોની વસ્તી એની છે ને આખી દુનિયા માને છે. હવે કાલે સાંભળ્યું, સ્ત્રી રજનીશના મતમાં વઈ ગઈ લ્યો. કાલે સાંભળ્યું હોં. એને કોઈ સમજાવવા ગયા. બીજી વાત કરજો. મેં વિચારીને કામ કર્યું છે. હવે ઓલાને આઘાત થાય ને. આ બહારમાં આટલો પ્રસિદ્ધ, માણસો લાખો માને અને બાયડી ન માને. એવું જગતમાં ચાલે છે બાપુ!

મુમુક્ષુ :- કોઈ કોઈને માનતા નથી.

ઉત્તર :- એ તો કોણ કોનું માને? આહાહા..! હિંમતભાઈ તો માને કે નહિ રામજીભાઈનું? એને ઠીક લાગે એ માને. હોય તો અંદરમાં હોય. કહો, સમજાય છે કાંઈ? . કેટલીક વાત આવે. અહીં તો બધી ખબર છે ને. ત્યાં .. કહેવાય?

મુમુક્ષુ :- તમારી પાસે બધી સાચી વાત ન હોય.

ઉત્તર :- ના સાચી વાત. એ તો પોતે કીધી હોય એણે. એણે પોતે કીધી હોય છે. સહેજ ફેર હોય ક્યાંક.. લાગે એને. કહે. એ તો ચાલે. સંસાર તો એમ જ ચાલે છે. અહીં કહે છે '**મિથ્યાત્વકો પ્રાપ્ત હોતા હૈ.**' આહાહા..! બહુ આકરું કામ.

'**ભાવાર્થ :- જો ધર્મકા નાયકપના લેકર - ગુરુ બનકર નિર્ભય હો...**' આહાહા..! ધર્મના નાયક થઈને ગુરુ બનીને નિર્ભય થઈ જાય સ્વચ્છંદે. ભગવાનની આજ્ઞા શું છે, સિદ્ધાંત શું છે એની કાંઈ ખબર ન મળે એને. આહાહા..! '**તપશ્ચરણાદિક સે બડા કહલાકર...**' મોટી તપસ્યાઓ કરે. છ-છ મહિનાના અપવાસ. જુઓને ઓલું નહોતું કહ્યું? .. અકબરને. કોક બાઈ હતી. બહુ તપસ્યા કરી. એ આવ્યું હતું આમાં. એના માટે મોટો વરઘોડો નીકળ્યો હતો. હરિભદ્રને. એને .. થઈ ગયા રાજા. આવી તપસ્યા! એવી તપસ્યાઓ હોય. કરોડો, અબજો રૂપિયા ખર્ચતા હોય આ વર્ષીતપ કરે. એને સાધુ નામ ધરાવીને અંદર. એમાં પડે અને મોટા કરોડોના ખર્ચ થાય. આ ઉપધાન કરતા નથી લ્યોને. ધામધુમ કરે .. લાખો કરોડોના ખર્ચ કરે એ શું ચીજ? એ '**સ્વેચ્છાચારી પ્રવર્તતા હૈ...**' આહાહા..! છે?

'**તપશ્ચરણાદિક સે બડા કહલાકર અપના સંપ્રદાય ચલાતા હૈ...**' પોતાનો સંપ્રદાય ચલાવે છે. આહાહા..! ભગવાનનો માર્ગ મૂકી દઈ બડા પદસ્થ નામ હોય, સંપ્રદાય ચલાવે '**જિનસૂત્રસે ચ્યુત**

**હોકર સ્વચ્છેચારી પ્રવર્તતા હૈ તો વહ પાપી મિથ્યાદષ્ટિ કહી હૈ,...'** દર્શન શ્રદ્ધા ઉપરનું જોર એટલું છે કે એમાં જરીક પણ કમી હોય તો એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! જગતની સાથે ઊભા રહેવું અતડા થઈને. મેળ ન મળે ક્યાંય. આહાહા..! '**ઉસકા પ્રસંગ ભી શ્રેષ્ઠ નહીં હૈ.**' ઉસકા પ્રસંગ-પરિચય પણ શ્રેષ્ઠ નથી. એનો પરિચય કરે, એને સાંભળવા જાય. એચ..! ચેતનજી! અહીં તો ચોખ્ખું કહે છે. અહીં આવ્યું માટે આવે ને.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અનંત તીર્થંકરોનો માર્ગ તો દિગંબર માર્ગ તે અનંત તીર્થંકરોનો કહેલો છે. અને એમાંથી જે ભ્રષ્ટ થઈને નીકળ્યા સિદ્ધાંતથી વિરૂદ્ધ થઈને એ બધા ગૃહીત મિથ્યાદષ્ટિ, નિશ્ચયથી તો ખરેખર એ નિગોદગામી છે. આ મિથ્યાદષ્ટિ કહીને એમ કહે છે. મિથ્યાત્વ એ જ નિગોદનું કારણ છે. આહાહા..! ગજબ વાત. આહાહા..! એ બ્રહ્મચર્ય પાળતા હોય, વ્રત, પચ્ચખાણ કરતા હોય, મહાવ્રત .. ચાલતા, માથે .. હોય. આવી ભલે ક્રિયા હોય પણ એ મિથ્યાદષ્ટિ છે. એ સ્વચ્છંદે વીતરાગના માર્ગથી ત્રિલોકનાથ અનંતા સર્વજ્ઞોએ જે માર્ગ કહ્યો એનાથી વિરૂદ્ધ કરીને બહારથી આ સંપ્રદાય ચલાવે. સમજાણું કાંઈ? એને અહીંયા મિથ્યાદષ્ટિ કહ્યો છે.

મુમુક્ષુ :- એમાં ભર્યું છે એટલે સારું હોય એ લેવું છે. એમાં શું વાંધો સાંભળવાનો?

ઉત્તર :- સારું ક્યાં હતું?

મુમુક્ષુ :- એમ દલીલ કરે છે.

ઉત્તર :- એ તો ઘણા પ્રકાર છે બાપા! મિથ્યાદષ્ટિનું સારું હોય શું જરી? જૈનદર્શનમાં ક્યાં સારું ... નથી? કે બીજે સારું ગોતવા જાય? આકરી વાતું છે. સંપ્રદાયના ચલાવનારને આ ભારે મુશ્કેલ પડે. ભગવાનજીભાઈ! આવી રીતે દસ-વીસ હજાર ખર્ચ્યા છે પચાસ હજાર દેરાસરમાં.

મુમુક્ષુ :- બધું ધૂળધાણી.

ઉત્તર :- ધૂળધાણી? ભાઈએ આપ્યા છે નહિ તમારા .. આપ્યા? એમાંથી નીકળવું આકરું પડે માણસને. આહાહા..!

મુમુક્ષુ :- અહીં રહી ગયા એટલે એ બાજુનું હવે વલણ નથી.

ઉત્તર :- વલણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? લોકો એમ પણ કહે કે એમાં પણ છે અને આમાં પણ છે. શ્વેતાંબરો આ દિગંબરો ... ના ઓલામાં આવે છે. ષટ્પાહુડમાં. શું કહેવાય ... એમાં આવે છે. ... સમભાવ રાખનારો. બાપા! સમભાવ હોય નહિ ક્યાંય. જેના (માર્ગના) કર્તા ખોટા એની માન્યતાવાળાને સમભાવ આવે જ નહિ કોઈ દિ'. આહાહા..! સમજાણું કાંઈ?

હવે શ્રીમદ્ પણ આ શ્લોકને કહે છે. હવે આવે છે એમાં. શ્રીમદ્માં પણ આવે છે. .. પણ એના માનનારાઓને આકરું ભારે પડે. ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ... અનંત તીર્થંકરોએ કહેલું, ગણધરોએ શાસ્ત્રમાં ગૂંથેલું એનાથી વિરૂદ્ધ જેણે શાસ્ત્ર રચ્યા એનો માર્ગ બધો અમાર્ગ, ઉન્માર્ગ છે. બાબુભાઈ!

આવું આકરું પડે. ક્યાં ગયા તમારા? બલુભાઈ ગયા? બલુભાઈ.

**'આગે કહતે હૈં કિ-જિનસૂત્રમેં ઐસા મોક્ષમાર્ગ કહા હૈ —'** વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં અને ગણધરોએ એ દિવ્યધ્વનિ સાંભળીને 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' એ ગણધરોએ ચાર જ્ઞાન અને ચૌદપૂર્વની રચના કરી. એક અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરી. એ ગણધરોના શાસ્ત્ર અનાદિ પ્રવાહમાં

णिच्चेलपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं।
एक्को वि मोक्खमग्गो सेसा य अमग्गया सव्वे।।१०।।

આહાહા..! એને કહેવું છે કુંદકુંદાચાર્યને.

**'અર્થ :- જો નિશ્ચેલ અર્થાત્ વસ્ત્રરહિત દિગંબર મુદ્રાસ્વરૂપ...'** વસ્ત્રનો કટકો નથી. દિગંબર- માતાએ જન્મ્યા એવું જેનું શરીર હોય. અંતર વીતરાગતા હોય. આહાહા..! **'ઔર પાણિપાત્ર અર્થાત્ હાથરૂપી પાત્રમેં ખડે ખડે...'** છે ને? આહાહા..! ઓલામાં આવી ગયું છે પહેલું ૧૪મી ગાથા, નહિ? ૧૪મી. સૂત્રપાહુડ. ના કેવી? દર્શનપાહુડ. એવી ૧૪મી ગાથા બોધપાહુડની છે. ઓલી દર્શનની વ્યાખ્યા છે ને. ૧૪મી. એ ૧૪મી આવી છે ને આપણે અષ્ટપાહુડની? એવી ૧૪ બોધપાહુડની છે. બોધપાહુડ છે? .. છે ને એ? એ એની ૧૪ ગાથા છે. હા ૧૪ છે. **'દર્શનકા સ્વરૂપ...'** એ ૧૪ છે. જોયું! ત્યાં પણ ૧૪ છે અને અહીંયા ૧૪ છે. આહાહા..!

दंसेइ मोक्खमग्गं सम्मत्तं संजम सुधम्मं च।
णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।

એ કહ્યું હતું .. ૧૪મી ગાથા. છે ૧૪મી ગાથા? પાનું ૯૫. પહેલી ૧૪મી ગાથા દર્શનપાહુડની આવી હતી કે જૈનદર્શન કોને કહેવું. ત્યાં પણ બાહ્ય-અભ્યંતર ત્યાગ, વસ્ત્ર આદિ રહિત નગ્નદશા અને પંચ મહાવ્રતાદિના પરિણામ વિકલ્પ. એમાં ત્રણ કષાયનો નાશ એટલે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ ત્યાં દશા. એ .. ભલે આગળ વધે, શરૂઆત ત્યાં થઈ હતી. એથી એને જૈનદર્શન કહેવામાં આવ્યું છે. અહીં દર્શનની વ્યાખ્યા કરે છે બીજી. **'दंसेइ मोक्ख' 'જો મોક્ષમાર્ગકો દિખાતે હૈ વહ દર્શન હૈ, મોક્ષમાર્ગ કૈસા હૈ?-સમ્યક્ત્વ અર્થાત્ તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ સમ્યક્ત્વસ્વરૂપ હૈ, સંયમ અર્થાત્ ચારિત્ર-- પંચમહાવ્રત, પંચસમિતિ, તીન ગુપ્તિ ઐસે તેરહ પ્રકાર ચારિત્રરૂપ હૈ, સુધર્મ અર્થાત્ ઉત્તમ-ક્ષમાદિક દશલક્ષણ ધર્મરૂપ હૈ, નિર્ગ્રંથરૂપ હૈ—બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહિત હૈ, જ્ઞાનમયી હૈ...'** એકલું જ્ઞાનમય તત્ત્વ, શ્રદ્ધા જ્ઞાનમાં રમણતા થઈ. આહાહા..! જેવો જ્ઞાનસ્વભાવ છે વસ્તુ એવું જ પર્યાયમાં જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનની રમણતા, જ્ઞાનમય દશા જેની.

**'નિર્ગ્રંથ ઔર જ્ઞાનમયી...'** એમ. જ્ઞાનમયીનો અર્થ કે ઓલો વિકલ્પમય નથી, ત્રણ કષાયના

અભાવવાળી દશા છે. **'જીવ અજીવાદિ પદાર્થોંકો જાનનેવાલા હૈ. યહાં નિર્ગ્રંથ ઔર જ્ઞાનમયી યે દો વિશેષણ દર્શનકે ભી હોતે હૈં,...'** નિર્ગ્રંથ અને જ્ઞાનમયી. એ **'દર્શનકે ભી હોતે હૈં, ક્યોંકિ દર્શન હૈ સો બાહ્ય તો ઇનકી મૂર્તિ નિર્ગ્રંથ હૈ...'** છે ને? **'ઔર અંતરંગ જ્ઞાનમયી હૈ. ઇસપ્રકાર મુનિકે રૂપકો જિનમાર્ગમેં દર્શન કહા હૈ...'** મુનિના રૂપને દર્શન કહ્યું. **'ઐસે રૂપકે શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વરૂપકો...'** એવા રૂપની શ્રદ્ધા અંદરમાં થાય તેને સમકિત કહેવામાં આવે છે. શું છે? એય..! દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ આ. .. આવા મોક્ષમાર્ગવાળા મુનિ હોય એની શ્રદ્ધા એ અખંડ આત્માની શ્રદ્ધા. આહાહા..!

મુમુક્ષુ :- .. એ આત્માની છે.

ઉત્તર :- પણ એ આત્માની ત્યારે જ થાય એને શ્રદ્ધા. આવો દર્શનમાર્ગ ધર્મ વીતરાગમૂર્તિ પ્રભુ. દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત નિશ્ચય હોં. એવો જે મોક્ષનો માર્ગ જેને પ્રગટ્યો છે એ જૈનદર્શન છે. એવી જેને અંતર દર્શન-શ્રદ્ધા થાય તેને આત્માની અખંડ શ્રદ્ધા થાય. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

આપણે અહીં ૧૦મી. બેય ૧૪મી ગાથા આવી. દર્શનપાહુડમાં અને બોધપાહુડમાં બધે. એકલો વ્યવહાર એમ નહિ. અંદર નિશ્ચય આનંદમયી, જ્ઞાનમયી દશા જેને કહીએ. ચારિત્ર પણ જ્ઞાનમયી, શ્રદ્ધા જ્ઞાનની અને જ્ઞાનનું જ્ઞાન એવી જેની જ્ઞાનમયી. રાગમયી નહિ એમ. જ્ઞાનસ્વરૂપ જેવું છે એવું જ્ઞાનમય જેની દશા શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની થઈ છે. એ દર્શન છે. એ જૈનદર્શન છે. એની મૂર્તિને અહીંયા દર્શનમૂર્તિ કહેવામાં, ધર્મમૂર્તિ કહેવામાં આવે છે. શરૂઆતમાં જો આવું કહે તો ભડકે ભાગે મારા હોં. હવે કુદરતી આજ તો આવતા આવ્યું છે. મૂળ તો પહેલું કહેવાણું છે. આ વખતે વધારે આ. બહારથી બહુ આવે ને .. શું કીધું ફુલચંદજી! સાંભળવા જાવામાં શું વાંધો છે? સારું સારું લેવું. આહાહા..! આગમમાંથી સારું સારું લેવું. શું સારું લેવાતું હશે? માર્ગ બાપા એવો છે.

મુમુક્ષુ :- ગુણગ્રાહીપણું.

ઉત્તર :- ગુણગ્રાહીનો અર્થ શું? જેમાં ગુણ હોય એનું ગુણગ્રાહી કે ન હોય એનું ગુણગ્રાહી?

મુમુક્ષુ :- કોઈપણ જીવ એવો ન હોય કે જેમાંથી ગુણ..

ઉત્તર :- હોય જ નહિ. મિથ્યાદૃષ્ટિને ગુણપણું હોય નહિ. આહાહા..! શાસનનો વેરી. એ તો યશોવિજયજીએ કહ્યું નથી? એ તો ૭૮માં કહ્યું છે. .. ૭૮માં કહ્યું હતું. '.. બહુ જન સંમત, બહુ પીછે .. તેમ તેમ જૈનશાસનનો વેરી જો નવી નિશ્ચય દરિયો.' સંસ્કૃત ટીકામાં આવે છે ઠાણંગને છઠ્ઠે ઠાણે. અંદર ટીકામાં આવે છે. એ વાત રાણપર કરી હતી. આ ચંદુભાઈને.. એ .. શી રીતે કહેવાય? આમાં સંપ્રદાયમાં આવતા નથી. પછી આ વાત મૂકી હતી ૭૮માં. રાણપર. ટીકામાં છે હોં! 'જહ જહ .. '

પાઠ. છે તો ગદ્ય. પણ એમાંથી પદ બનાવ્યું.

ઘણાં શાસ્ત્રનો જાણનાર શિષ્યોથી .. જેમ જેમ બહુસુત બહુજન સંમત અને ઘણા માણસો માને. ઓહો..! આચાર્ય તે આચાર્ય થયા. અને બહારની આબરૂ ઘણી. પણ જેને નિશ્ચય આત્મા શું ચીજ છે અને જૈનદર્શનનો માર્ગ શું છે? એ જેણે અંદરમાં જાણ્યો નથી ત્યાં તો અર્થ સાધારણ... કષાયવંત હોય અને આવું હોય એમ કહ્યું હતું. ટીકા બહુ સાધારણ. સમજાણું કાંઈ? વાત તો આ છે. ઓહો..!

અહીં કહે છે ને હરિહરાદિથી .. ક્રિયા .. વળી ઓલાએ એક જણે એ કહ્યું છે. એ ખાનગી કહ્યું હતું એક જણે. નહિ આપણે .. .. નહિ ઓલા બ્રાહ્મણ. શું નામ? આપણે .. એ અહીં અંદર બધું કબુલ કર્યું સાંભળી ચાર મહિના. સાચે સાચી વાત છે સો ટકા. શું કરવું? અમે કાંઈ કહેતા નથી. લૂગડા ફેરવવાની અહીં જવાબદારી નહિ. આ રહ્યા ..અમારું .. સમજાણું કાંઈ? અહીં કીધું. બે વાર કહ્યું અંદર હોં. .. કીધું ભાઈ અહીં અમારે માથે .. અમે કોઈને કાંઈ કહેતા નથી. વેશ પલટો, સંપ્રદાય છોડો એ અમારું કામ નહિ. પછી બહાર નીકળીને એમ કહ્યું, લ્યો, એ લોકો આવી વાત કરે છે પણ વસ્ત્ર એને નડે છે. પરદ્રવ્ય નડે છે. વસ્ત્ર નડતું નથી, બાપુ! વસ્ત્રનો જે ભાવ છે એ નડે છે. વસ્ત્ર લેવાનો જે ભાવ છે જ્યાં સુધી, ત્યાં સુધી એને મુનિદશા હોઈ શકે નહિ ત્રણ કાળમાં. એવો અનાદિનો વીતરાગ તીર્થંકરોનો સનાતન પ્રવાહ ચાલ્યો આવે છે. એ કાંઈ મહાવિદેહને માટે નથી. ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણે ક્ષેત્ર માટે આ વાત છે. સમજાણું કાંઈ? મહાવિદેહમાં તો બીજો કોઈ પંથ પણ નહિ બહારનો. બીજું કોઈ દેરું નથી. દિગંબર મુનિ, દિગંબર મંદિર, દિગંબર સંતો એ સિવાય કોઈ બહાર ત્યાં બીજું છે નહિ. અભિપ્રાયવાળા છે ત્યાં ઊંધા. બહારનો ભેખ કોઈ નથી. અહીં તો સારા રાગ બિચારા માણસને નક્કી કરવું ભારે આકરું પડે. એવા મત, અભિપ્રાય. આહાહા..! એક કાંઈક કહે... એક કાંઈક કહે... એક કાંઈક કહે.. એમાં શું કરવું?

કહે છે, વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા અરિહંત દેવોએ તો વસ્ત્રરહિત દિગંબરમુદ્રાને મુનિપણું કહ્યું છે. દેવાનુપ્રિયા! શું છે? હવે એમાં કાંઈ બચાવ નથી. '**પાણિપાત્ર અર્થાત્ હાથરૂપી પાત્રમેં ખડે ખડે આહાર કરના,...**' આહાહા..! આવો માર્ગ અનાદિનો. '**આહાર કરના, ઈસપ્રકાર એક અદ્વિતીય મોક્ષમાર્ગ...**' અજોડ મોક્ષમાર્ગ '**તીર્થંકર પરમદેવ જિનેન્દ્રને...**' પાઠ છે ને? '**परमजिणवरिंदेहिं**' પરમ જિનેન્દ્રે ભગવાને તો આ માર્ગ અનાદિનો કહેતા આવ્યા છે. વસ્ત્ર રાખીને મુનિપણું માને એ વીતરાગના માર્ગથી ભ્રષ્ટ થઈ ગયેલા છે. આહાહા..! એય..! જાદવજીભાઈ! આ શું કર્યું આ બધું તમે ત્યાં? એક હતા ને ત્યાં અગ્રેસર બધા તમારા સ્થાનકવાસીમાં. પણ ન સાંભળ્યું હોય તો શું કરે? વાત સાચી. આવો માર્ગ બાપા છે. મધ્યસ્થથી સાંભળે, શાંતિથી સાંભળે, ઉશ્કેરાઈ જઈને નહિ. પણ માર્ગ તો આ છે.

મુમુક્ષુ :- વસ્ત્રના ભાવ.. ઉપરથી હોય..

ઉત્તર :- ઉપડે જ નહિ. જ્યાં સુધી વસ્ત્ર છે ત્યાં સુધી મન, વચન, કાયા, કરણ, કરાવન, અનુમોદન નવ કોટીએ ત્યાગ નથી. કાયાથી ત્યાગ ક્યારે કહેવાય? મોક્ષમાર્ગમાં આવ્યું છે. કાયાથી ત્યાગ ક્યારે કહેવાય? કે વસ્ત્રને રાખે નહિ, રખાવે નહિ અને એનું અનુમોદન નહિ. નવ નવ કોટીએ ત્યાગ. ત્યારે એનો ત્યાગ કહેવાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંદર ક્યાં ભારે પડ્યું? બહાર ત્યાગ નથી ત્યાં એને નવ કોટીનો ત્યાગ નથી તો છે જ, પડ્યું છે. એમ ન ચાલે. મોક્ષમાર્ગમાં કહ્યું છે, કાયાએ વસ્ત્ર રાખવું નહિ, રખાવું નહિ ક્યારે થાય? એ વસ્ત્ર છૂટી જાય તો. એનો ભાવ એવો હોય તો એ વસ્ત્ર છૂટી જાય એને કારણે. આકરી વાતું બાપા! એને લોકો એમ કહે એ તો અપ્રયોજનભૂત વાત છે. પોતાની વાતનો મેળ ન ખાય ને એમ કરીને ઉડાડી દે વાતને. બાપુ! તીર્થંકરો તો આમ કહે છે. પરમ જિનવરંદેહી. કુંદકુંદાચાર્ય એમ કહે છે. પરમ જિનવરેન્દ્રો તીર્થંકરો, જિનવર એટલે ગણધર એના પણ ઈન્દ્ર.

'**एक्को वि मोक्खमग्गो**' અંતરમાં વીતરાગદશા અને બાહ્યમાં નગ્નદશા એવો અનંત તીર્થંકરોએ એક જ મોક્ષનો માર્ગ આ જ કહ્યો છે. બીજો કોઈ માર્ગ ત્રણ કાળમાં ભગવાનના પંથમાં નથી. આહાહા..! અમરચંદભાઈ! આવું છે. વાડાવાળાને આકરું એવું પડે. બાપુ! એટલો તો ખ્યાલ કરો કે આખી ચીજ એ નહોતી ચાલતી આવતી એમાંથી આ પંથ જુદા પડ્યા તો કાંઈક કારણે પડ્યા હશે કે નહિ? બે એક જ હોય તો કેમ ન રહ્યા એમાં? આહાહા..! મોટી શ્રદ્ધાના મોટા ફાંકા અને એ શ્રદ્ધા મોટી ખોટી એ બધા નિગોદના ગામી જીવો છે. ચાહે તો એ ત્યાગી થઈને ફરે અને આચાર્ય નામ ધરાવે પણ એના ફળ તો પરંપરાએ નિગોદ છે. ચંદુભાઈ! કાલે તો અમદાવાદ જાવું છે.

આ તો.. આહાહા..! માર્ગ તો આ છે બાપા! શાંતિથી સાંભળો, ધીરજથી સાંભળો. પક્ષપાત બીજા છોડી દઈને જિનવર '**परमजिणवरिंदेहिं**' વસ્ત્રરહિત અંતર નિર્ગ્રંથદશા, બાહ્યમાં નિર્ગ્રંથદશા એ '**परमजिणवरिंदेहिं**' '**उवइट्ठं**' '**णिच्चेलपाणिपत्तं**' બે વાત લીધી છે. વસ્ત્ર નહિ અને હાથમાં આહાર. એમ. બે છે મૂળપાઠ. વસ્ત્ર નહિ અને હાથમાં આહાર એટલે પાત્ર નહિ એમ. કહ્યું ને? '**णिच्चेलपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं**' એ આવી ગયું. સાચા જૈનદર્શનના સંત જે દિગંબર મુનિ એને વસ્ત્ર ને પાત્ર હોઈ શકે નહિ. એકલા દિગંબર થઈને ફરે પણ અંદર સમ્યગ્દર્શન અને જ્ઞાનનું ભાન નહિ, એ પણ જૈનદર્શન નહિ. સમજાણું કાંઈ? નગ્નપણું લઈને બેસે પણ રાગની ક્રિયાના કર્તા અને નગ્નપણું મારું કાર્ય છે એમ માને છે ત્યાં સુધી એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! .. ભારે આકરું કામ. સમજાણું કાંઈ?

'**પાણિપાત્ર અર્થાત્ હાથરૂપી પાત્રમેં...**' એમ થયું ને પાણિપાત્ર એટલે? એટલે પછી ખડે આહાર થયો એને. '**ઈસપ્રકાર એક અદ્વિતીય મોક્ષમાર્ગ તીર્થંકર પરમદેવ...**' કહ્યો છે. આહાહા..! જિનેન્દ્રએ એ ઉપદેશ કર્યો છે. સર્વજ્ઞ પરમેશ્વરોએ આ ઉપદેશ કર્યો છે. એનાથી વિરોધ કરીને શાસ્ત્ર

બનાવ્યા ખોટા, કલ્પિત. વસ્ત્ર સ્થાપ્યા, પાત્ર સ્થાપ્યા. સમજાણું કાંઈ? એ બધા શાસ્ત્રો નથી, કલ્પિત શાસ્ત્રો છે. આહાહા..! પ્રભુ પ્રભુ આકરું પડે બાપા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ગોચરી શેમાં લે? એ એક ટાઈમ લે હાથમાં લે. એને હિસાબે તો ... પાત્રમાં લે એ માર્ગ નહિ. ગૃહસ્થનો માર્ગ છે, સાધુનો માર્ગ નહિ. એવું છે બાપુ! આહાહા..!

કુંદકુંદાચાર્ય ... કહે છે. આ ભગવાનનું નામ લઈને કહે છે હોં! આહાહા..! ભગવાને '**परमजिणवरिंदेहिं**' આ ઉપદેશ કર્યો છે કહે છે. આહાહા..! પાઠ છે કે નહિ? '**णिच्चेलपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं**' હવે એમાં શું થાય ભાઈ! એ કાંઈ કુળ પરંપરામાં માર્ગ આવ્યો હોય માટે સાચો, એમ છે? આહાહા..! એને સત્ય...

મુમુક્ષુ :- .. વાડામાં બધા માણસ સમાય ક્યાંથી? જુદા જુદા વાડા જોઈએ ને.

ઉત્તર :- હોય વાડા તે કોણ ના પાડે છે ખોટા. પણ સાચો માર્ગ એ નથી. એય..! એક વાડામાં બધા માણસ કેમ રહે? એમ કહે છે. આહાહા..! એ વાડા સંપ્રદાય નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! વીતરાગ પરમ જિનેન્દ્રદેવ '**णिच्चेलपाणिपत्तं उवइट्ठं**' આહાહા..! કુંદકુંદાચાર્યની ભાષા તો જુઓ! ત્રણ લોકના નાથે વસ્ત્રરહિત અને પાત્રરહિત એવું મુનિપણું ભગવાન તીર્થંકરોએ કહ્યું છે. હવે એને મૂકીને બીજો કહે કે આ પણ મુનિપણું છે વસ્ત્ર રહે, પાત્ર રહે. આહાહા..! આકરું પડે બાપુ! માર્ગની રીત કાંઈ જુદી છે. પણ એટલો તો વિચાર બાહ્યથી કરવો. સંપ્રદાયમાં હતા તો બહુ માન હતા. પ્રભુતુલ્ય અમને કહેતા. પણ અમને કાંઈ બીજું ભાસ્યું ત્યારે આ પરિવર્તન કર્યું છે?

મુમુક્ષુ :- .. એવી વાત ધ્યાનમાં લેવી જોઈએ પણ એ કાંઈ ..

ઉત્તર :- ત્રણ ત્રણ હજાર માણસ ત્યાં ૮૯ની સાલમાં રાજકોટ. મોટરુની .. હોં. ... પણ અંદર કીધું આમાં આપણે નહિ રહી શકીએ.

મુમુક્ષુ :- .. બીજાઓને સ્થાકનવાસી સાધુ થવાનો ઉપદેશ દેતા.

ઉત્તર :- આ માર્ગ આવો છે બાપુ! દીક્ષા લેવા ઘણાં આવતા અમારી પાસે. બાપુ! અમે દીક્ષા આપતા નથી. એને એમ કેમ કહીએ કે પણ અમે જ સાધુ નથી હજી. આ ઉત્તમચંદભાઈ છે લ્યોને ભાઈ! વડિયા. ઉત્તમચંદભાઈ નહિ મોટા?

મુમુક્ષુ :- એ તો આપણા શાંતિલાલને દીક્ષા લેવી હતી..

ઉત્તર :- શાંતિલાલને દીક્ષા લેવી હતી. આ શાંતિભાઈ ગુજરી ગયા ને? એવા તો ઘણાં અમારી પાસે આવ્યા છે ઘણાં. રાણપરમાં એક મોહનલાલ સોહનભાઈ હતા.

મુમુક્ષુ :- આ નેમિદાસભાઈને લેવી હતી.

ઉત્તર :- નેમિદાસભાઈ તો મોટો ગૃહસ્થ માટે .. દસ લાખ. નેમિદાસ ખુશાલ દસ લાખની મૂડી.

એ ત્યારે નહોતું. પાંચ-પચ્ચીસ હજાર હશે. ૯૦ની સાલ. દીક્ષા મને આપો. બાયડી મરી ગઈ. પૈસા થોડા. ૪૮ વર્ષની ઉંમર. નેમિદાસ ખુશાલ? ..

મુમુક્ષુ :- નેમિદાસ ખુશાલદાસ.

ઉત્તર :- હા નેમિભાઈ! અમે આપતા નથી કોઈને. મેં કીધું બ્રહ્મચર્ય લ્યો. બ્રહ્મચર્ય ન લઈ શકું. કાં તો દીક્ષા ને કાં તો ..... કહ્યું નહોતું. કાં તો દીક્ષા આપો. એમ કહ્યું હતું. પછી પરણ્યા. કંચનબાઈ આવી, કંચન. પૈસા આવ્યા દસ લાખ રૂપિયા. અત્યારે ૨૦-૨૦ લાખના મોટા બંગલા છે મુંબઈ. અહીં પોરબંદર. એ દીક્ષા લેવા આવેલા. કંઈક ઘણા દીક્ષા લેવા આવેલા. બાપુ! અમે એમ કેમ કહીએ કે ભાઈ સાધુપણું જ આવું ન હોય. સાધુપણું બીજું. એય..! ખ્યાલ ન હોય ત્યાં સુધી પછી એમ થાય ને. બહેને પણ માગી હતી. એ પણ ખબર છે. ૯૦માં. ... નહિ. દીક્ષીત .. થયા.

એકફેરી વહોરવા ગયા ને વહોરવા. બહેન ઊભા હતા. ખબર છે? તમે હતા? એમ. ૯૦ની સાલની વાત છે. એમ કે દીક્ષા લેવાનો ભાવ છે. ... ૯૦ની વાત છે. દિવાનપરામાં રહેતા હતા ને? ... એ તો ખ્યાલ નહોતો બહારની વાત. એ વાત ભાઈ એવી છે.

અહીં કહે છે ત્રણ લોકના નાથ અરિહંત દેવો પરમ જિનવરેન્દ્ર. જિન તો ચોથે ગુણસ્થાને પણ કહેવાય. જિનવર ગણધરને પણ કહેવાય. આ તો '**जिणवरिंदेहिं**' તીર્થંકર અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા. એમણે '**उवइट्ठं**' ઉપદેશ એવો દિવ્યધ્વનિમાં કર્યો કે પાણિપાત્ર હાથમાં આહાર, નિશ્ચેલ-વસ્ત્ર બિલકુલ ધાગો ન હોય એને. એ એક જ મોક્ષમાર્ગ છે. છે? '**एक्को वि मोक्खमग्गो,**' એ એક જ મોક્ષમાર્ગ છે. આમાં બે ને બીજો પણ હોય.

મુમુક્ષુ :- આ એક કીધું એમાં વ્યવહાર તો આવી ગયો.

ઉત્તર :- શેમાં?

મુમુક્ષુ :- એક મોક્ષમાર્ગ કહ્યો ને એમાં.

ઉત્તર :- એક જ મોક્ષમાર્ગ છે. એ તો આવી ગયું ઓલામાં. એ વ્યવહાર આવ્યો હતો ને. મોક્ષમાર્ગ આ, પણ એનો અર્થ થઈ ગયો ને? તો પહેલા ખુલાસો થઈ ગયો ને ૧૪મી ગાથામાં? અને ૧૪માં પછી અભ્યંતર તો વીતરાગદશા હોય. એકલું નગ્નપણું નહિ. અભ્યંતર આનંદનો ઉછાળ. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન. અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદમાં શોધકમાં જઈને આનંદપણું કાઢ્યું છે પર્યાયમાં. અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન વેદન છે. અને એને વસ્ત્રરહિત બહારની દશા છે. એને જૈનદર્શન કહેવામાં આવે છે. એકલા નગ્ન થઈને ફરે, પાંચ મહાવ્રત પાળે તોપણ એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? માર્ગ ભારે આકરો ભાઈ! અનંતકાળે એને એ વાત આ છે એમ અંદર બેઠી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**एक्को वि मोक्खमग्गो,**' એકનો અર્થ કર્યો. એક અદ્વિતીય-બીજો નહિ એમ. એક અદ્વિતીય

અજોડ. મોક્ષમાર્ગ તીર્થંકરે કહ્યો. **'પરમદેવ જિનેન્દ્રને ઉપદેશ દિયા હૈ,...'** **'सेसा य अमग्गया'** **'ઈસકે સિવાય અન્ય રીતિ સબ અમાર્ગ હૈં.'** સમજાણું કાંઈ? વસ્ત્ર રાખી, પાત્ર રાખી, મિથ્યાત્વ સેવી અને મુનિપણું માને એ બધા ઉન્માર્ગ છે. વીતરાગ જૈન પરમેશ્વરનો એ માર્ગ નથી. આજ બેસે, કાલે બેસે, પણ આ બેસાડે છૂટકો છે. એ વિના એનો આરો આવે એવો નથી. દુનિયાની સંખ્યા ગમે તેટલી હો. કહો, ગીરધરભાઈ! આહાહા..!

કુંદકુંદાચાર્યની ગાથા તો જુઓ! **'णिच्चेलपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं। एक्को वि मोक्खमग्गो,'** એટલે આમાં અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય, સ્વરૂપને આશ્રયે થયેલું દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય અને બાહ્યમાં નગ્નદશા હોય, વસ્ત્ર ને પાત્ર ન હોય-એવો ઉપદેશ ઈન્દ્રોએ-જિણવરેન્દ્રોએ આપ્યો છે. હવે એમાં કોઈ મોળું અને ઢીલું કહે એ વીતરાગમાર્ગથી વિપરીત છે. કહો, સમજાણું કાંઈ? **'एक्को वि मोक्खमग्गो'**

**'ભાવાર્થ :- જો મૃગચર્મ,...'** અર્થ કર્યો છે પહેલો. **'વૃક્ષ વલ્કલ,...'** વૃક્ષની છાલ. **'કપાસ પટ્ટ,...'** કપાસના કપડાં **'દુકૂલ,..'** હશે કાંઈક. **'રોમવસ્ત્ર,...'** વાળના વસ્ત્ર. આ આવે છે ને. ઘેટાના .. પહેરે છે ને ઊનના. **'ટાટકે ઔર તૃણકે વસ્ત્ર ઈત્યાદિ રખકર અપનેકો મોક્ષમાર્गી માનતે હૈં...'** લ્યો અહીં તો તૃણનું રાખીને નહિ. ઓલા ટીકામાં આવે છે ને એક તૃણનું? પરમાત્મપ્રકાશમાં. એના ઓલામાં પણ આવે છે અષ્ટ પાહુડમાં. અષ્ટપાહુડમાં. અષ્ટપાહુડમાં.

મુમુક્ષુ :- શેમાં આવે છે?

ઉત્તર :- અષ્ટપાહુડ. એમાં આવે છે. અને આ પરમાત્મપ્રકાશ બેમાં આવે છે. બેય ઠેકાણે આવે છે.

**'તૃણકે વસ્ત્ર ઈત્યાદિ રખકર અપનેકો મોક્ષમાર્ગી માનતે હૈં તથા ઈસ કાલમેં જિનસૂત્રસે ચ્યુત હો ગયે હૈં,...'** ભગવાને કહેલા સિદ્ધાંતો પરમાગમથી ભ્રષ્ટ થઈ ગયેલા છે. આહાહા..! સમજાણું કાંઈ? પરસેવા ઉતરી જાય એવું છે આ તો. બાળબ્રહ્મચારી બાયુ, સ્ત્રીઓ જુઓ! છોડીયું, કન્યા આ દીક્ષા લે છે બાળબ્રહ્મચારી અને કહે છે કે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વના પોષક છે. એય..! વીતરાગનો માર્ગ એ નથી. એય..! ફૂલચંદભાઈ! આ કહે છે લ્યો.

**'ઈસ કાલમેં જિનસૂત્રસે ચ્યુત હો ગયે હૈં, ઉન્હોંને અપની ઈચ્છાસે અનેક ભેષ ચલાયે હૈં, કઈ શ્વેત વસ્ત્ર રખતે હૈં, કઈ રક્ત વસ્ત્ર,...'** રાખે છે. **'કઈ પીલે વસ્ત્ર,...'** રાખે લ્યો. આ શ્વેતાંબરમાં પીળા નથી કરતા? એક કપડું રાખે. **'કઈ ટાટકે વસ્ત્ર, કઈ ઘાસકે વસ્ત્ર...'** લ્યો! **'કઈ રોમકે વસ્ત્ર આદિ રખતે હૈં, ઉનકે મોક્ષમાર્ગ નહીં હૈં...'** એને સમ્યગ્દર્શન નથી, એને સમ્યગ્જ્ઞાન નથી અને એને સમ્યક્ચારિત્ર નથી. આહાહા..! **'ઉનકે મોક્ષમાર્ગ નહીં હૈ ક્યોંકિ જિનસૂત્રમેં તો એક નગ્નદિગંબર સ્વરૂપ પાણિપાત્ર ભોજન કરના...'** ભગવાનના સિદ્ધાંતમાં તીર્થંકરોના શાસ્ત્રમાં તો એક નગ્નદિગંબર સ્વરૂપ પાણિપાત્ર ભોજન કરવું **'ઈસપ્રકાર મોક્ષમાર્ગ કહા હૈ,...'**

આહાહા..! **'અન્ય સબ ભેષ મોક્ષમાર્ગ નહીં હૈ ઔર જો માનતે હૈં વે મિથ્યાદષ્ટિ હૈં.'** આકરું કામ ભારે ભાઈ! વાડામાં હોય ને આવું કહે તો કાઢો.. કાઢો.. અહીં તો કોણ? અહીં તો વાડા બહાર છીએ. માર્ગ આ છે. કહો, સમજાણું કાંઈ?

**'સબ ભેષ મોક્ષમાર્ગ નહીં હૈ... '** આહાહા..! બધા મિથ્યાદષ્ટિ કુલિંગીઓ, અન્યભેષથી સાધુપણું માને એ બધા ગૃહીત મિથ્યાત્વના સેવનારા. માથે તો કહ્યું હતું ને પાઠમાં? **'स्वच्छंद पावं'** ૯મી ગાથામાં. સ્વચ્છંદે પાપી. ૯મીમાં હતું. છે ને એ? **'પાપ હી કો પ્રાપ્ત હોતા હૈ...'** છે ને પાઠ છે. મિથ્યાત્વ એ જ મહાપાપ છે. એ પછી ચારિત્રના દોષનું પાપ તો ઘણું અલ્પ અને થોડું છે. એટલે મિથ્યા જેની શ્રદ્ધા (એ) મહાપાપના સેવનારા છે. આહાહા..! કહો, ચંદુભાઈ! આવો માર્ગ છે. એ પોતાના માટે છે હોં આ. બહારમાં કોઈ સાથે અથડામણ કરવાની નથી. વાદવિવાદ કરવો ને-તમારો માર્ગ ખોટો એના માટે નથી આ. આ તો પોતાના આત્માના હિતને માટે સમજવાની વાત છે. વાત જ્યારે આવે ત્યારે તો એનું રૂપ હોય એમ અપાયને. એમાં કાંઈ ઓછું, અધિક, વિપરીત કાંઈ ન થાય. આહાહા..! આવું કહે છે લ્યો! બહુ ગાથા સારી આવી હોં!

એક હોય ત્રણ કાળમાં આ મોક્ષનો માર્ગ. જેના પરિપૂર્ણ ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન જ્ઞાયકભાવ, એની સન્મુખ થઈને જેની દૃષ્ટિ વીતરાગી થઈ છે. એ સમ્યગ્દષ્ટિ અને જેને ચૈતન્ય મૂર્તિ ભગવાન જ્ઞાન, આનંદ સ્વરૂપ, એની સન્મુખ થઈને એનું જ્ઞાન થયું છે. અને એના સન્મુખમાં લીન થઈને અતીન્દ્રિય આનંદના ખોરાક અનુભવે છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનું ભોજન જેનું નિત્ય છે. આહાહા..! આ સંતોની દશા. એને એ વીતરાગભાવને યોગ્ય વિકલ્પની જાત અને નગ્નપણું એને યોગ્ય નિમિત્તપણું હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એકલા વ્યવહારના વિકલ્પ નગ્ન એમ નહિ. આહાહા..! એમણે કહેલો 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' એ **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** એવા માર્ગની દશામાં આવા વિકલ્પ પંચમહાવ્રતનો અને નગ્નપણાની મુદ્રા એને અહીંયા વીતરાગમાર્ગ કહે છે. આહાહા..! એના ફેરફાર જરી એક અક્ષર પણ ફેર એ પહેલા આવી ગયું. પહેલામાં આવ્યું હતું ને? **'सुत्तत्थपयविणट्ठो,'** ૭મી. સૂત્રના પદથી વિનષ્ટ.

મુમુક્ષુ :- ૭મી ગાથા.

ઉત્તર :- ૭મી. પહેલા આવ્યું **'सुत्तत्थमग्गणत्थं'** સૂત્રને સૂત્રમાંથી વીતરાગમાર્ગનું શોધવું, કરવું. શાસ્ત્રમાં વીતરાગભાવ કહ્યો છે. એવું એણે શોધવું અંદરમાંથી. એમાં એ કહ્યું છે એમાં શોધવું એને સૂત્ર કહીએ. અને એમાં શોધીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે તેને શ્રમણ નામ સાધુ કહીએ. બીજાને સાધુ કહીએ નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૪, બુધવાર તા. ૧૪-૧૧-૧૯૭૩**
**ગાથા - ૧૧ થી ૧૫, પ્રવચન - ૪૧**

સૂત્રપાહુડ. ૧૧મી ગાથા. 'આગે દિગંબર મોક્ષમાર્ગકી પ્રવૃત્તિ કરતે હૈં :—'

મુમુક્ષુ :- શ્વેતાંબર...

ઉત્તર :- એ શ્વેતાંબર માને છે ને. એને .. કરી માથે. '**णिच्चेलपाणिपत्तं**' એ '**एक्को वि मोक्खमग्गो**,' .. વાત કરી. વસ્ત્રધારીને મુનિપણું માને તે ઉન્માર્ગ છે, જૈનમાર્ગ નથી. એને જૈનદર્શન કહ્યું નથી. ચૌદમી ગાથામાં આવી ગયું છે. આહાહા..! આ કોઈ સંપ્રદાયની વાત નથી. વસ્તુની મર્યાદા આવી છે. અહીં કહ્યું. આગળ કહેશે ૨૩ ગાથામાં. એક જ માર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. દિગંબરમાર્ગ જે વીતરાગે કહ્યો એ એક જ માર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. શ્વેતાંબર હો, સ્થાનકવાસી હો, અન્યમતિ પણ હો એ કાંઈ .. છે.

મુમુક્ષુ :- અન્યમતિમાં ચડે એવા છે.

ઉત્તર :- બિલકુલ ચડે એવા નથી. અન્યમતમાં જાય એવા છે બધા. એ નામ ધરાવે છે, બાકી છે અન્યમત. મોક્ષમાર્ગમાં અહીં એમ કહ્યું છે. ઝીણી વાત છે. બે હજાર વર્ષ પહેલાં જુદા પડી ગયા. લોકોને તે વખતે તાર-ટપાલ કાંઈ કોઈ નહોતું. એટલે કાંઈ એક ઠેકાણે જુદા પડ્યા તો બીજે ઠેકાણે ખબર પડી જાય તરત એવું કાંઈ નહોતું. એમ ને એમ ચાલ્યું. માર્ગ તો આ છે. આત્માના સમ્યગ્દર્શન પૂર્વક અનંતબળ રુચિપૂર્વક સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અને બાહ્યમાં નગ્નમુદ્રા અને વ્યવહાર વિકલ્પ અઠ્યાવીશ મૂળગુણ-આ જૈનદર્શન. એવા જૈનદર્શનને અંદર માનવું સ્વભાવને આશ્રયે એનું નામ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આ થયું ને. ત્રિકાળ આત્માને માનેલાના માનવું. એનો અર્થ એ થયો કે નહિ? જેને ત્રિકાળ આત્મા છે એને માનતા જ્ઞાન-ચારિત્ર કહ્યું છે એને માનવું. ત્યારે ક્યારે માન્યું કહેવાય? એણે જેણે ત્રિકાળ આત્માને માનીને અનુભવ કર્યો છે, એવું જે ચારિત્ર અને એવો જે વિકલ્પ, એવું જે ... એને એ માનવા જાય તો અંદર દૃષ્ટિ થાય ત્યારે જ માને એ. કહ્યું હતું. તે દિ' કહ્યું હતું. '**दुविहं पि मोक्खहेउं**' બેય મોક્ષમાર્ગ ધ્યાનમાં જ પ્રાપ્ત થાય છે. એ મોક્ષમાર્ગ આવો છે જૈન પરમેશ્વરનો. દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા છઠ્ઠે. છઠ્ઠાની વાત છે. એવી પૂર્ણતાની પ્રતીત કરવા જાય ત્યારે તો એ પર્યાય છે મોક્ષમાર્ગ તો. એની પ્રતીત કરવા જાય તો એ પ્રતીત તો દ્રવ્યને આશ્રયે થાય. દ્રવ્ય જ્ઞાયકસ્વભાવ એને આશ્રયે પર્યાયની મોક્ષમાર્ગની પર્યાયની પ્રતીતિ થાય. એમાં આત્માનો જ આધાર અને આશ્રય

આવ્યો. આગળ કહેશે આમાં પણ.

આત્મા નથી રુચતો એટલે અનુભવ નથી દૃષ્ટિ આત્મા આનંદસ્વરૂપ, એ વિનાની જે ક્રિયાઓ બધી કરે, એ બધી ક્રિયાઓ ધર્મ નથી. નિરર્થક છે. છે આગળ. 'अप्पा णिच्छदि,' છે ને ૧૫મી ગાથા. 'अह पुण अप्पा णिच्छदि' આત્મા જે ઇચ્છતો નથી. 'धम्माइं करेइ' નિરવશે થાય. મૂળ વસ્તુ તો અહીં છે. પરિપૂર્ણ સ્વભાવ એવો ભગવાન આત્મા એને જે ઇચ્છતો નથી એટલે કે અંતરનો આશ્રય કરતો નથી. અને 'धम्माइं करेइ' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે 'तह वि ण पावदि सिद्धिं, संसारत्थो पुणो भणिदो' એ સંસારમાં રખડનાર છે. સમજાણું કાંઈ?

એ જૈનદર્શન આવો માર્ગ છે એની પ્રતીત ક્યારે થાય? કે એ પર્યાય દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. એમ સર્વજ્ઞને પ્રસિદ્ધ કેમ થાય? એ તો એવી... 'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ' ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણીને એની પર્યાયની પ્રતીત ક્યારે થાય? કે એ સ્વ તરફ વળે ત્યારે જ થાય. સમજાણું કાંઈ? દિગંબર મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કહે છે. શ્વેતાંબર મોક્ષમાર્ગ એ છે જ નહિ. એ પક્ષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ છે. સૂત્રથી ભ્રષ્ટ થયા, વસ્ત્રનો કટકો રાખ્યો થોડો એ મુનિપણું માની અને મનાવવા લાગ્યા. એ માર્ગ નથી.

जो संजमेसु सहिओ, आरंभपरिग्गहेसु विरओ वि।
सो होइ वंदणीओ, ससुरासुरमाणुसे लोए।।११।।

ત્યાં પણ મુંબઈમાં મોટી તકરાર છે. નવ પૂજા કરે ને નવમી? .. બે વાર કરે. .. આ બાબુભાઈની.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અરે..! ભક્તો કરે છે ના પાડે છે. .. કીધું હતું.

મુમુક્ષુ :- .. ની ક્યાં વાત છે?

ઉત્તર :- એ ..ની ક્યાં વાત છે? એ તો શ્વેતાંબરની વાત છે. શ્વેતાંબર આ ભાઈનો ભાણિયો છે ને. બાબુભાઈ નહોતા? ત્યાં ઉતર્યા હતા ને. એનો ભાણિયો છે ને. .. છે ને. એને છે. છતાં અહીંયા ચાર દિવસ રહી ગયો. આહાહા..! એ કહેતો હતો મારો બાપ પણ ત્યાં ગયેલો. એમાં ઓલો ફોટો પાડતા હતા. કજીયા થયા. ફોટો પાડતો હતો એમાં એનો બાપ ફોટા પાડવાનું બંધ કરાવ્યું. એ ગયો તો એને માર્યા. ઓલા ફોટામાં ઝઘડા આવી જાય ને કે આ ઝઘડા કરે છે. એટલે એ ફોટાવાળાને બંધ કરાવવા ગયો આનો બાપ ભાણિયાનો. એને માર્યા કહે મારા બાપાને. એમાં ને એમાં બે તકરાર. એક કહે કે આવું ન હોય. લ્યો આ મુનિને આવી રીતે હોય પૂજા ભગવાનની?

મુમુક્ષુ :- ભગવાનને.. પૂજા કરે .. ભગવાન સમવસરણમાં હોય તે દિ' ગીની ભગવાનને..

ઉત્તર :- એ કાંઈક કાઢે છે આધાર. કોક કહેતું હતું. શાસ્ત્રનો આધાર કાઢે છે. એમ ને એમ બધા વાતું કરે. આહાહા..!

અહીં તો કહે છે '**જો દિગંબર મુદ્રાકા ધારક મુનિ...**' જેની દશા નગ્ન હોય છે. વસ્ત્રનો ધાગો પણ હોય નહિ. '**ઇન્દ્રિય-મનકો વશમેં કરના,...**' મન અને ઇન્દ્રિય જેને વશ વર્તે છે. એકલું નગ્નપણું નહિ એમ કહે છે. '**ઇન્દ્રિય-મનકો વશમેં કરના, છહકાયકે જીવોંકી દયા કરના,...**' એટલે કોઈને ન મારવાનો ભાવ છે એમ. '**ઇસપ્રકાર સંયમ સહિત હો...**' મન, ઇન્દ્રિય અને છકાય બાર થયા ને? '**ગૃહસ્થકે સબ આરંભોસે...**' ગૃહસ્થના જેટલા આરંભો છે એમાંથી નિવર્તેલો. મકાન કરાવવા, મંદિરો કરાવવા, પાઠશાળા કરાવવી, પૈસા એ બધાથી નિવૃત્ત હોય છે એમ કહે છે.

'**બાહ્ય-અભ્યંતર પરિગ્રહસે વિરક્ત હો,...** ' જુઓ! બાહ્ય પરિગ્રહ રહિત અને અભ્યંતર મિથ્યાત્વ આદિ પરિગ્રહરહિત હોય એ. આહાહા..! બાહ્યનો પરિગ્રહ છોડ્યો, પણ મિથ્યાત્વનો પરિગ્રહ છોડ્યો નથી તો કાંઈ છોડ્યું નથી. મૂળ તો મિથ્યાત્વ એ જ પરિગ્રહ છે ખરો. આહાહા..! રાગને એકત્વપણે માનવું એ જ મહાપરિગ્રહ છે. ચૈતન્ય સ્વભાવ આનંદ જ્ઞાયક એને વિકલ્પવાળો માનવો, રાગવાળો માનવો એ જ પરિગ્રહ મિથ્યાત્વનો મોટો છો. આહાહા..! એ મિથ્યાત્વનો ત્યાગ નથી અને બાહ્યના ત્યાગ કરે એને ત્યાગ ગણવામાં આવતો નથી.

'**બાહ્ય-અભ્યંતર પરિગ્રહસે વિરક્ત હો,...**' એ શબ્દ રહી ગયા પણ અભ્યંતર પરિગ્રહ શું? અને એનો ત્યાગ શું? એ વાત રહી ગઈ. એ આવશે. '**તથા બાહ્ય-અભ્યંતર પરિગ્રહસે વિરક્ત હો ઇનમેં નહીં પ્રવર્તે...**' એટલે? વસ્ત્ર આદિ રાખીને એમાં ન પ્રવર્તે, મિથ્યાત્વ અને રાગદ્વેષમાં ન પ્રવર્તે. '**અપિ શબ્દસે બ્રહ્મચર્ય આદિ ગુણોંસે યુક્ત હો...**' બ્રહ્મચર્ય હોય, આનંદસ્વરૂપ ભગવાન એના બ્રહ્મચર્યમાં લીન હોય. '**વહ દેવ-દાનવ સહિત મનુષ્યલોકમેં વંદને યોગ્ય હૈ,...**' આહાહા..! આ મુનિપણું અને આ મોક્ષમાર્ગના અધિકારીઓ. એ '**દેવ-દાનવસહિત મનુષ્યલોકમેં વંદને યોગ્ય હૈ,...**' મનુષ્યલોકમાં છે ને મુનિ? એટલે ભલે મનુષ્યલોકમાં હોય પણ '**દેવ-દાનવ સહિત મનુષ્યલોક મેં વંદને યોગ્ય હૈ, અન્ય ભેષી પરિગ્રહ...**' બીજા ભેખ ધરનારા, '**પરિગ્રહ-આરંભાદિ યુક્ત પાખંડી (ઢોંગી) વંદને યોગ્ય નહીં હૈ.**' મૂળ તો સ્વરૂપ કહે છે. ૧૧ ગાથા થઈ.

'**આગે ફિર ઉનકી પ્રવૃત્તિકા વિશેષ કહતે હૈં :—** '

जे बावीसपरीसह, सहंति सत्तीसएहिं संजुत्ता।
ते होंति वंदणीया, कम्मक्खयणिज्जरासाहू।।१२।।

'**અર્થ :- જો સાધુ મુનિ અપની શક્તિકે સૈંકડોંસે...**' એક તો દિગંબર હોય બહારમાં અને અંતરમાં બાહ્ય-અભ્યંતર પરિગ્રહરહિત હોય અને '**અપની શક્તિકે સૈંકડોંસે યુક્ત...**' ૧૨મી ગાથા. છે ને પાઠમાં? '**सत्तीसएहिं**' અહીં તો વીતરાગ માર્ગમાં તો અનાદિનો આ માર્ગ છે. જૈની મુનિનો માર્ગ તો વસ્ત્રરહિત દિગંબર છે. અનાદિ તીર્થંકરોએ કહેલો એ માર્ગ છે. વાત માને, ન માને, જગત સ્વતંત્ર છે. અનાદિનો વીતરાગમાર્ગ. વસ્ત્રરહિત દિગંબર મુનિ અને બાહ્ય-અભ્યંતર પરિગ્રહરહિત અને સેંકડો

પરિષહને સહન કરે એ મુનિમાર્ગ છે. અત્યારે તો બધું વિખાઈ ગયું છે. શું થાય પણ હવે? વાડા બાંધીને ... અનાદિ તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા એનો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ?

'**ક્ષુધા, તૃષાદિક બાઈસ પરીષહોંકો સહતે હૈં...**' ક્ષુધા, તૃષા આદિ સહન કરે આનંદસ્વરૂપમાં રહીને. અતીન્દ્રિય આનંદ. આત્માનો અતીન્દ્રિય આનંદ છે એમાં રહીને એ ક્ષુધા આદિ સહન કરે. દિગંબર મુનિ જંગલમાં હોય. મુનિઓ તો જંગલમાં જ વસતા હતા. પરમાત્માના વખતે અને પછી ૬૦૦ વર્ષ સુધી. પછી આ બધો ફેરફાર થઈ ગયો. બાર (વર્ષનો) દુકાળ પડ્યો એમાં બધો માર્ગ વિખાઈ ગયો. મૂળ માર્ગ તો આ છે. આહાહા..! અને '**કર્મોંકી ક્ષયરૂપ નિર્જરા કરનેમેં પ્રવીણ હૈં...**' કર્મનો નાશ કરવા માટે આત્માના આનંદસ્વરૂપમાં લીન થવાને એ પ્રવીણ છે. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ આત્મા, એમાં એ લીન થવાને પ્રવીણ છે એમ કહે છે. દેહાદિની ક્રિયા તો જડ છે, શરીર માટી છે. અંદર દયા, દાનના ભાવ આવે વ્રતના એ તો વિકલ્પ, રાગ છે. એના રહિત આત્મામાં લીન છે એમ કહે છે. છે ને? એ '**નિર્જરા કરનેમેં પ્રવીણ હૈં વે સાધુ વંદને યોગ્ય હૈં.**' આહાહા..! ઝીણો માર્ગ બહુ.

'**ભાવાર્થ :- જો બડી શક્તિકે ધારક સાધુ હૈં...**' સાધુ કોઈ સાધારણ વાત નથી. આહાહા..! જેને અંતર આત્મજ્ઞાન પ્રગટ્યું હોય, આત્મદર્શન સમ્યગ્દર્શન, આત્મજ્ઞાન, એ ઉપરાંત સ્વરૂપમાં લીનતા અને આનંદ ઉગ્ર હોય એવા મુનિને સાધુ કહે છે. આહાહા..! એ '**પહિષહોંકો સહતે હૈં,...**' પરિષહ ઉપસર્ગને સહે છે. માર્ગ આવો છે, ભાઈ! આહાહા..! '**પરિષહ આને પર અપને પદસે ચ્યુત નહીં હોતે હૈં...**' બહારની પ્રતિકૂળતા આવે તો પોતાની શાંતિ અને આનંદનું જે પદ છે અંદર આનંદસ્વરૂપ છે એનાથી ચ્યુત નથી થતો. આહાહા..! સમજાય છે? '**ઉનકે કર્મોંકી નિર્જરા હોતી હૈં, વે વંદને યોગ્ય હૈં.**' લ્યો!

૧૩. '**આગે કહતે હૈં કિ જો દિગંબર મુદ્રા સિવાય...**' વીતરાગ માર્ગમાં તો અનાદિનું નગ્નપણું એ મુદ્રા જૈનદર્શનની દશા. સમજાણું કાંઈ? એ આ શ્વેતાંબર પંથ ભગવાન પછી ૬૦૦ વર્ષે નીકળ્યો. એ વસ્ત્ર રાખીને મુનિપણું મનાવ્યું. શાસ્ત્રો રચ્યા. સ્થાકનવાસી એમાં થયાં. હમણાં પાંચસો વર્ષે નીકળ્યા. એ શ્વેતાંબર સ્થાનકવાસી. સનાતન વીતરાગ માર્ગ દિગંબર, કેવળજ્ઞાની પરમેશ્વરે કહેલો એ ચાલ્યો આવતો હતો માર્ગ. એ દિગંબર મુદ્રા. મુનિની તો દિગંબર મુદ્રા હોય, અનાદિ-સનાતન. જેને વસ્ત્રનો ધાગો પણ ન હોય અને વસ્ત્ર રાખીને મુનિપણું માને, મનાવે, નિગોદમાં જશે એમ છે. વાત એવી છે ભાઈ! માર્ગ એવો ઝીણો છે. છે ને આગળ? ૧૮મી ગાથામાં છે. ૧૮મી ગાથા છે ને.

जहजायरूवसरिसो, तिलतुसमेत्तं ण गिण्हदि हत्थेसु।
जइ लेइ अप्पबहुयं, तत्तो पुण जाइ णिग्गोदम्।।१८।।

વસ્તુનું સ્વરૂપ આવું છે ભગવાન, બાપુ! વાડાવાળાને કઠણ પડે એવું છે. આ શું થાય? કેવળજ્ઞાની પરમેશ્વર ત્રિલોકનાથ એ તો એમ કહે છે. એમના શાસ્ત્રો ભગવાનના હો! '**મુનિ યથાજાતરૂપ**

હૈ,...' છે ને ૧૮મું? યથાજાત. જેવો માતાએ જન્મ્યો એવી એની દશા હોય છે. **'વૈસે હી નગ્નરૂપ દિગંબર મુદ્રાકા ધારક હૈ, વહ અપને હાથસે તિલકે તુષમાત્ર ભી કુછ ગ્રહણ નહીં કરતા;...'** તલના ફોતરા જેટલું હાથે ન ગ્રહણ કરે. મુનિ એની દશા, બાપુ! મુનિ એટલે. આહાહા..! પંચ પરમેષ્ઠી. નમો લોએ સવ્વ સાહુણં. જેને ગણધર નમસ્કાર કરે એ મુનિપણું તો જગતને સાંભળવું કઠણ પડ્યું જગતને.

કહે છે **'અપને હાથસે તિલકે તુષમાત્ર ભી કુછ ગ્રહણ નહીં કરતા; ઔર યદિ કુછ થોડા-બહુત લેવે ગ્રહણ કરે તો વહ મુનિ ગ્રહણ કરનેસે નિગોદમેં જાતા હૈ.'** નિગોદ એકેન્દ્રિયમાં જાશે. વીતરાગના વચન છે આ. આહાહા..! કઠણ ભારે ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સત્યપણું પૂરેપૂરું.

ઉત્તર :- પૂરું સત્ય છે. પણ આવો માર્ગ પણ સંપ્રદાય બાંધીને બેઠા એને કઠણ ભારે પડે છે. વસ્તુનો ભાવ આવો તો અનાદિનો પરમાત્માનો છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. સીમંધર પ્રભુ. ત્યાં પણ આ જ માર્ગ વર્તે છે. મુનિ નગ્ન દિગંબર વનવાસી. આત્મધ્યાનમાં મસ્ત. અને એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિ જાણે, માને, મનાવે એ બધાની ગતિ નિગોદ છે, એકેન્દ્રિય છે. આવો માર્ગ છે આકરો બાપા! આહાહા..! એ આચાર્ય કુંદકુંદાચાર્ય પોતે ભગવાન પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા ત્યાં. આ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર પ્રભુ. પાંચસો ધનુષનો દેહ છે. કરોડપૂર્વનું આયુષ્ય છે. સીમંધર ભગવાન એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એટલું આયુષ્ય મોટું. ભગવાન બિરાજે છે ને મહાવિદેહમાં? સીમંધર પરમાત્મા વિહરમાન ભગવાન. એમનું કરોડપૂર્વનું આયુષ્ય છે. પાંચસો ધનુષનો દેહ છે. કરોડપૂર્વમાં એક પૂર્વ, એના ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવા એવા કરોડપૂર્વનું આયુષ્ય છે ભગવાનનું. કરોડો વર્ષથી છે અને હજી કરોડો વર્ષ રહેશે. મુનિસુવ્રત ભગવાન જ્યારે અહીં થયા ત્યારે ત્યાં મુનિ થયા. અને આવતી ચોવીસીમાં તેરમા તીર્થંકર થશે ત્યારે મોક્ષે પધારશે. એટલું આયુષ્ય મોટું છે. એની પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. આઠ દિ' રહ્યા હતા. સંવત્ ૪૯. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. ત્યાંથી ભગવાન પાસે આવીને આ શાસ્ત્ર બધા રચ્યા છે. આહાહા..! આકરી વાત ભારે! જીવને સત્ય માર્ગ સાંભળવો મુશ્કેલ પડી ગયો. સમજવો ને શ્રદ્ધા તો ક્યાંક રહી ગઈ. કહે છે, જે કોઈ સાધુ નામ ધરાવી વસ્ત્ર રાખે અને એને મુનિ કહીએ. ભગવાનની વાણીમાં તો એમ આવ્યું છે કે એ નિગોદમાં જાશે, એકેન્દ્રિય થાશે. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ! કઠણ માર્ગ છે.

૧૨ ચાલે છે ને? ૧૩. ૧૩મી. **'આગે કહતે હૈં કિ જો દિગંબરમુદ્રા સિવાય કોઈ વસ્ત્ર ધારણ કરેં, સમ્યગ્દર્શન-જ્ઞાનસે યુક્ત હોં વે ઈચ્છાકાર કરને યોગ્ય હૈં :-'** ક્ષુલ્લક-ક્ષુલ્લક. ક્ષુલ્લક હોય તે લંગોટી રાખે, વસ્ત્ર રાખે, સ્ત્રીનું પછી આવશે. સ્ત્રીને પણ પાંચમું ગુણસ્થાન હોઈ શકે. મુનિપણું ન હોઈ

શકે. એ પછી લેશે. અહીંયા તો હજી મુનિ જે નગ્નમુનિ દિગંબર આત્મધ્યાની જ્ઞાની અંદરમાં, એ જ જૈનનો માર્ગ અને મોક્ષનો માર્ગ. એ સિવાય વસ્ત્ર રાખે કોઈ પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન સાચા હોય અંદરમાં. મોક્ષમાર્ગ તો વસ્ત્રરહિત એ મુનિમાર્ગ છે. એવી એને શ્રદ્ધા હોય, આત્મજ્ઞાન હોય તો, કહે છે કે એ ઈચ્છા કરવા લાયક છે. 'ઈચ્છું છું આત્મ એ જ.' આહાહા..! આપે આત્માને જે અનુભવ્યો છે એવી જ હું પણ ઈચ્છા કરું છું એમ કહે છે. એવી વાત છે. આહાહા..!

એ કહે છે જુઓ! '**દિગંબરમુદ્રા સિવાય કોઈ વસ્ત્ર ધારણ કરે, સમ્યગ્દર્શન-જ્ઞાનસે યુક્ત હોં...**' પણ આત્મજ્ઞાન હોય. વસ્ત્રસહિત હોય છતાં ક્ષુલ્લક હોય. એક લંગોટી રાખે. ક્ષુલ્લક થાય છે ને. દિગંબર મુનિ ન થઈ શકે તો વસ્ત્રનો ટૂકડો રાખે થોડી લંગોટી અને એક ઓઢવાનું, તો એ પણ સમ્યગ્દષ્ટિ જો હોય, સમ્યગ્જ્ઞાન હોય તો એ પણ ઈચ્છવા લાયક છે. આવો માર્ગ. આહાહા..! જગત એમ ને એમ સંસારમાં રખડતો અનંત કાળથી ચાલ્યો જાય છે. સત્‌ના પંથ મળવા બહુ દુર્લભ છે.

**अवसेसा जे लिंगी, दंसणणाणेण सम्म संजुत्ता।**
**चेलेण य परिगहिया, ते भणिया इच्छणिज्जा य।।१३।।**

અર્થ એનો. '**દિગંબર મુદ્રા સિવાય...**' નગ્ન ન રહી શકે, મુનિપણું ન પાળી શકે તો '**અવશેષ લિંગી ભેષ સંયુક્ત...**' વસ્ત્ર રાખીને સમ્યગ્દર્શન જ્ઞાન આત્માનું પ્રગટ કરે અને માર્ગ મોક્ષનો તો દિગંબર છે એ જ મોક્ષનો માર્ગ છે એમ માને. સમજાણું કાંઈ? આહાહા..! એવા વસ્ત્રરહિત ન રહી શકે તો વસ્ત્ર રાખે, પણ શ્રદ્ધા કરે આ કે નગ્નમુનિપણું એ જ મુનિપણું છે, બાકી મુનિપણું છે (નહિ). એવી આત્મશ્રદ્ધા અને આત્મજ્ઞાન સહિત '**ભેષ સંયુક્ત ઔર સમ્યક્ત્વ સહિત દર્શન-જ્ઞાન સંયુક્ત હૈં...**' સમ્યગ્દર્શન એટલે? આ દેવ-ગુરુ-શાસ્ત્ર માનવા એ નહિ. એ તો સાધારણ માને, એ તો અભવિ માને. આત્મા અંદર પુણ્ય અને પાપના રાગરહિત ચિદાનંદ મૂર્તિ પ્રભુ શુદ્ધ આનંદકંદ છે એવા આત્માની અંતરમાં અનુભવમાં પ્રતીત થવી એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. હજી તો સમ્યગ્દર્શન આને કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- અનુભવ તો જ્ઞાનની પર્યાય.

ઉત્તર :- અનુભવની પર્યાયમાં પ્રતીતિ કીધી. અનુભવમાં પ્રતીતિ પાછી કીધી.

મુમુક્ષુ :- અનુભવ તો જ્ઞાન આવ્યું. જ્ઞાનમાં પ્રતીતિ.

ઉત્તર :- જ્ઞાન થયું એમાં પ્રતીતિ આવી.

આત્મા આનંદસ્વરૂપ છે, શુદ્ધ ચિદ્‌ઘન છે, પરમાત્મા સ્વરૂપ જ પ્રભુ આત્મા છે. આહાહા..! એવા સ્વભાવની સન્મુખમાં એની દૃષ્ટિ અને અનુભવ થઈને પ્રતીત થવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! કહે છે કે ભલે મુનિપણું ન પાળી શકે, નગ્ન મુદ્રાએ ન રહી શકે તો એને વસ્ત્રસહિત પણ આવા સમ્યગ્દર્શન અને જ્ઞાનસહિત હોવું જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? એની શ્રદ્ધામાં એ વસ્ત્રરહિત દિગંબર અને

ત્રણ કષાયરહિત સાધુ એ જ માર્ગ છે, એવા માર્ગની પ્રતીતિ સ્વભાવને આશ્રયે કરે અને સમ્યગ્દર્શનસહિત સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો એ વસ્ત્રવાળો હોય ભલે તો પણ એ ઇચ્છા કરવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ! સાંભળ્યું ન હોય કોઈ દિ' ને આ શું કહે છે? આ તો નવીન છે. નવું નથી બાપુ! એણે સાંભળ્યું નથી. કહો, શેઠ!

**'ભેષ સંયુક્ત ઔર સમ્યક્ત્વ સહિત દર્શન-જ્ઞાન સંયુક્ત હૈં...'** **'दंसणणाणेण सम्म संजुत्ता'** એમ છે ને? સહિત છે પણ એણે એમ નાખ્યું. દર્શન સહિત દર્શન-જ્ઞાન સંયુક્ત એમ. એનો ખુલાસો કર્યો ખાલી એમ. સમ્યક્ત્વ સહિત એટલે દર્શન-જ્ઞાન સંયુક્ત એમ. **'તથા વસ્ત્રસે પરિગૃહીત હૈં,...'** વસ્ત્ર રાખતો હોય જરી. પેટી આદિ શું કહેવાય એ? લંગોટ ક્ષુલ્લક સાચા હોય એ હોં. આ અમથા લંગોટ રાખીને ફરે છે ઘણાં, એ તો અત્યારે સમજવા જેવા છે. પણ સાચા અંદર સમ્યક્ આત્માનું ભાન, અંદર આનંદ સ્વરૂપ પ્રભુ ચૈતન્યમૂર્તિ છે, એનું જેને ભાન છે અંદરમાં, એની અંતર રુચિ થઈ ગઈ છે. પુણ્ય-પાપની રુચિ જેની ખસી ગઈ છે. પુણ્ય અને પાપના ભાવ તો વિકાર છે. આહાહા..! એની રુચિ ટળીને, સ્વભાવના આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ સાગર આત્મા છે એની રુચિ થઈ છે એને અહીંયા સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, નવ તત્ત્વને માનો એ સમકિતી છે નહિ. એ તો અજ્ઞાનીઓએ મનાવ્યું છે.

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા અરિહંત પરમેશ્વરે તો ભગવાન આત્મા વસ્તુસ્વરૂપે આનંદ છે. પૂર્ણ જ્ઞાન, દર્શનથી ભરેલો પદાર્થ છે. જેમાં પુણ્ય અને પાપના ભાવનો વિકાર છે નહિ, એવી ચીજની અંતર્મુખ થઈને અનુભવમાં પ્રતીતિ કરવી એનું નામ ભગવાન દર્શન અને જ્ઞાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા દર્શન-જ્ઞાન સહિત છે. વસ્ત્ર. .. કે લંગોટી રાખતા હોય. **'વે ઇચ્છાકાર કરે યોગ્ય હૈં.'** ઇચ્છાકાર ઇચ્છું છું. બીજાઓ એને ઇચ્છું છું એમ કહે. આવો વીતરાગનો માર્ગ અનાદિનો ચાલ્યો આવે છે. પછી આ ગડબડ થઈ માર્ગ બીજો ચાલ્યો. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જો સમ્યગ્દર્શન-જ્ઞાન સંયુક્ત હૈં... '** આત્માના દર્શન અને આત્માનું જ્ઞાન. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન. એનું અંતરમાં જ્ઞાન, ભાન થઈને પ્રતીતિ થવી, સમ્યગ્દર્શન અને એનું જ્ઞાન તે જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન હો ન હો વિશેષ એનું કંઈ નહિ. આત્મવસ્તુ આનંદનો નાથ પ્રભુ આત્મા, એનું પ્રતીત ભાન અને એનું જ્ઞાન. આહાહા..! જેને એ આત્મદર્શન અને આત્મજ્ઞાન અનંતકાળમાં (થયું નથી), મુનિ થયો અનંતવાર નગ્નમુનિ દિગંબર દ્રવ્યલિંગી, પણ આત્મદર્શન અને જ્ઞાન વિના એ બધું ફોગટ ગયું. સમજાણું કાંઈ? મુદ્દાની રકમ તો આ છે. ચૈતન્ય પ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સત્તા એની સન્મુખ થઈને એનો આશ્રય લઈને જે દર્શન થાય એને સમ્યગ્દર્શન-ધર્મની પહેલી ભૂમિકા કહેવામાં આવે છે. એ પછી ધર્મનું એનું જ્ઞાન અને ચારિત્ર. સમ્યગ્દર્શન ન હોય અને ચારિત્ર હોય એમ ત્રણ કાળમાં બને નહિ. આ બધા વ્રત લઈને બેઠા માટે અમને ચારિત્ર

છે. બિલકુલ જૂઠી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ચોપડી લખી હોય તો?

ઉત્તર :- ચોપડીમાં શું છે જડ લખે એમાં? બાર વ્રત અને તપને નથી આદરતા? ચોપડી આદરી એણે જડ. ભગવાન અંદર આ વિકલ્પ રાગ વિનાનો ચૈતન્યમૂર્તિ વસ્તુ છે એની શ્રદ્ધાની તો ખબર નથી. શું આવ્યું એને? ચોપડી આદરી, રાગ આદર્યો. આહાહા..! રાગરહિત ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે. આહાહા..! કહે છે કે એનું જેને જ્ઞાન અને દર્શન છે '**ઔર ઉત્કૃષ્ટ શ્રાવકકા ભેષ ધારણ કરતે હૈં,...**' વસ્ત્ર છે ને લંગોટી આદિ શ્રાવક છે એ. લંગોટીનો વસ્ત્રનો કટકો હોય ત્યાં સુધી મુનિ નહિ. આહાહા..! આવો વીતરાગ માર્ગ અનાદિનો ચાલ્યો આવે છે. આ વચ્ચે ગડબડ થઈ હવે એ બિચારાને ખબર ન મળે. આવો માર્ગ છે.

મુમુક્ષુ :- .. તો સાંભળ્યો પણ નથી.

ઉત્તર :- સાંભળે.

'**ઉત્કૃષ્ટ શ્રાવકકા ભેષ ધારણ કરતે હૈં, એક વસ્ત્ર માત્ર પરિગ્રહ રખતે હૈં...**' એક વસ્ત્ર રાખે. થોડું ઓઢવાનું અને કોપીન આદિ બે. આહાહા..! '**ઈચ્છાકાર કરને યોગ્ય હૈં...**' એને ઈચ્છું છું, ઈચ્છામી એમ કરવાલાયક છે. '**ઈચ્છામિ ઈસપ્રકાર કહતે હૈં. ઈસકા અર્થ હૈ કિ મૈં આપકો ઈચ્છું હૂં,...**' જોયું! ઓહો..! આપે જે આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અનુભવ, એવા જ આત્માને હું ઈચ્છું છું. એમ કહે છે. પુણ્ય ને પાપના ભાવને ઈચ્છતો નથી એમ કહે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ બધો પુણ્યનો ભાવ છે, રાગ ભાવ છે. એ રાગ વિનાનો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘનનો જે અનુભવ થયો એને બીજો કહે છે કે હું તમારો આત્મા છે એવા આત્માને ઈચ્છું છું. આહાહા..! હું તો પુણ્યને પણ ઈચ્છતો નથી સમકિતી કહે છે એમ. પુણ્ય આવે ખરા, હોય. પુણ્ય તો રાગ છે. પુણ્ય તો બંધનનું કારણ છે. સોનાની બેડી છે. એ મારી ઈચ્છા એમાં નથી. આહાહા..! આ તો ઈચ્છા કરનારો આમ કહે છે. મને પુણ્યની ઈચ્છાનો નિષેધ છે. આહાહા..! પ્રભુ! આપનો આત્મા ભલે મુનિ ન હોય દિગંબર, પણ જેણે અંતર આત્માનું દર્શન અને જ્ઞાન થયું છે એને કહે છે કે પ્રભુ! હું આપને ઈચ્છું છું. બીજો શ્રાવક એને પગે લાગતાં ઈચ્છું છું એમ કહે છે. આહાહા..!

મારો આત્મા અંદર... આ તો દેહ તો માટી જડ છે. અંદરમાં પાપના ભાવ થાય, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એ પાપ છે. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના ભાવ થાય એ પુણ્ય છે. બેય બંધનનું કારણ છે. એના રહિત જે આત્મા છે એવો જેણે અનુભવ્યો એને હું ઈચ્છું છું એમ વંદન કરનાર એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**ઈસલિયે ઈચ્છામી ઈસપ્રકાર કહતે હૈં. ઈસકા અર્થ હૈ કિ-મૈં આપકો ઈચ્છું હૂં, ચાહતા હૂં ઐસા ઈચ્છામિ શબ્દકા અર્થ હૈ.**' લ્યો! આહાહા..! '**ઈસપ્રકારસે ઈચ્છાકાર કરના જિનસૂત્રમેં**

કહા હૈં.' ભગવાનની વાણીમાં આ આવ્યું જૈન શાસ્ત્રમાં. મુનિ જે દિગંબર સંત સાચા અંદર હોય, આનંદસહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત એ વંદન કરવા લાયક છે. પણ આવા જે હોય શ્રાવક એ ઇચ્છા કરવા લાયક છે. એમ વીતરાગના શાસ્ત્રમાં પરમાત્માએ ત્રિલોકનાથ તીર્થંકરે તો આ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્વેતાંબરે શાસ્ત્ર તો પછી બનાવ્યા છે ઘરના. બે હજાર વર્ષ પહેલાં બાર દુકાળ પડેલો. મોટા બાર દુકાળ ઉપરા ઉપર. મુનિ નગ્નપણે બહુ થોડા રહ્યા. અને વસ્ત્રનો કટકો કેટલાક રાખવા માંડ્યાં. એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો દિગંબરમાંથી. આહાહા..! કહે છે, એમણે જે શાસ્ત્ર બનાવ્યા એ તો એમના પોતાના બનાવેલા છે. ભગવાનના કહેલા નથી. આકરી વાતું ભારે ભાઈ! '**ઇચ્છાકાર કરના જિનસૂત્રમેં કહા હૈ.**' ભગવાનની વાણી બાર અંગમાંથી જે .. શાસ્ત્ર રચ્યા હતા એમાં તો ભગવાને આમ કહ્યું છે. આહાહા..! ઉત્કૃષ્ટ શ્રાવક હોય સમ્યગ્દર્શન જ્ઞાન સહિત, તો એણે ઇચ્છા કરવી એમ જિનસૂત્રમાં કહ્યું છે. ઇચ્છામિ. આહાહા..!

'આગે ઇચ્છાકાર યોગ્ય શ્રાવકકા સ્વરૂપ કહતે હૈં :— ' ૧૪.

**इच्छायारमहत्थं सुत्तठिओ जो हु छंडए कम्मं।**
**ठाणे ट्ठियसम्मत्तं परलोयसुहंकरो होदि।।१४।।**

'**અર્થ :- જો પુરુષ જિનસૂત્રમેં તિષ્ઠતા હુઆ ઇચ્છાકાર શબ્દકે મહાન પ્રધાન અર્થકો જાનતા હૈ...**' લ્યો! ભગવાનની વાણી છે એને જેણે જાણી છે. આહાહા..! વાણીમાં વીતરાગપણું વર્ણવ્યું હતું પ્રભુએ. એને જેણે જાણ્યું છે, એમાં જે સ્થિત છે, એ '**ઇચ્છાકાર શબ્દકે મહાન પ્રધાન અર્થકો જાનતા હૈ...**' ઇચ્છાકારનો મહાન અર્થ છે એ જાણે છે એમ કહે છે. ઇચ્છું છું એટલા શબ્દમાં એ મહાન ભાવ શું છે એ જ્ઞાની જાણે છે. આહાહા..! '**જિનસૂત્રમેં તિષ્ઠતા હુઆ...**' એમ કહ્યું છે ને? '**सुत्तठिओ**' સર્વજ્ઞ પરમેશ્વરે જે સૂત્ર કહ્યા એમાં જેનું જ્ઞાન બરાબર છે અને એમાં જે સ્થિત છે. આહાહા..! એ ઇચ્છાકારનો મહાન પ્રધાન અર્થને એ જાણે છે.

'**ઔર સ્થાન જો શ્રાવકકે ભેદરૂપ પ્રતિમાઓંમે તિષ્ઠતા હુઆ...**' શ્રાવકની પડિમાઓ છે ને ૧૧ પડિમા? એમાં ૧૦-૧૧. '**સમ્યક્ત્વ સહિત વર્તતા હૈ,...**' આહાહા..! જેને આત્માનું સમ્યગ્દર્શન થયું છે. દેહ, વાણી, મનથી ભિન્ન... આ તો અજીવ તત્ત્વ જડ છે, કર્મ જડ અજીવ છે. એમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ પુણ્ય છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા અંદર છે. આહાહા..! એવા આત્માની જેને ઓળખાણ થઈ અને પ્રતીત થઈ છે એ સમકિત સહિત છે એમ કહે છે. '**સમ્યક્ત્વસહિત વર્તતા હૈ.**' આહાહા..! શુદ્ધ ચૈતન્ય પૂર્ણ આનંદ જ્ઞાયક પરમાત્મસ્વરૂપે પ્રભુ બિરાજે છે આત્મા અંદર. એની જેને અંતરમાં પ્રતીતિ અને જ્ઞાન થયું છે એ સહિત જે વર્તે છે એમ કહે છે. આહાહા..! '**ठाणे ट्ठियसम्मत्तं**'

‘**આરંભ આદિ કર્મોંકો છોડતા હૈ...**’ એ આરંભ નામ હિંસા આદિ છોડી દે છે. હિંસા ન કરે છકાયના જીવની. શ્રાવક છે ને? ‘**વહ પરલોક મેં સુખ કરનેવાલા હોતા હૈ.**’ એ પ્રાણી પરલોકમાં સુખી થશે. આહાહા..! સમ્યગ્દર્શનસહિત. છે ને? ‘**આરંભ આદિ કર્મોંકો છોડતા હૈ વહ પરલોક મેં સુખ પ્રદાન કરનેવાલા હોતા હૈ.** ’

‘**ભાવાર્થ :- ઉત્કૃષ્ટ શ્રાવકકો ઈચ્છાકાર કરતે હૈં સો...** ’ એમ. ‘**જો ઈચ્છાકારકે પ્રધાન અર્થકો જાનતા હૈ...** ’ આ ઈચ્છા કરનાર. એ એમ કહે છે. ‘**સૂત્ર અનુસાર સમ્યક્ત્વસહિત આરંભાદિક છોડકર ઉત્કૃષ્ટ શ્રાવક હોતા હૈ...**’ આહાહા..! એ પોતે પણ ઈચ્છા કરે છે કે એ પોતે પણ જ્યારે આવો થાય છે. ઓલો તો મોક્ષમાં જાય છે (અને આ) સ્વર્ગમાં. પણ એ ઈચ્છાનો કરનારો જે છે. ‘**ઉત્કૃષ્ટ શ્રાવકકો ઈચ્છાકાર કરતે હૈં સો જો ઈચ્છાકારકે પ્રધાન અર્થકો જાનતા હૈ ઔર સૂત્ર અનુસાર સમ્યક્ત્વસહિત આરંભાદિક છોડકર ઉત્કૃષ્ટ શ્રાવક હોતા હૈ...**’ એ જેની ઈચ્છા કરે તે અને ઈચ્છાકાર હોય. ‘**પરલોક મેં સ્વર્ગકા સુખ પાતા હૈ.**’ લ્યો! કેમકે મુનિપણા વિના મોક્ષ જાય નહિ અને આ મુનિપણું છે નહિ. સમ્યગ્દર્શનસહિત છે, પણ હજી પુણ્યનો શુભભાવ રહ્યો છે એથી પુણ્યથી સ્વર્ગમાં જાય. અને જેટલું અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એટલી એને શુદ્ધતાની નિર્જરા છે. આહાહા..! ‘**છોડકર ઉત્કૃષ્ટ શ્રાવક હોતા હૈ વહ પરલોકમેં સ્વર્ગકા સુખ પાતા હૈ.**’ લ્યો! ઓલી ઈચ્છાનો અર્થ કરે છે હવે વધારે.

‘**આગે કહતે હૈં કિ-જો ઈચ્છાકારકે પ્રધાન અર્થકો નહીં જાનતા હૈ ઔર અન્ય ધર્મકા આચરણ કરતા હૈ વહ સિદ્ધિકો નહીં પાતા હૈ :—** ’

अह पुण अप्पा णिच्छदि, धम्माइं करेइ णिवरसेसाइं।
तह विण पावदि सिद्धिं, संसारत्थो पुणो भणिदो।।१५।।

‘**અર્થ :- અથ પુનઃ શબ્દકા ઐસા અર્થ હૈ કિ-પહલી ગાથામેં કહા થા કિ જો ઈચ્છાકારકે પ્રધાન અર્થકો જાનતા હૈ વહ આચરણ કરકે સ્વર્ગસુખ પાતા હૈ.**’ આત્મધર્મવાળો. ‘**વહી અબ ફિર કહતે હૈં કિ ઈચ્છાકાર પ્રધાન અર્થ આત્માકો ચાહના હૈ,...** ’ આહાહા..! શરીરની રુચિ નહિ, પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ થાય, એની પણ રુચિ નહિ. આહાહા..! આત્માની જે રુચિ છે. ‘**આત્માકો ચાહતા હૈ,...**’ ભગવાન પૂર્ણ આનંદ જ્ઞાતા-દૃષ્ટા. જ્ઞાન ને દર્શનથી ભરેલો ભગવાન આત્મા, વર્તમાન હોં. આહાહા..! એવા આત્માની જેને અંતર રાગ અને પુણ્યના પરિણામથી પૃથક્ થઈને આત્માની આવી દૃષ્ટિ જેને થઈ છે. સમજાણું કાંઈ?

‘**વહ અપને સ્વરૂપમેં રુચિ કરતા હૈ...**’ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ મન, વાણી, દેહથી ભિન્ન અને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન એની જે રુચિ કરે છે. આહાહા..! ‘**વહ ઈસકો જો ઈષ્ટ નહીં કરતા હૈ...**’ આહાહા..! ગમે તેટલી ક્રિયાઓ બધી કરે વ્રત ને નિયમ ને તપ ને, પણ આત્મા

આનંદસ્વરૂપ છે એની રુચિ નથી એને. બધું ફોગટ છે, રખડવાનો છે. આહાહા..! સમજાણું? પાઠમાં છે ને 'अह पुण अप्पा णिच्छदि' બીજું બધું પણ આત્માની રુચિ, દૃષ્ટિ અનુભવ નથી. એને રુચતો નથી, ખ્યાલમાં આવ્યો નથી અનાદિથી એમ. એમ કહે છે. પર્યાયમાં-વર્તમાન અવસ્થામાં ઊભો છે અને એને પુણ્ય અને પાપના પરિણામ છે એ એને રુચ્યા છે. બહુ તો પર્યાય એક સમયની અવસ્થા છે એટલી રુચિ છે એને, એમ કહે છે. પણ પર્યાયની અવસ્થાની પાછળ પ્રભુ આખો આત્મા ભિન્ન વસ્તુ છે. આહાહા..! એની જેને રુચિ નથી. આહાહા..! એ ઇષ્ટ એને નથી કરતો. ઇષ્ટ કરવાલાયક તો એ ચીજ છે એમ કહે છે.

પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ હો, પણ ઇષ્ટ કરવા લાયક નથી. આવું સ્વરૂપ ભારે. હવે નવરાશ ક્યાં મળે? એક તો રળવામાં રોકાય ૨૨ કલાક, ૨૩ કલાક. અને એકાદ કલાક હોય ત્યાં આવું આવે તો સમજે ક્યાં? અને રખડે અનાદિનો એમ ને એમ રખડે છે બિચારો. કહે છે કે જેને આવો આત્મા રુચતો નથી. આહાહા..! અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની રુચિને પણ છોડી દીધી છે. ભગવાન આત્મા જ્ઞાનનો સમુદ્ર પ્રભુ, જ્ઞાનનો સાગર અને અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો પ્રભુ આત્મા. અરેરે..! એને એ વાત રુચિ નથી. એને રુચતો નથી એમ કહે છે.

**'અપને સ્વરૂપમેં રુચિ કરના હૈ વહ ઈસકો જો ઇષ્ટ નહીં કરતા હૈ...'** રુચિ (કરવી) એને ઇષ્ટ નથી કરતો. એમ બે વસ્તુ નાખી. **'અન્ય ધર્મકે સમસ્ત આચરણ કરતા હૈ...'** બીજું વ્રત પાળે ને અપવાસ કરે, વ્યવહાર ક્રિયાઓ બધી કરે. એકડા વિનાના મીંડા છે. આહાહા..! વર મૂકીને જાન. જાન ન કહેવાય. માણસના ટોળા કહેવાય. આત્મા અંદર વસ્તુ પૂર્ણ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય. જેને દ્રવ્ય દૃષ્ટિ થઈ નથી એમ કહે છે. જેની રુચિમાં દ્રવ્યસ્વભાવ ભગવાન આત્માનો પોતાનો અનાદિ એની રુચિ કરે છે અને બીજું ઇષ્ટ કરતા નથી.

**'વહ ઈસકો જો ઇષ્ટ નહીં કરતા હૈ...' 'વહ ઈસકો જો ઇષ્ટ નહીં કરતા...'** અથવા રુચિ નથી કરતો અને એને ઇષ્ટ નથી કરતો એમ. આહાહા..! એ વસ્તુ છે. એક બાજુ એક સમયની પર્યાય રાગ, એક બાજુ આખો આત્મા. એની રુચિ કરે છે અને **'વહ ઈસકો જો ઇષ્ટ નહીં કરતા હૈ...'** અને એની રુચિ કરતો નથી. **'અન્ય ધર્મકે સમસ્ત આચરણ કરતા હૈ...'** એ આત્માના આનંદના ભાન વિના સમ્યગ્દર્શન વિના, સમ્યગ્જ્ઞાન વિના આત્માના ભાનના જ્ઞાન વિના જેટલી ક્રિયાઓ બધી કરે. **'धम्माइं करेइ णिवरसेसाइं'** એમ છે ને? **'તો ભી સિદ્ધિ અર્થાત્ મોક્ષકો નહીં પાતા હૈ...'** મોક્ષ નહિ જાય, મુક્તિ નહિ થાય. સ્વર્ગ-બર્ગમાં ધૂળમાં જાય. આ પાંચ-પચાસ લાખ પૈસાવાળા હોય ને શેઠિયા કરોડ, બે કરોડ ધૂળના. એવા થાય અને કાં મોટો દેવ થાય, ધૂળ. પાછા મરીને નરકે જાશે. સમજાણું કાંઈ?

પાઠ છે ને? **'अह पुण अप्पा णिच्छदि'** ઇષ્ટ કરતો નથી એમ અર્થ કાઢ્યોને એમાંથી? એને ઇષ્ટ

કરતો નથી. અને રાગાદિના પરિણામને કરે, પુણ્ય, દયા, દાન, વ્રત, તપના કરે, એ બધા રખડી મરવાના છે કહે છે. આહાહા..! ચાર ગતિમાં એવા ભાવ તો અનંતવાર કર્યા છે. નવમી ગ્રૈવેયકે ગયો અનંતવાર. ત્યારે એવા વ્રત ને દયા ને તપસ્યાઓ મહિના-મહિનાના અપવાસ અનંતવાર કર્યા છે. એનાથી શુભ સ્વર્ગ મળે, ધર્મ ન થાય.

કહે છે, એ આત્માના પ્રેમ અને અંતર આનંદના અનુભવ વિના જેને આત્મા પોષાણમાં આવ્યો નથી અને એ પુણ્યની ક્રિયા જેને પોષાય છે એ બધા ચાર ગતિના રખડનારા પ્રાણી છે. કહો, સમજાણું કાંઈ? અન્ય ધર્મ એટલે પુણ્યાદિ ક્રિયા. મહાવ્રત છે એ પુણ્ય છે. વિકલ્પ ઉઠે છે ને એ તો આ દયા પાળું, પરને દુઃખ ન દઉં, એ તો રાગ છે, શુભભાવ છે. પણ રાગરહિત આત્માનો અંદર અનુભવ નથી. આહાહા..! અને આત્માની જેને રુચિ થઈ નથી. અથવા આત્માને ઈષ્ટ, પ્રેમ ઈષ્ટ કરતો નથી. આહાહા..! ઊંચી ઘણી વાત પણ મોટી વાત.

પ્રભુ આત્મા આનંદ સ્વરૂપ જ્ઞાનનો સ્વભાવ... નવ તત્ત્વમાં દયા, દાન, વ્રતના પરિણામ એ તો પુણ્ય તત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ એ પાપ તત્ત્વ છે. એ પુણ્ય અને પાપ બે થઈને આસ્રવ તત્ત્વ છે. એનાથી રહિત ભગવાન આત્મા છે એ આનંદ તત્ત્વ છે. આહાહા..! એવા આત્માને જે ઈષ્ટ કરતો નથી અને એને બીજામાં પ્રેમ ઈષ્ટપણું વર્તે છે, તો એ ગમે તે ધર્મની ક્રિયાઓ વ્રત, તપ ને અપવાસ આદિ કરે, એ મુક્તિને નહિ પામે. અને મોક્ષ નહિ થાય. ધૂળાદિ મળશે કદાચિત. આ પૈસાને ધૂળ કહેવાય ને? આ પાંચ-પચાસ લાખ થાય એ ધૂળ છે બધી, માટી છે. અને સ્વર્ગમાં જાય તો મોટા ધોળા હજીરા મકાન એ ધૂળના છે. આહાહા..! આત્મા નહિ મળે એને, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સંસારમેં હી રહનેવાલા કહા હૈ.'** છે? એવા પ્રાણી આત્માના આનંદની રુચિ અને અનુભવ વિના. આત્માના સમ્યગ્દર્શન વિના. સમ્યગ્દર્શન એટલે આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે આત્મા. આહાહા..! સાંભળ્યું પણ ન હોય આત્મા આવો. આત્મા કોણ? કે દયા પાળે અને વ્રત કરે એ આત્મા. કહે છે કે એ દયાનો ભાવ રાગ છે, વ્રતનો ભાવ રાગ છે એનાથી રહિત. એની જેને અંતરમાં રુચિ નથી, એવા આત્માના આનંદનો જેને પ્રેમ નથી, આત્માના સ્વભાવની જેને ઈષ્ટતા થઈ નથી, એની પરમાં ઈષ્ટતા અને રુચિ વર્તે છે, એ આત્માના આનંદની રુચિ વિના ધર્મના ગમે તેટલા આચરણ કરે મુક્તિ નહિ થાય. સંસારમાં રહેશે, રખડશે. આહાહા..!

મુમુક્ષુ :- રુચિ કેવી રીતે થાય પ્રભુ?

ઉત્તર :- રુચિ કરે તો થાય. રાગની રુચિ છે એ છોડીને આત્માની કરે તો થાય.

મુમુક્ષુ :- આત્મા દેખાતો નથી, પ્રભુ!

ઉત્તર :- આ એની તો વાત ચાલે છે. દેખાતો નથી એ કોણ છે? દેખાતો નથી એવો નિર્ણય કોણે કર્યો? એ. આહાહા..! હું દેખાતો નથી એવો નિર્ણય શેમાં થયો? એ આત્મામાં. બાપુ! આત્મા પણ

બાપુ એણે અનંતકાળમાં.. આત્મા મૂકીને બધી બહારની વાતું. આહાહા..! **'संसारमें रहनेवाला ही है.'**

**'ભાવાર્થ :- ઈચ્છાકારકા પ્રધાન અર્થ આપકો ચાહના હૈ,...'** લ્યો! ઓહોહો..! સમ્યગ્દૃષ્ટિ બીજા સમ્યગ્દૃષ્ટિને ઈચ્છે છે તો આને પણ આત્માની જ ઈચ્છા છે એમ કહે છે. આહાહા..! **'ઈચ્છાકારકા પ્રધાન અર્થ આપકો ચાહના હૈ,...'** ઓહોહો..! પ્રભુ! આપ તો આત્મા છો. શુદ્ધ આનંદ એ આત્મા, એ કાંઈ અંદર રાગ છે એ આત્મા નથી. દેહ કાંઈ આત્મા નથી. એવા આત્માને હું ઈચ્છું છું. ઈચ્છાનારો પણ આત્માના સ્વભાવની જ રુચિ કરનારો છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સો જિસકે અપને સ્વરૂપકી રુચિરૂપ સમ્યક્ત્વ નહીં હૈં,...'** આત્મરુચિ ભલા, આવે છે ને છ ઢાળામાં નહિ? પરદ્રવ્ય તેં ભિન્ન આત્મરુચિ. એ રુચિનો અર્થ પણ રુચિની વ્યાખ્યા નથી. એ પુણ્ય-પાપના વિકલ્પની સ્થિતિ, સ્વભાવ છોડી દઈને અંતર સ્વભાવની રુચિ, એનો અર્થ આખો આત્મા રુચિમાં આવી ગયો. એ ભલો છે. એવી રુચિ વિના એને સમકિત નથી કહે છે. જેને આનંદ સ્વરૂપ ભગવાન આત્માનો પ્રેમ નથી, રુચિ નથી, પોષાણ નથી અને જેને પુણ્યની ક્રિયાનું પોષાણ અને રુચિ છે એ **'ઉસકો સબ મુનિ શ્રાવકકી આચરણરૂપ પ્રવૃત્તિ મોક્ષકા કારણ નહીં હૈ.'** એવો મુનિ હોય કે એવો કોઈ શ્રાવક નામ ધરાવે, પણ એ પ્રવૃત્તિ એને ધર્મનું કારણ છે નહિ. આહાહા..! ભારે વાત કરી લ્યો!

**'ઉસકો સબ મુનિ શ્રાવકકી આચરણરૂપ પ્રવૃત્તિ...'** આચરણરૂપ પ્રવૃત્તિ બધી. **'सेसाइं'** છે ને? **'धम्माइं करेइ णिवरसेसाइं'** મુનિ અને શ્રાવક નામ ધરાવીને આત્મા અંદર આનંદસ્વરૂપની તો રુચિ નથી. તે રુચ્યો નથી, ગોઠ્યો (ગમ્યો) નથી, ઈષ્ટ કર્યો નથી. એને આ રાગ અને પુણ્યની ક્રિયાઓમાં ઈષ્ટપણે રુચિપણું પડ્યું છે. એ મિથ્યાદૃષ્ટિ જીવ આત્મજ્ઞાન અને દર્શનના પ્રેમ વિના ગમે તેટલા આચરણ કરે, મોક્ષનું કારણ નથી. અનાદિ રખડે એ ચાર ગતિનું કારણ છે. પછી ભલે સ્વર્ગમાં જાય તોપણ ત્યાં ધૂળ છે, શેઠાઈમાં જાય ત્યાં પણ ધૂળ છે. ત્યાં બધે અંગારા છે અગ્નિના. શેઠ! સ્વર્ગમાં પણ અંગારા છે અનંત કષાયના. રાગના અંગારાથી શેકાય છે સ્વર્ગના દેવો પણ. આહાહા..! અહીંયા પૈસાવાળા શેઠિયા કરોડોપતિ અને અબજોપતિ રાગના અંગારાથી શેકાય છે બિચારા.

મુમુક્ષુ :- ગરીબને ધર્મ થાય.

ઉત્તર :- ગરીબને એટલે રાગ વિનાના જીવને ધર્મ થાય. આત્મા ગરીબ જ ક્યાં છે? આત્મા તો તવંગર, બાદશાહ છે. આહાહા..! બહારની ગરીબાઈ અને બહારની સધનતા એ કાંઈ વસ્તુ છે? એ તો બહારની ચીજ છે અને નિર્ધનતા એ કોઈ દોષ છે? અને સધનતા એ કોઈ ગુણ છે? એ તો બહારની ચીજ જડ છે, એની સાથે શું સંબંધ છે. પોતાના આત્માને રુચવું નહિ, ઈષ્ટ ન કરવો એ દોષ છે. અને આત્માને ઈષ્ટ અને રુચિ કરવી એનું નામ ગુણ છે, બાકી બધા થોથા છે. એ ૧૫મીમાં આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૬, ગુરુવાર તા. ૧૫-૧૧-૧૯૭૩**
**ગાથા – ૧૬. ૧૭, ૧૮, પ્રવચન – ૪૨**

અષ્ટપાહુડ. સૂત્રપાહુડની ૧૬મી ગાથા.

एएण कारणेण य, तं अप्पा सद्दहेह तिविहेण।
जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेण।।१६।।

**'અર્થ :- પહિલે કહા કિ જો આત્માકો ઈષ્ટ નહીં કરતા હૈ ઉસકે સિદ્ધિ નહીં હૈ,...'** ૧૫મામાં કહ્યું ને કે આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન આનંદ, એની જેને અંતરમાં રુચિ નથી એટલે પ્રતીતિ નથી, સમ્યગ્દર્શન નથી. એ જીવો ગમે તેટલી ક્રિયાઓ કરે શ્રાવકની અને મુનિની. એ બધી નિરર્થક છે. એ ૧૫મામાં આવ્યું ને 'णिवरसेसाइं' એ આવી ગયું. એ કારણે કીધું હતું ને. આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ આનંદ શુદ્ધ એની જેને અંતર દૃષ્ટિ અને રુચિ નથી, એના બધા આચરણો વ્યવહારના નિરર્થક છે. એમાં કાંઈ લાભ છે નહિ. એ કારણે એમ શબ્દ છે ને. 'णिवरसेसाइं' અહીં કહ્યું હતું ૧૫મામાં.

આત્માની અંતર દૃષ્ટિ અને રુચિ વિના જેટલા પંચમહાવ્રતાદિ ક્રિયાઓ શ્રાવકની બાર વ્રતની ક્રિયાઓ, પંચ પરમેષ્ઠીની શ્રદ્ધા આદિ ભાવ, પંચ પરમેષ્ઠીનો વિનય, બહુમાન આદિ આત્માની રુચિ વિના એ બધું નિરર્થક, નિરવિશેષ નિરર્થક છે. આહાહા..! એમ છે. '**પહિલે કહા કિ જો આત્માકો ઈષ્ટ નહીં કરતા હૈ...**' છે ને? વસ્તુ આત્મા પૂર્ણ શુદ્ધની જે ઈષ્ટ, પ્રિય, રુચિ, દૃષ્ટિ, આશ્રય કરતા નથી. '**ઉસકે સિદ્ધિ નહીં હૈ,...**' સમ્યગ્દર્શન ઉપર જોર છે. કેમકે સૂત્રમાં... સૂત્રપાહુડ ચાલે છે ને? સમ્યગ્દર્શન એ કર્ણધાર, મોક્ષના માર્ગનો એ કર્ણધાર છે. ખેવટિયો છે. સંસારને પાર કરવા માટે એ વહાણમાં અધિક મુખ્ય છે. એમ તરવાના ઉપાયમાં સમ્યગ્દર્શન મુખ્ય છે. એ સમ્યગ્દર્શન આત્માની શુદ્ધ પૂર્ણ અભેદ અખંડ એકરૂપ સહજાત્મ પૂર્ણસ્વરૂપ, સ્વભાવિક એની રુચિ એટલે એનું પોષાણ, એમાં અંતર સન્મુખ થઈને એને રુચવું એ જેને નથી તો એને બધું ..

એ કારણે કહ્યું ને? એ કારણે એટલે? પૂર્વે જેટલી ક્રિયાઓ વ્યવહારની પરિષહ સહનની વગેરે. પંચ મહાવ્રતની જેણે કરી અને કહી એ બધું આત્માની દૃષ્ટિ વિના નિરવશેષ બાકી રાખ્યા વિના બધું નિરર્થક છે. સમજાણું કાંઈ? સૂત્રપાહુડ છે આ. ભગવાનના આગમમાં આની પ્રધાનતા, મુખ્યતા કીધી છે. પહેલે દરજ્જે પૂર્ણ શુદ્ધની પ્રતીત અને રુચિ નથી. જે ધર્મની શરૂઆત છે એ વિના, એની ઈચ્છા નથી, રુચિ નથી, આત્માને સ્વભાવ જે છે એવો એ ઈચ્છતો નથી અને બીજા ઈચ્છાઓના કાર્ય કરે છે એ બધા નિરર્થક છે.

'**ઈસ હી કારણ સે હે ભવ્યજીવો! તુમ ઉસ આત્માકી શ્રદ્ધા કરો,...**' પહેલામાં પહેલો પ્રયત્ન તો આ કરો, એમ કહે છે. શુદ્ધ આત્મા પૂર્ણ આનંદની, પ્રથમમાં પ્રથમ કરવા જેવું હોય તો આ પ્રથમ છે. એની શ્રદ્ધા કરો, '**ઉસકા શ્રદ્ધાન કરો,...**' શ્રદ્ધાન આવ્યું. '**મન-વચન-કાયસે સ્વરૂપમેં રુચિ કરો,...**' આ વજન છે. મન, વચન અને કાયા ત્રણેથી અંદર ખસીને સ્વરૂપમાં ત્રણે પ્રકારના ભાવેથી રુચિ કરો.

મુમુક્ષુ :- .. ખસીને એવો શબ્દ નથી આમાં.

ઉત્તર :- એ અધિક થયું ને જુદું? મન, વચન, કાયાથી શ્રદ્ધવુંનો અર્થ? મન-વચન-કાયાથી શ્રદ્ધવું છે? અહીં તો મન, વચન અને કાયા એ '**તિવિહેણ**' છે ને? એનો અર્થ કે મન, વચન અને કાયાથી અલગ થઈને-ત્રણેથી અલગ થઈને આત્માને શ્રદ્ધો. સમજાણું કાંઈ? કાયાથી શ્રદ્ધવો, વચનથી શ્રદ્ધવો શું એનો અર્થ? એનો અર્થ કે ત્રણે એક તરફના વલણવાળા ભાવ એને આ બાજુ કરી નાખ. આહાહા..! મનથી આત્માને શ્રદ્ધવો, વાણીથી શ્રદ્ધવો, કાયાથી શ્રદ્ધવો એટલે? પણ એનું જોર આપ્યું. નવ નવ કોટીએ અને મન, વચન, કાયાએ પરથી ખસીને સ્વભાવમાં રુચિ કર. એમ કહે છે. મન, વચન, કાયા, કરણ, કરાવન, અનુમોદન બધા બાહ્યના પ્રસંગ છોડી દઈને, એ પ્રસંગ બધા અંતરમાં વાળ. આહાહા..! કહો, પહેલું આ કર્તવ્ય. શાસ્ત્ર આગમમાં આ છે એમ કહે છે. સૂત્ર છે ને આ સૂત્ર? પાહુડ. એટલે એમાં આગમમાં આ પહેલી વાત કરે છે. બધા વ્રત ને નિયમ ને પરિષહ સહન કરવા, ઉપસર્ગ સહન કરવા, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા કરવી, વિનય કરવો, શાસ્ત્ર શ્રવણ અને મનન કરવું આનું, એ બધાની પહેલા આ રુચિ જો ન હોય તો એ બધું સંસાર ખાતે છે. જેને મોક્ષ કરવો તો મોક્ષનું કારણ તો આત્મા છે. મોક્ષ જેને આત્માની પૂર્ણદશા શુદ્ધ પૂર્ણદશા પ્રાપ્ત કરવી છે એનું કારણ તો આત્મા છે.

મુમુક્ષુ :- .. છે પ્રભુ કે આ મારે કરવા જેવું છે.

ઉત્તર :- અંતર્મુખ થઈને સ્વભાવને પકડીને શ્રદ્ધા કરવી એમ કહે છે. વાત તો આ છે.

મુમુક્ષુ :- ...રુચિ

ઉત્તર :- પણ રુચિનો અર્થ શું? રુચિનો અર્થ આખી ચીજ લક્ષમાં આવી એનું પોષાણ થયું. પોષાણી વાત અંદરમાં. આહાહા..! બીજી કોઈ વાત નવ નવ કોટીએ પોષાતી નથી જ્યાં. આહાહા..! ..નો વિકલ્પ, વ્યવહાર એ બધો.. આહાહા..! આ ગાથા ૮૭માં છે. આ જ ગાથા છે. આ જ શબ્દ અને આ જ ગાથા. ભાવપાહુડમાં ભાઈએ લઈ લીધી. .. છે. એ શબ્દે શબ્દ છે. ભાવપાહુડની ૮૭ ગાથા. ત્યાં પણ ભાવ છે ખરોને? એટલે ભાવમાં ભાવ પહેલો સમ્યક્ ચૈતન્યમૂર્તિ પૂર્ણ શુદ્ધ અભેદ એકરૂપ સહજાત્મસ્વરૂપ સ્વભાવિક સ્વરૂપ. એમ. સ્વભાવિક સ્વરૂપ પૂર્ણ. એની રુચિ, એનો અર્થ? રુચિનો અર્થ એની દૃષ્ટિ. દૃષ્ટિનો અર્થ? કે પૂર્ણ સ્વરૂપ છે તેને જ્ઞાનની પર્યાયને ત્યાં વાળી અને પ્રતીત કર એ પહેલું કર્તવ્ય છે.

મુમુક્ષુ :- આમાં જ્ઞાન ક્યાં?

ઉત્તર :- એ જ્ઞાન જ આવ્યું ને. જ્ઞાન વિના જાણે કોણ? જ્ઞાન વિના જાણે કોણ અને જાણ્યા વિના પ્રતીત કોનું?

મુમુક્ષુ :- .. નવપૂર્વનું અનંતવાર કર્યું.

ઉત્તર :- એ નહિ. એ જ્ઞાનની વાત અત્યારે નહિ. એ જ્ઞાન જ નથી. અહીં તો જ્ઞાનની વર્તમાન પર્યાય જ્ઞાનને ત્રિકાળને પકડે એ જ્ઞાનની વાત છે. ઓલું જ્ઞાન તો ક્યાં છે અહીંયા અત્યારે? એ તો ૧૭-૧૮ ગાથામાં નથી આવ્યું? આવી ગયું છે. જ્ઞાનથી જાણે, આખું તત્ત્વ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જણાય ત્યારે એની રુચિ અને પ્રતીતિ થાય. સમજાણું કાંઈ? ૧૭-૧૮માં આવી ગયું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ શ્રદ્ધા તો કાંઈ જાણતી નથી. શ્રદ્ધા કાંઈ જાણે છે? શ્રદ્ધા શ્રદ્ધાને જાણતી નથી. શ્રદ્ધા આખો આ જ્ઞેય છે એને જાણે છે ક્યાં? એ તો પ્રતીત. જ્ઞેય જ્ઞાને જાણ્યું એવી શ્રદ્ધા પ્રતીત કરે છે. પ્રતીત તો નિર્વિકલ્પ છે અને એનો વિષય નિર્વિકલ્પ છે. પણ પોતે વસ્તુ શ્રદ્ધા, સમકિત પોતે નિર્વિકલ્પ. નિર્વિકલ્પ એટલે? સ્વ-પરને જાણવું એ એનું સ્વરૂપ નથી. સ્વ અને પરને જાણવું એનું સ્વરૂપ નથી. એમ. વિકલ્પ-રાગ અહીં છે નહિ. આહાહા..! રાગ વિનાની આત્માની શ્રદ્ધા એ પણ નિર્વિકલ્પ છે. રાગ વિના માટે નિર્વિકલ્પ એમ નહિ. પોતે પરને અને સ્વને જાણતું (નથી) માટે નિર્વિકલ્પ એમ. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ પૂર્ણ ગુણનો સ્વભાવ એવા પૂર્ણ ગુણો અનંત, એનું એકરૂપ એ પૂર્ણ સ્વરૂપ, એની રુચિ કર. તો રુચિ ક્યારે થાય? એને જાણ્યા વિના રુચિ કોની? એના ખ્યાલમાં આવ્યા આ પોષાય છે એ રુચિ, દૃષ્ટિ કોની? એ ત્યાં કહ્યું છે એક વખત સોગાનીમાં. એમ કે ભાઈ એ તો જ્ઞાન પરના જ્ઞાનની વાત છે. પોતાનું જ્ઞાન તો પ્રથમ મુખ્ય જ એ છે. પરલક્ષી જ્ઞાનની વાત એમાં છે. અંદર દૃષ્ટિ પહેલી કે જ્ઞાન પહેલું? દૃષ્ટિ પહેલી. પણ એ જાણવામાં આવે છે પહેલું. માટે જ્ઞાન પણ પહેલું. જ્ઞાન તો અનંતવાર કર્યું છે. એમ પણ લખ્યું છે. એ બીજી વાત છે. એ વાત અહીં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખબર છે ને. એ પણ બીજું જ્ઞાન. આત્માનું નહિ. પરનું જ્ઞાન એમાં એનો અર્થ એ. આહાહા..!

મુમુક્ષુ :- એના .. સમજાય એવું નથી.

ઉત્તર :- એ તો પકડવું જોઈએ ને (કે) આશય એનો શું છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. જ્ઞાન તો અનંતવાર કર્યું છે.

ઉત્તર :- એ જ્ઞાન નથી. એકેયવાર નથી કર્યું. પરનું જ્ઞાન અગ્યાર અંગ, નવપૂર્વ એ જ્ઞાન જ નથી

ને. વસ્તુ એ વિકલ્પ એટલે, જ્ઞાન એટલે? સ્વ-પરને જાણે એવું જ્ઞાન, વિકલ્પવાળું જ્ઞાન છે. એ જ્ઞાન સ્વને-ત્રિકાળને જાણે અને પોતાને જાણે છે. આહાહા..! જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ ઉત્પન્ન થતી એ પોતાને જાણે છે અને એનો વિષય છે એને જાણે છે. આહાહા..! એ આવે છે ને પ્રવચનસારમાં આવે છે કે ઉત્પન્ન થતું જ્ઞાન ઉત્પન્ન થતાંને કેમ જાણે? નટનો દાખલો છે ને. એમ કે ખંભા ઉપર નાચે પોતે પોતાના પગ ઉપર અહીં મૂકીને? એમ. એમાં એમ કે પછી પોતાને ઉત્પન્ન થાય ને પોતાને જાણે? કહે હા. જ્ઞાન ઉત્પન્ન થતું, થતા કાળે, ઉત્પન્ન થતા કાળે એના વિષયને જાણે અને પોતાને પણ જાણે. સ્વપરપ્રકાશક છે. આહાહા..! આ વસ્તુ એવી છે.

આચાર્યે એવી અહીં ગાથા બે મૂકી. અહીં સૂત્રપાહુડમાં, ત્યાં ભાવપાહુડમાં. શબ્દે શબ્દ અર્થ કર્યો. આહાહા..! મૂળ વાત છે. એ પણ શું શબ્દ છે જુઓ! '**पयत्तेण**' શબ્દ છે. '**जाणिज्जह पयत्तेण**' એમ શબ્દ છે ને? પ્રયત્નથી જાણ એમ કહે છે. આમ સ્વતરફના વલણમાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમ. વસ્તુ આવી છે એમ '**जाणिज्जह पयत्तेण**' એમ છે જુઓ! બહુ શબ્દ! આહાહા..! '**जेण य लहेह मोक्खं**' '**एएण कारणेण**' આ કારણે. એટલે કે સમ્યગ્દર્શન વિના અથવા આત્માના ત્રિકાળી સ્વભાવની રુચિ વિના જે કાંઈ શ્રાવક અને મુનિની આચરણની ક્રિયા ચરણાનુયોગમાંથી કરે એમાં એને કાંઈ ભવ ઘટે એનો લાભ નથી. આહાહા..! ભવના ઘટવાનો લાભ નથી એટલે મોક્ષ થવાનો લાભ નથી. કેમકે મોક્ષનું કારણ એ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ તો અનિત્ય છે એમ આપે કહ્યું.

ઉત્તર :- હા અનિત્ય જ છે ને. અનિત્ય ત્વાત્ જુઓને આવ્યું. અનિત્ય ત્વાત્ એમ કહ્યું ત્યાં. જેનું ફળ અનિત્ય છે. હવે ધૂળ સંયોગ મળે એ તો અનિત્ય ફળ છે એમ કહે છે. એ ફળ તો આત્મામાં શાંતિ, આનંદ, સ્વચ્છતા, રમણતા થાય એ છે ફળ. વ્રતનું ફળ તો અનિષ્ટ છે. આ દેહ મળે કે પૈસા મળે કે ધૂળ મળે. અનિષ્ટ ફળને કારણે વ્રતની ક્રિયા અનિષ્ટ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે કે .. આવે નહિ ને. મોક્ષનો માર્ગ છે અંદરમાં થયો ત્યારે, વીતરાગ ન થાય ત્યારે એને આવે?

મુમુક્ષુ :- એની અભિપ્રાયની ભૂલ છે?

ઉત્તર :- હા, અભિપ્રાયમાં એને હેય છે.

મુમુક્ષુ :- હેય તો વળી જ્ઞાન થયું.

ઉત્તર :- તો હેયનું જ્ઞેય નથી? જ્ઞાન તો વ્યવહારનું જ્ઞાન નથી? વ્યવહારને એ જાણે છે. હેયરૂપે જાણે છે. આહાહા..! બહુ ગાથા ૧૬-૧૬ ગાથા. પૂર્ણ. આહાહા..! ચારેકોર પ્રયત્ન કરી મન, વચન,

કાયાથી એટલે એના તરફનું વલણ છોડી દઈને .. નવ નવ કોટીનું એ છોડીને. અહીં પ્રયત્નને વાળી દે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તુમ ઉસ આત્માકી શ્રદ્ધા કરો,...**' આહાહા..! '**મન-વચન-કાયસે સ્વરૂપમેં રુચિ કરો, ઈસ કારણસે મોક્ષકો પાઓ...**' '**जेण य लहेह मोक्खं**' છે ને? ત્રીજું પદ. અહીં તો મોક્ષનું કામ છે ને? મોક્ષ એટલે પરમ આનંદ સ્વરૂપ દશા. એ પરમ આનંદ સ્વરૂપ દશાનું કારણ આત્મા છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પો એ કાંઈ મોક્ષનું કારણ નથી એમ કહે છે. આહાહા..! વ્રતની ક્રિયા કરો, વ્રતની ક્રિયા કરો. ધીમે ધીમે એમાં શાંતિ વધતી જશે. અહીં કહે છે, વ્રત અનિષ્ટ છે. એનું ફળ મોક્ષ નથી એટલે એ અનિષ્ટ ફળ છે. અને આત્માનો આશ્રય કરવો મોક્ષને માટે એનું ફળ ઈષ્ટ છે. આહાહા..! ઝઘડાએ પાર આવે નહિ ભાઈ આ.

'**કારણ સે મોક્ષકો પાઓ...**' એ વાત છે ને. આહાહા..! સંસારની પ્રાપ્તિ તો અનંતવાર અનંત કારણે થઈ શુભાશુભભાવથી. હવે આત્માની મોક્ષદશા પરમ આનંદદશા, પરમ આનંદદશા. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' આવ્યું ને? પૂર્ણ શુદ્ધ અને પૂર્ણ આનંદની દશા એટલે મોક્ષ. અને મોક્ષમાં દુઃખથી સર્વથા મુક્ત થવું તે મોક્ષ. તો દુઃખ એ સંસાર. સુખની પૂર્ણતા કીધી મોક્ષ, એનું કારણ આત્મા. એમ કહેવું છે અહીં તો. આહાહા..! આ કારણો નહિ. આત્માના આશ્રય વિના જેટલી ક્રિયાઓ પરલક્ષી થાય, ચરણાનુયોગની હોય પ્રમાણ, એ કોઈ મોક્ષનું કારણ નથી. એમ કહે છે. સૂત્રને, સિદ્ધાંતને એમ કહેવું છે. ભગવાનના આગમમાં, વાણીમાં દિવ્યધ્વનિમાં એ આવ્યું, આગમમાં એ રચાણું. એ આગમ અહીં સૂત્રપાહુડ રચ્યું. આહાહા..! પરમાગમ છે આ. આ બધી ગાથા કોતરાઈ ગઈ છે.

'**ઔર જિસસે મોક્ષ પાતે હૈં ઉસકો પ્રયત્ન દ્વારા...**' એમ. ત્યારે કહે છે હોનહાર હોય તે થાય છે ને. ક્રમબદ્ધમાં આવશે ત્યારે થશે ને. કાળલબ્ધિ થશે અને ભગવાને દીઠું તે દિ' થશે ને? પણ એ બધાનો નિર્ણય કરે કોણ?

મુમુક્ષુ :- એનો સ્વકાળ છે.

ઉત્તર :- સ્વકાળનો અર્થ પણ સ્વકાળનો નિર્ણય કરે કોણ? ત્રિકાળનો નિર્ણય કરનાર સ્વકાળનો નિર્ણય કરે. આહાહા..! ત્રિકાળ વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન, જેવું ત્રિકાળ એકરૂપ પડ્યું છે, એનું જ્ઞાન અને શ્રદ્ધા કરતાં એની વર્તમાન પર્યાયનું શ્રદ્ધા અને જ્ઞાન ત્યારે એને થાય. ત્યારે સ્વકાળનું બધું જ્ઞાન ભેગું થઈ ગયું. યોગ્યતાનું, હોનહારનું. ... એથી પ્રયત્ને કીધું છે ને? ઓલા કહેતા હતા. સર્વજ્ઞે દીઠું. સર્વજ્ઞે તો બધું ત્રણ કાળ ત્રણ લોક જાણે. એ પ્રયત્ન કરવાનું કહે કેમ? આહાહા..! પણ એને પ્રયત્નથી થાય છે તો પ્રયત્ન કરવાનું ન કહે? ભગવાને દીઠું એ થાય તો એક આવે, પણ એ પ્રયત્નથી થાય છે કે નહિ ત્યાં? અને ભગવાનની શ્રદ્ધા પણ ત્યારે કરશે કે નહિ? આહાહા..! .. આજ્ઞામાં ઉપસ્થિત નથી અને આજ્ઞા બહાર ઉદ્યમ કરે એને .. હોય એમ. પણ આગમમાં પુરુષાર્થ કરે એમ નથી કહ્યું. અરે..! પણ.

પાંચમાં સૂત્ર છે એ આચારાંગમાં. ... એ તીર્થંકર .. પુરુષોનું દર્શન છે. કે આજ્ઞા બહારમાં ઉદ્યમ નહિ અને આજ્ઞામાં આળસ નહિ. એમ કહે છે. એય..! પણ આવી ગયું એમાં કીધું ભાઈ! એમાં તો ઘણી ચર્ચા ચાલી છે. આજ્ઞા બહારનો ઉદ્યમ કરીશ નહિ, આજ્ઞામાં ઉદ્યમ શિથિલ થઈશ નહિ. આવશ્યક નથી એમ અર્થ થયો.

મુમુક્ષુ :- સહજ જ છે.

ઉત્તર :- ના, ના, સહજ છે એ પણ કઈ રીતે છે એ માનવું જોઈએ ને. એમ. સહજ તો શબ્દ આવ્યો છે. સહજ એટલે કેમ સહજ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી જુદી વાત છે. એ અત્યારે વાત નથી. અહીં તો પ્રયત્નથી થાય એ કેમ કીધું? ભગવાન સર્વજ્ઞ તો જાણે છે કે એ જે સમયે જેનું જ્યાં થશે તે થશે. તો એની વાણીમાં આમ કેમ આવ્યું? કે તું પ્રયત્નથી આત્માને શ્રદ્ધ. કે એમાં એ આવ્યું. આહાહા..! જેણે આ સર્વજ્ઞ છે અને સર્વજ્ઞને દીઠું તે દિ' કાળલબ્ધિએ થાશે એવી જેને શ્રદ્ધા થાય ક્યારે? જે વર્તમાનની શ્રદ્ધા ક્યારે થાય? કે ત્રિકાળની શ્રદ્ધા કરે તો થાય. વર્તમાન તો એક અંશ એનો ત્રિકાળનો એક ભાગ છે. ભાગ વિનાની ત્રિકાળી ચીજ એની શ્રદ્ધા કરે ત્યારે ભાગવાળાની શ્રદ્ધા થાય. આહાહા..! એ બધું આમ છે ભાઈ! પ્રયત્નમાં છે બધું.

પ્રયત્ન ઉડાવતા હતા ત્યાં ૭૨માં. પુરુષાર્થ કાંઈ કામ કરે નહિ. ભગવાને દીઠું તે દિ' પુરુષાર્થ ચાલે. એ પણ કોની વાત આ? કોની ભાષા આ? આગમની ભાષા આવી છે? વીતરાગની વાણી આવી છે? આગમે એમ કહ્યું વાણીમાં? આ શું કહે છે? આહાહા..! વાત તે વાત કુંદકુંદાચાર્યની. શાસ્ત્રો અને એની ગાથા.

'**एएण कारणेण**'માં આ કાઢ્યું. કે આત્માની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન અને રુચિ વિના જે કાંઈ કરે એ બધું નિરર્થક છે. તે કારણે, એમ. '**तं अप्पा**' તે આત્માને શ્રદ્ધવો. '**तिविहेण**' મન, વચન અને કાયા વડે કરીને ક્યાંય પણ મન, વચન અને કાયા, કરણમાં છિદ્ર પડ્યા વિના, ભંગભેદ પડ્યા વિના. અંતરમાં પ્રબળ પુરુષાર્થથી '**जाणिज्जह पयत्तेण जेण य लहेह मोक्खं**' એમ લીધું. સમજાણું કાંઈ? '**जाणिज्जह पयत्तेण**' આહાહા..! શ્રદ્ધા પણ '**जाणिज्जह**' એમ શબ્દ મૂક્યો પાછો જુઓ! પહેલો વિકલ્પથી નિર્ણય કરે તોપણ એમાં જ્ઞાન આવે છે ને. ભલે હજી મનના સંગવાળું છે, પણ એ જ્ઞાન દ્વારા નિર્ણય કરે છે વિકલ્પસહિત કે આ વસ્તુ પૂર્ણ છે. ધ્રુવ છે, શુદ્ધ છે.

કહેતો હતો નહિ જામનગરમાં છોકરો નહિ? ધ્રુવ ધ્રુવ આ ભાણેજ રાજકોટ. રાજકોટ શું? અમદાવાદ. બાબુભાઈનો ભાણેજ છે ને. છે માળો રસિયો હોં. પણ જરી બીજા સાધુ સાથે બેસે. .. એના મામા એ કહ્યું, આ બધી વાતું સાંભળીને કોઈની સાથે અથડામણ ન કરવી. આ જૈનદર્શન આવું

છે એમા.. બધા આવા છો. એના માટે આ નથી. આ તો પોતાએ સમજવાનું. એના મામાએ ભલામણ કરી હોં! હવે તો ભણે છે. એટલું બધું.. હવે બધા રામજીભાઈને બધા પાસે જાય.

કહે છે. આહાહા..! એણે આ પૂછયું ધ્રુવ આ હાથ આવતો નથી. પણ પહેલો, કીધું, નિર્ણય તો કર કે આ પર્યાય છે અવસ્થા. એટલી ચીજ છે કે એથી બીજી છે? એ તો વર્તમાન ચીજ થઈ. ચાલતો વિચાર, ચાલતી પર્યાય, ચાલતી દશા એ તો પલટતી દશા થઈ કારણ કે પલટી જાય છે, પલટે છે. તો વસ્તુ જેને આધારે થાય એ કોઈક વસ્તુ છે કે નહિ? જે પર્યાય જેને આધારે થાય એ ચીજ છે કે નહિ? એ જ આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ન્યાયથી તો વાત ચાલે છે. આ વસ્તુ આવી ચીજ. એના પર્યાયમાં વિચાર ચાલે છે. એ પર્યાય તો પલટતી છે. બદલે છે. એ બદલતી કોને આશ્રયે બદલે છે? કોઈ એનો આધાર છે કે નહિ? આધાર ભગવાન પૂર્ણાનંદનો આધાર, એ જ નિશ્ચય આત્મા છે. પર્યાય તો વ્યવહાર આત્મા છે. સાચો આત્મા તો એ છે. આ તો ઉપચારિક આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક સમયની અવસ્થામાં પૂર્ણ વસ્તુની દૃષ્ટિ કરવી એ વસ્તુ તો એ છે. નિશ્ચયથી એને જ આત્મા કહ્યો ભગવાને તો. પર્યાયને વ્યવહારે આત્મા, ઉપચાર આત્મા. ઉપચાર. વાસ્તવિક તો એ ચીજ છે. આહાહા..! વાદવિવાદ-ઝઘડા કરે બાપા! આ વસ્તુ. એવી વાત કરી જુઓને. આહાહા..! '**अप्पा**' આત્મા શ્રદ્ધવો. ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રદ્ધવા એમ નથી કહ્યું આમાં? કારણ કે એ બધી શ્રદ્ધા નિરર્થક છે આત્માની શ્રદ્ધા વિના. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કહો, આ શ્રીમદ્‌ના માણસોને ભક્તિ કરો.. ભક્તિ કરો.. અહીં કહે છે કે એ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો '**तिविहेण**' એમ નથી કહ્યું અહીં. એય..! એવી શ્રદ્ધા તો અનંતવાર કરી છે બહારની. આહાહા..! સમવસરણ ભગવાનનું આવું હોય. તીર્થંકર આવા હોય, ..માં આમ હોય. ફલાણું જરી .. માથુ કાપી નાખી તો ફેરફાર ન માને. એ શ્રદ્ધા અનંતવાર થઈ છે. એમાં શુ થયું? પણ એના પહેલા આવો ભગવાન પૂર્ણ વસ્તુની શ્રદ્ધા વિના એ શ્રદ્ધા શું કામની? એમ કહે છે. આહાહા..!

ગુરુજી કહેતા કે આ શું કહેવાય? વાવીએ છીએ એને ખણશો નહિ. પણ અહીં તો કહે છે કે બીજ તો આ કહેવાય. ઓલા દેવ-ગુરુની શ્રદ્ધા. અહીં તો કહે છે કે એ નહિ. આહાહા..! આ તો આવી વાત છે, ભગવાન! અહીં તો આ '**तिविहेण**' વિકલ્પ છોડીને આ બાજુ ક્યાંય પણ એમ કે મન-વચન-કાયામાં ક્યાંય રોકાવું નહિ. એ વસ્તુને શુદ્ધ ચૈતન્યને '**तिविहेण सद्‌दहेह**' '**तं जाणिज्जह पयत्तेण**' એ પ્રયત્નથી જણાય છે. એથી મોક્ષ થાય છે. આ ચારેય પદનો અર્થ લ્યો! આહાહા..! ગજબ શૈલી છે ને. પ્રયત્ન વિના? થવાનું હશે એ થશે, બનવાનું હશે એ બનશે, એનો નિર્ણય પ્રયત્ન વિના આવે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય. પણ સહજનો અર્થ શું છે? એ પ્રયત્ન જ સહજ છે. નથી સમજાણું. એ પ્રયત્ન કરવો એ જ સહજ છે. આહાહા..!

અહીં તો એ માટે તો કીધું છે ને જુઓને. ઓલામાં પણ કીધું, છ દ્રવ્યને પ્રયત્નથી જાણવો. વ્યવહાર. યોગસારમાં. આ હોય તો આ વાણી આવે છે. ત્યાં પણ આ પ્રયત્ન શબ્દ વાપર્યો છે યોગસારમાં. પણ જે જે સ્થાને જે પ્રકાર છે એમાં પહેલો આ પ્રકાર છે. એ પછી બધી વાત. આહાહા..! જાનમાં કહે ભાઈ વરને તૈયાર કરજો. એમ કહે કે જાનૈયા તૈયાર થાવ, વર પછી આવશે તૈયાર થઈને? વરને તૈયાર કરો જાનૈયા પાછળ આવે એ તો. આવે ન આવે. એને તૈયાર કરો. રેલનો ટાઈમ થઈ ગયો છે. આહાહા..! અહીં મોક્ષ જવાની જેને ઇચ્છા છે. એમ છે ને? જેને મોક્ષ ઇષ્ટ છે એને આત્મા ઇષ્ટ કરવો પડશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'જિસસે મોક્ષ પાતે હૈં ઉસકો પ્રયત્ન દ્વારા સબ પ્રકારકે ઉદ્યમ કરકે જાનો.'** એ ઓલો મન-વચન-કાયાનો અર્થ બધે ચારેબાજુથી. **'સબ પ્રકારકે...'** આહાહા..! લ્યો **'(ભાવપાહુડ ગા. ૮૭ મેં ભી યહ બાત હૈ.)'** સૂત્રપાહુડમાં નાખી. એટલે કે આગમમાં પણ આની પ્રધાનતા કરી છે. ભાવપાહુડમાં પણ એ જ ભાવ પહેલો, એમ કહે છે. જાતની વાત લીધી છે. ભાવ..૮૭ કરીને પછી .. મત છે ને. ૮૮ મતની લીધી.

**'ભાવાર્થ :- જિસસે મોક્ષ પાતે હૈં...'** જુઓ ત્યાંથી લીધું. **'ઉસહીં કો જાનના,...'** જેનાથી મોક્ષ થાય એને જાણવું. જેનાથી મોક્ષ થાય. કોનાથી? કે આત્માથી. ધર્મ કોનાથી થાય? કે આત્માથી. ચારિત્ર કોનાથી થાય? આત્માથી. કેવળજ્ઞાન કોનાથી થાય? આત્માથી. માટે આત્માને પહેલો જાણવો, એમ. આહાહા..! ધર્મ કરનાર કોણ છે એને જાણ્યા વિના ધર્મ ક્યાંથી થતો હતો એને? આહાહા..! એ તો મૂક્યું હતું ત્યાં. શું કહેવાય વ્યારા? વ્યારા. સોનગઢ વ્યારા. ત્યાં મૂક્યું હતું. આવે છે એ. આ ..માં આવે છે. કોકે મૂક્યું હતું. ધર્મ કરનાર આત્મા એ કરનારને જાણ્યા વિના ધર્મ થાતો નથી. કલ્યાણ કરનાર આત્મા એ કલ્યાણનો કરનારો કોણ છે? એણે જાણ્યા વિના કલ્યાણ ક્યાંથી થતું હતું? આહાહા..!

**'જિસસે મોક્ષ પાતે હૈં ઉસહીકો જાનના,...'** જોયું! **'શ્રદ્ધાન કરના,...'** લ્યો! એને જાણીને એની શ્રદ્ધા કરવી. **'યહ પ્રધાન ઉપદેશ હૈ,...'** મુખ્ય ઉપદેશ આ છે. બાકી બધો ઉપદેશ પછી. આહાહા..! **'અન્ય આડંબર સે ક્યા પ્રયોજન?'** આહાહા..! વ્રત ને નિયમ ને પચ્ચખાણ ને ભક્તિ, મંદિર ને બધા આવા આડંબરથી પ્રયોજન શું છે? કહે છે. મૂળ તો પકડાણું નહિ. જેનાથી મોક્ષ થાય, જેનાથી સમ્યગ્દર્શન થાય એ ચીજને તો પકડી નહિ. બીજા આડંબરે શું? આહાહા..! **'निरवशेष'** આવી હતીને એનો અર્થ કર્યો. ૧૫મામાં આવી હતી. **'धम्माइं करेइ णिवरसेसाइं।'** **'अह पुण अप्पा णिच्छदि'** આત્મા ઇચ્છે નહિ, ઇષ્ટ કરે નહિ **'धम्माइं करेइ'** એ ધર્મ એટલે પુણ્યક્રિયાઓ

વ્રતાદિ. લ્યો! શબ્દ તો ધર્મ શબ્દ પડ્યો. શબ્દ તો એનો ... ધર્મ નિશ્ચય ધર્મનો કરનાર ભગવાન આત્મા, એને જાણ્યા વિના બીજા ધર્મો પુણ્યાદિની ક્રિયા કરે એનાથી કાંઈ લાભ ન થાય.

**'અન્ય આડંબરસે ક્યા પ્રયોજન?'** આહાહા..! બાહ્યના ત્યાગ ને વ્રત ને નિયમ ને અપવાસ ને રસ પરિત્યાગ ને અનેક પ્રકારના વિનય.. વિનય... વિનય.. શાસ્ત્રનો વિનય ને ગુરુનો વિનય ને દેવનો વિનય. એમ કહે છે. આ આવા વિના બીજા આડંબર શું છે?

**'આગે કહતે હૈં કિ જો જિનસૂત્રકો જાનનેવાલે મુનિ હૈં ઉનકા સ્વરૂપ ફિર દૃઢ કરનેકો કહતે હૈં :—'**

**बालग्गकोडिमेत्तं, परिगहगहणं ण होइ साहूणं।**
**भुंजेइ पाणिपत्ते, दिण्णण्णं अक्कठाणम्मि।।१७।।**

જુઓ! એ શ્રદ્ધા આમ કરવી પહેલી અને હવે કહે છે કે મુનિ કેવા હોય એની વ્યાખ્યા પહેલી. એની શ્રદ્ધા બીજી રાખવી. આહાહા..!

**बालग्गकोडिमेत्तं, परिगहगहणं ण होइ साहूणं।**
**भुंजेइ पाणिपत्ते, दिण्णण्णं अक्कठाणम्मि।।१७।।**

**'અર્થ :- બાલકે અગ્રભાવકી કોટિ અર્થાત્ અણી માત્ર ભી પરિગ્રહકા ગ્રહણ સાધુકે નહીં હોતા હૈ.'** લ્યો! ઓહોહો..! તલનું ફોતરું એટલો પણ જેને પરિગ્રહ નથી. .. ફોતરું તો છે, એમ કહે છે એ. પણ ફોતરું નથી એને ઝાઝાના ઢગલાં. મોટા ખટારા ખટારા. અહીં ખટારો ઊભો છે ને. આમ ઠેઠ ભરેલું ઘાસ. પણ કોનું કીધું આટલું? .. સાધુ આવ્યા. ગૌશાળા માટે જોવે ને? અરેરે..! માર્ગ આ નથી. અહીં તો વાળના અગ્રભાગ. **'बालग्ग'** શબ્દ છે ને? **'बालग्ग' 'બાલકે અગ્રભાવકી કોટિ...'** એટલે અણીમાત્ર પાછું એમ. **'कोडिमेत्तं' 'પરિગ્રહકા ગ્રહણ સાધુકે નહીં હોતા હૈ.'**

**'યહાં આશંકા હૈ કિ યદિ પરિગ્રહ કુછ નહીં હૈ તો આહાર કૈસે કરતે હૈં?'** એટલો પરિગ્રહ ન રાખે અને આહાર લેવા જાય. **'કૈસે કરતે હૈં? ઈસકા સમાધાન કરતે હૈં—આહાર કરતે હૈં સો પાણિપાત્ર (કરપાત્ર)...'** હાથમાં. કોઈ પાત્ર હોય નહિ મુનિને. **'અપને હાથ મેં ભોજન કરતે હૈં,...'** એક વાત. **'વહ ભી અન્યકા દિયા હુઆ...'** બીજાનું દીધેલું. તે પણ **'પ્રાસુક...'** અચેત. આટલા વિશેષણ આપ્યા. હાથમાં, અન્યનું દીધેલુ, પ્રાસુક-અચેત. એમ. એનું સચેત હોય તોપણ નહિ. એમ. **'પ્રાસુક અન્ન માત્ર લેતે હૈં,...'** આહાર માત્ર લે છે. એ વસ્ત્ર ને કંઈ... એ નથી લેતા આ.

**'વહ ભી એક સ્થાન પર હી લેતે હૈં,...'** એમ છે ને? **'दिण्णण्णं पाणिपत्ते अक्कठाणम्मि'** આટલા બોલ મૂક્યા છે. એક જ સ્થાનમાં. **'વહ ભી એક સ્થાન પર હી લેતે હૈં,...'** એક સ્થાનમાં એમ. .. ઊભા હોય ત્યાં. ઊભા રહે છે ત્યાં અને નીચે લાઈનમાં ચાર-પાંચ ઘર હોય .. હોય તો નિમિત્ત પડે છે. પોતે તો એક સ્થાનમાં. એક લાઈન હોય. ઓસરીની એક જ લાઈન. બીજા હોય પણ સ્થાન

એક ઠેકાણે ઊભા હોય. અહીં લઈને પછી બીજે જાય અને ત્રીજે, એમ નહિ. એમ કહે છે. પોતે ત્યાં રહ્યા થકા તે ઘરવાળો અથવા બીજા ઘરવાળા આહાર લઈને આપે. એક સ્થાનમાં આપે. ચાર-પાંચ ઘરે જાય એમ નહિ. પણ ચાર-પાંચ ઘર લાઈનવાળા હોય ને આપે તો એક સ્થાનમાં લે. નજર પડતી હોય કે આ શ્રાવકના ઘર છે. નજર પડતી હોય એ પાછી .. લીલોતરી કરીને લાવે, ફલાણું કરીને લાવે. એથી એમ કહ્યું લાવે. આમ નજર પડતી હોય એ લાવતો હોય ત્યાંથી . વનસ્પતિ લીલોતરી ન હોય. એક સ્થાનમાં લેશે.

**'વારંવાર નહીં લેતે...'** એમ. બે વાર ને ત્રણ વાર. સવારે ચા, બપોરે દાળ-ભાત, શાક, બે વાગે વળી ફરસાણ. ફરસાણ તો વળી સાંજે. બપોર વચ્ચે પપૈયું ને એવું. બદામ ને.

મુમુક્ષુ :- .. જૂની..

ઉત્તર :- બદામ ને પિસ્તાને લાવતા નહિ આ લોકો? કેવા? કાજુ. મામરો લાવતા બદામ ઊંચી. ત્યાં હોય ને. ત્યાં કરતા. ઓળખીતા હોય સાધુ ત્યાં. હોસ્પિટલમાં. લાવતા એ મેવો લાવે મેવો. બપોરે લેવો. સવારે ચા. સાંજે .. .. ને ભજીયા. લ્યો! એ તો ગૃહસ્થની વાત છે ભાઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને પણ? એ તો જેને પચે નહિ એને માટે. આને તો સાધુને તો એક જ વાર. પચે ન પચે એનો પ્રશ્ન નહિ. પચે ન પચે એ પ્રશ્ન સાધુ માટે નહિ. ગૃહસ્થને માટે .. કામ કરતું હોય તો બે ભાગ પાડી દેવા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળો. સાંભળો. કહેવા કરતા ધ્યાન વધારે સાંભળવામાં રાખો.

**'વારંવાર નહીં લેતે ઔર અન્ય સ્થાનમેં નહીં લેતે હૈં.'** જોયું! સ્થાન બીજું ન બદલાવે. ઘર બીજું લાવે આપે. તદ્દન શરીર નભાવવા, સંયમ નભાવવા પૂરતી વાત છે. આહાહા..! એ સંયમના ભાવ માટે શરીર.. **'ઔર અન્ય સ્થાનમેં નહીં લેતે હૈં.'**

**'ભાવાર્થ :- જો મુનિ આહાર હી પરકા દિયા હુઆ પ્રાસુક યોગ્ય...'** એ પણ પ્રાસુક અને પોતાને યોગ્ય હોય એ. એણે બનાવેલું હોય સાધુ માટે. એમ નહિ. એવું નહિ. એ યોગ્ય નથી. **'યોગ્ય અન્નમાત્ર નિર્દોષ...'** આહાર-પાણી માત્ર આહારાદિ. **'એકબાર દિનમેં...'** એક જ વાર આહાર દિવસમાં. બે વાર નહિ, રાતે નહિ, પાત્રમાં નહિ. **'અપને હાથમેં લેતે હૈં...'** આહાહા..! આવું સૂત્રમાં ભગવાનના આગમમાં આમ કહ્યું છે. ભગવાનના આગમમાં .. શ્રદ્ધા કરવી પહેલી અને મુનિપણું ભગવાનના આગમમાં આવું કહ્યું છે કે શ્રદ્ધા પછી ચારિત્ર થાય તો આવાને ચારિત્ર હોય. આહાહા..! બહુ વાંધા ઉઠ્યા છે. બધા વસ્ત્ર રાખે એ બધા આચાર્ય ભગવંતો. એય..! આહાહા..! બાપુ! માર્ગ એ વીતરાગનો નથી. વીતરાગ કેવળીઓનો એ માર્ગ નથી. પોતાનો કલ્પિત સ્વચ્છંદે કલ્પ્યો એ માર્ગ છે.

આહાહા..! સમજાણું કાંઈ?

'**એકબાર દિનમેં અપને હાથમેં લેતે હૈં તો અન્ય પરિગ્રહ કિસલિયે ગ્રહણ કરેં?**' એને ..ની જરૂર છે એને? પૈસાની જરૂર નથી ને .. કરવાની જરૂર છે. ચોપડી-ચોપડી યાદ રાખવા લખવા માટે. એ ના પાડી. અન્યનું શું કામ છે એને? આહાહા..! '**અર્થાત્ નહીં ગ્રહણ કરેં, જિનસૂત્રમેં ઈસપ્રકાર મુનિ કહે હૈં.**' જુઓ! આવા આગમમાં સિદ્ધાંતમાં મુનિ ... પહેલી શ્રદ્ધા કરવી આત્માની રુચિ, દૃષ્ટિ કરવી. એ કહ્યું. અને પરમ આગમમાં આવું મુનિપણું અંગીકાર કરવું સમકિતસહિત, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**જિનસૂત્રમેં ઈસપ્રકાર મુનિ કહે હૈં.**'

'**આગે કહતે હૈં કિ અલ્પ પરિગ્રહ ગ્રહણ કરે ઉસમેં દોષ ક્યા હૈ? ઉસકો દોષ દિખાતે હૈં :—**' હવે મૂળ ગાથા આવી.

**जहजायरूवसरिसो, तिलतुसमेत्तं ण गिण्हदि हत्थेसु।**
**जइ लेइ अप्पबहुयं, तत्तो पुण जाइ णिग्गोदम्।।१८।।**

'**અર્થ :- મુનિ યથાજાતરૂપ હૈ, જૈસે જન્મતા...**' યથાજાત એટલે જન્મતા. '**રૂપ..**' એટલે બાળક. '**જન્મતા બાલક નગ્નરૂપ હોતા હૈ...**' આહાહા..! એવા મુનિ નગ્નદશા, વીતરાગી મૂર્તિ, ઉપશમ રસના ઢાળા ઢળ્યા છે જેના શરીરમાં પણ. આહાહા..! ઉપશમરસ આત્મામાં એટલો પ્રગટ્યો છે કે ત્યાં પરમ સ્વસંવેદનદશા. આહાહા..! પોતાના વેદનની દશા હોં! એની નગ્નદશા હોય છે. એવું નિમિત્તપણું આવું જ હોય એને. ઓલું નિમિત્ત વસ્ત્રનું હોય અને ફલાણાનું હોય... અત્યારે ઘણા બચાવ કરે છે. મૂર્છાના કહીએ. કારણ કે આહાર ઓલામાં દે પછી એનો રહ્યો નહિ, આનો થયો. પણ આમાં .. થતાં મૂર્છા નથી માટે એમ કે આહાર બીજા દે હાથમાં તો ... છે. હવે અહીંયા આવ્યો ત્યાં સુધી એનો થયો. એનો થતાં એ પરિગ્રહ નથી એમ.

મુમુક્ષુ :- એનો થયો ને પરિગ્રહ નથી?

ઉત્તર :- હાથમાં આહાર આવ્યો એમ. ન્યાય આપે છે. એ કહે છે કે વસ્ત્રનો પરિગ્રહ કેમ નથી? કે જેમ બીજો આહાર આપે સાધુના હાથમાં, જ્યાં સુધી ઓલાના હાથમાં હતો ત્યાં સુધી એનો હતો, આપ્યો એટલે પછી એનો ન રહ્યો. હવે અહીં રહ્યો. હવે અહીં રહ્યો છતાં એનામાં પરિગ્રહબુદ્ધિ નથી. એમ વસ્ત્ર બીજાએ આપ્યું ત્યાં સુધી એનું, આને આપ્યું ત્યારે આનું પરિગ્રહ થયો પણ આના ઉપર મૂર્છા નથી. ભાઈ! માણસ તો ... કહે છે. અમરચંદજી એ બચાવ કરતા હતા. આવ્યું હતું છાપામાં. આગ્રાવાળા. આગ્રાવાળા.

કાલે એવું આવ્યું હતું ઓલામાં આગ્રા નીચે અમેરિકા છે. એમ કાંઈક હતું. આમાં. નીચે છે. એમ આવ્યું હતું. ગોળા, ગોળો કહે છે એ. આગ્રા કહે છે. એમ આ લોકો કહે છે. એમાં કીધું હતું કાંઈક. વાત સાચી છે. ... ભગવાને કહી છે એ જ છે. લોકોને ભ્રમ છે જગતને અત્યારના વિજ્ઞાનીઓને. ક્યાંક ગયા

હોય ને ક્યાંક માન્યું, ક્યાંક દીઠ્યું ને કાંઈક માન્યું. બ્રહ્માંડની વસ્તુને...

અહીં તો કહે છે.. આહાહા..! '**યથાજાતરૂપ હૈ, જૈસે જન્મતા બાલક નગ્નરૂપ હોતા હૈ વૈસે હી નગ્નરૂપ દિગંબર મુદ્રાકા ધારક હૈ,...**' આહાહા..! એકલા નગ્નરૂપ નહિ અંદર ભાવનગ્ન સહિતની વાત છે. આહાહા..! '**વહ અપને હાથસે તિલકે તુષમાત્ર ભી કુછ ગ્રહણ નહિ કરતા;...**' તલના ફોતરા જેટલો પણ હાથથી ગ્રહણ ન કરે. ત્યારે કહે આ પુસ્તક ગ્રહણ કરે, પીંછી ગ્રહણ કરે, કમંડળ ગ્રહણ કરે. એમ પાછો માળા દાખલો આપે છે. જેને એ ઉપકરણમાં મમતા નથી એમ એને વસ્ત્રમાં મમતા નથી. પણ એ જૂઠી વાત છે. મમતા વિના વસ્ત્ર લેવાની વૃત્તિ છે જ નહિ. આ તો એના બાહ્ય ઉપકરણો હોય છે. આહાહા..! એવું છે ભાઈ! પ્રતિમામાં પણ એમ કહે છે. ભગવાનની પ્રતિમાને તમે રથમાં બેસાડો છો, તો ભગવાન તો વીતરાગ છે. એને રથમાં બેસાડો છો? કાયોત્સર્ગવાળા. તમે કાયોત્સર્ગવાળા, અમે લૂગડા પહેરેલ છે.

મુમુક્ષુ :- તમને છૂટ અને અમને નહિ?

ઉત્તર :- હા એમ કહે છે. એ ઓલો કહેતો હતો. ઓલો નહોતો જુવાન સાધુ આવ્યો? શાંતિસાગર. ઘણા વર્ષ પહેલા આવ્યો હતો. મને કાંઈ શ્રદ્ધા નથી મહારાજ! એક ફેરી કહે. .. ઉપર શ્રદ્ધા લાગે. મેં કીધું, અહીં તો માર્ગ આ છે. મને કોઈ શ્રદ્ધા નથી. એમ કહેતો હતો. જુવાન હતો. એ કહેતો હતો આ હોં. કે આ જ્યારે ભગવાનની પ્રતિમાને રથમાં બેસાડો કાયોત્સર્ગે... રથમાં બેસાડો એને, કાયોત્સર્ગવાળા રથમાં બેસે? એય..! દલીલ એની. એમ આ કાયોત્સર્ગવાળાને લૂગડા પહેરાવીએ અમે, એમાં શું છે? અરે..! ભગવાન! માર્ગ એ નહિ. પક્ષનો વ્યામોહ એવો છે. કંઈપણ બચાવ કરવામાં...

છેલ્લે મોહનભાઈ આવ્યા હતા. છેલ્લે દિવસે. ચાર દિ' સાંભળીને. કેમ? બતાવવી છે. એમ કે પ્રમાદ મારો. .. બચાવ બચાવ નહિ. મોહનભાઈ નહિ? .. સામું જોયું. કંઈ દરકાર મળે નહિ. રાત્રે આવ્યા. દર્શન તો કરીએ. પણ તું કહે એમ થયું. બચાવ નહિ. પ્રમાદ છે. ઠીક! .. છે ને. દરકાર ન મળે. આહાહા..! ડાહ્યાભાઈ. ... કનુભાઈ. કનુભાઈ ક્યાં હતા તે દિ'? હીરાભાઈનો દીકરો.. કનુભાઈ.

મુમુક્ષુ :- અમદાવાદ

ઉત્તર :- ત્યાં હતા. ત્યાં જ હતા હમણા. આહાહા..! અરે..! ભગવાન! દેહ મનુષ્યના દેહ સમયે-સમયે કાળની સન્મુખ જાય, એમાં આવી વાત સાંભળવાનો અવકાશ નહિ, એને અંતર દૃષ્ટિ કરવાનો અવકાશ ક્યાં છે? આહાહા..!

અહીં કહે છે '**વહ અપને હાથસે તિલકે તુષમાત્ર ભી કુછ ગ્રહણ નહિ કરતા; ઔર યદિ કુછ થોડા-બહુત લેવે ગ્રહણ કરે તો વહ મુનિ ગ્રહણ કરનેસે નિગોદમેં જાતા હૈં.**' .. આહાહા..! અચેલ નથી કહ્યું. વસ્તુનું સ્વરૂપ એમ છે. કેમકે જેને ત્રણ કષાયનો અભાવ થઈને જ્યાં દશા મુનિની પ્રગટી છે, એને વસ્ત્ર લેવાનો વિકલ્પ એવો આસ્રવ એટલો આસ્રવ ત્યાં હોય જ નહિ. એને..

આહાહા..! ધન્યદશા! જ્યાં સ્વરૂપની દષ્ટિપૂર્વક જ્યાં સ્વરૂપની રમણતા, જ્યાં પ્રચુર સ્વસંવેદન આનંદનું પ્રગટ્યું, એની ભૂમિકામાં એવો વિકલ્પ ન હોય કે વસ્ત્ર લઉં, પાત્ર લઉં એવો વિકલ્પ તો તીવ્ર આસ્રવ છે. આહાહા..! એને આહાર-પાણી આદિનો વિકલ્પ એ મંદ આસ્રવ હોય. આહાહા..!

મુમુક્ષુ :- કમંડલ ...?

ઉત્તર :- કમંડલ પાણીનું એ રાખે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આસ્રવ નહિ. એને રાખવાની જે વૃત્તિ છે શુભ, એ આસ્રવ છે. પણ એટલું શુભ હોય છતાં એને ત્રણ કષાયના અભાવનું સંવર-નિર્જરા પણ નડતી નથી એને. એ સંવર-નિર્જરાને નજર નથી કરતો. ભૂમિકામાં એટલું હોય છે. આહાહા..! એ નવેય તત્ત્વની ભૂલ થાય છે આમાં. વસ્ત્ર રાખીને મુનિપણું માને એને નવેય તત્ત્વની ભૂલ છે, એમ કહે છે. કેમકે જેને ત્રણ કષાયના અભાવની દશા મુનિપણાની પ્રગટી એવી સંવર-નિર્જરાની જેની દશા છે, એને વસ્ત્ર લેવાની વૃત્તિ છે તો એને સંવર નિર્જરા આવી હોય એની એને શ્રદ્ધા નથી. અને એનામાં વિકલ્પ એવો ન હોય અને આવો હોય એવા આસ્રવની પણ ખબર નથી. અને જેને સંવર એટલો પ્રગટ્યો હોય એણે આત્માનો કેટલો આશ્રય લીધો હોય એની પણ એને ખબર નથી. એને જીવના આશ્રયની, પ્રગટેલા સંવર-નિર્જરાની, એને મંદ-આસ્રવને ઠેકાણે તીવ્ર આસ્રવની એમાં બંધ થાય અલ્પ, એને ઠેકાણે આવા ભાવથી તીવ્ર બંધ થાય તો બંધની અને અજીવનો સંયોગ કેટલો હોય મુનિને? કે અમુક ફક્ત આહાર-પાણી આદિનો. એને ઠેકાણે .. અજીવની એને ખબર નથી. અજીવ કેટલું હોય એ. એ નવેય તત્ત્વની ભૂલ છે. નિગોદ કીધું છે એટલે એકદમ એટલા ખાતર નહિ. નવેય તત્ત્વની અને એને વીતરાગની આજ્ઞાની પણ શ્રદ્ધા નથી એને. વીતરાગની આજ્ઞાને પણ વિરૂદ્ધ માની છે, શાસ્ત્રની આજ્ઞાને વિરૂદ્ધ માની છે. ગુરુથી વિરૂદ્ધ માની છે. ત્રણેથી વિરૂદ્ધ છે. આવી વાત છે. માર્ગ છે આવો. એમાં ફેરફાર કાંઈ કરે એ વસ્તુ નહિ. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૭, શુક્રવાર તા. ૧૬-૧૧-૧૯૭૩**
**ગાથા - ૧૮, ૧૯, ૨૦, ૨૧, પ્રવચન - ૪૩**

આ અષ્ટપાહુડ. એની સૂત્રપાહુડની ૧૮મી ગાથા. કુંદકુંદાચાર્ય પોતે કહે છે ને કે મુનિનું રૂપ બાહ્યનું તો નગ્ન હોય છે. એને વસ્ત્રનો કટકો કે તલનો તુષમાત્ર પણ હોતું નથી. અને એને રાખીને મુનિપણું માને,

અહીં તો ચોખ્ખી વાત કરી છે, નિગોદમાં જશે. આહાહા..! કેમકે વીતરાગની આજ્ઞા મુનિપણાની તો નગ્નની અને અઠ્યાવીશ મૂળગુણ અને ત્રણ કષાયનો અભાવ હોય છે. એ સિવાય કંઈપણ વસ્ત્ર રાખીને મુનિ માને, મનાવે તો એ સ્થિતિ એકેન્દ્રિયની છે એમ કહે છે. અર્થ થઈ ગયો છે.

'**ભાવાર્થ :- મુનિ યથાજાતરૂપ દિગંબર નિર્ગ્રંથકો કહતે હૈં.**' જૈનશાસનમાં, વીતરાગમાર્ગમાં તો જેવો જન્મ માતાએ આપ્યો એવો જ દિગંબર નિર્ગ્રંથને સાધુ કહે છે. આહાહા..! ભારે આકરી વાત લાગે વ્યવહાર સંપ્રદાયને. '**વહ ઈસપ્રકાર હોકરકે ભી કુછ પરિગ્રહ રખે તો જાનો કિ ઈન કે જિનસૂત્રકી શ્રદ્ધા નહીં હૈ,...**' સૂત્રપાહુડ છે ને? સૂત્રપાહુડમાં તો ભગવાને, મુનિને તો નગ્નદશા જ કહી છે. અનંત તીર્થંકરોએ કહ્યું છે. ભાવસહિત હોં! એકલું દ્રવ્ય નહિ. પ્રચુર આનંદના વેદનસહિત એની દશા નગ્ન (કે જે) શાસ્ત્રમાં વર્ણવી એનાથી વિરૂદ્ધ માને તો તેને જૈનધર્મની શ્રદ્ધા નથી.

'**જિનસૂત્રકી શ્રદ્ધા નહીં હૈ, મિથ્યાદષ્ટિ હૈ; ઈસલિયે મિથ્યાત્વકા ફલ નિગોદ હી હૈ.** ' મિથ્યાત્વનું ફળ જ સંસાર અને નિગોદ છે. '**કદાચિત્ કુછ તપશ્ચરણાદિક કરે...**' અપવાસ, વ્રતાદિ વ્યવહાર '**ઉસસે શુભકર્મ બાંધકર સ્વર્ગાદિક પાવે,...**' જાય એકાદ ભવ સ્વર્ગમાં અથવા નીકળીને કોઈ શેઠિયો થાય આદિ. '**તો ભી ફિર એકેન્દ્રિય હોકર સંસારહીમેં ભ્રમણ કરતા હૈ.**' શ્રીમદ્દે આને માન્ય રાખ્યું છે. માન્ય રાખ્યું છે અને એમના અર્થમાં આ છે અને ત્યાં પાઠ આ છે. આ બધી ગાથાઓ માન્ય રાખી છે.

'**યહાં પ્રશ્ન હૈ કિ-મુનિકે શરીર હૈ,...**' તિલતુષમાત્ર કહ્યું, તલના ફોતરા જેટલું. તો આખું શરીર તો છે. '**આહાર કરતા હૈ, કમંડલુ, પીછી, પુસ્તક રખતા હૈ,...**' જુઓ! '**યહાં તિલ-તુષમાત્ર ભી રખના નહીં કહા,...**' અહીં તો તલનું ફોતરું-તલનું છીલકું એટલું પણ રાખવાની ના પાડે અને આવું તો બધું રાખે છે. '**સો કૈસે?**' તો એના માટે શું સમાધાન છે? એમ પૂછે છે હોં. તો એની શું રીત છે એમાં?

'**ઈસકા સમાધાન યહ હૈ કિ—મિથ્યાત્વ સહિત...** ' એ રાખવાથી, વસ્ત્ર રાખવાથી મને લાભ થાય એવી મિથ્યાત્વબુદ્ધિ સહિત '**રાગભાવસે અપનાકર અપને વિષય-કષાય પુષ્ટ કરનેકે લિયે...**' મિથ્યાત્વ સહિત અને રાગભાવથી. બે.

મુમુક્ષુ :- .. રાગભાવ હોય ને.

ઉત્તર :- હા, પણ એમ કે એ રાગ છે. મિથ્યાત્વસહિત રાગભાવ. એમ.

મુમુક્ષુ :- મિથ્યાત્વ રહિતનો નહિ.

ઉત્તર :- એમ. કારણ કે ત્યાં વસ્તુ મારી છે એમ માને તો તો મિથ્યાત્વસહિત રાગભાવ છે. '**અપનાકર...**' એમ. પોતાની માનીને. અને તે '**અપને વિષય-કષાય પુષ્ટ કરનેકે લિયે...**' વિષય કષાય, શરીરના પોષણ માટે રાખે '**ઉસકો પરિગ્રહ કહતે હૈં, ઈસ નિમિત્ત કુછ થોડા-બહુત**

**રખનેકા નિષેધ કિયા હૈ...**' આ કારણે કાંઈ થોડો ને ઘણો એનો નિષેધ કર્યો છે. '**કેવલ સંયમકે નિમિત્તકા તો સર્વથા નિષેધ નહિ હૈ.**' ખુલાસો કર્યો છે સારો. સંયમના હેતુમાં નિમિત્તપણે એનો નિષેધ નથી. સર્વથા નિષેધ નથી.

'**શરીર તો આયુપર્યંત છોડને પર ભી છૂટતા નહીં હૈ,...**' હવે એ શરીરની વ્યાખ્યા કરે છે. '**શરીર તો આયુપર્યંત છોડને પર ભી છૂટતા નહીં હૈ, ઈસકા તો મમત્વ હી છૂટતા હૈ,...** ' મમતા છૂટે, શરીર છોડ્યું જાય નહિ. આહાહા..! '**સો ઉસકા નિષેધ કિયા હી હૈ.**' એનો તો નિષેધ જ કર્યો છે. '**જબ તક શરીર હૈ તબ તક આહાર નહીં કરે તો સામર્થ્ય હી નહીં હો,...** ' વ્યવહારની વાત છે જરી? '**શરીર હૈ તબતક આહાર નહીં કરે તો સામર્થ્ય હી નહીં હો, તબ સંયમ નહીં સધે,...** ' નિમિત્તથી વાત છે ને અત્યારે અહીંયા? '**ઈસલિયે કુછ યોગ્ય આહાર વિધિપૂર્વક...**' કુછ યોગ્ય એને ખપે એવો અને તે વિધિપૂર્વક. '**શરીરસે રાગરહિત હોતે હુએ...**' શરીરમાં પ્રેમ નથી, મમતા નથી. '**શરીરકો ખડા રખકર...**' એ તો વ્યવહારની વાત તો એમ આવે ને? શરીરનો નભાવ એ રીતે થાય છે, બીજી રીતે રહેતું નથી. એવો એને વિકલ્પ હોય છે એમ કહે છે. '**સંયમ સાધતે હૈં.**' એ શરીરની વ્યાખ્યા કરી. માથે કહ્યું ને શરીર, આહાર, કમંડલુ, પીંછી, પુસ્તક. એની વ્યાખ્યામાં. પહેલું શરીર, એની મમતા નથી એને એમ.

હવે '**કમંડલું બાહ્ય શૌચકા ઉપકરણ હૈ,...**' કમંડળ જે મુનિ રાખે એ તો બાહ્ય શૌચ શરીરની સ્વચ્છતા. '**યદિ નહીં રખે તો મલ-મૂત્રકી અશુચિતાસે...**' પેશાબ ને વિષ્ટાની મલિનતાથી '**પંચ પરમેષ્ઠીકી ભક્તિ વંદના કૈસે કરે?** '

મુમુક્ષુ :- એમને પણ ભક્તિ, વંદના તો હોય છે.

ઉત્તર :- હોય છે ને. ભક્તિ, વંદન નથી? એ ભાવ છે જ્યાં સુધી ત્યાં સુધી હોય છે. ભક્તિ હોય, વંદન હોય, સ્તુતિ હોય. છે એ શુભભાવ. '**ઔર લોકનિંદ્ય હોય.**' પેશાબ અને વિષ્ટાસહિત શરીર હોય તો લોકમાં નિંદા થાય. '**પીછી દયાકા ઉપકરણ હૈ,...**' બીજી વાત. પહેલી કમંડળની કરી, હવે પીંછી. એ દયાનું ઉપકરણ છે. '**યદિ નહીં રખે તો જીવસહિત ભૂમિ આદિકી પ્રતિલેખના કિસસે કરે?**' .. કરવું જતના જો પીંછી ન હોય તો શી રીતે કરે? '**પુસ્તક જ્ઞાનકા ઉપકરણ હૈ,...**' ત્રીજું. પુસ્તક છે એ જ્ઞાનનું ઉપકરણ છે. '**નહીં રખે તો પઠન-પાઠન કૈસે હો?**'

મુમુક્ષુ :- ધ્યાનમાં રહી જાવું.

ઉત્તર :- ધ્યાનમાં સદાય રહી શકે નહિ. .. થઈ શકે? ધ્યાનમાં રહી જાય તો તો એકદમ કેવળજ્ઞાન થઈ જાય. રહી શકે જ નહિ ને. ધ્યાનમાં ન હોય ત્યારે તેને સ્વાધ્યાય શાસ્ત્રનો હોય છે. ધ્યાન અને સ્વાધ્યાય બેય એની પાસે હોય છે. અંદરમાં ધ્યાનમાં ઉપયોગ તો એક અલ્પકાળ રહે, પછી પઠન-પાઠન માટે શાસ્ત્રની જરૂર પડે.

'**ઈન ઉપકરણોંકા રખના ભી મમત્વપૂર્વક નહીં હૈ,...**' હેતુ અહીં છે. એ ઉપકરણો રાખે પણ મમતાપૂર્વક નહિ. '**આહાર-વિહાર પઠન-પાઠનકી ક્રિયાયુક્ત જબતક રહે...**' જુઓ હવે આવ્યું. મુનિ આત્માના ધ્યાનમાં રહે અને ધ્યાનમાં રહી શકે નહિ ત્યારે આવી પઠન-પાઠનની ક્રિયા એને હોય છે, એમ કહે છે. અને '**જબતક રહે તબતક કેવલજ્ઞાન ભી ઉત્પન્ન નહીં હોતા હૈ,...**' આહાહા..! સ્વાધ્યાય પણ હોય અને સ્વાધ્યાય જ્યાં સુધી હોય ત્યાં સુધી કેવળજ્ઞાન ન હોય. આહાહા..! કારણ કે એ વિકલ્પ છે, રાગ શુભ છે.

'**ઈન સબ ક્રિયાઓંકો છોડકર શરીરકા ભી સર્વથા મમત્વ છોડ ધ્યાન અવસ્થા લેકર તિષ્ઠે,...**' સ્વનો આશ્રય લઈને ઠરે અંદર, પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને ધ્યેય બનાવીને ધ્યાનમાં ઠરે. '**અપને સ્વરૂપમેં લીન હો...**' એમ '**લેકર તિષ્ઠે, અપને સ્વરૂપમેં લીન હો...**' એમ. '**તબ પરમ નિર્ગ્રંથ અવસ્થા હોતી હૈ,...**' પરમ નિર્ગ્રંથ એટલે રાગરહિત અવસ્થા. '**તબ શ્રેણીકો પ્રાપ્ત હુએ મુનિરાજકે કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ,...** ' લ્યો! '**અન્ય ક્રિયાસહિત હો તબતક કેવલજ્ઞાન ઉત્પન્ન નહીં હોતા હૈ, ઈસપ્રકાર નિર્ગ્રંથપના મોક્ષમાર્ગ જિનસૂત્રમેં કહા હૈ.**' ભગવાને વીતરાગની વાણીમાં જિનસૂત્રમાં તો આવું નિર્ગ્રંથપણું કહ્યું છે.

'**શ્વેતાંબર કહતે હૈં કિ ભવસ્થિતિ પૂરી હોને પર સબ અવસ્થાઓંમેં કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ...**' આવે છે એ. '**વહ કહના મિથ્યા હૈ,...**' પુસ્તક છે ને એ. પુસ્તક નહિ? એ પુસ્તક. એમાં આવે છે. એમાં આવે ભવસ્થિતિ પૂરી થાય ત્યારે. એમ કે આ ક્રિયાઓ પહેલી કરીને ન થયું એનું કારણ કે ભવસ્થિતિ પૂરી થાય ત્યારે એને એવી ક્રિયાથી જ ધર્મ થાય. એ પુસ્તક પડ્યું છે. અહીં છે ખરું. એમાં એમ છે. એમ કે અત્યાર સુધી આવી ક્રિયાઓ કરી પંચ મહાવ્રતાદિ ને ધર્મ ન થયો. ત્યારે કહે ભવસ્થિતિ જ્યારે પાકી જાય ત્યારે એનાથી ધર્મ થાય. એમ છે. એમાં લખાણ છે. અહીં આવ્યું છે અહીં મૂક્યું છે. સમજાણું? એ વાત સાચી નથી.

'**યહ કહના મિથ્યા હૈ, જિનસૂત્રકા યહ વચન નહીં હૈ,...**' વીતરાગની વાણીનું વચન નથી. આહાહા..! '**ઈન શ્વેતાંબરોને કલ્પિત સૂત્ર બનાયે હૈં...**' કલ્પિત બનાવ્યા બધા. ૩૨, ૪૫, ૮૪. ભગવાનની વાણી નથી. કલ્પિત કલ્પનાથી સ્ત્રીને મુક્તિ, ભગવાન વસ્ત્રસહિત કેવળજ્ઞાન, વસ્ત્રથી મુનિપણું, સ્ત્રીને મુક્તિ અને તીર્થંકર ભગવાનને બે માતા-પિતા એ બધું કલ્પિત રચ્યું છે. કહો, ગીરધરભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..ની વાત છે. એ ઊંધી રીતે ધર્મ કરતા હશે? ધર્મ ધર્મની રીતે ટકે કે ઊંધી રીતે ટકે? વીતરાગની વાણીનો તો વિરોધ કર્યો, તત્ત્વનો વિરોધ કરીને નવા શાસ્ત્ર બનાવ્યા. પોતાનો સંપ્રદાય ચલાવ્યો. એ ધર્મ ટકાવવા માટે નથી.

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વ માટે છે.

ઉત્તર :- હા ગૃહીત મિથ્યાત્વ જ છે. શાસ્ત્રનો બનાવનાર શ્વેતાંબર શાસ્ત્ર બનાવનાર ગૃહીત મિથ્યાદષ્ટિ છે. લાગે, ઠીક ન લાગે એનું જાણે. કેમકે એમાં વસ્ત્ર, પાત્ર, ભગવાનને માતા-પિતા બે ઠરાવ્યા તે ગૃહીત મિથ્યાદષ્ટિ છે. કેવળીનું કહેલું નથી, મુનિનું કહેલું નથી, સમકિતીનું કહેલું નથી. એકલા અગૃહીત મિથ્યાદષ્ટિનું કહેલું નથી. એવી વાત છે, ભાઈ! આહાહા..! એ બધા સૂત્રો કરેલા ૩૨, ૪૫ એ તો ગૃહીત મિથ્યાદષ્ટિ એણે બનાવેલા છે અને ભગવાનનું નામ એમાં આપ્યું છે. આવી વાત છે. શું કરે? આહાહા..! માર્ગ તો આવો છે ભાઈ! કોઈ વ્યક્તિ માટે એમ નથી. સૂત્રની .. છે ને સૂત્રપાહુડ.

મુમુક્ષુ :- સૂત્રમાં શું કહ્યું?

ઉત્તર :- એમ. સૂત્રમાં આ કહ્યું નથી. વસ્ત્ર, પાત્ર રાખીને મુનિપણું, સ્ત્રીને મુક્તિ, એક ભગવાનને બે મા-બાપ એ બધું કલ્પિત વિપરીત પોતાનો સંપ્રદાય ચલાવવા વાતું કરી છે. ધર્મ માટે નથી. એમ છે ભાઈ!

'**કલ્પિત સૂત્ર બનાયે હૈં ઉનમેં લિખા હોગા. ફિર યહાં શ્વેતાંબર કહતે હૈં કિ જો તુમને કહા વહ તો ઉત્સર્ગ-માર્ગ હૈ,...**' ધોખમાર્ગ એ તો. '**અપવાદ-માર્ગમેં વસ્ત્રાદિક ઉપકરણ રખના કહા હૈ,...**' અપવાદ માર્ગ છે કહે છે. એને અપવાદ હોય છે એમ કહે. ભલે ઉત્સર્ગનો અપવાદ હોય છે એમ. પણ એ અપવાદ જ નથી. એ કહે છે. '**જૈસે તુમને ધર્મોપકરણ કહે વૈસેહી વસ્ત્રાદિક ભી ધર્મોપકરણ હૈં, જૈસે ક્ષુધાકી બાધા આહાર સે મિટાકર સંયમ સાધતે હૈં, વૈસે હી શીત આદિકી બાધા વસ્ત્ર આદિસે મિટાકર સંયમ સાધતે હૈં, ઈસમેં વિશેષ ક્યા?**' એમ પ્રશ્ન કરે છે. '**ઈસકો કહતે હૈં કિ ઈસમેં તો બડે દોષ આતે હૈં તથા કોઈ કહતે હૈં કિ કામ-વિકાર ઉત્પન્ન હો તબ સ્ત્રી-સેવન કરે તો ઈસમેં ક્યા વિશેષ? ઈસલિયે ઈસપ્રકાર કહના યુક્ત નહીં હૈ.** ' આહાહા..! માર્ગને ફેરવી નાખ્યો.

'**ક્ષુધાકી બાધા તો આહારસે મિટાના યુક્ત હૈ, આહારકે બિના દેહ અશક્ત હો જાતા હૈ તથા છૂટ જાવે તો અપઘાતકા દોષ આતા હૈ;...**' આવે છે ને પ્રવચનસારમાં. '**પરંતુ શીત આદિકી બાધા તો અલ્પ હૈ યહ તો જ્ઞાનાભ્યાસ આદિકે સાધનસે હી મિટ જાતી હૈ.**' અંતરના અભ્યાસમાં એ ઠંડી-બંડીનું કોઈ લક્ષ રહેતું નથી. .. ક્ષુધા માટે તો આહારની જરૂર પડે. શીત મટાડવા માટે વસ્ત્રોની જરૂર પડે એમ નથી. અંદરના જ્ઞાનાભ્યાસમાં રહે તો એ પણ ઠંડી અને ગરમી લાગતી નથી. વસ્તુની સ્થિતિ આવી છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આનંદ-આનંદ, જ્ઞાનસ્વરૂપ પોતાનો આત્મા. એમાં અંદરમાં એકાગ્ર રહે અથવા શાસ્ત્ર અભ્યાસ રાખે તોપણ તેનો ઉપયોગ ત્યાં રહે. બહારની ઠંડી-ગરમી લાગે નહિ, એમ કહે છે. માર્ગ બહુ

ખોટા ચડી ગયા આકરા. શ્વેતાંબર એમાં પાછા સ્થાનકવાસી નીકળ્યા, એમાં પાછા તેરાપંથી નીકળ્યા તુલસી. બધા જૈનશાસ્ત્રથી ભ્રષ્ટથી ભ્રષ્ટ થઈને નીકળ્યા છે.

મુમુક્ષુ :- જૈનશાસન આખું..

ઉત્તર :- વીંખી નાખ્યું છે. નિંદનીય કરી નાખ્યું છે. પાળી ન શકે તો માર્ગ છે એની શ્રદ્ધા તો કરે. પણ આ તો ન પાળી શકે માટે આ પ્રમાણે સાધુપણું પાળો.

મુમુક્ષુ :- આ પણ અપવાદ છે.

ઉત્તર :- એવો અપવાદ હોય નહિ. નિંદા છે એ તો. એ નિંદનીય છે. આહાહા..! કહેશે પછી. નિંદનીય છે. શ્લોક રહી ગયો આખો. ૧૯માં. ૧૯ ગાથા. તરત જ એનો ઉત્તર છે ત્યાં. એ તો '**गरहिउ जिणवयणे**' જિનવચનમાં તો નિંદનીય છે એ. ૧૯-૧૯ ત્રીજું પદ.

'**અપવાદ માર્ગ કહા વહ તો જિસમેં મુનિપદ રહે ઐસી ક્રિયા કરના તો અપવાદ-માર્ગ હૈ, પરંતુ જિસ પરિગ્રહસે તથા જિસ ક્રિયાસે મુનિપદ ભ્રષ્ટ હોકર ગૃહસ્થકે સમાન હો જાવે વહ તો અપવાદ-માર્ગ નહીં હૈ. દિગંબર મુદ્રા ધારણ કરકે કમંડલુ-પીછી સહિત આહાર-વિહાર-ઉપદેશાદિકમેં પ્રવર્તે વહ અપવાદ-માર્ગ હૈ...**' એ અપવાદ માર્ગ છે. કોણ? '**દિગંબર મુદ્રા ધારણ કરકે...**' નગ્ન. '**કમંડલુ-પીછી સહિત આહાર-વિહાર-ઉપદેશાદિકમેં પ્રવર્તે વહ અપવાદ માર્ગ હૈ ઔર સબ પ્રવૃત્તિકો છોડકર ધ્યાનસ્થ હો શુદ્ધોપયોગ મેં લીન હોજાનેકો ઉત્સર્ગ-માર્ગ કહા હૈ.**' પ્રવચનસારમાં છે. ઉત્સર્ગમાર્ગ અને અપવાદ માર્ગ.

'**ઈસપ્રકાર મુનિપદ અપનેસે સધતા ન જાનકર...**' જુઓ આવ્યું. '**કિસલિયે શિથિલાચારકા પોષણ કરના?**' પાળી ન શકે તો સમ્યગ્દર્શન રાખવું. એવું માનવું મુનિપણું, છે નહિ મુનિપણું ને. '**મુનિપદકી સામર્થ્ય ન હો તો શ્રાવકધર્મહીકા પાલન કરના,...** ' એમાં ક્યાં વાંધો છે? તો '**પરંપરાસે ઈસીસે સિદ્ધિ હો જાયેગી.**' લ્યો, પરંપરાની વ્યાખ્યા કરી. શ્રાવકપણુંથી પરંપરા એટલે પછી આગળ વધીને જશે એનું નામ પરંપરા એમ. શ્રાવકપણા વડે મોક્ષ જાશે એમ છે? આ પરંપરા શબ્દની વ્યાખ્યા જુઓ! શ્રાવકપણું ચોથે કે પાંચમે ગુણસ્થાને રહે તો એને પરંપરા મોક્ષ થશે એટલે પછી છોડીને ચારિત્રથી મુક્તિ થશે. કાંઈ ચોથા-પાંચમાની દશાથી મુક્તિ થશે? એમ વ્યવહારથી પરંપરા જે કીધું છે એનો આ પ્રમાણે અર્થ કરવો. એ તો નાખ્યા છે મખનલાલજીએ બહુ નાખ્યું છે. વ્યવહારથી, વ્યવહારથી, વ્રત ને નિયમથી પરંપરા મોક્ષ છે.

અહીં જુઓને કેટલું સરસ લખ્યું છે. '**શ્રાવકધર્મકા પાલન કરના, પરંપરાસે ઈસીસે સિદ્ધિ હો જાવેગી.**' એનો અર્થ કે શ્રાવકપણાની દશા સમ્યગ્દર્શનની દશા છે એ આગળ ચારિત્ર પ્રાપ્ત કરીને કેવળ પામશે. કાંઈ શ્રાવકની દશામાંથી કેવળ પામશે? જુઓ! પરંપરાની વ્યાખ્યા ભારે! '**જિનસૂત્રકી યથાર્થ શ્રદ્ધા રખનેસે સિદ્ધિ હૈ...**' ભગવાનની, શાસ્ત્ર કહે એની બરાબર શ્રદ્ધા રાખવી. સમજાણું

કાંઈ? જેવો મુનિમાર્ગ છે એવી એને બરાબર શ્રદ્ધા જોઈએ. ભગવાને એ જ કહ્યું જિનસૂત્રમાં તો. એ જિનસૂત્ર જ નથી. એમ કહે છે. ... એ જિનસૂત્ર જ નથી. આહાહા..! આકરું ભારે લાગે. કહો, તંબોળી! આ શું તમારા ભાઈને એ બધું ત્યાં? બિચારા નરમ છે પણ હવે છોડી નથી શકતા. કહેવા આવ્યા હતા કે બધું આમ છે. ગલત માર્ગ છે. લોકોનું કલ્યાણ અટકી જાય છે. વ્રત અને તપથી ધર્મ નહિ માનનારનું. આહાહા..! ક્યાં જઈશ મિથ્યાત્વના પોષક? એને આવા માર્ગ! આહાહા..! .. બહુ આકરો.

ભગવાનના કહેલા સિદ્ધાંતની '**યથાર્થ શ્રદ્ધા રખનેસે સિદ્ધિ હૈ...**' એમાં મુનિપણાની દશા ભગવાનના સૂત્રમાં તો આવી કહી છે નગ્ન. અજ્ઞાનીના શાસ્ત્રમાં વસ્ત્ર-પાત્ર નાખીને કહ્યું છે એ કલ્પિત છે, મિથ્યાદષ્ટિના બનાવેલા છે. આહાહા..! આકરું કામ ભારે! આ બાજુ તો મોટો ભાગ એ સ્થાનકવાસી અને શ્વેતાંબર. પાનું ૫૪ છે. '**ઈસકે બિના અન્ય ક્રિયા સબ હી સંસારમાર્ગ હૈ,...**' આહાહા..! જિનસૂત્રની વીતરાગની શ્રદ્ધા રાખ્યા વિના બીજી ક્રિયાઓ ગમે તે કરે, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને મંદિર ને ધામધુમ બનાવે બધું એ '**સબ હી સંસાર માર્ગ હૈ,...**' એ રખડવાનો માર્ગ છે કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ સરસ ટીકા લખી છે.

ઉત્તર :- હા બહુ સરસ. પ્રમાણ આમ કેવું આપ્યું જુઓને. પરંપરાની વ્યાખ્યા કેવી કરી! .. એ જ મોક્ષ સ્થિતિ છે. ચોથા ગુણસ્થાનવાળો સમકિતી શ્રદ્ધા રાખે, માર્ગ રાખે. માર્ગ તો આ છે. તો પરંપરાનું કહેશે કે પછી એને છોડીને વીતરાગ ચારિત્ર ગ્રહણ કરીને લેશે એમ. એથી ભાવે મોક્ષ જશે? આહાહા..! આગળ વધીને. ઓલો વ્યવહારથી મોક્ષ થશે. આહાહા..! '**મોક્ષમાર્ગ નહીં હૈ—ઈસપ્રકાર જાનના.**'

'**આગે ઈસહીકા સમર્થન કરતે હૈં :—**' એ .. ગાથામાં વિશેષ .. આવશે.

**जस्स परिग्गहगहणं, अप्पं बहुयं च हवइ लिंगस्स।**
**सो गरहिउ जिणवयणे, परिगहरहिओ णिरायारो।।१९।।**

આહાહા..! '**જિસકે મતમેં લિંગ જો ભેષ ઉસકે પરિગ્રહકા અલ્પ તથા બહુત ગ્રહણ કરના કહા હૈ...**' જેના ભેખમાં થોડું પણ વસ્ત્ર-પાત્ર રાખવું કહ્યું છે '**યહ મત તથા ઉસકા શ્રદ્ધાવાન પુરુષ ગર્હિત હૈ,...**' એ મત અને એની શ્રદ્ધા કરનારા બધાં નિંદનીય છે. એ મત પણ નિંદનીય છે અને એની માન્યતા કરનાર પણ નિંદનીય છે એમ કહે છે આંહી તો. આહાહા..! કહો, સમજાણું? આવો માર્ગ છે. જેના મતમાં લિંગ જો ભેખ એમાં કંઈ પણ વસ્ત્ર-પાત્ર આદિ પરવસ્તુ રાખવાની, લાકડીનો દંડ મોટો રાખવો ને.

મુમુક્ષુ :- કૂતરા હોય તો શું કરે?

ઉત્તર :- કૂતરા હોય તો. એ તો ભેખ જ કુભેખ છે. એવો મત અને એની શ્રદ્ધાવાળા બેય નિંદનીય

છે. ભગવાન કુંદકુંદાચાર્ય ચોખ્ખી વાત કરે છે અહીંયા તો જુઓ! આહાહા..! ગર્હિત-નિંદનીય છે. શ્વેતાંબર અને સ્થાનકવાસી બેય નિંદનીય ધર્મ છે. અને તુલસી-તેરાપંથી. ત્રણે વીતરાગના માર્ગની અપેક્ષાએ નિંદનીય ધર્મ છે. આવો માર્ગ છે ભાઈ! વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ, વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ, વ્યક્તિ પ્રત્યેનો સમભાવ રાખીને આ સ્વરૂપ માનવું. આહાહા..! અરે..! આવા કુંદકુંદાચાર્ય જેવા આવું સ્પષ્ટ કરે અને બચાવ કરીને (બીજા) બીજું કરે. માર્ગ નથી કહે છે. આહાહા..!

'**सो गरहिउ जिणवयणे**' એમ કહે છે. '**ક્યોંકિ જિનવચન મેં પરિગ્રહરહિત હી નિરાગાર હૈ,...**' જેમાં મુનિદશા પ્રચુર આનંદના વેદનમાં પડ્યો હોય છે ત્યારે બહાર આવે તો એને પંચ મહાવ્રતાદિના વિકલ્પ હોય છે. અને મોરપીંછી, કમંડલ આદિથી કામ લેવાની એની વૃત્તિ હોય છે. બસ. એ સિવાય જિનવચનમાં બીજું કહે તે નિંદાયોગ્ય છે. '**મત તથા ઉસકા શ્રદ્ધાવાન પુરુષ ગર્હિત હૈ, નિંદાયોગ્ય હૈ, ક્યોંકિ જિનવચનમેં પરિગ્રહરહિત હી નિરાગાર હૈ,...**' વીતરાગની વાણીમાં નિર્ગ્રંથપણું વીતરાગદશા, નગ્નદશા તેને મુનિપણું અને મોક્ષના માર્ગની એકતા કહી છે. '**નિર્દોષ મુનિ હૈ,...**' લ્યો! એ નિર્દોષમુનિ છે. એની શ્રદ્ધા તો કરે કે જિનવચનથી વિરૂદ્ધની શ્રદ્ધા તો મરી જશે. વીતરાગની આજ્ઞાથી વિરૂદ્ધની શ્રદ્ધાથી વિરુદ્ધની શ્રદ્ધા બાપુ આરા નહિ આવે તારા. દુનિયા માનશે. ઓહોહો..! શું ત્યાગી થયા કેવા મુનિ! બાયડી, છોકરા છોડી. એક વસ્ત્રનો, આવશે આગળ, કટકો રાખીને હોય તીર્થંકર પણ મુક્તિ ન પામે. તીર્થંકર હોય એ ત્રણ જ્ઞાનના ધણી જ્યાં સુધી વસ્ત્ર રાખશે ત્યાં સુધી મુનિપણું નહિ આવે. મુક્તિ ન થાય. તીર્થંકરને ન થાય. આહાહા..! આવો માર્ગ છે. દુનિયા સાથે મેળ ખાવો કઠણ પડે છે.

મુમુક્ષુ :- કેમ મેળ ખાય? મેળ ખાય જ નહિ.

ઉત્તર :- મેળ શેનો ખાય પણ? ... આહાહા..! સુતરની દોરી. લ્યોને શું કહેવાય એ? નેતર. નેતર નેતરની સોય, છાલ. બેને વીંટીને કાંઈ દોરડું થાય? એમ ભગવાનની વાણી અને અજ્ઞાનીની વાણી બેને ભેગા કરીને દોરડું થાય? સમન્વય થાય? અત્યારે સમન્વય બહુ ચાલ્યું છે. કોઈ સાથે વિરોધ ન કરવો. શાંતિથી..

મુમુક્ષુ :- એનું નામ સમન્વય. કોઈના પ્રત્યે વિરોધ ન કરવો, દ્વેષ ન કરવો.

ઉત્તર :- એ પણ ભગવાન આત્મા છે. સાધર્મી તરીકે આત્મા સાધર્મી છે. આત્મા તરીકે હોં. પર્યાય તરીકે નહિ. એ કહ્યું છે ને? બધા આત્માઓ વંદનિક છે એમ કહ્યું છે. વસ્તુ છે એ તો વંદનિક છે ને. વસ્તુ છે એ હોં! આત્મા.. આ તો વીતરાગમૂર્તિ આત્મા છે. એ વંદનિક કહ્યું છે. પછી એમ કરતા આગળ વધે તો એનાથી પંચ પરમેષ્ઠી વંદનિક, એમાંથી બે કાઢીને અરિહંત-સિદ્ધ, એમાંથી કાઢીને અરિહંત, એમાંથી કાઢીને આત્મા છે. આવે છે ને. બધા આત્મા છે. આહાહા..!

નિર્વિકલ્પરસથી ભરેલા.. નિર્વિકલ્પ ચૈતન્યરસથી ભર્યા પ્રભુ. આહાહા..! એ આત્મા. એ આત્મા

તો સાધર્મી છે. આહાહા..! ધર્મ આત્માની અપેક્ષાએ હોં! પર્યાયની અપેક્ષાએ ફેર છે એટલો ફેર જાણવો. આહાહા..! સર્વજીવ છે.. નથી આવતું? જ્ઞાનસમ. ઓલામાં યોગસાર. એ સર્વ જીવ જ્ઞાન સ્વરૂપથી કહ્યું છે ને. ભૂતાર્થને.. જાણકસ્વભાવી વસ્તુ છે બધા સમભાવ કર. એમાં ફેર છે. તે પર્યાયફેર ટાળી છે. હવે પછી પર્યાયનું પહેલું જ્ઞાન કર. આહાહા..!

'**ભાવાર્થ :- શ્વેતાંબરાદિકકે કલ્પિત સૂત્રોમેં...**' બધા આચારાંગ ને સૂયગડાંગ ને ઠાણાંગ ને સમવાય ભગવાનને નામે ચડાવ્યા છે. '**કલ્પિત સૂત્રોમેં ભેષમેં અલ્પ-બહુત પરિગ્રહકા ગ્રહણ કહા હૈ,...**' એની વાત છે કહે છે. '**વહ સિદ્ધાંત તથા ઉસકે શ્રદ્ધાની નિંદ્ય હૈ.**' આહાહા..! મોટા આચાર્ય નામ ધરાવે, ઉપાધ્યાય નામ ધરાવે, ગણી નામ ધરાવે. આ શું છે આમાં? એ તો વ્રત ને તપથી ધર્મ ન માને એને વધારે આકરું લાગે છે લોકોને. દિગંબર ધર્મ એ સંપ્રદાય નથી. એ વસ્તુનું સ્વરૂપ જ એ જાતનું છે. આહાહા..! હવે બીજાઓ પણ આ પામે એવી જેને ભાવના હોય, એ દીકરીઓને બીજામાં નાખે એનો અર્થ શું થયો? એય..! એને અંદરનો ધર્મનો પ્રેમ નથી. વાત આ છે. જે આવું સત્યધર્મનું પોતાને બેઠું હોય તો બીજાઓને ધર્મ બેસાડવાની વાત માને ને? આહાહા..! એને ઠેકાણે દીકરીઓને નાખે...

મુમુક્ષુ :- દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય.

ઉત્તર :- એ જાય પણ નાખનારો કોણ? એમ કહે છે અહીં. આહાહા..! એને ધર્મની શ્રદ્ધા નથી. એવી વાત છે આ.

અહીં તો વસ્તુસ્થિતિ વીતરાગના માર્ગમાં જે આવી છે એવી જો તને બેસી હોય તો બીજા માણસ પણ એ ધર્મ બેસે એવી તારી શ્રદ્ધા હોય કે નહિ? તો એણે તારે ઘરે આવી છોડી એને તું બીજામાં નાખે, બીજા માણસને ધર્મ પામે તો કહે આ પામે તો સારું અને ઘરની દીકરી આ ધર્મ ન પામે ને બીજે નાખી દે. દરકાર નથી. સમજાણું કાંઈ? લ્યો એવી વાત છે આ તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુસ્થિતિ આવી છે. અરે..! આવો વીતરાગનો માર્ગ. વીતરાગ પરમેશ્વરે કહ્યો એ જિનસૂત્રમાં આ કહ્યું. એવી જેને અંદર શ્રદ્ધા થાય. ભલે વ્યવહાર શ્રદ્ધા હજી. પણ એને એ બીજા ... પોતે પામે, બીજા પણ આમ પામે એવું એને હોય કે નહિ? કે બીજાને આથી ભ્રષ્ટ કરવા એમ હોય? મોટો ફેર છે હોં આ જરી. એય..! પૈસા માટે નહિ. ઓલા સરખો વર ગોતે આબરૂદાર જરી. અને ભણ્યોગણ્યો હોય ને. માને. આપણને એમ કે અહીં આવવા દેશે. આવવા દીધા. પછી કરી નાખે આખા-પાખા. એ થોડુઘણું રાખે વર્ષ. પછી પાક્કી કંઠી બંધાવશે અને પાક્કા શ્વેતાંબર થશે. આહાહા..!

થયું હતું ને ઓલા ભાઈ નહિ વડિયા? આ ભાઈ ગુજરી ગયા ને? કેવા ચુનિલાલ. વડિયા વડિયા આપણે ઉત્તમચંદ. એ ચુનિલાલ ગુજરી ગયા એ ચુનિલાલને ઘરે ઉત્તમચંદની માસીની દીકરી છે.

ઉત્તમચંદ આપણે નહિ વડિયાવાળા નહિ? રાયચંદ. એ પછી આવે, આપણે ત્યાં ઉતારો રાખીએ. એ આવે વ્યાખ્યાનમાં બધું. પછી એકવાર પૂછયું એની માસીની દિકરીને સગીને. કેમ બહેન આ વાત કેવી લાગે છે? વાત તો ઠીક લાગે છે. પણ અમે અમારો ધર્મ છોડીએ નહિ. અમારો જે વૈષ્ણવ ધર્મ છે એ છોડીએ નહિ કોઈ દિ'. ચુનીભાઈ હતા ને ગુજરી ગયા બિચારા. .. એના મકાનમાં જ ઉતરતા. વડિયા એય..! ભાઈ આવ્યા છે ને આ. વડિયા વડિયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુજરી ગયા? અસાધ્ય.

અહીં તો એમ કહેવું છે, ભાઈ! જેને જિન સૂત્ર જેને જિનવાણી અને જેને જૈનપરમેશ્વર રુચ્યા છે એને તો આ વાત બીજાને પણ રુચે એમ ભાવના હોય કે આમાંથી ભ્રષ્ટ કરીને ઘરની વ્હાલી દીકરીને નાખી દે બીજામાં? થોડો વખત પછી આવવા દેશે.. આવવા દેશે... આવવા દેશે પણ કરી નાખશે સરખા પછી. હા આપણે તો આ સત્ય વાત છે. આ તો ટાણું આવ્યું એટલે જરી. એમ કહે છે. આહાહા..! વહ સિદ્ધાંત અને એની શ્રદ્ધાની નિંદ્ય છે. આહાહા..! એવા નિંદ્ય માર્ગમાં આવા માર્ગવાળામાંથી બિચારા જ્યારે .. જાવ ખાડમાં પડો. તમારું ગમે તેમ થાય. એનો અર્થ મારું પણ ગમે તેમ થાય. વાત આવી છે હોં. એનો સરવાળો ગોતે તો આમ નીકળે છે.

મુમુક્ષુ :- અત્યારે તો કોલેજમાં પસંદગી કરી લે છે.

ઉત્તર :- એ તો જુદી વાત છે. એ બીજી વાત છે. એ તો બધી ખ્યાલમાં નથી? એમાં મા-બાપ બિચારા શું કરે? એ તો સીધું કરી લે એવા ઘણા દાખલા સાંભળ્યા છે ને. આપણા ઘરે જ સાંભળ્યા છે ને. બહેનની દીકરી આપણે, એના ફઈની દીકરી .. એ ભણી ગણી બધું થયું. ગઈ ત્યાં હૈદરાબાદ. કોક છોકરો છે. આવ્યા હતા ત્યાં અમદાવાદ હોં. હૈદરાબાદ. હવે એમાં મા-બાપ શું કરે? એમાં નહિ. એ જુદી વાત છે. ચંદુભાઈના ફઈબાના દીકરા. બહેન છે ને. અમદાવાદ છે. એ ત્યાં આવ્યા હતા. અમે જ્યાં ઉતર્યા હતા ને બાબુભાઈને ઘરે. એ દિકરી બહેન આવ્યા હતા અને એની વહુ આવ્યા હતા. બેય આવ્યા. ૫૧ રૂપિયા મૂક્યા. ... ફઈની દીકરી. એમણે લગ્ન કર્યા છે કોઈને પૂછયા વિના. લગનમાં કોઈ માણસ નહિ. નહિ મા, ભાઈ કે કોઈ નહિ. જાવ. એમાં શું કરે મા-બાપ?

મુમુક્ષુ :- અપવાદ છે.

ઉત્તર :- એ અપવાદ નહિ. એ અપવાદ પણ આમાં નથી. એ બીજા કરે એમાં અપવાદ પણ નથી. એ અપવાદ પણ ન કહેવાય. આહાહા..! બીજા કરે એ અપવાદ નથી. વસ્તુ હોય એમ કહેવાય ને. એ કરે એની મેળે એમાં આને શું? આણે ન કરવું. એ વાત છે. એય..! અહીં તો ભાઈ જેટલા દોકડા હશે એટલા આવશે. આહાહા..! જાદવજીભાઈ! આવો પરમાત્માનો માર્ગ! આહાહા..! ભાગ્ય છે ને જગતને મળ્યો સાંભળવા. એની શ્રદ્ધા અને જ્ઞાન કરનારા એ બરાબર એવા નિંદ્ય કામ ન કરવા દે. એવી

વાત છે ભાઈ! પણ માણસને પોતાની આબરૂ પ્રમાણે, સારી આબરૂ હોય, પૈસા કાંઈક ઠીક હોય એ ગોતતા જય નારાયણ. અહીં તો ઓલું 'गरहिऊ' આવ્યું ને એ ઉપરથી જરી. આહાહા..! જિનવચનમાં સૂત્રથી વિરોધ માન્યતાવાળાઓ અને સૂત્રથી વિરૂદ્ધ સિદ્ધાંતો એ બધા નિંદનીય છે. આહાહા..!

**'શ્વેતાંબરાદિકકે કલ્પિત સૂત્રોંમેં ભેષમેં અલ્પ-બહુત પરિગ્રહકા ગ્રહણ કહા હૈ, વહ સિદ્ધાંત તથા ઉસકે શ્રદ્ધાની નિંદ્ય હૈં. જિનવચનમેં પરિગ્રહરહિતકો હી નિર્દોષ મુનિ કહા હૈ.'** નિંદ્યની સામે નિર્દોષ. વીતરાગમાર્ગમાં-ત્રણ લોકનો નાથ પરમાત્મા એના માર્ગમાં તો મુનિપણું વસ્ત્ર અને પાત્રના કણ વિનાનો-રહિતને જ  નિર્દોષ મુનિ કહ્યા છે. આહાહા..! એને નિર્દોષ કહે. ઓલા સદોષ છે એટલે નિંદ્ય છે. આ શ્રદ્ધા સુધારવાની વાત છે આ. સમજાણું કાંઈ? ઓલા આલોખાચર હતા ને આલોખાચર જસદણ. દરબાર મોટા. ત્રણ લાખની ઊપજ. તે દિ' હોં. આંકડો તો આ વધી ગયો ને હવે તો બહાર. તો એ દીકરી આપે એ ગરીબ છોકરાને ગોતીને આપે. પણ એ રિવાજેય ખરો. મોટા સાધારણને આપે. સાધારણને. પણ આ તો એવી રીતે ગોતે. પણ આને એવો ગોતે એ કે એને તાબે રહે છોકરીને. આહાહા..! એક હતો નહિ મોઢુકાનું શું નામ? મોઢુકાના હતા. આવતા મારી પાસે એના જમાઈ. બકરા ચારતો ભાઈ! બકરા ચારતા અને છોકરો સારો હતો. એટલે ઓલાએ દીકરી આપી એને. એ અમારી પાસે આવતો બોટાદ બહુ. મોઢુકાનો છે. નામ છે. એ બિચારા કહે, અમે તો આવા એક જરીક ઓલામાં દરબાર તરફથી કન્યા મળી એમાં અમે ઘૂસી ગયા છીએ. હુશિયાર હતો. નામ ભૂલી ગયા. .. નામ હતું. એ ...

મુમુક્ષુ :- કાઠીમાં બે...

ઉત્તર :- બે હોય. અલ્પ સાધારણ ઓલાને આપે. પણ એ આ રીતે આપે. એને કન્યા આપે એને ગામ આપે એકાદ. એટલે એનો ધણી એને નિર્વાહ મળે.

મુમુક્ષુ :- બાઈ જીવતી હોય ત્યાં સુધી.

ઉત્તર :- જીવતી ત્યાં સુધી. પછી લઈ લે ગરાસ. ના, પછી ઓલું પેદા થયું હોય ને બધું? ૨૫-૫૦ વર્ષ રહ્યું હોય એમાંથી પૈસા બૈસા થયા હોય એ રહે. જમીન આપી હોય એ લઈ લે. આ કાળાસર છે, મોઢુકા છે. મોઢુકાનું કોણ નહિ પ્રેમચંદભાઈ? મોઢુકાનો કોણ ઓલો? .. જમાઈ. નામ આવડતું હતું. આપણી પાસે બહુ આવતો ત્યાં બોટાદ આવતો બિચારો. એ પણ એમ કહે કે દીકરીને સ્વતંત્ર રહે અને કોઈ બીજો તાબે ન કરી લે અને આને તાબે રહે એને માટે. તો ધર્મીજીવી માન્યતાવાળા તો દીકરીને ધર્મ રહે એવી સ્થિતિનો ભાવ હોય ને એને. નહિતર એને કિંમત જ નથી ધર્મની એનો અર્થ એ. સમજાણું કાંઈ? એ શાસ્ત્રમાં આવે છે હોં એ સમગતિ. સમગતિ આવે છે. પોતાના જેવો ધર્મ હોય પામેલા, એને આપે. એવો શાસ્ત્રમાં લેખ આવે છે. આહાહા..! આવો માર્ગ ભારે આકરો જે દુનિયાથી આખો ... આહાહા..!

અહીંયા બાહ્ય વસ્ત્રાદિ રાખીને મુનિપણું માને એ વંદનને યોગ્ય નથી. મિથ્યાદષ્ટિ જીવો છે. આહાહા..! આકરી વાતું ભારે ભાઈ! કાઠિયાવાડમાં એના બે જોર એમાં આ આવ્યો માર્ગ હવે અંદરમાં. આહાહા..! .. મારી માસીની દીકરી અને ચીમનભાઈની વહુ. એને પૂછયું કે તમે.. હા અમે આવીએ ખરા પણ અમારો માર્ગ વૈષ્ણવ ન છોડીએ. માર્ગ અમે વૈષ્ણવ છે અમારો. અમારી કંઠી ને માર્ગ અમારો આ છે. કહો,..

મુમુક્ષુ :- નારણગઢવાળાને. ... અગ્રવાલ.

ઉત્તર :- છે ને અગ્રવાલ. આપે છે. આ તો ભાઈ જેને ધર્મનો, સૂત્રનો, સિદ્ધાંતનો, વીતરાગનો, વાણીનો જેને પ્રેમ છે, એને તો બીજા જીવો પ્રેમ એમાં પામે એવી વાત હોય કે નહિ? એટલી વાત છે. બીજાની દિકરી લેવી એ જુદી વસ્તુ છે. એ તો બિચારી પામે સમુળગો આ. પણ આવો એને પ્રેમ જ હોય અંદર. આહાહા..! પોતે માંડ માંડ પાંચ, દસ, પંદર વર્ષે સાંભળીને વાત બેઠી હોય કે આ માર્ગ સાચો છે. હવે એ બિચારીને બીજે માર્ગ નાખવો. શું થાય? એવી વાત છે બાપુ! વસ્તુનું સ્વરૂપ આ રીતે છે હોં. એ સંસારમાર્ગ તો પણ માર્ગમાં પણ આ રીત છે.

**पंचमहव्वयजुत्तो, तिहिं गुत्तिहिं जो स संजदो होई।**
**णिग्गंथमोक्खमग्गो, सो होदि हु वंदणिज्जो य।।२०।।**

આનું નથી બનાવ્યું નહિ? ગુજરાતી નથી આનું. અષ્ટપાહુડનું આમાં કર્યું છે આણે જુઓ. આણે કર્યું છે. અગાસવાળાએ કર્યું છે. હરિગીત બનાવ્યું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બધું નહિ. આ તો ગુજરાતી એણે કાવ્ય બનાવ્યું છે. ભાઈએ કાવ્ય બનાવ્યા છે. અગાસવાળાએ કાવ્ય બનાવ્યા છે. આણે કાવ્ય બનાવ્યા છે. આ નહિ? 'યથાજાત સ્વરૂપ જે તલમાત્ર .. કરે જો ગ્રહે અલ્પ અધિક કિંમતી નિગોદ .. લહે.' 'જે લિંગમાં કદી અલ્પ કે બહુ પરિગ્રહ સ્વીકારજો તો એ જિનવચનમાં પરિગ્રહ રહિત અણગારતો.' આણે કરેલું છે આ બધું. થોડોક ફેર હશે. ઠીક કરે છે. .. સ્વાધ્યાય જેવું કરે છે. આ. આવ્યું ને.

મુમુક્ષુ :- પંડિતજીએ એક-બે પાના કર્યા છે.

ઉત્તર :- કર્યા છે. એ તો દેખાડી ગયા. પણ હજી તો આખું કરી નાખે તો ચાલે તો ખરું. આમાં જુઓને આ બધું કર્યું છે. સ્વાધ્યાયમાં કામ આવે.

'**અર્થ :- જો મુનિ પંચ મહાવ્રત યુક્ત હો...**' જેને સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત અને ત્રણ કષાયના અભાવસહિત '**પંચ મહાવ્રત યુક્ત હો ઔર તીન ગુપ્તિ સંયુક્ત હો વહ સંયત હૈ,...**' આહાહા..! '**સંયમવાન હૈ ઔર નિર્ગ્રંથ મોક્ષમાર્ગ હૈ...**' એ નિર્ગ્રંથ મોક્ષમાર્ગ છે. '**વહ હી પ્રગટ નિશ્ચયસે વંદને યોગ્ય હૈ.**' ધર્મમાં સાધુ તરીકે વંદન કરવા લાયક આને હોય. આહાહા..!

'**ભાવાર્થ :- અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ઔર અપરિગ્રહ—ઈન પાંચ મહાવ્રત સહિત હો ઔર મન, વચન, કાયરૂપ તીન ગુપ્તિ સહિત હો...** ' વ્યવહાર નાખ્યો છે. '**વહ સંયમી હૈ, વહ નિર્ગ્રંથ સ્વરૂપ હૈ,...**' નિર્ગ્રંથ. '**વહી વંદને યોગ્ય હૈ.**' સાધુ તરીકે, મુનિ તરીકે આ વંદવા લાયક છે. બીજા આવા વસ્ત્ર આદિ (સહિતના) મુનિઓ વંદન લાયક છે નહિ. આહાહા..! ભારે આકરો માર્ગ છે આ. આ તો .. ગુમ થઈ ગયું છે ને. એકલો પંથ. '**વહી વંદને યોગ્ય હૈ.**' આહાહા..!

'**જો કુછ અલ્પ પરિગ્રહ રખે...**' થોડો અને ઘણો પણ પરિગ્રહ રાખે તો '**સો મહાવ્રતી સંયમી નહીં હૈ,...**' એ મહાવ્રતી અને સંયમી નથી. '**યહ મોક્ષમાર્ગ નહીં હૈ ઔર ગૃહસ્થકે સમાન ભી નહીં હૈ.**' એ તો ગૃહસ્થને સમાન પણ નથી. આવું રાખીને માને એ તો ગૃહસ્થ તરીકે નહિ. ગૃહસ્થ તો બિચારા રાખે અને માને કે અમે ગૃહસ્થ છીએ. અમે મુનિ નથી. અમારો માર્ગ મોક્ષનો નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન પૂરતો અમારો સ્વરૂપ અસ્થિરતા પૂરતો મોક્ષમાર્ગ છે. ચારિત્ર અમારી પાસે નથી. એમ તો એ કહે. આ તો ગૃહસ્થ સમાન પણ નથી એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- પાંચ સમિતિ.

ઉત્તર :- જોઈને ચાલવું એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં બધું આવી ગયું. .. બધું ત્યાં. ત્રણ ગુપ્તિ આવી ગયું ને એમાં?

'**સો મહાવ્રતી સંયમી નહીં હૈ, યહ મોક્ષમાર્ગ નહીં હૈ ઔર ગૃહસ્થકે સમાન ભી નહીં હૈ.**' આહાહા..! વસ્ત્ર ને પાત્ર...

મુમુક્ષુ :- .. અમારા કરતા સારા.

ઉત્તર :- હા અમારાથી સારા. વાત સાચી. તારી મિથ્યાદૃષ્ટિ... આહાહા..! ઓલા જુઓને બીજાને બધાની સાથે સમન્વય કરવો. હવે આ શી રીતે સમન્વય થાય? અહીં તો કુંદકુંદાચાર્ય પોતે કહે છે કે આવા હોય તે મિથ્યાદૃષ્ટિ છે. જિનસૂત્રથી બહાર નીકળી ગયા ભગવાનની વાણી દિગંબર સિદ્ધાંતો જે વીતરાગના કહેલા એનાથી કલ્પિત બનાવીને. હવે એને પણ મિથ્યાદૃષ્ટિ ન કહેવાય એમ કહે છે. જો એને મિથ્યાદૃષ્ટિ કહે તો પોતે મિથ્યાદૃષ્ટિ થઈ જાય. અરરર..! કાળ તે કાળ... શું કામ કરે છે? આ તો ધર્મની વાત છે. સંસારની વાત છે? આ તો ધર્મની વાત છે બાપુ! ધર્મબુદ્ધિએ આદર કરવો એ મુનિ વસ્ત્ર રાખીને કહે છે કે મિથ્યાત્વ થાય. આહાહા..!

હવે એના ભેખની વાત કરે છે. ભેખ તો મુનિનો ભેખ હોય જૈનશાસનમાં. બીજું ઉત્કૃષ્ટ શ્રાવકનો ભેખ હોય. ત્યાગી તરીકેના ભેખની વાત છે. '**આગે કહતે હૈં કિ પૂર્વોક્ત એક ભેષ તો મુનિકા કહા અબ દૂસરા ભેષ ઉત્કૃષ્ટ શ્રાવકકા કહા હૈ :—**' ક્ષુલ્લક, એલક વગેરે. ત્યાગીના ભેખ તરીકેની વાત છે હોં.

दुइयं च उत्त लिंग, उक्किट्ठं अवरसावयाणं च।
भिक्खं भमेइ पत्ते, समिदीभासेण मोणेण।।२१।।

આહાહા..! આવે ને. એવું નાખે નહિ, એ તો આવી જાય.

'**અર્થ :- દ્વિતીય લિંગ અર્થાત્ દૂસરા ભેષ ઉત્કૃષ્ટ શ્રાવક જો ગૃહસ્થ નહીં હૈ ઈસપ્રકાર ઉત્કૃષ્ટ શ્રાવકકા કહા હૈ વહ ઉત્કૃષ્ટ શ્રાવક ગ્યારહવીં પ્રતિમાકા ધારક હૈ,...**' એકલું ગૃહસ્થાશ્રમ નથી એમ કહે છે. ભેખ છે ને. આ તો ભેખની વાત લેવી છે ને. શ્રાવક છે એ કાંઈ ભેખ નથી એનો. શ્રાવક અગ્યારમી પ્રતિમાનો ધારક. અગ્યારમી પડિમા હોય છે. '**વહ ભ્રમણ કરકે ભિક્ષા દ્વારા ભોજન કરે...**' ભ્રમણ કરીને ભિક્ષા દ્વારા ભોજન કરે. '**ઔર પત્તે અર્થાત્ પાત્રમેં ભોજન કરે...**' લ્યો! લંગોટી .. અને પાત્ર હોય બેય હોય એને. એ તો શ્રાવક છે. જૈનદર્શને આવું રાખે એને ઉત્કૃષ્ટ શ્રાવક કહ્યો છે. '**પાત્રમેં ભોજન કરે...**' લ્યો! ભોજન કરે તો પાત્રમાં કરે. '**તથા હાથમેં કરે...**' એ કરે ભલે.

'**સમિતિરૂપ પ્રવર્તતા હુઆ...**' આ ગૃહસ્થની વાત છે. એ સમિતિએ જ પ્રવર્તે. જીવને જોઈને ચાલે એ રીતે. '**ભાષાસમિતિરૂપ બોલે અથવા મૌનસે રહે.**' બોલે તો બરાબર જેવું છે સ્વરૂપ એવું કહે. બચાવ ન કરે. હવે આવું છે એ પણ એક મુનિપણું છે. .. એમ નહિ કરે. બરાબર જેમ હોય એમ બોલે. નહિતર મૌન રહે. આહાહા..! ભાવાર્થ આવશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૯, રવિવાર તા. ૧૮-૧૧-૧૯૭૩**
**ગાથા - ૨૧ થી ૨૫, પ્રવચન - ૪૪**

આ અષ્ટપાહુડમાં સૂત્રપાહુડ છે. ૨૧મી ગાથાનો ભાવાર્થ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે જે માર્ગ કહ્યો એ માર્ગ દિગંબરમાં એ માર્ગ ચાલ્યો આવે છે. અરિહંત તીર્થંકર સર્વજ્ઞ મહાવીર પ્રભુએ, જે અનંત તીર્થંકરોએ માર્ગ કહ્યો છે એ દિગંબર ધર્મમાં એ માર્ગ ચાલ્યો આવે છે. એવી વાત છે ભાઈ! એમાં '**એક તો મુનિકા યથાજાતરૂપ કહા...**' ભગવાને તીર્થંકરદેવે મુનિ એને કહ્યા કે જેનું યથાજાત માતાએ જન્મ્યા હોય એવું. લિંગ સહજ એવું. એ અનાદિનો વીતરાગનો આ માર્ગ છે. યથાજાત. જેવો માતાએ જન્મ્યા એવું ભેખ મુનિને હોય. એને વસ્ત્ર અને પાત્ર મુનિને હોય નહિ. એને જૈનશાસનમાં મુનિ કહેવામાં આવે છે. પક્ષપાતને લઈને ઘણા પંથ પડી ગયા છે. બહુ મુશ્કેલી થઈ છે સમજવા માટે તો.

'**દૂસરા યહ ઉત્કૃષ્ટ શ્રાવકકા કહા,...**' બીજું રૂપ ઉત્કૃષ્ટ શ્રાવક. એક કોપીન કે એક વસ્ત્ર ધારણ કરે એને બીજો વેષ કહેવામાં આવ્યો છે. અગ્યારમી પડિમાનો ધારક. '**એક વસ્ત્ર તથા કોપીન માત્ર ધારણ કરતા હૈ...**' એ બીજો વેષ મુનિથી નીચે. '**ઔર ભિક્ષા-ભોજન કરતા હૈ,...**' અને ક્ષુલ્લક લંગોટી અથવા એક વસ્ત્ર રાખે અને ભિક્ષા ભોજન કરે. '**પાત્ર મેં ભી ભોજન કરતા હૈ, ઔર કરપાત્રમેં ભી કરતા હૈ,...**' હાથમાં પણ આહાર લે અને પાત્ર હોય તો એમાં પણ લે. '**સમિતિરૂપ વચન ભી કહતા હૈ...**' વીતરાગે જે માર્ગ કહ્યો એ રીતે સમિતિથી વચન બોલે. '**મૌન ભી રહતા હૈ, ઈસપ્રકાર યહ દૂસરા ભેષ હૈ.**' વીતરાગ માર્ગમાં આ બે ભેખ છે પુરુષના.

'**આગે તીસરા લિંગ સ્ત્રીકા કહતે હૈં :—**' એની વાત કરે છે.

**लिंगं इत्तीणं हवदि, भुंजइ पिंडं सुएयकालम्मि।**
**अज्जिय वि एक्कवत्था, वत्थावरणेण भुंजेदि।।२२।।**

'**અર્થ :- સ્ત્રિયોંકા લિંગ ઈસપ્રકાર હૈ—**' સ્ત્રીનો ભેખ એવો ભગવાને કહ્યો. '**એક કાલ મેં ભોજન કરે,...**' એક વખત ભોજન લે. '**બારબાર ભોજન નહીં કરે, આર્યિકા ભી હો તો એક વસ્ત્ર ધારણ કરે...**' અર્જિકા. '**ઔર ભોજન કરતે સમય ભી વસ્ત્રકે આવરણ સહિત કરે, નગ્ન નહીં હો.**' એ બીજો ભેખ વીતરાગ શાસ્ત્રમાં પરમાત્માએ કહ્યો. એને એક વસ્ત્ર હોય સોળ હાથનું કપડું એક જ હોય. બહુ ઝીણી વાત છે. સંપ્રદાય બહુ પડી ગયા. સંપ્રદાયમાંથી સત્ય વસ્તુ વીતરાગની છે એ .. એને જાણે. ઝીણી વાત છે.

'**ભાવાર્થ :- સ્ત્રી આર્યિકા ભી હો ઔર ક્ષુલ્લિકા ભી હો; વે દોનોં હી ભોજન તો દિનમેં એકબાર હી કરેં,...**' '**આર્યિકા હો વહ એક વસ્ત્ર ધારણ કિયે હુએ હી ભોજન કરે નગ્ન નહીં હો. ઈસપ્રકાર તીસરા સ્ત્રીકા લિંગ હૈ.**' ત્રણ લિંગ વીતરાગ શાસનમાં કહ્યાં. એક મુનિ નગ્ન હોય, એક ઉત્કૃષ્ટ શ્રાવક અગ્યાર પડિમા ધારી કોપીન અને એક વસ્ત્ર રાખે અને એક સ્ત્રી વસ્ત્ર રાખે. એક. એક વસ્ત્ર. આ શ્વેતાંબર પછી નીકળ્યો છે દિગંબરમાંથી અને શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી પછી નીકળ્યા છે. એ જૈનશાસનથી બહાર થયેલા છે. બહુ આકરી વાત. બે હજાર વર્ષ પહેલાથી. શ્વેતાંબર પંથ નીકળ્યો ત્યારથી જૈનશાસનની બહાર છે એ. ઝીણી વાત છે, ભગવાન! આ વાતને બેસાડવી. એય..! જયંતિભાઈ!

તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ અનાદિ માર્ગ તો નગ્નપણું શરીરનું, અંદરમાં ત્રણ કષાયનો અભાવ અને પંચ મહાવ્રતાદિના વિકલ્પ એને મુનિ કહ્યા છે ભગવાને તો. કહો, જયંતિભાઈ! શ્વેતાંબર નીકળ્યા બાર (વર્ષનો) દુકાળ પડ્યો મોટો. ભગવાન પછી ૬૦૦ વર્ષે. એ બાર વર્ષ દુકાળમાં શ્વેતાંબર પંથ દિગંબરમાંથી નીકળ્યો. એણે કલ્પિતસૂત્ર બધા બનાવ્યા. ભગવાનના કહેલા નથી એ. ૩૨ સૂત્ર, ૪૫ અને ૮૪ એ ત્રણ પ્રકાર છે. એ બધા કલ્પિત શાસ્ત્ર છે. સમકિતીના કહેલા નથી. ઝીણી વાત ભગવાન

બહુ આકરી. ગીરધરભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી બને. કોઈ રીતે ધર્મ નામ ધરાવવું હોય તો પછી કાંઈક કરે તો ખરા ને. ભગવાન પછી છસ્સો વર્ષે સનાતન દિગંબર ધર્મ સર્વજ્ઞે કહેલો તેમાંથી શાસનથી ભ્રષ્ટ થઈને પંથ નીકળ્યો છે. અને કલ્પિત સૂત્ર બનાવ્યા ૮૪. ૪૫ શ્વેતાંબરે માન્ય રાખ્યા. એમાંથી સ્થાનકવાસી તો હમણા નીકળ્યા ૫૦૦ વર્ષ પહેલાં. શ્વેતાંબરમાંથી નીકળ્યા. એણે ૩૨ સૂત્ર માન્ય રાખ્યા ૮૪માંથી. બનાવ્યા હતા ૮૪. અરે..! આ વાત ક્યાં કહે? કોને કહે? સાંભળવી કઠણ પડે. જયંતિભાઈ!

અહીં તો કહે છે ત્રિલોકનાથ જૈનશાસન પરમાત્મા અનંત તીર્થંકરોએ જે માર્ગ કહ્યો એ તો નગ્ન દિગંબર મુનિનો માર્ગ છે. વસ્ત્રનો એક ધાગો રાખીને મુનિપણું માને, મનાવે, માન્યતાને રૂડું જાણે. આવી ગાથા આવી ગઈ છે ૧૮માં. એ નિગોદની ગતિ છે એને એકેન્દ્રિય. એ વધારે સ્પષ્ટ કરે છે ૨૩માં.

**'આગે કહતે હૈં કિ-વસ્ત્ર ધારકકે મોક્ષ નહીં હૈ, મોક્ષમાર્ગ નગ્નપણા હી હૈ :---'** આહાહા..! એકલું નગ્ન નહિ હોં. અંતરમાં આનંદની દશા પ્રગટ થાય ઉત્કૃષ્ટતા ઘણી. આત્માના આનંદનું વેદન જેને થોડો અનુભવ આનંદનો હોય, અતીન્દ્રિય આનંદનો. સિદ્ધમાં જે આનંદ છે એવો જ આનંદ એને હોય. એટલો નહિ પણ એવો. આહાહા..! મુનિ કોને કહે? એને અઠ્ઠાવીશ મૂળગુણના વિકલ્પ હોય, પંચ મહાવ્રત, છ આવશ્યક. એ રાગ છે, એટલો હોય. બાહ્યમાં નગ્નદશા હોય. એ સિવાય એને મોક્ષ નહિ. વસ્ત્રનો ટૂકડો રાખીને પણ મુનિપણું હોઈ શકે નહિ.

**ण वि सिज्झदि वत्थधरो जिणसासणे जइ वि होइ तित्थयरो।**
**णग्गो विमोक्खमग्गो सेसा उम्मग्गया सव्वे।।२३।।**

કુંદકુંદાચાર્ય મહારાજ આ એમના કથન છે. આહાહા..! સંવત્ ૪૯માં એ કુંદકુંદાચાર્ય દિગંબરમુનિ ભરતક્ષેત્રમાં થયા અહીંયા. અને ભગવાન પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં સીમંધર પ્રભુ. ભગવાન બિરાજે છે મનુષ્યપણે. પાંચસો ધનુષનો દેહ છે. સીમંધર ભગવાન. કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ જાય વર્ષ. એવા કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે બિરાજે છે. એ વખતે સંવત્ ૪૯માં કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. ત્યાં આઠ દિન રહીને આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. કહો, સુમનભાઈ! બહુ ફેરવવું આકરું ભારે.

પણ એટલું તો કહો કે આ પરિવર્તન કરીને બેઠા ત્યારે એનું કાંઈક કારણ હશે કે નહિ? સ્થાનકવાસીમાં તો ઘણું માન હતું. પણ માર્ગ જ બીજો અંદર. આ માર્ગ જ નહિ, કીધું. આ માર્ગ છે અંદરથી. **'ण वि सिज्झदि वत्थधरो,'** આ શબ્દ બધા છે નગ્ગે મોકખો ભણિયો શ્રીમદ્‌માં. બે વાર છે.

**ण वि सिज्झदि वत्थधरो, जिणसासणे जइ वि होइ तित्थयरो।**
**णग्गो विमोक्खमग्गो, सेसा उम्मग्गया सव्वे।।२३।।**

'**અર્થ :- જિનશાસનમેં...**' જૈનશાસન-ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એના શાસનમાં '**ઈસપ્રકાર કહા હૈ કિ-વસ્ત્રકો ધારણ કરનેવાલા સીઝતા નહીં હૈ,...**' વસ્ત્ર ધારણ હોય એને મુનિપણું ન હોય, એને મુક્તિ ન હોઈ શકે. આહાહા..! અવલદોમ માર્ગ આખો ફેરફાર. એય..!

મુમુક્ષુ :- મારો જન્મ ત્યાં જ થયો.

ઉત્તર :- એનો જન્મ ત્યાં જ છે. આ દેહનો જન્મ ત્યાં હતો. અમારા પિતાજીના પિતાજી તો અગ્રેસર. ગઢડાના શેઠિયાઓ .. શરીર. ગૃહસ્થ માણસ. ... ગૃહસ્થ માણસ ... રાજાની વાત છે. ગૃહસ્થ ઓલા શું કહેવાય? રૂની પેઢી ખોલે. માણસ મોકલે. બે મહિનાનું વ્યાજ બે હજાર પેદા કરે... તમારી જેવા મજુર નહિ. એ કહેતા હતા. ડોશી-બાપના મા અમારે ... બે મહિનાના બે હજાર પેદા કરે. દસ મહિના સગાવ્હાલામાં જાય, સગાવ્હાલા અહીં આવે. તમારે તો બારે મહિના મજૂરી.

મુમુક્ષુ :- .. કરોડો રૂપિયા ક્યાંથી થાય?

ઉત્તર :- હવે કરોડ થાય કે ધૂળ થાય એ તો પૂર્વના પુણ્ય હોય તો થાય છે ત્યાં. એ કાંઈ ડહાપણથી, વ્યવસ્થા સારી કરે માટે પૈસા થાય છે? એ તો અનંત પૂર્વના પુણ્ય પડ્યા હોય એ જો ગળવા માંડે તો એટલો સંયોગ દેખાય. એમાં પૈસાથી શું થયું? કરોડ અને અબજોપતિ છે અત્યારે. આ તો આ વાણિયામાં. બે તો મોટા અબજપતિ. એક તો મરી ગયો હમણા. શાંતિલાલ ખુશાલ. પાનસણાવાળો નહિ? અબજોપતિ. દસ મિનિટમાં મરી ગયો મુંબઈ હમણાં. ધૂળમાં શું કરે ત્યાં? ચાલીસ લાખનો તો બંગલો છે. લાખ લાખની પેદાશ છે દરરોજની લાખની હોં! એક એક લાખની. એમાં શું ધૂળમાં? હવે એ તો પૂર્વના પુણ્ય હોય તો બળીને રાખ થઈ જાય. બહારથી દેખાય.

'**યદિ તીર્થંકર ભી હો તો...** ' આહાહા..! '**તો જબતક ગૃહસ્થ રહે તબતક મોક્ષ નહીં પાતા હૈ,...**' જ્યાં સુધી વસ્ત્ર રાખે અને ગૃહસ્થપણું છે. ત્યાં સુધી તેને વસ્ત્રસહિતમાં મુનિપણું ન હોઈ શકે. આહાહા..! કહો, જયંતિભાઈ! તીર્થંકર પણ હો. બીજા કેવળી અને સામાન્ય મુનિઓની તો શું વાત? '**તીર્થંકર ભી હો તો જબતક ગૃહસ્થ રહે તબતક મોક્ષ નહીં પાતા હૈ, દીક્ષા લેકર દિગંબરરૂપ ધારણ કરે...**' શ્વેતાંબરમાં એમ આવે છે કે ભગવાને દીક્ષા લીધી અને ઈન્દ્રે વસ્ત્ર આપ્યું. બધું કલ્પિત બનાવ્યું શાસ્ત્ર. વસ્ત્ર એને આપ્યા. વસ્ત્ર હોતા જ નથી. ઈન્દ્રે બાર મહિના આપ્યું, રહ્યું, પછી બાર મહિને ખસી ગયું, પડી ગયું. એવું કહે છે. શ્વેતાંબરમાં વળી એથી વધારે કહે છે. કલ્પસૂત્રમાં. આપ્યું પછી એના મામાનો શું કહેવાય? ભાઈબંધ હતો બ્રાહ્મણ, એ આવ્યો તો અડધું ફાડીને એને આપ્યું. આ બધા ગપેગપ. બધી એવી કલ્પના. શું થાય પણ અત્યારે? લોકોને નવરાશ ન મળે સત્યને શોધવાની. હોળી આખો દિ' રળવું... રળવું... રળવું... રળવું... ૨૦-૨૨ કલાક ત્યાં ગોઠે. એક-બે કલાક પાછા ક્યાંક સાંભળવા જાય ત્યાં પાછી આવી ને આવી વાતું ઊંધી મળે. એને બિચારાને નિર્ણય કરવાનો વખત નથી આવા મનુષ્યભવમાં.

લખ્યું છે શ્રીમદ્દે. ત્યાં કલાક જાય ત્યાં કુગુરુ લૂંટી લે એને ઊંધી વાતું કરીને. આહાહા..! શ્રીમદ્દે એમ લખ્યું છે. અરે..! આવો મનુષ્યદેહ ચાલ્યો જાય છે. આયુષ્ય ક્ષણે ક્ષણે મૃત્યુની સમીપ જાય છે. એમાં વીતરાગ જે કહેલો માર્ગ એને જાણવામાં, નિર્ણયમાં નહિ એનું શું થશે બાપુ! એ ત્યાં ક્યાં કોઈ સિફારીશ બહારની કામ આવે એવી નથી. આહાહા..!

કહે છે '**દીક્ષા લેકર દિગંબરરૂપ ધારણ કરે તબ મોક્ષ પાવે, ક્યોંકિ નગ્નપના હી મોક્ષમાર્ગ હૈ,...**' આહાહા..! '**શેષ સબ લિંગ ઉન્માર્ગ હૈ.**' વસ્ત્રસહિત મુનિપણું માને, મનાવે એ બધા ઉન્માર્ગ-વીતરાગથી ઉંધો માર્ગ છે. ત્રણ લોકના નાથે કહેલા માર્ગથી વેરીઓએ ઊભો કરેલો વિરુદ્ધ માર્ગ છે. આહાહા..! નવનીતભાઈ! આવું છે. શ્રીમદ્દે લખ્યું છે. આ શબ્દ પડ્યો છે ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. .. નગ્ગે મોકખો ભણિયો. આહાહા..! એકલી નગ્નદશા નહિ. અંતરમાં આનંદના અનુભવ થઈ સમ્યગ્દર્શન. આ શરીર, વાણી, મનથી ભિન્ન અને પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગથી જુદો અને વર્તમાન જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જેને સમ્યગ્દર્શન થયું છે એવો સમકિતી તે ગૃહસ્થાશ્રમમાં ધર્મી કહેવાય. પણ જ્યારે એ સાધુ થાય ત્યારે અંતરમાં વસ્તુમાં પૂર્ણાનંદનો ઢીમ પ્રભુ છે એ પૂર્ણાનંદમાં ખૂબ એકાગ્ર થાય છે. એથી એની પર્યાય-વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદની છોળું આવે છે. એવી અતીન્દ્રિય આનંદની છોળસહિત જેને નગ્નદશા બાહ્યમાં હોય એને જૈનશાસનમાં મુનિ કહ્યા છે. આવું આકરું કામ ભારે ભાઈ! ..ભાઈ! આવું છે.

'**નગ્નપના હી મોક્ષમાર્ગ હૈ,...**' છે ને પાઠ જુઓને! '**णग्गो विमोक्खमग्गो**' નાગા બાદશાહથી આઘા. આહાહા..! ધન્ય અવતાર જેના. જેને ચારિત્ર પ્રગટ્યું છે એની દશા નગ્ન શરીરમાં થઈ જાય. વસ્ત્ર રાખે ને ચારિત્ર હોય ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ ડહોળાઈ ગયો ને બહુ ડહોળાઈ ગયો. એટલે બિચારા સાધારણ પ્રાણીને. એક તો રળવામાં ગૂંચાઈ બે-પાંચ હજાર પેદા થાય, દસ હજાર. ત્યાં ખુશી થઈ જાય. મહિને બે હજાર પેદા થાય તો. ઓહો..! આપણે પચ્ચીસ હજારની પેદાશું, પાંચ-દસ લાખની મૂડી છે. છોકરાવ હવે કમાવવા ચડી ગયા. આપણે ફાવ્યા. શેઠ! ધૂળમાંય નથી ફાવ્યા, સાંભળને મારા હવે. હેરાન થઈને મરી ગયો એમ ને એમ અનંતકાળમાં. અને ધર્મને બહાને મળે ત્યારે આવી વાતું મળે બધી એને. આહાહા..! વસ્ત્રસહિત મુનિપણું, વસ્ત્રસહિત સાધ્વી એ બધી વાતું જૈનશાસનથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? જાદવજીભાઈ! આવું છે આ. છે આમાં? પુસ્તક છે કે નહિ?

મુમુક્ષુ :- ચતુર્વિધ..

ઉત્તર :- ચતુર્વિધ સંઘ નથી આ? સાધુના ચાર . છે. અને અર્જિકા હોય એટલે .. નથી ગણાતી? અર્જિકા હોય એને પંચમ ગુણસ્થાન હોય. વસ્ત્રસહિત હોય એને પંચમ ગુણસ્થાન હોય. મુનિપણું એને

હોઈ શકે નહિ ત્રણ કાળમાં જૈનશાસનમાં.

મુમુક્ષુ :– .. ધક્કા મારે છે.

ઉત્તર :– ચાલે છે. બહુ આકરું થઈ ગયું. બહુ આખો માર્ગ બે હજાર વર્ષથી ફરી ગયો. બાર વર્ષના દુકાળ પડ્યા. વસ્ત્ર રહિત નભી શક્યા નહિ, એમાંથી આ પંથ નીકળ્યો દુકાળમાં. ભગવાન પછી ૬૦૦ વર્ષે. આ શ્વેતાંબર દેરાવાસી કહેવાય તે. તે વખતે તો સ્થાનકવાસી હતા જ નહિ. આ એક માર્ગ નીકળ્યો જૈનશાસનની આજ્ઞાને તોડીને. પછી સ્થાનકવાસી તો એમાંથી હમણાં નીકળ્યા પાંચસો વર્ષ. મૂર્તિને ઉત્થાપીને. એ બધો માર્ગ જૈનશાસન નથી. આહાહા..! આકરું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ આવ્યું. શબ્દ આવ્યા હતા. બધું વાંચ્યું છે ને અમે તો. નાની ઉંમરમાં દુકાન ઉપર બધું વાંચતા ઘણું. 'ઢુંઢત ઢુંઢત ઢુંઢ લિયો સબ વેદ પુરાણ કિતાબમેં. ઢુંઢત હૈ તબ હી પાવક બિન ઢુંઢે નહીં પાવક કોઈ.' એ બધું એ શ્લોકમાં એમાં છે. એ પુસ્તક બધા વાંચ્યા છે ને એક એક. દુકાન ઉપર એ શાસ્ત્ર વાંચતા હતા. ઘરની દુકાન હતી પિતાજીની. પાલેજ. બધા વાંચતા દુકાનમાં. ૭૦ની સાલમાં પહેલાં. દીક્ષા તો ૭૦માં થઈ. બધા જોયેલા ઘણાં. અધ્યાત્મ કલ્પદ્રુમ. ઓલામાં નામ આવ્યું છે હોં. ઓલા ૨૦ બોલમાં. શ્રીમદ્‌ના નામ છે ને ૨૦? એમાં અધ્યાત્મ કલ્પદ્રુમ છે. આ ૨૦ નથી શાસ્ત્રના નામ? એ બધા દિગંબરના અને એક આ અધ્યાત્મ કલ્પદ્રુમ વૈરાગ્યનું છે અને એક છે તે ઓલું યોગદષ્ટિ. એ જુદું. એ ... આ તો અધ્યાત્મ કલ્પદ્રુમ વૈરાગ્યનું છે. વાંચ્યું છે ને દુકાન ઉપર વાંચ્યું છે. ૬૫-૬૬ની વાત છે. ૧૯૬૫-૬૬.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા સુંદરજી. સુંદર. મુનિ સુંદર. હજાર શતાવધાન કરતા. બે હજાર. છે. એમાં કાંઈ નહિ.

અહીં તો વીતરાગદેવના શાસનનો માર્ગ મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. એ ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય ફરમાવે છે કે ભાઈ! જૈનશાસનમાં તીર્થંકર હોય, જ્યાં સુધી વસ્ત્ર રાખે ત્યાં સુધી મુનિપણું એને હોય નહિ. ત્રણ જ્ઞાનના ધણી માતાના પેટમાં ... તીર્થંકર તો સ્વર્ગમાંથી, સ્વર્ગમાંથી કા નરકમાંથી આવે. આ શ્રેણિક રાજા નરકમાંથી આવશે. અત્યારે શ્રેણિક રાજા છે ને પહેલી નરકમાં? સમ્યગ્દષ્ટિ તીર્થંકરગોત્ર બાંધ્યું છે. ત્યાગ નહોતો, વ્રત, ચારિત્ર નહોતા, પણ સમ્યગ્દર્શનમાં આત્મભાન અનુભવદષ્ટિ. આનંદના ભાનમાં સમ્યગ્દર્શન થયું છે અને એમાં તીર્થંકરગોત્ર બાંધ્યું છે. પણ નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું પહેલું, નરકમાં ગયા. ચોર્યાસી હજાર વર્ષ સ્થિતિ અત્યારે છે. ત્યાંથી પહેલા તીર્થંકર થવાના છે. આવતી ચોવીસીમાં તીર્થંકર. ભગવાન મહાવીર જેવા થશે. એ બધા જ તીર્થંકરો એમ કહે છે. તીર્થંકર જ્યાં સુધી વસ્ત્રસહિત છે ત્યાં સુધી મુનિપણું નહિ હોય એને. આહાહા..! એમ ભગવાને નાગાને મોક્ષ કહ્યો અને નાગાથી બીજો માર્ગ બધો ઉન્માર્ગ છે, વિપરીત માર્ગ છે,

જૈનશાસનથી ઊલ્ટો માર્ગ છે. માનવું હોય એ માને, ન માનવું હોય એ ન માને. સ્વતંત્ર છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થ :- શ્વેતાંબર આદિ વસ્ત્રધારકકે ભી મોક્ષ હોના કહતે હૈં...** ' છે? શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી. શ્વેતાંબરમાંથી સ્થાનકવાસી નીકળ્યા, સ્થાનકવાસીમાંથી આ તેરાપંથી નીકળ્યા. આ તુલસી તુલસી નથી? તેરાપંથ. આચાર્ય તુલસી છે. લાખ માણસ છે એનું લાખ, બે લાખ. એ બધા માર્ગ મોક્ષ કહે છે વસ્ત્રસહિત સાધુને. '**વહ મિથ્યા હૈ, યહ જિનમત નહીં હૈ.**' એ વીતરાગનો માર્ગ નથી. ભારે આકરું પડે. હવે આજે રવિવાર છે તો માણસ આવ્યા છે બધા તમારા. હવે આમાં ત્રંબકભાઈ આવ્યા છે પાછા રવિવારને આજે. માર્ગ તો ભગવાન આમ છે હોં. આહાહા..! આવું છે. બીજાને દુઃખ થાય. થાય એનો અર્થ શું? સત્ય તો આ છે. અનંત તીર્થંકરો મહાવિદેહમાં ભગવાને પણ એ જ માર્ગ પ્રરૂપ્યો છે. સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં એક જ માર્ગ છે. દિગંબરધર્મ એક જ ધર્મ. ત્યાં બીજો કોઈ ધર્મનો વેશ અને ભેખ નથી. મંદિર દિંગબરના, અભિપ્રાય હોય ઊંધો. .. સાક્ષાત્ બિરાજે છે. આહાહા..!

વીતરાગના દિગંબર સિવાય કોઈ મંદિર નહિ, કોઈ ભેખ નહિ, વેશ નહિ. આહાહા..! આ એક જ માર્ગ છે ત્યાં. એ માર્ગ અહીં હતો. ભગવાન (પછી) છસ્સો વર્ષે બે ફાટા પડી ગયા મોટા. સહેલું બતાવ્યું તો લોકો ચાલી નીકળ્યા. આહાહા..! આવો માર્ગ છે. શ્રદ્ધામાં તો લે હજી પહેલું. જ્યાં સુધી ઉંધી શ્રદ્ધા છે ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. જૈન જ નથી. આહાહા..! વસ્ત્રવાળાને મુનિ માને, વસ્ત્રસહિત મુનિ પોતે માને, એ જૈન નથી. જૈનની એને શ્રદ્ધા જ નથી. અહીં તો વાત એવી છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એ જિનમત નથી એમ લખ્યું ને? અન્યમતિ છે. ચાહે તો શ્વેતાંબર હો, સ્થાનકવાસી હો કે તેરાપંથી હો, જૈનમત જ નથી, અન્યમત છે. મિથ્યાદૃષ્ટિઓનો એ મત છે. વીતરાગનો એ મત નથી. એય..! જંયતિભાઈ! કાલાવડમાં આવું હોય સાંભળે તો ભડકે. કહો, ધીરૂભાઈ! નાગનેશમાં પણ ભડકે આ બધા. ..ભાઈ વાંચતા ત્યાં. ..ભાઈ હતા એ વાંચતા. લાલચંદભાઈ છે ને. છે ને હજી નહિ? લાલચંદભાઈ.

માર્ગ આવો છે. કોઈનો તિરસ્કાર કે અનાદર કરવાની વાત નથી. પોતાને સમજવાની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો મુનિરાજે આ માર્ગ કહ્યો છે. વસ્ત્રનો એક ટૂકડો પણ રાખીને મુનિપણું માને... એ આવ્યું છે આપણે અઢાર ગાથામાં. એ નિગોદમાં જાશે, એકેન્દ્રિય થાશે. એકાદ ભવ કદાચ શુભભાવ હોય ને સ્વર્ગમાં જાય, ત્યાંથી મરીને ઢોરમાં જાશે. આહાહા..! આવો માર્ગ આકરો. જગતને ગળે ઉતારવું. એ જિનમત જ નથી. આહાહા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ચોખ્ખું લખ્યુ છે, પાંચમા અધ્યાયમાં. ટોડરમલે. અન્યમતમાં જ નાખ્યા છે. જેવો મુસલમાનનો અન્યમત છે, વેદાંતનો અન્યમત છે, વિશેષનો અન્યમત છે એવો શ્વેતાંબર અને

સ્થાનકવાસીનો અન્યમત છે. જૈનમત નથી. આ જ માને, કાલે માને, ગમે ત્યારે માને. આ માન્યે એનો છૂટકો છે. સમજાણું કાંઈ? આહાહા..!

હવે સ્ત્રીને દીક્ષા ન હોય એ વાત સિદ્ધ કરે છે. સ્ત્રીને સાધુપણું આવે જ નહિ ત્રણ કાળમાં. બહુ ફેર વાતુંનો. અહીં તો એક રાંડીરાંડ-વિધવા જાણે કાંઈક ન થયું, ચાલો ચાલો આપણે દીક્ષા લઈ લે. રોટલા શરૂ થઈ જાય અને વળી અહીં તમારી સેવા કરશું કહેશે. ત્યાં નહિ સેવા કરે. આ ટોળા ભેગા કર્યા છે બધા. એ બધા મિથ્યાદષ્ટિના ટોળા છે. જૈનના એ નહિ. આહાહા..! આકરું, ભારે આકરું લાગે.

'**આગે, સ્ત્રીયોંકો દીક્ષા નહીં હૈ ઈસકા કારણ કહતે હૈં :—** ' સ્ત્રીના દેહવાળાને સાધુપણું આવે જ નહિ. આહાહા..!

**लिंगम्मि य इत्थीणं, थणंतरे णाहिकक्खदेसेसु।**

**भणिओ सुहुमो काओ, तासिं कह होइ पव्वज्जा।।२४।।**

'**અર્થ :- સ્ત્રીયોં લિંગ અર્થાત્ યોનિમેં,...**' એટલે શરીરના ભાગમાં એમાં જીવો પંચેન્દ્રિય ઉત્પન્ન નિરંતર થાય છે. આહાહા..! '**સ્તનાંતર અર્થાત્ દોનોં કુચોંકે મધ્યપ્રદેશમેં...**' પંચેન્દ્રિય જીવ થાય છે સ્તનના આંતરામાં. દોનો કાંખોમાં પંચેન્દ્રિય જીવ થાય છે એને. '**નાભિમેં સૂક્ષ્મકાય અર્થાત્ દષ્ટિકે અગોચર જીવ કહે હૈં, ઈસપ્રકાર સ્ત્રીયોંકે પ્રવજ્યા અર્થાત્ દીક્ષા કૈસે હો?**' એને સાધુપણું હોતું નથી ત્રણ કાળમાં. નમો લોએ સવ્વ સાહુણં એમાં એ આવી શકતા નથી, કહે છે. આહાહા..! આવો માર્ગ છે.

'**દીક્ષા કૈસે હો?**' અત્યારે તો જે રાંડીરાંડ થઈ અને કાં કુંવારી હોય તો, આવો દીક્ષા લઈ લ્યો તમે. ઓહોહો..! ક્યાં દીક્ષા હતો? દીક્ષા ગૃહીત મિથ્યાત્વનું પોષણ છે ત્યાં તો. આહાહા..! બહુ આકરું કામ. ટોળા બધા ભેગા થયા છે મિથ્યાદષ્ટિના છે. આહાહા..! '**સ્ત્રીયોંકે યોનિ, સ્તન, કાંખ, નાભિમેં પંચેન્દ્રિય જીવોકી ઉત્પત્તિ નિરંતર કહી હૈ,...**' ભગવાને તો પંચેન્દ્રિય નિરંતર કીધા છે એમાં. એવા પંચેન્દ્રિય મરે ત્યાં સાધુપણું ક્યાં આવે? આહાહા..! '**ઈનકે મહાવ્રતરૂપ દીક્ષા કૈસે હો?**' મહાવ્રતની દીક્ષા એને હોઈ શકે નહિ. લ્યો! ..ભાઈ! આજ તો આ આવ્યું છે આજ તમે આવ્યાને બધા. આવું છે, ભગવાન! શાંતિથી. અરેરે..! શું થાય? અનંત સંતોએ, તીર્થંકરોએ તો આ કહ્યું છે ભાઈ! આ કોઈ પક્ષની, વાડાની વાત નથી. આહાહા..! આ તો સત્યનું સ્વરૂપ આવું છે એને પ્રસિદ્ધ કર્યું છે. આહાહા..!

'**મહાવ્રતરૂપ દીક્ષા કૈસે હો? મહાવ્રત કહે હૈં વહ ઉપચારસે કહે હૈં,...**' એ ક્ષુલ્લિકા અને અર્જિકા થાય છે ને એક વસ્ત્ર રાખીને. એને મહાવ્રત કહેવાય ઉપચારથી. એક વસ્ત્ર રાખે. આ તો અત્યારે તો પોટલાના પોટલાના વસ્ત્ર મોટા. અને મુંબઈ રહેનારના તો એટલા વસ્ત્ર રાખે કે કપાટ ભરાય અંદરથી. ત્યાં ઓલા આપનારા બહુ હોય મુંબઈમાં. એક જણો કહેતો હતો પાંચસોની કામળી લાવજો કહે.

પાંચસોની પણ તમારે શું કામ? તો કહે, લાવજો તો ખરા તમતમારે. અરેરે..! શું કહે? એક કામળીનો કટકો વસ્ત્રનો રાખે તોપણ મુનિ ન હોય. પુરુષ હોય તોપણ. સ્ત્રીને તો આવા કપડા ને આ બધું પંચેન્દ્રિયની હિંસા અંદર થાય, મુનિપણું હોઈ શકે નહિ. સમ્યગ્દર્શન પામે તો એ શ્રાવિકા હોઈ શકે. સમ્યગ્દર્શન પામે તો. એ આત્માનું દર્શન, જ્ઞાનની પર્યાયે અંદર જઈને જ્ઞાતાને ધ્રુવને પકડે, સર્વજ્ઞસ્વભાવને પકડે. જ્ઞાનની દશા વર્તમાન પ્રગટ છે તે દ્વારા ધ્રુવ સર્વજ્ઞસ્વરૂપ જે ભગવાન આત્માનું સર્વજ્ઞસ્વરૂપ છે આત્માનું, એવા સર્વજ્ઞ ધ્રુવને પકડે એને સમ્યગ્દર્શન થાય. આહાહા..! એકલા દેવ-ગુરુ-શાસ્ત્રને માને તો એ કાંઈ સમ્યગ્દર્શ નથી. આહાહા..! બહુ વાતમાં ફેર. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો નહિ મળે અને એક ત્રાંબાના તેર.' એમ ભગવાન કહે છે કે મારે ને તારે વાતે વાતે ફેર છે, પ્રભુ! આહાહા..! કહો, ગીરધરભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સર્વજ્ઞ કહ્યા. રાતે ઘણી વાત નીકળી હતી પણ તમે નહોતા. ઘણી વાત નીકળી હતી. ટાણે ન હોય. કહો, સમજાણું કાંઈ? એ ક્યારે કેમ નીકળશે એ કાંઈ.. આહાહા..!

ભગવાન આત્મા તો સર્વજ્ઞ સ્વભાવ છે એનામાં. જો સર્વજ્ઞપણું ન હોય તો પર્યાયમાં-અવસ્થામાં સર્વજ્ઞપણું આવે ક્યાંથી? પરમેશ્વર કેવળી તીર્થંકર સર્વજ્ઞ થયા. સર્વ-જ્ઞ. ત્રણ કાળ ત્રણ લોકને જાણ્યા પરમેશ્વર અરિહંતદેવે. એ કેવળજ્ઞાનનું સર્વજ્ઞપણું થયું તો આવે ક્યાંથી? કાંઈ બહારથી આવે છે? આહાહા..! અંદર આત્માના અંતર સ્વભાવ, સ્વસત્ત્વ, સ્વશક્તિ, સ્વગુણ એનું સર્વજ્ઞ ગુણ જ છે, સર્વજ્ઞ સ્વભાવ જ છે, સર્વજ્ઞ શક્તિ જ છે, સર્વજ્ઞ ગુણ છે. એને અંદરમાં પકડતા. આહાહા..! વર્તમાન જ્ઞાનની દશા-પર્યાય જેને કહે ભગવાન, એ અંતરમાં સર્વજ્ઞ ગુણને પકડે, એકાગ્ર થાય ત્યારે તેને સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવે. આહાહા..! ત્યારે તો એને હજી સમ્યગ્દૃષ્ટિ કહેવાય. આહાહા..!

અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનો સમકિત. ચોપડી આદરો પછી. ચોપડી આદરે. નથી આદરતા બાર વ્રતની ચોપડી? લખેલું ખબર છે ને બધું. કેટલાય આવતા ચોપડીયું અમારે છે. ભાઈ ચોપડી રહેવા દે. આ આત્મા શું છે એને તો જો. હવે ચોપડામાં શું હતું તારા? બહારના વ્રત અમે લીધા છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ અમને સમકિત છે. અને વ્રત આદરો. લ્યો! બેય જૂઠેજૂઠું છે. આહાહા..! અનંત કાળના જન્મ-મરણના અંત અને મિથ્યાત્વનો નાશ એ કાંઈ સાધારણ વાત છે? ઓહોહો..! જેની દશામાં આખો આત્મા કબુલાત થાય. આહાહા..! એ નિર્ણય આવે અંદરથી. પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞ આદિ સ્વભાવથી એ જ્ઞાનને સર્વજ્ઞ કીધું. પણ દરેક ગુણ પૂર્ણ જ છે ને. સુખ પણ પૂર્ણ, શાંતિ પૂર્ણ, વીતરાગતા પૂર્ણ, સ્વચ્છતા પૂર્ણ, પ્રભુતા પૂર્ણ. કારણ કે વસ્તુ હોય એનો ગુણ અપૂર્ણ અને વિપરીત હોય નહિ. એ સર્વજ્ઞ ગુણ કહ્યો, પણ એ રીતે કેવળસુખ, કેવળ શાંતિ એ બધા પૂર્ણ છે અંદર. આહાહા..! એવો જે આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ. વીતરાગ સિવાય બીજાઓ આત્મા કહે છે

કલ્પિત, એ આત્મા નહિ. આહાહા..!

એવો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેની દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યો અને જેનો નિર્ણય અને વેદન શાંતિનું થયું... આહાહા..! એને તો હજી સમકિતી ચોથા ગુણસ્થાનવાળા કહે છે. આહાહા..! હજી એના ઠેકાણા ન મળે ને સાધુ થઈ ગયા અને શ્રાવક થઈ ગયા મોટા. એકડા વિનાના મીંડા ચડાવ્યા. આહાહા..! અહીં પરમાત્મા એ કહે છે, ભાઈ! આખું સંસારનું રખડવું, ચોર્યાસીના અવતાર. આહાહા..! દુઃખી, નરકમાં દુઃખી, પશુમાં દુઃખી. આહાહા..! નરકની એક ક્ષણની વેદના. .. નરકમાં અનંતવાર ગયો આ મિથ્યાત્વસહિત, એના વેદન. શરીરની એટલી ગંધ ત્યાં મારે શરીરની. એનો એક ટૂકડો લાવીને અહીં મૂકે તો આસપાસ અનેક ગાવના માણસ ગંધમાં મરી જાય. એવું શરીર ત્યાં નરકમાં. આહાહા..! એમાં જેણે ૩૩-૩૩ સાગર કાઢ્યા. એક ક્ષણ જાવી કઠણ એમાં ભાઈ તેં ૩૩ સાગર કાઢ્યા. ભાઈ! તને ખબર નથી. આહાહા..! તારા ગયા કાળના દુઃખો તે વેદ્યા અને જોનારાને આંખમાં આંસુ આવે એવા દુઃખ હતા. ભૂલી ગયો. બહાર આવ્યો એટલે થઈ રહ્યું. આહાહા..! એવા દુઃખોમાંથી છૂટવું હોય તો પ્રભુ આનંદનો સાગર પ્રભુ આત્મા અંદર બિરાજે છે. આહાહા..! કેમ આવે એને વિશ્વાસ. પર્યાયમાં ઊભો હોય એને દ્રવ્યનો વિશ્વાસ કેમ આવે? આહાહા..!

એ પર્યાય એટલે શું? દ્રવ્ય એટલે શું? જય ભગવાન. શું હશે? દ્રવ્ય એટલે પૈસા. ધૂળમાંય નહિ. હવે તારા પૈસાનું અહીં શું કામ છે? વસ્તુ જે છે ત્રિકાળી વસ્તુ એને દ્રવ્ય ભગવાન કહે છે. આહાહા..! એકલો આનંદ ને જ્ઞાન ને પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એક એક શક્તિ પૂર્ણ, એવી અનંત શક્તિનું એકરૂપ તે આત્મા છે. ઓહો..! એવા આત્માને અંતરમાં પકડે, પણ દેવ-ગુરુ-શાસ્ત્રની આવી શ્રદ્ધા જેને હોય એ અંદરમાં પકડી શકે, એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? વસ્ત્રસહિત મુનિપણા માને, કેવળીને આહાર માને, સ્ત્રીને મુક્તિ માને અને સ્ત્રી તીર્થંકર મલ્લિનાથ એવા તો મિથ્યાદૃષ્ટિ જીવને સમકિત થાય નહિ. આહાહા..! જેના દેવમાં આવી દશા એને અંદર પરિપૂર્ણમાં જવાનો અવસર જ ક્યાં છે એને? સમજાણું કાંઈ? ત્યાં તો ઓલા મોક્ષમાર્ગમાં લખ્યું છે. જેના દેવ ઈશ્વર ને આવા કર્તા એના ભગતને શું? એવું લખેલું છે કાંઈક. એટલે એની શ્રદ્ધા આવા જે હીનવાળા એને પરમાત્મા માને અને એની ભક્તિ કરે તો એની ભક્તિમાં શું હોય? આહાહા..! એ છે એક ઠેકાણે એવો શબ્દ. ભૂલી ગયો. એમ કે ઈશ્વર આવાને માનનારા હોય. પાંચમા અધ્યાયમાં. એની ભક્તિમાં શું હોય? એમ છે એ શબ્દ છે. યાદ આવતા આવી ગયું છે ક્યાંક. એવા દીનોને માનનારા, હલકી દશાને દેવ તરીકે માનનારા એની શ્રદ્ધામાં શું હોય? એ તો ભિખારી છે બિચારા. આહાહા..!

આ રીતે જેનો માર્ગ વીતરાગ, વીતરાગદેવ, નિર્ગ્રંથ મુનિ, નગ્નમુનિ. અને ભગવાનના કહેલા સિદ્ધાંત અનેકાંત ધર્મ એ જેને બેઠો હોય.. આહાહા..! એને અંતરમાં જવાનો અવકાશ એને છે. સમજાણું કાંઈ? એટલે કહે છે, આવા સ્ત્રીને દીક્ષા ન હોય. લ્યો! છે ને?

'**પરમાર્થ સે નહીં હૈ, સ્ત્રી અપને સામર્થ્યકી હદ કો પહુંચકર વ્રત ધારણ કરતી હૈ...** ' સમ્યગ્દર્શનસહિત '**ઈસ અપેક્ષાસે ઉપચારસે મહાવ્રત કહે હૈં.**' ઉપચાર એટલે આરોપથી કથન છે. એ વસ્તુ નથી. એને મહાવ્રત હોય નહિ. અર્જિકા થાય, એક વસ્ત્ર રાખે, સમકિતસહિત હોય તો એને મહાવ્રતનો ઉપચાર કહેવામાં આવે છે. છઠ્ઠું ગુણસ્થાન સ્ત્રીને હોય જ નહિ. જેનો દેહ સ્ત્રીનો એને છઠ્ઠું ગુણસ્થાન સાધુપણાનું ત્રણ કાળમાં હોય નહિ. એ બધી ઊંધી માન્યતાવાળાએ ઠરાવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ તો .. પગે લાગે છે. એ તો બધી વાત છે નાની મોટી. ..

'**આગે કહતે હૈં કિ યદિ સ્ત્રી ભી દર્શનસે શુદ્ધ હો તો પાપરહિત હૈ, ભલી હૈ :—**' જો સમ્યગ્દર્શન-આવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સહિત જેને આત્માનું દર્શન હોય, સમકિતી સ્ત્રી હોય તો તો એ પાપી નથી. પ્રવર્જ્યા ન હોય પણ પાપી નથી. આ મિથ્યાત્વનું પાપ જેણે છોડ્યું છે. આહાહા..! જેણે મહા મિથ્યાત્વપાપ અનંત સંસારનું મૂળ મિથ્યાદર્શન શલ્ય એ જેણે આત્માના અવલંબે છોડ્યું છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના લક્ષમાં રાખીને જેણે આત્માનો આશ્રય લઈને. આહાહા..! સ્ત્રીનો દેહ હો, ભલે વસ્ત્રસહિત હો. મુનિ ન હોય, પણ સમ્યગ્દર્શન હોઈ શકે છે. આહાહા..!

**जइ दंसणेण सुद्धा, उत्ता मग्गेण सावि संजुत्ता।**
**घोरं चरिय चरित्तं, इत्थीसु ण पव्वया भणिया।।२५।।**

'**અર્થ :- સ્ત્રીયોંમેં જો સ્ત્રી દર્શન અર્થાત્ યથાર્થ જિનમતકી શ્રદ્ધાસે શુદ્ધ હૈ...**' જિનમતની શ્રદ્ધા. સાચા મુનિ વસ્ત્ર વિનાના હોય, સ્ત્રીને મુનિપણું હોય નહિ અને આત્માને આશ્રયે જેને દર્શન થયું છે એ જૈનમતમાં છે. આહાહા..! '**સ્ત્રીયોંમેં જો સ્ત્રી દર્શન અર્થાત્ યથાર્થ જિનમતકી શ્રદ્ધાસે શુદ્ધ હૈ,...**' જિનમત એટલે આ જૈનદર્શન. કહ્યુંને એ આવી ગયું છે પહેલું. જેને અંતર ત્રણ કષાય અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનીનો નાશ કર્યો છે. અતીન્દ્રિય આનંદના જેને ઉભરા આવે છે અંદર. આહાહા..! દૂધનો ઉભરો તો પોલો હોય છે. પાંચ શેર દૂધ હોય એને ઉકળવા મૂકો તો પોલું ઉંચુ થાય. એ કાંઈ કસવાળું દૂધ ન થાય. ઝાઝું ડબલ થઈ ગયું માટે દસશેર થાય? આ તો પોલું નહિ, આ તો મજબુત આનંદ અંદરથી પ્રગટ થાય છે. આહાહા..!

ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે. ખબર ક્યાં છે એને? એ અતીન્દ્રિય આનંદમાંથી એકાગ્ર થતાં મુનિને તો ઉગ્ર આનંદ આવે છે. જેને આમ નદીમાં તણાઈ જાય, વાઘ ચાવી જાય તો દુઃખ નથી એવી દશા છે એની. આહાહા..! અંતરમાં સમ્યગ્દર્શનસહિત ચારિત્ર છે. આ તો સમ્યગ્દર્શનસહિત સ્ત્રી છે. એ '**શ્રદ્ધાસે શુદ્ધ હૈ વહ ભી માર્ગસે સંયુક્ત કહી ગઈ હૈ.** ' તો મોક્ષમાર્ગથી સહિત છે એ. પણ આવું. જૈનદર્શનની રીત છે એની શ્રદ્ધા અને આત્માની રીત છે સમ્યગ્દર્શન પામવું એ શ્રદ્ધા. આહાહા..! '**વહ ભી માર્ગસે સંયુક્ત કહી ગઈ હૈ.**'

**'જો ઘોર ચારિત્ર, તીવ્ર તપશ્ચરણાદિક આચરણસે પાપરહિત હોતી હૈ...'** સમ્યગ્દર્શનસહિત સીતાજી, રાજમતી વગેરે ઘોર પાપને છોડી અને ઘોર અંદર રાગના અભાવરૂપ તપસ્યા જેણે કરી અંદર. એકલા અપવાસ નહિ. આનંદના છોળમાં ઈચ્છાના નિરોધ થઈને જેણે અતીન્દ્રિય આનંદ પ્રગટ કર્યો છે. આહાહા..! **'આચરણસે પાપરહિત હોતી હૈ ઈસલિયે ઉસે પાપયુક્ત નહીં કહતે હૈં.'** સ્ત્રી પાપયુક્ત નથી. આહાહા..! ભગવાનની માતા તીર્થંકરની માતા મહા જ્ઞાની હોય છે, સમકિતી હોય છે. આહાહા..! મુનિપણું એને ન આવે, પણ સમ્યગ્દર્શન આવો માર્ગ છે એમ શ્રદ્ધીને અંતર આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ છે એ પાપી નથી. ભલે સ્ત્રી હોય. એને પ્રવર્જ્યા નથી. એ બીજો અર્થ એમ કર્યો છે. કે પ્રવર્જ્યા નથી પણ પાપ પણ નથી. નીચે કહ્યું. પ્રવર્જ્યા પ્રવર્જ્યા એમ પાઠ છે પાઠાંતર. આવે છે ત્યાં. પવ્વયા નથી તો પ્રવર્જ્યા નથી એમ પણ છે. આહાહા..!

મિથ્યાત્વનું મહાપાપ એ પાપ તો છૂટી ગયું કહે છે. અંતર દર્શનથી. અને વીતરાગ માર્ગ જેવો છે દેવ-ગુરુ-શાસ્ત્ર એવી શ્રદ્ધાસહિત જેણે આત્માની શ્રદ્ધા કરી છે. સ્ત્રી ભલે હો, મુનિપણું ભલે ન આવી શકે, પણ એ પાપી નથી. પ્રવર્જ્યા નથી તેમ પાપી પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સીતાજી થયા, રાજીમતિ એ બધા અર્જિકા હતા. પાંચમે ગુણસ્થાને હતા. મુનિ નહિ. સ્વર્ગમાં ગયા. મરુદેવી માતા, ઋષભદેવ ભગવાનની માતા મોક્ષ નથી ગયા એ. હાથીને હોદે મોક્ષ ગયા એ બધી વાતું ખોટી. એ તો આત્માના સમ્યગ્દર્શનસહિત સ્વર્ગમાં ગયા છે. સમજાણું કાંઈ? બહુ ફેરફાર કર્યો છે. અજાણ્યા માણસને તો એવું લાગે કે આ તે શું છે? બાપુ! માર્ગ આ છે ભાઈ! અનાદિનો તીર્થંકર કેવળી પરમાત્મા, આ તો તીર્થંકરનું જૈનશાસન છે. આ કાંઈ કોઈ કલ્પિત વાત નથી. વસ્તુનું સ્વરૂપ છે. એવું પરમેશ્વરે જૈનશાસનમાં કહ્યું. આહાહા..! સ્ત્રીને મુક્તિ નથી, સાધુપણું નથી, પણ એ પાપી છે એમ પણ નથી સમ્યગ્દર્શનસહિત હોય તો. એમ કહે છે. જુઓને. જેટલું છે એટલું માપે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'घोरं'** શબ્દ છે ને? **'चरिय चरित्तं'** એટલે આચરણ ઘણા આનંદનું ઉગ્ર આચરણ હોય છે. ઘોર તપસ્યાઓ, મહિના-મહિનાના અપવાસ આદિ. સીતાજીને બહુ હતી. એક વસ્ત્ર રાખે. તપસ્યાઓ ઘણી હોય. અંતરની હોં. આનંદ સહિતની દૃષ્ટિ સહિત. શુદ્ધ ઉપયોગને વધારવા માટે. એને પાપી કહેવામાં આવતા નથી. આહાહા..! ઘણો ફેર પણ આમાં હોં. સોળે સોળ આના જૈનશાસનથી વિરૂદ્ધ છે. એય..! મનસુખભાઈ! આહાહા..! તદ્દન વિરુદ્ધ છે. આ તો હવે આ બહાર ખુલ્લું આવેલું આ.

**'ભાવાર્થ :- સ્ત્રીયોંમેં જો સ્ત્રી સમ્યક્ત્વ સહિત હો...'** આહાહા..! સ્ત્રીનું શરીર હોય એને મુનિપણું તો ત્રણ કાળમાં સાધુપદ આવે જ નહિ, પણ એને સમકિત ન થાય એમ નથી. એટલે એવા વેશમાં સમકિત માને અને મુનિ થાય એને તો સમકિત થાય જ નહિ. એ તો ગૃહીત મિથ્યાત્વ છે. વસ્ત્રસહિત મુનિપણું માને, મનાવે એને તો સમકિત થાય જ નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પણ જેને મુનિપણું છે નહિ, મુનિપણું વસ્ત્રસહિતપણે માન્યું પણ નથી, બીજાને પણ વસ્ત્રસહિત

મુનિપણું માન્યું નથી. નગ્નપણું તે મુનિમાર્ગ છે એમ જેણે માન્યું છે એવાઓ જે આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થાય તો એને પાપી કહેવાય નહિ. ધર્મી છે. આહાહા..!

જુઓને માતા તીર્થંકરનો જન્મ થાય છે ઈન્દ્રો આવે. નમો રત્નકુખ ધારિણી. પહેલી તો એને હે માતા! આવા રત્નને કુખમાં રાખનારી જનેતા! તને પહેલો મારો નમસ્કાર. ઈન્દ્ર નમસ્કાર કરે છે. સમ્યગ્દષ્ટિસહિત છે. ઈન્દ્રો એકાવતારી છે. શક્રેન્દ્ર અને એની પત્ની સુધર્મદેવલોકમાં, પહેલું દેવલોક છે ને સુધર્મ? ૩૨ લાખ વિમાન છે. સમજાણું કાંઈ? ભાવાર્થ છે ઓલીકોર. '**સ્રીયોમેં જો સ્રી સમ્યક્ત્વ સહિત હો ઔર તપશ્ચરણ કરે...**' સમકિત સહિત તપસ્યા કરે '**તો પાપરહિત હોકર સ્વર્ગકો પ્રાપ્ત હો...**' સ્વર્ગમાં જાય. બારમાં દેવલોકમાં. ઓહોહો..! ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને પુરુષ થઈને કેવળ પામીને મોક્ષ જાય. ત્યાંથી નીકળી, રાજકુટુંબમાં, શેઠિયા કુટુંબમાં પુરુષ થઈ, મુનિ થઈ દિગંબર મોક્ષ જાય. સ્રીના શરીરથી ન જાય.

'**ઈસલિયે પ્રશંસા યોગ્ય હૈ...**' લ્યો! સમ્યગ્દર્શન તો પ્રશંસા યોગ્ય છે. ઈન્દ્રો આવીને નમસ્કાર કરે છે. '**પરંતુ સ્રીપર્યાયસે મોક્ષ નહીં હૈ.**' સ્રીનું શરીર હોય ને સાધુપદ આવે અને કેવળ થાય એ તો ત્રણકાળમાં નહિ. જૈનશાસનમાં એને નિષેધ કર્યો છે. વીતરાગના જ્ઞાનમાં એમ આવ્યું, એવું ભગવાને કહ્યું હતું. એમાંથી ફેરફાર કરીને આ બધા શાસ્રો નવા બનાવ્યા. આચારાંગ અને સુયગડાંગ અને દશ.. એ બધા કલ્પિત શાસ્રો. ભગવાનના કહેલા એ છે જ નહિ. ભગવાનના કહેલામાં તો આવું મુનિપણું માન્યું છે. એનો સ્રીને સમકિતસહિત હોય, મોક્ષ ભલે ન જાય ચારિત્ર નથી એટલે, પણ સ્વર્ગમાં જાય. ત્યાંથી એકાવતારી થઈને મોક્ષે જાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૦, સોમવાર, તા. ૧૯-૧૧-૧૯૭૩**
**ગાથા - ૨૬, ૨૭, ૧, ૨, ૩. પ્રવચન - ૪૫**

સૂત્રપાહુડ છે. ૨૬મી ગાથા. મુનિપણું વસ્રરહિત હોય છે એમ સિદ્ધ કર્યું. બીજું શ્રાવકનું, ઉત્કૃષ્ટ શ્રાવક એ લિંગ હોય... ત્રીજું સ્રીને લિંગ હોય છે સ્રીનું ત્યાગીનું, સમ્યગ્દર્શનસહિત. એને મોક્ષ હોતો નથી એમ અહીં સિદ્ધ કરે છે.

चित्तासोहि ण तेसिं, ढिल्लं भावं तहा सहावेण।
विज्जदि मासा तेसिं, इत्थीसु ण संकया झाणा।।२६।।

'**અર્થ :- ઉન સ્રિયોંકે ચિત્તકી શુદ્ધતા નહીં હૈ,...**' એ મોક્ષને અથવા સાધુપદ જોઈએ તેવી શુદ્ધતા એને હોતી નથી. એક વાત. '**વૈસે હી સ્વભાવહીસે ઉનકે ઢીલા ભાવ હૈ,...**' સ્વભાવ જ ઢીલો છે. '**શિથિલ પરિણામ હૈ ઔર ઉનકે માસા અર્થાત્ માસ-માસમેં રુધિરકા સ્રાવ...**' એ શંકા (આદિ) ત્રણ બોલ છે. '**ઉસસે સ્રિયોંકે ધ્યાન નહીં હૈ.**' '**ધ્યાન હોતા હૈ વહ ચિત્ત શુદ્ધ હો,...**' ત્રણ લીધું સવળે. '**ચિત્ત શુદ્ધ હો, દઢ પરિણામ હો, કિસી તરહકી શંકા ન હો...**' ત્રણ બોલ લીધા. ત્યારે ધ્યાન એકાગ્ર અંદર હોઈ શકે.

'**સ્રિયોંકે તીનોં હી કારણ નહીં હૈં તબ ધ્યાન કૈસે હો?**' મુનિપણું જ ન હોય તો પછી કેવળજ્ઞાનને પામવાનું એને હોય નહિ. '**ધ્યાનકે બિના કેવલજ્ઞાન કૈસે ઉત્પન્ન હો...** ' અંતર આનંદસ્વરૂપમાં એકાગ્રતા, શંકા વિના નિઃશંકપણે ધ્યાન ન હોય તો કેવળજ્ઞાન કેમ થાય? '**કેવલજ્ઞાનકે બિના મોક્ષ નહીં હૈ,...**' પૂર્ણ આનંદસ્વરૂપનું ધ્યાન પૂર્ણ એ વિના કેવળજ્ઞાન નહિ અને કેવળજ્ઞાન વિના મોક્ષ નહિ. '**શ્વેતાંબરાદિક મોક્ષ કહતે હૈં વહ મિથ્યા હૈ.** ' લ્યો! શ્વેતાંબર આદિ એટલે સ્થાનકવાસી એ શ્વેતાંબરમાં આવે છે. બીજાઓ પણ સ્રીને મોક્ષ ને સાધુપણું કહે છે એ મિથ્યા છે. એ જૂઠી શ્રદ્ધા અને જૂઠી માન્યતા છે.

હવે છેલ્લી ગાથા. '**આગે સૂત્રપાહુડકો સમાપ્ત કરતે હૈં, સામાન્યરૂપસે સુખકા કારણ કહતે હૈં :—**' કાંઈક ગ્રહવાની ના પાડી છે ને. અલ્પ (કે) બહુ ગ્રહણ ન કરે. .. તલતુષમાત્ર પણ ગ્રહણ ન કરે. અને ગ્રહણ કરે તો એ નિંદનીક. એમ આવ્યું હતું ને? ૧૮-૧૯. એનો ખુલાસો કરે છે કે કંઈક ગ્રહણ કરે ખરું પણ એને યોગ્ય હોય એ. તદ્દન જે ગ્રહણની ના પાડી હતી ૧૮ ને ૧૯માં કે કાંઈ ન ગ્રહે અને ગ્રહે તો નિંદનીક કહેવાય મુનિ. ત્યારે કહે, એને એ નહિ ગ્રહવાયોગ્ય, પણ કંઈક ગ્રહવાયોગ્ય છે. એ સૂત્રનો છેલ્લો સાર ગાથાનો સાર કહે છે.

गाहेण अप्पगाहा, समुद्दसलिले सचेलअत्थेण।
इच्छा जाहु णियत्ता, ताह णियत्ताइं सव्वदुक्खाइं।।२७।।

'**અર્થ :- જો મુનિ ગ્રાહ્ય અર્થાત્ ગ્રહણ કરને યોગ્ય...**' પહેલી ના પાડી હતી (કે) અલ્પ કાંઈ ન ગ્રહે. પણ આટલું ગ્રહે. આહાર, પાણી, ઔષધ એમાં આવે. '**ગ્રહણ કરને યોગ્ય વસ્તુ આહાર આદિકસે તો અલ્પગ્રાહ્ય હૈં,...**' અલ્પગ્રાહ્ય '**गाहेण अप्पगाहा**' ગ્રહવાયોગ્ય પણ અલ્પ ગ્રહે એમ કહે છે. આહાહા..! ૧૮-૧૯માં કહ્યું હતું ને કાંઈ ન ગ્રહે તલતુષમાત્ર. અને ૧૯માં તો એમ કહ્યું હતું. આવ્યું છે ને. '**अप्पं बहुयं च हवइ लिंगस्स। सो गरहिउ जिणवयणे,**' એનો અહીં ખુલાસો કર્યો છે. છેલ્લો સૂત્રમાં ભગવાનની આજ્ઞા અને ભગવાનના શાસ્ત્રોમાં મુનિને ગ્રહવાયોગ્ય એવા જે આહાર-પાણી એ અલ્પ ગ્રહે. એમ કહે છે.

'**જૈસે કોઈ પુરુષ...**' દાખલો આપે છે. '**બહુત જલસે ભરે હુએ સમુદ્રમેંસે...**' દરિયો ભર્યો

હોય પાણીનો સમુદ્ર. **'અપને વસ્ત્રકો ધોનેકે લિયે વસ્ત્ર ધોનેમાત્ર જલ ગ્રહણ કરતા હૈ,...'** થોડું પાણી લઈ લે. એમ સામગ્રી જગતમાં તો અનંત પડી છે બહાર. મુનિને યોગ્ય આહાર-પાણી આદિ થોડા ગ્રહણ કરે. આહાહા..! એમ કહે છે. આ વીતરાગના સિદ્ધાંત એને કાંઈ ગ્રહવાની ના પાડી, એને આવું ગ્રહવાયોગ્યમાં પણ અલ્પ ગ્રહે. પેટ ભરીને આહાર-પાણી નહિ. એમ કહે છે. શરીર નિર્વાહપૂરતું આહાર-પાણી ગ્રહે.

**'જિન મુનિયોંકે ઈચ્છા નિવૃત્ત હો ગઈ હૈ,...'** એ બીજા પદનું. ગ્રહવાનો એટલો આહારાદિ. બાકી તો બધી ઈચ્છા નિવૃત્ત થઈ ગઈ. આહાહા..! મુનિપદ કોને કહે વીતરાગપદ? આહાહા..! **'ઈચ્છા નિવૃત્ત હો ગઈ ઉનકે સબ દુઃખ નિવૃત્ત હો ગયે.'** ઈચ્છા ગઈ એને બધા દુઃખ નિવૃત્ત થઈ ગયું. 'ક્યા ઈચ્છત ખોવત સબૈ હૈ ઈચ્છા દુઃખ મૂલ.' આ એમ કહે છે કે એને યોગ્ય જે આહારાદિ હોય એ થોડું ગ્રહે. ગ્રહવાયોગ્ય થોડું ગ્રહે એમ કહે છે. બાકી તો બધી ઈચ્છા નિવૃત્ત થઈ ગઈ. મુનિને કોઈ ઈચ્છા એવી નથી. શિષ્યો કરવાની કે આબરૂ મેળવવાની, પુસ્તક છાપવા, એને બહાર પાડવા, ફલાણું એ બધી ઈચ્છા એને હોતી નથી. એક શરીરનો નિર્વાહપૂરતું આહાર-પાણી એ થોડું ગ્રહે ગ્રહવાયોગ્યને. બાકી ઈચ્છા નિવૃત્ત થઈ ગઈ એ દુઃખથી નિવૃત્ત થઈ ગયો. આહાહા..! ઈચ્છા દુઃખ છે. 'ક્યા ઈચ્છત ખોવત સબૈ હૈ ઈચ્છા દુઃખ મૂલ' ઈચ્છા દુઃખનું મૂલ છે. આહાહા..!

**'મુનિયોંકે ઈચ્છા નિવૃત્ત હો ગઈ ઉનકે સબ દુઃખ નિવૃત્ત હો ગયે.'** ઈચ્છા એ દુઃખ છે અને ઈચ્છાથી નિવૃત્ત થઈ ગયું. સ્વરૂપ આનંદમાં જેની મસ્તી છે. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં જે મસ્ત છે એ દુઃખથી નિવૃત્ત છે.

મુમુક્ષુ :- આવું મુનિપણું હોય.

ઉત્તર :- આવું મુનિપણું હોય.

ભાવાર્થ. સિદ્ધાંત વીતરાગના કહેલામાં આવું મુનિપણું હોય એમ કહે છે. સૂત્ર છે ને સૂત્રપાહુડ. અને આ સિવાય બીજા સૂત્રમાં કહ્યું એ સૂત્ર સિદ્ધાંત જ નથી. આહાહા..! એવી વાત છે આકરું ભારે. **'જગતમેં યહ પ્રસિદ્ધ હૈ કિ જિસકે સંતોષ હૈ વે સુખી હૈં,...'** સંતોષ સુખી એમ નથી કહેવાતું જગતમાં. સંતોષી સદા સુખી. મુનિને કહેવાય છે. જેને આત્માનો આનંદ છે, સંતોષ છે. એમ નથી આવતું કોઈ કામ ભારે (જવાબદારી) માથે નથી લેતા. પ્રવચનસારમાં આવે છે. કોઈ કામ હાથે તમારે લખવું પડશે. આટલું પાઠશાળાઓ માટે કાંઈક તમારે કહેવું પડશે. એ કોઈ ક્રિયા આધીન નથી. માથે કામ મુનિ લેતા જ નથી. આહાહા..! નિવૃત્ત... નિવૃત્ત... નિવૃત્ત... એ દુઃખથી નિવૃત્ત છે.

**'જિન મુનિયોંકે ઈચ્છા નિવૃત્ત હો ગઈ ઉનકે... '** **'ઉનકે સંસારકે વિષયસંબંધી ઈચ્છા કિંચિત્ માત્ર ભી નહીં હૈ,...'** એ તો છે જ નહિ. **'દેહસે ભી વિરક્ત હૈં...'** પોતાનું આનંદસ્વરૂપ જે ભિન્ન એમાં રક્ત છે. દેહથી વિરક્ત છે. આહાહા..! **'ઈસલિયે પરમ સંતોષી હૈ,...'** વિષયની

ઈચ્છામાત્ર નથી અને દેહથી વિરક્ત છે. એથી એ પરમ સંતોષી છે. આહાહા..! **'ઔર આહારાદિ કુછ ગ્રહણ યોગ્ય હૈં...'** આહાર-પાણી આદિ લેવા લાયક છે. **'गाहेण अप्पगाहा'** છે ને? ગ્રહવાયોગ્ય ..ગ્રહે એમ. એમાં પણ અલ્પ ગ્રહે એમ. **'ઉનમેંસે ભી અલ્પકો ગ્રહણ કરતે હૈં ઈસલિયે વે પરમ સંતોષી હૈં,...'** આ સિદ્ધાંતનો છેલ્લો સાર કહે છે. આહાહા..!

**'વે પરમ સુખી હૈં,...'** પરમ સંતોષી, પરમ સંતોષી, આનંદ... આનંદ... આનંદ... **'યહ જિનસૂત્રકે શ્રદ્ધાનકા ફલ હૈ,...'** વીતરાગ સિદ્ધાંત એમના કહેલા પ્રમાણે એ કરે એનું ફળ આ છે. સંતોષપણે ગ્રહવાયોગ્ય થોડું લઈ સંતોષે, એમ કહે છે. એ વીતરાગના સૂત્રમાં સિદ્ધાંતનું ફળ છે. **'અન્ય સૂત્રમેં યથાર્થ નિવૃત્તિકા પ્રરૂપણ નહીં હૈ,...'** અસ્તિ-નાસ્તિ કરી. આહા..! ભગવતીમાં કહ્યું ઓલું .. સાધુ વહોરવા જાય દસ કામળી લે. દસ પાત્ર લે, દસ ઓઘા લે. આહાર ક્યાં હોય છે? એ ભગવતીસૂત્ર બહુ માન્ય. .. પૂજા કરે ને? ભારે આકરું કામ. એ સૂત્ર જ નથી. એમાં વસ્ત્ર રાખવા અને પાત્ર રાખવાનું કહ્યું, પણ આટલા દસ-દસ પાત્રા. ભગવતીસૂત્રમાં. આહાહા..! એક પોતે રાખે અને નવ મુનિને આપે આચાર્યને. દસ લાડવા લઈ આવે. લાડવા સમજો છો? લડ્ડુ. એક રાખે, નવ આપે. .. .. આહાહા..! બહુ ફેરવી નાખ્યું. શ્વેતાંબરે ધર્મનું રૂપ કુરૂપ કરી નાખ્યું એની સામે આ વાત છે. કારણ કે એ નીકળી ગયેલાને. કુંદકુંદાચાર્યે આ બનાવ્યા તે વખતે શ્વેતાંબર નીકળી ગયેલા હતા ૧૦૦ વર્ષ પહેલા. એની સામે આ બધી વાત છે.

**'ઈસલિયે કલ્યાણકે સુખકો ચાહનેવાલેકો...'** કલ્યાણકે સુખ. આનંદનું કલ્યાણ એનું સુખસ્વરૂપ, એના **'ચાહનેવાલેકો જિનસૂત્રકા નિરંતર સેવન કરના યોગ્ય હૈ.'** આહાહા..! ભગવાને કહેલા સિદ્ધાંતની સેવા, એનું જ્ઞાન, શ્રદ્ધાન એ પરિચય કરવા જેવું છે. આહાહા..! **'ઐસે સૂત્રપાહુડકો પૂર્ણ કિયા.'** બે પાહુડ પૂરા થયા.

जिनवरकी ध्वनि मेघध्वनिसम मुखतैं गरजे,
गणधरके श्रुति भूमि वरषि अक्षर पद सरजै;
सकल तत्त्व परकास करै जगताप निवारे,
हेय अहेय विधान लोक नीके मन धारै।
विधि पुण्यपाप अरु लोककी मुनि श्रावक आचरण पुनि।
करि स्व-पर भेद निर्णय सकल, कर्म नाशि शिव लहत मुनि।।१।।

**'જિનવરકી ધ્વનિ...'** આ સૂત્ર છે એ જિનવરની ધ્વનિ છે એમ કહે છે. એમાંથી નીકળેલા છે. કલ્પિત નથી. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની ૐ ધ્વનિમાં. **'જિનવરકી ધ્વનિ મેઘધ્વનિસમ...'** વરસાદનો જેમ ધોધ પડે, મુશળધારા એમ ભગવાનની ધ્વનિમાં મુશળધારા વરસાદ આવ્યો. **'મેઘધ્વનિસમ મુખતૈં ગરજે,...'** મુખથી કહે. એમ ભાષા વ્યવહારથી. આખા શરીરમાંથી આવે છે.

ભાષા તો લોકો સમજેને એટલે એમ કહે છે. મુખથી આવે છે. આખા આત્મામાં ૐ એવું આખું ગર્જના મેઘધ્વનિની જેમ ગર્જના આવે છે. આહાહા..!

'**ગણધરકે શ્રુતિ ભૂમિ...**' ગણધરરૂપી ભૂમિમાં એ સાંભળવાનું મળ્યું છે. '**વરષિ...**' એ ગણધરરૂપી ભૂમિકામાં એ દિવ્યધ્વનિ વરસી, પડી. '**અક્ષર પદ સરજૈ;...**' એમાંથી અક્ષર અને પદ બનાવ્યા, રચ્યા. અક્ષર એટલે ક, ખ, ગ આદિ. પદ એટલે જોડાણ. અનંત અરિહંત. અરિહંત એ શબ્દ કહેવાય. સમજાણું? પદ પદ. પદને સર્જ્યા, અક્ષરને અને પદને સર્જ્યા ગણધરદેવે. તીર્થંકરદેવની દિવ્યધ્વનિ ગણધરરૂપી ભૂમિકામાં વરસી, ગણધરોએ અક્ષર ને પદને સર્જ્યા. આહાહા..! '**સકલ તત્ત્વ પરકાસ કરૈ...**' સકળ તત્ત્વનો પ્રકાશ કરે વાણી. '**જગતાપ નિવારૈ,...**' જગની આકુળતા ટાળે. વાણીમાં જગની આકુળતા ટાળવાની વાત આવે છે. નિરાકુળતા પદ આત્મ પામે અને આકુળતા ટાળે એ વીતરાગની વાણીમાં આવે છે.

'**હેય અહેય વિધાન લોક નીકૈ મન ધારૈ.**' છાંડવાયોગ્ય અને આદરવાયોગ્ય વિધાન એટલે વિધિ. '**લોક નીકૈ મન ધારૈ.**' બરાબર લોકમાં શું છે? છાંડવાયોગ્ય શું? આદરવાયોગ્ય શું? એને નીકે બરાબર ધારે. '**વિધિ પુણ્યપાપ અરુ લોકકી મુનિ...**' પુણ્ય-પાપના ભાવને જાણે. એ વિકાર છે, હેય છે. અને '**અરુ લોકકી મુનિ શ્રાવક આચરન...**' લૌકિક આચરણ, મુનિ આચરણ અને શ્રાવક આચરણ એને બરાબર જાણે. '**કરી સ્વ-પર ભેદ નિર્ણય,...**' અને સ્વ અને પરની જુદાઈનો નિર્ણય કરી. આહાહા..! '**સકલ, કર્મ નાશિ...**' એ નિર્ણય કરીને પછી ચારિત્ર થયું. '**સકલ, કર્મ નાશિ શિવ લહત મુનિ.**' શિવપદને મુનિ લહે. લ્યો આ મંગળિક કર્યું. '**શિવ લહત મુનિ.**'

वर्धमान जिनके वचन वरतैं पंचमकाल।
भव्य पाय शिवमग लहै नमूं तास गुणमाल।।२।।

'**વર્ધમાન જિનકે વચન વરતૈં પંચમકાલ...**' ત્રિલોકનાથ વીતરાગના વચનો મહાવીર પરમાત્માના વર્તે. પંચમકાલમાં એ વચનો વર્તે છે. આહાહા..! '**ભવ્ય પાય શિવમગ લહૈ...**' ભવ્ય જીવ એ વચનોને પામી અને '**શિવમગ લહૈ...**' શિવનો માર્ગ પામે. એ વાણીમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા આવી છે. આહાહા..! મોક્ષમાર્ગને પામે. '**નમૂં તાસ ગુણમાલ.**' તેના ગુણની માળાને ગુણની ધારાને નમું છું. નમસ્કાર કરું છું. આહાહા..!

'**ઈતિ પં. જયચંદ્ર છાવડા કૃત દેષભાષાવચનિકાકે હિન્દી અનુવાદ સહિત શ્રી કુંદકુંદસ્વામિ વિરચિત સૂત્રપાહુડ સમાપ્ત.**' લ્યો! બહુ સારા બે ચાલ્યા. ઓહોહો..! જૈનદર્શન એ દિગંબરદર્શન એ જૈનદર્શન. એ સિવાય શ્વેતાંબરને સ્થાનકવાસી જૈનદર્શન જ નથી. આહાહા..! આકરી વાતુ ભારે. એમના કહેલા સૂત્રો પણ કલ્પિત સૂત્ર છે. મોટો ભાગ એ અને એમાં રહેવું. રહે છે ક્યાં એમાં એ? એ તો પોતામાં છે. આહાહા..! જેટલા બધા સાધુ, સાધ્વી નામ ધરાવે સ્થાનકવાસી કે દેરાવાસી એ

બધાય ગૃહીત મિથ્યાદષ્ટિ છે. આવું છે. આમાં આવી ગયું છે બધું. સમકિતી તો નથી, મુનિ તો નથી, પણ અગૃહીત મિથ્યાદષ્ટિ એકલા પણ નથી. સાથે ગૃહીત છે ભેગું. આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા એમણે ધ્વનિ દ્વારા જે માર્ગ કહ્યો એ એણે આખો ફેરવી નાખ્યો. આખું રૂપ જ ફેરવી નાખ્યું. એ સૂત્રનો સાર કીધો છેલ્લે.

હવે ચારિત્ર પાહુડ. ઓલામાં ચારિત્ર પહેલું લીધું. પછી સૂત્ર લીધું. આ ટીકામાં. આ મોટું ટીકા. દર્શનપાહુડ પછી ચારિત્ર પછી સૂત્રપાહુડ બરાબર છે. પહેલા દર્શનપાહુડ પહેલું કહ્યું. દર્શન એટલે જૈનદર્શન. અને એમાં સમ્યગ્દર્શન મુખ્ય પાછું એમ. જૈનદર્શન એને કહીએ. ઓહોહો..! જ્યાં દર્શન-જ્ઞાન-ચારિત્રની મોક્ષમાર્ગની એકતા થાય અને અઠ્યાવીશ મૂળગુણ અને નગ્નપણું વર્તે તે જૈનદર્શન છે. આહા..! એ સિવાય બધાય અજૈન છે, જૈન નથી. કહો, શ્વેતાંબર તપગચ્છ. એય..! કાંતિભાઈ! હવે શું વાંધો છે? શરૂઆત.

મુમુક્ષુ :- ઇન્ડિયા-પાકિસ્તાન જેવો ભેદ છે.

ઉત્તર :- માર્ગ તો આવો છે ભાઈ! શાંતિથી સત્યનું શરણ લે તો માર્ગ આ છે. ઢુંઢીયા કે સ્થાનકવાસી શ્વેતાંબર તપગચ્છ બધાય મૂળમાંથી સડેલા ગૃહીત મિથ્યાદષ્ટિ છે. આ સનાતન જૈન દિગંબર દર્શન એ સનાતન સત્ય છે. એવી વાત છે. આહાહા..!

# ચારિત્રપાહુડ

હવે ચારિત્ર પાહુડ. બહુ સરસ વાત. ચારિત્ર પછી બોધપાહુડ. આહાહા..!

**वीतराग सर्वज्ञ जिन बंदूं मन वच काय।**
**चारित धर्म बखानियो सांचो मोक्ष उपाय।।१।।**

જયચંદ્ર પંડિત કરે છે.

**कुन्दकुन्दमुनिराजकृत चारितपाहुड़ ग्रन्थ।**
**प्राकृत गाथाबंधकी करूं वचनिका पंथ।।२।।**

**'વીતરાગ સર્વજ્ઞ જિન બંદૂં...'** જેને રાગનો નાશ થઈને વીતરાગતા થઈ છે, જેને અલ્પજ્ઞતાનો નાશ થઈને સર્વજ્ઞ થયા છે. આહાહા..! એવા વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્મા એને હું વંદું છું. **'મન વચન કાય.'** મનથી, વચનથી અને કાયાથી-ત્રણથી એવા વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવ એને વંદન કરીને **'ચારિત ધર્મ બખાનિયો...'** કુંદકુંદાચાર્યે ચારિત્ર ધર્મને વખાણ્યો છે. **'સાંચો મોક્ષ ઉપાય.'** એ સાચો મોક્ષનો ઉપાય છે. ચારિત્ર એ મોક્ષનો ઉપાય છે. કારણ કે દર્શન-જ્ઞાન સાથે ચારિત્ર હોય જ

તે. '**સાચો મોક્ષ ઉપાય.**' ભગવાને દિવ્યધ્વનિમાં કહ્યું એ કુંદકુંદાચાર્યે ચારિત્રને વખાણ્યું. એને કહ્યું ને ત્યાં. ચારિત ખલ્લુ ધમ્મો. એ ખલ્લુ ધમ્મો અને આ છેલ્લા ચરણાનુયોગમાં આ મુનિમાર્ગના પ્રણેતા અમે ઊભા. આ અમે જાણ્યું છે મુનિપણું કેવું હોય, અનુભવ્યું છે. અનુભવમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર. એમાં વિકલ્પ કેવો હોય એના જાણનાર માર્ગના પ્રણેતા અમે આ ઊભા. આહાહા..! ચરણાનુયોગમાં આવે છે. પ્રવચનસાર છેલ્લે. '**કુંદકુંદમુનિરાજકૃત...**' આ ચારિત્રપાહુડ કુંદકુંદાચાર્ય મુનિરાજથી કરેલું છે. મુનિરાજ એટલે આચાર્ય. '**ચારિત્રપાહુડ ગ્રંથ.**' ચારિત્ર પ્રાભૃત, ચારિત્રનો સાર. '**પ્રાકૃત ગાથા બંધકી...**' એની વચનિકા. દેશભાષામય વચનિકા.

'**ઈસપ્રકાર મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરકે અબ ચારિત્રપાહુડ પ્રાકૃત ગાથાબદ્ધકી...**' આ પ્રાકૃત ગાથા લીધી આ. '**દેશભાષામય...**' ચાલતી ભાષામાં '**વચનિકા કા હિન્દી અનુવાદ લિખા જાતા હૈ.**' હિન્દી એનો અનુવાદ કર્યો છે. '**શ્રી કુંદકુંદાચાર્ય પ્રથમ હી મંગલકે લિયે ઈષ્ટદેવકો નમસ્કાર કરકે ચારિત્રપાહુડકો કહનેકી પ્રતિજ્ઞા કરતે હૈં :—** '

'**सव्वण्हु** ' શબ્દ ઉપાડ્યો પહેલેથી. આહાહા..! ધર્મના મૂળ તો સર્વજ્ઞ છે ને. ધર્મ ચારિત્ર અને એના મૂળ કહેનારા તો સર્વજ્ઞ છે. સર્વજ્ઞ સિવાય આવું પદ (પોતાની) મેળે કલ્પિત કરીને કહ્યું એ કાંઈ ચારિત્રનું સ્વરૂપ નથી. આહાહા..!

सव्वण्हु सव्वदंसी णिम्मोहा वीयराय परमेट्ठी।
वंदित्तु तिजगवंदा अरहंता भव्वजीवेहिं।।१।।
णाणं दंसण सम्मं चारित्तं सोहिकारणं तेसिं।
मोक्खाराहणहेउं चारित्तं पाहुडं वोच्छे।।२।। युग्मम्।

કહીશ એમ કહે છે. મોક્ષના આરાધનને માટે એમ કહ્યું ને? પૂર્ણાનંદની પ્રાપ્તિના સેવન માટે ચારિત્રને હું કહીશ.

'**અર્થ :- આચાર્ય કહતે હૈં કિ મૈં અરહંત પરમેષ્ઠીકો નમસ્કાર કરકે...**' '**અરહંત પરમેષ્ઠીકો નમસ્કાર કરકે ચારિત્રપાહુડકો કહૂંગા. અરહંત પરમેષ્ઠી કૈસે હૈં?**' હવે એના વિશેષણ. '**અરહંત એસે પ્રાકૃત અક્ષરકી અપેક્ષા તો ઐસા અર્થ હૈ— અકાર આદિ અક્ષરસે તો અરિ અર્થાત્ મોહકર્મ, રકાર આદિ અક્ષરકી અપેક્ષા રજ અર્થાત્ જ્ઞાનાવરણ દર્શનાવરણ કર્મ, ઉસ હી રકારસે રહસ્ય અર્થાત્ અંતરાય કર્મ—ઈસપ્રકાર ચાર ઘાતિયા કર્મોંકો હનના-ઘાતના...** ' લ્યો એટલું કાઢ્યું એમાંથી. અરિમાંથી. અરિમાંથી આટલું કાઢ્યું. આહાહા..! અરિ એટલે મોહકર્મ. એમાંથી 'ર' એ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય રજ. એમાંથી રહસ્ય. 'ર'માંથી કાઢ્યું રહસ્ય. આવે છે ને ઘણે ઠેકાણે આવે છે.

'**અંતરાય કર્મ—ઈસપ્રકાર ચાર ઘાતિયા કર્મોંકો હનના-ઘાતના જિનકે હુઆ...** ' જેને એ

ચાર કર્મનો ઘાત કર્યો જેણે. '**વે અરહંત હૈ.**' લ્યો! આ અર્હંતની વ્યાખ્યા કરી. અર્હંત છે ને અર-હંત. અરહંત-હણ્યા. અ એટલે અરિ, મોહકર્મ, ૨ એટલે ૨જ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય. ૨માંથી કાઢ્યું રહસ્ય અંતરાય. એ ચારને હણ્યા એને અરિહંત હેવામાં આવે છે. '**સંસ્કૃતકી અપેક્ષા અર્હ ઐસા પૂજા અર્થમેં ધાતુ હૈ...**' અર્હ-પૂજવા લાયક. '**વહ ભવ્ય જીવોંસે પૂજ્ય હૈ.**' અરિહંત એ ભવ્યજીવને પૂજ્ય છે. આહાહા..!

'**પરમેષ્ઠી કહનેસે પરમ ઈષ્ટ અર્થાત્ ઉત્કૃષ્ટ પૂજ્ય હો ઉસે પરમેષ્ઠી કહતે હૈં...**' પરમ ઈષ્ટ. ઉત્કૃષ્ટ પૂજવાલાયક હોય તે અરિહંત ભગવાન છે. લ્યો આ પરદ્રવ્ય છે અને ઉત્કૃષ્ટ પૂજવાયોગ્ય છે.

મુમુક્ષુ :- ઉપદેશક કેવા હોય?

ઉત્તર :- કેવા હોય. પૂજવા યોગ્ય જો હોય તો ઉત્કૃષ્ટ એ છે એમ. નિશ્ચય પૂજ્ય તો પોતે છે આત્મા. પણ વ્યવહારે પંચ પરમેષ્ઠી લેવા છે ને? એમાં ઉત્કૃષ્ટ પૂજ્ય એ અરિહંત ભગવાન છે.

'**પરમેષ્ઠી કહનેસે પરમ ઈષ્ટ અર્થાત્ ઉત્કૃષ્ટ પૂજ્ય હો ઉસે પરમેષ્ઠી કહતે હૈં અથવા પરમ જો ઉત્કૃષ્ટ પદમેં તિષ્ઠે...**' બીજો અર્થ કર્યો. '**પરમ જો ઉત્કૃષ્ટ પદમેં તિષ્ઠે વહ પરમેષ્ઠી હૈ.**' પૂજવા લાયક માટે પરમેષ્ઠી અને ઉત્તમ પદમાં તિષ્ઠ છે માટે પરમેષ્ઠી. બે અર્થ કર્યા. '**ઈસપ્રકાર ઈન્દ્રાદિકસે પૂજ્ય અર્હંત પરમેષ્ઠી હૈં.**' ઈન્દ્રોથી પણ પૂજ્ય, ગણધરોથી પૂજ્ય, સાધુથી પૂજ્ય, મહા ઉત્તમ લોકના અગ્રેસરોથી પણ જે પૂજ્ય એ અર્હંત પરમેષ્ઠી છે. આવા અર્હંત પરમેષ્ઠી જેને સંપ્રદાયમાં મળ્યા જૈનમાં એ મારા જ્યાં ત્યાં ફાફાં મારે છે. રજનીશમાં મારે ફાંફા અને ઓલા સાંઈબાબા. ઓહોહો..!

મુમુક્ષુ :- મુંબઈ તો ..

ઉત્તર :- .. આવા પરમેષ્ઠી જેને નમો અરિહંતાણં. આહાહા..! એવા પરમેષ્ઠી એના નામમાં વાડામાં તો જન્મ્યાને? એને આવા ભગવાનને મૂકીને બીજે જ્યાં ત્યાં... એ વળી હમણાં પુનર્જન્મની વાત થઈ હતી રજનીશ. સાંભળ્યું છે? પુનર્જન્મ.

મુમુક્ષુ :- પોતાના?

ઉત્તર :- પોતાના. .. આપણે અહીંયા નહિ. ત્યાં સાંભળ્યું હતું. .. આવ્યું હતું બધું લખાણ મોટું. પુનર્જન્મ. વચમાં સાતસો વર્ષ અદ્ધર શરીર વિના રહ્યો. આ પહેલા સાતસો વર્ષ ... લખાણ આવ્યું છે. અને તે વખતના જે જે જન્મ્યા જીવો બીજા એ ઉપરથી સાતસો વર્ષનું માપ નીકળે છે મારે. અદ્ધર રહ્યો શરીર વિના. પૂર્વે બૌદ્ધ ભગવાન, બૌદ્ધ પણ પૂર્વે બે હજાર વર્ષ પહેલાં આમ હતા. બે હજાર એ કરશે. બોદ્ધ ૭૮ વર્ષ પહેલાં ફલાણા હતા. કૃષ્ણ બે હજાર વર્ષ પહેલા ફલાણા હતા. અને મહાવીર ભગવાન એને દિવ્યધ્વનિ.. એ ત્રણેના વર્ષ કીધા છે. આટલા વર્ષ પહેલાં એ આ ભવ એનો હતો. કહો હવે એ ત્રણેને.. આ તમારા વાત ચાલે છે આ રજનીશ. બહુ કાઢ્યું છે પૂનર્જન્મની વાતું. એ જાંબુડી વાંચ્યું હતું, આવ્યું હતું. આહાહા..!

મુમુક્ષુ :- .. ભવ બતાવે..

ઉત્તર :- હા એ એનો ભવ બતાવે છે. કહે છે એ. એમાં સાતસો વર્ષ શરીર વિના રહે એ ગપ્પ છે ને બધું. સાતસો વર્ષ શરીર વિના રહી શકે? ભગવાન મહાવીર મોક્ષ...

મુમુક્ષુ :- અપર્યાપ્તમાં શરીર વગર ન રહી શકે?

ઉત્તર :- ત્યાં પણ શરીર તો છે ને અપર્યાપ્તમાં પણ. સાતસો વર્ષ ક્યાંથી રહે? ગપ્પ મારીને કલ્પના ઊભી કરી. મોટું લખાણ છે મોટું. આવા પ્રસિદ્ધ પુરુષ પોતે જાતે પોતાની વાત કરે છે જાતિસ્મરણની. ધર્મનું મોટું લખાણ હતું હોં. મેં કીધું અહીં વંચાણું છે. ...માં. ભગવાનની વાત કરી છે, બૌદ્ધની કરી છે અને કૃષ્ણની. એ બધા પૂર્ણપુરુષ થઈને આવેલા હતા. એ પૂર્ણ થઈને આવ્યા છે એમ. એમ નહિ આવ્યું? હું પણ લગભગ પૂર્ણ થઈને જ મારો અવતાર છે આ. લગભગ એ શબ્દ. અને છેલ્લે મારે આમ હતું. એમ લખ્યું. એમાં ત્રણ દિવસ પહેલા કોઈએ ખૂન કર્યું એટલે એ ત્રણ દિવસના સંસ્કાર અહીં જન્મ્યા પછી મારી માતા કહેતા કે ત્રણ દિવસ સુધી બોલ્યા નથી, ત્રણ દિવસ સુધી દૂધ પીધું નથી. ત્યાં ઓલા ત્રણ દિવસ બાકી રહી ગયેલા ને? એનું અહીં પૂરું કર્યું.

મુમુક્ષુ :- એક દિવસ વાંચન ત્યાં કર્યું છે...

ઉત્તર :- એમાં ત્રણ દિ' બાકી રહ્યા ને મારી નાખ્યા. એ વાંચ્યું છે તમે? અહીં ક્યાંથી આવ્યું? એ છેલ્લી ક્ષણમાં મારી નાખ્યા. પણ એ તો સારું કર્યું છે. વિરોધી નહોતા એમ લખ્યું છે. એ વિરોધી નહોતો માનનાર. એમ લખ્યું છે. એ ત્રણ દિ', અહીંયા જન્મ્યા પછી ત્રણ દિ' દૂધ પીધું નહિ, પછી ત્રણ દિ' રોયો નહિ. મારા માતા કહે. એ ત્રણ દિ' ત્યાં પૂરા કર્યા કહે. બધું એવું લાંબુ લાંબુ છે. વાંચ્યું નથી? કોણ જાણે .. આવ્યું હતું.. જંબુદ્વીપ.

મુમુક્ષુ :- આમ જ જગત ચાલે છે.

ઉત્તર :- આમ જ ચાલે છે. ત્રણ લોકના નાથ અરિહંત તેને પૂર્ણ જ્ઞાનમાં વાણીનો ધ્વનિ ઊઠે. આહાહા..! એવા પ્રભુનો ખોળો મૂકીને બીજાને ખોળે જાય (એ) માતા મૂકીને કૂતરીને ધાવે છે. બહુ ઘણું ઘણું બધું પણ ઠેકાણા વિનાનું. ભગવાન ક્યાં, કૃષ્ણ ક્યાં અને બૌદ્ધ ક્યાં? બધાને પરિચયમાં આવી ગયા ત્યારે કહ્યું ને. વચલા ભવનું મને ખ્યાલ છે. બીજા ભવનું. એટલે સાતસો વર્ષનું હું અનુમાન કરું છું.

મુમુક્ષુ :- સાતો વર્ષ વગર શરીરે..

ઉત્તર :- વગર શરીરે રહ્યા અદ્ધર. એ બધું ઘણું લાંબુ હતું. હિન્દી. આહાહા..! ઘણું જાતિસ્મરણ એને. આહાહા..! ઓલા અન્યમતિ કહે છે ને થોડા મર્યા પછી અહીંયા નેવે રહે અમુક સુધી પાંચ મહિના.

મુમુક્ષુ :- ગપ્પા મારવા પછી થોડા શું મારવા?

ઉત્તર :- ના એવી કલ્પના થઈ.

મુમુક્ષુ :- કલ્પનામાં એવું આવે.

ઉત્તર :- બસ બસ એ કલ્પના. આમ સીધું કહે નહિ. એની કલ્પનામાં એ ભ્રમણા થઈ ગઈ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે આવે. વાત થઈ ગઈ ને. .. આમ છે ને આમ છે. એવા સ્વપ્ના આવે, એવી કલ્પનાઓ આવે. ગપે ગપ બધું. આહાહા..!

અહીં કહે છે કે '**ઈસપ્રકાર ઈન્દ્રાદિકસે પૂજ્ય અરહંત પરમેષ્ઠી હૈં.**' આહાહા..! ગણધરો અને ઈન્દ્રો આદિથી પણ પૂજ્ય તો અરિહંત પરમાત્મા છે. આહાહા..! મહાવીરની આજ્ઞા. વળી એ મહાવીરની આજ્ઞા.. એ કહે છે. દસ લક્ષણપૂર્વમાં એ કર્યું છે. મહાવીરની વાણી. એ તો ગીતાની વાણી એ બધું કરે ખીચડો. ગજબ વાત કરે છે. કાળ એવો કોઈ. માણસનો બિચારાને મગજ સાધારણ. ધર્મ એની પર્યાયમાં ડહોળાઈ ગયો બધો. વસ્તુ સિદ્ધ ત્રિકાળ છે. નિત્યાનંદ પ્રભુ એની પર્યાયોમાં પરિણમનના પ્રકાર છે. એ ભગવાન અરિહંતદેવ બધું ત્રણ કાળ ત્રણ લોક જોઈને... આવો માર્ગ છે.

'**સર્વજ્ઞ હૈં, સબ લોકાલોકસ્વરૂપ ચરાચર પદાર્થોંકો પ્રત્યક્ષ જાને...** ' અરિહંતની વ્યાખ્યા કરી અને સર્વજ્ઞ.. સર્વજ્ઞ છે એ. આહાહા..! '**સબ લોકાલોકસ્વરૂપ ચરાચર પદાર્થોંકો...**' લોક-અલોક ક્ષેત્ર, ચરારચર-ગતિ અને સ્થિત એવા પદાર્થને પ્રત્યક્ષ જાણે. '**વહ સર્વજ્ઞ હૈ.**' પ્રત્યક્ષ જાણે એ સર્વજ્ઞ છે. લ્યો! રતનસુરી કહે છે ને કે વર્તમાન પર્યાયને જાણે. ભૂત ભવિષ્યની શક્તિ છે એમ જાણે. અરે..! ચીજ વાત આમ પ્રત્યક્ષ આમ ત્રણ કાળની પર્યાયો આમ પ્રગટ પરિણમી છે, એમ જ્ઞાન જાણે છે. જ્ઞાન કોન કહે. એ છે એ તો પરોક્ષ થઈ ગયું. ત્રણે કાળના ત્રણ લોકના એની પ્રગટ અવસ્થા વર્તમાન અને ભૂતમાં પ્રગટ થઈ ગયેલી, ભવિષ્યમાં પ્રગટ થશે એવી પ્રગટ દેખે છે. થશે પ્રગટ એમ નહિ. એનો અંત નથી એ પણ આમ પ્રગટ દેખે છે. છેલ્લો તો છે જ નહિ અહીં. આહાહા..! વસ્તુની એવી સ્થિતિ છે. હવે આ જૈનમાં રહેલા આવા ગોટા વાળે કોક. દિગંબર છે. મખનલાલજીએ જવાબ દીધો. બીજા ઠેકાણા ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને ઓલો પંચાધ્યાયનો અભ્યાસ એટલે આવી ગયું. સ્વરૂપાચરણ ચોથે છે. એ જ્ઞાનચેતના ચોથે છે. ત્રણ કાળ ત્રણ લોકને પ્રત્યક્ષ ભગવાન જાણે છે એ બધી વાત આવી છે. પુસ્તક છે ને. આવ્યું છે. આગમ પ્રકાશમાં. આગમ માર્ગ પ્રકાશ, બાકી ગોટે ગોટા ઊંધા. આહાહા..! '**સર્વજ્ઞ હૈં, સબ લોકાલોકસ્વરૂપ...**' સબ લોકાલોક. એથી અનંતગણું હોય તોપણ જાણે. એ છે. એમાં છે. આટલું છે પણ અનંતગણું હોય તોપણ જ્ઞાન જાણે. પરમાત્મપ્રકાશમાં છે. રતનચંદજી ના પાડે છે. છે ને. વીરડીનો. ઓલો કહે નહિ. લોકાલોકથી નથી વધારે, માટે નિમિત્ત નથી માટે જાણતો નથી. ત્યાં તો

વજન નિમિત્તમાં આવ્યું. ક્યાં કાઢ્યું! જાણવાની શક્તિ છે. જાણનાર છે ને જાણનાર ભાઈ! એ પર્યાયનો સ્વકાળ .. છે. એથી અનંતગણું જાણે તો તોપણ જાણવાના સ્વભાવમાં હદ શી? આહાહા..! મર્યાદા શી? એવું એ સ્વરૂપ છે. સર્વજ્ઞ જાણવા અને માનવા બાપુ અલૌકિક વાત છે. એ કાંઈ સાધારણ વાત નથી. આહાહા..! અંતરમાં માનવા હોં! એ પર્યાયનું આવડું સામર્થ્ય છે એ જેમાંથી આવે એવા દ્રવ્યના સ્વભાવને માને ત્યારે એ પર્યાયને માન્યું કહેવાય. એક સમયની પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે એ શક્તિમાંથી વ્યક્તતા આવી છે. એ શક્તિની પ્રતીત કરે ત્યારે એને વ્યક્તિની પ્રતીત થાય છે. આહાહા..!

સર્વ લોકાલોકને ચરાચરને પ્રત્યક્ષ જાણે એ સર્વજ્ઞ. પહેલા બોલની વ્યાખ્યા થઈ સર્વદર્શી. '**સબ પદાર્થોંકો દેખનેવાલા હૈં.**' સામાન્ય ભેદ પાડ્યો એને. એ સર્વદર્શી. પહેલું સર્વજ્ઞ લીધું પછી સર્વદર્શી લીધું. શક્તિમાં પહેલું સર્વદર્શી લીધું. ભાઈ! ૪૭ શક્તિ. પહેલી સર્વદર્શી લીધી પછી સર્વજ્ઞ. સર્વદર્શી પછી જાણીને કહ્યું ચારિત્ર એમ લેવું છે ને? એટલે સર્વદર્શી પહેલી લીધી. સામાન્ય વિશેષ શક્તિ. આહાહા..! '**સબ પદાર્થોંકો દેખનેવાલે હૈં.**' ભગવાન. અહીં કાંઈ નથી. લગભગ પૂર્ણ થઈને જ હું અવતર્યો છું. એમ કહે. બીજા બધા પુરુષો પૂર્ણ થઈને ઉતર્યા છે. કૃષ્ણ, બૌદ્ધ અને મહાવીર. લ્યો ઠીક! અને અહીં આવ્યું... અહીં લાવ્યા છે.

'**નિર્મોહ હૈં, મોહનીય નામકે કર્મકી પ્રધાન પ્રકૃતિ મિથ્યાત્વ હૈ...** ' આહાહા..! જોયું! નિર્મોહમાંથી. '**મોહનીય નામકે કર્મકી પ્રધાન પ્રકૃતિ મિથ્યાત્વ હૈ...**' એ નિર્મોહ-મિથ્યાત્વરહિત એમ થયું. આહાહા..! નિર્મોહ છે ભગવાન. મિથ્યાત્વના ભાવથી રહિત છે. '**વીતરાગ હૈં, જિનકે વિશેષરૂપસે રાગ દૂર હો ગયા હો...**' વિશેષરૂપથી. પૂર્ણ વીતરાગ, વીત-રાગ. રાગથી રહિત થઈ ગયા છે. વીતરાગ. વિશેષરૂપથી રાગ..વીત એટલે રહિત. વીત એટલે વિશેષે રહિત. અહીંયા વિત્તને પૈસો કહે છે. પૈસાના રાગી વીતરાગ કહેવાય બધા. અહીં સાધુ .. બધા વીતરાગ છો તમે. એલા પણ અમે વીતરાગ? બાપુ! વિત્ત નામ પૈસાના રાગી છો એ વીતરાગ તમે છો. વિત્ત એટલે પૈસો થાય છે. વીતરાગ છે બધા. વિત્ત નામ પૈસાના રાગી અને એક વીતરાગ રાગથી રહિત. આહાહા..!

અહીં તો વીતરાગ વિશેષરૂપથી રાગ દૂર થઈ ગયો. '**ઉનકે ચારિત્ર મોહનીય કર્મકે ઉદયસે (-ઉદયવશ) હો ઐસા રાગદ્વેષ ભી નહીં હૈ.**' એમ. નિર્મોહ કીધું ને પહેલું? મિથ્યાત્વરહિત એ તો વીતરાગ કીધા એમ. એ તો ચારિત્રમોહથી રહિત એમ. બે અર્થ કર્યા. '**णिम्मोहा**'માં મિથ્યાત્વ રહિત, વીતરાગમાં ચારિત્રદોષરહિત. '**ચારિત્ર મોહનીય કર્મકે ઉદયસે હો ઐસા રાગદ્વેષ ભી નહીં હૈ.**' પરમેષ્ઠી. એ પરમેષ્ઠી પહેલો અર્થ આવી ગયો. પરમ પરમેષ્ઠી.

'**ત્રિજગદ્વંદ્ય હૈં,...**' એ પરમેષ્ઠી છે ને પરમેષ્ઠી? એ પહેલું આવી ગયું. પરમેષ્ઠી-પરમ ઈષ્ટ, પરમ પૂજ્ય. પરમ પદમાં રહેલા અથવા પરમપૂજ્ય એ પહેલો અર્થ લઈ લીધો. પરમેષ્ઠી પછી આ પરમેષ્ઠી

આવા એમ. '**કર્મકે ઉદયસે હો ઐસા રાગદ્વેષ ભી નહીં હૈ. ત્રિજગદ્વંદ્ય હૈં, તીન જગતકે પ્રાણી તથા ઉનકે સ્વામી...**' ત્રિજગદ્વંદ્ય '**તીન જગતકે પ્રાણી તથા ઉનકે સ્વામી ઈન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તિયોંસે વંદને યોગ્ય હૈં.**' આહાહા..! ઈન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તીથી પણ એ પૂજ્ય છે એમ કહે છે. સામાન્ય જીવથી તો પૂજ્ય છે, પણ અગ્ર જે છે મુખ્ય ઈન્દ્રો, ગણધરો, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ. જેને જગત મોટા કહે એ બધા મોટાને પણ એ પૂજ્ય પરમાત્મા કહે.

'**ઈસપ્રકારસે અરહંત પદકો વિશેષ્ય કરકે...**' જોયું! ઈસપ્રકાર ઓલું પરમેષ્ઠી હતું ને. એને '**વિશેષ્ય કરકે અન્ય પદોંકો વિશેષણ કરને પર...**' એમ અરિહંત પદ વિશેષ અને બધા એના વિશેષણો. '**સર્વજ્ઞ પદકો વિશેષ્ય કરકે અન્ય પદોંકો વિશેષણ કરને પર ઈસપ્રકાર ભી અર્થ હોતા હૈ,...**' સર્વજ્ઞપદનું વિશેષયા અને બીજા એના વિશેષણ એમ પણ થાય. સમજાણું કાંઈ? અરહંતપદનું વિશેષ્ય બીજા પદ વિશેષણ એમ પણ થાય. વિશેષ્ય વિશેષણ સમજાણું? સર્વજ્ઞ જ્યારે કહીએ ત્યારે વિશેષ્ય એટલે કહેવું છે આ એમ. અને પછી એના વિશેષણો આ. પરમેષ્ઠી ... અને સર્વજ્ઞ કહીએ. તો સર્વજ્ઞ એ મુખ્ય ચીજ અને એના બધા વિશેષણો આ. સર્વદર્શી નિર્મોહ વીતરાગ વગેરે. એમ પણ એનો અર્થ થાય છે. સમજાણું કાંઈ? આવું બધું છે. વિશેષ્ય અને વિશેષણ આવે છે ઓલામાં. નિશાળમાં નથી આવતું? વ્યાકરણમાં આવે છે. શું?

'**પરંતુ વહાં અર્હંત ભવ્ય જીવોંસે પૂજ્ય હૈં...**' વધારે આ લેવા. અર્હંત. ત્રિજગ વંદિત છે. '**અર્હંત ભવ્ય જીવોંસે પૂજ્ય હૈં...**' ભવ્ય જીવને પૂજ્ય છે, અભવિને નહિ. એની મહિમા જેને જાગી છે એવા જીવોથી મહિમાવંત પ્રભુ પૂજ્ય છે, એમ કહે છે. આહાહા..! '**ઈસપ્રકાર વિશેષણ હોતા હૈ.**' '**ચારિત્ર કૈસા હૈ?**' હવે ચારિત્ર આવે છે ને બીજા પદની વ્યાખ્યા? '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર યે તીન આત્માકે પરિણામ હૈં,...**' લ્યો! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ આત્મા ત્રિકાળ છે ધ્રુવ એના એ પરિણામ છે, એની એ પર્યાય છે, એની અવસ્થા છે. લ્યો ઓલો કહે સમ્યગ્દર્શન ગુણ છે એને તમે પર્યાય કહો છો. .. હતા એ ગુજરી ગયા બિચારા. ક્ષુલ્લક-ક્ષુલ્લક.

અહીં તો કહે છે કે ત્રણ તો પરિણામ છે, ગુણ નહિ. મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન એ તો પર્યાય છે-પરિણામ છે-અવસ્થા છે. '**ઉનકે શુદ્ધતાકા કારણ હૈ,...**' '**પરિણામ હૈં, ઉનકે શુદ્ધતાકા કારણ હૈ,...**' એ ચારિત્ર છે કેવું? એમ લીધું ને? ચારિત્ર કૈસા હૈ એમ લીધું ને? '**યે તીન આત્માકે પરિણામ હૈં, ઉનકે શુદ્ધતાકા કારણ હૈ,...**' એ પરિણામનું શુદ્ધતાનું કારણ એ ચારિત્ર એમ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પરિણામ એની શુદ્ધતાનું કારણ ચારિત્ર છે કહે છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં રહી આવો અર્થ કરે છે. છે ને પાઠમાં? '**सोहिकारणं**' છે ને. '**णाणं दंसण सम्मं चारित्तं सोहिकारणं तेसिं**' એ કહે છે. ચારિત્ર કેવું છે? કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ આત્માના પરિણામ એની શુદ્ધતાનું કારણ છે. એ દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતાનું કારણ ચારિત્ર

છે એમ કહે છે. આવે છે ને વિશેષ?

**'ચારિત્ર અંગીકાર કરને પર સમ્યગ્દર્શનાદિ પરિણામ નિર્દોષ હોતા હૈ.'** ચારિત્ર સ્વરૂપની વીતરાગતા ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણામ નિર્દોષ હોતા હૈ. **'ચારિત્ર મોક્ષકે આરાધનકા કારણ હૈ,...'** **'मोक्खा शरण हेउं'** બીજી ગાથાનું ત્રીજું પદ. મોક્ષની સેવાનું કારણ આરાધનાનું કારણ છે. આહાહા..! **'ઈસપ્રકાર ચારિત્રકે પાહુડ (પ્રાભૃત) ગ્રંથકો કહૂંગા,... '** કુંદકુંદાચાર્ય કહે છે. **'આચાર્યને મંગલપૂર્વક પ્રતિજ્ઞા કી હૈ.'**

**'આગે સમ્યગ્દર્શનાદિ તીન ભાવોંકા સ્વરૂપ કહતે હૈં :—'** હવે ત્રણનું સ્વરૂપ કહે છે. ચારિત્ર ત્રણેની શુદ્ધિનું કારણ. હવે ત્રણનું શું સ્વરૂપ છે એમ કહે છે પહેલું.

**जं जाणइ तं णाणं, जं पेच्छइ तं च दंसण भणियं।**
**णाणस्स पिच्छियस्स य, समवण्णा होइ चारित्तं।।३।।**

લ્યો! અહીં તો ત્યાંથી ઉપાડ્યું છે. **'जं जाणइ तं णाणं,'** ત્યાં ઉપાડ્યું પહેલું. .. ત્યાંથી ન ઉપાડ્યું. ... **'जं जाणइ तं णाणं, जं पेच्छइ तं च दंसण'** દેખે અને શ્રદ્ધે એમ બેય અર્થ છે. **'पेच्छइ'** છે ને? દેખે અને શ્રદ્ધે તે દર્શન. અને **'णाणस्स पिच्छियस्स य, समवण्णा होइ चारित्तं।'** આહાહા..! **'જ્ઞાન ઔર દર્શનકે સમાયોગસે ચારિત્ર હોતા હૈ.'** એકાગ્ર થાય છે. દર્શન-જ્ઞાનમાં આમ તો દર્શનજ્ઞાનસહિત એકાગ્ર થાય છે એનું નામ ચારિત્ર છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન ન હોય અને જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. પહેલું એમ સિદ્ધ કરવા ત્રણેની શુદ્ધિનું એ કારણ છે. **'णाणस्स पिच्छियस्स य, समवण्णा'** સમાપના. બેનો યોગ થયો બેયનો. એમાં એનું નામ ચારિત્ર, સ્વરૂપમાં સ્થિરતા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનસહિત સ્વરૂપમાં સ્થિરતા એને અહીંયા ચારિત્ર કહેવામાં આવે છે.

**'ભાવાર્થ :- જાને વહ તો જ્ઞાન ઔર દેખે, શ્રદ્ધાન હો વહ દર્શન...'** બેય અર્થ કર્યા ને? પાઠમાં છે. **'દોનોં એકરૂપ હોકર સ્થિર હોના ચારિત્ર હૈ.'** સમાયોગનો અર્થ કર્યો. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની એકતા અંદર થવી એ ચારિત્ર. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૧, મંગળવાર, તા. ૨૦-૧૧-૧૯૭૩**
**ગાથા - ૪, ૫, પ્રવચન - ૪૬**

અષ્ટપાહુડમાં ચારિત્રપાહુડ છે. ચોથી ગાથા.

**एए तिण्णि वि भावा, हवंति जीवस्स अक्खयामेया।**
**तिण्हं पि सोहणत्थे, जिणभणियं दुविहं चारित्तं।।४।।**

'**અર્થ :- યે જ્ઞાન આદિક તીન ભાવ કહે,...**' એટલે શું કહ્યું? કે જે આત્મા વસ્તુ છે પૂર્ણ જ્ઞાન, આનંદ સ્વભાવ સ્વરૂપ, એમાંથી જેણે સર્વજ્ઞપદ સ્વભાવમાં-શક્તિમાં હતું એ પ્રગટ કર્યું, એને અહીં જૈન પરમેશ્વર તીર્થંકર અરિહંત કહેવાય છે. એ અરિહંતના વાણીમાં મુખમાં એ આવ્યું કે આ આત્મા જે વસ્તુ છે, એક સમયમાં પૂર્ણ અનંત અનંત ગુણનો પિંડ એનું જ્ઞાન કરવું, એની શ્રદ્ધા કરવી, એમાં રમવું એ ત્રણ મોક્ષનો માર્ગ છે. '**एए तिण्णि वि भावा**' કહ્યું ને? એ આત્મા વસ્તુ છે પૂર્ણ અનંત એક વસ્તુ પૂર્ણ અખંડ આનંદનો કંદ પ્રભુ છે આત્મા. એની પર્યાય-અવસ્થામાં ભૂલ છે. ભૂલ ન હોય તો ભૂલ ટાળવી અને આનંદને પ્રાપ્ત કરવું એ રહેતું નથી. ભૂલ છે પણ એ ભૂલ દશામાં છે, હાલતમાં. ત્રિકાળી વસ્તુમાં એ ભૂલ નથી. ત્રિકાળ વસ્તુ તો પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એનું જ્ઞાન... એની વાત કરશે અક્ષય અમેય. ઝીણી વાત છે ભગવાન!

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે જ્ઞાનમાં જોયું, જાણ્યું એ કહ્યું. એ બહુ ઝીણી વાત છે. એને સર્વજ્ઞે કહેલો આત્મા કોઈ દિ' એણે જ્ઞાન અને શ્રદ્ધામાં લીધો જ નથી. સમજાય છે કાંઈ? જન્મ-મરણના પરિભ્રમણના આંટા મટાડવા માટેનો આ ઉપાય છે. એ વસ્તુ પોતે આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતગુણોનું એકરૂપ એ આત્મા છે. એનું જ્ઞાન... એનું જ્ઞાન કરવું. એનું દર્શન, શ્રદ્ધા અને એમાં રમણતા.

'**યે જ્ઞાન આદિક તીન ભાવ કહે,...**' છે ત્રણે પર્યાય. આહાહા..! પર્યાય એટલે અવસ્થા. ત્રિકાળી વસ્તુ જે છે ધ્રુવ પૂર્ણ, એનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ છે ત્રણ વર્તમાનદશા. ઝીણી વાત છે ભાઈ! એ ત્રણેય ભાવ '**યે અક્ષય ઔર અનંત જીવકે ભાવ હૈં,...**' આહાહા..! ત્રિકાળીની વાત નથી. એનું જે જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્ર એની વાત છે. વસ્તુ જે સર્વજ્ઞ પરમેશ્વરે વસ્તુ કહી આત્મા, એવા અનંત આત્માઓ છે. એ એક આત્મા પરિપૂર્ણ અનંત સ્વભાવ સંપન્ન એનું જ્ઞાન. એ જ્ઞાન પણ અક્ષય અને અનંત છે. આહાહા..!

મુમુક્ષુ :- પર્યાયમાં ફેર..

ઉત્તર :- પર્યાયમાં અક્ષય અનંત છે. એ વસ્તુ. આહાહા..! પૂર્ણ અનંત. અનંત અનંત બેહદ ગુણોનો પિંડ આત્મા, એના જ્ઞાનમાં પણ અનંતા આવી જાય છે. આહાહા..! વસ્તુ પોતે ભગવાન આત્મા એમાં એક ગુણ (એવા) અનંત અનંત ગુણ છે સંખ્યાએ. આહાહા..! વીતરાગ સિવાય, સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય નથી. પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંત દેવે જે આત્માનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહ્યું, એ જ્ઞાન ત્રિકાળી વસ્તુનું જ્ઞાન એ જ્ઞાનમાં અનંતતા આવી જાય છે. અક્ષય-નાશ ન થાય અને અપરિમિત એવો પર્યાયભાવ થાય છે. આહાહા..!

કહે છે, ત્રણેય ભાવ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એમાં અનંત શક્તિઓનો સંગ્રહ છે, પિંડ છે એ. અનંત શક્તિ એક એક શક્તિમાં પણ અનંત સામર્થ્ય છે. એવા એક એક શક્તિનું અનંત સામર્થ્ય, એવી

અનંત શક્તિનું એકરૂપ વસ્તુ, એનું જ્ઞાન એ અક્ષય છે. એ જ્ઞાન નાશ પામે નહિ, અપરિમિત છે-જેને મર્યાદા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધીરૂભાઈ! ઝીણી વાત છે અત્યારે. બપોરે કાંઈ ચાલ્યું હતું. આહાહા..!

'**અક્ષય ઔર અનંત જીવકે ભાવ હૈં,...**' સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ એમ વાણીમાં કહે છે. આહાહા..! કે એ આત્માની જે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણે છે તો એની વર્તમાનદશા-એની હાલત-પ્રગટ થયેલી પર્યાય. એ એક એક સમયની એ પર્યાયમાં અક્ષયપણું અને અનંતપણું છે. આહાહા..! કેમકે વસ્તુ પોતે અક્ષય અને અનંત સ્વભાવે છે, એનું જ્ઞાન પણ પર્યાયમાં અક્ષય અને અનંત થઈ ગયું છે. આહાહા..! અરે..! એણે બધું જાણ્યું, જગતને જાણ્યું, આત્મા કોણ છે (એ ન જાણ્યું) એ પણ સર્વજ્ઞ પરમેશ્વર આત્મા કહે છે એ. દુનિયા કલ્પનાથી આત્મા.. આત્માની વાતું ઘણાય કરે છે અત્યારે તો. એ નહિ.

અરિહંત દેવે, સર્વજ્ઞ પ્રભુએ. સર્વ-જ્ઞ. જેને ત્રણ કાળ ત્રણ લોકનું એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જ્ઞાન હતું ત્રણ કાળ ત્રણ લોકનું. એને ઈચ્છા વિના પરમાત્માની વાણી આવી. એ વાણીમાં એમ આવ્યું કે પ્રભુ! તું અનંત ગુણનો પિંડ પ્રભુ છો. આહાહા..! અનંતગુણ અને એક એક ગુણની અનંતી શક્તિ. એવું જે તારું તત્ત્વ એ તત્ત્વને જ્ઞેય બનાવીને જે જ્ઞાન થાય. આહાહા..! એ જ્ઞાનની દશા અક્ષય અને અનંત છે. એ અવસ્થા ક્ષય પામે એવી નથી, તેમ હદવાળી નથી. આહાહા..! ભારે આકરું ભાઈ! એમ એની શ્રદ્ધા દેખવું. વસ્તુ જે પૂર્ણ પરમાત્મસ્વરૂપ અનંતગુણ, એને દેખવું અથવા શ્રદ્ધવું એ પણ અક્ષય અને અનંત છે. એ શ્રદ્ધામાં અક્ષયપણું અને અનંતપણું છે. અને એમાં જે રમણતા ચારિત્ર એ પણ અક્ષય અને અનંત છે. ક્ષય ન પામે અને ચારિત્રની પર્યાયમાં અનંતપણું, અપરિમિતપણું-બેહદપણું સામર્થ્ય છે એમાં. આહાહા..! ભારે! આહાહા..! એ સર્વજ્ઞ સિવાય આ વાત લોકોએ કલ્પિત અનેક પ્રકારનો આત્મા કહ્યો છે એ તો અનાદિથી માને છે, પણ સત્ય વસ્તુ છે નહિ.

ભગવાન પરમેશ્વર સીમંધર ભગવાન તો બિરાજે છે મહાવિદેહમાં સર્વજ્ઞપણે. અહીં મહાવીર આદિ પરમાત્મા અરિહંત પદે હતા ત્યારે તો વાણી હતી. શરીર છૂટી ગયું, અશરીરી સ્થિત થઈ ગયા છે. નમો સિદ્ધાણંમાં ભળી ગયા. સીમંધર પરમાત્મા બિરાજે છે એ નમો અરિહંતાણંમાં છે. આહાહા..! એમની વાણીમાં આવ્યું કે આ મુનિ પોતે કુંદકુંદાચાર્ય ગયા હતા. આઠ દિન ત્યાં રહ્યા હતા. સાક્ષાત્ આ દેહે હોં! આઠ દિન ત્યાં રહ્યા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા. ભગવાનના મુખે આ વાત સાંભળી અને સંતો, ગણધરો જે ચાર જ્ઞાનના ધણી એમની પાસે .... આવીને આ રચ્યા. આહાહા..! એમાં એમ કહે છે કે પરમાત્મા જે જિનેશ્વરદેવ છે એ એમ કહે છે કે આત્માની જે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ પર્યાયમાં અક્ષય અને અનંતપણું છે. આહાહા..! કોઈ કહે કે વળી જ્ઞાનની દશામાં અનંતપણું તો ઠીક, પણ દેખવું અને શ્રદ્ધવું એને ચારિત્રમાં અનંતપણું કેમ? આહાહા..! અરે..! એ અનંત છે, બાપુ! આહાહા..!

પરિપૂર્ણ આત્મા અનંતગુણનો બેહદ જેના પ્રમાણ (એવા) અનંતનું પ્રમાણ શું? આહાહા..! એવા અનંતગુણોની શ્રદ્ધા એ પ્રથમ સમ્યગ્દર્શન, એમાં અનંતતા અને અક્ષયતા આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રમ ભલે હો, પણ છે .. એમાં અનંતા છે. અનંત છે. સ્વરૂપાચરણ હોય કે સ્થિરતા વિશેષ હો, છે એ ચારિત્રની પર્યાયમાં અનંતતા, અનંત ગુણ અને અનંત ... જેમાં શ્રદ્ધા, જ્ઞાન થઈને રમે છે એ રમણતામાં એ અનંતતા આવી ગઈ છે. આહાહા..! વાત બીજી ઢબે કેવી કરી જુઓને!

વાત એ છે કે આ વસ્તુ પોતે આત્મા છે એ વસ્તુ એક, પણ એની શક્તિઓ-સ્વભાવ શું? વસ્તુ એ તો થઈ. પણ એનો સ્વભાવ શું? જેમ સાકર એક વસ્તુ. પણ એનો સ્વભાવ શું? કે મીઠાશ, ધોળપ, સુંવાળી. એમ ભગવાન આત્મા એક વસ્તુ છે, પદાર્થ. એમાં વસ્તુ એટલે અનંત અનંત શક્તિઓ જેમાં વસેલી છે. આહાહા..! એ અનંત અનંત શક્તિઓમાં એકરૂપતા એ દ્રવ્ય છે વસ્તુ. એના જ્ઞાનમાં અનંતતા આવી છે. આહાહા..! અનંત કેટલા ગુણો તો કહ્યા હતા ને. આકાશ છે સર્વવ્યાપક. લોકમાં તો છે, પણ પછી.. પછી... પછી... પછી... કાંઈક હશે કે નહિ? આ જગત થઈ રહ્યા પછી... આવું તો કંઈક અનંત યોજનમાં નથી. આવું તો અસંખ્ય યોજનમાં આવું છે. જડ-ચૈતન્યનો સંગ્રહ .. લોક. પછી ખાલી-ખાલી. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ને અનંત ગણું ખાલી ભાગ છે એ આકાશ છે. અને એ આકાશનો ક્યાંય અંત નથી. અંત હો તો પછી શું? અલૌકિક વાતું છે. એ આકાશ નામનો પદાર્થ પણ વ્યાપક છે. દશે દિશાઓમાં. ક્યાંય એનો અંત નહિ, છેડો નહિ. છેડો હોય તો પછી શું?

એ સર્વવ્યાપક આકાશ પણ જ્યાં અનંત છે એના જેટલા પ્રદેશો છે. પ્રદેશ એટલે એ અનંત વ્યાપક છે આમ લોકાલોક. એમાં એક પરમાણુ પોઈન્ટ આ ટુકડો. આ તો ઘણાં રજકણનો પિંડ છે. ઘણા ટુકડા કરીને છેલ્લો ટુકડો પરમાણુ જેને પરમાત્મા કહે, એ એટલા આકાશમાં જેટલામાં રોકાય એનું નામ એક પ્રદેશ કહેવાય એક રજકણ. એટલામાં રહે એને. એવા અનંત પ્રદેશ છે આકાશના. એથી અનંતગુણા એક આત્મામાં અનંત (ગુણ) છે. ધીરૂભાઈ! આહાહા..! કેમ આજે નથી આવ્યા? શરદી થઈ ગઈ છે. કહો, સમજાણું કાંઈ? એવા જે અનંત અનંત.. આહાહા..! ગુણનું એકરૂપ એ વસ્તુ. એવા ગુણનું જેને ગુણનું જ્ઞાન થયું એને જેણે જ્ઞાનની વર્તમાનદશાએ જ્ઞેય બનાવ્યું તો જ્ઞેય તો અનંત... અનંત... અનંત... એટલે એની જ્ઞાનની પર્યાયમાં પણ અનંતતા આવી ગઈ. આહાહા..! અક્ષયતા આવી ગઈ. વસ્તુ જેમ અક્ષય છે-ક્ષય નથી, એમ પર્યાય અક્ષય થઈ ગઈ છે. આહાહા..!

એમ શ્રદ્ધા એની થઈ સમ્યગ્દર્શન. સમ્યક્ નામ સાચું દર્શન. જેવો ભગવાન આત્મા અનંતગુણનો એકરૂપ પિંડ છે. તેવું જેને સાચી પ્રતીત અંદરમાં ભાન થઈને થઈ, એ શ્રદ્ધામાં પણ અક્ષય અને

અનંતતા આવી ગઈ. આહાહા..! શેઠ! આવી વાત છે. રૂપિયામાં અબજો હોય.. પણ આ તો પાર ન મળે.

મુમુક્ષુ :- આ મહિમા સમ્યગ્દર્શનની છે, પ્રભુ!

ઉત્તર :- મહિમા સમ્યગ્જ્ઞાન ને દર્શન ને ચારિત્ર-ત્રણેની. એના કરતા મહિમા ભગવાન આત્માની.

મુમુક્ષુ :- પણ મહિમા કરનાર તો પર્યાય છે.

ઉત્તર :- કરનાર પર્યાય, પણ આ મહિમા આની કરે છે ને? આહાહા..! ભારે કામ ભાઈ આવું. હજી બિચારાને માંડ પકડાવું કઠણ. અરે..! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંતના સંપ્રદાયમાં જન્મ્યા, પણ અરિહંતને શું કહેવું છે એની એને ખબર ન મળે. સમજાણું કાંઈ? આ કરવા, વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી એમાં રોકાઈ ગયા. વસ્તુ શું છે એની ખબર નથી. આહાહા..! એ વસ્તુના ભાન વિનાનું બધું આચરણ મિથ્યા આચરણ છે. સમજાણું કાંઈ? આહાહા..!

પ્રભુ આત્મા અનંત જ્ઞાન એનું જ્ઞાન સ્વભાવ છે એનો. એ સ્વભાવ પણ અનંત છે. દર્શન સ્વભાવ છે ત્રિકાળ હોં. એ પણ અનંત છે. આનંદ સ્વભાવ ભગવાન આત્મા આનંદ સ્વભાવ છે આત્મા. એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્, જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ છે. એ આનંદ પણ અનંત છે. એવા અનંત અનંતગુણો તે એક એક ગુણ અનંત (સામર્થ્યવાન) છે. આહાહા..! સ્વભાવ છે એનું માપ શું? એની હદ શી? એની મર્યાદા શી? એવો જે ભગવાન આત્મા અનંત સંખ્યાએ ગુણનો પિંડ એને જે જ્ઞાનમાં લે, આહાહા..! એ જ્ઞાન પોતે અક્ષય અને અનંત છે. દ્રવ્ય અક્ષય અને અનંત, ગુણ અક્ષય અને અનંત, એવી એની પર્યાય અક્ષય અને અનંત થઈ કહે છે. આહાહા..! ભારે પણ આવી વાતું પણ. આમ કરવું, ધ્યાન કરે. પણ શેનો હજી વસ્તુ સમજ્યા વિના? વસ્તુ કેવી છે એની ખબર વિના ધ્યાન કેમ થાતું હતું તને? સમજાણું કાંઈ? ધ્યાન એ તો ચારિત્ર છે. પણ એને જ્ઞાન અને દર્શન થયા વિના ચારિત્ર ક્યાંથી આવશે? આહાહા..!

કહે છે કે '**અક્ષય ઔર અનંત જીવકે ભાવ હૈં,...**' આહાહા..! એક લીટીમાં આટલું ભર્યું છે. લ્યો ધીરૂભાઈ! પહેલું ઓલું તત્‌માં આવ્યું, હવે આ લીટીમાં આટલું બધું આવ્યું. આહાહા..! પાઠ છે ને. ભગવાન કુંદકુંદાચાર્યનો પાઠ છે. આહાહા..! મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય આવ્યા છે. પહેલા ભગવાન, બીજે ગણધર, ત્રીજે કુંદકુંદાચાર્ય. જૈન ધર્મોસ્તુ મંગલં. આહાહા..! જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, એ કોઈ વાડો નથી. એ વસ્તુનું સ્વરૂપ જ એ અનંત અનંત આનંદ અને શક્તિથી ભરેલો પદાર્થ એનો આશ્રય લઈને રાગ-દ્વેષ અને અજ્ઞાનને જીતવા એનું નામ જૈન. સમજાણું કાંઈ? 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હે કર્મ, યહી વચન સે સમજ લે જિન વચનકા મર્મ.' આહાહા..! 'જિન સો હી હૈ આત્મા.' એટલે? ભગવાન આત્મા વીતરાગી મૂર્તિ પ્રભુ છે. એટલે? અકષાયરસસ્વરૂપ છે. એટલે? વિકાર વિનાનો ત્રિકાળી આનંદનો કંદ પ્રભુ છે.

આહાહા..! એવા એવા અનંતગુણનો પિંડ એને જ્ઞાનમાં લઈ જે જ્ઞાન થાય, એ જ્ઞાનમાં પણ અક્ષય અને અનંતતા આવી ગઈ છે. પરમેશ્વર એમ ફરમાવે છે. પ્રભુ! તારા અનંતગુણના પિંડને તે જ્ઞાનમાં લીધો તો એ તારી જ્ઞાનપર્યાયમાં અક્ષય અનંતતા આવી ગઈ છે. આહાહા..! કહો, ધીરૂભાઈ! આવો માર્ગ છે આ. ઉપરટપકે બેસે એવું નથી આ. આહાહા..! અત્યારે તો ઘણી જાત છે. ઘરમાં આમ થાય.. ઘરમાં આમ થાય. આહાહા..!

અહીં તો વિકલ્પનો નાશ થાય એમ જે કહેવું, પણ એ વિકલ્પનો નાશ એને ક્યા અસ્તિત્વને આશ્રયે થાય? એ અસ્તિત્વની જ્યાં ખબર નથી એને વિકલ્પનો નાશ કોઈ દિ' ત્રણ કાળમાં ન થાય. વિકલ્પ છોડી દ્યો, વિકલ્પ છોડી દ્યો. વિકલ્પનો છોડવું ને નાશ થવું એ કોને આશ્રયે? અસ્તિ તત્ત્વ એ તો નાસ્તિ થઈ. વિકલ્પનો નાશ કરવો એ તો નાસ્તિ થઈ, પણ અસ્તિ શું એમ પહેલા કીધું. અસ્તિ શું એ તત્ત્વ છે? સમજાણું કાંઈ? અસ્તિ એટલે છે. છે એટલે મોજુદગી ચીજ, સત્તા. સત્તા શું એ છે? કે જે સત્તાનો આશ્રય લેતા વિકલ્પ નામ રાગની એકતા તૂટી જાય એને નિર્વિકલ્પતા થાય. સમજાણું કાંઈ? આહાહા..!

દાદરે-પગથિયે પગ મૂકે તો નીચેથી ઉપડે. પણ મૂકવાનું ક્યાં સ્થાન છે એ સત્તાની ખબર નથી. એ ક્યાંથી વિકલ્પથી છૂટશે? આહાહા..! સમજાણું કાંઈ? એ પરમાત્મા કુંદકુંદાચાર્યદેવ પરમાત્માએ અસ્તિતત્ત્વ કહ્યું, એની શ્રદ્ધા, જ્ઞાનને કર. આહાહા..! એનું જ્ઞાન કર, એની શ્રદ્ધા કર ત્યાં વિકલ્પની વૃત્તિઓ તૂટી, એકતા નહિ રહે ત્યાં. આહાહા..! અમથા તો વિકલ્પ છોડવા જાય કે વિકલ્પ છોડું છોડું, એ તો નાસ્તિભાવ થઈ ગયો. લક્ષ ત્યાં રહ્યું. પણ અસ્તિતત્ત્વ આવડું છે એના લક્ષ વિના વિકલ્પનો નાશ કોઈ રીતે ત્રણ કાળમાં ન થાય. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ... બહુ કઠણ...

ઉત્તર :- વસ્તુસ્થિતિ આમ છે ત્યાં. એમ વિચાર કરીને સમ્યક્પણે વિચાર કરે તો એને બેસે કે રાગ, જે વિકલ્પ છે એ રાગ છે. હવે રાગનો નાશ શી રીતે થાય? રાગ ઉપર લક્ષ રાખીને રાગનો નાશ થાય? એમ વર્તમાન દશાઓ છે એ દશા ઉપર લક્ષ રાખીને રાગનો નાશ થાય? એટલે પરમાત્મા કહે છે કે એક ક્ષણમાં પરમ આનંદની મૂર્તિ પ્રભુ છે, અનંત અનંત ગુણ સંખ્યાએ હોં! કોઈ થોડા ગુણ કહે એ તો એણે આત્મા જાણ્યો નથી. આહાહા..! અનંત અનંત બેહદ અપરિમિત સંખ્યાએ ગુણનો પિંડ પ્રભુ. આહાહા..! એમાં જેણે જ્ઞાનની પર્યાયને એમાં રોકી, એ જ્ઞાનની પર્યાયમાં અનંતતા અને અક્ષયતા આવી, ત્યાં રાગની એકતા તૂટી જાય છે. ત્યાં વિકલ્પ તૂટી જાય છે. તોડવો પડતો નથી. આ તો ભાષા. તોડવો એટલે? અનંત અનંત ગુણનો પિંડ આવો છે એવા સત્‌નો જ્યાં સ્વીકાર થયો ત્યાં આગળ વિકલ્પ ઉત્પન્ન થતો જ નથી. આહાહા..! ઉત્પન્ન થતો નથી એને નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ આ આત્મા આવો.

..માં આવે છે ને એક અને અનેક. આવ્યું હતું ને? એ છે. એનો ગુણ છે અથવા અનેક પર્યાય છે. એ અનેક પર્યાયનો નિર્ણય એકરૂપમાં અંદર ગયા વિના.. આહાહા..! અનેકનું સાચું જ્ઞાન. અનેક પોતે હોં! અનંતગુણ છે ને? એ અનંત છે એ અનેક કહેવાય અને દ્રવ્ય છે એ એકરૂપ કહેવાય. બપોરે ચાલ્યું હતું ને. એનો અર્થ આ છે. એકરૂપ વસ્તુ છે એમાં અનંતગુણો હોવા છતાં એટલે કે વર્તમાન એની દશામાં અનંતગુણની અવસ્થા હોવા છતાં... અનંતી અવસ્થા છે. એક સમયમાં અનંતી. એ અનંતી તે અનેક અને વસ્તુ તરીકે એક. એ વસ્તુ તરફની અંતર દૃષ્ટિ થતાં અનેકપણાની પર્યાય એકપણામાં જતાં, એને એકની પ્રતીતિ અનંતપણાની પ્રતીતિમાં લઈને આવે છે. આહાહા..! આ તો અનેકપણું વળી થયું. આહાહા..! ગજબ શૈલી. વીતરાગ કેવળીઓની કથન વસ્તુ સિદ્ધ, જ્ઞાનમાં સિદ્ધ થયેલી એવી જ વાણી આવી એને. આહાહા..!

કહે છે '**યે જ્ઞાન આદિક તીન ભાવ કહે, યે અક્ષય ઔર અનંત જીવકે ભાવ હૈં,...**' જીવની પર્યાય છે એ-જીવની દશા છે એ આત્માની અવસ્થા છે એ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈનકો શોધનેકે લિયે...**' હવે શું કહે છે? જે વસ્તુ છે પૂર્ણ અનંતગુણનો પિંડ, એનું જ્ઞાન, એનું દર્શન અને એનું ચારિત્ર. એ અક્ષય અનંત છે એને શુદ્ધતા એટલે નિર્મળતા કરવા માટે, એ ત્રણ પર્યાયને નિર્મળ કરવા માટે. આહાહા..! '**જિનદેવને દો પ્રકારકા ચારિત્ર કહા હૈ.**' વીતરાગ પરમેશ્વર જિનદેવ, જિનેન્દ્રદેવે બે પ્રકારની ચારિત્રની મર્યાદા જણાવી. આહાહા..! આ તો ધીરાના માર્ગ છે, ધીરૂભાઈ! ઉતાવળીયાના માર્ગ નથી આ. આહાહા..! અનંતકાળ થયો પરિભ્રમણ કરતા. જેની આદિ નથી, અંત નથી. અનાદિ... અનાદિ... અનાદિ... આહાહા..!

મુમુક્ષુ :- ધીરા એટલે શું?

ઉત્તર :- એ ધી એટલે બુદ્ધિ. અને 'ર' એટલે પ્રેરણા. સમ્યગ્જ્ઞાનની બુદ્ધિને આત્મા તરફ પ્રેરવું એનું નામ ધીર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પ્રભુ હું જાણું ધીર... હું એમ સમજ્યો.

ઉત્તર :- ધીર. ધી એટલે બુદ્ધિ. એણે અર્થ પૂછયો ભાઈએ. ધી એટલે બુદ્ધિ. અર્થ છે ટીકામાં. કળશમાં ટીકા છે. અષ્ટપાહુડમાં આ બધા શબ્દો શાસ્ત્રમાં છે. અષ્ટપાહુડમાં સંસ્કૃતમાં ટીકા છે. ધીર અને વીરની વ્યાખ્યા છે. બેય. ધી એટલે બુદ્ધિ. જે જ્ઞાનની બુદ્ધિને આત્મા તરફ પ્રેરે તે બુદ્ધિને ધીર કહેવામાં આવે છે. આ નામ ધીર નહિ. આહાહા..! આ જ્ઞાન પહેલું આવ્યું? આ જ્ઞાનાદિ ત્રણ ભાવ. એ જ્ઞાન છે એ ધી છે. ધી કહો, જ્ઞાન કહો, બુદ્ધિ કહો. આહાહા..! એને અંતરમાં વાળવી એનું નામ પ્રેરણા કરી કહેવાય. આહાહા..! અનંત અનંતગુણના તરફની બુદ્ધિને વાળવી અને એનો સ્વીકાર કરવો એને અહીંયા ધીર કહેવામાં આવે છે. એ જ્ઞાની તે ધીર છે, અજ્ઞાની તે ધીર નથી. આહાહા..! અને વીર પણ એને કહેવાય છે. વીર. વીર્ય વીર્યને પ્રેરે. 'ર' એટલે પ્રેરણા. જેની વર્તમાન આત્મબળની પ્રેરણાને

અંતરમાં પ્રેરે તેને વીર કહેવામાં આવે છે. જગતના માણસનો હણે ને દુશ્મનોને હણે એ બધા નપુંસક છે, વીર નહિ. રાગને રચે અને પુણ્ય-પાપના ભાવને રચે એ વીર નહિ. એ નપુંસક છે. સમજાણું કાંઈ? અહીં તો એવી વાતું છે. આહાહા..! પરને તો હણી શકતો નથી, પણ અંદર પુણ્યના, પાપના, શુભ-અશુભભાવને રચે એ પણ નપુંસક છે. એ વીર નહિ. ક્લીબ છે. શાસ્ત્રમાં આવે છે સમયસારમાં. વીર તો એને કહીએ કે જે ભગવાન અનંતગુણનો પિંડ પ્રભુ તેના તરફ જ્ઞાનને વીર્યથી વાળે. આહાહા..! એને અહીંયા વીર અને ધીર કહેવામાં આવે જેના ફળમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'**જ્ઞાન આદિક તીન ભાવ...**' ભાવ એટલે પર્યાય, વર્તમાન પ્રગટ થયેલી અવસ્થા. '**યે અક્ષય ઔર અનંત જીવકે ભાવ હૈ, ઈનકો શોધનેકે લિયે જિનદેવને...**' પાઠ છે ને. '**जिणभणियं**' ચોથું પદ છે. વીતરાગે કહ્યું છે. ત્રણ લોકના નાથ અરિહંત પરમેશ્વર વીતરાગ, સો ઈન્દ્રના પૂજનિક સમવસરણ ધર્મસભામાં.. આહાહા..! જેની સભામાં સિંહ અને વાઘ, જેની સભામાં નાગ અને વાઘ, જેની સભામાં વાસુદેવ ને બળદેવ ને ઈન્દ્રો, એની સભામાં ભગવાને '**जिणभणियं**' વીતરાગે આ કહ્યું હતું. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

વાહ! આ ગાથા તે જબ્બર છે ને. '**जिणभणियं दुविह चारित्तं तिण्हं पि सोहणत्थे**' એટલે? ભગવાન આત્માનું જ્ઞાન, એનું દર્શન અને એનું જે ચારિત્ર એની શુદ્ધિ માટે-નિર્મળતા માટે વીતરાગે બે પ્રકારનું ચારિત્ર કહ્યું છે. એ બે પ્રકારનું પછી આવશે પાંચમી ગાથામાં. સમજાણું કાંઈ? આહાહા..! '**जिणभणियं**' ' **જિનદેવને દો પ્રકારકા ચારિત્ર કહા હૈ.** '

'**ભાવાર્થ :- જાનના, દેખના ઔર આચરણ કરના યે તીન ભાવ...** ' ભાવાર્થ છે ને ભાવાર્થ? જાણવું, દેખવું એટલે શ્રદ્ધવું. અને આચરણ કરવું એ ચારિત્ર. '**યે તીન ભાવ જીવકે અક્ષયાનંત હૈં, અક્ષય અર્થાત્ જિસકા નાશ નહીં હૈ,...**' આહાહા..! અહીં તો એ જ ઉપાડી છે વાત. જે પ્રગટેલું જ્ઞાન નાશ ન થાય. કેમકે એમાં અનંતતા છે, અક્ષયતા છે એમ સિદ્ધ કર્યું છે. આહાહા..! અમેય એટલે માપ...

'**સબ લોકાલોકકો જાનનેવાલા જ્ઞાન હૈ, ઈસપ્રકાર હી દર્શન હૈ,...**' એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે એવી તાકાત છે. આહાહા..! લોક-અલોક છે એમ સિદ્ધ પણ કર્યું. જગત છે અને જગતની બહાર ચીજ છે ખાલી. બેય અસ્તિ છે. એની એ અસ્તિને જ્ઞાનની પર્યાય જાણે છે. સ્વ આત્માને જાણતા એ બધું એમાં જણાઈ જાય. એવી એક સમયની જ્ઞાનની પર્યાયમાં સાધકને અનંતી પર્યાયમાં અનંતુ આવી જાય, લોકાલોક જ્ઞાન આવી જાય. એ દર્શન. એમ શ્રદ્ધામાં અનંતતા આવી જાય છે. અનંતને શ્રદ્ધે છે અને અનંતને જાણ્યું એવું જે જ્ઞાન એને પણ શ્રદ્ધવામાં લીધું છે. આહાહા..! એટલે એ શ્રદ્ધામાં પણ અનંતતા આવી ગઈ છે.

'**ઈસપ્રકાર હી ચારિત્ર હૈ...**' એમ અંતરમાં જાણવું અને પ્રતીતસહિત સ્વરૂપમાં ચરવું, ચરવું

નામ રમવું, રમવું નામ જમવું. આનંદનો ખોરાક લેવો અંદરથી. આહાહા..! એવું જે ચારિત્ર છે. '**તથાપિ ઘાતિકર્મકે નિમિત્તસે અશુદ્ધ હૈં,...**' કહે છે કે હજી પૂર્ણતા શુદ્ધ નથી. કેમકે કર્મ એક નિમિત્ત છે. નિમિત્તને લક્ષે તે અશુદ્ધ થઈ ગયું છે. પર્યાયમાં અશુદ્ધતા છે. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. પણ પર્યાય એટલે હાલત-દશા એ કર્મના નિમિત્તને લક્ષે. કર્મે કર્યું નથી. પોતે પરના અસ્તિત્વના જોડાણમાં એ અશુદ્ધ થયું છે. લ્યો!

'**જો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ હૈં...**' '**અશુદ્ધ હૈં, જો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ હૈં ઈસલિયે શ્રી જિનદેવને...**' એ માટે વીતરાગ ભગવાને. '**ઈનકો શુદ્ધ કરનેકે લિયે...**' આહાહા..! '**ઈનકા ચારિત્ર (આચરણ કરના) દો પ્રકારકા કહા હૈ.**' આહાહા..!

'**આગે દો પ્રકારકા કહા સો કહતે હૈં :—**' હવે બે પ્રકારનું ચારિત્ર એટલે શું?

**जिणणाणदिट्ठिसुद्धं, पढमं सम्मत्तचरणचारित्तं।**
**विदियं संजमचरणं जिणणाणसदेसियं तं पि।।५।।**

'**અર્થ :- પ્રથમ તો સમ્યક્ત્વકા આચરણરૂપ ચારિત્ર હૈ,...**' લ્યો આ પહેલું. સમકિતનું આચરણરૂપ ચારિત્ર. એટલે? અનંતગુણનો પિંડ એની જે અંતર સમ્યગ્દર્શનની પ્રતીતિ એનું જે આચરણ, સમ્યક્ આચરણ, દર્શનાચાર સમકિત આચાર. આહાહા..! એ ચારિત્ર. લ્યો સમકિતમાં પણ સમ્યક્ ચરણ ચારિત્ર છે એમ કહે છે. આહાહા..! અનંતાનુબંધીનો અભાવ થયો છે ને અને એટલું અંદર સ્વરૂપમાં અનંતગુણની પ્રતીતિ સાથે એટલું ચરણ-રમણતા છે. એટલી પ્રતીતિ થઈ. એકલી પ્રતીતિ નહિ, એની સાથે રમણતા પણ છે. સમ્યગ્દર્શન થતાં-પ્રથમ ધર્મ થતાં પહેલાંમાં પહેલો ધર્મ થતાં એ ભગવાન પૂર્ણાનંદની પ્રતીતિમાં સ્થિરતાનો અંશ છે પ્રતીતિ સાથે. એ એને સમકિત ચરણ ચારિત્ર કહે છે. લ્યો આ તો પહેલું આવે. પછી ચારિત્રનું આચરણ. પણ પહેલું સમકિત ચરણ આચરણ. આહાહા..! .. તકરારું ચાલે છે ને આમાં. સમકિત ચરણ-ચારિત્ર હોય પણ સ્વરૂપાચરણ ન હોય. વળી એમ કહે. આવા તકરાર. વસ્તુની સમજણ નથી.

અનંત કાળ ગાળ્યો છે ને એણે અજ્ઞાનમાં ઘૂંટી ઘૂંટીને. જેનો પાર નથી એવા કાળમાં રખડતો રખડતો. એટલે આ સંસ્કાર જેને નથી એને આકરું એવું લાગે આ. આહાહા..! કહે છે પ્રભુ! જિનદેવ એમ કહે છે. વીતરાગ પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું છે કે '**પ્રથમ સમ્યક્ત્વકા આચરણરૂપ ચારિત્ર હૈ,...**' એટલે પૂર્ણાનંદનો નાથ પરમાત્મા અનંતગુણનું અસ્તિત્વ સત્ત્વ એની જે અંતર્મુખ થઈને પ્રતીતિ, એની સાથે સ્વરૂપની સ્થિરતાનો અંશ પણ હોય છે. એ સમકિત ચરણ ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- આ ચારિત્ર નિર્વિકલ્પ છે.

ઉત્તર :- નિર્વિકલ્પ છે. નિઃશંક આદિ બધું. .. વાત છે. આહાહા..! વસ્તુ છે એવી જ્યાં પ્રતીત થઈ, તો પ્રતીત સ્વસન્મુખ થઈને થઈ. પણ પ્રતીત કાંઈ સ્થિરતા થયા વિના પ્રતીત શી રીતે થાય? ..

એકાગ્રતા એટલો થયો છે ને? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલો અંશે એકાગ્ર થયો ને એટલો? આહાહા..! જેણે પરમાત્મા પોતે ધ્રુવ સત્ છે. પોતે જ પરમાત્મા છે. એક એક આત્મા પોતે પરમાત્મા છે. આહાહા..! એવા તો અનંત આત્માઓ છે. બધું થઈને એક નહિ. ખંડ ખંડ કરી નાખ્યું. આ કહે છે કે અખંડ એક વસ્તુ પૂર્ણ પરમાત્મા શક્તિનો પિંડ આત્મા, એની જે પ્રતીત, એનું જે દર્શન, એને જે દેખવું, એનું જે દેખવું એટલે કે એને શ્રદ્ધવું, એમાં જે સ્થિરતાનો અંશ છે ભેગો એને સમકિત ચરણ ચારિત્ર કહેવામાં આવે છે. આ મિથ્યાત્વને નાશ કરવાનો આ ઉપાય. કહો, સમજાણું કાંઈ? ભ્રમણા જે અનાદિની પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ, એક અંશ જેટલો માન્યો, રાગ જેટલો માન્યો, નિમિત્ત છે એને લઈને હું છું-એવી ભ્રમણા અજ્ઞાનીની છે. એ સ્વયંસિદ્ધ પ્રભુ આવો આત્મા અનંતગુણરૂપ એક છે. અનંતગુણરૂપ એક છે દ્રવ્ય તરીકે વસ્તુ. એની અંદરમાં પ્રતીતિ સ્વસન્મુખની એમાં જેટલે અંશે સ્થિરતા સાથે સામાન્ય વિશેષ એનું નામ સ્વરૂપ સમકિતચરણ, સમકિતનું ચરવું-રમવું એવું ચારિત્ર ભેગું હોય છે. આહાહા..! આ તો ચોથા ગુણસ્થાનની વાત છે. સમકિત ચોથું ગુણસ્થાન. સાધુ તે વળી અલૌકિક દશા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ચરણ ચારિત્રમાં આવશે. સાધુ તો અલૌકિક જેની દશા. જંગલમાં વસે, નગ્ન હોય, વસ્ત્રનો ધાગો ન હોય અંદર આનંદની દશા એટલી પુષ્ટ અને રૂષ્ટ કરી છે અંદરમાં. જેને આહાર-પાણી લેવાની એક વૃત્તિ ઉઠે. વસ્ત્ર અને પાત્ર રાખવાની વૃત્તિ એને ન હોય. આહાહા..! એટલો આનંદમાં એ ઝૂલતો હોય છે. એ જંગલમાં વસે એકલા. એક મોરપીંછી, કમંડલ હો. બાકી બીજું કાંઈ નહિ. મોરપીંછી તો દયા.. તે કારણે. કમંડળ તો પેશાબ ને ઝાડા થાય ને સાફ કરવા. પીવા-બીવા માટે નહિ. આહાહા..! એ ચારિત્રનું આચરણ એ તો અલૌકિક વાત છે. આહાહા..! જેને મુનિ કહીએ એ દશા. આ તો સમકિત ચરણ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. ગૃહસ્થાશ્રમમાં પણ હોય, છન્નું હજાર સ્ત્રીમાં દેખાય. આહાહા..! પણ છે એ પોતાના સમકિત ચરણ ચારિત્રમાં. ભારે કામ આવું.

‘**પ્રથમ તો સમ્યક્ત્વકા આચરણસ્વરૂપ ચારિત્ર હૈ,...**’ સમકિતનું આચરણસ્વરૂપ ચારિત્ર છે. ‘**વહ જિનદેવકે...**’ જિનદેવે વીતરાગ પરમાત્માએ ‘**જ્ઞાન-દર્શન-શ્રદ્ધાનસે કિયા હુઆ શુદ્ધ હૈ.**’ એનું જ્ઞાનથી શુદ્ધતા, શ્રદ્ધાથી શુદ્ધતા, જ્ઞાન, દર્શન અને શ્રદ્ધાન. એ દર્શન દેખવું આદિ. શુદ્ધ છે જ્ઞાન. સમકિત ચરણચારિત્ર. એનું સાચું જ્ઞાન છે એથી શુદ્ધ છે, એનું સાચું દર્શન-દેખવું પ્રતીત માટે શુદ્ધ છે. આહાહા..! ભારે પણ ગ્રંથ દીઠ .. શૈલીથી વસ્તુ.. ભાષા પાછી કેવી! ‘**जिणणाणदिट्ठिसुद्धं**’ આહાહા..! મુનિ પોતે કુંદકુંદાચાર્ય સંત છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે. નગ્ન દિગંબર જંગલ(વાસી). એકલી નગ્નદશા આનંદમાં. તોપણ આધાર (આપીને) કહે છે વીતરાગ પરમેશ્વર આમ કહે છે.

‘**જિનદેવકે...**’ પરમાત્મા વીતરાગ દેવ પરમાત્મા અરિહંત, એણે ‘**જ્ઞાન-દર્શન-શ્રદ્ધાનસે કિયા હુઆ શુદ્ધ હૈ.**’ કેમ શુદ્ધ છે? સમ્યક્ત્વ આચરણસ્વરૂપ ચારિત્ર શુદ્ધ છે. જ્ઞાનથી શુદ્ધ છે,

દર્શનથી શુદ્ધ છે, શ્રદ્ધાથી શુદ્ધ છે. આહાહા..! આવો માર્ગ ભારે આકરો પડે જગતને. આવું અસ્તિત્વ છે એ દૃષ્ટિમાં લેવું, આવું અસ્તિત્વ માર્ગ વસ્તુ છે, એના આશ્રય વિના, એની સત્તા પૂર્ણ આવા સ્વભાવના સ્વીકાર વિના, વિકલ્પની એકતા ત્રણ કાળમાં તૂટે નહિ. શૂન્ય લાગે શૂન્ય જેવું, વિકલ્પ તૂટે શૂન્ય થઈ ગયો. આ વિકલ્પ ને આ તૂટે ત્યારે તો પરમાર્થ દશા સમકિત ચરણ ચારિત્ર પર્યાયમાં આવે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આ સાધારણ બિચારા વ્રત કરતા હોય અને અપવાસ-બપવાસ કરતા હોય, એમાં ધર્મ માનતા હોય, એમાં હવે આ ક્યાં? ધૂળેય ધર્મ નથી કહે છે એમાં. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર છે ને.

ઉત્તર :- વ્યવહાર કે દિ' હતો? નિશ્ચયના ભાન વિના વ્યવહાર કેવા? એ બધા રાગ છે. એકડા વિનાના મીંડા છે. વસ્તુ જે છે જેવી અને જેમ એની દૃષ્ટિ તને જ્ઞાનમાં આવ્યા વિના એમાં રમણતા આવે ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? સમકિતરૂપી આચરણ ચારિત્ર એ વીતરાગદેવે જ્ઞાન ને દર્શન ને શ્રદ્ધાથી થયું શુદ્ધ કહે છે. એનું જ્ઞાન પણ યથાર્થ થયું છે, દેખવું યથાર્થ અને શ્રદ્ધા યથાર્થ. એનાથી સમકિત ચરણ ચારિત્ર શુદ્ધ છે. આહાહા..!

'**દૂસરા સંયમકા આચરણસ્વરૂપ ચારિત્ર હૈ,...**' એ બીજું હવે. સંયમનું આચરણ સ્વરૂપ. મુનિ જે નગ્ન દિગંબર સંત વનવાસી. એનું જે અંતરમાં સ્વરૂપની રમણતા. સંયમરૂપી. ઓલું સમકિતરૂપી આચરણ હતું. આ સંયમરૂપી આચરણ છે. સમ-સમ્યક્ પ્રકારે સમ્યગ્દર્શન-જ્ઞાન-સહિત સ્વરૂપમાં લીનતાની જમવટ જામી ગઈ હોય છે. જેથી એને નગ્નદશા સિવાય બીજી દશા હોતી નથી. આહાહા..! ભારે કામ ભાઈ! કહો, સમજાણું કાંઈ? વસ્ત્ર ને પાત્ર રાખીને મુનિ છીએ ને સાધુ છીએ એમ કહે છે એ બધા મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. દૃષ્ટિ મિથ્યા ભ્રમ છે અજ્ઞાનીનો. સમજાણું કાંઈ? ભારે! બેયના ખુલાસા આવશે હોં!

'**સંયમકા આચરણસ્વરૂપ ચારિત્ર હૈ, વહ ભી જિનદેવકે જ્ઞાનસે દિખાયા હુઆ શુદ્ધ હૈ.**' એટલે? ભગવાને જ્ઞાનથી બતાવ્યું, એને ચારિત્ર પણ જ્ઞાનથી બરાબર જણાણું છે. આ શુદ્ધ ચારિત્ર વીતરાગતા. એને જ્ઞાનથી જણાણું છે, જ્ઞાનથી શુદ્ધ છે. આહાહા..! ભગવાને જ્ઞાનથી શુદ્ધ છે એમ જાણ્યું અને જાણનારે પણ આ વસ્તુ જ્ઞાન અને દર્શનથી શુદ્ધ છે રમણતા એમ એણે જાણ્યું. સમજાણું કાંઈ? આ ભારે આવું. બાયડી, છોકરા છોડે, ધંધો છોડે, તો કહે સમકિત નહિ, ચારિત્ર નહિ. પણ અંદરમાં હજી રાગની એકતા તૂટ્યા વિના સ્વરૂપમાં સ્થિરતાની ચારિત્રદશા આવે ક્યાંથી? જેણે વસ્તુ જ કેવી છે એ જોઈ નથી, જાણી નથી, દીઠી નથી, એના દીઠા વિના ઠરવું શેમાં? ચારિત્ર તો ઠરવું છે, ચરવું છે. ચરના. જેમ પશુ ચરે છે ને ચારો? તો એ ચારો હોય એને ચરે ને? નથી એને ચરે અદ્ધરથી? એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન એની પ્રતીત, જ્ઞાન થયા છે અને પછી એમાં ચરે છે, આનંદનો અનુભવ કરે છે. આહાહા..! એને અહીં ચારિત્ર કહે છે. પાશેર દૂધ પીવે, બે પુરી ખાય ને કહે ચારિત્ર છે.

ઓલો હતો ને ૮૦ની સાલમાં આવ્યો હતો. નહોતો કોણ તમારે નહિ? મુંબઈમાં ઓલો. ચુનિલાલ .. ભાવનગરવાળો. ૮૦ની સાલમાં આવ્યો હતો ત્યાં અમારી પાસે બોટાદ. આ તો વર્ષ થઈ ગયા કેટલા? ૫૦. ૮૦માં આવ્યો હતો ૮૦માં બોટાદ. પછી કહે બે પુરી કે એવું ખાઉ, પણ પા શેર દૂધ પચતું નહોતું. (વધારે) પચતું નહોતું. ખબર છે. ત્યાં આવ્યા હતા. .. છે ને? છે? ગયા કે છે? આ તો ૫૦ વર્ષ પહેલા મને મળેલા. અમે અપાસરામાં નહોતા તે દિ'. જોડે છે ત્યાં આવ્યા હતા. આવે તો ખરા ને બધા. શેઠિયાઓ તો બધા એકવાર .. ભાન ન મળે કાંઈ બિચારાને. આ પૈસાવાળા જાણે. શું કહેતા હતા? આહાહા..!

મુમુક્ષુ :- તાર..

ઉત્તર :- હા એ તાર. ખબર છે. આ શાંતિલાલ ખુશાલ. ખુશાલદાસ કેવા હતા. એ ઓલા આપણે દરબાર નહિ .. એ કહેતા હતા કે ખાલી ખુશાલદાસને બિચારાને જોયા છે એના બાપને. સાધારણ. પાનસણાવાળા. બહુ સાધારણ. અને હમણાં જ કીધું ને ભાઈ એના બનેવી છે ને આપણે. એણે કીધું કે બે હજાર રૂપિયા અમે આપ્યા ત્યારે દુકાન કરી હતી ૯૯માં. ક્યાં? ગોવામાં. એના બનેવી આવે છે ને. છે ને બહેનની દીકરી આપણે ૫૦ બ્રહ્મચારીમાં એની દીકરી છે. બ્રહ્મચારી છે એની બહેનની દીકરી. એ કહેતા હતા કે અમારા મોટા ભાઈએ બે હજાર ભાગમાં ગોવામાં દુકાન નાખી. બે હજાર આપીને લ્યો. આ ૩૦ વર્ષની રમતું. પૂર્વના પુણ્ય હતા તો થોડી સ્થિતિ થઈ ને જાવ રખડવા ચાર ગતિમાં. એ દસ મિનિટમાં ગુજરી ગયા બિચારા. મુંબઈ. સાંભળ્યું ને ભાઈ? ફુલચંદભાઈ! દસ મિનિટમાં. એની વહુ માટે આવ્યા હતા ને. કાંઈક આ હતું. વહુને આ શું કહેવાય? હેમરેજ હેમરેજ. એમાં દોઢ વાગે ઉઠ્યા. જરીક દુઃખે છે. એના બનેવી તો આપણે આવે છે ને પોપટલાલ. ગયા હમણા. અહીં આવીને પછી ગયા. મહિના સુધી તો વહુને કીધું નહોતું. માંદી હતી ને. મરી ગયા કીધું નહિ. બાયુ મળવા જાય તો ધોળા લૂગડા બહાર કાઢી નાખે. ધોળા લૂગડા પહેર્યા હોય ને મરી જાય ત્યારે. એટલે અંદર જાય તો ધોળા કાઢી નાખે. વળી પૂછે તો? મહિના સુધી તો ખબર પડવા નથી દીધી ધણી મરી ગયો. માંદી હતી ને. દસ મિનિટ. મને કાંઈક દુઃખે છે. ૬૧ વર્ષની ઉંમર. ડોક્ટરને બોલાવો. ડોક્ટર આવ્યા ત્યાં તો ખલાસ થઈ ગયા. દેહની સ્થિતિ તો જે સમયે પૂરી થવાની તે સમયે થવાની. આઘોપાછો એક સમય નહિ થાય ત્રણ કાળ ત્રણ લોકમાં. આહાહા..! જે મુદ્દત છે દેહને છૂટવાની એ મુદતની સમીપ જાય છે આમ. આ કહે છે કે હું મોટો થાઉં છું, ભગવાન કહે છે કે સમીપ જાય છે દેહ છૂટવાની. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના ના બિલકુલ ખોટી. બધું ગપેગપ. બધું સાંભળેલું છે ને. એમ કે શ્વાસ ઓછા લે.. ખબર છે ને બધી વાતું. અનેક અહીં તો ૬૦ વર્ષ થયા દીક્ષાને. બધી વાતું સંસારમાંથી મેં તો જાણી. ઘરની દુકાન. એ કહેતા હતા ને અમારી લાઠીમાં હતા એક વિઠલ શેઠ. વિઠલ લાઠીમાં હતા. એ હળવે હળવે ચાલે. ઉંમર મોટી હતી પણ હળવે હળવે ચાલે. ૭૧ની. મેં કીધું આ હળવે હળવે કેમ બહુ ચાલે

છે? ૭૧ની વાત છે. દીક્ષા લીધી ને. ૭૦માં દીક્ષા. આ ૬૦ પૂરા થાય છે આ માગશર વદ નોમે ૬૦ પૂરા. આ નોમ આવી ને ત્યારે ૬૦ દીક્ષાને પૂરા હોં. ૨૩ વર્ષે દીક્ષા લીધી.

એ કહે કે હળવે હળવે ચાલે તો શ્વાસ ઓછા લેવાય તો આયુષ્ય વધે. ભાઈ કહેતા. તે દિ' હોં ભાઈ! ગપેગપ. ભગવાન તો કહે છે કે જે સમયે દેહ છૂટવાનો કાળ તે સમયે છૂટે છૂટકો. લાખ તારા દેવ આવે અને દેવ ઉતરે, ઈંજેક્શન લગાવે, એક સમય વધે એવો નથી. આહાહા..! એ પહેલાં કરી લે આ નહિતર ચાલ્યો જઈશ એમ કહે છે અહીં. ચાલ્યા ગયા બિચારા. આહાહા..! ચીમનભાઈને .. એ તો ૯૮ની ઉંમર. ચીમનલાલ આપણા મુંબઈમાં છે ને. પૈસાવાળા છે. જોરાવરનગરના ચીમનભાઈ હિંમતલાલ. એના મોટા ભાઈ હતા. પરમ દિ' હતો ને એનો આહાર પરમ દિ' હતો. મોટા ભાઈ આવ્યા હતા. ૫૮ વર્ષની ઉંમર. લ્યો! મારી દીક્ષા પછી તો જન્મ. શેઠ! ૬૦માં દીક્ષા લીધી. આહાહા..! દુકાન ઉપર જ હું તો શાસ્ત્ર વાંચતો હતો. ઘરની દુકાન હતી ને પિતાજીની દુકાન. પાલેજ. પાલેજ છે. આવે છે ને. વચમાં પાલેજ નથી આવતું? ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ. ત્યાં દુકાન હતી અમારે પિતાજીની. તો હું ૫૯ થી ૬૭-૯ વર્ષ રહ્યો દુકાન ઉપર. ૬૮માં છોડી ને ૭૦માં દીક્ષા. દુકાન ચાલુ છે. દુકાન મોટી છે. અઢી લાખની પેદાશ છે વર્ષની દુકાનમાં. મોટી છે દુકાન. એ તો પૂર્વના પુણ્યની વાતું થોથા છે. એમાં કાંઈ ડાહ્યા થાય. ફુલચંદજી બહુ બુદ્ધિવાળા કહેવાય ત્રણ ભાઈમાં. એવું સાંભળ્યું છે. યશોધરજી! એવું સાંભળ્યું છે. કોક કહેતું હતું હોં. નાના ભાઈ બહુ બુદ્ધિવાળા છે. કાંઈ બુદ્ધિથી મળતું હશે આ બધું? એ તો પૂર્વના પુણ્ય હોય છે ને રજકણો, એનો ઉદય આવે ત્યારે એ સોગઠી ગોઠવાઈ જાય. એમાં ઓલું આવે તો આ માને કે મેં ડહાપણથી વ્યવસ્થા કરી માટે આવી.

મુમુક્ષુ :- પણ વ્યવસ્થા તો કરવી પડે.

ઉત્તર :- ધૂળેય કરી શકતો નથી. એય..! ધીરૂભાઈ! આ બહુ વ્યવસ્થાના કરનારા છે.

મુમુક્ષ :- એ તો ..

ઉત્તર :- ધૂળેય કરતા નથી. અભિમાન કરે છે. આહાહા..!

અહીં તો પરમાત્મા બે પ્રકારના ચારિત્ર કહે છે. આહાહા..! એક તો વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ એની પ્રતીતિને દેખવી, એનું આચરણ એટલે ઠરવું. એ સમકિત ચરણ આચરણ. એ તો ચોથે ગુણસ્થાને ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. રાજપાટમાં પડ્યો છે. છ ખંડનો ધણી ચક્રવર્તી ભરત. છન્નું હજાર સ્ત્રી. છન્નું કરોડ પાયદળ. છતાં અંતરમાં એ મારી ચીજ નથી, હું ભિન્ન છું. મારામાં તો શુદ્ધ આનંદકંદ છે તેમાં હું છું. એવું સમકિત આચરણ એને વર્તતું હતું. આહાહા..! અજ્ઞાની ત્યાગી થઈને બેસે, પણ એ રાગની ક્રિયાને પોતાની માને અને સ્વભાવના ભાન નથી તો એ પણ મિથ્યાદર્શનનું ચારિત્ર એ મિથ્યા છે. આહાહા..! એ બેની વ્યાખ્યા કરશે હવે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૨, બુધવાર તા. ૨૧-૧૧-૧૯૭૩**
**ગાથા - ૫, ૬, પ્રવચન - ૪૭**

'**ભાવાર્થ :- ચારિત્રકો દો પ્રકારકા કહા હૈ.**' ચારિત્રને બે પ્રકારનું કહ્યું છે. '**પ્રથમ તો સમકિત કા આચરણ કહા...**' પહેલું તો સમકિતનું આચરણ કહીએ. એ વિના ચારિત્રનું આચરણ એને હોઈ શકે નહિ. એ સમકિતનું આચરણ એટલે શું? સર્વજ્ઞકે '**આગમ મેં તત્ત્વાર્થકા સ્વરૂપ કહા...**' એક તો સર્વજ્ઞ કોને કહે એ નક્કી કરવું પડે અને એનું શાસ્ત્ર ક્યા કહેવાય એ નક્કી કરવું પડે. સર્વજ્ઞ અને સર્વજ્ઞનું આગમ અને એમાં કહેલા તત્ત્વો. '**સર્વજ્ઞકે આગમમેં...**' તો સર્વજ્ઞ પહેલા નક્કી કરવા પડે ને (કે) સર્વજ્ઞ કોણ છે? જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક અખંડપણે જાણવામાં આવ્યા પર્યાયમાં, એવું જે સર્વજ્ઞપણું, એને કહેલા આગમો, સિદ્ધાંત અને એણે કહેલા તત્ત્વો—એવો પહેલા એણે નિર્ણય કરવો પડશે.

મુમુક્ષુ :- બધાનો નિર્ણય જ કરે?

ઉત્તર :- શું કરે? વસ્તુ શું છે એનો નિર્ણય કરવો અને ઠરવું. એ બે વસ્તુ. વસ્તુ કેવી છે એનો નિશ્ચય, નિર્ણય, નિઃસંદેહ, નિઃશંક અને પછી ઠરવું, આ કરવાનું છે. આહાહા..! કરવાનું બીજું શું હોય? '**णियमेण य जं कज्जं**' નિયમથી જે કરવાલાયક છે એ આ. નિયમસારમાં આવ્યું છે ત્રીજી ગાથામાં. આહાહા..! એણે નિશ્ચયથી કરવાલાયક હોય તો આત્મા શું ચીજ છે? આત્મા કોને કહે? સર્વજ્ઞના આગમમાં શું કહ્યું છે? એનો એણે નિર્ણય કરવો પડશે. એ સમકિત ચરણ ચારિત્રમાં '**વહ જો આગમમેં તત્ત્વાર્થકા સ્વરૂપ કહા...**' જોયું ને એમાં તત્ત્વાર્થનું-જીવ, અજીવ, આદિ નવ પદાર્થ. ભગવાનના આગમમાં કહ્યા એ નવ તત્ત્વો.

મુમુક્ષુ :- બીજાએ કહ્યા એ નહિ?

ઉત્તર :- બીજાએ કહ્યા એ નહિ. અહીં તો એ વાત છે. દિગંબર ધર્મમાં સર્વજ્ઞ આગમે જે કહ્યા એ તત્ત્વો. એમ વાત કહે છે આમાં. સમજાણું કાંઈ?

એમણે કહેલા તત્ત્વાર્થ એટલે આત્મા, સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, પુણ્ય, પાપ, બંધ, અજીવ એનું સ્વરૂપ જે સર્વજ્ઞના શાસ્ત્રમાં કહ્યું છે એને '**યથાર્થ જાનકર...**' પાછું. એને બરાબર જાણીને. '**શ્રદ્ધાન કરના...**' એને બરાબર જાણી, સર્વજ્ઞને, સર્વજ્ઞના આગમને, સર્વજ્ઞના આગમમાં કહેલા તત્વાર્થને. આહાહા..! આ તો સાદી ભાષા છે. એનો યથાર્થ નિર્ણય પાછો. યથાર્થ જ્ઞાન કહ્યું ને? સાધારણ વાત જાણી એમ નહિ. યથાર્થ જેમ છે તેમ. દેવનું સ્વરૂપ, ગુરુનું સ્વરૂપ, તત્ત્વાર્થનું સ્વરૂપ જેવું છે એવું એને સમ્યક્ સત્ય નિર્ણય કરવો પડશે, સુખી થવું હોય તો. આ દુઃખના પંથે પડ્યો છે

અનાદિથી.

'**શ્રદ્ધાન કરના ઔર ઉસકે શંકાદિ અતિચાર મલ દોષ કહે,...**' એમાં જે શંકા આદિ દોષ કહ્યા છે એને ટાળે. '**ઉનકા પરિહાર કરકે શુદ્ધ કરના...**' પરિહાર કરીને સમ્યગ્દર્શનને શુદ્ધ કરવું, સમ્યક્ ચરણ ચારિત્રને શુદ્ધ કરવું. આહાહા..! '**તથા ઉસકે નિઃશંકિતાદિ ગુણોંકા પ્રગટ હોના...**' શંકાદિ અતિચારનો પરિહાર નિઃશંકાદિ ગુણોનું પ્રગટપણું. અસ્તિ-નાસ્તિ કરી. શંકાદિ દોષોનો નાશ, ત્યાગ, નિઃશંકાદિ ગુણોની એટલે પર્યાયની પ્રગટતા. ગુણ શબ્દે પર્યાય છે. '**યહ સમ્યક્ત્વચરણ ચારિત્ર હૈ...**' એ સમ્યગ્દર્શનનું ચરણ ચારિત્ર છે. આહાહા..!

મુમુક્ષુ :- મુક્તિથી..

ઉત્તર :- મુક્તિની જ વાત કરી. વ્યવહારની વાત છે ક્યાં અહીંયા? કહો, સમજાણું કાંઈ? વ્યવહાર એ કાંઈ વસ્તુ નથી. વસ્તુ આ છે એ જ વસ્તુ છે. વ્યવહાર એ તો વિકલ્પ છે, એ કોઈ પદાર્થ નથી. એમાં એ આવી ગયું. પુણ્ય-પાપના વિકલ્પનો પણ નિર્ણય કરવો એ આવી ગયું. નિર્ણય કરવો. આહાહા..! અરે..! ચોર્યાસીના અવતારમાં દુઃખી.. દુઃખી... દુઃખી.. થઈ રહ્યો. આહાહા..!

અનુકૂળતા હોય જ્યાં સુધી બહારની, ત્યાં સુધી એને એમ લાગે આપણે સુખી છીએ. ઠીક પડે ઊભા છીએ. કંઈક આપણે વ્યવસ્થિતમાં છીએ. પણ પ્રતિકૂળતા આવે જે ક્ષણે. આહાહા..! રાડ નાખી જાય. મગજ ફરી જાય. આહાહા..! ડાહ્યો જબરો એ મગજ ફરી જાય. બબ્બે વર્ષ, પાંચ પાંચ વર્ષ રોગ ચાલે. ઘરના માણસો કંટાળે. કે હવે આમાં જીવવાનો તો છે નહિ. એને માટે પૈસા ખર્ચવા, રોકાવું તો બધું મફતમાં જાશે. વેઠ... આહાહા..! લોકો મધ્યસ્થથી જોવે તો ખબર પડે. નક્કી થઈ જાય કે હવે તો આમાં બચવાનો નથી. ગમે તેટલા પૈસા ખરચીયે, ગમે તે આને માટે રોકાઈએ તો આપણો વખત જાય. ધીરૂભાઈ! એવું છે હોં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે.. ગમે તે હોય નહિ. આહાહા..! એ વખતે એકલા ટળવળતા. કોઈ સહાય નહિ, મદદ નહિ, સહાય કરનાર તો આત્મા, એની તો ખબર ન મળે. આહાહા..! ટળવળતો ટળવળતો રાડું પાડતો. પાડી ન શકે અવાજમાં તો અંદરમાં પોકાર.. પોકાર.. હાય.. હાય! એવા ભવ અનંતા કર્યા એણે ભાઈ! એને આત્માનું સમ્યગ્દર્શનચરણ ચારિત્ર પ્રગટ ન કર્યું. એટલે પહેલામાં પહેલું સમ્યક્ચરણ ચારિત્રની વ્યાખ્યા છે આ. આહાહા..!

કહે છે કે '**ઔર જો મહાવ્રત આદિ...**' પહેલી સમ્યક્ચરણ ચારિત્રની વાત કરી. કે સર્વજ્ઞે કહેલા આગમમાં કહેલા તત્ત્વાર્થો. એને યથાર્થ જાણીને શ્રદ્ધા કરવી. જાણીને શ્રદ્ધા કરવી એમ કીધું છે. જ્ઞાનમાં આવ્યા વિના શેની શ્રદ્ધા? સમજાય છે? વસ્તુ એના ખ્યાલમાં ન આવે, જાણીને એની શ્રદ્ધા! ખ્યાલમાં ભાવમાં ભાસન થાય કે આ આત્મા છે, આ જડ છે, આ પુણ્ય-પાપના ભાવ છે, આવી

સંવર, નિર્જરા, મોક્ષની દશા આને કહીએ, એવું એના ભાનમાં યથાર્થપણે જ્ઞાન થઈને શ્રદ્ધાન કરે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? પ્રથમમાં પ્રથમ આ કર્તવ્ય છે. બાકી બધા થોથે થોથાં છે જગતમાં. આહાહા..!

બીજું. '**મહાવ્રત આદિ અંગીકાર કરકે...**' શબ્દ તો ત્યાંથી લેશે ને શાસ્ત્ર હવે બધો? મૂળ તો અંદરમાં સ્વરૂપની સ્થિરતા તે ચારિત્ર છે. પણ આવા મહાવ્રત હોય. અહીંયા મહાવ્રત એટલે જે મહાવ્રત અંગીકાર કરે એને અંદર સ્થિરતા કેટલી હોય? એનું સાથે લઈ લેવું. જેને મહાવ્રતના પરિણામ હોય વિકલ્પ એને અંદર નિર્વિકલ્પતા સ્થિરતા કેટલી હોય એ સાથે જાણી લેવું. સમજાણું કાંઈ? પણ ઓલા લોકો આળ દે ને એટલે જુઓ આ ચારિત્ર છે. મહાવ્રત એ ચારિત્ર. પણ વ્યવહારે સ્વરૂપની સ્થિરતા બતાવવા માટે આ એક સાધન છે.

મુમુક્ષુ :- વ્યવહાર કારણ નિશ્ચયને...

ઉત્તર :- બતાવે છે ઓલાને. આનું વજન ક્યાં છે? જેને પંચમહાવ્રતના પરિણામ થાય સાચી રીતે પ્રગટ, એને અંદરમાં સ્થિરતા ચારિત્રની ત્રણ કષાયના અભાવની હોય જ. એને ચારિત્ર કહેવાય છે. પણ આ મહાવ્રત દ્વારા ... જેણે મહાવ્રતના આવા પરિણામ થયા એ દ્વારા કીધું ને ત્યાં? પ્રવચનસારમાં નહિ? પ્રવચનસારમાં કહ્યું. ... દ્રવ્યં ચરણ ચારિત્ર ન આવ્યું? ચરણાનુયોગમાં. દ્રવ્યને લક્ષે કાં વિકલ્પને લક્ષીને. આવે છે એ. પણ દ્રવ્ય એટલે પર્યાય નિર્મળ. નિર્મળ પર્યાય ત્યાં દ્રવ્ય લેવું છે. નિર્મળ પર્યાયને જાણીને અને કાં એની સાથે શરૂઆતનો વિકલ્પ છે એને જાણીને આહાહા..! એ ત્યાં મહાવ્રતના વિકલ્પ એમ લેવું.

જેને અંદર વર્તમાન મહાવ્રતના પરિણામ વિકલ્પરૂપે વર્તતા હોય એણે અંતરમાં ચારિત્ર નિર્મળ સ્થિરતા હોય જ. સમજાણું કાંઈ? એને અહીં લેવું છે. એકલા મહાવ્રતના પરિણામ હોય અને અંદર ચારિત્ર સમકિત નથી એ વસ્તુ નથી. આહાહા..! '**મહાવ્રત આદિ અંગીકાર કરકે સર્વજ્ઞકે આગમમેં કહા વૈસે સંયમકા આચરણ કરના,...**' ભગવાને કહ્યું અનંત સ્વરૂપમાં લીનતા, આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં લીનતા, રમણતા, .. જામી જવું એનું નામ સંયમચરણ ચારિત્ર છે. આહાહા..!

'**ઔર ઉસકે અતિચાર આદિ દોષોંકો દૂર કરના,...**' અસ્તિ પહેલું લીધું. ઓલામાં પહેલું ઓલું લીધું. શંકા આદિ નાશ કરી નિઃશંક આદિ કરવું એમ લીધું. અહીંયા સંયમનું આચરણ કરવું અને અતિચાર આદિ દોષોને દૂર કરવા એમ. એ તો આ અસ્તિ-નાસ્તિની વાત. '**સંયમચરણ ચારિત્ર હૈ, ઈસપ્રકાર સંક્ષેપસે સ્વરૂપ કહા.**' લ્યો! છે ને મૂળ પાઠ? '**जिणणाणसदेसियं**' '**सदेसियं**' છે. સંક્ષેપમાં કહ્યું.

'**આગે સમ્યક્ત્વચરણ ચારિત્ર કે મલ દોષોંકા પરિહાર કરકે આચરણ કરના કહતે હૈં :**' બહુ વાત આ મુદ્દાની રકમની વાત છે આ. ભગવાન સર્વજ્ઞ એમના કહેલા સિદ્ધાંત, એમના કહેલા તત્ત્વો. દેવનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન અને શાસ્ત્રએ કહેલા તત્ત્વાર્થનું જ્ઞાન. સમજાણું કાંઈ? બહુ વાત આવી

છે. વાડા બાંધીને બેઠા. તકરારું... તકરારું... અતડાઈ લાગે. અતડાઈ નથી બાપુ! વસ્તુ આમ છે. સર્વજ્ઞ... સર્વજ્ઞ એટલે એક સમયમાં જેને જ્ઞાન ને દર્શન ... એક સમયમાં જેને દર્શન અને જ્ઞાન, દર્શન ભેદ વિના દેખે, જ્ઞાન ભેદથી જાણે. એને અદ્‌ભુતરસ કીધો છે.

જે દર્શન આત્માની પર્યાય એ જ સમયની ત્રણ કાળ ત્રણ લોકને ભેદ વિના સામાન્યપણે દેખે. આ જીવ છે ને અજીવ છે કાંઈ ભેદ નહિ. આહાહા..! અને એ જ સમયની જ્ઞાનની પર્યાય, એક એક દ્રવ્ય, ગુણ, પર્યાય, પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ ભિન્ન ભિન્ન કરીને એક સમયમાં આટલું બધું જાણે. આહાહા..! દર્શન ને જ્ઞાનની અદ્‌ભુતતા છે. સમજાણું કાંઈ? દર્શન અને જ્ઞાનવાળા જીવે જે વાણી કરી, કીધી એ વાણીને આગમ કહે છે. અને એ આગમમાં જે તત્ત્વાર્થ કહ્યા એનું યથાર્થ જ્ઞાન કરીને એની શ્રદ્ધા કરવી. આહાહા..! એમાં બહુ જાણવામાં રોકાવું પડે. આ બી.એ.માં ભણતા કેટલા વર્ષ નથી જતા? એમ.એ અને બી.એ. ભણતા .. ક્યાં સુધી ભણશે? પચ્ચીસ વર્ષની ઉંમર સુધી. આહાહા..! તો આને અનંત સંસારનો નાશ કરવો છે. અને આત્માની વસ્તુની પ્રાપ્તિ કરવી એને માટે થોડો કાળ એને માટે જોઈશે કે નહિ? જેના સપનામાં પણ એ આવે. શ્રદ્ધા, જ્ઞાન આ માર્ગ છે.. આ માર્ગ છે... જેને રાત દિવસનું ઘોલન હોય એને રાતમાં એ સપના આવે. કહો, સમજાણું કાંઈ?

આવે છે ને જેને સપને પણ .. એવું આવે છે ને અષ્ટપાહુડમાં? નગ્નપણું, મુનિપણું. નગ્નપણું, મુનિપણું જેને સપનામાં પણ .. આગળ આવે છે. આહાહા..! એને સપનામાં પણ જે નગ્નપણું દેખાય એ શું કરે? આહાહા..! એ તો ધર્માત્માને તો નગ્નપણાની દશા મુનિની સપનામાં આવે તો રાજી થાય ને ખુશી થાય. ઓહો..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે. '**સમ્યક્‌ચરણ ચારિત્રકે મલ દોષોંકા પરિહાર...**'

**एवं चिय णाऊण य, सव्वे मिच्छत्तदोस संकाइ।**
**परिहर सम्मत्तमला, जिणभणिया तिविहजोएण।।६।।**

'**जिणभणिया**' આમ શબ્દ આચાર્ય નાખે છે. આહાહા..! જિનેશ્વરે કહ્યું છે, ભગવાને કહ્યું છે ભાઈ! આહાહા..! પહેલા એ આવી ગયું. કેવળી '**जिणभणिया**'. જિનેશ્વર તીર્થંકરદેવ એ જ્યારે કેવળજ્ઞાન પામે ત્યારે જ ઉપદેશ કરે છે. આહાહા..! પહેલા આવી ગયું દર્શનપાહુડમાં. કેવળી '**जिणभणिया**' તીર્થંકરનો આત્મા જ્યારે કેવળજ્ઞાન પામે પૂર્ણ ત્યારે એને '**भणिया**' ત્યારે તે ઉપદેશ કરે છે. એ વિના એનો ઉપદેશ હોય નહિ. આહાહા..! બીજા છદ્મસ્થો કહે પણ એમના કહેલાનો અનુવાદ કરે. અનુસરીને કહે એમ. અનુસરીને કહે. આને અનુસરવાનું નથી, આ તો સીધું કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**અર્થ :- એસે પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વાચરણ ચારિત્રકો જાનકર...**' જુઓ! '**णाऊण**' છે ને? '**णाऊण**' '**ઐસે પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વાચરણ ચારિત્રકો...**' સમકિતચરણ ચારિત્ર. એને

જાણીને. આવું સમ્યક્ત્વચરણ ચારિત્ર તો નરકમાં પણ છે. નારકીમાં છે. સાતમી નરકના નારકી સમકિતીમાં છે. આહાહા..! જેને એક કણ આહારનો મળતો નથી, પાણીનું બિંદુ મળતો નથી, જેની તૃષામાં સાધારણ પાણીના દરિયા નાખો અનંત તોપણ એની તૃષા ન તૂટે એટલી તો તૃષા. આહાહા..! આ બરફના બરફના પાણી ઓગાળીને આપે એને, તોપણ એની તૃષા ન છીપે એટલી તૃષા. આહાહા..! અને મળે નહિ એક બિંદુ. એવી અગવડતામાં પણ સમ્યક્ચરણ ચારિત્ર પ્રગટ કરે છે. અહીં તો બધું સરખાઈ છે તો મારાને નવરાશ નથી મળતી. આહાહા..! દુનિયાના અનાજના ઢગલા, ખવડાવે તો જેને ક્ષુધા ન મટે એટલી તો ક્ષુધા છે. એને કણ મળતો નથી. એવા નરકના નારકીઓ પણ ભગવાન આત્મા સમકિતચરણ ચારિત્ર પ્રગટ કરે છે. આહાહા..! એને બહારના સાધનો ઠીક હોય તો કરે એવું કાંઈ છે નહિ.

અને પ્રતિકૂળતા હોય બહારની ઘણી.. આહાહા..! કોઈ સેવા-ચાકરી કરનાર ન હોય. એકલો વાંઢો-વાંઝી. પાંચ રૂપિયા પેદા કરવાની શક્તિ ન હોય, કોઈ લૂલો હોય, કોઈ .. ગયો હોય, ચાલવાની શક્તિ ન હોય. આહાહા..! એવા સ્થાનમાં પણ આત્મા સમ્યગ્દર્શનચરણ ચારિત્ર કરી શકે છે એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ છે ને પોતે. પદાર્થ આત્મા અનંત આનંદનો નાથ એની એને અંતર્મુખ દૃષ્ટિ કરીને રુચિ કરી અને આ નિઃશંકાદિ પર્યાય પ્રગટ કરવી એનું નામ સમ્યક્ચરણ ચારિત્ર કહેવાય છે. ઢોરને હોય છે. આહાહા..! અસંખ્ય તિર્યંચ છે. એને પણ હોય છે. ચકલા, કાગડા, પશુ, પંખીને હોય છે. અઢી દ્વીપ બહાર કેટલાક. જેને અનાજ તો કાંઈ અત્યારે ખાય એ ખાય. પછી પડ્યું છે અનાજ એને માટે? આ ચકલા જુઓ બિચારા. દિવસે મળ્યું એ મળ્યું. રાત ચાર પહોર બેસી રહેશે. પાણીનું બિંદુ નહિ, આહારનો કણ નહિ. ચોવિહાર હોય છે એને. ત્યારે આટલો ત્યાગ છે. ચકલાઓ .. બચ્ચું રાતે આપે કોઈ? પાણીનો બિંદુ આપે કોઈ? ઘાસ અનાજનો કણિયો આપે? એને અનાજ હોય છે ને. ઘાસ ન હોય. આહાહા..! એવી સ્થિતિમાં પંખીના પ્રાણ હોય ત્યાં પણ આત્મપ્રાણ અંદર જીવતા છે ને. એની અંતર સન્મુખ થઈ જાય છે.

મુમુક્ષુ :- અમારી શું ભૂલ છે પ્રભુ?

ઉત્તર :- આ નથી કરતો માટે. ક્યાંક એને પર્યાયમાં, રાગમાં એને રસ છે. ક્યાંક એને રસ છે રસ. ક્યાંક અટક્યો છે માટે અંદર જાતો નથી. વાત તો એમ જ છે. આહાહા..! કાળલબ્ધિની વાતું. મૂળ તો આ છે. રુચિને કાંઈક રુચાઈ ગયું છે અંદર. એને ખબર નથી. આહાહા..!

કહે છે '**સમ્યક્ત્વચરણ ચારિત્રકો જાનકર...** ' આહાહા..! '**મિથ્યાત્વ કર્મકે ઉદયસે હુએ શંકાદિક દોષ સમ્યક્ત્વકો અશુદ્ધ કરનેવાલે મલ હૈં...**' આહાહા..! હજી તો સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્રની ખબર ન મળે. આહાહા..! આ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનવા, જાણવા કે આ ખોટા છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જાણવા કે આ સાચા છે. એમાં કેટલો આંતરો પડશે? આહાહા..!

ઝીણી વાત છે, પોતાના અંતરમાં ઉતરવાની વાત ઝીણી છે. આહાહા..! કહે છે '**મિથ્યાત્વ કર્મ કે ઉદયસે...**' ઉદય એટલે પોતે શંકા કરે છે એટલે એને ઉદય કહેવાય એમ. '**શંકાદિક દોષ સમ્યક્ત્વકો અશુદ્ધ કરનાવાલે મલ હૈં...**' એ આત્માની શ્રદ્ધાને દોષ ઉત્પન્ન કરનારા, અશુદ્ધ ઉત્પન્ન કરનારા મળ છે. '**ઐસા જિનદેવને કહા હૈ,...**' વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથે એમ કહ્યું. ભાઈ! તને મિથ્યાત્વના ઉદયમાં જોડાતા જે શંકાદિ થાય એ સમકિતને અશુદ્ધ-મલિન કરનારા છે.

'**ઈનકો મન, વચન, કાયકે તીનોં યોગોંસે છોડના.**' મન ને વચન ને કાયા ત્રણે યોગથી ભગવાન આત્માનો શુદ્ધ આનંદ સ્વરૂપ એની દૃષ્ટિ કરીને આવા શંકાદિ દોષ ટાળવા. એટલે ઉત્પન્ન થાય નહિ. આહાહા..! પહેલી આ ભૂમિકાની વાત આવે છે. ધર્મની પહેલી ભૂમિ. ચારિત્ર તો પછી હોય. આ ન હોય ત્યાં ચારિત્ર હોય નહિ.

'**ભાવાર્થ :- સમ્યક્ત્વાચરણ ચારિત્ર,...**' લ્યો આચરણ થયું એ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન નિર્વિકલ્પ અભેદ એની અંતર દૃષ્ટિથી સમકિતચરણ ચારિત્ર છે. એ આચરણ ચારિત્ર છે. સ્વરૂપનું આચરણ થયું. દર્શન આચાર. છે ને? આહાહા..! એ દર્શન આચાર વિનાનું ચારિત્ર આચાર હોઈ શકે નહિ. એની મૂળની ખબર ન મળે પછી ઉપરથી આ વ્રત લઈ લીધા અને સાધુ થઈ ગયા અમે. પછી નીચે ઉતરવું ભારે કઠણ. આહાહા..! '**સમ્યક્ત્વાચરણ ચારિત્ર, શંકાદિ દોષ સમ્યક્ત્વકે મલ હૈ ઉનકો ત્યાગને પર શુદ્ધ હોતા હૈ,...**' લ્યો! શંકાને .. શંકાનો ખુલાસો કરશે નીચે.

'**ઈસલિયે ઈનકો ત્યાગ કરનેકા ઉપદેશ જિનદેવને કિયા હૈ.**' નિઃશંક આત્મા આનંદસ્વરૂપ, રાગ દુઃખરૂપ, ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો એ દુઃખરૂપ, વસ્તુ ભગવાન આત્મા આનંદરૂપ. બસ એમાં બધું આવી ગયું. પુણ્ય ને પાપ ને આસ્રવ ને બંધ એ દુઃખરૂપ. સંવર, નિર્જરા અને મોક્ષ એ સુખરૂપ અને વસ્તુ ત્રિકાળી સુખરૂપ. આહાહા..! સમજાણું કાંઈ? આ તત્ત્વાર્થનું જ્ઞાન કરીને આ શ્રદ્ધા કર એમ કહે છે. ભગવાન આત્મા આનંદરૂપ એનો આશ્રય કરીને જે સંવર, નિર્જરા અને મોક્ષ થાય એ આનંદની પર્યાય પણ આનંદરૂપ અને પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એ વિકાર એ દુઃખરૂપ. આ સુખરૂપ, એ સુખનું સાધન... આ નવ તત્ત્વનું યથાર્થ જ્ઞાન કરીને. આહાહા..!

મુમુક્ષુ :- ટૂંકામાં એવી વાત આવી ગઈ.

ઉત્તર :- આ વાત તો એમ જ છે ને. પણ માળે દરકાર કરી નથી દરકાર. આહાહા..!

'**एवं चिय णाऊण**' શબ્દ છે ને? જાણીને. જાણ તારા જ્ઞાનમાં વાત આવી જોઈએ ને કે આ આત્મા આનંદસ્વરૂપ છે એને આશ્રયે થતી દશા સંવર, નિર્જરા, મોક્ષ તે આનંદની દશા છે અને પુણ્ય, પાપ, આસ્રવ, બંધ તે દુઃખદશા છે. આહાહા..! બસ આનંદ અને દુઃખમાં નવેય તત્ત્વનું જ્ઞાન આવી જાય છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપનો ભાવ ઉત્પન્ન થાય એ દુઃખરૂપ છે. નવનીતભાઈ! આહાહા..! અને ભગવાન આત્મા આનંદની મૂર્તિ ચૈતન્ય સુખરૂપ ધામ છે. એવું જેણે પ્રતીત કર્યું એની

પર્યાયમાં પણ આનંદ આવ્યો. આવો જે ભગવાન આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ પ્રભુ, એની જેણે સન્મુખ થઈને આશ્રય લીધો. એની પર્યાયમાં પણ એ જાતની જાત અંદરમાં આવી. આનંદની જાત આવી એને સંવર-નિર્જરા કહે છે. એ શુદ્ધિની ઉત્પત્તિ તેને સંવર, શુદ્ધિની વૃદ્ધિ તેને નિર્જરા અને શુદ્ધિની પૂર્ણતા તેને મોક્ષ. આહાહા..! અને પુણ્ય અને પાપના ભાવ જે અશુદ્ધ એ અટક્યો એ ભાવબંધ પણ અશુદ્ધ. એ આસ્રવ એને પુણ્ય-પાપના બંધ બધું એમાં આવી ગયું. આહાહા..! એ દુઃખરૂપ. ભગવાન સુખરૂપ. એને આશ્રયે થતી દશા સુખરૂપ, પૂર્ણદશા આનંદ એ પણ સુખરૂપ. ધીરૂભાઈ! આ બધું સમજવું પડશે આ. બહારમાં બધા ગપ્પા ચાલે. વાતું ત્યાં કરે બધા ઓહોહો..! કેટલી ... આ વસ્તુ વિના બધું થોથે થોથાં છે. આહાહા..!

જિનદેવે એમ કહ્યું. કીધું ને કે એને મળાદિનો ત્યાગ કરી, **'ત્યાગને પર શુદ્ધ હોતા હૈં, ઈસલિયે ઈનકો ત્યાગ કરનેકા...'** કેમ? સમકિતમાં શંકાદિક દોષ છે. આહાહા..! આત્મા કેમ હશે? સંવર-નિર્જરા કેમ હશે? પુણ્ય-પાપ દુઃખરૂપ કેમ હશે? એવી જે શંકા એનો ત્યાગ કરવો. આહાહા..! નિઃશંક રીતે પુણ્ય અને પાપા ભાવ દુઃખરૂપ છે. નિઃશંક રીતે ભગવાન આત્મા આનંદસ્વરૂપ સુખરૂપ છે. એક આવ્યું હતું ને. અને એવો પ્રભુ જેણે સ્વીકાર્યું, જે દશાએ એને સ્વીકાર્યો, જે પર્યાયે એને-પર્યાયવાનને સ્વીકાર્યો એ પર્યાય પણ સુખરૂપ થઈ. મોક્ષનો માર્ગ એ સુખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ એ દુઃખરૂપ નથી કે અરરર..! આ સહન કરવું પડે. એ બધી વાતું સંસારની કરે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખાંડાની ધાર.

ઉત્તર :- ખાંડાની ધાર નથી, આ તો છે ખાંડની ધાર. ખાંડખાંડ. ખાંડની ધારે. ખાંડાની નહિ. ખાંડાની ધાર એટલે તલવાર. આ ખાંડની ધાર. ભગવાન આનંદની ખાણ છે એમાં આશ્રય કરે ત્યાં પર્યાય ખાંડ આનંદ નીકળે. આહાહા..! એમાં દુઃખ ન હોય, એના આશ્રયે થયેલી દશામાં દુઃખ ન હોય. એ સુખ જ હોય. એવી નિઃશંકતા આદિ ભાવને પ્રગટ કરી, શંકા આદિ દોષને ટાળવા એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આવું બેસવું મુશ્કેલ હવે આમાં તો. કાંઈ કરવું હોય તો મુશ્કેલી લાગે. એ કરવું સૂઝ પડતી નથી. આ સૂઝ પડે છે. બે-પાંચ લાખ રૂપિયા આપ્યા, લોકો જાણે, તકતી ચોડે, નામ પડે.

મુમુક્ષુ :- છાપામાં આવે.

ઉત્તર :- છાપામાં આવે. જુઓ. તું ત્યાં ગ્યો ચોપાનિયામાં? તું તો અહીં છો. આહાહા..! એણે સત્યને સત્યના સત્ત્વનો જેમ છે તેમ એણે નિર્ણય કરવો પડશે. એ નિર્ણય સ્વસન્મુખ થઈને કરે એનું નામ નિર્ણય. આહાહા..! જે નિર્ણયમાં જે નિર્ણયમાં જે વસ્તુમાં છે એનો એક અંશ આવે નિર્ણયમાં ત્યારે એનો નિર્ણય કર્યો કહેવાય. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા અનાકુળ આનંદની ખાણ એવો એ પદાર્થ, એને જાણીને શ્રદ્ધવું. કહે છે એને જાણીને શ્રદ્ધવું એમ કીધું ને? **'णाऊण'** આહાહા..!

જાણ્યા વિના શું? એના જ્ઞાનમાં એ ચીજ જ આવી નથી. એને જાણ્યા વિના આ છે એમ શી રીતે માનવું? આહાહા..! માર્ગ એવો અલૌકિક છે. એના ફળ પણ અલૌકિક છે ને. આહાહા..! માર્ગ પ્રગટ થતાં આનંદ અને પૂર્ણ થતાં પૂર્ણ આનંદ. .. માર્ગ. આહાહા..! તત્કાળ.

‘**સમ્યક્ત્વાચરણ ચારિત્ર, શંકાદિ દોષ સમ્યક્ત્વકે મલ હૈં ઉનકો ત્યાગને પર શુદ્ધ હોતા હૈ,...**’ ‘**तिण्हं पि सोहणत्थे**’ શબ્દ આવ્યો હતો ને ચોથી ગાથામાં. ત્રીજું પદ. ‘‘**तिण्हं पि सोहणत्थे, जिणभणियं दुविह चारित्तं**’ એ ચાલે છે આમાં. તેના પણ .. શુદ્ધિને માટે. એમ કહ્યું ને? દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધિને માટે ‘**जिणभणियं दुविह चारित्तं**’ ભગવાને બે પ્રકારનું ચારિત્ર, સમકિતચરણ ચારિત્ર અને સંયમ એની શુદ્ધિને માટે આ બે કહ્યા છે. સમજાણું કાંઈ? શું કહેવા માગે છે એ પકડાવામાં હજી તો આ શું? ચંદુભાઈ! આહાહા..!

‘**વે દોષ ક્યા હૈ વહ કહતે હૈં—જિનવચનમેં વસ્તુકા સ્વરૂપ કહા...**’ વીતરાગની વાણીમાં જે આત્મા પુણ્ય-પાપ, સંવર-નિર્જરા, મોક્ષ આદિ કહ્યા. ‘**ઉસમેં સંશય કરના...**’ સંશય કરના. કેમ હશે? એ શંકાદોષ છે. સર્વજ્ઞપણું કેમ હશે? મોક્ષની દશા શું હશે? આત્મા આવો અનંત આનંદસ્વરૂપ, અનંતગુણથી કેમ હશે? એવી જે શંકા મળરહિત થાય. એ સમકિતચરણ ચારિત્ર એની શુદ્ધિને માટે આ કહ્યું છે. આહાહા..! નિર્મળ માટે આ વાત કરી છે અંદરમાં.. ભગવાન આત્મા... શંકા નહિ. એ શંકાને કાઢ એમ કહે છે ને? સંશય કરવો. આવું પરમાત્મા એક સમયમાં અનંતગુણવાળું આ તત્ત્વ છે અને .. કહ્યું છે. ... ... એના ઓલા છે ને. દાદર-દાદર. એય..! કામદાર! છે કે નહિ? છે. દાદર નહિ ઓલો સંઘવી? ..કામદાર. છોકરા બહુ સારા. .. એવી .. બિચારાને ગૃહસ્થ. નાના નાના છોકરા ૧૪-૧૪ વર્ષના. દાદર રહે છે દાદર. ... .... આહાહા..! આજ તો ભારે .. એકદમ .. આ .. ... ગામડાને પાદર આ શું? લોકો એ બધા આપણા જાણીતા બધા સમજનારાને. ગુજરાતી. ત્રણ હજાર, બત્રીસો માણસ. બહારનું આવેલું. મોટો પંડાળ આઠ હજાર માણસોનો. આ શું? ઓલા કહેતા હતા. ..ભાઈને એ. આહાહા..!

માર્ગ તો આ છે બાપુ! શહેરમાં કહેવાય, જંગલમાં કહેવાય, ગામડામાં કહેવાય કે પાદરમાં કહેવાય. એ જંગલ બહાર જ છે ને. ગામ કરતા બહાર. એય.. .. બે દિવસમાં પોણા બે લાખનો ખર્ચો. .. એક લાખ આપ્યા. સવારે કહેતા હતા. બહારવાળા ઓછો ખર્ચ બતાવે અને અંદરવાળા ઝાઝું બતાવે. પેદાશમાં અંદરવાળો થોડું બતાવે, બહારવાળો વધારે બતાવે. એવું કાંઈ નથી. ગામવાળા ખર્ચ વધારે કહે, પેદાશ ઓછી કહે. કેમકે આવ્યા હોય.. બહારવાળા પેદાશ વધારે કહે અને ખર્ચ ઓછો કહે. બરાબર આવે ને જેવું હોય એવું. આમાં તો બે લાખનો ખર્ચો થયો. હજી તો પોણા ત્રણ લાખ .. અઢી લાખ સુધી.. બે લાખનો ખર્ચો, પોણા બેનો ખર્ચો. એમ કરતા કરતા બહારવાળા કહે એક લાખ ને સાંઈઠ હજારનો ખર્ચ થાશે. અઢી લાખ રૂપિયા થયા એમ આવ્યું. અરે..!

મુમુક્ષુ :- અનુમાન હોય ને.

ઉત્તર :- અનુમાનથી નહિ. અંદરથી જરીક ખેંચાતાણ હતું. ઓલું તો .. હોય અનુમાનમાં તો ફેર પડે. એ જુદી વાત છે. અને ઓલું અટકળ કરીને વધારે ખેંચે અને આ ઓછું ખેંચે. એટલે. આ તો .. વાત છે. અહીં તો બોલતા હોય એમાં.. આહાહા..!

અહીં કહે છે કે વીતરાગના માર્ગની અંદર ભગવાને જે આત્મા કહ્યો એ અનંતગુણવાળો અને એક એક ગુણ અનંત સામર્થ્યવાળો, એની જે શંકા થાય એ ટાળવી કેમ? વસ્તુ એવી જ છે. એમ સમ્યગ્દર્શનનું ચરણ, સમ્યગ્દર્શનનું ચરણ એણે પગલા માંડ્યા. આહાહા..! સમ્યકચરણ ચારિત્ર એમ કીધું ને? સમ્યક્ પગલા માંડ્યા. નિઃશંકતા નામ શંકાના નાશના. આહાહા..! પહેલું આ કરવાનું છે. બાકી બધી વાતું થોથા છે. આહાહા..! આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ છે. ..ભાઈ! ત્યાં એ મળે એવું છે? મુંબઈમાં. આહાહા..! વસ્તુ પોતે પ્રભુ છે ને આત્મા. એની દરેક શક્તિ પ્રભુત્વ ધારણ કરે છે. આત્મામાં અનંત શક્તિઓ છે. શક્તિ એટલે ગુણ. ગુણ એટલે સ્વભાવ. અથવા સત્‌નું એ સત્ત્વ. એ એક એક સત્ત્વમાં અનંત સામર્થ્ય છે. એવી એવી અનંતી શક્તિવાળો અનંત સામર્થ્યનો ધણી પ્રભુ છે. એની પ્રભુતાની એક એક શક્તિમાં શંકા ન કરવી. અને આખું પ્રભુત્વ સ્વરૂપ એમાં શંકા ન કરવી. આહાહા..! એવી વાત છે. આહાહા..! કેટલું જોર છે એમાં.

વર્તમાનદશામાં આવો આત્માનો સ્વીકાર કરવો અને વર્તમાનદશાનો પણ સ્વીકાર થવો કે આ સંવર આ જ છે, સમકિત આ જ છે, આ નિર્જરા શુદ્ધિ કીધી આ જ નિર્જરા છે. સમજાણું કાંઈ? આની સિદ્ધિ પૂર્ણ થશે એટલે એનું નામ મોક્ષ થશે. આ અસ્તિથી વાત લીધી. નાસ્તિથી પછી આમ થતાં ઓલી નાસ્તિ થઈ જશે. પુણ્ય-પાપ, આસ્રવ-બંધનો અભાવ થતો જાય છે, એમ. એને શંકા આદિ જે થાય એ ટાળવા. કહો, સમજાણું? એ તો વસ્તુ, એનો મોક્ષનો માર્ગ અને બંધનો માર્ગ એ બધું એમાં આવી ગયું. નવ તત્ત્વમાં બંધનો માર્ગ એ પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એ બંધમાર્ગ છે. મોક્ષમાર્ગ સંવર, નિર્જરા અને મોક્ષ એ મોક્ષનો માર્ગ. બસ. આનો વ્યય, આનો ઉત્પાદ, આને આશ્રયે. એને બરાબર જાણી, એમાં શંકાને સ્થાન નથી. એવું સંશય દૂર કરી નિઃશંકપણે આત્માનો આશ્રય કરી.

'**ઈસકે હોને પર...**' .. કોના હોવાથી? આ શંકા. '**સપ્તભયકે નિમિત્તસે...**' શંકા થનારને .. સાત પ્રકારના ભય ઉત્પન્ન થાય છે. નિઃશંકમાં નિર્ભય લીધું છે ને એ નિર્ભય. '**સપ્તભયકે નિમિત્તસે...**' એ મેળવે છે. નિઃશંકતા કહો, નિર્ભયતા કહો, શંકા કહો કે ભય કહો. એમ. આહાહા..! ભારે વાતું. આવી બધી સાંભળવા મળવી મુશ્કેલ પડે છે. વસ્તુ ભગવાન આત્મા જે વસ્તુ છે અને એનો આશ્રય થઈને સંવર, નિર્જરા, મોક્ષ છે એને જે કરવાલાયક .. છે એમાં જો શંકા થાય તો એને ભય થાય. કારણ કે અંદરમાં જે નિર્ભય વસ્તુ છે એ ઉપર રહી શકે નહિ. ભય થાય અંદરથી. શું થશે મારું? આ શું? આ શું? સમજાણું કાંઈ? પોતે જે રીતે છે એ રીતે એનો સંવર, નિર્જરાદિનો માર્ગ એમાં એને શંકા પડે. એ શંકા

પડે એટલે ભયમાં આવ્યો. ભયમાં આવ્યો એ. ભ્રમણના ભયમાં આવ્યો. અંદરની વસ્તુમાંથી ખસી ગયો. સમજાણું કાંઈ? આહાહા..! નિર્ભયમાંથી ખસી ગયો. નિઃશંકમાંથી ખસી ગયો એ શંકામાં આવ્યો, ભયમાં આવ્યો છે એમ કહે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! એ એક વાત કરી. નિઃશંકની-શંકાના ત્યાગની.

કેટલુંક તો જાણપણું. હવે તો ભાઈ ઘણા વર્ષ થઈ ગયા ને લોકોને ઘણાં નવા આવ્યા.. હવે તો બહુ છોકરાઓ પણ માળા તૈયાર થઈ ગયા છે લ્યો. કોક એ પણ માળા ઓહોહો..! મોટાઓ વાતું કરે એવી વાતું પાછા પ્રેમથી કરે હોં. પાછા એમ નહિ. આવો માર્ગ આ છે માર્ગ. .. છોકરો છે. બાબુભાઈની નાતનો. ૧૪ વર્ષનો છે. આહાહા..! આવો ભગવાન આત્મા! એમ કહે. ત્યાં ભણાવે છે. એ ગાયન ૮૫મી... બોલ્યા હતા .. માણસ એકઠું થયું. .. લેવા આવજો રે. ૮૫મી... આવજો. એ ગાયન છે એય..! કામદાર. એના બાપે ચંપકે. ..ભાઈએ બનાવ્યું. 'ફતેહપુર.. આવજો ને હિંમતનગર આવ જો ને મોરબી આવજો ને લીંબડી આવજો ને વઢવાણ..' ઘણાં બધા નામ. '૮૫મી ચાલો રે..' એમ કાંઈક ભાષા છે. આહાહા..! આ તો આત્માની ઊંડી-ઊંડી વાત છે બાપા! આહાહા..! ઉજળાની ઉજવણી છે. ભગવાન ઉજળો નિર્મળાનંદ પ્રભુ. એની ઉજવણીની વાત છે આ તો. ત્યાં આવજો બધા એમ આમંત્રણ છે. આહાહા..! થોડું પણ એમાં પરમ સત્ય આવવું જોઈએ. સમજાણું કાંઈ? અને પરમ સત્યનો અંશ ન આવે ત્યાં એને શું થયું? બીજી વાત.

'**ભોગોંકી અભિલાષા કાંક્ષા દોષ હૈ,...**' જેને આત્મામાં સુખ છે અને મોક્ષમાર્ગમાં સુખ છે- એમ બેઠું છે એને ભોગની વાંછા કેમ હોય? ભોગ નામ સંસારના વિષય ભોગ તો દુઃખરૂપ છે, ઝેરના પ્યાલા છે. આહાહા..! સમકિતી વિષય વાસનાના પરિણામમાં આવે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ તો છે એના જાણવામાં રહેલો છે. અને એ વાસનાનો જેને પ્રેમ નથી અંદરથી. આહાહા..! એમાં એને રાજીપો, ધર્મીને ભોગમાં રાજીપો નથી. એથી ભોગની અભિલાષા કરવી એ આત્માના સ્વભાવમાં નિકાંક્ષતાનો ગુણનો નાશ થાય છે. અનંત આનંદસ્વરૂપની અભિલાષા કરે કે એ ભોગની અભિલાષા કરે? એમ કહે છે. સંવેગ-નિર્વેગ આવે છે ને. સમજાણું કાંઈ? આહાહા..!

સ્વભાવ પોતાનો છે એમાં નિઃકાંક્ષપણે અંદરમાં રહે એ કાંક્ષ નામ પરમાં નથી ત્યાં એની બુદ્ધિ જાય. આહાહા..! આસક્તિ થાય એ જુદી વસ્તુ છે. પણ એમાં સુખપણું છે એવી બુદ્ધિ થવી એ ભોગની કાંક્ષા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! આહાહા..! '**ભોગોંકી અભિલાષા કાંક્ષા દોષ હૈ,...** ' ભોગની અભિલાષા. આહાહા..! સ્વર્ગના સુખની, વિષયના ભોગની કાંક્ષા જેમાં સુખ નથી એની કાંક્ષા, એ તો દોષ મોટો છે. સમજાણું કાંઈ? સમ્યક્ચરણ ચારિત્રમાં તો આનંદ સ્વરૂપની અભિલાષા હોય? કે ભોગની અભિલાષા હોય? આહાહા..! જેમાં ભોગ રુચિ ઊડી ગઈ છે. સમ્યક્ચરણ ચારિત્રમાં સમકિતીને આખી દુનિયાના ભોગની રુચિ ઊડી ગઈ

છે. ભોગ હોય આસક્તિનો, રુચિ ઊડી ગઈ છે. આ ભારે ભાઈ! વાસનામાં હોય પણ એની વાંછા નથી કે આ જોઈએ. આહાહા..! એમાં રુચિ નથી. ઝેર તરીકે આવીને અંદર. રહી શકતો નથી, સહન કરી શકતો નથી એટલે એમાં આવી જાય છે, પણ ઝેરમાં જેમ આવ્યો એટલે એની કાંક્ષા નથી. આહાહા..! અજ્ઞાનીને ,કહે છે, કાંક્ષા થાય છે ભોગની. એ દોષ છે, ભાઈ!

'**ભોગોંકી અભિલાષા કાંક્ષા દોષ હૈ, ઈસકે હોને પર ભોગોંકે લિયે સ્વરૂપસે ભ્રષ્ટ હો જાતા હૈ.**' પરના રુચિના ભોગની આકાંક્ષામાં સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જાય છે. આહાહા..! એ બધામાં નાખ્યું હતું ને ઓલામાં? '**સપ્તભયકે નિમિત્તસે સ્વરૂપસે ચિગ જાય...**' એમાં એમ નાખ્યું હતું. આમાં એમ નાખ્યું. કાંક્ષા કરતા પરની રુચિ કરતાં ભોગમાં સ્વરૂપથી ખસી જાય છે. આહાહા..! હવે આમાં બાયડી, છોકરા ને પૈસા ને આબરૂ વધી એવી હોશું શું કામની? એમ કહે છે. આહાહા..! પહેલું આ જાતનું સ્વરૂપ છે એ શંકા-નિઃશંકની વૃત્તિનું એવું જ્ઞાન તો કરે, જ્ઞાનમાં તો લે. પછી અંદરમાં પ્રયોગ કરીને કરે ત્યારે અનુભવ થાય. આહાહા..! જેણે જાણ્યું જ નથી કે આ શું ચીજ છે? આહાહા..!

શું કહે છે? જેને કાંક્ષા થાય છે ઈચ્છા, ભોગની. રુચિ હોં! સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જાય છે એ તો. કારણ કે સ્વરૂપમાં આનંદ છે એવી એને દૃષ્ટિ અને રુચિ રહેતી નથી. આહાહા..! ચાહે તો આબરૂની હો, વિષયની હો, પાંચ ઈન્દ્રિયના ભોગની, પાંચ ઈન્દ્રિયના ભોગની વાત છે હોં! આહાહા..! અણિન્દ્રિય એવો ભગવાન આત્મા એના ભોગની-અનુભવની જ્યાં દૃષ્ટિ થઈ. ભોગ એટલે અનુભવ, એને ભોગની રુચિની કાંક્ષા કેમ હોય? આહાહા..! અને હોય તો એ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જાય છે. ભોગની રુચિવાળો નિર્ભોગ ચિદાનંદ અણિન્દ્રિયનો ભોગ એનાથી ખસી જાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! જિનદેવે આમ કહ્યું હતું. પરમેશ્વરે, પરમેશ્વરના શાસ્ત્રમાં આમ કહ્યું છે અને એ પદાર્થનું સ્વરૂપ પણ આવું છે. આહાહા..! એ બે બોલ થયા. બે બોલ થયા ને નિઃશંક અને નિકાંક્ષિત. .. આવશે ત્રીજો બોલ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૩, ગુરુવાર તા. ૨૨-૧૧-૧૯૭૩**
**ગાથા – ૬, પ્રવચન – ૪૮**

છઠ્ઠી ગાથા. ચારિત્રપાહુડ છઠ્ઠી ગાથા છે ને? ભાવાર્થ ચાલે છે ભાવાર્થ. '**સમ્યક્ત્વાચરણ ચારિત્ર, શંકાદિ દોષ સમ્યક્ત્વકે મલ હૈં ઉનકો ત્યાગને પર શુદ્ધ હોતા હૈ, ઈસલિયે ઈનકો ત્યાગ કરનેકા ઉપદેશ જિનદેવને કિયા હૈ.**' હવે એમાં ન્યાય શું છે એ જુઓ. કે જે આત્મા ભગવાને પરમાત્મા કેવળીએ જોયો એ અનંતગુણનો પિંડ છે, વસ્તુ છે એક, પણ એમાં ગુણો છે અનંત. અને એની પરિણતિ એ વર્તમાન પર્યાય પણ અનંત. જ્યારે એમ છે ત્યારે એમ કહે છે કે દુઃખને ટાળ.

તો દુઃખને ટાળ અને એને ઠેકાણે નિર્દોષ દશા પ્રગટ કર. એનો અર્થ એ થયો કે એ પર્યાયમાં એ થાય છે. આત્માની પર્યાય-અવસ્થામાં દોષ ટળવું અને નિર્દોષનું થવું એની પર્યાયમાં થાય. પર્યાયનું સ્વરૂપ જ જેનામાં નથી અને આત્મા આત્મા કરે, એ આત્મા એને સાચો છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયમાં દોષ?

ઉત્તર :- દોષ પર્યાયમાં જ હોય ને. અને ધર્મ પણ પર્યાયમાં હોય. ન્યાય સમજાય છે? દોષ છે જે આ... જો દોષ ન હોય તો તો એને આનંદ હોવો જોઈએ. કારણ કે આત્માનો સ્વભાવ એમ કાંઈ દુઃખ નથી. સ્વભાવ તો આનંદ છે. પણ એ આનંદ એ ગુણ છે. એવા અનંત અનંતગુણોનો પિંડ એ દ્રવ્ય છે. તો જેને હજી દ્રવ્ય શું, ગુણ શું અને પર્યાય શું-એનું જેને જ્ઞાન નથી અને જેના શાસ્ત્રમાં એ વાત નથી, એની એકેય વાત સાચી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમકે ધ્વનિ એમ આવે કે તમે કાંઈક ધર્મ કરો. અથવા વિકલ્પ ટાળો. એમાં એ ધ્વનિમાં શું આવ્યું? કે વિકલ્પ છે એ રાગ છે એને ટાળો. તો એનો અર્થ કે એ ટળી શકે છે એવી દશામાં છે. રાગ એની દશામાં છે. એથી દશા પલટી શકે છે એનામાં છે. પણ એ રાગ ટાળો એમ કહેતા જેની પર્યાયમાં રાગરહિત થઈને અરાગી દશા પ્રગટ થાય એ પર્યાયમાં થાય છે. અને એ પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આદિ અનંતગુણની પર્યાય નિર્મળ થઈ અને મલિનતા ગઈ, તો એ અનંત પર્યાય જે જ્ઞાન, દર્શન, આનંદની એમાં ગુણ હોય તો એમાંથી પર્યાય આવે ને. તો જેની શ્રદ્ધાની પર્યાય, જ્ઞાનની અવસ્થા, આનંદની અવસ્થા, અસ્તિત્વની, વસ્તુત્વની, કર્તા, કર્મ આદિની પર્યાયરૂપે પરિણમ્યો, ત્યારે એ બધા ગુણો છે અંદર, કાયમ રહેનારા ગુણો એમાંથી પર્યાય થાય છે. આહાહા..! આ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એની ખબર નથી ને અદ્ધરથી વાતું કરે આત્મા ને આત્મા. સમજાણું કાંઈ? કારણ કે એક ધ્વનિ ઉઠે કે તમે આત્મધ્યાન કરો. એટલે પહેલો આ આપ્યો દાખલો. હવે એમાં કેટલું ભર્યું છે.

કે તારી દશામાં ખોટા દોષો છે તો ધ્યાન કરો. તો એ પર્યાય થઈ, પલટતી દશા થઈ. તો જે દશામાં દોષ છે એ દોષને ટાળવા પર્યાયમાં અંતરનું ધ્યાન કરો. તો પર્યાય છે એ તો અવસ્થા છે ક્ષણિક. અવસ્થા જ જેને હજી ખબર નથી કે અવસ્થા શું? એને દ્રવ્ય અને ગુણનું જ્ઞાન સાચું હોઈ શકે નહિ. આ વાત જરી ઝીણી છે. આ તો આવ્યું ને દોષ ટાળવાનું કહ્યું ને? ત્યારે દોષ ટાળવાનો એ ક્યો? કે જેની દશામાં... દશામાં. વસ્તુ ત્રિકાળ ને ગુણમાં ન હોય. ગુણ ને દ્રવ્ય તો ધ્રુવ છે. વસ્તુ છે એ ધ્રુવ છે અને એની શક્તિઓ જે ગુણ, જ્ઞાન આદિ એ ધ્રુવ છે. પલટતી દશામાં દોષ અને નિર્દોષતા હોઈ શકે છે. તો પલટતી દશા એટલે અવસ્થા એટલે પર્યાય એટલે હાલત એટલે અંશ. એ અંશમાં દોષ ટાળ એનો અર્થ કે દોષ ટળી શકે છે, એના સ્થાનમાં નિર્દોષ દશા આવી શકે છે એ નિર્દોષ દશા આવે ક્યાંથી? સદોષ ટળે છે એમાંથી આવે?

ત્યારે નિર્દોષદશા એનું ધામ અંદર અનંતગુણનું ધામ દ્રવ્ય છે એમાંથી આવે છે. આહાહા..!

ધીરૂભાઈ! આ તો ઓલા મેટ્રીકમાં એ બધા લોજિક સમજાઈ જાય, પણ આ બીજી જાતની વાત છે આ. આ ભણ્યો છે... કોઈપણ વ્યક્તિ એમ ધર્મને નામે એમ કહે કે તમે દોષ ટાળો અથવા આત્માનું ધ્યાન કરો. તો એમાં ક્યો અવાજ કેટલો ઉઠે? કે એનું ધ્યાન સ્વભાવ તરફનું નહોતું અને એનું ધ્યાન રાગ અને પરતરફ હતું, ત્યારે તેને ધ્યાન કરો એમ થયું. એનો અર્થ એ પર્યાય-પલટતી દશાનું આ બધું કાર્ય છે. અને એ પલટતી દશા એ પલટતી દશામાં જ્યારે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ આદિ પર્યાયરૂપે એક સમયમાં આવું અનંતપણું પરિણમે છે એ પરિણમનનું સ્થાન કોણ? કોને આધારે એ પરિણમે છે? દોષ ટળ્યો અને દુઃખદશા નિર્મળ થઈ. પણ એ નિર્મળ થઈ કોને આધારે? કે ગુણને આધારે. એક એક શ્રદ્ધા સમ્યક્ થઈ એ શ્રદ્ધા ગુણને આધારે, શાંતિ થઈ ચારિત્ર ગુણના આધારે, આનંદ થયો એ આનંદગુણને આધારે. એવા એવા અનંતગુણ છે અને એ ગુણને જ્યાં લક્ષમાં ન લીધા હોય કે અનંતગુણ છે. પર્યાય પર્યાય એટલી વાત કરે તોય જૂઠું...

એકલા ગુણ ગુણની વાત કરે તો પણ જૂઠું. કારણ કે ગુણની વાત જાણનાર તો પર્યાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો દોષ ટાળે એ ઉપરમાં કેટલું સમાવ્યું છે! કે એને વર્તમાનમાં વીતરાગે કહેલો જે આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય... અને એ રીતે ન હોય તો વસ્તુ સિદ્ધ થતી જ નથી. દોષ ટાળવા અને દોષના સ્થાનમાં નિર્મળતા આવવી એ પર્યાયમાં થાય, અવસ્થા બદલવામાં. પણ એ બદલવું કોને આધારે થાય? એ ત્રિકાળી ગુણ અનંત માને એને આધારે એ બદલવું થાય. અને અનંતગુણનો આધાર એકરૂપ દ્રવ્ય માને, એકરૂપ વસ્તુ છે અનંતગુણનું એકરૂપ. એની દૃષ્ટિ થયા વિના અનંતાગુણનું નિર્મળ પરિણમન થાય નહિ અને મલિન પરિણમન જાય નહિ. સમજાણું કાંઈ? એ કહે છે.

'**સમ્યક્ત્વાચરણ ચારિત્ર,...**' જેને એ સમ્યગ્દર્શન જે પર્યાય છે સમ્યગ્દર્શન. ધર્મની દશા એ સમ્યક્ પર્યાય છે. ગુણ નહિ. ગુણ પ્રગટે નહિ અને ગુણનો અભાવ થાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યક્ત્વ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય જે અખંડ પ્રભુ અનંતગુણનો પિંડ. અનંતગુણ જે સંખ્યાએ, એને આશ્રયે પર્યાયમાં પણ અનંતી નિર્મળદશા પ્રગટી, ગુણની પ્રગટ થાય એ પર્યાયમાં આખો આત્મા છે એમ એ પ્રતીતમાં આવ્યો છે. એનું નામ સમ્યક્ચરણ ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યક્ત્વાચરણ ચારિત્ર. વસ્તુ અનંતગુણનો પિંડ, એનું એકરૂપ, એની જે પ્રતીતિ એટલે સ્વરૂપ પ્રગટવું એકતા, રાગની એકતા તૂટીને-દોષની એકતા તૂટીને ગુણસ્વરૂપ ભગવાનની એકતારૂપ દશા થાય એનું નામ સમ્યક્ત્વ ચરણ નામ પરિણમનનું ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! ભાષા તો સાદી છે, પણ હવે માળા ભાવ જરી આકરા પડે ને. અભ્યાસ નહિ ને અને બીજો ઊંધો અભ્યાસ ઘણો. જગતના કહેલા, જગત આમ કહે છે ને ફલાણા આમ કહે છે. વીતરાગ શું કહે છે એની એને ખબર નથી.

એ કહે છે, '**સમ્યક્ત્વાચરણ ચારિત્ર,...**' એટલે કે આત્મા જે દ્રવ્ય વસ્તુ છે એના જે અનંતગુણ છે એનો ભેદ લક્ષમાં ન લેતા, અભેદ દૃષ્ટિ થતાં એને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ?

ભાષા સાદી ગુજરાતી, પણ કેટલાકને એમ કે આપણને કાંઈ સમજાતું નથી ગુજરાતી બફમ. આ તો સાધારણ ભાષા છે. સમજાણું કાંઈ? આહાહા..! કોઈ હિન્દી અને આમાં ફેર નથી બહુ. આહાહા..! સમ્યક્ત્વાચરણ ચારિત્ર એટલે કે વસ્તુ જે અનંતગુણનો પિંડ પ્રભુ, એની અંદરમાં સન્મુખ થઈને, એમાં જ્ઞાન થઈને એમાં પ્રતીતિ અને એમાં લીનતાનો અંશ એ સમ્યક્ચરણ ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..!

એ '**શંકાદિ દોષ સમ્યક્ત્વકે મલ હૈં...**' એમાં જો શંકા આદિ થાય તો, એ સમ્યગ્દર્શન-સાચી શ્રદ્ધા જે ત્રિકાળની અંદર થઈ એમાં એ મેલ કહેવાય છે. '**ઉનકો ત્યાગને પર શુદ્ધ હોતા હૈ,...**' એ મળના નાશથી તે સમ્યગ્દર્શનની પર્યાય નિર્મળ અને શુદ્ધ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈસલિયે ઈનકો ત્યાગ કરનેકા ઉપદેશ જિનદેવને કિયા હૈ.**' વીતરાગે એમ કહ્યું કે દોષને ટાળ. તો એનો અર્થ કે નિર્દોષની પર્યાય પ્રગટ કર, તો એનો અર્થ કે નિર્દોષ પર્યાયનું ધામ ત્રિકાળનો આશ્રય જે લીધો હોય એમાંથી નિર્દોષ દશા આવે છે. એ વાત વીતરાગ સિવાય ક્યાંય બીજે હોય નહિ ત્રણ કાળમાં. એ દ્રવ્ય ને ગુણ ને પર્યાય નામ પણ ન હોય એને. આત્મા.. આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ અરિહંતદેવ એણે જે કહેલો આત્મા એ આવી જાતનો આત્મા છે, દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળો. સમજાણું કાંઈ? એવા આત્માનું જેને અંદર પ્રતીત થઈ, જ્ઞાનમાં જણાઈને બરાબર પ્રતીત થઈ, એમાં જે એકાગ્રતાનો અંશ, સ્થિરતાનો એ એને સમ્યક્ચરણ ચારિત્ર કહેવામાં આવે છે. એ ધર્મની પહેલી દશા છે. આહાહા..! '**જિનદેવને કિયા હૈ.**' એ ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો ભગવાને. એનો અર્થ કે એ રાગની દશા અથવા અશંકાની દશા નાશ થઈ શકે છે. નિઃશંકની દશા પ્રગટ કરીને. આહાહા..! અને નિઃશંક અને શંકા બેય પર્યાયમાં હોય છે. અને એ પર્યાયનું ઉત્પન્ન થવું.. ગુણ ત્રિકાળ એનો ગુણ છે, શ્રદ્ધાગુણને આધારે નિઃશંકતા, ચારિત્રગુણને આધારે સ્થિરતા, આનંદ ગુણને આનંદનો અંશ, વીર્ય ગુણને આધાર સ્વરૂપની રચનાનો વીર્યની પર્યાય. એવા અનંતગુણની પર્યાયનો આધાર અનંતગુણ છે.

મુમુક્ષુ :- અનંતગુણ સિદ્ધ થઈ ગયા.

ઉત્તર :- અનંતગુણ છે. નહિતર તો વસ્તુ સિદ્ધ જ નહિ થાય. આહાહા..!

એક વસ્તુ વસ્તુપણે છે એમ ન્યાયથી લ્યો. અને અનંતવસ્તુ છે એ પણે નથી. આ એક વસ્તુ આત્મા આત્માપણે છે અને શરીરપણે નથી, રજકણપણે નથી, બીજા અનંતપણે નથી. તો આનાપણે નથી એક એવો ધર્મ, એવા અનંતપણે નથી એવા અનંતધર્મ છે. સમજાણું કાંઈ? આ તો અપેક્ષિત ધર્મ અનંત કીધા. બાકી સામાન્ય, વિશેષગુણ અનંત છે. આહાહા..! સામાન્ય એટલે? જે ગુણ આત્મામાં પણ હોય અને જે ગુણ જડમાં પણ હોય. જેમ હોવા(પણું) અસ્તિત્વ. એ આત્મામાં પણ છે અને અસ્તિત્વ જડમાં પણ છે. એ બધામાં હોય એને સામાન્ય ગુણ કહ્યો અને એકમાં હોય અને બીજામાં

ન હોય, આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આમાં હોય અને બીજામાં ન હોય એને વિશેષગુણ કહીએ. આહાહા..! વસ્તુ આ રીતે ન હોય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ નહિ થાય. ઓઘે ઓઘે બધા આત્માને નામે અત્યારે ખૂબ ચાલ્યું છે. દિવસે દિવસે ઊંધું. સમજાણું કાંઈ? આહાહા..!

પરમેશ્વરે આ કહ્યું એમાં આ વસ્તુ સિદ્ધ થાય છે. પર્યાય, ગુણ અને દ્રવ્ય અને પર્યાયનું પલટવું અને દ્રવ્ય, ગુણનું કાયમ રહેવું. આ રીતે ન હોય તો એ દોષ ટાળી શકે નહિ અને ધર્મ કરી શકે નહિ. આહાહા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય. હવે દ્રવ્ય, ગુણ અને પર્યાયના નામ પણ ન આવે. જે વસ્તુ મુખ્ય છે એના નામ ન આવડે. આત્મા આમ કરો, શું કરે પણ આત્મા? આત્મા એટલે શું? એમાં પર્યાયનું પલટવું એ શું? અને એ પર્યાયનું પલટવું કોને આધારે? એમાં જે જે પર્યાય પલટે એ ગુણ શું? અને એ ગુણનું એકરૂપ શું? સમજાણું કાંઈ? આહાહા..! એ જિનદેવે એને ઉપદેશ કહ્યો.

'**વે દોષ ક્યા હૈ વહ કહતે હૈં—જિનવચનમેં વસ્તુકા સ્વરૂપ કહા ઉસમેં સંશય કરના શંકા દોષ હૈં;...**' સર્વજ્ઞ પરમાત્માએ જે પર્યાય, ગુણ ને દ્રવ્યનું સ્વરૂપ એવા અનંતા દ્રવ્યની વ્યાખ્યા કરી એમાં શંકાદોષ. જીવના વસ્તુમાં શંકા થવી. '**ઈનકે હોને પર સપ્તભયકે નિમિત્તસે...**' હવે શું કહે છે? વસ્તુ જે છે એ નિર્ભય વસ્તુ છે. કેમકે અસ્તિત્વ છે એમાં ભય શો? વસ્તુ અસ્તિત્વ, ગુણ અસ્તિત્વ અને પર્યાય અસ્તિત્વ. એવા અસ્તિત્વની જેને શ્રદ્ધા થઈ એને ભય કેમ? પણ એમાં શંકા કરે તો તો ભય આવી જાય. કારણ કે આવું છે એમ એને પ્રતીત ન રહી, એટલે ભય થયો. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા!

કહે છે '**ઈનકે હોને પર સપ્તભયકે નિમિત્તસે...**' દ્રવ્ય એ વસ્તુ, ગુણ અનંત અને મારી પર્યાય નિર્મળ. મલિનતા થોડી છે, કેટલીક નિર્મળ થઈ છે-એવું છે એવી જો પ્રતીત ન હોય ને શંકા કરે તો એમાંથી ખસી ગયો. સ્વરૂપમાંથી ખસી ગયો. જે વસ્તુ નિર્ભય, નિઃશંક છે એમાથી ખસી ગયો. મારું રહેવાપણું કેમ થશે? એમ એને ભય થયા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ ભય ક્યારે મટે પ્રભુ?

ઉત્તર :- આ વસ્તુની દૃષ્ટિ કરે તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો શું દશા?

મુમુક્ષુ :- આ .. ગુણ

ઉત્તર :- ગુણ એમાં શું થયું? એ કહે છે કે આ સાંભળીએ એમાં શું? કાંઈ છે કે નહિ? તો આ સાંભળવું એ તો બીજી ચીજ છે. સાંભળ્યા પછી કરવું તો એને છે. આહાહા..! આવો માર્ગ! આહાહા..! એવો નિર્મળ માર્ગ વીતરાગ પરમેશ્વરે (કહ્યો). કહે છે કે .. શંકા છોડ. શંકા છોડનો અર્થ? નિઃશંક થા. નિઃશંકનો અર્થ? જે વસ્તુ ગુણ અને પર્યાય જેમ છે તેમ છે એમ જ છે, એમાં ફેરફાર નથી.

અને જો એ શંકા થઈ તો એના અસ્તિત્વને રાખવા માટે એને ભય થયો. એમ. આહાહા..! સમજાણું કાંઈ?

આ નિઃશંક ગુણ અને શંકાના દોષના નાશની વ્યાખ્યા ચાલે છે. આહાહા..! ખ્યાલમાં વાત આવ્યા વિના આ શું ને આ શું અને ત્યાગ એની ખબર વિના એ ત્યાગ કોનો કરે? કોને પ્રગટ કરે? આહાહા..! તો અસ્તિત્વ આવડું મારું છે. અનંતગુણનું એકરૂપ એવું મારું અસ્તિત્વ અને એની પર્યાયમાં અનંતગુણની પરિણતિ એ મારું અસ્તિત્વ, એ મારું હોવાપણું. એવી જે નિઃશંકતા એ સમકિતચરણ ચારિત્રનો ગુણ છે. આહાહા..! અને જો એમાં શંકા કરી તો વસ્તુનું આવું અસ્તિત્વ છે એમાં શંકા થઈ એને. એટલે નિર્ભયપણે વસ્તુ છે, નિઃશંકપણે વસ્તુ છે, નિઃશંકપણે અસ્તિત્વ છે એમાં ભય થઈ ગયો, એને શંકા પડી ગઈ. આહાહા..! આવી વાત છે. ઓલા તમારા મેટ્રીક-બેટ્રીકમાં માર્યા બધા ગપ્પા. આહાહા..!

મુમુક્ષુ :- મેટ્રીકમાં નહિ ધર્મમાં ગપ્પા માર્યા છે.

ઉત્તર :- ધર્મની વાત છે. અત્યારે ધર્મને નામે કાળાબજાર છે. એ તો હમણા કહું છું ને કે બધી ચીજોમાં ભેળસેળ બહુ વધી ગઈ છે અત્યારે. ઘણી ચીજોમાં. દૂધમાં પાણી, ફલાણામાં આ. એમ આ ધર્મમાં કાળાબજાર થઈ ગયો છે. કાળાબજાર એટલે? કે જે પર્યાયમાં પુણ્યના ભાવ થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ એને ધર્મ મનાવે એ કાળાબજાર છે. ભાઈએ કીધું ને કે મેટ્રીક તો એકકોર રહ્યું. આહાહા..! વાત સાચી છે. વાત તો એમ જ છે. ઘણીવાર કહીએ છીએ. ભેળસેળનો એક પત્ર આવ્યો હતો. મિલાવટ. મિલાવટ એવો એક લખાણ આવ્યું છે. મિલાવટ. ભાવનગરમાં ફલાણાનું ... આ કેસર, કેસર હોય છે ને. કેસરમાં તાણાવાણા કાઢી લીધા અને ભેળવ્યું કેસર પાછું. આ ચોખામાં કણકી ભેળવે, મરચામાં ઓલા બિયા બિયા ઝાઝા. મણ મરચા હોય અને અધમણ બિયા હોય અંદર. કોથળામાં. એવા એવા અનેક ..માં આ તમારું .. તેલમાં. તલના તેલના ઠેકાણે શીંગનું તેલ. દરેકમાં મિલાવટ છે. ઓહોહો..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હમણાં આવ્યું હતું ને કીધું ને ભાવનગરમાં .. કરિયાણાની દુકાન હતી. ૪૫ .. લીધી. રૂપયે રૂપયે ભાર. રૂપયે રૂપયે ભાર. તપાસ્યું. તપાસતા સાત સાત પીસ મિલાવટ વિનાની અને બાકી બધી મિલાવટવાળી. આ ભાવનગરનું કહ્યું કરિયાણાની દુકાનમાં. એમ અહીંયા પણ ધર્મને નામે બધી મિલાવટ કરી નાખી.

મુમુક્ષુ :- એવી દુકાન હોય છે. મિલાવટ કરવાની મુંબઈમાં દુકાન હોય છે.

ઉત્તર :- દુકાન હોય છે.

મુમુક્ષુ :- ખોખામાં આ નાખો તો આ થાય.. આમાં આ નાખો.. આમાં આ નાખો...

ઉત્તર :- મરી કાળી મીર્ચી છે ને એમાં પપૈયાના દાણા નાખે. પપૈયાના. કાળા હોય ને કાળા. આહાહા..! દગા તે પણ દગા. આહાહા..! એમ આ ધર્મને નામે કહે છે ... પ્રભુ! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ. આહાહા..! જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એણે આ વસ્તુ કીધી કે ભાઈ! તારી ચીજ

તો દ્રવ્યરૂપ છે, ગુણરૂપ છે અને પર્યાયરૂપ છે. દ્રવ્યરૂપ એક, ગુણરૂપ અનંત, પર્યાયરૂપ અનંત. આહાહા..! એ પર્યાયની નિર્મળતા અંદર થાય એને ધર્મ કહીએ. પણ પુણ્યના, દયા, દાનના વિકલ્પ જે ભક્તિ, પૂજાના ભાવ એ પણ મલિનભાવ છે, રાગ છે. એ ધર્મ નથી તેમ એ ધર્મનું કારણ પણ નથી. આહાહા..! એને ધર્મના કારણમાં ભેળવીને મિલાવટ ધર્મને નામે કરે. આહાહા..!

કા સર્વ એક આત્મા બધું થઈને એક છે. એ મિલાવટ કરી નાખી. ખંડ ખંડ કરી નાખ્યો જીવને. બધા થઈને એક છે. અહીં તો એક જ આત્મા દ્રવ્યરૂપ અખંડ પરિપૂર્ણ અનંતગુણનો પિંડ છે. એમ ન મનાવતા બધા થઈને એક વ્યાપક છે એ મોટી મિલાવટ કાળાબજારની કરી. શેઠ! આમ છે સત્ય. સત્યનું સ્વરૂપ... એક એક ભગવાન આત્મા વસ્તુ છે ને? તો વસ્તુ છે એના ગુણો પરિપૂર્ણ જ હોય. એની પર્યાય, હાલતમાં દોષ અને નિર્દોષતા બદલવું થાય. પણ વસ્તુ બદલે નહિ. વસ્તુ તો ત્રિકાળ રહે. દ્રવ્ય તરીકે રહે અને ગુણ તરીકે ત્રિકાળ રહે. જેનામાં દ્રવ્ય અને ગુણની વ્યાખ્યા જ તદ્દન નથી, એને દ્રવ્ય, ગુણનું જ્ઞાન સાચું હોઈ શકે નહિ. આહાહા..! અને એની પર્યાય પલટતી દશાને પર્યાય કહીએ, અવસ્થા કહીએ, દશા કહીએ એ દશાની સ્થિતિ એક સમય જ હોય. ત્રિકાળ દ્રવ્ય, ગુણની સ્થિતિ ધ્રુવ ત્રિકાળ હોય અને અવસ્થાની સ્થિતિ એક સમયની જ હોય. બીજા સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. એક સમય એટલે 'ક'ને બોલીએ એમાં અસંખ્ય સમય જાય. 'ક' બોલીએ એમાં અસંખ્ય સમય જા. એમાં એક સમય, એની પર્યાયની અવસ્થાની સ્થિતિ એક સમય જ હોય. આકરી વાત. શું છે આ! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે '**જિનવચનમેં વસ્તુકા સ્વરૂપ કહા ઉસમેં સંશય કરના શંકા દોષ હૈ;...**' આહાહા..! '**ઈનકે હોને પર સપ્તભયકે નિમિત્તસે સ્વરૂપસે ચિગ જાય વહ..**' સ્વરૂપના અસ્તિત્વથી ખસી જશે શંકા કરશે એટલે. આહાહા..! નિર્ભય ભગવાન ભંડાર અનંતગુણનો ભંડાર એવો આત્મા એને પ્રતીતમાં ન રહેતા શંકા થશે, ખસી જશે. આહાહા..! '**ભોગોંકી અભિલાષા કાંક્ષા દોષ હૈ,...**' કહે છે કે ભગવાન આત્મામાં આનંદસ્વરૂપ ભગવાન છે. એના અનુભવને છોડી દઈને, ભોગ છોડી દઈને, કોઈપણ પરવસ્તુનો અનુભવ ભોગ કરવો. વિષયમાં, રાગમાં, પુણ્યમાં, પરિણામમાં એ '**ભોગોંકી અભિલાષા...**' પરવસ્તુને ભોગવવાની ઈચ્છા. આહાહા..! એવી જે કાંક્ષા દોષ છે. કાંક્ષા-ઈચ્છા એ દોષ છે.

'**ઈસકે હોને પર ભોગોંકે લિયે...**' પરવસ્તુના રાગને અને વિષયને, ભોગને, પૈસાની આબરૂના ભાવને ભોગવવા માટે '**સ્વરૂપસે ભ્રષ્ટ હો જાતા હૈ.**' આહાહા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો અનુભવ ભોગ, આત્માનો અતીન્દ્રિય આનંદનો ભોગવટો જોઈએ પર્યાયમાં. કેમકે અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ છે, એનો ભોગવટો એટલે એની પર્યાયમાં એનો અનુભવ જોઈએ. એનું ભોગવવું જોઈએ. એને ઠેકાણે એને મૂકીને પરવસ્તુને ભોગવવાની અભિલાષા એ

સ્વરૂપથી ભ્રષ્ટ છે. આ .. ભારે કામ! આહાહા..! કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એટલે? .. સાબલે મધ્યે કહેવાય છે ને? વિસામાનું વાક્ય.

અમારે મામા હતા ને ડોસા એ બહુ બોલતા તે દિ'. આ તો ૭૨-૭૩ વર્ષ પહેલાની વાત છે. મામા એ બોલે સાબલે મધ્યે. એમ બોલે. પહેલું એમ બોલ્યા હતા. સાબલે મધ્યે. મેં કીધું કે ભાઈ આ સાબલે મધ્યે તમે શું કહો છો કાંઈ સમજાતું નથી. પેલા ડોસા બોલતા સાબલે મધ્યે એમ બોલતા. એટલે શું? જે ડોસાને પૂછયું એને ન આવડ્યું. પછી બીજા હતા એણે કહ્યું કે વિસામાનું વાક્ય છે કે સાહેબને ભલીમતિ થાય જે. સાબલે મધ્યે એમ બોલતા. બિચારા જૂના માણસ. અમારા મામા હતા. દીકરો નહોતો. આ તો નવી પરણ્યા હતા. એને એક દીકરો થયો તો દીકરો મરી ગયો. મકાન-બકાન પૈસાવાળા માણસ. ઘણા મકાનો, દુકાનો. તે દિ'. .. એ બિચારા બોલતા હતા. અમારા સગા મામા ..ભાઈ! સાબલે મધ્યે એમ બોલે. મામા! આ તમે શું બોલો છો? એ અમને ખબર નથી. અમે તો સાબલે મધ્યે કહીએ. બીજો એક જોડે હતો એ કહે સાબલે મધ્યેનો અર્થ આ છે. વાત કરતા કરતા, સાહેબને ભલી મતિ થાય જે. આહાહા..! આ જૂની રૂઢી છે. એમ અહીંયા સમજાય છે? એ સાબલે મધ્યેમાં જાય છે. તમને સમજાય છે આ?

કહે છે, ભગવાન... આહાહા..! જુઓ! આત્મા વસ્તુ છે એમાં અનંત આનંદ, અનંત શાંતિ, એવા અનંતાગુણો ધ્રુવ છે. અને એને અનુભવવું, પર્યાયમાં એનો અનુભવ કરવો એ તો સમ્યગ્દષ્ટિનું કાર્ય છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ એટલે વસ્તુ જેવી આખી છે એવી પ્રતીત જ્ઞાનમાં થઈ. આહાહા..! એટલે એને અનુભવવા માટે તો આનંદ ને શાંતિ રહી. પછી અશાંતિ આવે, રાગ આવે, પણ એને ભોગવવા લાયક છે એવી રુચિ ઉડી જાય છે એમાંથી. સમજાણું કાંઈ? આત્મા અમૃતનો સાગર પ્રભુ, અતીન્દ્રિય આનંદનો જ્યાં અંદર ખ્યાલમાં, અનુભવમાં, ભાનમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવ્યો, એને ધર્મી જીવને તો આત્માનો ભોગવટો, અનુભવ એ એની અભિલાષા હોય. એને જો પરવસ્તુ સ્ત્રી, કુટુંબ, બૈરા, આબરૂ, પૈસા, ધૂળધમાહા, આ મકાન મોટા હજીરા. ૪૦-૪૦ લાખના મકાન જુઓને હતું ને ઓલામાં. મરી ગયો છે. ગોવા. શાંતિલાલ ખુશાલ. પંડિતજી! શાંતિલાલ ખુશાલ નહિ આ ગોવામાં? ૪૦ લાખનો બંગલો પોતાનો એક. ૧૦-૧૦ લાખના (બીજા) હતા. આ વયા ગયા બિચારા.

એ ભોગવવું એને ભોગવવું એવો ભાવ જ મિથ્યાદષ્ટિનો હોય છે એમ કહે છે. કેમકે આત્મા આનંદનો નાથ એને ભૂલીને તું આ પરને ભોગવવાનો ભાવ, રુચિ, દૃષ્ટિ એ મિથ્યાત્વ સૂચવે છે. આહાહા..! ભારે કામ ભાઈ! જેને આત્માના આનંદના અનુભવ સિવાય પરવસ્તુના ભોગવવામાં રુચિ જેને છે, એને આત્માના આનંદના અનુભવની રુચિ નથી. આહાહા..! એને રાગ હોય, ભોગવવાની ક્રિયા પણ હો, પણ એમાં રુચિ નથી. ધર્મીની રુચિ રાગમાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. આહાહા..! કારણ કે રાગમાં સુખ નથી. સુખ તો આત્મામાં છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી!

કહે છે. શું કીધું એ? '**ભોગોંકી અભિલાષા કાંક્ષા દોષ હૈ,...**' સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ, એના અનુભવના ભોગ સિવાય પરવસ્તુને ભોગવવાનો ભાવ તેને કાંક્ષા કહેવામાં આવે છે. '**ઈસકે હોને પર ભોગોંકે લિયે...**' પરના રાગને અને વિષય વાસનાને પ્રેમથી ભોગવવા માટે '**સ્વરૂપસે ભ્રષ્ટ હો જાતા હૈ.**' આહાહા..! જેને એ વિષયના રાગમાં, પૈસાના રાગમાં, આબરૂના ભાવમાં, મકાનના ભાવમાં કાંઈક હું ભોગવું આને એવી જે ભોગવવાની રુચિ, દૃષ્ટિ, વિકારને ભોગવવાની રુચિ અને દૃષ્ટિ કાંક્ષા એ સ્વરૂપથી ભ્રષ્ટ થાય એને હોય છે. આહાહા..! આવી જવાબદારી છે આ.

મુમુક્ષુ :- ભોગવી લ્યો, વાપરી લ્યો, ધર્મ કરી લ્યો...

ઉત્તર :- કોણ ભોગવે? ધૂળને? અગ્નિમાં લાકડા નાખતા, લાકડા નાખો ને અગ્નિ ઓલવાઈ જશે. એમ ભોગ ભોગવો એટલે પછી તૃપ્તિ થઈ જશે. ધૂળમાંય નહિ થાય.

મુમુક્ષુ :- ભોગવવા જેવું નથી..

ઉત્તર :- હા. પહેલું એ કરવાની વાત છે. પછી આસક્તિ હોય. સમકિતી આત્મજ્ઞાનીને ચક્રવર્તીનું રાજ હોય. ભરત ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી હતી, પણ એ રાગનો આસક્તિભાવ એ ભોગવવા લાયક છે એ દૃષ્ટિ નહોતી. અહીં તો રાગને ભોગવવા લાયક છે એવો જે ભોગની જેને પરની દૃષ્ટિ છે એ આત્મસ્વરૂપથી ભ્રષ્ટ કહીએ. એમ કહે છે. આહાહા..!

રાગ તો હોય. ભરત ચક્રવર્તી તીર્થંકર હોય લ્યોને. ઋષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ૮૩ લાખ પૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. તો ૮૩ લાખ રહ્યા ગૃહસ્થાશ્રમમાં. છતાં એ રાગમાં પ્રેમ નહિ. લંગડાની જેમ રાગ સાથે આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? વેશ્યાનો પ્રેમ કેવો હોય પૈસાદાર સાથે? એ રાજકુમાર હોય કે ગરીબ હોય, પૈસા આપે દસ-પંદર-વીસ રૂપિયા ત્યાં એને પ્રેમ કરે, એમ ધર્મીને પરપ્રત્યેનો પ્રેમ એવો વેશ્યા જેવો હોય છે. સમજાણું કાંઈ? આવે છે ને ભાઈ નહિ? છ ઢાળામાં. ઓલો દાખલો આવ્યો છે ને. આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. 'નગર નારી કો ત્યાગ...' એ. એ વેશ્યા નગરનારી. છ ઢાળામાં આવે છે. ભાઈને મોઢે છે આખું. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે ધર્મી એને કહીએ. આહાહા..! કે જેને આત્માનો આનંદ રુચ્યો છે. અને એ આનંદમાં જ અનુભવની જેને અભિલાષા અને દૃષ્ટિ છે, પણ જો ભોગના અનુભવની દૃષ્ટિ હોય તો સ્વરૂપથી ભ્રષ્ટ છે એ. આહાહા..! ભારે વાત ભાઈ! કહો, દીકરા સારા થયા, પૈસા પચાસ લાખ, કરોડ, બે કરોડ થયા, કર્મી છોકરા જાગ્યા. કર્મી જાગ્યા એટલે કર્મના કરનારા એમ. ધર્મી નહિ. એને લઈને એને હોંશ આવી જાય અંદરમાં. આહાહા..! તો કહે છે કે પ્રભુ આત્મા જે આનંદનો નાથ અતીન્દ્રિય રસ એનો એને પ્રેમ, રુચિ છૂટી ગઈ છે. ત્યારે એને પરના ભોગવવાનો પ્રેમ રુચિથી થયો છે. સમજાણું કાંઈ? આહાહા..!

વીતરાગની વાણીમાં એક એક ન્યાયોમાં કેટલો મર્મ ભર્યો છે!

કહે છે '**ભોગોંકી અભિલાષા...**' કાલે આવી ગયું છે આપણે આ. આ તો વધારે વિસ્તાર. મળ અને દોષ ઉપરથી આવ્યું. આહાહા..! '**ઈસકે હોનેપર...**' આ પર્યાયમાં થાય હોં. ગુણમાં નહિ. ગુણ તો ત્રિકાળી છે. બદલતી દશામાં કાંક્ષા થાય. '**ઈસકે હોનેપર ભોગોંકે લિયે સ્વરૂપસે ભ્રષ્ટ હો જાતા હૈ.**' આહાહા..! ભગવાન આનંદનો અનુભવ, અતીન્દ્રિય આનંદના રસનો રસીલો પ્રભુ, એ જો રાગનો રસીલો થાય તો આનંદના રસીલાથી છૂટી જાય છે એ. આહાહા..! દૃષ્ટિ એને મિથ્યાત્વ થઈ જાય છે. આવી વાત છે. સમજાણું કાંઈ?

વસ્તુ પોતે પ્રભુ પરથી નિર્મળ ધ્રુવ ચીજ છે અને એમાં તો અનંત શાંતિ, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા. એવી અનંત શક્તિઓ પડી છે. તો એવી શક્તિની જેને પ્રતીત અને ભાન થયું, એને તો એ શક્તિનો પર્યાયમાં અનુભવ કરવો એવી એને દૃષ્ટિ અને રુચિ હોય. એને છોડીને રાગનો ભોગવું એવી રુચિ એને ન હોય. અને એ રાગની રુચિથી ભોગવવાનો ભાવ હોય એને સ્વરૂપથી .. ભ્રષ્ટ થઈ ગયો છે. આહાહા..!

મુમુક્ષુ :- જબાદારી ઘણી વધી ગઈ.

ઉત્તર :- જવાબદારી નહિ. વસ્તુની મર્યાદા જ એવી છે. પણ વસ્તુની સ્થિતિ જ આવી છે એમાં.. આહાહા..! ભાઈ! ધર્મ એટલે શું? ધર્મ એટલે પર્યાય વર્તમાન. એ પર્યાય એટલે શું? જે ત્રિકાળી વસ્તુને જેણે કબુલી અને ત્રિકાળને કબજે કરી પર્યાયે. આહાહા..! વર્તમાન પર્યાયે ભૂતાર્થને જ્ઞાનીની દશાએ ત્રિકાળને જ્યાં કબજે કરી, એને, કહે છે, ત્રિકાળમાં રહેલો ગુણ, એની પર્યાયમાં અનુભવનો ભોગવટાનો ભાવ હોય એને. આહાહા..! એને જો પરવસ્તુને ભોગવવાની રુચિ ને એકતાબુદ્ધિ થઈ ગઈ હોય તો સ્વરૂપની એકતા એને તૂટી જાય છે. સમજાણું કાંઈ?

'**સ્વરૂપસે ભ્રષ્ટ...**' સ્વરૂપ. પોતાનો આનંદસ્વરૂપ છે પ્રભુ આત્માનું. એની જેને પ્રતીતિ થઈ એને સ્વરૂપના અનુભવ સિવાય પરના ભોગવવાનો ભાવ હોતો નથી. આસક્તિ હોય એ જુદી વસ્તુ છે. આસક્તિ જુદી ચીજ છે અને રુચિથી ભોગવવાનો ભાવ એ જુદી ચીજ છે. આસક્તિમાં અસ્થિરતા હોય છે, પણ રુચિમાં એ અસ્થિરતાનો પ્રેમ હોય છે. સમજાણું કાંઈ? ગધેડાનો દાખલો આવ્યો હતો. ઓલા ગધેડે બેસાડીને કાઢે છે ને? આ તો આમાં દાખલો આવ્યો હતો. કોતવાલ ઓલા ગુનેગારને ગધેડે બેસાડેને અને હલવે એ કાંઈ એને પ્રેમ છે? ગધેડે બેસવાનો પ્રેમ છે? પણ બેસે તો છે, બેઠો તો છે. આવે છે ને એ? દાખલો છે.

અને આ દિલ્હીમાં બન્યું હતું એક. દિલ્હીમાં એક વર પરણવા આવ્યો. તે કન્યાના બાપ પાસે માગ્યું. ફલાણું આ જોઈશે, ફલાણું આ જોઈશે, અત્યારે આ બધું શું કહેવાય એ? .. વધારે માગ્યું હશે. એવું કાંઈક માગ્યું હતું. પરણવાને ટાણે, લગન ટાણે હોં. હવે ઓલો બિચારો દીકરીનો બાપ સાધારણ.

વાર કેમ લાગી કે આ કેમ નથી આવતા? શું કહે છે? છોકરા થયા ભેગા જુવાનિયા ગામના. આ ખાનદાન માણસ ઓલો દીકરીનો બાપ બિચારો. પણ એટલું બધું માગે પચાસ હજાર રૂપિયા ઓલાને ઝાઝા જોવે. છોકરા ભેગા થયા ગામના. લાવ્યા ગધેડું એક સારું. ચાલો વરરાજા. ચાલો ચાલો બહાર. ગધેડે બેસાડ્યો. ચાલ તને પરણાવીએ. મૂર્ખા! લગનને ટાણે બિચારા આવા માણસને તું આમ કરે છો? જુવાનિયાની લાજ મૂકાઈ જાય છે આ તો. જુવાનિયા બધા આવા હશે? એમ અમારી આબરૂ જાય છે તારામાં. ભગવાનજી! ગધેડે બેસાડીને ફેરવ્યો ગામમાં. જાવ પરણજે કૂતરી ને ગધેડીને હવે. આ નહિ કન્યા મળે તને. હવે એ બેઠો છે તો એ રુચિથી બેઠો છે? મારું એમ કહેવું છે.

એમ જ્ઞાનીને ધર્માત્માને રાગ આવે ખરો, પણ રુચિથી નથી એને. સમજાય છે કાંઈ? પોસાતું નથી. પણ પોસાયા વિના રાગ આવ્યા વિના રહેતો નથી. અને અજ્ઞાનીને તો એ રાગ પોસાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ એની વાત! આહાહા..! શ્રીમદ્દે નથી કહ્યું? શું ભગવાનની વાણી! શું એની ઉજ્જ્વળતા! લખ્યું છે. ઉજ્જ્વળ.. વીતરાગની વાણી, વીતરાગમાં શું કહેવું! આહાહા..! એની એક એક વાતમાં ટંકોત્કીર્ણ ન્યાય ઊભા થાય. આહાહા..! એના એક એક બોલમાં આ અનંતુ રહસ્ય ભર્યું હોય છે એમાં. આહાહા..! જેની વિકલ્પરહિત દશા વીતરાગ થઈ ગઈ અને તે સર્વજ્ઞપણાની ભૂમિકામાં વીતરાગતા આવી ગઈ. આહાહા..! એવા અરિહંત પરમાત્મા, એની વાણીમાં. એમ કહ્યું ને? એનો ઉપદેશ કર્યો કે આનો ત્યાગ કરો. આહાહા..! સમજાણું કાંઈ?

કાંક્ષાનો ત્યાગ કર એમ કહે છે અને અંતરના આનંદના અનુભવનો પ્રેમ કર. આહા! તારો નાથ અંતરમાં શાંતિથી ભરેલો છે. પ્રભુ છે ભાઈ! તને તારી મોટપની કિંમત નથી. તારી મોટપની (પૂરી વાત) સર્વજ્ઞની વાણીમાં ન આવી. એવો તો મોટો પ્રભુ અંદર છો. એક બીડીમાં સલવાઈ જાય. એક બીડી પીવે ત્યાં ઓહોહો..! મગજ તર થઈ જાય. દોઢ કપ ચા પીવે સવારમાં તો મગજ સ્થિર થાય. તો સાંભળવાની મજા રહે. ચા ન પીવે તો મજા ન રહે. મારે મારી નાખ્યા. આહાહા..! પ્રભુ! તું આવો નથી ભાઈ! તારી પ્રભુતાને તો કોઈ પહોંચી શકે નહિ એવી ચીજ છે. એવી જેને પ્રભુતા અંદરમાં રુચિ ને બેઠી એને સમકિતચરણ ચારિત્ર કહેવામાં આવે છે. એના ચારિત્રમાં પરના ભોગની કાંક્ષા હોતી નથી એમ કહે છે. આહાહા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ જેને સડેલા તરણા જેવા લાગે. સડેલા કૂતરા મીંદડા જેવા. ઈન્દ્રાણીના ભોગ. આ તો બધા અનાજ ખાધેલા ઢીંગલા બેસી .. જાય. રોટલા ..

મુમુક્ષુ :- ધાનના ઢીંગલા.

ઉત્તર :- ધાનના ઢીંગલા. ઓલા તો ઈન્દ્રાણી સ્વર્ગની, એના ભોગ. સડેલા મીંદડા સડી ગયેલા દેખાય એવો ભોગ દેખાય ધર્મીને. આહાહા..! કેમકે આત્મામાં આનંદ છે એવું જ્યાં ભાન થયું, એને વળી પરના ભોગમાં પ્રેમ હોય એ કેમ રહે? આહાહા..! સમજાણું કાંઈ?

**'ભોગોંકે લિયે સ્વરૂપસે ભ્રષ્ટ હો જાતા હૈ.'** બે બોલ થાય. નિઃશંક અને નિકાંક્ષિત. આ તો

દોષની વાત કરી. **'વસ્તુકે સ્વરૂપ અર્થાત્ ધર્મમેં ગ્લાનિ કરના જુગુપ્સા દોષ હૈ,...'** વસ્તુ જેવી છે એમાં ગ્લાનિ કરવી. પહેલા આખી અસ્તિત્વની શંકા હતી, બીજામાં રાગનો પ્રેમ હતો, ત્રીજામાં દ્વેષ છે. આહાહા..! વસ્તુના સ્વરૂપની ધર્મમાં ગ્લાનિ. ભગવાન અનંતગુણરૂપે અનંત અંદર શાંતિરૂપે એક ક્ષણમાં અનંતી શક્તિનો ભંડાર, એના પ્રત્યે અરુચિ થવી એ ગ્લાનિ છે. આહાહા..! એવો ભગવાન આત્મા એક ક્ષણમાં અનંત શાંતિ, અનંત આનંદ, અનંત અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ, સ્વચ્છત્વ, વિભુત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એવી અનંત શક્તિનો સાગર પ્રભુ. એના પ્રત્યે 'આ નહિ' એવી અરુચિ થવી એને આત્મા પ્રત્યે દ્વેષ છે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુનું સ્વરૂપ આ એક સમયમાં પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, પૂર્ણ સર્વજ્ઞ, પૂર્ણ સર્વદર્શી, પૂર્ણ આનંદ. એને સર્વ લાગુ પાડ્યું. બધાને પૂર્ણ છે. સર્વ આનંદ પ્રગટ, પૂર્ણ પ્રગટ. પૂર્ણ વીર્ય, પૂર્ણ કર્તાકરણ શક્તિ અનંતી. ઓહોહો..! એ જેને અંતરમાં નથી રુચતી એને એના પ્રત્યે ગ્લાનિ છે, દ્વેષ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ! આહાહા..! હજી તો પકડાવું કઠણ પડે, કરવો તો ક્યાંય રહી ગયો. માર્ગ તો એવો છે બાપા! આહાહા..!

મુમુક્ષુ :- બીજો ધર્મ બીજી જાત આવે.

ઉત્તર :- બીજા જાત તો આ જ જાત છે. જાત એક જ જાત છે. એનું એ આવે તત્ ને અતત્ અને એક-અનેક પણ એ શું છે? પણ સત્ અને અસત્ એક ને અનેક આવ્યું છે ને? તો એ તત્ ને અતત્ અને એક-અનેક એ ચાર ગુણ છે. ભાઈ! ૪૭માં. આ તો આને જ્યાં થાતું હોય એ રીતે લેવાય ને? તત્- આ છે... આ છે... એવો તત્ નામનો ગુણ છે. ૪૭માં. આ છે. પર્યાયે એમ જાણ્યું કે આ છે. તો એ પર્યાય છે .. આ છે. એ તત્ નામનો ગુણ છે એ. પણ અતત્ (એટલે) એ નહિ, એવો અતત્ ગુણ છે એમાં.

મુમુક્ષુ :- પરથી અતત્ એવો ગુણ છે.

ઉત્તર :- ગુણ છે. આહાહા..! એ બધી આની વાત છે. આહાહા..! ... આહાહા..! એક છે. આવ્યું ને. 'એક' ગુણ છે એમાં. વસ્તુ એકરૂપ છે દ્રવ્ય તરીકે. ગુણ અને અનંત પર્યાયના અંશના સમુદાયે એ 'એક' ગુણ છે એનો. એ 'એક' ગુણની પ્રતીતિ કરવા જાય છે ત્યાં ગુણીની થાય છે. આહાહા..! અને ગુણીની પ્રતીતિ થતાં એ ગુણની પ્રતીત કરનાર જે છે એ તો અનંતી પર્યાય છે. એ અનેક ગુણોમાં આવી ગયું ભેગું. આહાહા..! ૪૭ શક્તિમાં તો ગજબ વાતું છે. હવે ચાલ્યું આવશે. આહાહા..!

**'જુગુપ્સા કરના દોષ હૈ,...'** આહાહા..! કહે છે, જુગુપ્સા-દુર્ગંછા આમ વસ્તુ જે અનંતગુણનો પ્રેમ એ વસ્તુ જે જોઈએ એનો જે પ્રેમ જોઈએ એને ઠેકાણે આ નહિ, આવું ને આવું એ દુર્ગંછા છે એને વસ્તુ પ્રત્યે દ્વેષ છે. આહાહા..! આવો આત્મા? એક આત્મા આવો ભગવાન પૂર્ણ! એ જેને બેસતું નથી એને આત્મા પ્રત્યે દ્વેષ છે. દુર્ગંછા છે. આહાહા..! જેના પ્રત્યે નિર્વિચિકિત્સા હોવી જોઈએ, દુર્ગંછા

રહિત આદર જોઈએ પૂર્ણાનંદ પ્રભુ આવડો જ છે એ. એક એક શક્તિએ પૂર્ણ અને એવી અનંત શક્તિનો સાગર પ્રભુ છે. એની જેને અંતરમાં દુર્ગંછા છે, ગોઠતું નથી. ગોઠતું નથી એનો ગોઠિયો થતો નથી, એને ગોઠતું નથી. એને દુર્ગંછા છે. આહાહા..! આવી વાત છે આમાં ધીરૂભાઈ! આહાહા..!

અરે..! આવા અવતારમાં ભાઈ! તારી જાતની ભાત ન પડે તો પછી ક્યાં જઈશ તું? આહાહા..! એ જ્ઞાનની પર્યાયમાં, શ્રદ્ધાની પર્યાયમાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણનો પોકાર છે. નિઃસંદેહ, નિઃશંક સ્વીકાર પૂર્ણ છે. એને દુર્ગંછા કેમ હોય? આહાહા..! આવડો આત્મા એક? બધા થઈને એક કહો. અરે..! ભગવાન! એમ નથી પ્રભુ! તું સાંભળ ભાઈ! તારા એક સ્વરૂપમાં અનંતગુણો પરમાત્માએ કહ્યા અને એમ છે. એના ગુણનો તને આદર ન થતાં એનો તને અનાદર થાય. બધા ભેળવીને એક હોય તો તો ઠીક. એ દુર્ગંછા છે એને તત્ત્વ ઉપર. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ગજબ શૈલી પણ હોં! અધિકાર બતાવે, મજબૂતતા બતાવે. ગજબની શૈલી. વીતરાગ સર્વજ્ઞ એ પણ દિગંબર સંતોમાં એ વાત છે. આહાહા..!

એક વાત. '**ઈસકે હોને પર ધર્માત્મા પુરુષોંકે પૂર્વકર્મકે ઉદયસે બાહ્ય મલિનતા દેખકર મતસે ચિગ જાના હોતા હૈ.**' કારણ કે ધર્માત્મા પુરુષમાં પણ કોઈ રાગાદિ એવો દોષ હોય, એને દેખીને એની જુગુપ્સા કરવી, દુર્ગંછા કરવી તો એ ધર્માત્માની દુગંછા છે. એને ધર્મની દુર્ગંછા છે. કેમકે છદ્મસ્થ છે, ધર્માત્મા હોય, જ્ઞાની હોય, છતાં કોઈ એવા પ્રકારના રાગાદિનો દોષ દેખાય, માનાદિનો ભાવ દેખાય તો એની દુર્ગંછા ન કરવી. .. બહાર ન પાડવું, ખુલ્લું ન કરવું એમ કહે છે. એ થોડું કહી દે છે પોતે જ.. માટે બહારની વાતને .. કરવી નહિ. આ જરી ધર્મ પામેલાની વાત છે હોં!

મુમુક્ષુ :- પૂર્વ કર્મ ઉદય છે ને.

ઉત્તર :- ઉદયનું જોડાણ છે એમ એનો અર્થ છે. એ લખ્યું છે. આમાં આગળ આવશે ક્યાંક. '**ઉદયકે વશ હોનેસે...**' ઓલીકોર છે જુઓ ઓલીકોર પાને. ત્રીજા પેરેગ્રાફમાં પાંચમી લીટી. ઉપર છે. '**ઉદયકે વશ હોનેસે...**' એમ. '**મિથ્યાત્વકે ઉદયસે...**' લખ્યું છે ને.

મુમુક્ષુ :- પૂર્વ કર્મના ઉદયને વશ

ઉત્તર :- વશ. એનો અર્થ એ. છે ને? એ આપણે અહીં ખુલાસો કરીએ એ અહીં લખી નાખ્યું છે. આહાહા..! કર્મનો ઉદય તો જડ છે, પણ તેના તરફ વલણ કર્યું છે ને એ વશ થઈ ગયો છે એને. એમ. એનો ઉદય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહે છે. અહીં ચારિત્રની વાત નથી. અહીં તો સમકિતચરણની વાત છે. સાંભળીને વિચારમાં રોકાવું .. કરતા. આ તો સમકિતચરણની વાત છે. ચારિત્રની વાત નથી. અત્યારે સમકિતચરણના, સમકિત ચોથા ગુણસ્થાનના સમકિતચરણ ચારિત્ર હોય એની વ્યાખ્યા છે. ઓલી

ચારિત્રની વ્યાખ્યા નથી. એ પછી આવશે. કહો, સમજાણું કાંઈ? બરાબર ધ્યાન રાખીને સાંભળો. એવી વાત છે ભાઈ આ. એક ન્યાય ફરે તો આખી ચીજ ફરી જાય છે. આહાહા..! મોટા હીરા સરેણે ચડાવે છે. એ ત્રણ બોલ થયા.

'**દેવ-ગુરુ-ધર્મ તથા લૌકિક કાર્યોમેં મૂઢતા...** ' એ ચોથો દોષ છે. સાચા દેવ અરિહંત ત્રિલોકનાથ એના સિવાય બીજાને દેવ માનવા એ મૂઢતા છે. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જેને અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રગટ્યા છે, સર્વજ્ઞપણું પ્રગટ્યું એ દેવ. એ સિવાય બીજાને દેવ માનવા મૂઢતા છે. ગુરુ મૂઢતા. ગુરુ નિર્ગ્રંથ મુનિ, વીતરાગી મુનિ હોય છે. નગ્નમુનિ દિગંબર ચારિત્રવંતના ગુરુની અપેક્ષાએ. જેને ચારિત્ર આનંદસહિત નગ્નદશા અને અંતરમાં ત્રણ કષાયનો અભાવ એવી મુનિદશા એમાં મૂઢતા (એટલે) એને ગુરુ ન માનતા અજ્ઞાનીઓએ કાંઈ કલ્પેલ એને ગુરુ માનવા મૂઢદશા છે. સમજાણું કાંઈ? જેને ભગવાને કહેલા આત્માની ખબર નથી, ભગવાને કહેલા આત્માના ગુણની ખબર નથી, એની પર્યાયની ખબર નથી. વિપરીતતા શું છે એવી ખબર નથી. એવા ગુરુને ગુરુ માનવા, મિથ્યાત્વની મૂઢતા છે એ બધી. આહાહા..! સમજાણું કાંઈ?

અને ધર્મ. અહિંસા ધર્મ છે. રાગ વિનાની દશા ઉત્પન્ન થાય એનું નામ અહિંસા છે. ધર્મમાં મૂઢતા. આત્માનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એને આશ્રયે થતાં જે અહિંસકદશા-રાગ વિનાની દશા ઉત્પન્ન થાય એનું નામ ધર્મ છે, એનું નામ અહિંસા છે. એમાં મૂઢ થતાં પરની દયા પાળી અને પરની અહિંસા તે ધર્મ છે (એમ માનવું) એ મૂઢદશા છે. આહાહા..! એમ છે ભાઈ! '**યથાર્થ સ્વરૂપકો ન જાનના સો મૂઢદૃષ્ટિદોષ હૈ,...**' લ્યો! આહાહા..! જેવું દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ છે, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું તે, એનાથી યથાર્થ ન માનતા. છે ને? '**યથાર્થ સ્વરૂપકો ન જાનના સો મૂઢદૃષ્ટિદોષ હૈ,...**' દોષ છે એ બધો.

'**ઈસકે હોને પર...**' ખૂબી આ બધામાં લીધી છે બધામાં. '**અન્ય લૌકિક જનોંસે માને હુએ સરાગી દેવ,...**' દેખો! લોકો માને રાગવાળા, ...વાળા મિથ્યાદૃષ્ટિ '**હિંસા ધર્મ ઔર સગ્રંથગુરુ...**' વસ્ત્રસહિત હોય એને ચારિત્રવંત માનવા. વસ્ત્રસહિત હોય એને નિર્ગ્રંથ મુનિ એટલે વીતરાગી મુનિ છે આ. (એમ માનવું મૂઢતા છે.) વીતરાગી મુનિ તો નિર્ગ્રંથ હોય છે. મુનિ એને સગ્રંથને માનવા એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહાહા..! '**તથા લોગોંકે બિના વિચાર કિયે હી માની હુઈ અનેક ક્રિયાવિશેષોંસે...**' જગતમાં હોય છે ને બહારની ક્રિયાઓ? '**વિભવાદિકકી પ્રાપ્તિ કે લિયે પ્રવૃત્તિ કરનેસે યથાર્થ મતસે ભ્રષ્ટ હો જાતા હૈ.**' આહાહા..! એવી બહારના વૈભવથી અંજાય ને એનાથી આહાહા..! આનાથી આમ થાશે.. આનાથી આમ થાશે. આનાથી આટલી શેઠાઈ મળશે અને આનાથી પછી સ્વર્ગમાં જાશું. એવી જે વાંછા મૂઢદૃષ્ટિને હોય છે, એ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયેલા છે. એ અમૂઢદૃષ્ટિની વ્યાખ્યા કરી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૪, શુક્રવાર તા. ૨૩-૧૧-૧૯૭૩**
**ગાથા - ૬, ૭ પ્રવચન - ૪૯**

છઠ્ઠી ગાથાનો ભાવાર્થ ચાલે છે. એમાં એમ કહે છે કે આત્મામાં બે પ્રકારના ચારિત્ર હોય છે. એક સમ્યક્ચરણ ચારિત્ર, એક સંયમચરણ ચારિત્ર. એટલે શું? સમકિતચરણ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. ભગવાને જે આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ (જોયો) એવી જે અનાદિ અનંત અવિકલ્પ-નિર્વિકલ્પ વસ્તુ એની દૃષ્ટિ કરવી, એનો અનુભવ કરવો એનું નામ સમકિતચરણ ચારિત્ર છે. પહેલી ધર્મની સીઢી. સર્વજ્ઞ પરમેશ્વર. .. આવ્યું છે ને એમાં? '**जिणभणिया**' છઠ્ઠી ગાથામાં આવ્યું છે. '**जिणभणिया**' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે એમણે કહ્યું કે આ આત્મા... ભિન્ન ભિન્ન આત્મા છે. એ બધા થઈને એક નથી. એમ એ આત્મા સર્વવ્યાપક નથી. સર્વવ્યાપક હોય તો તો બધા એક થઈ જાય. એ આત્મા ભિન્ન વસ્તુ દરેકથી-શરીરથી, વાણીથી, મનથી અને ખરેખર તો એ પુણ્ય-પાપના વિકલ્પો ભાવ છે એનાથી ભિન્ન છે. એ અનાદિ-અનંત આદિ-અંત વિનાની ચીજ વસ્તુ ધ્રુવ એમાં પર્યાયને એકાકાર કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ ધર્મની પહેલી સીઢી છે. કહો, સમજાણું કાંઈ?

આમ જોયું ને, અંતર વસ્તુ છે ત્યાં અંતર આમ કરે ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે ને? કે આમ બહાર જાય ત્યારે લક્ષ જાય છે? વ્યાપક હોય તો બહાર જાય તો બધું લક્ષનો તો એકાગ્ર થાય. જેટલામાં છે એટલામાં લક્ષ કરે તો ધ્યાન કરે તો એમાં એકાગ્ર થઈ શકે છે. એટલામાં છે એ શરીર પ્રમાણે આત્મા અસંખ્ય પ્રદેશી. અને અનંતગુણ છે એમાં. વસ્તુ એક, ગુણ અનંત, એની પર્યાય અનંત અવસ્થાઓ. પણ એ બધી આમાં અસંખ્ય પ્રદેશમાં એટલા ક્ષેત્રમાં બધી છે. એની અંતરમાં વસ્તુની દૃષ્ટિ, વસ્તુની જ્ઞાનની પર્યાયમાં એનું જ્ઞાન અને એમાં પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. એવા ધર્મીએ મિથ્યાત્વ આદિ દોષોને ટાળવા. એમ ચાલે છે ને? આહાહા..! આવી જેને દૃષ્ટિ અને ધર્માત્મદશા થઈ, એણે જગતના તત્ત્વો અજ્ઞાનીઓએ કહેલા એમાં કોઈ શંકાદિ થાય તો ટાળવી. તો એ નિર્મળ સમ્યક્ધર્મ થશે. અહીં સુધી આવ્યું છે આપણે. શંકા .. ત્યાં સુધી આવ્યું છે ને?

મુમુક્ષુ :- અમૂઢ દૃષ્ટિ...

ઉત્તર :- એ ધર્માત્માપુરુષ.. એ?

મુમુક્ષુ :- દેવ-ગુરુ-ધર્મ તથા લૌકિક કાર્યોમાં મૂઢતા...

ઉત્તર :- એ આવી ગયું છે. એ બાજુથી. ૬૩ પાને.

'**દેવ-ગુરુ-ધર્મ તથા લૌકિક કાર્યોમેં મૂઢતા...** ' સાચા દેવની જેને ખબર નથી, સર્વજ્ઞદેવ

પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે એ દિવ્યશક્તિ, એવા દેવમાં જેને મૂઢતા છે, ભાન નથી. ગુરુમાં ભાન નથી. નિર્ગ્રંથ ગુરુ જેને આત્મજ્ઞાનસહિત ચારિત્ર વર્તતું હોય એવા ગુરુ અને ધર્મ અહિંસા. પુણ્યના, પાપના ભાવની ઉત્પત્તિ ન થવી એવો જે સ્વભાવની શાંતિની ઉત્પત્તિ થવી એ ધર્મ. અને લૌકિકકાર્ય જગતમાં. આમાં ન જાય ત્રણમાં અને જગતના કાર્યમાં. અનેક પ્રકાર જ્યાં ત્યાં... આવશે નામ આવશે.

'**યથાર્થ સ્વરૂપકો ન જાનના સો મૂઢદૃષ્ટિદોષ હૈ, ઈસકે હોને પર અન્ય લૌકિક જનોંસે માને હુએ...**' અજ્ઞાનીઓએ માનેલા '**સરાગી દેવ,...**' રાગવાળા દેવ અને એને દેવ માને. '**હિંસાધર્મ...**' રાગનો ભાવ કરે અને માને કે આમાં ધર્મ થાય એ હિંસાધર્મ. વસ્તુ તો એ જ છે ને બીજું શું છે? વસ્તુ પોતે નિર્વિકલ્પ આનંદકંદ, એમાં રાગનું ઉત્પન્ન થવું એ જ હિંસા છે. આહાહા..! સ્વરૂપની શાંતિ ત્યાં હણાય છે પર્યાયમાં હોં! .. શાંતિ તો છે. ઝીણી વાત બહુ. વસ્તુનું સ્વરૂપ એવું થઈ ગયું. એને હાથ આવ્યું નથી અનંતકાળમાં.

'**ઈસકે હોનેપર...**' '**સરાગી દેવ, હિંસાધર્મ ઔર સગ્રંથગુરુ...**' વસ્ત્ર, પાત્ર રાખે અને શ્રદ્ધા ઉંધી હોય અને માને કે આ ગુણ છે. એ મિથ્યાદૃષ્ટિ એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? '**લોગોંકે બિના વિચાર કિયે હી માની હુઈ અનેક ક્રિયાવિશેષોંસે...** ' લૌકિક મૂઢતા. આગળ આવશે નીચે... સવારમાં સૂર્ય ઉગે ને પૂજા. જય ભગવાન. ત્યાં ક્યાં દેવ હતો સૂર્ય? સૂર્યગ્રહણમાં સ્નાન કરવું. એ આવશે નીચે ચોથે પાને. બીજા પેરેગ્રાફમાં છે બીજામાં. ગ્રહણમાં સ્નાન કરવું. આ ઘરણ ઘરણ આવે ને સ્નાન કરવું. એ મિથ્યાભાવ છે. આહાહા..! સંક્રાંતમાં દાન દેવું. સંક્રાંતિ છે ને આ? મકરસંક્રાંતિ .. ધર્મ. એમાં દાન દેવાથી લાભ. એ બધા મૂઢ જીવો માને છે. એ લૌકિક. '**અગ્નિકા સત્કાર કરના,...**' .. અગ્નિમાં મૂકે છે ને? એ મૂકે છે અગ્નિમાં. અમે અગ્નિદેવને પૂજીને પછી ખાવું. મૂઢ જીવો છે. ભાન ન મળે. અગ્નિ તો અંદર પરમાણુ ઉપજશે અને અંદર તો જીવ છે અગ્નિમાં. એકેન્દ્રિય જીવ છે અંદર. .. જડ પરમાણુ માટી છે. અગ્નિના અંદર જીવ એકેન્દ્રિય. દિવાસળી સળગાવેને દિવાસળી બીડી પીવા? એમાં અસંખ્ય અગ્નિના જીવ છે એ દિવાસળી સળગે એમાં. આ સિગારેટ બિગારેટ પીવે ને સરખી આમ કરી ને. એ અગ્નિના જીવ છે એમાં. એક એક જીવ. એક શરીર છે એમાં એક એક જીવ એવા અસંખ્યશરીરી. અગ્નિનો તણખો દેખાય એમાં અસંખ્ય શરીર છે. એણે અગ્નિને પેલું મૂકે થોડું.. મૂકીને પછી ખાય. મૂઢતા છે કહે છે.

મુમુક્ષુ :– એ બધું લૌકિક રીત છે.

ઉત્તર :– હા લૌકિક. પણ એ મૂઢતા છે. ભાન વિનાના જીવોને. ઘણાં જોયા છે બધા ખાવા બેસેને ત્યારે મૂકે અગ્નિ ..માં. આહાહા..! દેહલી દેહલી એટલે આ ઘરમાં પેસતા, દુકાનમાં પેસતા પગે નથી લાગતા? ઉંબરાને પગે લાગે ઉંબરાને. ધંધા—બંધા ઠીક ચાલે ને-ધંધા ભેગો રહે ને પૈસા-બૈસા થાય.

ગૃહસ્થમાં ઓલા પગે લાગે ને.

મુમુક્ષુ :- ત્રણવાર પગે લાગે.

ઉત્તર :- એ ઓલો ઉંબરો હોય ને ઉંબરો એને પગે લાગે. મૂઢ જીવો છે મારા. આવા ને આવા અજ્ઞાનીઓ. મૂઢ દૃષ્ટિમાં મરી ગયા છે બિચારા.

'દેહલી, ઘર,...' ઘર પૂજે ઘર. 'કુંઆ,...' પૂજે. '**ગાયકી પૂંછકો નમસ્કાર કરના,...**' છે ને? '**ગાયકી પૂંછકો નમસ્કાર કરના, ગાયકે મૂત્રકો પીના,...**' ગાય તો પવિત્ર છે. એના પૂંછમાં ૩૩ કરોડ દેવ છે. એમ માને અજ્ઞાની. આહાહા..! એ લૌકિક મૂઢતા છે. એ '**રત્ન,...**' ને પૂજે. આ દિવાળીમાં નથી પૂજતા? લક્ષ્મીપૂજન. લક્ષ્મીપૂજન કરે છે ને દિવાળીમાં. એ મૂઢતા છે. '**ઘોડા...**' ઘોડાને પૂજે. આદિ વાહનને પૂજે. સારું વાહન હોય ને. '**પૃથ્વી...**'ને પૂજે, પીપળાને પૂજે. '**વૃક્ષ,..**' એટલે પીપળો. પીપળ આદિ પૂજે છે ને? બાકી રાખ્યું નથી? '**શસ્ત્ર,...**'ને પૂજે. સારું શસ્ત્ર હોય ને એને પૂજે. '**પર્વત...**'ને પૂજે લ્યો. એની '**સેવા-પૂજા કરના, નદી-સમુદ્રકો તીર્થ માનકર...**' નદી અને સમુદ્ર એ તીર્થ છે. એમાં સ્નાન કરીએ તો પાપ ધોવાય. '**ઉનમેં સ્નાન કરના, પર્વતસે ગિરના,...**' પર્વતથી પડવું. '**અગ્નિમેં પ્રવેશ કરના ઈત્યાદિ...**' લૌકિક કૃત્ય છે એ મૂઢતા છે બધી. એમાં પાપ બંધાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી જાત છે. એ લૌકિકની લાઈન છે. એ વાત સાચી છે. એ તો ચારિત્રના દોષની એવી જાતની હોય છે. પણ આ તો શ્રદ્ધામાં ભ્રષ્ટ થઈને પૂજે એમ કહે છે. .. દેવ છે. સમકિતી હોય. આત્મજ્ઞાન હોય, છતાં એ .. આવે છે. .. એને? એ રત્નને હજાર દેવ સેવા કરે છે. એવા ચૌદ રત્ન હોય છે. આદર કરે. એ આદર કરે છે. એને પૂજવાથી મને લાભ થશે એમ નથી કાંઈ. .. ના રત્ન.. ચક્રવર્તી હોય છે ને એના ભંડારમાં રત્ન ઊપજે. જેની એક હજાર દેવ તો સેવા કરતા હોય છે. એ દેખીને, સાંભળીને જાય ઘરે. આદર કરે. જેમ મહેમાન આવે ને આદર કરે ને. એમાં ધર્મબુદ્ધિ નથી કાંઈ. લાભબુદ્ધિ આમાં કાંઈ ધર્મથી લાભ થાશે એમ નથી. રાજા મુસલમાન હોય એને સલામ કરે. અન્નદાતા! એમ ન કહે એને? એ અશુભભાવ છે જગતનો. અસ્થિરતાનો ભાવ છે. એ કાંઈ મિથ્યાત્વભાવ નથી. હવે માથે ઉપર.

'**વિભવાદિકકી પ્રાપ્તિ કે લિયે પ્રવૃત્તિ કરનેસે યથાર્થ મતસે ભ્રષ્ટ હો જાતા હૈ.**' પૈસા મળે, દીકરો થાશે, દીકરી થાશે, આબરૂ રહેશે. લજ્જા ન જાય. એને કારણે આવા બધાને પૂજે તો સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જાય છે એ. ભગવાન આત્મા અનંતસ્વરૂપ એના સહિતની દૃષ્ટિ એને રહેતી નથી. આહાહા..! '**ધર્માત્મા...**' માથે લીધું છે ચોથે. '**ધર્માત્મા પુરુષોંમેં કર્મકે ઉદયસે કુછ દોષ ઉત્પન્ન હુઆ દેખકર...**' સમ્યગ્દૃષ્ટિ હો. ૬૪ની ઉપર લીટી. ૬૪ની પહેલી લીટી. પહેલી લીટીનો છેલ્લો શબ્દ.

**'ધર્માત્મા પુરુષોમેં...'** સમ્યગ્દર્શન જેને પ્રગટ્યું છે, આત્મ ચૈતન્યમૂર્તિનું ભાન થયું છે અને વસ્તુની સ્થિરતામાં પાંચમે છઠ્ઠે ગુણસ્થાને અંદર સ્થિરતા પણ હોય, એવા ધર્માત્માને કોઈ રાગાદિનો દોષ .. થઈ જાય તો એને ઉઘાડો ન કરવો એમ કહે છે. **'દેખકર ઉનકી અવજ્ઞા કરના સો અનુપગૂહન દોષ હૈ,...'** દોષને ઢાંકતો નથી, ખુલ્લો કરે છે એ દોષ છે. ધર્માત્માની એવી રીત .. બગડી જાય. આદર ન કરે કોઈ. એવી ક્રિયા હોય સાધારણ તો.

સમ્યગ્દર્શન હોય, સમ્યગ્જ્ઞાન હોય, સમ્યક્ચારિત્ર હોય, આત્માનું ભાન હોય એમાં તો એને રાગને કારણે સહેજે દોષ લાગી ગયો હોય તો બીજાઓ સમકિતી ધર્માત્મા એની અવજ્ઞા ન કરે. **'ઈસકે હોને પર ધર્મસે છૂટ જાના હોતા હૈ.'** ધર્માત્માનો કોઈ આવો દોષ બહાર કરે તે પોતાના ધર્મથી પોતે ભ્રષ્ટ થઈ જાય છે. **'ધર્માત્મા પુરષોંકો કર્મકિ ઉદયકે વશસે ધર્મસે ચિગતે દેખકર ઉનકી સ્થિરતા ન કરી સો અસ્થિતિકરણ દોષ હૈ,...'** ધર્મીજીવ હોય અને કોઈ અસ્થિરતા થઈ જાય એની શ્રદ્ધા જ્ઞાનમાં, તો એને ઠેકાણે પાડે. માર્ગ આવો છે બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે આત્મા આનંદસ્વરૂપ રાગરહિત (જોયો), એની દૃષ્ટિમાંથી ખસીશ નહિ. એને રાખજે. એને અસ્થિર થતો એને સ્થિર કરે છે. સ્થિરતા ન કરે તો એને ધર્મ પ્રત્યે પ્રેમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે છે ક્યાં? આ તો ભાવની વાત છે. એવો વિકલ્પ હોય છે. કરી શકતો નથી. કરવાની વાત નથી. પણ એને ભાવ એવો હોય કે અસ્થિરતા થતી હોય તો એને સમજાવે એટલું. થાય ન થાય એને કારણે. એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં ત્રણ કાળમાં ન થાય. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- મૂળ વાત રાખીને.

ઉત્તર :- મૂળ વાત રાખીને. એને ધર્મની દૃષ્ટિ થઈ છે એવા ધર્માત્માને કાંઈક એવા પ્રસંગે આવ્યા હોય અસ્થિરતાથી તો એને ઠેકાણે પાડે. વિકલ્પ એવો આવે કે ભાઈ! આ માર્ગ નથી આમ કરો. કરે ન કરે એને કારણે. સમજાણું કાંઈ? આ ઉપદેશમાં પણ શું છે? ઉપદેશ તો વાણી છે. વિકલ્પ અને વાણી. આવે, જાણે કે આ વિકલ્પ છે, હેય છે. વાણીનો કર્તા ... આવી વાત આકરી લાગે.

**'અસ્થિતિકરણ દોષ હૈ, ઈસકે હોને પર જ્ઞાત હોતા હૈ કિ ઉસકો ધર્મસે અનુરાગ નહીં હૈ...'** એમ અહીં બતાવવું છે. એ ધર્માત્મા હોય એની અસ્થિરતા થતી હોય તો એને સ્થિર કરે, એવો એને ભાવ આવે, અને ન આવે તો તેને ધર્મ પ્રત્યે પ્રેમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવી આકરી વાતું. સમ્યગ્દર્શનની વાતથી આ કઠણ વાત છે હોં! .. દોષ છે લ્યો. **'ધર્માત્મા પુરુષોંસે વિશેષ પ્રીતિ ન કરના અવાત્સલ્ય દોષ હૈ,...'** ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રત્યે વાત્સલ્ય હોય, પ્રેમ. અવાત્સલ્ય રહે, દ્વેષ રહે તો એ ધર્મી છે નહિ. પોતા કરતા કોઈ ધર્મમાં વધી ગયો. આહાહા..! અને એને દ્વેષ થઈ જાય, ધર્મ પ્રત્યે પ્રેમ એને પોતાને નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'ધર્માત્મા પુરુષોંસે વિશેષ પ્રીતિ ન કરના...'** વિશેષ પ્રીતિ ન કરના... એ **'અવાત્સલ્ય દોષ હૈ, ઈસકે હોને પર સમ્યક્ત્વકા અભાવ પ્રગટ સૂચિત હોતા હૈ.'** આહાહા..! સમજાણું કાંઈ? જુઓને આ છે ને નિહાલભાઈ. નિહાલભાઈ. એ .. રહે છે કલકત્તા. કલકત્તા ને? મોટી દુકાન છે. વાણિયા છે ગૃહસ્થ. એ અહીં આવ્યા અને ધર્મ પામ્યા છે. બીજા વળી કેટલાકને આવી વાત આવી હોય ને તો ન રુચે. આવું કોણ જાગ્યુ હવે ભાઈ? ... ... ઘણું વાંચેલું, બહુ વાંચેલું, ઘણું વાંચેલું, .. સંસારના કાંઠે આવી ગયેલા. એવો રૂડો જીવ મગજવાળા માણસ. એમના વાંચેલા.. બધા ખૂબ. આત્મધર્મ હાથ આવ્યું. કહે ઓહો..! અર્ઘ ચઢાવીને.. પાટણીએ આપ્યું. પાટણી ને? નેમિચંદ પાટણી. એણે આપ્યું હતું. પછી અહીંયા આવ્યા. પછી એમ કે સમિતિના ઓરડામાં ... જ્ઞાન અને રાગ બે વિકલ્પ જુદા છે એટલું કહ્યું હતું. એ એને અંદર રહી ગયું. સાંજથી સવાર. બે ભાગ થયા. .. છે કે નહિ? તમારી પાસે છે? બે ભાગ? અહીં આપણે નથી? ... .. ત્રીજો ભાગ એમ ને એમ પડ્યો છે. એને દેખીને કેટલાકને દ્વેષ આવી ગયો. હવે આ કોણ જાગ્યું નવું જ્ઞાની? ગમે તે જાગે એમાં શું છે? બાળક અઠ વર્ષનો જાગે એમાં ધર્મીને દેખીને પ્રેમ થાય. આ વધી ગયો માટે એનો અણગમો થાય એમ ન હોય. સમજાણું કાંઈ? બહુ કામ કરી ગયા એ તો. બહુ વાંચેલું જૈનનું, અહીંનું, વેદાંતનું, બાવા, યોગી પાસે ગયેલા, ધ્યાન કરેલા. ૐ ૐ જાપ બહુ કરેલા. પછી અહીં જ્યાં આવી વાત એને આત્મધર્મ મળ્યું અને એને ઓહો..! વસ્તુ તો આ છે. અહીંયા આવ્યા હતા. આને દેખીને કેટલાકને દ્વેષ થઈ ગયો લ્યો! અહીંયા આવ્યા હતા.

**'ધર્માત્મા પુરુષોંસે વિશેષ પ્રીતિ ન કરના અવાત્સલ્ય દોષ હૈ, ઈસકે હોને પર સમ્યક્ત્વકા અભાવ પ્રગટ સૂચિત હોતા હૈ. ધર્મકા માહાત્મ્ય શક્તિ કે અનુસાર પ્રગટ ન કરના અપ્રભાવના દોષ હૈ,...'** અંદર પ્રભાવના એની સવિશેષે .. એનું નામ પ્રભાવના છે. એ પ્રભાવના ન કરે તો એને .. થાય કે આને આત્માની દૃષ્ટિ છે નહિ. **'ઈસકે હોને પર જ્ઞાત હોતા હૈ કિ ઈસકે ધર્મકે માહાત્મ્યકી શ્રદ્ધા પ્રગટ નહીં હુઈ હૈ.'** લ્યો ભારે! ભ્રષ્ટ થાય, એવી શૈલી લીધી. **'ઈસપ્રકાર યે આઠ દોષ સમ્યકત્વકે મિથ્યાત્વકે ઉદયસે...'** જુઓ અહીં શબ્દ પડ્યો. એ અહીંનો શબ્દ છે.

**'(ઉદયકે વશ હોનેસે) હોતે હૈં, જહાં યે તીવ્ર હોં વહાં તો મિથ્યાત્વપ્રકૃતિકા ઉદય બતાતે હૈં,...'** જેને શ્રદ્ધા તીવ્ર હો એમાં તો મિથ્યાત્વનો દોષ જ છે એને. જ્યાં એ તીવ્ર હોય ત્યાં. **'સમ્યક્ત્વકા અભાવ બતાતે હૈં...'** ત્યારે તો સમકિત છે જ નહિ એને. વસ્તુસ્વરૂપ આનંદ અને શુદ્ધ ચૈતન્યનિર્વિકલ્પ એની ... હોય અને ધર્માત્મા પ્રત્યે દ્વેષ આદિ કરતો હોય એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? નિહાલભાઈને જોયા છે કે નહિ? જોયા હતા ને? મુંબઈમાં. આ ૭૫માં નહિ? .. ૨૦ની સાલ. ૨૦-૨૦. ત્યાં વ્યાખ્યાનમાં હતા સામે. .. ઘોલન .. હું પંગુ છું સંસારમાં. દો વખત શરીરકો ટિકાને કો આહાર દે દો. એમ કહે. એ ..માં છે. આમાં છે. એ ત્રણે ભેગા છે હોં. મુઝસે કુછભી આશા મત રખો.

પંગુ સમજકર દો સમયકા ભોજન શરીર ટિકાને કે લિયે દો. .. આ ત્રણ ભેગા છે હોં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા.

અહીં તો કહે છે કે જેને શંકા આદિ તીવ્ર થાય એ તો મિથ્યાદોષ છે. ભોગની આકાંક્ષા તીવ્ર થાય એ પણ મિથ્યાત્વ છે. એમ ધર્માત્મા પ્રત્યે દ્વેષ થાય એ પણ તીવ્ર મિથ્યાત્વ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? '**ઔર જહાં કુછ મંદ અતિચારરૂપ હોં તો સમ્યક્ત્વ-પ્રકૃતિ નામક મિથ્યાત્વકી પ્રકૃતિકે ઉદયસે હોં વે અતિચાર કહલાતા હૈં,...**' દોષ લાગે. '**વહાં ક્ષાયોપશમિક...**' ક્ષાયિક સમકિત ન હોય, પણ ક્ષયોપશમ અનુભવ દૃષ્ટિ હોય એવા પુરુષ '**પરમાર્થસે વિચાર કરે તોં અતિચાર ત્યાગને હી યોગ્ય હૈં.**' .. ભલે નાના છે પણ...

'**ઈન દોષોંકે હોને પર અન્ય ભી મલ પ્રગટ હોતે હૈં, વે તીન મૂઢતાયેં હૈં...**' અજ્ઞાનીને મૂઢતા હોય છે. '**૧. દેવમૂઢતા, પાખંડમૂઢતા, લોકમૂઢતા. કિસી વરકી ઈચ્છાસે...**' વર એટલે ફળ. ફળની ઈચ્છાસે '**સરાગી દેવોંકી ઉપાસના કરના,...**' સરાગી દેવ અજ્ઞાની આમ.. '**પાષાણાદિમેં સ્થાપના કરકે પૂજના દેવમૂઢતા હૈ.**' આ .. શંખ શંખ. દક્ષિણ શંખ પૂજે છે લોકો.

મુમુક્ષુ :- બહુ થોડા હોય છે.

ઉત્તર :- થોડા હોય છે. ખબર છે ને. ઓલો .. પૂજતો હતો મોરબીનો નહિ? નદી કાંઠે ત્યાં શંખ ફૂંકે જ પૂજા કરતા હતા. સ્થાનકવાસી જૈન. મોરબીવાળા નહિ વનેચંદ. વનેચંદ. બધું જોયેલું ને. રાખતા હતા સ્થાનકવાસી આમ. મૂર્તિને પૂજે નહિ આમ બહાર પણ શંખ એને મળેલો દક્ષિણા ...શંખ, એને પૂજે. પૈસા બૈસા.. ધૂળેય નથી થાતું. એને પૂર્વના પુણ્ય હોય તો થાય. એને લઈને માને અજ્ઞાની મૂઢ છે. એમાં કાંઈ નથી. એવા અબજોપતિ ઘણા થઈ ગયા છે નથી પૂજતા એ લોકો પણ. એમાં શું છે? આહાહા..! એ તો પૂર્વના પુણ્યની વાત છે. દેવ આપી ગયા કોઈ? અંબાજી માને. નથી માનતા? અંબાજી, શિકોતેર, ભવાનીને. મૂઢતા છે કહે છે.

મુમુક્ષુ :- ક્ષેત્રપાળને માને.

ઉત્તર :- ક્ષેત્રપાળ. આ દિગંબરમાં ક્ષેત્રપાળ માને. મોટો પથરો આવડો હોય ને મોઢા આગળ દેરાસરે જઈને એને પગે લાગે. સિંદુર ચોપડેલું હોય દેરાસરમાં. દક્ષિણમાં બહુ મહારાષ્ટ્રમાં, દેરાસરમાં ભગવાન પછી પૂજવા જાય, પણ પહેલો પથરો આવો હોય. જય ક્ષેત્રપાળ. બહુ મૂઢતા.

મુમુક્ષુ :- પદ્માવતી...

ઉત્તર :- પદ્માવતીને પૂજે.

મુમુક્ષુ :- મંદિર બનાવે મોટા.

ઉત્તર :- હા. પદ્માવતીને સાથે રાખે, એક સાધુ હતા .. આવી હતી. દિગંબર સાધુ સાથે રાખે.

ભગવાનના .. સાથે રાખે. ધર્મના તે અજ્ઞાનીને કાંઈ ભાન ન મળે. પદ્માવતી રક્ષણ કરશે. એ દેવમૂઢતા છે.

'**ઢોંગી ગુરુઓંસે મૂઢતા...**' ઢોંગી ગુરુ પરિગ્રહ રાખે, વસ્ત્ર-પાત્ર રાખે, પૈસા રાખે અને સાધુ છીએ અને અમે મુનિ છીએ, ત્યાગી છીએ એમ મનાવે. સમજાણું? '**પરિગ્રહ, આરંભ,...**' પરિગ્રહ રાખે, આરંભ કરે. એકેન્દ્રિય આદિ હિંસા કરાવે. લ્યો! '**હિંસાદિ સહિત પાખંડી (ઢોંગી) ભેખધારિયોંકા સત્કાર,...**' ભેખ ધારણ કર્યો હોય જ્યાં સાધારણ બાવાનો કે ત્યાગનો એને '**સત્કાર, પુરુસ્કાર કરના પાખંડ-મૂઢતા હૈ.**' આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો એ આવ્યું અલિંગગ્રહણમાં નહિ? કે જે કોઈ અમેહનાકાર-આત્માને સર્વવ્યાપક માને છે ક્ષેત્રથી. એ પાખંડ છે. પ્રવચનસાર. ૧૭૨ ગાથા. સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં એ આવ્યું છે. અમેહનાકાર છે.

૧૭૨ ગાથા છે. કેટલામી? ૧૫-૧૫. ૧૫મો બોલ છે. ૨૦ બોલ છે. '**લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું...**' આત્મા લોકમાં વ્યાપક છે એવું માનવાપણું. એ અલિંગ્રહણ છે. '**આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો-લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' આહાહા..! અત્યારે એ ચાલ્યું છે ને. એક આત્મા છે, સર્વવ્યાપક છે. મહાપાખંડ છે કહે છે. વીતરાગ દેવ સર્વજ્ઞે જોયું એક એક આત્મા અંદર પૂર્ણ છે એને ઠેકાણે વ્યાપક માને છે, પાખંડીઓએ માનેલું છે એમ કહે છે. એ પાખંડમૂઢતા છે. આહાહા..! જુઓ આવ્યું?

'**લોકમૂઢતા-અન્ય મતવાલોંકે ઉપદેશસે તથા સ્વયં હી બિના વિચારે કુછ પ્રવૃત્તિ કરને લગ જાય વહ લોકમૂઢતા હૈ.**' એ પહેલા કહી ગયા એ. હમણાં વાંચી ગયા ને? '**સૂર્ય કો અર્ઘ દેના,...**'એ બધું વાંચી ગયા એ. લોક લૌકિકની પ્રવૃત્તિમાં દોરાઈ ગયા. સવારમાં સૂર્યને સૂર્યનારાયણ જયભગવાન. દાંતણ કરતા કરે છે ને ભાઈ? મૂઢ છે કહે છે. સવારમાં નથી કરતા શેઠ? અહીં તો બધી વાત હોય તો બધી આવે ને. ગાયને પૂજે. બધું આવી ગયું.

'**છહ અનાયતન હૈં...**' એ છ ધર્મના સ્થાન નથી. સમકિતી એને માને નહિ. '**કુદેવ,...**' છે એ. જેને સર્વજ્ઞપણું પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથપણું પ્રગટ્યું નથી અને એવા દેવ જે છે એ બધા કુદેવ છે. આહાહા..! '**કુગુરુ,...**' છે. જેની શ્રદ્ધા આત્માની, વીતરાગ કહે છે એનાથી વિરોધ છે એ બધા કુગુરુઓ છે. ચાહે તો ભેખધારી હો કે ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હોય. આહાહા..! '**કુશાસ્ત્ર,...**' ભગવાને કહેલા શાસ્ત્રથી વિરોધ જેની કથની છે એ બધા કુશાસ્ત્ર છે. '**ઔર ઈનકે ભક્ત...**' કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એને માનવું એ મિથ્યાત્વ છે, અનાયતન એ ધર્મના સ્થાન નથી. આહાહા..! અને એના ભક્તો, એને માનવા એ અનાયતન છે, ધર્મના સ્થાન નથી. એને મિથ્યાત્વ લાગે છે એમ કહે છે. કહો, ગીરધરભાઈ!

ઝંડા ઊંચા રહે હમારા. એ તમારા બાપ નીકળે તે દિ' નાગરભાઈ. ૯૯-૯૯. ઓલા ઉતર્યા હતા

ને અમે. ભુદરભાઈ. ભુદરભાઈના મકાનમાં. તો એ નીકળ્યા ..ચંદ ને તમારા નાગરભાઈ ને એ બધા. ઝંડા ઊંચા રહે હમારા. ... ગૃહસ્થ માનતા હોય. તમારી ઓલી છોડી .. નહિ? એ તો આવતી હતી બિચારી ત્યાં આવી હતી. ત્યાં ચર્ચા કરતી હતી. ... આહાહા..! આ માર્ગને પામવો... સાંભળવો મુશ્કેલ પડે એવી ચીજ થઈ ગઈ પહેલી. આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ બિરાજે છે મહાવિદેહમાં. એમની પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. આઠ દિવસ રહ્યા અને ત્યાંથી આવીને આ શાસ્ત્ર બધા રચાણા.

એ '**કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર ઔર ઇનકે ભક્ત—ઐસે છહ હૈં, ઇનકો ધર્મકે સ્થાન જાનકર...**' એ ધર્મના પોતાના છે એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? '**ઇનકી મનસે પ્રશંસા કરના,...**' મનથી પ્રશંસા... કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર વીતરાગની આજ્ઞાની બહાર બધા છે. એવાઓની પ્રશંસા કરવી એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! '**વચનસે સરાહના કરના,...**' વાણીથી ઠીક છે.. ઠીક છે... ભાઈ એ પણ ઠીક છે ભાઈ એમ કહે. બધા માર્ગ હોય છે. એમ અજ્ઞાની આવી સરાહના કરે તો એ મૂઢ જીવ છે. વીતરાગ સર્વજ્ઞદેવ નિર્ગ્રંથ ગુરુ સર્વજ્ઞની વાણીનો .. ધર્મ એ સિવાય બીજાને કંઈપણ મનથી પ્રશંસા કરે, વાણીથી પ્રશંસા (કરે)–સરાહના કરે.

'**કાયસે વંદના કરના. યે ધર્મકે સ્થાન નહીં હૈં ઇસલિયે અનકો અનાયતન કહતે હૈં.** ' અનાયતન એટલે આયતન નહિ. ધર્મના ઘર નહિ. અધર્મના ઘર છે એ બધા. આહાહા..! પછી આ આઠ બોલની વાત આવે છે. પોતાની જાતિ છે ને જાતિ? માતાની એ જાતિનું અભિમાન કરે એ મિથ્યાત્વ છે. અમારી મા જાતે આવા હતા. દિવાનની દીકરી હતી અમારી મા. અને એના અમે સજ્જન છીએ. ધૂળેય નથી હવે. એમાં એને શું છે? એ કહે છે જુઓ. '**ગર્વ કરના...**' પોતાની માતા ઊંચા કૂળની હોય એનો ગર્વ કરવો કે અમારી માતા આવી જનેતા છે. એ મિથ્યાત્વ છે, ગર્વ છે, અભિમાન છે. કર્મની સામગ્રીનું અભિમાન કરવું કે મને આ છે, એ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. આહાહા..!

પછી? '**કુલ,...**' કુળનો લાભ. કાંઈક પૈસાનો લાભ મળે, કરોડો, અબજો રૂપિયા. એનો ગર્વ કરવો કે અમે પૈસાદાર છીએ, અબજોપતિ છીએ. અમને તો અમલદાર, અધિકારના રાજાઓ પણ અમને માને, અમારે ઘરે એવા અમારા પુણ્ય છે, એવા પૈસાનું અભિમાન કરે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પૈસા શું પણ ધૂળ તારી છે? સમજાણું કાંઈ? લાભ મળે. .. કરોડો પેદા થાય, છોકરા સારા પાકે, દીકરીયું સારે ઠેકાણે વરાવે. એટલે તો આમ જાણે. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંયોગી ચીજ એમાં અભિમાન કરવું એ મિથ્યાત્વભાવ છે, મૂઢતા છે. અજ્ઞાન સૂચવે છે એમ કહે છે. આહાહા..!

'**રૂપ,...**' રૂપ. એ શરીરનું સુંદર રૂપનું અભિમાન. આ તો જડ છે, માટી છે. માટીના રજકણનું પૂતળું છે આ તો. એને ઠેકાણે એ મને છે અને હું રૂપાળો છું બીજા કરતાં. મિથ્યાત્વભાવ છે. આહાહા..!

**'તપ,...'** તપ. શરીરથી તપ કરે ઘણું. એના અભિમાન. જુઓ અમે કેટલા અપવાસ! મહિના મહિનાના અપવાસ કરીએ છીએ. અમે પારણે પણ લુખ્ખા ખાઈએ છીએ. આ એના અભિમાન એ મૂઢતા છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપ એની જેને પ્રતીત અને ભાન થયા એને આવા અભિમાન હોય નહિ. આહાહા..! એમાં થોડું આવ્યું છે. એય..! વજુભાઈ! તમારી છોડીનું આવ્યું છે. રાજુલ રાજુલ. આમાં થોડું આવ્યું છે. કોકનું પુસ્તક છે એમાં આવ્યું છે. જાતિસ્મરણ. એમાં કેટલાય દાખલા આપ્યા છે. એમાં રાજુલનું આવ્યું. નામ ભૂલી ગયા. રાજકોટ પાસે સલોત એવું નામ આપ્યું. ભૂલી ગયા. કેશોદ. હા કેશોદ. પણ ભૂલી ગયા નામ. જૂનાગઢની. પાનું ૬૧ કે ૧૧૩ છે બધા. મેં તો એટલું વાંચ્યું. અહીં કોણ વાંચતું હતું? કોક મૂકી ગયું હતું કાલે. કોણ મૂકી ગયું? કોક મૂકી ગયું. તમે? હા એમાં લખ્યું છે. પુનર્જન્મ દાખલા. પાનું-૧૬૨. રાજુલ.. નથી. એટલું વાંચ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કોક લેખક છે. એણે ઘણું બધું આપ્યું છે એમાં એક આ નાખ્યું. હું તો પછી ... વીતરાગ જૈનધર્મ એ જ યથાર્થ છે. દિગંબર ધર્મ. એ વસ્તુ યથાર્થ છે. એનું સાધન કરવું એ જ માર્ગ છે. એમ સરવાળો કરીને પુનર્જન્મ .. એનો આ દાખલો નાખ્યો. અહીં કોક મૂકી ગયું. આ શું છે આ? ક્ષાયિક થયેલી... હશે કોક. બે કોક મૂકી ગયું હતું.

અહીં કહે છે કે એ **'બલ,...'** બળનો બળ બળ. શરીરનું બળ એનું અભિમાન. આ તો માટી જડ છે. આહાહા..! એના અભિમાન કરવા કે હું આવો છું. મુઠ્ઠી મારીને બેસાડી દઈએ આમ. બાપા! જડ છે ભાઈ! ઓલું નહોતું આવ્યું? શું કહેવાય? ગામો...ગામો એ ચાલતી મોટરને ઊભી રાખે. બે હાથથી. શું એનું નામ છે? પહેલવાન. એનો ફોટો આવ્યો હતો ને? ફોટો આવ્યો હતો.

મુમુક્ષુ :- ગામો મુસલમાન હતો ને

ઉત્તર :- મુસલમાન એ. હા એ.

મુમુક્ષુ :- પછી મરવા ટાણે સાવ દુબળો થઈ ગયો. માખી પણ નહોતો ઉડાડી શકતો.

ઉત્તર :- આમ માખી ઉડાડી ન શકે. બોટાદનો હતો. જેને મોટર ચાલતી હોય તો હાથ રાખે તો મોટર ઊભી રાખે. એટલું બળ. એ છેવટે ફોટો આવ્યો હતો. .. ત્યાંથી આવ્યો. બાપા આ તો જડ છે ભાઈ! આહાહા..! શેના અભિમાન? શરીર અમારું બળવાળું છે. આહાહા..! મિથ્યાભાવ છે. આત્મબળ આનંદકંદ પ્રભુ છે એનો અનંત પુરુષાર્થ છે અંતરમાં. એનો પુરુષાર્થ કરવો એ બળ છે. જડમાં બળ એ મૂઢતા છે આ.

**'વિદ્યા,...'** આ વિદ્યાનું અભિમાન. બહુ ક્ષયોપશમ વિદ્યા ભણ્યો હોય એનું અભિમાન. ડિગ્રીની ઉપાધી મોટી પૂંછડા એલ.એલ.બી.ના, એમ.એ.ના. .. છે ને એય..! આ પી.એચ.ના. શું કહેવાય? પી.એચ.ડી. ડિગ્રી. ડોક્ટરની આવે છે ને ભાઈ પી.એચ.ડી.

મુમુક્ષુ :- .. કિંમત આપી.

ઉત્તર :- ધૂળમાં કિંમત નથી ભાઈ. ઓલા જે.પી.ની પદવી આપતા નથી? ત્યાં મુંબઈમાં ઘણાને આપે છે. ... એ હમણા આવ્યા હતા બે . માણેકલાલ. માણેકલાલભાઈ જ્યોતિષી અને એક બીજો છે. રમણીક. રમણીક. રમણીકભાઈ. નાની ઉંમરનો. બધા આવ્યા હતા. જે.પી.ની કિંમત શું? શું કીધું એમાં? ધૂળમાં. ગાડી લેવા જઈએ એ તો કીધું ને પ્રાણભાઈ છે ને આપણે ગોવા? ... ત્યારે એની મોટર લાખ રૂપિયાની છે ને ત્યાં. જે.પી. છે ને? પણ એ હવે તો .. નથી એમ કહે છે. ઓલા .. ઉતર્યાને. .. એનો માણસ આગળ બેઠો હોય. .. એ કહેતા હતા. એમાં કાંઈ બધા પૂંછડા વળગ્યા માન માટે. મારી નાખે. એ વિદ્યા-બિદ્યાના અભિમાન. શું છે એને? .. ધંધામાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તમારી વાત કરું છું. એની શું? ધંધા બંધામાં છે ને હુશિયાર ત્યાં. આહાહા..!

કહે છે કે એ વિદ્યાના અભિમાન. આહાહા..! જેમાં કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવી એક સમયની પર્યાય અનંતી જેમાં જ્ઞાનગુણમાં પડી છે. આહાહા..! એને કેવળજ્ઞાન નથી ત્યાં વળી આવી ચીજનું અભિમાન! આહાહા..! ભગવાન આત્માના જ્ઞાનગુણમાં શક્તિ જે ગુણ છે સર્વજ્ઞ, એમાં તો અનંતી કેવળજ્ઞાનદશા પડી છે અંદર. કેવળજ્ઞાન થાય એ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને દેખે. આહાહા..! એવો એક એક આત્મા આવી પર્યાયવાળો સર્વજ્ઞ થાય. એ પર્યાયની અનંતી પર્યાયો જ્ઞાનગુણમાં પડી છે અંદર. એવો જે આત્મા જ્ઞાનનો નાથ એને આવા વિદ્યાના અભિમાન થઈ જાય એ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મહાપ્રભુ ચૈતન્ય સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ. આહાહા..! જેને આત્માનું ભાન થાય, સમ્યક્ થાય, એ તો પર્યાયમાં પોતાને પામર માને છે. ક્યાં કેવળજ્ઞાનદશા અને ક્યાં આ દશા! એમ માને. સમજાણું કાંઈ? ચૌદપૂર્વ ભણ્યા હોય તોપણ પામર માને. આહાહા..! જે આત્માનો સ્વભાવ જાણવું છે એવો સર્વજ્ઞ સ્વભાવ જેને અંતરમાંથી પ્રગટ થયો. શક્તિએ હતું તે વ્યક્તિએ બહાર આવ્યું. એવી દશાઓ પણ જ્યાં જ્ઞાનગુણમાં અનંતી છે. એવા આત્માને જે માને એ સમ્યગ્દૃષ્ટિને આવું અભિમાન હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિને સાધારણ વિદ્યા શીખે ને અભિમાન. અમે આવા ભણ્યા છીએ અને અમે આવા છીએ. ભ્રમણામાં પડ્યા છે.

'ઐશ્વર્ય...' મોટપ હોય, મોટી પદવી મળતી હોય ચક્રવર્તીની, બળદેવની, આવી બહારની. શેઠાઈની, આ સંઘવીની. કહો સંઘવીજી. આ તો પદવી કીધું ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો હોય. પણ આ તો એ સંઘવી ... શું કહેવાય? કહેવાય મોટી. એને અભિમાન ન હોય કોઈ. હોય એ બીજી વાત છે. આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ જ્યાં પ્રતીતમાં, અનુભવમાં

આવ્યો એને કઈ ચીજની મોટપ દેખાય? આહાહા..! પોતાની મોટપ આગળ કોઈ ચીજની મોટપ એને ભાસતી જ નથી. આહાહા..! ચીમનભાઈ કહેતા હતા એક ફેરી હોં. ત્યાં ઉતર્યા હતા એના ઘરમાં.

મુમુક્ષુ :- શીવમાં.

ઉત્તર :- શીવ શીવ. પહેલા ઉતર્યા હતા એ વાત કરતા હતા. ..માં. આ પૈસા તો અત્યારે .. આવે પણ એમાં શું? ધૂળમાં શું એમ કહે છે. આઠ હજારનો પગાર છે માસિક. .. એસો કંપની એમાં. એકવાર વાત કરતા હતા. હવે ધૂળમાં. પહેલા .. ભાઈ! વ્યાખ્યાન આપ્યું હતું. બે વાર. ત્રીજીવાર વ્યાખ્યાન બીજામાં આપ્યું. ત્યારે બોલ્યા હતા હોં એ. નરમ માણસ. ભાઈ આ પૈસા એટલા અત્યારે આવે છે, પણ એમાં શું થયું ધૂળમાં? આહાહા..! કોની મોટપ, કોની મોટપ કરવી બાપુ? આહાહા..! સમ્યગ્દર્શનની પદવી જેને મળી એને બીજી પદવીની મોટપ કેમ દેખાય? આહાહા..! સમ્યગ્દષ્ટિની પદવી છે હોં આ. પદવી લેવાય છે આ. શ્વેતાંબરમાં તો એક .. એક થોકડો આખો આવે છે. તમે કરેલું ને .. માથે? ત્યાં .. પદવી ગણાય. એમ આ સમ્યગ્દર્શન પદવી છે. એ એમની પદવી છે. આત્મા ભગવાન પૂર્ણ આનંદનો જ્યાં અનુભવ અને દષ્ટિ થઈ, મહાપદવી કે જેને લઈને એ અલ્પકાળમાં કેવળજ્ઞાન ને પરમાત્મા થઈ જશે. એ પદવી કે આ બધી પદવી તમારી બધી ધૂળની, રાજાની, મહારાજાની. જે.પીની પૂંછડા મોટા વળગાડે. આહાહા..!

મુમુક્ષુ :- અમારે સહી કરાવવી હોય તો એની પાસે જાવું પડે.

ઉત્તર :- એ બધું ઠીક.

**'ઈનકા ગર્વ કરના આઠ મદ હૈં.'** લ્યો! હવે ખુલાસો કરે છે. **'જાતિ માતાપક્ષ હૈ,...'** માતાનો પક્ષ. અહીં હતા ને મહેન્દ્રની બા હતા ને ભાઈ હિંમતભાઈ! આ શેઠી. મહેન્દ્રની બા હતા. દીવાનના દીકરી શેઠી. મીઠાલાલ શેઠી. મીઠાલાલ જયપુરવાળા. એના મકાન છે ને. મહેન્દ્રભાઈની બા હતા જૂના. એ દિવાન હતા. દિવાનની બહેન. આ નવી છે એના બીજા બે છોકરા. છે ઘણા પૈસા છે પણ બધું એવું સમજવા જેવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ કંઈકના આવેલા હુંડિયામણ ને ફુંડિયામણને.. કોક કહેતું હતું. કોક કહે ભાઈ આપણને કાંઈ ખબર નહિ. .. વધારે પૈસા થઈ ગયા એકદમ. દસ લાખ ને પચાસ લાખ ને પચાસ લાખના... .. છે ને? .. પૈસા આપે. પરદેશી. છે કોક. આહાહા..! અહીં તો એમ કહેવું છે કે એ બધા પૈસા આડે રસ્તે આવે એ પણ ન્યાયના નથી. આહાહા..! એનું એને અભિમાન.

**'લાભ ધનાદિક કર્મકે ઉદયકે આશ્રય હૈ,...'** એ પૈસા આદિ મળવા એ તો કર્મના ઉદયની અપેક્ષા છે. એમાં કાંઈ તારા ડહાપણનું કામ નથી. એ .. જાણે છે ને એ તો બધી. આહાહા..! છે એમાં લખ્યું છે ને ભાઈ જુઓને. **'જાતિ માતાપક્ષ હૈ, લાભ ધનાદિક કર્મકે ઉદયકે આશ્રય હૈ,...'**

અરે..! દીકરો પ્રાપ્ત થવો એ તો બધું કર્મને આધીન ભાઈ. આ બધા પુણ્યના ઉદયની વાત છે. સારા પુસ્તક મળવા, સારી વાણી મળવી, સાંભળવા એ પણ પૂર્વના પુણ્ય છે. આહાહા..! ક્ષયોપશમ નહિ. સાંભળવાની વાણી મળવી એટલું.

મુમુક્ષુ :- સંયોગ મળવો.

ઉત્તર :- સંયોગ એ નથી. એ પુણ્યનું કારણ નથી. એ પુણ્યને લઈને આવું મળે માટે એનો ગર્વ ન કરવો એમ કહે છે. જેટલી સામગ્રી બહારની છે એ બધી કર્મને લઈને છે. માતા સારી મળવી, પિતા સારા મળવા, પૈસા મળવા વગેરે. '**કુલ પિતાપક્ષ હૈ, રૂપ કર્મોદયાશ્રિત હૈ,...**' એ કર્મનો ઉદય .. તો રૂપ એવું સડી જાય. આહાહા..! જુઓને એક નહોતી એક છોડીની વાત કરી? શીતળા નીકળ્યા તો દાણે દાણે ઈયળું. રૂપાળી છોડી હતી લ્યો લાઠીની. શાંતિભાઈ! લાઠીની હતી નહિ?

મુમુક્ષુ :- નારણભાઈની દીકરી.

ઉત્તર :- હા એ. એની દીકરી. ૧૮ વર્ષની. પરણી. .. ઓલી મરી ગઈ. બે વર્ષે એને એવો રોગ આવ્યો શીતળા. દાણે દાણે ઈયળ. ઈયળ થાય છે ને? કીડા. આમ ફરે તો હજારો કીડા. આમ ફરે ત્યાં. બોલે, એ બા! મેં આ પાપ આ ભવમાં કર્યા નથી. .. આખા શરીરમાં શીતળા. શીતળા સમજ્યાને? છીદ્ર, દાણો. શીતળા કહે છે ને? એને દાણે દાણે ઈયળું. એ તળાઈમાં આમ ફરે તો હજારો ઈયળું, આમ ફરે તો આમ. એને બળતરા... બળતરા... પીડા. એમ બિચારી રૂપાળી હતી લ્યો. શેના ગર્વ બાપા?

ભગવાન આનંદનો નાથ જેને પૂર્ણાનંદનો પ્રેમ અને રુચિ થઈ એને પરમાં પ્રેમ કેમ હોય? આહાહા..! સમજાણું કાંઈ? '**તપ અપને સ્વરૂપકો સાધનેકા સાધન હૈ,...**' રાગાદિ ઘટાડે, છતાં એનો ગર્વ કરે તો .. '**બલ કર્મોદયાશ્રિત હૈ,...**' શરીરનું બળ એ કર્મને આધીન છે. '**વિદ્યા કર્મકે ક્ષયોપશમાશ્રિત હૈ,...**' લ્યો! લૌકિક વિદ્યા બહારની. '**ઐશ્વર્ય કર્મોદયાશ્રિત હૈ,...** ' મોટપ મળવી. દિવાનપદ ને રાજપદ એ બધા કર્મને આશ્રિત છે. '**ઈનકા ગર્વ ક્યા?**' જે કર્મને આધીન કીધું એનું અભિમાન, એને આત્માની .. છે નહિ. આહાહા..!

'**પરદ્રવ્યકે નિમિત્તસે હોનેવાલેકા ગર્વ કરના સમ્યક્ત્વકા અભાવ બતાતા હૈ...** ' પરપદાર્થ કર્મથી મળેલી ચીજમાં ગર્વ કરવો એ સમકિતનો અભાવ. એને સમ્યગ્દર્શન આત્માની શ્રદ્ધાનો અભાવ બતાવે છે. આહાહા..! '**અથવા મલિનતા કરતા હૈ. ઈસપ્રકાર યે પચ્ચીસ, સમ્યક્ત્વકે મલ દોષ હૈં,...**' આ પચ્ચીસ દોષ કહ્યા. '**ઈનકા ત્યાગ કરને પર સમ્યક્ત્વ શુદ્ધ હોતા હૈ,...**' એ દોષ ન લગાવવા. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, પોતાના અસંખ્ય પ્રદેશમાં રહેલો, અનંતગુણમાં એનો નિવાસ, એની જેને પ્રતીત અને ભાન થયા એને આવા દોષ છોડી દેવા જોઈએ. આવા દોષ એને .. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની માનતા તે દોષ એણે છોડી દેવા જોઈએ. '**વહી સમ્યક્ત્વાચરણ ચારિત્રકા અંગ હૈ.**' એ સમ્યક્ શ્રદ્ધાનું આચરણનો એક આ ભાગ છે એમ કહે છે. આહાહા..! આત્માનું સ્વરૂપ

અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ, એની જે દૃષ્ટિ સ્વરૂપ સમ્યગ્દર્શન એના ચરણનો આ એક પચ્ચીસ દોષનો ત્યાગ એ એક ભાગ છે. સમજાય છે કાંઈ?

હવે એને '**આગે શંકાદિ દોષ દૂર હોને પર સમ્યક્ત્વકે આઠ અંગ પ્રગટ હોતે હૈં ઉનકો કહતે હૈં :—**' એ દોષ ટાળે તો તેને નિર્દોષ દશા પ્રગટ થાય છે. નિઃશંક આદિ એ તો ગુણ છે, પર્યાય. ધર્મીજીવને નિઃશંકાદિ દશા હોય છે. પોતાના સ્વરૂપની પૂર્ણાનંદની એને નિઃશંકતા હોય છે. હું પૂર્ણ આનંદ છું, પવિત્રનો પિંડ છું અને તે મારે કોઈ પરને આધીન આ મારી દશા છે એમ છે નહિ. નિઃશંક પોતાના સ્વરૂપની પ્રતીતિ હોય છે. એને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. આહાહા..!

**णिस्संकिय णिक्कंखिय णिव्विदिगिंछा अमूढ़दिट्ठी य।**
**उवगूहण ठिदिकरणं वच्छल्ल पहावणा य ते अट्ठ।।७।।**

આઠ નામ છે. '**યે આઠ અંગ પહિલે કહે હુએ...**' શંકાદિ કહ્યા ને? એ '**દોષોંકે અભાવસે પ્રગટ હોતે હૈં, ઈનકે ઉદાહરણ પુરાણોંમેં હૈં...**' પુરાણમાં એનો દાખલો છે. '**ઉનકી કથાસે જાનના. નિઃશંકિતકા અંજન ચોરકા...** ' ઉદાહરણ આપે છે. એક અંજન ચોર હતો. એને ભગવાનના નામની એવી નિઃશંકતા થયેલી. સમકિત નહોતું આવું, પણ એ જાતની નિઃશંકતા. '**જિસને જિનવચનમેં શંકા ન કી, નિર્ભય હો છીંકેકી લડ કાટ કરકે મંત્ર સિદ્ધ કિયા.**' શું કહે છે? કે શીંકું આમ ઝાડ નીચે લટકાવ્યું. એમાં એને બેસાડ્યો. દોરાની .. હવે એને આને કાપ તો તું ત્યાં ... વીતરાગનું વચન નિઃશંક હતો. અહીં કાપ્યું તો એ નીચે ન પડ્યો. ત્યાં .. .. એવી વાત છે. અંજન ચોર. અંજન ચોરની વાત છે. કથા મોટી છે. એમ જેને જિનવચનમાં શંકા નથી ને એ ગમે તે પ્રકારમાં પડ્યો હોય નિઃશંકપણે એ વર્તે છે. આખી દુનિયા ફરી જાય અને દુનિયા આખી વિરોધ થાય, દુનિયા એને ન માને તોપણ એને પોતાની વસ્તુમાં નિઃશંકતામાં શંકા આવતી નથી. એ પહેલો બોલ થયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧, રવિવાર તા. ૨૫-૧૧-૧૯૭૩**
**ગાથા - ૭, ૮, પ્રવચન - ૫૦**

ગાથા સાત ચાલે છે ને? શું આ અધિકાર છે? સમ્યક્ચરણ ચારિત્રનો અધિકાર. ચારિત્રના બે પ્રકાર. એક સમ્યક્ચરણ ચારિત્ર અને એક ચારિત્ર સંયમચરણ ચારિત્ર. એમાં સમ્યક્ચરણ ચારિત્રની વ્યાખ્યા છે. એટલે? કે જે આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે પૂર્ણાનંદ અને અનંતગુણનો પિંડ ભગવત સ્વરૂપ એવું જે આત્માનું સ્વરૂપ એને અંતર્મુખ થઈને સમ્યક્ શ્રદ્ધા-સમ્યગ્દર્શન પ્રગટ કરવું અને એમાં સ્થિરતાનો અંશ થાય એ સમકિતચરણ ચારિત્ર કહેવાય છે. નિઃશંક આદિ ગુણોની દશા, શંકા આદિ અવગુણનો નાશ

એને અહીંયા સમ્યક્ચરણ ચારિત્ર કહે છે. ભગવાને સર્વજ્ઞ પરમેશ્વરે જે કાંઈ આત્માનું, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ જે કહ્યું એવું એને અંતર્મુખ દૃષ્ટિ થઈને બેસવું જોઈએ એને. એને આ ..

અધિકાર ચાલે છે. ત્યાં એ લીધું તમે હવે એ. આ આત્માને જે સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાની અરિહંત ભગવાને જેવો જોયો અથવા એમણે જે નવ તત્ત્વનું સ્વરૂપ જેવું કહ્યું એવું જાણીને જે આત્મામાં સમ્યક્ચરણ ચારિત્ર જે શુદ્ધ ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ ભગવત્ સ્વરૂપ પોતે, એની જેને પરથી વિમુખ થઈ, સ્વસ્વભાવની સન્મુખ થઈ અને અંદરમાં નિઃશંક પ્રતીતિ, જ્ઞાનમાં આખી વસ્તુ જ્ઞેય જણાઈને નિઃશંક પ્રતીતિ થાય એને સમ્યક્ચરણ ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? ડોક્ટર આ ઝીણી વાતું છે આ. એના આઠ ગુણો છે સમ્યક્ચરણ ચારિત્ર. નિઃશંક આદિ આઠ એના કિરણો છે. જેમ સૂર્ય હોય એને કિરણ હોય, એમ સ્વરૂપ આત્મા પૂર્ણ આનંદ અને શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, એની અંતરમાં જેને સર્વજ્ઞે કહેલા આત્મામાં જેને શ્રદ્ધા થાય એને આનંદની દશાનો અનુભવ હોય, તેને સ્વરૂપની પ્રતીતિનો નિઃશંકતા હોય, એને પરની ઈચ્છા, ભોગની કે આ ભગવાન આત્મા સિવાય બીજા આત્માઓ કહેનારા છે એમાં કાંઈ ધર્મ હશે એવી ઈચ્છાનો એને નાશ થાય છે. આઠ બોલ છે ને? જુઓ. ભાવાર્થથી લઈએ.

**'ભાવાર્થ :- યે આઠ અંગ પહિલે કહે હુએ શંકાદિ દોષોંકે અભાવસે પ્રગટ હોતે હૈં, ઈનકે ઉદાહરણ પુરાણોંમેં હૈં ઉનકી કથાસે જાનના. નિઃશંકિતકા અંજન ચોરકા ઉદાહરણ હૈ,...** ' એક અંજન ચોર થયો છે. એને વીતરાગ માર્ગમાં નિઃશંકતા થઈ હતી. શું કહેવાય? શીકુ-શીકુ, ભૂલી ગયા તમારે. આ ચાર હારે શીકુ. શીકામાં નિઃશંકપણે આમ કાપ્યું. .. પડી જઈશ તો? નીચે પડી જઈશ તો? આ શીકુ કાપ્યું એવું અંદર જ્યાં એને જાવું હતું તીર્થધામમાં. ત્યા ચડી (પહોંચી) ગયું. એવી નિઃશંકતા. જોકે વ્યવહારસમકિતની વ્યાખ્યા છે. આ તો નિશ્ચય સમકિતમાં પણ આ હોય છે. શંકા નહિ જેને. સર્વજ્ઞ કહેલો પરમાત્મસ્વભાવ આત્માનો, એની અંતરમાં સમ્યક્ પ્રતીતિનું ભાન છે એને કોઈ જાતની શંકા ન હોય. એને સર્વજ્ઞના માર્ગમાં સંદેહ ન હોય કે આ તે કહ્યા છે એવો ભગવાનનો .. હશે કે બીજાએ કોકે કહ્યો એ? એવી શંકા ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને નિઃશંકતામાં એ શંકા હોતી નથી. એ અંજન ચોરનો આપ્યો દાખલો.

**'નિઃકાંક્ષિતકા સીતા, અનંતમતી, સુતારા આદિકા ઉદાહરણ હૈં, જિન્હોંને ભોગોંકે લિયે ધર્મકો નહીં છોડા.'** શું કહે છે? સીતાજીની જ્યારે પરીક્ષા થઈ. રામચંદ્રજીએ કહ્યું કે આ અગ્નિમાં પડો પછી હું રાજમાં લઈશ. પ્રજાનો દ્રોહ છે. પ્રજા કહે છે કે સીતા રાવણ પાસે ગઈ અને રામે રાખી તો અમારી સ્ત્રી પણ પર પાસે જાય અને અમે રાખીએ. માટે પરીક્ષા કરીને રાજમાં પ્રવેશ કરાવો. સીતાજીએ કબુલ કર્યું. અગ્નિ મૂકી હળહળ. હજારો મણ લાકડાની અગ્નિ. મૂક્યું પડતું કહે છે. મેં પરપુરુષનો .. માત્ર કર્યો હોય મારી.. હોય તો ધ્યાન રાખજો જૈનશાસનને કલંક લાગશે. એવું .. આવ્યું. એ અગ્નિને બોલાવી ત્યાં સિંહાસન કર્યું સીતાજી ત્યાં નિઃશંક, નિકાંક્ષપણે બેઠા છે. ઉતર્યા નીચે. પરીક્ષા થઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા પર્યાય પલટી જાય છે. પુણ્ય છે ને. અગ્નિ પર્યાય પલટી .. નો સ્વભાવ છે કે નહિ. અને તે દેવ આવ્યો હતો .. એ તો વાત છે. દેવ આવ્યો.. એમ કે દેવે પલટાવ્યો કેમ અગ્નિ? એમ ભાઈ કહે છે. એ તો એનો સ્વભાવ છે. પર્યાયનો, પુદ્ગલનો સ્વભાવ સ્વતંત્ર છે. એ આ કારણ નથી. પણ એનો સ્વભાવ એ વખતે થવાનો હતો. એકદમ અંદર થયું. ઓહોહો..! પછી નીચે ઉતરે છે. રામચંદ્રજી કહે છે ચાલો રાણી પટરાણી બનાવું. બસ થઈ ગયું. પુરુષોત્તમપુરુષ! તમને પણ અમારામાં તમને શંકા પડી. સમકિતી છે, આત્મધ્યાની છે સીતાજી. રામચંદ્રજી પણ સમકિતી છે. આ લોકને કારણે આ જાતની શંકા ટાળો. બસ હવે અમે આત્માના ધ્યાનમાં જશું. સંતો પાસે રહેશું. રાજરાણી નહિ. એ ભોગની ઈચ્છા નથી. છે ને?

'**જિન્હોંને ભોગોંકે લિયે ધર્મકો નહીં છોડા.** ' ઈચ્છામાત્ર .. ઓહો..! અમારો આત્મા આનંદનો નાથ, આનંદના અનુભવમાં તારા ભોગની ઈચ્છા અમને છે નહિ. પટરાણી તરીકે અમને માન છે નહિ. આહાહા..! એમ આનંદમૂર્તિ પ્રભુ શાંત શાંતિનો સાગર એનો જેને અંતર દૃષ્ટિમાં અનુભવ થયો, એને પરમાં ભોગની વૃત્તિ હોઈ શકે નહિ. આહાહા..! એનો દાખલો આપ્યો છે. અનંતમતી અને સુતારા છે બધા. '**નિર્વિચિકિત્સાકા ઉદ્દાયન રાજા કા ઉદાહરણ હૈં,...**' એક રાજા હતા એમાં મુનિને શરીર અપવિત્ર થયું. એની દુગંછા ઉલટી થઈ. ગ્લાનિ નહિ કરીએ અમે મુનિને દેખીને. ઓહોહો..! શરીરનો સ્વભાવ છે. મુનિ હોવા છતાં અશાતાના ઉદયને લઈને દુર્ગંધ... દુર્ગંધ... દુર્ગંધ... ઉલટી થઈ ગઈ. છતાં ઓલા રાજાને ગ્લાનિ ન થઈ. એનું નામ નિર્વિચિકિત્સા-દુગંછાનો અભાવ. ગ્લાનિ ન થઈ લ્યો. એ સમ્યગ્દૃષ્ટિ સ્વરૂપ ભગવાને કહ્યું એવું જ્યાં અંતરમાં ભાન થયું એમાં સહજદશા આવી હોય છે. દુનિયા ઉપરથી ઉતરે તોપણ ફેરફાર.. એ આવશે લ્યો! છે ને?

'**અમૂઢદૃષ્ટિકા રેવતીરાનીકા ઉદાહરણ હૈ,...**' રેવતી રાણી હતી સમ્યગ્દૃષ્ટિ. એને દેવ આવીને સમવસરણ બનાવ્યા. તીર્થંકરનું સમવસરણ બનાવ્યું. પચ્ચીસમાં તીર્થંકર આવ્યા છે. ગણધર આવ્યા. આ તે પચ્ચીસમાં તીર્થંકર આવ્યા. મુનિ આવીને ઘરે આહાર લેવા આવ્યા. મુનિ-બુનિ અત્યારે આહાર ક્યાં? તીર્થંકર નથી. મુનિ કેવા? એમ જેને મૂઢતા ન થઈ. તીર્થંકરનો દેખાવ આપ્યો છે દેવે. સમવસરણ બનાવ્યું. પણ રેવતી ચળી નહિ. સ્ત્રી હતા, રાણી હતા. ભગવાન ચોવીસ તીર્થંકરો થઈ ગયા. પચ્ચીસમા તીર્થંકર કોઈ હોઈ શકે નહિ. અમે ભગવાન થઈને આવ્યા, તીર્થંકર થઈને આવ્યા છીએ. જૂઠી વાત છે. સમજાણું કાંઈ? અત્યારે તો એક સાધારણ માણસ કાંઈક કહે, કથન કરનારો એવો નીકળ્યો. હા, માળો એ ધર્મ લાગે છે. ભાન ક્યાં છે કાંઈ. સમજાણું કાંઈ? ધીરૂભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ઘણી ઊંચી વાત છે.

ઉત્તર :- ઊંચી નહિ, વસ્તુની સ્થિતિ આ છે. આહાહા..! જેને અરિહંતની શ્રદ્ધા થઈ. અરિહંત

એટલે આ આત્મા એમ. આહાહા..! વિકારનો હણનારો અને સ્વભાવને પ્રગટ કરનારો એવો ભગવાન આત્મા. વિકારનો વ્યય કરનારો અને નિર્વિકારીદશાનો ઉત્પન્ન કરનારો એ ભગવત્ સ્વરૂપ આત્મા. આહાહા..! એની જેને પ્રતીત અને ભાન થયા એ કોઈ રીતે મુંઝાય નહિ. મૂઢપણું આવે નહિ કે આ તીર્થંકર અને આ ગણધર. ચાલો સાંભળવા ત્યાં જઈને. એ તીર્થંકર વગેરે હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એ '**અમૂઢદષ્ટિકા રેવતીરાનીકા ઉદાહરણ હૈ, જિસકો વિદ્યાધરને અનેક મહિમા દિખાઈ...**' વિદ્યાધરે સમવસરણ આદિ બતાવ્યું. '**તો ભી શ્રદ્ધાનસે શિથિલ નહીં હુઈ...**' માર્ગ તો છે એ એને જાણવામાં આવ્યો, એ બીજો હોઈ શકે નહિ.

'**ઉપગૂહનકા જિનેન્દ્રભક્ત સેઠકા ઉદાહરણ હૈ, જિસ ચોરને, બ્રહ્મચારીકા ભેષ બના કરકે છત્રકી ચોરી કી,...**' ચોર હતો એણે બ્રહ્મચારીનો ભેખ ધારીને છત્રની ચોરી કરી આ મંદિરમાંથી. મંદિરમાં છત્ર હોય ને એ. '**ઉસકો બ્રહ્મચર્યપદકી નિંદા હોતી...**' અરે..! બ્રહ્મચારી અને એમાં ચોર. .. બહાર પાડીશ તો બ્રહ્મચર્યની અવજ્ઞા થશે. '**ઉસકે દોષકો છિપાયા.**' એ ઉપગૂહન-ગોપવું. હતો તો ખોટો ઓલો. પણ બ્રહ્મચારી તરીકે નામ ધરાવ્યું અને છત્ર ચોર્યું. તો આ બ્રહ્મચારીની નિંદા થશે જગતમાં. એ ખાતર એણે વાત ગોપવી દીધી.

'**સ્થિતિકરણકા વારિષેણકા ઉદાહરણ હૈ, જિસને પુષ્પદંત બ્રાહ્મણકો મુનિપદસે શિથિલ હુઆ...**' કોઈ સાધુ હશે. મુનિપદથી ભ્રષ્ટ થતા હતા એને આ વારિષેણે સ્થિર કર્યા. દઢ થયા. એ કથામાં .. '**વાત્સલ્યકા વિષ્ણુકુમારકા ઉદાહરણ હૈ,...**' વિષ્ણુકુમાર મુનિ હતા. છે ને? '**જિનને અકંપન આદિ મુનિયોંકા ઉપસર્ગ નિવારણ કિયા.**' સાતસો મુનિને જે ઓલો હતોને શું કહેવાય એ? બળ-બળ. બળરાજા. હતો તો દિવાન એનો. પણ એણે સાત દિવસનું રાજ માગ્યું. સાધુનો વિરોધી હતો. સાત દિવસ પહેલા .. .. માગ્યું. આજ એને સાતસો મુનિની આસપાસ અગ્નિ લગાવી. વિષ્ણુકુમારને ખબર પડી. કે આ ઉપસર્ગ છે. .. મુનિપણું છોડી દીધું. બ્રાહ્મણનો વેષ ધારણ કરી એની પાસે આવ્યા રાજા પાસે. અરે..! આ શું કરે છે તું આ? એમ કરીને શું આ કહેવાય? ત્રણ પગલા જમીનના માગ્યા. આપ્યું. એક પગ મૂક્યો અહીંયા અને એક પગ મૂક્યો માનુષોત્તર પર્વત ઉપર. બીજો પગ મૂક્યો ... લાવ. ઓહોહો..! એમ કરીને ઠેકાણે પાડ્યું છે. મુનિની રક્ષા કરી. આ રક્ષા નથી કરતા? શું કહેવાય? રાખડી બાંધે છે ને શ્રાવણમાં? એ સાતસો મુનિને અગ્નિ લગાડી હતી ત્યારે. એની રક્ષા કરવાનો ભાવ. ત્યાં રક્ષા થવાની હતી પણ એને વિકલ્પ હતો ને એટલે રક્ષા કરી એમ કહેવામાં આવે છે. પરનું તો કરી શકે નહિ.

મુમુક્ષુ :- .. શુભભાવનો.

ઉત્તર :- શુભભાવ. શુભભાવ. ધર્મ નહિ.

મુમુક્ષુ :- .. છોડી દીધું.

ઉત્તર :- મુનિપણું છોડી દીધું એણે. મુનિપણું છોડ્યું નથી. પણ ઓલા પ્રેમને લઈને આ છૂટી ગયું.

જૈનશાસન ચાલ્યું હતું. આણે આમ કર્યું માટે બીજાએ આમ કરવું, એમ નહિ. મુનિપદથી ભ્રષ્ટ થઈને આવું કરવું. એ વ્યાજબી નથી. પણ એ વખતે ઉપસર્ગ અને પ્રતિકૂળ સંયોગ હતો, એને વિચાર આવ્યો. રાજ છે ને.

**'પ્રભાવનામેં વજ્રકુમાર મુનિકા ઉદાહરણ હૈ, જિસને વિદ્યાધરસે સહાયતા પાકર ધર્મકી પ્રભાવના કી.'** મોટા રથ ચલાવ્યા એ મોટી કથાઓ છે. આપણને કથાનો બહુ ખ્યાલ નથી. **'ઐસે આઠ અંગ પ્રગટ હોને પર સમ્યક્ત્વચરણ ચારિત્ર હોતા હૈ,...'** લ્યો! આવા આઠેય અંગ હોય તો એને સમકિતચરણ, સમ્યગ્દર્શનનું પરિણમનરૂપ ચારિત્ર એને હોય છે. આહાહા..! આ તો પહેલીવહેલી ધર્મની દશા. શરૂઆતની પહેલી દશા. **'જૈસે શરીરમેં હાથ પૈર હોતે હૈં વૈસે હી યે સમ્યક્ત્વકે આઠ અંગ હૈ.'** અંગ અંગ. આ શરીર છે ને અંગી? તો આ એના અંગ કહેવાય. એમ સમ્યગ્દર્શનના આઠ અંગ છે આ. નિઃશંક, નિકાંક્ષિત, નિર્વિચિકિત્સા. એના ગુણ છે, એની પર્યાય છે. **'યે ન હોં તો વિકલાંગ હોતા હૈ.' 'સમ્યક્ત્વકે અંગ હૈ. યે ન હોં તો વિકલાંગ હોતા હૈ.'** એમ આઠ અંગ એના નિઃશંક આદિ હોય છે. ન હોય તો એ સમકિત યથાર્થપણે હોઈ શકે નહિ.

**'આગે કહતે હૈં કિ ઈસપ્રકાર પહિલા સમ્યક્ત્વચરણ ચારિત્ર હોતા હૈ :— '** લ્યો.

**तं चेव गुणविसुद्धं जिणसम्मत्तं सुमुक्खठाणाए।**
**जं चरइ णाणजुत्तं पढ़मं सम्मत्तचरणचारित्तं।।८।।**

**'અર્થ :- યહ જિનસમ્યક્ત્વ...'** પાઠ કેવો છે? **'जिणसम्मत्तं'** શબ્દ પડ્યો છે. એટલે અર્થ કર્યો **'અરિહંત જિનદેવકી શ્રદ્ધા...'** એટલે? અરિહંત પરમાત્માએ જે આ આત્મા અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશ કરનાર, પૂર્ણાનંદનો નાથ પ્રભુ એવું જે એનું સ્વરૂપ છે એમાં જેની શ્રદ્ધા નિઃશંક થઈ છે એને જિનદેવની શ્રદ્ધા છે એમ કહેવામાં આવે છે. જિનદેવ એટલે આત્મ વીતરાગદેવ. આત્માનો સ્વભાવ એ વીતરાગ છે. એનું સ્વરૂપ જ વીતરાગ-રાગ રહિત સ્વરૂપ એનું છે. કેમકે જ્યારે વીતરાગતા પ્રગટ થાય છે એ ક્યાંથી આવે છે? અંદર વીતરાગતા છે એમાંથી આવે છે. ધીરૂભાઈ! આ પીપર હોતી નથી? પીપર. લીંડીપીપર? છોટી પીપર. આટલી કાળી, કદે નાની એમાં ચોસઠ પહોરી તિખાશ છે. ઘૂંટે ચોસઠ પહોર તો ચોસઠ પહોરી તિખાશ છે ને? ચરપરાઈ. ક્યાંથી આવી? એની અંદરથી. ઘૂંટે આવે તો તો કોલસા અને પથરા ઘૂંટે તો આવવી જોઈએ. ચોસઠ એટલે રૂપિયો. એ તો હવે સો પૈસાનો રૂપિયો થયો ને? પહેલાં તો આપણે ચોસઠ પૈસાનો હતો ને? એ પીપરમાં ચોસઠ પહોરી એટલે રૂપિયે રૂપિયો તિખાશ ભરી છે અને લીલો રંગ. પૂરેપૂરો છે. કાળો બહાર છે, તિખાશ અંદર છે એને ઘૂંટવાથી કાળાનો અભાવ થઈ લીલો બહાર આવે છે અને અંદર જે તિખાશ જે ચોસઠ પહોરી એ બહાર પ્રગટ થાય છે. એમ આત્માના અંદરમાં વીતરાગ સ્વભાવથી ભરેલો પૂર્ણ આનંદ પ્રભુ આત્મા છે. આહાહા..! એક વાત.

બીજી વાત એ કે જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલો સર્વજ્ઞ સ્વભાવી છે અને વીતરાગ સ્વભાવી છે. આહાહા..! એવા આત્માની જેને અંતર શ્રદ્ધા થાય એને અરિહંતની શ્રદ્ધા અને જિનની શ્રદ્ધા થઈ એમ કહેવામાં આવે છે. છે ને? '**जिणसम्मत्तं**' છે ને? '**जिणसम्मत्तं**' એટલે વીતરાગે કહ્યું તે. એટલે આત્માનું સમકિત એમ. આહાહા..! રાગનો નાશ થઈને જ્યારે વીતરાગતા આવે છે તો એ વીતરાગતાની દશા કાંઈ અદ્ધરથી આવે છે? અંદરમાં છે એમાંથી આવે છે. તો એ આત્મા પોતે વીતરાગ એટલે વીત નામ રહિત, રાગરહિત એનું સ્વરૂપ જ એવું છે. શુદ્ધ ચૈતન્યઘન અને સર્વજ્ઞસ્વરૂપી અને આનંદનો પિંડ અને વીર્યની કાતળી. ચતુષ્ટ થયા. એવું એનું સ્વરૂપ જ છે આત્માનું. દરેકનું હોં! એવા સ્વરૂપની અંદરમાં સન્મુખ થઈને, પરથી વિમુખ થઈને, નિમિત્તથી વિમુખ, રાગથી વિમુખ, એક સમયની પર્યાય વર્તમાન ચાલે છે એનાથી વિમુખ અને ત્રિકાળથી સન્મુખ. આહાહા..! એવી દષ્ટિ થવી તેને અહીંયા સમકિતચરણ ચારિત્ર કહેવામાં આવે છે. ધર્મની પહેલી ભૂમિકા એને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એક સમયે..

ઉત્તર :- એક સમયે બધું પ્રતીત ને બધું. ચારિત્ર બાકી રહે. સ્વરૂપની રમણતા એટલે ચારિત્ર બાકી. આ તો સમકિતચરણ ચારિત્રની સ્થિરતા હોય એટલું. આહાહા..! ભારે વાત ભાઈ! અરે..! મૂળ માર્ગ જ આખો ફેરફાર કરી નાખ્યો લોકોએ. વસ્તુનું સ્વરૂપ આવું છે કહે છે.

'**જિનસમ્યક્ત્વ...**' એમ કર્યું છે ને ભાઈ! '**અરહંત જિનદેવકી શ્રદ્ધા...**' એટલે કે આ. આહાહા..! અરિહંત સ્વરૂપ એટલે કે વીતરાગી સ્વરૂપ પ્રભુ આત્મા છે. આહાહા..! એકલો જ્ઞાનનો સમુદ્ર, જ્ઞાનસાગર, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, અરાગસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ, પવિત્રતાનો પિંડ એ વીતરાગ મૂર્તિ જ આત્મા છે. એ જિન સ્વરૂપ છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન વચનકા મર્મ.' 'જિન સો હી હૈ આત્મા...' જિન વીતરાગ મૂર્તિ રાગાદિથી રહિત એનું સ્વરૂપ જ છે કે તેથી રાગરહિત થઈને વીતરાગ થઈ જાય છે. એવો જિનદેવ એટલે આત્મદેવ. આહાહા..!

'**અરિહંત જિનદેવકી શ્રદ્ધા નિઃશંકિત આદિ ગુણોંસે વિશુદ્ધ હો...**' નિર્મળ હો. ઓહોહો..! રત્ન જેમ નિર્મળ પાસાથી શોભે, રત્ન જેમ નિર્મળ કિરણથી શોભે, એમ ભગવાન આત્મા વીતરાગમૂર્તિ, એમાં સમ્યગ્દર્શન આદિ કિરણોથી શોભે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પણ ક્યાં દરકાર જીવને? આ શું કરવું? ક્યાં જાવું? આહાહા..! એમ ને એમ અવતાર ચાલ્યા જાય જગતના. પ્રભુ પોતે છે .. જાણતો નથી. '**जिणसम्मत्तं**' ઓહોહો..! જિનનું સમકિત એટલે વીતરાગભાવનું સમકિત. વસ્તુ વસ્તુ છે તત્ત્વ જે છે એ તો અકષાય વીતરાગ સ્વરૂપે જ બિરાજમાન છે. એનું સમકિત, એની શ્રદ્ધા. હું વીતરાગ છું, સર્વજ્ઞ છું, સર્વદર્શી છું. પૂર્ણ પવિત્ર છું. એ અનંતકાળે નહિ કરેલી સ્વસન્મુખની પ્રતીતિ એનું નામ જિનસમકિત, વીતરાગના માર્ગની શ્રદ્ધા એમ કહેવામાં આવે છે. ધીરૂભાઈ! આવી વાત છે.

**'ઉસકા યથાર્થ જ્ઞાનકે સાથ આચરણ કરે...'** જુઓ! શું કહે છે? સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું હોય કે આખું ચૈતન્યઘનનું આનંદ મૂર્તિ પ્રભુ છે. એની શ્રદ્ધા સાથેનું જ્ઞાન અને જ્ઞાનસહિત એમાં આચરણ થયું. જાણ્યું કે આ ચૈતન્ય છે એવું જ્ઞાન થઈને એમાં ઠર્યો થોડો. એ એનું સમકિતચરણ ચારિત્ર કહેવાય છે. ત્રણે બોલ લીધા છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રનો અંશ સાથે જ છે. સ્વરૂપાચરણ ચારિત્ર. સ્વરૂપાચરણ. સ્વરૂપ-ચૈતન્યઘન વીતરાગ મૂર્તિ એની સન્મુખની પ્રતીતિ અને એના જ્ઞાનસહિત એમાં સ્થિરતા, એનું નામ સમકિતચરણ ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? થોડી થોડી ભાષા સમજો છો ને? જબલપુરના છે. આહાહા..! પ્રભુ! તારી વાત એવી મોટી છે, ભાઈ! તું ભગવાન સાક્ષાત્ ભગવત્ સ્વરૂપ જ છો. આહાહા..!

અહીં તો આ જિનસમકિત કીધું ને ભાઈ. એમાં જ આ મહિમા બતાવે છે. અરિહંતની શ્રદ્ધાનો અર્થ કે તું જિનસ્વરૂપ જ છો. અકષાય સ્વભાવ, વીતરાગ સ્વભાવ, પૂર્ણ જ્ઞાન સ્વભાવ, પૂર્ણ આનંદ સ્વભાવ, પૂર્ણ પુરુષાર્થ સ્વભાવ એ જિનસ્વરૂપ છે. એનું સમકિત. આહાહા..! એની શ્રદ્ધા. અંતર એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસે ત્યારે એની શ્રદ્ધા થાય. એની શ્રદ્ધા પાછું લીધું ને? નિઃશંકાદિ. **'ઉસકા યથાર્થ જ્ઞાનકે સાથ...'** હવે એક બીજી વાત .. દયા, દાન, વ્રતના વિકલ્પ એ કાંઈ ચારિત્ર નથી. એ તો રાગ છે વિકલ્પ. આહાહા..! શું કહે છે?

કુંદકુંદાચાર્ય મહારાજ વીતરાગના પેટ ખુલ્લા મૂકે છે. સર્વજ્ઞ પાસે ગયા હતાને પ્રભુ પાસે. આહાહા..! પરમાત્મા બિરાજે છે કેવળજ્ઞાની તીર્થંકરદેવ. લાખો કેવળીઓ છે એની સાથે. કેવળીઓ હોં! ત્રિકાળ જાણનારા. ચાર જ્ઞાનના ધણી ગણધરો છે. એની પાસે ગયા હતા. બે હજાર વર્ષ થયા. સંવત્ ૪૯. ત્યાં આગળ સાંભળી આઠ દિન રહી અને ભગવાનની વાણી સાંભળી. સમકિતી હતા, મુનિ હતા, આત્મા આનંદમાં ઝૂલતા હતા. વિશેષ ત્યાં સદેહે જાત્રા થઈ ત્યાં. આહાહા..! ભરતક્ષેત્રના માનવીએ સદેહે મહાવિદેહની જાત્રા કરી. આહાહા..! એમાંથી એમને નિર્મળતા જે ત્યાં આ થઈ એ આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આ લિખિતંગ આ મફતલાલ નથી. લિખિતંગ કુંદકુંદાચાર્ય છે. એ લિખિતંગ આ છે એમ કહે છે. આહાહા..!

**'तं चेव गुणविसुद्धं'** એમ છે. આવા ગુણની વિશુદ્ધતાપૂર્વક. આહાહા..! **'जिणसम्मत्तं'** વીતરાગભાવની શ્રદ્ધા. આહાહા..! વીતરાગભાવ કેવળી થયા એ નહિ. આ વીતરાગભાવ. એક ફેરી કહ્યું ને કેવળીની સ્તુતિ ભાઈ! ૩૧મી ગાથા કેવળીની સ્તુતિ કોને કહેવી? પ્રશ્ન કર્યો ભગવાન કુંદકુંદાચાર્યને. ભગવાન! સર્વજ્ઞ પરમેશ્વરની સ્તુતિ, કેવળીની સ્તુતિ કોને કહેવી? ત્યારે પ્રભુ જવાબ આપે છે કે તારો આત્મા કેવળ રાગરહિત પૂર્ણાનંદનો નાથ એમાં એકાગ્ર થવું એ કેવળીની સ્તુતિ છે. આહાહા..! ઓલો તો વિકલ્પ છે. બીજા કેવળીની સ્તુતિ તો શુભરાગ છે. આહાહા..! જવાબ પૂછ્યો એનો ઉત્તર આમ દીધો. આહાહા..! પ્રભુ! સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન એવા કેવળી, એની સ્તુતિ કોને કહેવી?

પ્રભુ જવાબ આપે છે કુંદકુંદાચાર્ય. કે જે કોઈ પરતરફનું લક્ષ છોડી, વીતરાગ કહે છે કે મારા તરફનું લક્ષ છોડી, હું કહું છું એને સાંભળવાનો વિકલ્પ છે એને લક્ષ છોડી દઈ અને એક સમયની અવસ્થા જે ખંડખંડ જ્ઞાન કરે છે એ ખંડ ખંડ ઈન્દ્રિય એનું લક્ષ છોડી દઈ, ત્રિકાળ ભગવાન પૂર્ણાનંદ કેવળસ્વરૂપ ભગવાન પોતે છે, એની જે એકાગ્રતા કરે છે, એનું જે ધ્યાન કરીને સ્થિર થાય છે એ કેવળીની સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ? કેવળ એકલો પરમાત્મા પૂર્ણ શુદ્ધ ચિદ્‌ઘન. આહાહા..! બેસે કેમ પામર જીવને? એક બીડી વિના ચાલે નહિ. બે સિગારેટ પીવે ત્યારે દસ્ત ઉતરે પાયખાને. આટલા તો વ્યસન. આહાહા..! અને ચાનો પ્યાલો સવારમાં પીવે ત્યારે જરી શું કહેવાય? ઠીક થાય. ઓલી આળસ-બાળસ ચડી હોય.

મુમુક્ષુ :- મગજ તર થાય

ઉત્તર :- મગજ તર એ બીજી ભાષા છે.

મુમુક્ષુ :- .. કોટો આવે.

ઉત્તર :- કોટો-કોટો હા બસ એ. એ ચા-બા પીવે તો કોટો આવે. એ કહે છે એ ભાષા. અરર..! પ્રભુ! ક્યાં તું ગયો? શું થયું તને? તારો આનંદનો નાથ અંદર પડ્યો છે ને પ્રભુ! આહાહા..! વીતરાગ સ્વભાવે આનંદનો નાથ તું છો ને ભાઈ! અપૂર્ણ નહિ, વિપરીત નહિ એવું આનંદનું સ્વરૂપ તારું છે પ્રભુ! તને ખબર નથી. તું વીતરાગદેવ છો. આહાહા..! તું હી દેવનો દેવ. એ આવ્યું હતું ને તે દિ' ૬૩માં આવ્યું હતું. એવું આવ્યું હતું. 'શિવ રમણી રમનાર તું. તું હી દેવનો દેવ.' ૬૩માં આવ્યું હતું. ૬૩માં પાલેજ. દુકાન ઉપર હતા ને. લગ્ન હતા. હું અને એક નોકર બે હતા. તો રામજીલાલ. જીન છે ને હમણા મનસુખના મકાન કર્યા એ બધા, જીન હતું. ત્યાં આગળ કપાસ આખા ગાડા ને ગાડા તોળે છે ને. ગાડા તોળે છે ને નીચે?

મુમુક્ષુ :- કાંટો.

ઉત્તર :- મોટો કાંટો હોય. આખું ગાડું રહે. છે ને બધું જોયું હતું ને. ત્યાં રામલીલા થઈ હતી. હું જોવા ગયો. અમારો .. માણસનો. એ ... ધૂન ચડી ગઈ. છ કડી. છ કડી. એમાં અડધી કડી યાદ રહી ગઈ. ... પુસ્તક પડ્યું.. .. સ્વરૂપ .. અંદરથી. ૬૩ની વાત છે. ૧૭ વર્ષની ઉંમર હતી. 'શિવ રમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' તું દેવનો દેવ છો આત્મા. અને આ શિવરમણી મોક્ષની પરિણતિમાં રમનાર તું છો. આ સ્ત્રીનો રમનાર તું નહિ. આહાહા..! આ એ કહે છે જુઓ અહીં. જિનદેવ તું છો.

'**જિનદેવકી શ્રદ્ધા...**' કીધી છે ને? '**जिणसम्मत्तं**' કહ્યું છે ને પાઠમાં? એનો અર્થ જ એ. અરિહંતની શ્રદ્ધા એટલે કે જિનદેવની શ્રદ્ધા એટલે કે જિનદેવ સ્વરૂપ જ આત્મા છે, વીતરાગ સ્વરૂપ આત્મા એની શ્રદ્ધા. આહાહા..! સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! આવું છે. '**जिणसम्मत्तं**' ઓહો..! જિનદેવ. વીતરાગ સ્વભાવની દિવ્યશક્તિનો ધરનારો પરમાત્મા પોતે છે. એની શ્રદ્ધા '**નિઃશંકિત**

**આદિ ગુણોંસે વિશુદ્ધ હો...**' એની શ્રદ્ધા શંકારહિત નિઃશંકથી નિર્મળ હો. '**ઉસકા યથાર્થ જ્ઞાનકે સાથ આચરણ કરે...**' ત્રણે આવી ગયું. એ શુદ્ધ જિનદેવ સ્વરૂપ તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં એકાગ્રતા. એકાગ્રતા સ્વભાવ. એનું નામ સમકિતચરણ ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..!

'**વહ પ્રથમ સમ્યક્ત્વચરણ ચારિત્ર હૈ,...**' પહેલા એ સમકિતચરણ ચારિત્ર છે. પછી સંયમચરણ ચારિત્ર પછી હોય. આ સમ્યક્ચરણ ચારિત્ર ન હોય અને કોઈને ચારિત્ર અને સંયમ આવી જાય એમ ત્રણ કાળમાં બને નહિ. '**વહ મોક્ષસ્થાનકે લિયે હોતા હૈ.**' પાઠ છે ને? આહાહા..! '**सुमुक्खठाणाए**' '**सुमुक्खठाणाए**' છે ને પાઠ? બીજું પદ. '**મોક્ષસ્થાનકે લિયે હોતા હૈ.**' આ સમ્યક્ચરણ ચારિત્ર એટલે ખરેખર તો જીવ મુક્તસ્વરૂપ છે. ભાવસ્વરૂપ, મુક્તસ્વરૂપ છે. વીતરાગ સ્વરૂપ કહો, મુક્ત સ્વરૂપ કહો, અકષાય સ્વરૂપ કહો, પરમાનંદ સ્વરૂપ કહો, જિનસ્વરૂપ કહો. એની શ્રદ્ધા અંતરમાં થઈને જે જ્ઞાનસહિત એમાં એકાગ્રતા, એ મોક્ષના સ્થાનની ઉત્પત્તિ કરનાર છે. આહાહા..!

'**વહ મોક્ષસ્થાનકે લિયે હોતા હૈ.**' એ સમ્યક્ચરણ મોક્ષને માટે હોય છે. છૂટવા માટે હોય છે એમ કહે છે. પછીથી પણ રાગથી છૂટીને ચારિત્રમાં આવશે અને પછી મુક્ત થશે એ સમકિતચરણ ચારિત્ર મોક્ષની પ્રાપ્તિને માટે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને? અર્થમાં પણ છે. '**વહ મોક્ષકી પ્રાપ્તિકે લિયે હોતા હૈ...**' અર્થમાં છે. આહાહા..! આ તો પ્રથમ સમ્યગ્દર્શનની વાત ચાલે છે આ. આહાહા..! પોતે ભાવથી તો મોક્ષસ્વરૂપ જ છે. એ મોક્ષસ્વરૂપનો અર્થ અકષાયસ્વભાવ, વીતરાગ સ્વભાવ, પરમ આનંદ સ્વભાવ, પૂર્ણ શ્રદ્ધા સ્વભાવ. એ સ્વભાવ તો મુક્તસ્વરૂપ જ છે. એને પર્યાયમાં કર્મની સાથે સંબંધ નથી એને એક સમયની પર્યાય જે છે, એને કર્મના નિમિત્ત સાથે સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો એની સાથે છે. ત્રિકાળ જ્ઞાયકભાવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે નહિ.

શું કહ્યું એ? કે ભગવાન આત્મા જે જ્ઞાયક સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ ભિન્ન સ્વરૂપ, એને તો કર્મના નિમિત્તની સાથે સંબંધ જ નથી. કર્મ જડ છે એનું નિમિત્તપણું-એની પર્યાય અવસ્થાની સાથે એને નિમિત્તનો સંબંધ છે. વસ્તુ સાથે સંબંધ નથી. સમજાય છે કાંઈ આમાં? આહાહા..! એથી જેની નિમિત્ત અને પર્યાયબુદ્ધિનો અંશ છૂટીને ત્રિકાળ સ્વભાવ તરફની બુદ્ધિ ને દર્શનને સ્થિરતા થઈ એ સમ્યકત્વચરણ ચારિત્ર મોક્ષની પ્રાપ્તિને માટે છે. પર્યાયમાં મોક્ષની પ્રાપ્તિ માટે. મોક્ષસ્વરૂપ તો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયથી મોક્ષ થઈ જાય.

મુમુક્ષુ :- કર્મ જડ છે.

ઉત્તર :- આ પર્યાય જડ નહિ. આ તો પર્યાય આત્માની છે. .. આત્માની પર્યાય જે છે ને અવસ્થા વર્તમાન, એ તો ચૈતન્યની અવસ્થા છે. અને કર્મ જડ છે નિમિત્ત. એને નિમિત્ત નૈમિત્તિક સંબંધ એની સાથે છે, ત્રિકાળ સાથે નથી, એમ. પર્યાય છે એ જડ નથી. પર્યાય છે એ ત્રિકાળીનો એક અંશ છે.

અવસ્થાનો અંશ. એ અંશની સાથે કર્મનું નિમિત્ત જડ છે એની સાથે સંબંધ છે. ત્રિકાળ સાથે તો નિમિત્ત સંબંધ છે જ નહિ. પણ નિમિત્ત નૈમિત્તિક સિદ્ધ કરવું છે ને? આહાહા..! આવું સ્વરૂપ છે, ભગવાન! આહાહા..! ભગવત્ સ્વરૂપ છે એ ભગવત્ સ્વરૂપે પરિણમે. રાગ સ્વરૂપ હોય, વિકાર સ્વરૂપ હોય એ ભગવત્ સ્વરૂપે પરિણમે?

કહે છે, '**वह प्रथम सम्यक्त्वचरण चारित्र है, वह मोक्षस्थानके...** ' આ મોક્ષ કોણ? પર્યાયમાં મોક્ષ. પર્યાયમાં જે મુક્તપણું દશા થાય એને માટે આ સમ્યક્ત્વચરણ ચારિત્ર છે એમ કહે છે. પોતાનો સ્વભાવ મુક્તસ્વરૂપ છે. એની શ્રદ્ધા, જ્ઞાનનું આચરણ થયું એ પર્યાયમાં મુક્ત પૂર્ણ દશા થાય એને માટે એ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ! પકડાય નહિ, સમજાય નહિ. ઝીણું પડે. બીજે રસ્તે જ્યાં ત્યાં ચાલી જાય.

મુમુક્ષુ :- રસ્તો સહેલો હોય તો સૌને પસંદ હોયને?

ઉત્તર :- તો આ જ સહેલો છે. થઈ શકે એ સહેલો છે. ન થઈ શકે એ સહેલો કહેવાય? પોતાની જાતમાં રમવું એ એનો સહેલો માર્ગ છે. રાગમાં રહેવું એ તો વિકારરૂપ પુણ્ય કરીને એ કાંઈ આત્માનો માર્ગ છે? એ તો એક જ માર્ગ છે. આહાહા..! નિઃશંક છે. એ ...ભાવ નથી. આહાહા..!

એક દાખલો આવ્યો હતો. હમણા આવ્યો હતો ને ઓલામાં? ..માં. જેને કાળજે હીરણક્ષી સ્ત્રી જેને વસે જેના કાળજામાં, એને પરમાનંદની દશા નહિ વર્તે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. એ આવે છે ભાઈ! પરમાત્મપ્રકાશમાં. હરણી. હરણી. સ્ત્રી હીરણક્ષી કહેવાય છે આ. આ હરણની આંખ હોય ને આમ. એવી હીરણક્ષી (પ્રત્યે) જેના હૃદયમાં પ્રેમ વસે છે, એને આત્માનો પ્રેમ નહિ રહી શકે. બીજી ભાષા કહીએ તો જેને રાગનો પ્રેમ વર્તે છે એને અરાગીનો પ્રેમ થઈ શકે નહિ. આહાહા..! હીરણક્ષી આવે છે. પરમાત્મપ્રકાશ. એમાં વત્સ વત્સ કહ્યું હતું. વાણી વડે .. એવો અર્થ કર્યો છે. વત્સ શબ્દ છે. હે વત્સ! એમ કહ્યું છે. શિષ્યને કહે છે. જેના જ્ઞાનની દશામાં હીરણક્ષી-સ્ત્રી વર્તે છે એને આત્મજ્ઞાન નહિ વર્તે. અને જ્ઞાનની પર્યાય જેના જ્ઞાનમાં વર્તે છે તેને સ્ત્રીનો પ્રેમ અંદર નહિ રહી શકે . આહાહા..! રુચિની વાત છે. આસક્તિ થાય એ પછી ચારિત્રદોષ છે એ. રુચિ ન રહે એને. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો બીજો અર્થ મગજમાં આવ્યો હતો કે જેને ઓલો વિકલ્પનો ભાવ છે અંશ રાગનો શુભાદિ. એનો જેને પ્રેમ છે એને આ મુક્તસ્વરૂપનો પ્રેમ નહિ થઈ શકે. આહાહા..! બંધના ભાવનો જેને પ્રેમ છે. રાગ છે એ બંધભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ શુભરાગ હોય ચાહે તો દયાનો, દાનનો, વ્રત, ભક્તિ, પૂજાનો, ભગવાન સ્મરણનો, પણ એ રાગનો જેને પ્રેમ છે, તેને વીતરાગ જિનદેવનો પ્રેમ નહિ થઈ શકે. અને જેને જિનદેવનો પ્રેમ છે એને રાગનો પ્રેમ નહિ રહી શકે. રાગ રહેશે. રુચિ નહિ રહે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ ભારે ભાઈ! બાપા! તારા રસ્તા, એના ફળ અનંત

આનંદ, એના માર્ગ પણ એવા જ હોય ને. આહાહા..! કહે છે, **'પ્રથમ સમ્યક્ત્વચરણ ચારિત્ર હૈં, વહ મોક્ષસ્થાનકે લિયે હોતા હૈ.'**

**'ભાવાર્થ :- સર્વજ્ઞભાષિત તત્ત્વાર્થકી શ્રદ્ધા...'** એનો આ અર્થ કર્યો. **'जिणसम्मत्तं'** છે ને? એની વ્યાખ્યા છે એ. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ (કથિત) તત્ત્વાર્થની શ્રદ્ધા. એ તત્ત્વાર્થની શ્રદ્ધામાં આત્માની શ્રદ્ધા બંને આવી ગઈ.

મુમુક્ષુ :- પહેલું પહેલું તત્ત્વ આત્મા...

ઉત્તર :- પહેલું તત્ત્વ આત્મા છે.

ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદનો રસકંદ, એની જેને શ્રદ્ધા, એને નવેય તત્ત્વની સાચી શ્રદ્ધા થઈ જેને. કારણ કે પુણ્ય-પાપ હોય એ છોડવાલાયક છે. ભાવ રાગબંધ એ છોડવા લાયક છે અને સ્વભાવનો આશ્રય કરીને જે શાંતિ પ્રગટે સંવર, નિર્જરા, મોક્ષ એ આદરણીય છે. આહાહા..! સંવર, નિર્જરા, મોક્ષ એટલે? આત્મા ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ પરમાનંદનો પૂર્ણ શાંતરસ એનો આશ્રય કરીને જે શુદ્ધિ પ્રગટે એનું નામ સંવર. અને એ શુદ્ધિની વૃદ્ધિ થાય એનું નામ નિર્જરા અને શુદ્ધિની પૂર્ણતા થાય એનું નામ મોક્ષ. આહાહા..! એય..! આહાહા..! કહો, ગીરધરભાઈ! આ તો બધું નાગરભાઈને સાંભળવા મળ્યું નહોતું હોં. ભાગ્યશાળી બધા છે. આહાહા..! બાપુ! આ તે શું છે ભાઈ! એ 'અમૃત... સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં રત્ન તણાણા જાય, એવી ભાગ્યવાન કર વાવરે એની મોતીયે મુઠીયું ભરાય.' આહાહા..!

કહે છે જુઓને આચાર્ય શું કહે છે? **'तं चेव गुणविसुद्धं जिणसम्मत्तं सुमुक्खठाणाए।'** આહાહા..! **'जं चरइ णाणजुत्तं पढमं सम्मत्तचरणचारित्तं'** આહાહા..! હૃદયનો ધ્વનિ ભગવાન કુંદકુંદાચાર્ય જે જૈનશાસનના નાયક હતા ત્યારે. આહાહા..! મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, પછી ત્રીજે નંબરે એ આવ્યા. નમો કુંદકુંદાર્યો. દિગંબરમાં તો એમ આવ્યું. ઓલામાં (શ્વેતાંબરમાં) સ્થુલી ભદ્ર. એ બધું કલ્પિત છે. ઝીણી વાત બહુ બાપુ! આહાહા..! મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં. વીતરાગ સ્વભાવ મંગળ અને એમાંથી પ્રગટેલી પર્યાય એ મંગળિક. મંગળ નામ પવિત્રતાની પ્રાપ્તિ. અથવા મમ્ નામ પાપ અને ગળ નામ ગાળે. રાગ-દ્વેષના પાપને ગાળે તેને મંગળિક કહીએ. રાગ-દ્વેષને મમ્. મંગળ શબ્દ છે ને? મમ્ ને ગળ. મમ્ એટલે પાપ થાય. રાગ, પુણ્યાદિ હું છું એ પાપ મિથ્યાત્વ એને ગળ નામ ગાળે. એ આત્માને આશ્રયે સમ્યક્ થાય તે મિથ્યાત્વને ગાળે છે. માટે તે સમકિતને મંગળિક કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો શું કહેવાય? કે સમ્યક્ચરણ ચારિત્ર મોક્ષની પ્રાપ્તિ માટે પ્રગટ્યું છે. મુક્તસ્વરૂપની પ્રતીતિ ને જ્ઞાન અને રમણતા એ પર્યાયમાં પૂર્ણ મુક્ત થવા માટે પ્રગટ્યું છે. બીજ ઊગી છે એ પૂનમ થયે છૂટકો. બીજ ઊગી એ પૂનમ થયે છૂટકો. એમ સમ્યગ્દર્શનનું બીજ પ્રગટ થયું એ પૂર્ણ પ્રાપ્તિને માટે પ્રગટ થયું

છે. એ બીજ ઊગી એ પાછી ફરશે નહિ. આહાહા..! માતાના પેટમાંથી બહાર આવ્યો બાળક એ પાછો જાય ત્યાં? એમ જેને આત્માના સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળમાંથી પ્રગટ કરી, હવે એને મોક્ષ સ્થાનની પ્રાપ્તિ માટે એ .. આહાહા..! ભારે વાતું ભાઈ! અરે..! એણે ગાણા પણ સાંભળ્યા નહિ. કેવડો છે અને કેવો છે એની વાત પણ સાંભળી નહિ. આહાહા..!

કહે છે, ભાઈ! '**સર્વજ્ઞભાષિત તત્ત્વાર્થકી શ્રદ્ધા નિઃશંકિત આદિ ગુણ સહિત,...** ' છે ને '**गुणविसुद्धं**' '**પચ્ચીસ મલ દોષ રહિત,...**' પચ્ચીસ દોષ કીધા છે ને. આગળ આવી ગયા છે. '**જ્ઞાનવાન આચરણ કરે...**' જ્ઞાનવાન આચરણ કરે એમ પાછું. એ સ્વરૂપનું જ્ઞાન કરી, સ્વરૂપની શ્રદ્ધામાં જ્ઞાનવાન આચરણ અંદરમાં કરે. આહાહા..! આ સ્વરૂપ આચરણ. સ્વરૂપમાં આચરવું-રહેવું. આહાહા..! '**જ્ઞાનવાન આચરણ કરે...**' ભાષા તો જુઓ! ઓહોહો..! '**णाणजुत्तं**' એમ છે ને? '**चरइ**' '**णाणजुत्तं जं चरइ**' એ વસ્તુના સ્વરૂપનું જ્ઞાન થયું છે ને જ્ઞાન જ્ઞાનનું જ્ઞાન થયું છે. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું જ્ઞાન પર્યાયમાં થયું. એ જ્ઞાનસહિત જે ચરે છે, અંદર સ્થિર થાય છે એને સમકિતચરણ ચારિત્ર. એને મોક્ષના પ્રાપ્તિને માટે આ પ્રગટ્યું છે. હવે સંસાર રહેવાનો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનવાન આચરણ કરે...**' જ્ઞાનવાનનો અર્થ? જ્ઞાનનું જ્ઞાન. આત્માનું જ્ઞાન. આત્માનું જ્ઞાન કર્યું છે, અમે આત્માનું જ્ઞાન કર્યું છે અંદર. એ જ્ઞાનવાન આચરણ કરે. આહાહા..! '**ઉસકો સમ્યક્ત્વચરણ ચારિત્ર કહતે હૈ.** ' કહો, નવરંગભાઈ! આહાહા..! '**વહ મોક્ષકી પ્રાપ્તિ કે લિયે હોતા હૈ...** ' આહાહા..! ભગવાન વીતરાગ સ્વરૂપી આત્મા મુક્તસ્વરૂપ એનું અંતરમાં જ્ઞાન ને શ્રદ્ધાન ને સ્થિરતા એ મોક્ષને માટે છે. પૂર્ણ મુક્તિદશા, પૂર્ણ પરમાત્મદશા, સિદ્ધદશા એને માટે આ આચરણ છે. વિકલ્પ ને વચ્ચે શુભભાવ આવે એ કોઈ મુક્તિને માટે આચરણ નથી એમ કહે છે. આહાહા..! વચ્ચે વ્યવહાર આવે ખરો, પણ એ મુક્તિને માટે નથી. વસ્તુનું જે સ્વરૂપ શુદ્ધ ચિદ્‌ઘન છે એની શ્રદ્ધા, જ્ઞાન અને એનું આચરણ એ મોક્ષને માટે છે. એ વધીને આગળ જાશે. રાગાદિથી .. નહિ. આહાહા..!

વ્યવહાર... લોકોને આ નડે છે ને. વ્યવહારથી કાંઈક લાભ થાય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી, પૂજા, ... એ બાપુ! એ તો વિકલ્પ છે હો. વ્યવહાર વચમાં આવે ખરો. વીતરાગ થયા પહેલાં અપૂર્ણ વીતરાગદશામાં એ હો, પણ એ મોક્ષને માટે નથી. એ .. ને માટે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ આંતરા અંદરમાં સમજવા બહુ કઠણ છે. એટલે એ પોકાર કરે છે ને, એય..! વ્યવહારનો લોપ કરી નાખે છે. બાપુ! વ્યવહારનો લોપ.. વ્યવહારની રુચિ છૂટ્યા વિના અંતરની રુચિ નહિ થાય. કારણ કે વ્યવહાર એટલે શુભરાગ. એમાં રુચિ છે ત્યાં સુધી અંદર રુચિ નહિ થાય. આહાહા..!

'**યહ મોક્ષકી પ્રાપ્તિ કે લિયે હોતા હૈ ક્યોંકિ મોક્ષમાર્ગમેં પહિલે સમ્યગ્દર્શન કહા હૈ...** ' દેખો! ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ મોક્ષના માર્ગમાં પહેલું સમ્યગ્દર્શન કહ્યું છે. પાધરું ચારિત્ર

આવી જાય ને વ્રત, પચ્ચખાણ આવી જાય એમ હોઈ શકે નહિ. સમ્યગ્દર્શન વિના ક્યાં વ્રત કેવા અને તપ કેવા? અપવાસ કેવા? આહાહા..! વસ્તુ છે એ જ્યાં દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવી નથી, જણાણી નથી તો એમાં ઠરવું ક્યાંથી આવી ગયું? જે ચીજ છે એ દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યા વિના એમાં ઠરે ક્યાંથી? એમ છે. ન્યાય સમજાય છે? આ તો લોજિકથી વાત છે. આહાહા..! ચારિત્ર તો ચરવું છે, રમવું છે, પણ શેમાં? કઈ ચીજમાં? કોઈ ચીજ જ નજરમાં, શ્રદ્ધા અને જ્ઞાનમાં તો આવી નથી. અને ચારિત્ર થઈ ગયા એને. ક્યાંથી? ધૂળ થાય ચારિત્ર? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે વસ્તુ જેમાં રમવું છે, ચરવું છે, જેનો ખોરાક આનંદનો અનુભવ લેવો છે, એવી ચીજ જેને પ્રતીતમાં ને જ્ઞાનમાં જ્ઞેય તરીકે ન આવે તો એને ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લોકો તો કહે છે કે ચારિત્ર શુભ..

ઉત્તર :- પણ ચારિત્રની વ્યાખ્યા શું? ચારિત્ર કહેવું કોને? લૂગડા છોડીને નાગો થાય, બાવો થાય એટલે ચારિત્ર થઈ ગયું?

મુમુક્ષુ :- સ્વરૂપાચરણ ચારિત્ર.

ઉત્તર :- આ સ્વરૂપાચરણ ચારિત્રની વાત ચાલે છે. આ ચોથા ગુણસ્થાનમાં સ્વરૂપાચરણ ચારિત્ર. ઓલા ના પાડે છે ને કેટલાક. કે ન હોય ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર. આ શું કહે છે? સ્વરૂપ જેવું શુદ્ધ ચૈતન્યઘન, જ્ઞાન સ્વભાવવાન પ્રભુ, અવિકારી સ્વભાવ સ્વરૂપ ભગવત્ સ્વરૂપ એની સન્મુખની પ્રતીતિ અને જ્ઞાનસહિત સ્થિરતા કરવી એનું નામ સમકિતચરણ ચારિત્ર કહેવામાં આવે છે અને એ મોક્ષનું કારણ છે. આહાહા..! પ્રથમ આ થયા વિના મોક્ષ થાય નહિ. બાવા થાય ને જોગી થાય ને ચારિત્ર આ વ્રત નિયમ લે, હજારો રાણીયું છોડીને. બધા મીંડા છે એકડા વિનાના. સમજાણું કાંઈ?

જે ભૂમિકામાં વાવવું છે એ ભૂમિકાની ખબર નહિ એમાં વાવશે શેમાં? અદ્ધર વાવશે ક્યાંયથી? એમ જે વસ્તુમાં ઠરવું છે. ચારિત્ર એટલે ઠરવું અંદર રમવું. એ વસ્તુનું જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન થયા વિના એ ઠરે ક્યાંથી અંદર? આહાહા..! ધીરૂભાઈ! આ તો ન્યાય, લોજિકથી વાત ચાલે છે કે નહિ? બસ મહારાજ કહે છે બરાબર સાંભળીએ. આહાહા..! એના પડખાં બધા ખ્યાલમાં આવવા જોઈએ. એક એક વાત .. આહાહા..! એનો અર્થ શું? કે સમ્યક્ત્વચરણ ચારિત્ર પ્રગટે ત્યાં હજી સંયમરૂપી ચારિત્ર છે નહિ. કારણ કે પાંચમે છઠ્ઠે આગળ વધે ત્યારે થાય. આ તો ચોથા ગુણસ્થાનની વાત છે. સમજાણું કાંઈ?

કાલે ઓલા બનારસીદાસનું આવ્યું હતું બપોરે નહિ નામ? એમાં ચારિત્રધામ આવ્યું હતું. ચારિત્ર ધામ છે પરમાત્મા. ... પંડિતોની કથની એવી મૂકવી કઠણ પડે. ચારિત્ર હો. એ ભગવાન તો પૂર્ણ ચારિત્ર આનંદમાં રમે છે, ચારિત્રધામ છે એ તો. એ ૧૦૦૮માં નામ આવ્યું હતું કાલે. કહ્યું હતું તે દિ'. સિદ્ધ ભગવાન પરમાત્મદશા એને તો આત્માની ચારિત્ર એટલે રમણતા પૂરી થઈ ગઈ. ખલાસ થઈ ગયું. ચારિત્ર છે ત્યાં. આમ પાળવું કે આમ કરવું એ નહિ. ચારિત્ર નામ આત્માની પૂર્ણ આનંદની રમણતા.

આહાહા..! સમજાણું કાંઈ?

‘**ઈસલિયે મોક્ષમાર્ગમેં પ્રધાન યહ હી હૈ.**’ લ્યો! પહેલું સમ્યગ્દર્શન આચરણ કહ્યું. કેમ? કે ‘**મોક્ષમાર્ગ મેં પ્રધાન યહ હી હૈ.**’ મુખ્ય છે. મોક્ષમાર્ગમાં પહેલું સમ્યગ્દર્શન મુખ્ય છે. એ વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર હોઈ શકે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૨, સોમવાર તા. ૨૬-૧૧-૧૯૭૩**
**ગાથા – ૯, ૧૦, ૧૧, ૧૨, પ્રવચન – ૫૧**

અષ્ટપાહુડ ચલતા હૈ. કુંદકુંદાચાર્ય કા બનાયા હુઆ. અષ્ટપાહુડમેં ચારિત્રપાહુડ કા અધિકાર હૈ. નૌવીં ગાથા. ‘**આગે કહતે હૈં કિ જો ઈસપ્રકાર સમ્યક્ત્વચરણ ચારિત્રકો અંગીકાર કરકે સંયમચરણ ચારિત્રકો અંગીકાર કરે તો શીઘ્ર હી નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ :—** ’

सम्मत्तचरणसुदधा संजमचरणस्स जइ व सुपसिद्धा।
णाणी अमूढदिट्ठी अचिरे पावंति णिव्वाणं।।९।।

નૌંવી ગાથા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણે નાખ્યું દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર.

‘**અર્થ :- જો જ્ઞાની હોતે હુએ...**’ ક્યા કહતે હૈં? કિ પ્રથમ તો યહ આત્મા શુદ્ધ ચૈતન્ય અભેદ અખંડ આનંદકંદ હૈ, ઉસકા જ્ઞાન પહલે કરતે હૈં, તો વહ જ્ઞાની હોતા હૈ. આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય સિદ્ધ સ્વરૂપ. ‘સિદ્ધ સમાન સદા પદ મેરો.’ ઐસા અપના સ્વરૂપ સિદ્ધ સ્વરૂપ અંદર શુદ્ધ આનંદ હૈ, ઉસકા જ્ઞાન. આત્માકા જ્ઞાન તો અંતરમેં સ્વ સંવેદન (અર્થાત્) અપને સે-જ્ઞાન સે શુદ્ધ ચૈતન્યકા પ્રત્યક્ષ વેદન હોના ઉસકા નામ જ્ઞાન કહને મેં આતા હૈ. યે જ્ઞાન હો ઉસકો જ્ઞાની કહને મેં આતા હૈ. કહતે હૈં ન ‘**જ્ઞાની હોતે હુએ...**’ જ્ઞાની હોતે હુએ. ઉસકા અર્થ કિ અપના ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સિદ્ધસ્વરૂપ, ઉસકા જ્ઞાન. જ્ઞાનસ્વરૂપ આત્મા, ઉસકા જ્ઞાન. વહ જ્ઞાન કરનેવાલા જ્ઞાની કહનેમેં આતા હૈ. સમજમેં આયા? આ ચોપડી પડી છે કાલની. અહીં તો મારે આ .. કહેવું. જ્ઞાનીના જ્ઞમાં બાવો નાખ્યો છે. અક્ષર હોય છે ને બધાના ક, ખ. ચિત્રો આપે છે. એમાં જ્ઞનો બાવો અર્થ છે. અહીં પહેલી ચોપડી કાલે પડી હતી.

એને જ્ઞાની ન કહેવાય. જ્ઞાની તો આ આત્મા શરીર, વાણી, મનથી પૃથક્ હૈ ઔર અંદર પુણ્ય ઔર પાપકા ભાવ જો હોતા હૈ શુભ-અશુભ ઉસસે ભી પૃથક્ હૈ. ઉસકા જ્ઞાન કરના વહ જ્ઞાની કહનેમેં આતા હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ જો આત્મા કહતે હૈં ઉસકા

જ્ઞાન, આત્મા તો એક ક્ષણ મેં વીતરાગસ્વરૂપ વીતરાગ મૂર્તિ આત્મા હૈ, ઉસકા જ્ઞાન કરના. વહ પુણ્ય-પાપકા વિકલ્પ જો હૈ રાગ ઉસસે પૃથક્ હોકર ઔર સ્વભાવમેં એકત્વ હોકર જો જ્ઞાન હોતા હૈ ઉસકો યહાં જ્ઞાની કહનેમેં આતા હૈ. આહાહા..! કહો, ધીરૂભાઈ! સૂક્ષ્મ બહુત.

મુમુક્ષુ :- જ્ઞાનીકી વ્યાખ્યા બડી...

ઉત્તર :- '**જ્ઞાની હોતે હુએ અમૂઢદૃષ્ટિ હોકર...**' ઔર અપનેમેં મૂંઝવણ ક્યા કહતે હૈં? ગભરામણ? અમૂઢદૃષ્ટિ. અમૂઢદૃષ્ટિ-જિસમેં મૂઢતા ન હો કિ ક્યા માર્ગ હોગા? યહ વીતરાગ કૈસે હોંગે? અન્ય કૈસા હોગા? ઐસી મૂઢતા જિસમેં ન હો. અપના સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવને જો આત્મા કહા વહ આત્મા અનંતગુણકા પિંડ હૈ, વીતરાગ મૂર્તિ અતીન્દ્રિય આનંદકા ભંડાર હૈ. આહાહા..! ઉસકા જ્ઞાન કરના, ઉસકો ભગવાન જ્ઞાન કહતે હૈં, ઉસ જ્ઞાન કરનેવાલે કો જ્ઞાની કહતે હૈં. આહાહા..! ઐસી બાત હૈ. ઔર '**જ્ઞાની હોતે હુએ અમૂઢદૃષ્ટિ હોકર...**' મૂઢ નહીં. આત્મા સર્વજ્ઞ કહે વહ ભી સત્ય હૈ ઔર અજ્ઞાની દૂસરા આત્મા અનેક પ્રકારકા કહે વહ ભી સત્ય હૈ ઐસી મૂઢદૃષ્ટિ ન હો. આહાહા..! સમજમેં આયા?

ઔર '**જ્ઞાની હોતે હુએ અમૂઢદૃષ્ટિ હોકર સમ્યક્ત્વચરણ ચારિત્રમેં શુદ્ધ હોતા હૈ...**' સમ્યક્ નાખ્યું હવે. અપના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ઉસકે અંદર સમ્યક્ત્વ, જૈસા સ્વરૂપ હૈ ઐસી અંતર પ્રતીતિ, જૈસા સ્વરૂપ શુદ્ધ આનંદ હૈ ઐસા આચરણ, શ્રદ્ધાકા આચરણ ઔર જ્ઞાન મેં અમૂઢદૃષ્ટિ, ઐસે હોકર ચારિત્ર સે શુદ્ધ હોતા હૈ. વહ સમ્યત્વચરણ ચારિત્રસે વહ શુદ્ધ હોતા હૈ. ઓહોહો..! એક લાઈન મેં કિતના સમા દિયા! સમજમેં આયા? ઈસ દેહ મેં ભગવાન ચૈતન્ય સ્વરૂપ... વહ નર કા નારાયણ હોતા હૈ ઐસા કહતે હૈ ન? તો વહ નારાયણ સ્વરૂપ હી આત્મા હૈ. આહાહા..!

શુદ્ધ જ્ઞાન કેવલઘન, કેવલ જ્ઞાન પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ આનંદ. ઐસે સ્વભાવ સે ભરા હુઆ ભગવાન આત્મા હૈ, ઉસકા જ્ઞાન કરકે જ્ઞાની હોકર અમૂઢદૃષ્ટિ હોકર સમ્યકચરણ, વહ સ્વરૂપકી પ્રતીતિમેં આચરના, રમના ઐસા સમ્યક્ચરણ ચારિત્ર પહલા હોતા હૈ. આહાહા..! કઠિન બાત હૈ. કહો, સેઠ! આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯ મેં ભરતક્ષેત્રમેં યહાં હુએ દિગંબર મુનિ. ભગવાનકે પાસ ગયે થે કુંદકુંદાચાર્ય. મહાવિદેહમેં શ્રી સીમંધર પરમાત્મા વિહરમાન તીર્થંકર બિરાજમાન હૈં, વહાં ગયે થે. ઔર વહાં આઠ દિન રહકર પીછે ભરત મેં આયે ઔર યહ સબ શાસ્ત્ર બનાયે. સમજમેં આયા? તો ઉસમેં યહ કહતે હૈં કિ જિસકો ધર્મ કરના હો, જિસકો સુખી હોના હો, જિસકો આત્માકી મુક્તિ પ્રાપ્ત કરના હો, તો ઉસકો પહલે વસ્તુ આત્માકા જ્ઞાન કર, દૃષ્ટિ મેં મૂઢતા છોડકર સમ્યક્ચરણ ચારિત્રમેં એકાગ્ર હોના, વહ પહલા ચારિત્ર ધર્મકા કારણ હૈ. આહાહા..!

કહો આજ તો હિન્દી આયા આજ. આપકે આયે હે ન વહ. .. સે આયા હૈ. સમજમેં આયા? આહાહા..! વહ માર્ગ વીતરાગ. વહ ભી ફક્ત સર્વજ્ઞ પરમેશ્વરને કહા આત્મા, વહ ભી દિગંબર ધર્મ મેં

જો કહા આત્મા વહ સિદ્ધ હૈ. દૂસરેમેં યહ ચીજ ઐસી હૈ નહીં. આહાહા..!

ઐસે '**જ્ઞાની હોતે હુએ...**' જિસકો સમ્યગ્દર્શન અથવા મોક્ષકા માર્ગ પ્રગટ કરના હો ઔર જિસકો આત્માકા કલ્યાણ કરના હો તો પહલે યહ આત્માકા જ્ઞાન કરના પડેગા ઉસકો, કિ આત્મા કૌન હૈ? સર્વજ્ઞ પરમેશ્વર ઔર દિગંબર મુનિઓ, સંતો જિસકો આત્મા કહતે હૈં વહ આત્મા આનંદસ્વરૂપ કા પ્રથમ જ્ઞાન હોના ચાહિયે. આહાહા..! વહ '**જ્ઞાની હોતે હુએ...**' દૃષ્ટિમેં સે વિપરીતતા ટલકર અમૂઢ દૃષ્ટિ હોકર સમ્યક્ત્વ પ્રતીતિકા આચરણ કરકે જો શુદ્ધ હોતા હૈ વહ સમ્યક્ચરણ ચારિત્રવંત કહને મેં આતા હૈ. લો યહ ચૌથે ગુણસ્થાનકી બાત હૈ. ડાહ્યાભાઈ! ચૌથા ગુણસ્થાન. અવિરત સમ્યગ્દૃષ્ટિ. ગૃહસ્થાશ્રમમેં રહા હુઆ અવિરત સમ્યગ્દૃષ્ટિ કૈસા હોતા હૈ પહલી યહ વ્યાખ્યા હૈ. આહાહા..! સમજમેં આયા?

ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ સ્વરૂપ ઔર સત્ મેં અનંતા ભાવ ભરા હુઆ ઐસા સત્યવાન, ઐસી વસ્તુકી દૃષ્ટિ ઔર જ્ઞાન ઔર ઉસમેં એકાગ્રતા હોના આચરણ વહ સમ્યક્ચરણ ચારિત્ર ધર્મકી પહલી ભૂમિ હૈ. ધર્મકી પહલી વહ ભૂમિ હૈ. વહ દયા, દાન, વ્રત, ભક્તિ, પરિણામ હૈ વહ તો સબ શુભ પુણ્ય હૈ ધર્મ નહિ. આહાહા..! સમજમેં આયા? ભક્તિ, જાત્રા, પૂજા, દાન, દયા, તપસ્યા આદિ કરના, અપવાસ આદિ વહ સબ શુભભાવ હૈ. રાગકી મંદતા હો તો પુણ્ય હૈ. ધર્મ નહીં. આહાહા..! ધર્મ તો યહ રાગસે ભિન્ન હોકર અપને ચૈતન્ય સ્વરૂપકા જ્ઞાન ઔર પ્રતીત કરે ઔર ઉસમેં એકાગ્ર હોકર અનંતાનુબંધી કા અભાવ કરકે આચરણ કરે તબ ઉસકો સમ્યક્ચરણ ચારિત્ર ધર્મકી પહલી ભૂમિ કહનેમેં આતા હૈ. આહાહા..!

'**ઔર જો સંયમચરણ ચારિત્રસે સમ્યક્ પ્રકાર શુદ્ધ હો...**' ઐસા સમ્યક્ચરણ ચારિત્ર પીછે સ્વરૂપમેં સંયમ રમણતા કા ચારિત્ર કરતે હૈ. હૈ? સંયમચરણ ચારિત્ર. તો સમ્યક્ત્વચરણ ચારિત્ર પહલે હુઆ હો, પીછે સંયમચરણ ચારિત્ર હોતા હૈ. જિસકો સમ્યક્ ચરણચારિત્ર નહીં ઔર ઉસકો સંયમ ઔર ચારિત્ર હો જાય ઐસા કભી બનતા નહીં. આહાહા..! ઐસે સમ્યક્ત્વચરણ સ્વરૂપકી પ્રતીતિ, સ્વરૂપકા આચરણ, સ્વરૂપકા જ્ઞાન, ઐસી સમ્યકત્વચરણ ચારિત્રકી ભૂમિ પ્રગટ કરકે પીછે સંયમચરણ ચારિત્ર સમ્યક્ પ્રકાર શુદ્ધ હો. પીછે સ્વરૂપમેં રમણતા, લીનતા, આનંદમેં મસ્ત અંદર હો જાના ઐસા ચારિત્ર સંયમચારિત્ર સે શુદ્ધ હો તો '**તો શીઘ્ર હી નિર્વાણકો પ્રાપ્ત હોતા હૈ.**' તો અલ્પકાલ મેં ઉસકો મુક્તિ હોતી હૈ. આહાહા..! જ્ઞાન, દર્શન ઔર ચારિત્ર તીનોં લિયે. તીનોં મિલકર મોક્ષકા માર્ગ હૈ.

વહ બાત આતી હૈ કે નહીં તત્ત્વાર્થસૂત્રમેં? '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' તત્ત્વાર્થસૂત્ર ઉમાસ્વામી દસ લક્ષણી પર્વમેં આતા હૈ પહલે. પરંતુ ઉસકી ખબર હી ન હો ઉસે કિ યહ ક્યા હૈ? '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' તો વહ સમ્યગ્દર્શન અંતર સ્વરૂપ જૈસા હૈ ઐસા અંતર મેં જ્ઞાન કરકે, પ્રતીતિ કરકે, મૂઢતા છોડકર, અમૂઢ હોકર અંદર એકાગ્રતા હોના ઉસકા નામ સમ્યક્ચરણ ચારિત્ર.

વહ ચૌથે ગુણસ્થાન મેં હોતા હૈ. અવિરત સમ્યગ્દૃષ્ટિ. પીછે સ્વરૂપમેં રમણતા કરના વહ આનંદ મૂર્તિ ભગવાન વીતરાગ સ્વરૂપ આત્મા, વહ વીતરાગભાવ સે રમણ કરના ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? યહ '**સંયમચરણ ચારિત્રસે સમ્યક્ પ્રકાર શુદ્ધ હો...**' યથાર્થરૂપસે વીતરાગતા પ્રગટ કરે, શુદ્ધ ચારિત્રકી રમણતા પ્રગટ કરે '**તો શીઘ્ર હી...**' અલ્પકાલ મેં સિદ્ધપદકો પ્રાપ્ત હોતા હૈ. આહાહા..!

'**ભાવાર્થ :–...**' યહ હિન્દી હૈ. પુસ્તક ભી હિન્દી હૈ ઔર ચલતા હૈ હિન્દી. યહ પુસ્તક તો હિન્દી હૈ. હિન્દી ચલતા હૈ, પરંતુ હિન્દી કા અર્થ ... ગુજરાતી કરતે હૈં હરરોજ. આજ તુમ આયે તો હિન્દી કરતે હૈં. '**જો પદાર્થોંકે યથાર્થજ્ઞાનસે...**' દેખો! જૈસા જીવ હૈ ઐસા જીવકા જ્ઞાન ઔર જડ—શરીર, વાણી, મન જડ હૈ ઉસકા જ્ઞાન, દયા, દાન, વ્રતાદિકા ભાવ વહ પુણ્યભાવ ઉસકા જ્ઞાન, હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ, વાસના વહ પાપકા જ્ઞાન, ઔર યહ પુણ્ય-પાપસે રહિત આત્માકી દૃષ્ટિ કરકે એકાગ્રતા શુદ્ધિ પ્રગટ હો વહ સંવર, ઔર શુદ્ધિકી વૃદ્ધિ હો વહ નિર્જરા ઔર શુદ્ધિકી પૂર્ણતા હો વહ મોક્ષ.

ઐસા પદાર્થકા. હૈ ન? '**પદાર્થોંકે યથાર્થજ્ઞાનસે મૂઢદૃષ્ટિરહિત...**' મૂઢતા નહીં ઉસમેં કિ યહ સચ્ચા હોગા? યહ સચ્ચા હોગા? વેદાંત કહતે હૈં આત્મા સર્વવ્યાપક હૈ, જૈન પરમેશ્વર કહતે હૈ કિ શરીર વ્યાપક હૈ. સત્ય આત્મા ક્યા હૈ? ઐસી મૂઢદૃષ્ટિ જિસમેં ન હો. સમજમેં આયા? આહાહા..! '**વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ હોકર...**' નિર્મળ ચૈતન્ય ભગવાન પૂર્ણ પરમાત્મસ્વરૂપ સે બિરાજમાન આત્મા તો હૈ અંદર. ઉસકી પ્રતીતિ સમ્યગ્દર્શન-જ્ઞાન મેં ભાન કરકે કરના '**સમ્યક્ચારિત્રસ્વરૂપ સંયમકા આચરણ કરે...**' ઐસા સમ્યગ્દૃષ્ટિ હુવે પીછે સંયમ ચારિત્ર મેં સ્વરૂપકા સંયમકા આચરણ કરે '**તો શીઘ્ર મોક્ષકો પાવે, સંયમ અંગીકાર કરને પર સ્વરૂપકે સાધનરૂપ એકાગ્ર ધર્મધ્યાનકે બલસે...** ' દેખો!

સમ્યગ્દર્શન પ્રગટ હોને કે બાદ સંયમ સાધન સ્વરૂપ મેં રમણતારૂપ સાધન ઐસે '**ધર્મધ્યાનકે બલસે...**' અપને શુદ્ધસ્વરૂપકા ધર્મધ્યાન ઉસમેં એકાગ્રતા કે બલસે '**સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનરૂપ હો, શ્રેણી...**' ઔર અપ્રમત્ત ગુણસ્થાન પ્રગટ કરકે આઠવેં સે શ્રેણી શુદ્ધકી ધારા પ્રગટ કરકે '**અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન ઉત્પન્ન કર...**' અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન પ્રાપ્ત કરતે હૈ તો યહ વિધિ સે. કોઈ ક્રિયાકાંડ બાહરસે ઉસસે યહ હોતા નહીં. અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉસકા જ્ઞાન, પ્રતીત ઔર રમણતા દ્વારા કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. અથવા અપ્રમત્તદશા શ્રેણી ચઢકર કેવલજ્ઞાન હોતા હૈ.

'**યહ સમ્યક્ત્વચરણ ચારિત્રકા હી માહાત્મ્ય હૈ.**' પીછે અઘાતિકર્મ કા નાશ કરકે મોક્ષ હોતા હૈ. આહાહા..! ઉસકા મૂલ '**સમ્યક્ત્વચરણ ચારિત્રકા હી માહાત્મ્ય હૈ.**' મૂલ તો યહ. આતા હૈ ન વહ? '**दंसणं मुलो धम्मो**' અષ્ટપાહુડ હૈ. કુંદકુંદાચાર્ય. ધર્મ ચારિત્ર ઉસકા મૂલ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન ન હો તો ચારિત્ર કભી હોતા નહીં. ઔર સમ્યગ્દર્શન વહ આત્માકે અવલંબન સે હોતા હૈ. ચિદાનંદ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન ઉસકે આશ્રય સે પૂર્ણ વસ્તુકી પ્રતીતિ સે સમ્યગ્દર્શન હોતા હૈ.

આહાહા..! પીછે ચારિત્ર અંગીકાર કરકે સ્વરૂપકી ધારા શ્રેણીમેં શુદ્ધતા બઢાકર કેવલજ્ઞાન કર અઘાતિકા નાશ કર મોક્ષ હોતા હૈ. '**યહ સમ્યક્ત્વચરણ ચારિત્રકા હી માહાત્મ્ય હૈ.**' વહ માહાત્મ્ય ઉસકા મૂલકા માહાત્મ્ય હૈ ઐસા કહતે હૈં. આહાહા..!

'**આગે કહતે હૈં કિ જો સમ્યક્ત્વ કે આચરણ સે ભ્રષ્ટ હૈં...**' જિસકો સમ્યક્ચરણ ચારિત્ર હુઆ હી નહીં ઔર રાગ સે ધર્મ માનતે હૈં, દયા, દાન, ક્રિયા સે ધર્મ માનતે હૈં વહ મિથ્યાદૃષ્ટિ હૈ, ઉસકો ચારિત્ર હોતા નહીં. સમજમેં આયા? '**સમ્યક્ત્વ કે આચરણ સે ભ્રષ્ટ હૈં...**' અપના શુદ્ધ પવિત્ર ભગવાન આત્મા, ઉસકી શ્રદ્ધા સે જો ભ્રષ્ટ હૈં '**ઔર વે સંયમકા આચરણ કરતે હૈં...**' દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પૂજા, મહાવ્રતાદિ પાલતે હૈં '**તો ભી મોક્ષ નહીં પાતે હૈં.**' ઉસકો મોક્ષ નહીં હોતા. સંસાર મેં ભટકના પડતા હૈ. આહાહા..! સમ્યગ્દર્શન ભૂમિકા પ્રગટ કિયે બિના કેવલ સંયમ, વ્રત ઔર ચારિત્ર કરે બાહ્ય ક્રિયાકાંડકી ઉસસે આત્માકો મોક્ષ હોતા નહીં. આહાહા..! નગ્નપના ધારણ કરે, પંચ મહાવ્રત પાલે, પરંતુ અંદર સમ્યગ્દર્શનકી દૃષ્ટિકા ભાન ઔર અનુભવ નહીં. રાગ કા કર્તા નહીં, પરકી ક્રિયાકા મૈં કર્તા નહીં, મૈં તો આનંદકા નાથ ચૈતન્યમૂર્તિ (હૂં) રાગ હોતા હૈ ઉસકા ભી જાનનેવાલા, દેહકી ક્રિયા હોતી હૈ ઉસકા ભી મૈં જાનનેવાલા, ઐસે આત્મામેં સમ્યગ્દર્શન ચારિત્ર ન હો ઔર સંયમ પાલે વહ નિરર્થક હૈ. એક કે બિના કા શૂન્ય. ક્યા કહતે હૈ? બિંદી. આહાહા..!

સમ્યગ્દર્શનકી ચીજ બિના આત્માકા અનુભવ આનંદસ્વરૂપ કા અનુભવ બિના જો સંયમ ઔર ક્રિયાકાંડ ચારિત્ર વ્રતાદિ પાલતે હૈ વહ સબ સંસાર મેં ભટકનેકા કારણ હૈ. ઉસમેં કોઈ જન્મ-મરણ મિટે નહીં. વહ સમ્યગ્દર્શન ક્યા હૈ ઉસકી ખબર નહીં. ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર કહે વહ સત્ય, વહ સમ્યક્ જાઓ. વ્રત લે લો. ધૂલમેં ભી નહીં સુન તો સહી. સમ્યગ્દર્શનકી વ્યાખ્યાકી તુજે ખબર નહીં. સમ્યગ્દર્શન તો પૂર્ણ પરમાત્મસ્વરૂપ અંદર સચ્ચિદાનંદ પ્રભુ ઉસકી નિર્વિકલ્પ પ્રતીતિ, રાગકી એકતા તોડકર સ્વભાવમેં એકતા હોના, ઐસી દૃષ્ટિ પ્રગટ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન પહલી ભૂમિકા કહતે હૈં. આહાહા..! કહો, ભાઈ! સમજમેં આતા હૈ ન હિન્દી? બાત ઐસી હૈ ભગવાન! માર્ગ ભગવાનકા ઐસા હૈ.

અબ દેખો! ૧૦વીં ગાથા.

**सम्मत्तचरणभट्ठा, संजमचरणं चरंति जे वि णरा।**
**अण्णाणणाणमूढ़ा, तह वि ण पावंति णिव्वाणं।।१०।।**

ઉસકે સામને લિયા. વહ '**णाणी अमूढदिट्ठी**' યહ '**अण्णाणणाणमूढ़ा**'

'**અર્થ :- જો પુરુષ સમ્યક્ત્વચરણ ચારિત્રસે ભ્રષ્ટ હૈં...** ' આત્મા આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાતા જ્ઞાનકા સાગર. લો સેઠ સાગર આયા તુમ્હારા. આત્મા તો જ્ઞાનકા સાગર હૈ. જ્ઞાનસે ભરા પડા પરિપૂર્ણ ચૈતન્યપુંજ, ચૈતન્યપુંજ જ્ઞાનકા પુંજ હૈ વહ તો. આહાહા..! જિસમેં દયા, દાન, વ્રતાદિકા

વિકલ્પ રાગ વહ તો ઉસમેં હૈ હી નહીં. ઐસી ચીજ કા સમ્યકત્વચરણ ચારિત્ર, સમકિતરૂપી દૃષ્ટિ ઔર ઉસમેં એકાગ્રતા હોના ઐસા સમ્યક્ ન હો, ઉસસે ભ્રષ્ટ હો ઔર સંયમકા આચરણ કરતે હૈં. પંચ મહાવ્રતાદિ પાલે, ઇન્દ્રિય દમન કરે **'તો ભી અજ્ઞાનસે મૂઢ દૃષ્ટિ હુએ...'** વહ તો અજ્ઞાની હૈ. આહાહા..!

વસ્તુ આત્મા ચીજ જો ભગવાન કહતે હૈં ઉસકી તો અંદર અનુભવ નહીં, દૃષ્ટિ નહીં, ભાન નહીં, જ્ઞાન નહીં. ઐસે જ્ઞાન બિના અજ્ઞાની હૈ ઔર દૃષ્ટિ મૂઢ હૈ. આહાહા..! સત્ય ક્યા હૈ ઔર અસત્ય ક્યા હૈ ઉસકી ખબર નહીં. **'નિર્વાણકો નહીં પાતે હૈં.'** ઉસકો મોક્ષ નહીં હોતા. સંયમ મહાવ્રત આદિ લાખ કરોડ પાલે ફિર ભી સમ્યગ્દર્શનકે ભાન અનુભવ બિના ઉસકો મોક્ષ હોતા નહીં. કહો, સમજમેં આયા?

**'ભાવાર્થ :- સમ્યક્ત્વચરણ ચારિત્રકે બિના... '** અપના શુદ્ધ પૂર્ણ આનંદસ્વરૂપ ઉસકી પ્રતીતિ ઔર રમણતા-આચરણ બિના **'સંયમચરણ ચારિત્ર નિર્વાણકા કારણ નહીં હૈ...'** કેવલ ક્રિયાકાંડ, મહાવ્રત, સંયમ, સાધુકે ગુણ હૈ ન અઠ્ઠાઈસ? પંચ મહાવ્રતાદિ, છ આવશ્યકાદિ સબ પુણ્યકી ક્રિયા હૈ. ધર્મ નહીં. આહાહા..! યહ સંયમકા આચરણ કરતે હૈં તો ભી અજ્ઞાનસે મૂઢ નિર્વાણકો નહીં પાતે, લો **'ક્યોંકિ સમ્યગ્જ્ઞાનકે બિના તો જ્ઞાન મિથ્યા કહલાતા હૈ,...'** ચૈતન્ય જ્ઞાનસ્વરૂપકે જ્ઞાન બિના તો સબ જ્ઞાન મિથ્યા કહને મેં આતા હૈ. ચિદાનંદ ભગવાન આત્મા કા જ્ઞાન અંતરમેં લિયે બિના દૂસરા સબ શાસ્ત્ર આદિ જ્ઞાન કરે ફિર ભી સબ અજ્ઞાન હૈ. જ્ઞાન તો ઇસકા હૈ આત્માકા. આહાહા..! આઠ સાલકી બાલિકા ભી સમ્યક્ત્વચરણ ચારિત્ર પ્રગટ કર સકતી હૈ. સમજમેં આયા? આત્મા હૈ ન? આહાહા..!

પૂર્ણ શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ ધ્રુવ ઉસકા અંતરમેં જ્ઞાન કરકે જ્ઞાન ઔર વર્તમાન જ્ઞાનકી દશા મેં ઉસકો જ્ઞેય બનાકર અંતર પ્રતીતિ કરકે સ્થિરતા કા અંશ પ્રગટ કરના વહ પ્રથમ સમ્યક્ચરણ ચારિત્ર હૈ, વહ ન હો ઔર ચારિત્ર વ્રત, સંયમ પાલે સબ નિરર્થક હૈ. મોક્ષકે લિયે સાર્થક નહીં હૈ. સંસાર મેં ભટકને કે લિયે સાર્થક હૈ. આહાહા..! **'સમ્યગ્જ્ઞાનકે બિના તો જ્ઞાન મિથ્યા કહલાતા હૈ, સો ઇસપ્રકાર સમ્યક્ત્વકે બિના ચારિત્રકે ભી મિથ્યાપના આતા હૈ. '** આહાહા..! આત્માકે જ્ઞાન બિના સબ જ્ઞાન અજ્ઞાન કહને મેં આતા હૈ ઔર આત્માકી પ્રતીતિ બિના સબ શ્રદ્ધા વિપરીત કહનેમેં આતા હૈ. આહાહા..! બહુત અચ્છી ગાથાયેં હૈ યહ.

**'આગે પ્રશ્ન ઉત્પન્ન હોતા હૈ કિ ઇસપ્રકાર સમ્યક્ત્વચરણ ચારિત્રકે ચિહ્ન ક્યા હૈં... '** કિ સમ્યગ્દર્શન પ્રગટ હુઆ ઔર સમ્યગ્દર્શનકા આચરણ એકાગ્ર હૈ ઉસકા લક્ષણ ક્યા? ચિહ્ન ક્યા? એંધાણ ક્યા? કિ જો ચિહ્ન દ્વારા વહ પહચાન હો સકે? **'પ્રશ્ન ઉત્પન્ન હોતા હૈ કિ ઇસપ્રકાર સમ્યક્ત્વચરણ ચારિત્રકે ચિહ્ન ક્યા હૈં જિનસે ઉસકો જાનેં, ઇસકે ઉત્તરરૂપ ગાથામેં સમ્યક્ત્વકે ચિહ્ન કહતે હૈં :—'** સમ્યગ્દર્શનકા લક્ષણ કહતે હૈં.

वच्छल्लं विणएण, य अणुकंपाए सुदाणदच्छाए।
मग्गगुणसंसणाए, अवगूहण रक्खणाए य।।११।।
एएहिं लक्खणेहिं य लक्खिज्जइ अज्जवेहिं भावेहिं।
जीवो आराहंतो जिणसम्मत्तं अमोहेण।।१२।।

**'અર્થ :- જિનદેવકી શ્રદ્ધા-સમ્યક્ત્વકી...'** જિનદેવકી શ્રદ્ધા સમકિતકા અર્થ? યહ જિન દેવ વીતરાગ પરમાત્મા હૈ ઐસા મૈં હૂં. સમજમેં આયા? જૈસે સર્વજ્ઞ જિનદેવ પરમાત્મા હૈ, ઐસા હી મૈં જિનદેવ હૂં. વસ્તુકા સ્વરૂપ મેરા વીતરાગ સ્વરૂપ હી હૈ. ઐસા વીતરાગ સ્વરૂપકી શ્રદ્ધા વહ મોહ નામ મિથ્યાત્વરહિત આરાધના કરતા હુઆ. આહાહા..! ભગવાન આત્માકા (સ્વરૂપ) શુદ્ધ ચૈતન્ય વીતરાગ મૂર્તિ પ્રભુ. ક્યોંકિ આત્મા વીતરાગ સ્વરૂપ હી અનાદિ સે હૈ. જો વીતરાગ સ્વરૂપ ન હો તો વીતરાગદશા પ્રગટ કહાં સે હોગી? કોઈ બાહર સે આતી હૈ કોઈ? કિ ભગવાન આત્મા વીતરાગમૂર્તિ આત્મા હૈ. આહાહા..! ઈસ વીતરાગમૂર્તિકી પ્રતીતિ અંદર વીતરાગભાવ સે કરના. મોહરહિત હૈ ન? **'अमोहेण'** હૈ ન? આખરી શબ્દ હૈ. **'अमोहेण'** આખરી શબ્દ હૈ ૧૨વીં ગાથા મેં.

**'મિથ્યાત્વ રહિત આરાધના કરતા હુઆ જીવ ઈન લક્ષણોંસે અર્થાત્ ચિહ્નોં સે પહિચાના જાતા હૈ—'** ઈસ લક્ષણ સે વહ જાનનેમેં આતા હૈ. સમ્યગ્દર્શનકા આચરણ ઉસકો હૈ ઉસકા લક્ષણ ક્યા? ઔર કિસ લક્ષણ સે પહચાન હૈ? વહ બતાતે હૈં. બહુત અચ્છી બાત આઈ. **'પ્રથમ તો ધર્માત્મા પુરુષોંસે જિસકે વાત્સલ્યભાવ હો,...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત જો ધર્માત્મા હૈ ઉસકે પ્રતિ સમ્યક્ચરણ ચારિત્રવંતકો પ્રેમ હોતા હૈ. ધર્મી જીવકો ધર્મીકિ પ્રતિ પ્રેમ હોતા હૈ. આહાહા..! સમજમેં આયા? જિસકો અપને સ્વરૂપકી પ્રતીતિ ઔર ભાન હુઆ હો ઐસે પ્રાણી કો ધર્મ જિસકો પ્રાપ્ત હુઆ હો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, ઉસકે પ્રતિ ઉસકો વાત્સલ્ય હૈ. પ્રેમ હોતા હૈ. સ્ત્રી, કુટુંબમેં જો પ્રેમ હૈ વહ તો પાપકા પ્રેમ હૈ. સમજમેં આયા? ઉસસે અધિક પ્રેમ ધર્માત્માકે પ્રતિ હોતા હૈ ઉસકો.

ધર્માત્માકો કોઈ શુદ્ધિકી વૃદ્ધિ દેખે તો પ્રેમ આતા હૈ. દ્વેષ ન આયે કિ અરે..! યહ કૈસે બઢ ગયા? સમજમેં આયા? ઐસા કહતે હૈં. આહાહા..! ધર્મ જિસકો પ્રગટ હુઆ સમ્યગ્દર્શન ઐસા ધર્માત્મા કોઈ હો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત તો ઉસકે પ્રતિ પ્રેમ હોતા હૈ. વાત્સલ્ય. કિસ પ્રકાર? **'જૈસે તત્કાલકી પ્રસૂતિવાન ગાયકો બચ્ચેસે પ્રીતિ હોતી હૈ વૈસી ધર્માત્માસે પ્રીતિ હો,...'** ગાય સમજે ગાય? પ્રસૂતિ તત્કાલ પ્રસૂતિ હોતી હૈ ન ગાયકો? તો બચ્ચે કો બહુત પ્રેમ ઉસકો હૈ ગાયકો. તત્કાલકી પ્રસુતિ હો તો બચ્ચે કો ચાંટે. અન્યથા વહ ઘાસ દે ઐસા બચ્ચા નહીં હૈ. પાની, આદિ કમાકર ખિલાતા નહીં. પરંતુ કુદરતી ગાયકે બચ્ચેકે ઉપર જૈસે તત્કાલકી પ્રસૂતિવાન ગાયકો ઉસકે પ્રતિ પ્રેમ હૈ, ઐસે ધર્માત્માકે પ્રતિ ધર્મીજીવકો સમ્યગ્દષ્ટિ કો પ્રેમ હોતા હૈ. આહાહા..! સમજમેં આયા કુછ? ઉસકા અર્થ યહ હુઆ કિ સ્વયં સમ્યગ્દર્શનચરણ ચારિત્ર સહિત હૈ તો દૂસરે ભી ધર્મસહિત કૌન હૈ વહ ઉસકે જ્ઞાન મેં આતા

હૈ. સમજમેં આયા? આહાહા..! દેખો યહ કુંદકુંદાચાર્ય. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. તીસરે નંબર પર આયે હૈં. ઉનકા યહ કથન હૈ અભી. ભગવાન જૈસે. જૈનશાસન મેં અભી કુંદકુંદાચાર્યકી કુર્સી પહલી હૈ. આહાહા..! ઘણા આચાર્ય ઉસકા આધાર દેતે હૈં. મહા તીર્થંકર જૈસે જિનકે વચન હૈ. આહાહા..!

કહતે હૈં. ઐસા કહકર ઐસા કહતે હૈં કિ ઉસ સમય તો શ્વેતાંબર સંપ્રદાય નિકલ ચુકા થા. કુંદકુંદાચાર્યકે સમયમેં. દિગંબર સંપ્રદાયમેં સે શ્વેતાંબર.. બારહ સાલકા દુકાલ હુઆ, દુકાલ. બારહ સાલકા દુકાલ હુઆ. એક કે બાદ એક બારહ સાલ દુકાલ. સાધુ સચ્ચે દિગંબર થે વહ તો દક્ષિણમેં ચલે ગયે. યહાં રહે વહ શિથિલ હો ગયે. વસ્ત્ર રખકર સાધુપના માના, વસ્ત્ર રખકર સાધુપના માનના વહ સબ શિથિલપના ભ્રષ્ટ હૈ. યહ માર્ગ નિકલા તબ કહતે હૈં કિ ધર્મી હો ઉસકો ધર્માત્માકે પ્રતિ પ્રેમ હો. જિસકો ધર્મકી ખબર નહીં તો ધર્માત્મા કે પ્રતિ ઉસકો પ્રેમ હોતા નહીં. સમજમેં આયા કુછ? યહાં યહ કહતે હૈં.

જિસકો સમ્યગ્દર્શન વાસ્તવિક આત્માકા ભાન જિસકો.. હૈ? **'સમ્યક્ત્વાદિ ગુણોંસે અધિક હો ઉસકા વિનય-સત્કારાદિ...'** બહુમાન **'જિસકે અધિક હો, ઐસા વિનય એક ચિહ્ન હૈ.'** આહાહા..! ભગવાન કે ૬૦૦ સાલ બાદ યહ દો પંથ પડ ગયે. દિગંબરમેં સે શ્વેતાંબર નિકલા. વહાં દિગંબર ધર્માત્મા થેં ઉસકે પ્રતિ ઉન લોગોં કો પ્રેમ નહીં થા. સમજમેં આયા કુછ? ઐસા કહતે હૈં. મૂલ તો યહ કહના હૈ. આહાહા..! સચ્ચે ધર્માત્મા હો ઔર નગ્નમુનિપના, સચ્ચા ચારિત્ર અંદર આનંદ સમકિત ચરણ ચારિત્રસહિત હોં. તો ઉસકે પ્રતિ ધર્માત્મા કો પ્રેમ હોતા હૈ. ક્રોધ ન હોય, દ્વેષ ન હો, અનાદર નહીં હોતા. આહાહા..! સમજમેં આયા? અપને સે બઢ ગયા હો, અધિક બહુત આદર કરે, ઓહો..! ધન્ય અવતાર. .. આત્માને સમ્યક્ત્વચરણ ચારિત્ર સે અધિક જિસકો અંતરમેં રમણતા ચારિત્ર બઢ ગયા હો તો ઉસકા અધિક વિનય સત્કાર કરે. કહો, ચિહ્ન.

અનુકંપા કૈસી હો? અનુકંપા યહાં હૈ ન? **'દુઃખી પ્રાણી દેખકર કરૂણાભાવસ્વરૂપ અનુકંપા જિસકે હો,...'** દુઃખી પ્રાણી દેખકર કરૂણાભાવસ્વરૂપ, કરૂણાભાવસ્વરૂપ અનુકંપા. કિસીકે પ્રતિ તિરસ્કાર ન હો, દુઃખીકે પ્રતિ ઉસકો કરૂણા હો. અનુકંપા. સમજમેં આયા કુછ? આહાહા..! **'એક યહ ચિહ્ન હૈ, અનુકંપા કૈસી હો? ભલે પ્રકાર દાનસે યોગ્ય હો.'** ઐસા હૈ ન મૂલ પાઠ મેં? ભલે પ્રકાર દાન. દાન અર્થાત્ અચ્છા ઉસકે કરૂણા આદિ હો. ઈસપ્રકાર સે કરૂણા સે દાન દે. ઐસા ભાવ આયે.

**'નિર્ગ્રંથસ્વરૂપ મોક્ષમાર્ગકી પ્રશંસા સહિત હો,... '** કહતે હૈં કિ સમ્યક્ત્વચરણ ચારિત્રકા લક્ષણ નિર્ગ્રંથ દિગંબર મુનિ, દિગંબર માર્ગ વસ્ત્રરહિત, બાહ્ય મેં અંદરમેં રાગરહિત ઐસે અનુભવમેં સમ્યગ્દર્શન-ચારિત્ર હો તો ઐસે નિર્ગ્રંથ મોક્ષમાર્ગકી પ્રશંસા કરતે હૈં વહ. ઓહો..! ભાઈ! માર્ગ તો યહ હૈ. અંદર સમ્યગ્દર્શનસહિત, ચારિત્રહિત નગ્નપના જિસકો વસ્ત્રકા ટુકડા ભી ન હો, ઐસા જો નિર્ગ્રંથપના સમ્યકત્વચરણ ચારિત્રવંત ઉસકી પ્રશંસા કરે. સચ્ચા માર્ગ પ્રગટ હુઆ હો ઉસકી. આહાહા..! સમજમેં

આયા કુછ? મૂલ તો બાત નિર્ગ્રંથપણા લેના હૈ ન? '**मग्गगुणसंसणाए**' એમ છે. માર્ગકિ ગુણ.. ઐસા હૈ પાઠ. માર્ગ નિર્ગ્રંથ માર્ગ હૈ. અર્થાત્ મોક્ષકા માર્ગ તો અંતર આત્માકે સમ્યગ્દર્શનકે અનુભવસહિત સ્વરૂપમેં ચારિત્રકી રમણતા ઔર બાહ્યમેં ઉસકો અઠ્ઠાઈસ મૂલગુણકા વિકલ્પ, પંચમહાવ્રતકા વિકલ્પ હો, બાહ્યમેં નગ્નદશા હો, યહ માર્ગ જૈનદર્શન હૈ. યહ જૈનદર્શન ઉસકો કહે. ઉસ જૈનદર્શનકી ઉસકો પ્રશંસા હો. સમજમેં આયા કુછ? આહાહા..! ડાહ્યાભાઈ! .. દો સમાન માર્ગ હૈ ઐસા નહીં. દૂસરી તરહ ઉસકા સ્વીકાર હૈ. '**मग्गगुणसंसणाए**' ઐસા શબ્દ હૈ ન? '**मग्ग**' માર્ગ કે ગુણકી પ્રશંસા ઐસા શબ્દ હૈ. નિર્ગ્રંથ માર્ગકિ ગુણકી પ્રશંસા. ઐસા શબ્દ હૈ. નિર્ગ્રંથ માર્ગ. આહાહા..! જિનકો અભ્યંતર મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષકે પરિગ્રહરહિત હૈ. મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ પરિગ્રહરહિત હૈ, બાહ્ય મેં વસ્ત્રરહિત હૈ. ઐસા નિર્ગ્રંથ માર્ગ. આહાહા..! ઉસકે ગુણકી ઉનકો પ્રશંસા હોતી હૈ. સમજમેં આયા કુછ?

'**मग्गगुण**' ઐસા હૈ ન ભાઈ! '**मग्गगुण**' માર્ગકિ ગુણકી પ્રશંસા. માર્ગ નિર્ગ્રંથ માર્ગ. ઐસા લિયા હૈ. ઐસા હૈ. જિસકો આત્મા મેં અંતર અનુભવ સમ્યગ્દર્શન પ્રગટ હુઆ હૈ ઉસકે યહ ચિહ્ન હૈ સબ. ઉસકો મોક્ષકે માર્ગમેં, જો માર્ગ હૈ નિર્ગ્રંથ વીતરાગ માર્ગ. નિર્ગ્રંથ-અંતરંગ મિથ્યાત્વકી ગાંઠ નહીં હૈ ઔર રાગ-દ્વેષકી અસ્થિરતાકી ભી જિનકો ગાંઠ છૂટ ગઈ હૈ ઔર બાહ્યમેં વસ્ત્ર ઔર પાત્રકા ટૂકડા ભી જિસકે પાસ નહીં હૈ. ઐસી શરીરકી નગ્નદશા હો ગઈ હૈ. માત્ર નગ્નદશા નહીં, માત્ર પંચમહાવ્રત પાલે વહ નહીં. અંતર રાગરહિત આત્માકા અનુભવ ઔર સમ્યગ્દર્શન હૈ ઔર સમ્યગ્દર્શન સહિતકે સ્વરૂપકી આનંદકી લીનતા હૈ. યહ નિર્ગ્રંથ માર્ગ હૈ. રાગ ઔર મિથ્યાત્વસે નિકલ ગયા હૈ ઔર અંતર દશા પ્રગટ હો ગઈ હૈ. આહાહા..!

ઉસ નિર્ગ્રંથ માર્ગ મેં બાહ્ય મેં તો નગ્નદશા હોતી હૈ. વસ્ત્ર હો ઉસકો મુનિપના હો વહ તીનકાલ મેં હો સકતા નહીં. ઔર વસ્ત્ર છૂટ ગયા હૈ ઈસલિયે મુનિપના હૈ ઐસા ભી નહીં. અંતર મેં મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ છૂટે બિના નિર્ગ્રંથપના અંદર પ્રગટ નહીં હોતા. આહાહા..! સમજમેં આયા કુછ? '**નિર્ગ્રંથસ્વરૂપ મોક્ષમાર્ગકી પ્રશંસા સહિત હો, એક તો યહ ચિહ્ન હૈ, જો માર્ગકી પ્રશંસા ન કરતા હો તો જાનો કિ ઈસકે માર્ગકી દૃઢ શ્રદ્ધા નહીં હૈ.**' આહાહા..! વીતરાગકા માર્ગ અભ્યંતર મિથ્યાત્વકા પરિગ્રહ છૂટ ગયા હૈ. મિથ્યાત્વ પરિગ્રહ હૈ ન? મિથ્યાત્વ પરિગ્રહ હૈ કિ નહીં? મિથ્યાત્વકા અર્થ? જો દયા, દાન, વ્રતકે પુણ્ય પરિણામ સે ધર્મ માનના વહ સબ મિથ્યાત્વભાવ હૈ. દેહકી ક્રિયા નગ્નપના મેરી ક્રિયા હૈ, મૈં કર સકતા હૂં વહ તો મિથ્યાત્વભાવ હૈ. વહ પરિગ્રહ હૈ. આહાહા..! રાગકા એક કણ ભી પુણ્યકા દયા, દાનકા વહ મેરા હૈ વહ મિથ્યાત્વપરિગ્રહ હૈ. વહ મિથ્યાત્વ પરિગ્રહસે રહિત નિર્ગ્રંથ સ્વરૂપ જિસકો અંતરમેં પ્રગટ હુઆ ઉસકો બાહ્યમેં ભી નિર્ગ્રંથદશા-દિગંબરદશા-વસ્ત્રરહિતદશા.. ઐસા કહતે હૈં. ઉસકો ઉનકી પ્રશંસા હોતી હૈ. આહાહા..! સમ્યક્ત્વચરણ ચારિત્ર સમકિતીજીવકી ઉસકો પ્રશંસા હોતી હૈ. આહાહા..! કઠીન બાત હૈ.

**'દૃઢ શ્રદ્ધા નહીં હૈ.'** ઐસા જાનના. જો પ્રશંસા ન હો તો જાનના કિ ઉસકો માર્ગકી શ્રદ્ધા દૃઢ નહીં હૈ. યહ ભી માર્ગ હૈ ઔર યહ ભી માર્ગ હૈ. શ્વેતાંબર ભી એક ધર્મ માર્ગ હૈ ઔર દિગંબર ભી ધર્મમાર્ગ હૈ, ઐસા કહતે હૈં. .. હૈ. માર્ગ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અંતરમેં મિથ્યાત્વકે નાશ સે સમ્યગ્દર્શન પ્રગટ હો, રાગ-દ્વેષકે નાશ સે વીતરાગતા પ્રગટ હો ઔર બાહ્યમેં જિસકો અઠ્ઠાઈસ મૂલગુણ પંચમહાવ્રતકે વિકલ્પ આદિ હો, બાહ્યમેં નગ્નપના હો, ઉસકો નિર્ગ્રંથ માર્ગ કહતે હૈં. ઉસ માર્ગકી સમકિતી કો પ્રશંસા હોતી હૈ. ઉસકો ઈસકા ભાન હોતા હૈ ઈસલિયે ઉસકી પ્રશંસા હોતી હૈ. ઐસા કહતે હૈં. ડાહ્યાભાઈ! ઐસી બાત હૈ. બાડે બાંધકર બૈઠે હો ઉનકો કઠિન લગે ઐસા હૈ.

**'મગ્ગ'** શાસ્ત્રકા કહને કા અર્થ યહ હૈ. માર્ગ જો હૈ વીતરાગકા ઉસકે ગુણકી પ્રસંશા હોતી હૈ. ઓહો..! ધન્ય માર્ગ ભાઈ! રાગકી એકતા તૂટકર જિનકો મિથ્યાત્વકા નાશ હો ગયા હૈ ઔર રાગકી અસ્થિરતા નાશ કરકે ચારિત્ર અનંત પ્રગટ હુઆ હૈ. ઐસા નિર્ગ્રંથ માર્ગભાવ ઔર બાહ્ય મેં વસ્ત્ર ઔર પાત્રરહિત ઐસા માર્ગકી જિસકો પ્રશંસા હો તો ઉસકી દૃઢ શ્રદ્ધા જાનને મેં આતી હૈ. પ્રશંસા ન હો તો દૃઢ શ્રદ્ધા જાનનેમેં આતી નહીં. સમજમેં આયા? યહ તો સમજમેં આયે ઐસી બાત હૈ. કોઈ ઐસી ગંભીર નહીં હૈ.

**'ધર્માત્મા પુરુષોંકે કર્મકે ઉદયસે (ઉદયવશ) દોષ ઉત્પન્ન હો...'** સમ્યગ્દૃષ્ટિ હૈ, ધર્માત્મા હૈ. કોઈ દોષ ઐસા ઉત્પન્ન હો જાયે, રાગ હૈ તો રાગ કે કારણ કોઈ દોષ ઐસા હો જાયે. **'ઉસકો વિખ્યાત ન કરે...'** પ્રસિદ્ધ ન કરે, બાહર નહીં લાતે. ગુપ્ત રખે. સચ્ચે સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા હૈ ઉસકો રાગકા ઐસા કોઈ દોષ આ જાયે તો ઉસકો બાહ્ય મેં પ્રસિદ્ધ ન કરે. નિંદા હો જાયે પંથકી. ઉસકા અર્થ દૂસરા કર દે. ફિર કૈસે ભી હો ઉસકો ગુપ્ત રખ દો. યહાં તો ધર્માત્માકી બાત હૈ બાપુ! જિસકો અંતર રાગકી એકતા તૂટકર સમ્યગ્દર્શન હૈ ઔર વિશેષ આગે જાકર રાગકા નાશ હોકર ચારિત્રદશા અંદર હૈ, ઉનકો કુછ રાગકી અસ્થિરતા કે કારણ ઐસા દોષ આયે તો ધર્માત્મા ઉસકો બાહર ન લાયે, વિખ્યાત ન કરે. ઢંકતે હૈ. છદ્મસ્થ હૈ, રાગકે દોષકે કારણ... સમ્યગ્દર્શન, જ્ઞાન મેં દોષ નહીં હૈ. પરંતુ રાગમેં કુછ ઐસી અપેક્ષા કા ભાવ આ જાયે. આહાહા..! સમજાણું? તો ઉસમેં ઉસકો ઢંકે. **'ઈસપ્રકાર ઉપગૂહન ભાવ હો, એક યહ ચિહ્ન હૈ.'**

**'ધર્માત્માકો માર્ગસે ચિગતા જાનકર ઉસકી સ્થિરતા કરે...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જિસકો અંતર આત્મામેં સે પ્રગટ હુઆ હો વહ જરા ચિગતે હો અસ્થિરતા હો જાતી હો, શ્રદ્ધામેં સે ફેરફાર, તો ઉસકો સ્થિર કરે. ભગવાન! માર્ગ તો ઐસા હૈ. જો.. ભાવ જમ જાઓ આત્મામેં.. બાહરમેં કુછ હૈ નહીં. દુનિયા પ્રશંસા કરે, ન કરે ઉસકે સાથ કુછ હૈ નહીં. અંતર સ્વરૂપકી શ્રદ્ધા કરકે અંદર સ્થિર હો જાઓ ઐસી શ્રદ્ધા કરે. **'એક ચિહ્ન હૈ ઈસકો સ્થિતિકરણ ભી કહતે હૈં.'** લો! **'ઈન સબ ચિહ્નોંકો સત્યાર્થ કરનેવાલા એક આર્જવભાવ હૈ,...'** સરલભાવ. આહાહા..! સરલ. જૈસા

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ ઐસા કહે. ફેરફાર ન કરે. આહાહા..! સમજમેં આયા? મુનિપના ન હો તો મુનિપના કહે ઐસી વક્રતા ન હો ઉસકો. સરલતા હો. સમજમેં આયા?

**'ઈન સબ ચિહ્નોંકો સત્યાર્થ કરનેવાલા...'** હૈ ન? **'अज्जवेहिं भावेहिं'** એમ છે ને? **'एएहिं लक्खणेहिं य लक्खिज्जइ अज्जवेहिं भावेहिं।'** એમ શબ્દ છે. સરલ ભાવસે યહ સબ લક્ષણ જાનને મેં આતા હૈ. સરલભાવવાલેકો. આહાહા..! વક્રતા ન હો. .. હૈ ન? નિઃશલ્યો વૃત્તિ. આતા હૈ ન નિઃશલ્યોવૃત્તિ? તત્ત્વાર્થસૂત્ર. નિઃશલ્યોવૃત્તિ. ચારિત્રવંત ધર્માત્મા હો ઔર મિથ્યાત્વકા શલ્ય ન હો. મિથ્યાત્વકા શલ્ય ન હો. સર્વજ્ઞકે સિવા કોઈ માર્ગ મેં કુછ ભી ઉસકી રુચિ કા અંશ ન હો. વીતરાગ માર્ગ જો પરમાત્માકા હૈ વહ માર્ગ હી સત્ય હૈ. ઉસમેં કોઈ દૂસરા શલ્ય ન હો. માયા શલ્ય ન હો. ઔર નિદાનશલ્ય ન હો. ક્રિયા કરકે ઉસકા ફલ માગના ઐસા ન હો. તો ઉસકો વૃત્તિ ચારિત્રવંત કહને મેં આતા હૈ. આહાહા..! **'નિષ્કપટ પરિણામસે યે સબ ચિહ્ન પ્રગટ હોતે હૈં, સત્યાર્થ હોતે હૈં, ઈતને લક્ષણોંસે સમ્યગ્દૃષ્ટિકો જાન સકતે હૈં.'** લો! બાહ્ય કે લક્ષણ હૈ ન. યહાં તો માત્ર બાહરકી બાત હૈ ન? સમજમેં આયા કુછ?

**'ભાવાર્થ :- સમ્યક્ત્વભાવ-મિથ્યાત્વ કર્મકે અભાવસે જીવોંકા નિજભાવ પ્રગટ હોતા હૈ...'** દેખો! સમકિતભાવકી વ્યાખ્યા. કિ સમ્યગ્દર્શન કિસકો કહતે હૈં? કિ **'મિથ્યાત્વ કર્મકે અભાવસે...'** ભ્રમણા કે અભાવ સે **'જીવોંકા નિજભાવ પ્રગટ હોતા હૈ...'** ભગવાન આત્માકા નિજ પર્યાય સૂક્ષ્મ સમ્યગ્દર્શન પ્રગટ હોતા હૈ. **'સો વહ ભાવ તો સૂક્ષ્મ હૈ, છદ્મસ્થકે જ્ઞાનગોચર નહીં હૈ...'** છદ્મસ્થકે જ્ઞાન મેં સીધા ખ્યાલ આયે ઐસા વહ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનગમ્ય કહા ન? કિ જ્ઞાન પહુંચ સકે ઈસ પર્યાયકો ઈતના જ્ઞાન ઉસકો છદ્મસ્થ કો હોતા નહીં. સ્વસંવેદનસે ખ્યાલમેં આયે. યહ પ્રત્યક્ષ જ્ઞાન હૈ ઐસા જાનને મેં નહીં આતા. જ્ઞાન કા પ્રત્યક્ષ પણા તો કેવલીકો જાનને મેં આતા હૈ. મતિશ્રુત સે ખ્યાલમેં આયે, પરંતુ મતિશ્રુતકા ઈતના સૂક્ષ્મ વિષય નહીં હૈ કિ યહ સમકિત હૈ ઉસકો પકડ સકે. સમજમેં આયા કુછ? સ્વસંવેદન અનુભૂતિ ઐસે લક્ષણ સે ઉસકા લક્ષણ ખ્યાલમેં આયે, પરંતુ પ્રત્યક્ષ યહ સમકિત હૈ ઐસે પર્યાયકો પકડ ન સકે. ઈસલિયે યહ ગુણકા વર્ણન કિયા ન? ઉસ લક્ષણ સે જાનના. ઐસા કહતે હૈં. સૂક્ષ્મતા સે સાધારણ પ્રાણી પકડ ન સકે. સ્વયંકો ખ્યાલમેં આયે. દૂસરે કા ખ્યાલ સૂક્ષ્મ હૈ, કદાચિત્ અંતરકા ખ્યાલ ન આયે, પરંતુ ઉસકે બાહ્ય લક્ષણસે ઉસકા ખ્યાલ આતા હૈ. ઐસા કહતે હૈં.

**'ઉસકે બાહ્ય ચિહ્ન, સમ્યગ્દૃષ્ટિ કે પ્રગટ હોતે હૈં, ઉનસે સમ્યક્ત્વ હુઆ જાના જાતા હૈ.'** લો! ઉસમેં સે જાનનેમેં આતા હૈ. **'જો વાત્સલ્ય આદિ ભાવ કહે વે આપકે તો અપને અનુભવગોચર હોતે હૈં...'** દેખો! પહલે બાત આ ગઈ હૈ. વાત્સલ્ય ધર્મકે પ્રતિ જિનકો પ્રેમ રોમ-

રોમ મેં. આહાહા..! શ્વેતાંબરમેં આતા હૈ ... ઐસા આતા હૈ. ... યહાં તો આત્મામેં ધર્મકા પ્રેમ ... જિસકો રાગકા પ્રેમ છૂટ ગયા હૈ રુચિ. રાગ હોતા હૈ. આસક્તિકા રાગ હોતા હૈ, પરંતુ રાગકા જિનકો પ્રેમ છૂટકર પરમાત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ ઉસકા જિનકો પ્રેમ હુઆ હૈ, ઉસકો ધર્માત્માકે પ્રતિ પ્રેમ... હોતા હી હૈ ઐસા કહતે હૈ. આહાહા..! સમજમેં આયા કુછ?

'**ઉનકે સમ્યક્ત્વ હુઆ જાના જાતા હૈ. જો વાત્સલ્ય આદિ ભાવ કહે વે આપકે તો અપને અનુભવગોચર હોતે હૈં ઔર અન્યકે ઉસકી વચન કાયકી ક્રિયાસે જાને જાતે હૈં, ઉનકી પરીક્ષા જૈસે અપને ક્રિયાવિશેષસે હોતી હૈ...**' અપની ક્રિયાકે દ્વારા જો અપને કો પહચાને. '**વૈસે અન્યકી ભી ક્રિયાવિશેષસે પરીક્ષા હોતી હૈ,...**' સૂક્ષ્મ બાત હૈ. બાત ઐસી હૈ કિ આત્માકા સ્વભાવ ઐસા હૈ કિ બાહ્ય જીવો અનુમાન સે જાન સકે ઐસા આત્માકા સ્વભાવ નહીં હૈ. માત્ર અનુમાનસે આત્માકો જાન સકે ઐસા સ્વભાવ નહીં. વૈસે અપના સ્વભાવ માત્ર અનુમાન સે પરકો જાને ઐસા ઈસકા સ્વભાવ નહીં. અલિંગગ્રહણ આતા હૈ ન અલિંગગ્રહણ. દૂસરોંકે દ્વારા અનુમાનસે જાનનેમેં આતા હૈ ઐસા આત્મા નહીં ઐસા કહતે હૈં. અંદર જ્ઞાનકા પ્રત્યક્ષ હુઆ હો વહ અનુમાન કરકે દૂસરે કો જાન સકે. સૂક્ષ્મ બાત હૈ. પરંતુ પ્રત્યક્ષ અપના હુઆ આત્મા ઉસકો અનુમાન સે જાનતે હૈં. માત્ર અનુમાનસે પરકો જાને વહ આત્માકા સ્વભાવ નહીં હૈ. આહાહા..! સમજમેં આયા?

'**ઈસપ્રકાર વ્યવહાર હૈ, યદિ ઐસા ન હો તો સમ્યક્ત્વ વ્યવહાર માર્ગકા લોપ હો, ઈસલિયે વ્યવહારી પ્રાણીકો વ્યવહારકા હી આશ્રય કહા હૈ,...**' અર્થાત્ જ્ઞાનકે લક્ષણ મેં ઐસા હૈ ઐસા જાનના. '**પરમાર્થકો સર્વજ્ઞ જાનતા હૈ.**' સૂક્ષ્મ બાત હૈ તો સર્વજ્ઞ જાને. પરંતુ ઐસે બાહ્ય લક્ષણ સે સમ્યગ્દૃષ્ટિકા આચરણ પરસે સાધને મેં આતા હૈ. યહ ન હો ઉસકો સમ્યગ્દર્શન નહીં હૈ ઐસા જાન સકે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૩, મંગળવાર તા. ૨૭-૧૧-૧૯૭૩**
**ગાથા - ૧૩, ૧૪, ૧૫, પ્રવચન - ૫૨**

સૂત્રપાહુડ અધિકાર છે. ૧૩મી ગાથા. '**આગે કહતે હૈં કિ જો ઐસે કારણ સહિત હો તો સમ્યક્ત્વ છોડતા હૈ :—**' ૧૩મી ગાથામાં એમ કહે છે કે આવા કારણ જો હોય તો એને સમ્યગ્દર્શન રહેતું નથી.

उच्छाहभावणासंपसंससेवा कुंदसणे सद्धा।
अण्णाणमोहमग्गे कुव्वंतो जहदि जिणसम्मं।।१३।।

**'અર્થ :- કુદર્શન...'** વીતરાગ સર્વજ્ઞદેવ જે જૈનમાર્ગ વસ્તુનું સ્વરૂપ છે એનાથી વિરૂદ્ધ કહેનારા બધા માર્ગો છે. **'કુદર્શન અર્થાત્ નૈયાયિક,...'** એક મત છે. **'વૈશેષિક,...'** એક મત છે. **'સાંખ્યમત,...'** એક મત છે. **'મીમાંસકમત, વેદાંત મત,...'** વેદાંત મત આ એક આત્માને વ્યાપક માનનારા. **'બૌદ્ધમત,...'** આ બૌદ્ધ છે ને. **'ચાર્વાકમત, શૂન્યવાદકે મત ઈનકે ભેષ...'** એનો મત અને એનો ભેખ **'તથા ઈનકે ભાષિત પદાર્થ...'** એમણે કહેલા પદાર્થો. **'ઔર શ્વેતાંબરાદિક જૈનાભાસ...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છે ને? .. પણ છે ને? દર્શન આવી ગયું. .. માં આવી ગયું. દર્શન .. એ આવી ગયું. એનાથી આ બધા .. છે. વાત સાચી. એ સ્પષ્ટીકરણ છે. ૧૪મી ગાથામાં આવ્યું દર્શનપાહુડમાં. જૈનદર્શન એટલે વસ્તુસ્વરૂપ છે. એને એમ કહીએ કે જેમાં આત્માના સ્વરૂપનો આશ્રય લઈ, આત્મા પરિપૂર્ણ ધ્રુવ જિનસ્વરૂપ છે એનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય પ્રગટ થઈ છે એને જૈનદર્શન, વસ્તુદર્શન, વિશ્વદર્શન, સત્ય વસ્તુ તેને કહેવામાં આવે છે. અને એને ૨૮ મૂળગુણ હોય છે અને નગ્નદશા હોય છે. એ બધું મળીને જૈનદર્શન નિશ્ચય અને વ્યવહાર કહેવામાં આવે છે. સર્વજ્ઞ ભગવાનનું કહેલું આ તત્ત્વ છે.

મુમુક્ષુ :- નિશ્ચય-વ્યવહાર..

ઉત્તર :- હોય જ તે. ન હોય તો કેવળ થઈ જાય. કેવળીને વ્યવહાર ન હોય. એને (સંયોગમાં) વ્યવહાર હોય પણ એને ન હોય. બીજા જાણે છે એને વ્યવહાર છે વાણી આદિ. ઝીણી વાત છે. વસ્તુસ્થિતિ...

મુમુક્ષુ :- વ્યવહારમાં કાંઈક ભૂલ હોય તો સુધરી જાય.

ઉત્તર :- વ્યવહારમાં .. પ્રશ્ન ક્યાં છે? પણ છે કે નથી એની અહીં તો વાત છે. વ્યવહારનો વિકલ્પ આદિ હોય એ વ્યવહાર. પણ શ્રદ્ધા તદ્દન વિપરીત શ્રદ્ધા છે એમાં સુધારો ક્યાંથી આવે? વાત એવી ઝીણી છે. આ તો સર્વજ્ઞનું કહેલું તત્ત્વ છે, પરમેશ્વર. કહે છે, વસ્ત્રસહિત, પાત્રસહિત મુનિપણું માને એ જૈનદર્શન જ નથી. એમ કહે છે. કહો, ધીરૂભાઈ! વાત આવી છે, બાપા! માર્ગ ભાઈ. આ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ છે. એ દિગંબર ધર્મ ભગવાન પછી ૬૦૦ વર્ષે રહ્યો એ. પછી બાર વર્ષનો દુકાળ પડ્યો ત્યારે આ શ્વેતાંબર મત નીકળ્યો.

મુમુક્ષુ :- એ લોકો બીજી રીતે કહે.

ઉત્તર :- એ તો બીજી રીતે હોય. શ્વેતાંબરમાંથી દિગંબર નીકળ્યા એમ કહે એ. અને એમાંથી આ સ્થાનકવાસી હમણાં નીકળ્યા ૫૦૦ વર્ષે. મુહપત્તીવાળા એ ૫૦૦ વર્ષ પહેલાં નીકળ્યા. પણ એ બધા જૈનદર્શન વીતરાગ.. અનાદિ સનાતન... આત્મા એના પ્રદેશો, એના ગુણની સંખ્યા, એની ભૂમિકાના

પ્રમાણમાં નિર્મળતા, એની નિર્મળતાના પ્રમાણમાં રાગની મંદતાની જાત એ બધી વીતરાગે જે કહી છે એ આ જૈનદર્શનની વાત છે. આહાહા..! ઝીણી વાત છે. ... ... એ તો પોતાનો પક્ષ છે એની એને ખબર ન હોય. એમાં ઓલાની વાતું આવે.

કહે છે '**શ્વેતાંબરાદિક...**' આદિક એટલે આ સ્થાનકવાસી આદિ. એ બધા જૈનાભાસ છે. જૈન નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ધર્મ એનો છે એ. આમ વાત છે. આમ વસ્તુનું સ્વરૂપ એને નથી. ...

એની '**શ્રદ્ધા,...**' કરે. આવાની શ્રદ્ધા કરે કે એ પણ માર્ગ સાચો છે, તો એ શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ જાય છે. સમજાણું કાંઈ? અહીં તમારું .. આવ્યું નહિ. ... માર્ગ તો આ છે. વાદવિવાદ છોડી દઈને સત્યને કહેનાર. સર્વજ્ઞ વીતરાગ દેવે કેવળજ્ઞાનથી કહ્યું મુનિનું સ્વરૂપ, ધર્મનું સ્વરૂપ, સિદ્ધાંતનું સ્વરૂપ, વ્રતનું સ્વરૂપ, પરમેશ્વરની પ્રતિમાનું સ્વરૂપ એ બધું ભગવાને જોયું. એને અહીં સુદર્શન કહેવામાં આવે છે. એનાથી આ વિરૂદ્ધ વિકલ્પથી વિપરીત થઈને માર્ગ કાઢ્યા એ અન્યમતો અને આ જૈનાભાસ બેય મિથ્યાદષ્ટિ છે. સાદડીમાં આવું સાંભળવા મળે? આહાહા..! માર્ગ આવો છે, ભાઈ! આહાહા..!

કહે છે કે એની એને શ્રદ્ધા રાખવી. એવાઓ જૈન સિવાય અન્યની અને જૈનાભાસનો '**ઉત્સાહ,...**' કરવો. એવા પ્રત્યે ઉત્સાહ કરવો. એય..! ગીરધરભાઈ! હવે ક્યાં તમારે વાંધો છે? હવે તમે ...

મુમુક્ષુ :- એને શીખવવા જાવું, એ શીખનાર ઉપર બેસે અને શીખવનાર નીચે બેસે.

ઉત્તર :- એ વળી શું હશે? છે ને એ ખબર છે. પણ એ શું હશે?

મુમુક્ષુ :- બનાવટી..

ઉત્તર :- એમ. આહાહા..! અરે..! માર્ગ તો બાપા એવી વસ્તુ છે. ત્રણ લોકનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર જેને ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ થયા અને પછી વાણી ઈચ્છા વિના નીકળી. ૐ ધ્વનિ દ્વારા આગમ નીકળ્યા. આહાહા..! એ ૐ ધ્વનિમાં આગમ જે આવ્યા એ વીતરાગના આગમ છે. એ આગમ પરમાગમ એ કોતરાણા એ છે. પરમાગમ કોતરાણા એ છે. અને શ્રીમદ્દે છેલ્લું એ કહ્યું છે. પણ એ લોકોના પક્ષકારને બેસવું કઠણ પડે. શ્રીમદ્દે છેલ્લા સત્‌શાસ્ત્રના નામ ૨૦ આપ્યા. એમાં ૧૯ દિગંબર શાસ્ત્ર આપ્યા. એમાં એકેય શ્વેતાંબરનું શાસ્ત્ર નથી આપ્યું. યોગદષ્ટિસહિત એક ગ્રંથ આપ્યો. શાસ્ત્ર નહિ.

મુમુક્ષુ :- એ સુત્રો ભગવાનના કહેલા છે માટે સાચા માની જ લેવા જોઈએ. આચાર્યોના લખેલા હોય એમાથી...

ઉત્તર :- એ તો વાત થઈ હતી નહિ? .. નથી આવ્યું? દર્શનવિજય આવે છે ને એક શ્વેતાંબરના સાધુ છે ને. .. .. એણે રાખ્યું છે આ. ... એ ૯૯ની સાલમાં. ૯૯માં પોષ મહિનો. .. ૯૯માં. ૯૯માં પોષ મહિનો. કેટલા વર્ષ થયા? ૩૨ વર્ષ. તો એ કહે. આ સમયસાર છે એ ગુરુવાણી છે. વીતરાગની

વાણી નહિ. ... છે ને વીતરાગની વાણી આ. ભગવાનની વાણી આને કહે. આ ગુરુની વાણી છે એમ કહે. બહુ સારી વાત છે. સાંભળો. તમારું નામ શું? ૯૯ની વાત છે. કહે દર્શનવિજય. આત્મા ભવિ છે કે અભવિ એ નિર્ણય કર્યો છે? એમ પૂછ્યું મેં એને. આ આત્મા ભવિ છે કે અભવિ. અભવિ સમજો છો? એણે કોઈ દિ' .. હોય છે. ભવિ-અભવિનો નિર્ણય નથી કર્યો એ ગુરુ અને કેવળીની વાણીના પરીક્ષક થઈ ગયા તમે? ... ... એ ફરીને કહે. છે ને બીજી બધી વાત હતી એ આવી ગઈ પહેલી. ભવિ-અભવિ જણાય નહિ એવા જીવો એવો તો હજી તમને નિર્ણય છે. એ વીતરાગ અને સર્વજ્ઞની વાણી, ગુરુની વાણી કોને કહેવી એની પરીક્ષા કરવા નીકળ્યા, ન બેસે. ૯૯ની વાત છે. કીધું હતું ... ... બાપુ! માર્ગની વાત છે. આ કાંઈ ગોપવી દેવાની વાત નથી.

એ ત્યાં કાંપમાં ગયા ને ૯૯ વિહાર કરીને પહેલા વહેલા ગયા. ત્યાં ..વિજય હતા એક સ્થાનકવાસી. .. આપણે ભેગા થઈને વિરોધ કરીએ. ભાઈ રહેવા દે અમને .. કહે છે. ..વિજય નહિ? પૂનમચંદજી. પૂનમચંદ.

મુમુક્ષુ :- સ્થાનકવાસી હોય એટલે એમાં વિજય ન હોય.

ઉત્તર :- વિજય ન હોય. એ હતા બિચારા ત્યાં. .. સાધારણ હતા પણ એ .. દીધા. હવે તમે નીકળી.. ત્યાં એ.. બાપુ! એમ રહેવા દ્યો. .. ચર્ચા. અને એક બોલમાં પકડ્યો હતો ત્યાં. ભાઈ! આ માર્ગ બહારના નથી. આ તો અંતરના માર્ગ છે. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞે કહેલો છે. એવા આત્માની સ્વરૂપની વાત એ શ્વેતાંબરમાં પણ નથી. પ્રદેશોમાં ફેર છે. આત્માના પ્રદેશોની સંખ્યા દિગંબર કે શ્વેતાંબર .. ચૌદ રાજલોકની .. ૪૩ રાજુ છે. શ્વેતાંબર કહે છે એ પ્રમાણે મળતી નથી એમ શ્વેતાંબર લોકોએ લખ્યું છે. એની બુકમાં લખ્યું છે. આપણે કહે એ પ્રમાણે ૩૪૩ રાજુ મળતું નથી. દિગંબર કહે છે એમ મળે છે. કલ્પિત કર્યું એટલે મેળ ખાધો નહિ કાંઈ. અમે તો બધા શાસ્ત્રો જોયા છે ને. શ્વેતાંબરમાં. એમાં લખ્યું છે. આપણે જે ૩૪૩ રાજુ કહેવા માગીએ છીએ એ મળતું નથી. અને આમાં તો આણે તો જે વસ્તુ છે એમ કીધી છે ને. ઓલું તો નવો માર્ગ કાઢવા કલ્પિત બનાવ્યું બધું. પણ લોકોને તે વખતે તાર, ટપાલ કે રેલ નહોતી એટલે એટલામાં એટલામાં ચાલ્યું. ચાલતા ચાલતા બીજે ચાલ્યું. અને અત્યારે તો એટલો ફેર પડે .. થઈ ગયું. એવી સ્થિતિ છે ભાઈ જરી.

અહીં કહે છે કે એવા જૈન વીતરાગ દિગંબર દર્શન સિવાય એ દિગંબર દર્શન એ જ એક જૈનદર્શન અને જૈનધર્મ છે. એ સિવાયના બીજા અન્યમતો અને જૈનાભાસ એની શ્રદ્ધા કરે એ સમ્યગ્દર્શન નહિ રહે એને. સમ્યગ્દર્શન થશે નહિ અને હશે તો જશે. શેઠ! 'ઉત્સાહ,...' કરવો. એને ઉત્સાહ-ઉત્સાહ હોંશ કરવી. ઓહોહો..! જુઓ એનામાં લાખો માણસો.. મોટા મોટા આચાર્યો.

મુમુક્ષુ :- .. એ લોકો..

ઉત્તર :- હા ભરે છે ... લાખ લાખ ભરે છે. હમણાં એક જણે લાખ આપ્યો. લાખ શું, પચાસ લાખ હોય તો લાખ, બે લાખ .. આપી દે. પણ એમાં છે શું? વસ્તુ શું હતી એમાં? આહાહા..!

એની '**ભાવના,...**' કરવી. વીતરાગ જૈનદર્શન પરમાત્મા ત્રિલોકનાથે કહ્યું, એનાથી વિરૂદ્ધ આ બધા મતોની ભાવના કરવી એ સમકિતથી ભ્રષ્ટ થાય છે. આહાહા..! ઝીણી વાતું બહુ ભાઈ! '**પ્રશંસા...**' એની પ્રશંસા. જુઓ આવ્યું પ્રશંસા એ શબ્દ આવ્યો ને? ભાવના પછી '**સંપસંસ**' સમ્યક્ પ્રકારે પ્રશંસા. ટીકામાં એમ છે. સં મન, વચન, કાયાએ સમ્યક્ પ્રકારે પ્રશંસા. એમ ટીકા છે. એવા મતોની પ્રશંસા કરવી એ સમકિત હોય તો ભ્રષ્ટ થાય અને ન હોય તો થાય નહિ એને. કહો, સમજાણું કાંઈ? કહો, આણંદલાલજી! હવે તમારે શું છે? હવે તો અહીં આવી ગયા તમે. .. એ .. શ્વેતાંબર. આહાહા..!

'**ઈનકી ઉપાસના...**' એવાની સેવા કરવી. આહાહા..! કહો, સમજાય છે? '**વહ સેવા જો પુરુષ કરતા હૈ...**' એને વંદન કરે, માને તો '**વહ જિનમતકી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વકો છોડતા હૈ,...**' જૈનમત એટલે વીતરાગનું સ્વરૂપ ભગવાન આત્મા એની જે શ્રદ્ધા એને રહેતી નથી. વીતરાગ સ્વરૂપ એવો આત્મા એની શ્રદ્ધા આવા રાગી અને એકાંત માનનારાની શ્રદ્ધા કરતા આ શ્રદ્ધા એને રહેતી નથી. આહાહા..! લ્યો આવ્યું .. આવ્યું આજ ધીરૂભાઈ તમારે. આજે જવાના છે.

મુમુક્ષુ :- શ્વેતાંબર મિથ્યાત્વી છે.

ઉત્તર :- મિથ્યાત્વી છે. ગૃહીત મિથ્યાત્વી.

મુમુક્ષુ :- .. મિથ્યાત્વ કીધા છે.

ઉત્તર :- .. મિથ્યાત્વી. માર્ગ એવો છે. તીર્થંકર ભગવાનના વખતમાં એક જ પંથ આ હતો, દિગંબર. મહાવિદેહમાં એક જ પંથ છે. ભગવાન પાસે એક જ પંથ છે. બીજા પંથની શ્રદ્ધા હોય, પણ કોઈને ભેખ આવો નહિ, મંદિર આદિ નહિ. મહાવિદેહમાં અન્યમતિના મંદિર નહિ, શ્વેતાંબરના સાધુ નહિ, શ્વેતાંબરના મંદિર નહિ. શ્રદ્ધાભ્રષ્ટ ઘણા હોય અંદર અભિપ્રાય. કોઈનું મંદિર બાવાનું કે અન્યમતિનું મંદિર નહિ, મસ્જિદ નહિ. એક વીતરાગમાર્ગ પરમાત્માનો .. સીમંધર ભગવાને ... અભિપ્રાયમાં વિપરીત બહુ હોય-ઘણા હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાતમી નરકે જનારા. એ સાતમી નરકે જનારા છે. અહીંયા સાતમી નરકે જનારા નથી. ગૃહીત મિથ્યાત્વી છે ત્યાં અને નરકમાં જનારા અને મોક્ષમાં જનારા ત્યાં છે. અહીં ઉગ્ર એવા નથી, મોક્ષમાં જનારા પણ નથી. આહાહા..! ઝીણી વાતું છે ભાઈ! આવો માર્ગ છે ભાઈ! એ આ શ્રીમદ્ .. ન કર્યું એણે. .. અષ્ટપાહુડમાં? આ ગાથા .. કહી. નાખે તો વાંધો આવે. જુઓને આ અગાસથી .. છે. આ ક્યાંથી આવ્યું? ગોમ્મટસાર .. સમાલોચનાર્થે લખ્યું છે. ... ટોડરમલે લખ્યું. આ ગાથાનો અર્થ

આ ન કરી શકે. એ ક્યાંથી કરી શકે?

અજ્ઞાન અને મિથ્યાત્વના માર્ગરૂપ મિથ્યા મતમાં ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા અને શ્રદ્ધા કરનાર વિરૂદ્ધ પુરુષ જિનદેવની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનને ત્યજી દે છે. એટલે ... આ ન કરી શકે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના એ તો એમ કહે આમાં છે એ પ્રમાણે નાખો. શ્રીમદ્‌માં શ્વેતાંબર-દિગંબરનું છૂટું છે જ નહિ. .. શ્વેતાંબરનું.. દિગંબરનું .. ત્રણનું લેશે. એ તો ... હતું. નિમિત્ત તરીકે... ગયા હતા ને અગાસ ગયા હતા ને. ૧૩ સાલ નહિ? ગયા હતા ત્યાં અગાસમાં. એમ કે દિગંબરનું રાખ્યું નહિ તમે. કારણ કે દિગંબરના કુંદકુંદાચાર્યને ગુરુ માન્યા છે. વચમાં તો આ શ્વેતાંબરના .. ત્રણ રાખ્યા. ભાઈ માર્ગ તો એવો ઝીણો છે, ભાઈ! ત્રણ લોકના નાથ કેવળી અને સંતો, કુંદકુંદાચાર્ય આદિ મુનિ. મહાધર્મના નેતા. જેણે જૈનધર્મનો માર્ગ પ્રરૂપ્યો જગત પાસે. એના સિવાયના જેટલા માર્ગો છે એ બધા કુદર્શન છે. ધીરૂભાઈ! આ છેલ્લું તમારે આ આવ્યું અત્યારે.

મુમુક્ષુ :- છેલ્લે મિથ્યાત્વીમાં મોકલી આપ્યા.

ઉત્તર :- તમને ક્યાં કીધા છે એ? શ્વેતાંબરનું કીધું હતું ને. તમે ક્યાં શ્વેતાંબર માનો છો? ભાઈને કીધું હતું.

મુમુક્ષુ :- હવે શ્વેતાંબર કેવા?

ઉત્તર :- હવે કેવા? આહાહા..! માર્ગ તો આવો છે. આહાહા..!

એવા પુરુષ એને વંદન કરે, સત્કાર કરે, ધર્મી તરીકે માને તો એ બધા જિનમતની શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ જાય છે. એ કુદર્શન, અજ્ઞાન અને મિથ્યાત્વનો માર્ગ છે. લ્યો! એ બધા કુદર્શનો... બધા તો કીધું ઘણાય છે. શ્વેતાંબર ઘણા છે. મોહનભાઈ, આ હેમરાજજી. ઘણા તો શ્વેતાંબર જ થયા છે ને દિગંબર. આહાહા..! માર્ગ તો એવો છે ભાઈ! અનાદિનો માર્ગ આ છે હોં! એ અહીં ભગવાને ખુલાસો કરી નાખ્યો ત્યાં. એટલે ૧૪મી ગાથામાં .. ભાઈએ. ૧૪મી ગાથા છે ને અષ્ટપાહુડની પહેલી, દર્શનપાહુડની. ૧૪મી ગાથા. એ પાનું ૨૦. પાનું ૨૦.

કુંદકુંદાચાર્ય પોતે ૧૪મી ગાથા નીચે કહે છે.

दुविंह पि गंथचायं तीसु वि जोएसु संजमो ठादि।
णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।१४।।

એનો અર્થ જુઓ! એ શબ્દાર્થ જ છે એનો. '**જહાં બાહ્યાભ્યંતર ભેદસે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ હો...**' જેને વસ્ત્ર બાહ્યમાં નહિ અને અભ્યંતરમાં રાગ નહિ. '**ઔર મન-વચન-કાયા ઐસે તીનોં યોગોંમેં સંયમ હો...**' જેને સ્વરૂપની સ્થિરતા, રમણતા આનંદમાં જામી ગયેલા હો, '**ઔર કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કરણ જિસમેં શુદ્ધ હોં વહ જ્ઞાન હો,...**' ત્રણે

કરણે શુદ્ધ. મન, વચન, કાયાથી શુદ્ધ જ્ઞાન હો. '**નિર્દોષ જિસમેં કૃત, કારિત, અનુમોદના અપનેકો ન લગે ઐસા, ખડે રહકર...**' ઊભા ઊભા '**પાણિપાત્રમેં આહાર કરેં,...**' પાણિ એટલે હાથ. ઊભા રહીને પાણિપાત્રમેં આહાર કરે, '**ઈસપ્રકાર મૂર્તિમંત દર્શન હોતા હૈ.**' એને ભગવાને જૈનદર્શન અને માર્ગ કહ્યો છે. આહાહા..! આ ભગવાન કુંદકુંદાચાર્ય પોતે (કહે છે) જૈનદર્શન, જૈનમત, માર્ગ કોને કહેવો? આને કહેવો. આહાહા..!

બાહ્ય-અભ્યંતર રાગનો ત્યાગ અંતરમાં અને બાહ્યમાં વસ્ત્રનો ત્યાગ એ બાહ્યાંતર ત્યાગ અને જ્ઞાન, મન, વચન અને કાયાથી કરણ, કરાવણ, શુદ્ધ. છે ને? અને મન, વચન, કર્મથી શુદ્ધજ્ઞાન અને નિર્દોષ કૃત, કારિત, વિનાનો આહાર. એને માટે કર્યો હોય, કરાવ્યો હોય એ બધો નહિ. એવો નિર્દોષ આહાર તે પણ '**ખડે રહકર...**' ઊભા ઊભા. તે પણ પાણિપાત્રમાં-હાથમાં '**આહાર કરે, ઈસપ્રકાર મૂર્તિમંત દર્શન હોતા હૈ.**' લ્યો! એ જિનદેવનો આ મત છે. વીતરાગદેવનો આ માર્ગ છે. જુઓ અર્થ છે.

'**ભાવાર્થ :- યહાં દર્શન અર્થાત્ મત હૈ; વહાં બાહ્ય વેશ શુદ્ધ દિખાઈ દે વહ દર્શન; વહી ઉસકે અંતરંગભાવકો બતલાતા હૈ. વહાં બાહ્ય પરિગ્રહ અર્થાત્ ધન-ધાન્યાદિક ઔર અંતરંગ પરિગ્રહ મિથ્યાત્વ-કષાયાદિ, વે જહાં નહીં હોં, યથાજાત દિગંબર મૂર્તિ હો,...**' યથા જેવો માતાએ જન્મ્યો એવું જેનું શરીર દેખાવ હોય. '**તથા ઈન્દ્રિય-મનકો વશમેં કરના, ત્રસ-સ્થાવર જીવોંકી દયા કરના, ઐસે સંયમકા મન-વચન-કાય દ્વારા શુદ્ધ પાલન હો ઔર જ્ઞાનમેં વિકાર કરના, કરાના, અનુમોદન કરના—ઐસે તીન કારણોંસે વિકાર ન હો ઔર નિર્દોષ પાણિપાત્રમેં ખડે રહકર આહાર લેના ઈસ પ્રકાર દર્શનકી મૂર્તિ હૈ વહ જિનદેવકા મત હૈ,...**' બાકી જિન ... આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમારે હવે શું છે વાંધો હવે?

મુમુક્ષુ :- અન્ય પાખંડ

ઉત્તર :- પાખંડ છે એ. હવે તો તમે આવી ગયા અહીં. હવે તમારે બીજો વાંધો નથી. એય..!

મુમુક્ષુ :- એ તો .. થયું.

ઉત્તર :- એ તો .. ત્યાં એને સારું લાગ્યું છે ને એને. એટલે કહેતા તમે બોલો છો એમાં મને ઘણું સારું લાગે છે. અહીં નીકળે છે અવાજ અંદર.. આહાહા..! '**વહી વંદન-પૂજન યોગ્ય હૈ,...**' યહ વંદન-પૂજન યોગ્ય હૈ. '**અન્ય પાખંડ બેષ વંદના-પૂજા યોગ્ય નહીં હૈં.**' એ ભાઈ પાખંડમાં ગયું છે. આહાહા..! એવો માર્ગ છે બાપા! ...આહાહા..! ... તુલના કરશે કે નહિ પહેલી? આ તો હિતની વાત છે ને ભાઈ! આ કોઈ પક્ષ.. ઓહોહો..!

દિગંબર ધર્મ એ તો જિનેશ્વરે કહેલો અનાદિ સનાતન માર્ગ છે. ઝીણી વાત છે. એ વાડો નથી,

સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. એ સિવાય જેટલા મતો બહારના અન્યમતો, વેદાંત આદિ કે બીજા ગમે તે વાતું કરતા હોય વીતરાગની વાતું નહિ. બધાય મતો વિપરીત છે. ગીતા... ગીતામાં આવે છે ને એનો એ માર્ગ? એ બધો વિપરીત છે. વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! એવો માર્ગ બાપા! આકરી વાતું. એવી વાત છે આખી. બોધપાહુડમાં કહી દર્શનની. દર્શન કોને કહેવું. બે ઠેકાણે આવે છે. દર્શનપાહુડની ૧૪મી અને બોધપાહુડની ૧૪મી. ત્યાં દર્શન કોને કહેવું? આ. આહાહા..! સર્વજ્ઞના મુખથી દિવ્યધ્વનિ દિવ્યધ્વનિમાં આવેલો આ માર્ગ છે. લ્યો!

ભાવાર્થ. આપણે ચાલતી વાત આ ૧૩. '**અનાદિકાલસે મિથ્યાત્વકર્મકે ઉદયસે (ઉદયવશ)...**' વિપરીત શ્રદ્ધાનું નિમિત્ત કર્મ અને એનાથી વશ થયેલો '**વહ જીવ સંસાર મેં ભ્રમણ કરતા હૈ...**' સંસારમાં ભ્રમણ કરે છે ભાઈ એ. એ તો કહ્યું ને. સાધુ છે શ્વેતાંબર. ચંપક સાગર કરીને. ચંપકસાગર ને? શ્વેતાંબર સાધુ. હું ગયો હતો ને ત્યાં જૂનાગઢ ત્યારે એ ગામમાં હતા. .. આવા ચાલી નીકળ્યા. તો એણે બનાવ્યું છે ઓલું. આ ને? એણે એક ચોપાનીયુ બનાવ્યું છે સમજ્યા? વાંચો ને વિચારો. એ સાધુ છે શ્વેતાંબરના. એણે અહીંનું વાંચ્યું, બધું વાંચ્યું. વર્તમાનકાળમાં વિકૃતા શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિવરોને જીવનમાં.. આદિ. પ્રાયે ૧૦૮ સાધુ.. સાધુ .. ૧૧૯ સંખ્યા છે. આ એમને ગુણી ગણો કે અવગુણી ગણો. એ સામા માણસની ઈચ્છાની .. વસ્તુ બને છે. પોતે લખ્યું છે. ૭૮.

અર્ધફાલક વસ્ત્રમાંથી. એ અર્ધફાલકની વાત દિગંબરમાંથી જ્યારે નીકળ્યા શ્વેતાંબર ત્યારે અડધો કટકો રાખતો આડો. વહોરવા જાય ત્યારે. વસ્ત્રનો અડધો કટકો. એ શાસ્ત્રમાં છે. આમાં ક્યાંક લખેલું છે. કે અર્ધફાલકમાંથી વકરેલો વિકાર. પહેલું અડધો કટકો વસ્ત્રનો રાખતા શ્વેતાંબર સાધુ. દિગંબરમાંથી જુદા પડ્યા ત્યારે. એમાંથી વકરેલો વિકાર ક્યાં જઈને અટકશે તે પ્રભુ જાણે. ૧૦૮ સુધી તો અવગુણ પહોંચ્યા છે. વિકારક ઉદાસી ચંપક સાધક .. નંદ. એવી વાત છે. શ્વેતાંબર સાધુ લખે છે હોં પોતે. એને .. આ બરાબર લાગે છે. બિહારના. તળેટીના અરે..! આ માર્ગ તો બાપુ અનાદિનો છે. લોકોને ખબર નહિ ને. શ્વેતાંબર નીકળ્યા એ બે હજાર વર્ષ થઈ ગયા. દિગંબર સાધુ. અને દુકાળ પડ્યો એમાંથી છૂટા પડી ગયા. એ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માનવા લાગ્યા. એટલે જે સાધુ સાચા હતા એ દક્ષિણમાં વયા ગયા. એ આવ્યા પછી કહે આ માર્ગ આવો નહિ, ના આવો કોઈ માર્ગ નથી. શાસ્ત્ર બનાવ્યા નવા. પોતાની વાત સ્થાપવા નવા બધા ૩૨, ૪૫ સૂત્રો બધા કલ્પિત બનાવેલા છે. ભગવાનની વાણી નથી એ. ભગવાનની વાણી આ. કુંદકુંદાચાર્ય આદિ મુનિઓ, સંતો, દિગંબરો કહે છે એ વીતરાગની વાણી છે. સમજાય છે કાંઈ? ... આવો માર્ગ છે ભાઈ! હવે આ તો ૩૯ વર્ષ થયા. હવે તો આ ખુલ્લો મૂકાણો છે. ૩૯ વર્ષ. આહાહા..! માર્ગ એવો છે ભાઈ! દુનિયા સાથે મેળ ખાય એવો નથી. આત્મા સાથે મેળ ખાય એવો છે.

જુઓ! '**સંસારમેં ભ્રમણ કરતા હૈ સો કોઈ ભાગ્યકે ઉદયસે જિનમાર્ગકી શ્રદ્ધા હુઈ**

હો...' મહા કોઈ પુરુષાર્થની યોગ્યતા અને સંસારનું ... એને વીતરાગ માર્ગની શ્રદ્ધા હોય. '**ઔર મિથ્યામતકે પ્રસંગમેં...**' મિથ્યાદષ્ટિના સહવાસમાં આવીને '**મિથ્યામતમેં કુછ કારણસે ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા, શ્રદ્ધા ઉત્પન્ન હો તો સમ્યક્ત્વકા અભાવ હો જાય,...** ' સમ્યગ્દર્શન રહે નહિ. આહાહા..! જાદવજીભાઈ! આ બધું આ છે. બધાયને .. શ્વેતાંબર. એ સ્થાનકવાસીના. સ્થાનકવાસીના કલકત્તામાં અગ્રેસર હતા. એય..! જયંતિભાઈ! આ માર્ગ આવો છે. તમારે શું છે હવે ત્યાં? આહાહા..!

'**ક્યોંકિ જિનમતકે સિવાય અન્ય મતોંમેં છદ્મસ્થ અજ્ઞાનિયોં દ્વારા પ્રરૂપિત મિથ્યા પદાર્થ...**' પદાર્થની વ્યાખ્યા જ મિથ્યા છે. '**મિથ્યા પ્રવૃત્તિરૂપ માર્ગ હૈ, ઉસકી શ્રદ્ધા આવે તબ જિનમતકી શ્રદ્ધા જાતી રહે,...**' તો વીતરાગમાર્ગનું સ્વરૂપ છે તે શ્રદ્ધા રહે નહિ. '**ઈસલિયે મિથ્યાદષ્ટિયોંકા સંસર્ગ હી નહીં કરના,...**' એવા મિથ્યાદષ્ટિનો પરિચય, સહવાસ, એવું સાંભળવા જાવું. ચેતનજી!આ એ જ છે ને. '**ઈસપ્રકાર ભાવાર્થ જાનના.**' લ્યો! આહાહા..!

'**આગે કહતે હૈં કિ જો યે હી ઉત્સાહ ભાવનાદિક કહે વે સુદર્શનમેં હોં...**' સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગદેવે કુંદકુંદાચાર્યે જે માર્ગ કહ્યો એ સુદર્શનમાર્ગ છે. અને એમાં એ ભાવના આદિ હોય '**તો જિનમતકી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વકો નહીં છોડતા હૈ :—**' એને સાચી શ્રદ્ધા રહે છે. એનાથી અવળું.

उच्छाहभावणासंपसंससेवा सुदंसणे सद्धा।
ण जहादि जिणसम्मत्तं कुव्वंतो णाणमग्गेण।।१४।।

એમ લેવું. આહાહા..! ભગવાન કુંદકુંદાચાર્ય જૈનશાસનના રખોપિયા. વીતરાગમાર્ગના રખોપિયા. આહાહા..! મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે આવ્યા છે. એમના આ વચનો છે.

'**અર્થ :- સુદર્શન અર્થાત્ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સ્વરૂપ સમ્યક્માર્ગ...** ' સુદર્શન એટલે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવા આત્માની શ્રદ્ધા, એ આત્માનું જ્ઞાન અને આત્મામાં રમણતા એવો જે સમ્યક્ માર્ગ '**ઉસમેં ઉત્સાહભાવના અર્થાત્ ગ્રહણ કરનેકા ઉત્સાહ...**' ઓહો..! એ માર્ગ સત્ય છે એમ એને જાણવાનો, ગ્રહણ કરવાનો ઉત્સાહ સહેજે છે. આહાહા..! માર્ગ ભારે! '**ઉત્સાહ કરકે વારંવાર ચિંતવનરૂપ ભાવ...**' લ્યો! ઠીક! ઉત્સાહ અને પછી ભાવ છે ને? વારંવાર વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એને મુનિપણું કહીએ, સમ્યગ્દર્શન કહીએ, સમ્યગ્જ્ઞાન કહીએ, સમ્યક્ ચારિત્ર. એને વારંવાર ચિંતવન કરવું. એ ભાવ.

'**અને પ્રશંસા અર્થાત્ મન વચન કાયાસે ભલા જાનકર સ્તુતિ કરના,...** ' એ માર્ગની મનથી, વચનથી, કાયાથી સ્તુતિ કરવી. આહાહા..! સમજાણું કાંઈ? અન્ય માર્ગની મન, વચન અને કાયાથી ક્યાંયથી એની સ્તુતિ છોડી દેવી. આહાહા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? '**પ્રશંસા અર્થાત્**

**મન વચન કાયાસે ભલા જાનકર સ્તુતિ કરના,...'** ભગવાનના માર્ગની. ઓહો..! કુંદકુંદાચાર્ય મુનિએ જે માર્ગ કહ્યો, જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર કહ્યું એની વારંવાર સ્તુતિ અને પ્રશંસા કરવી. એ જ માર્ગ સત્ય છે. બીજો કોઈ માર્ગ સત્ય છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**સેવા અર્થાત્ ઉપાસના,...**' એ માર્ગની સેવા કરવી. '**પૂજનાદિ કરના...**' એ માર્ગની પૂજા, વખાણ, પ્રશંસા કરવી. '**શ્રદ્ધા કરના,...**' એ માર્ગની શ્રદ્ધા કરવી એમ છે. કુંદકુદાચાર્યનો પોકાર છે. '**ઈસપ્રકાર જ્ઞાનમાર્ગસે યથાર્થ જાનકર...**' પહેલું જ્ઞાનથી યથાર્થ જાણવું કે આ આત્માનું આ સ્વરૂપ, એનું આ સમ્યગ્દર્શન, એનું જ્ઞાન, ચારિત્ર જે સર્વજ્ઞ કહે છે, કુંદકુંદાચાર્ય કહે છે એ પ્રમાણે પહેલું જાણવું. સમજાય છે કાંઈ? '**જ્ઞાનમાર્ગસે યથાર્થ જાનકર...**' એમ. '**જાનકર કરતા હૈ વહ જિનમતકી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વકો નહીં છોડતા હૈ.**' આહાહા..! ઝીણી વાત છે.

આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સર્વજ્ઞ પરમેશ્વરે આ આત્મા પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ અને તે પર્યાયમાં. વસ્તુ તો ધ્રુવ છે અને પરિણમન દેખાય છે. એ પરિણામમાં એનું ભાન થાય છે. પરિણામ જેને હજી પર્યાયની ખબર નથી એને પરિણમન શું છે એની ખબર નથી અને જેમાં ભાન થાય એની તો એને ખબર નથી. દ્રવ્ય અને પર્યાય જેના સ્વરૂપમાં હોય અને તે પર્યાય દ્વારા વસ્તુનું ભાન થાય એવી જ્યાં વ્યાખ્યા જ નથી ત્યાં માર્ગ જ નથી. સમજાણું કાંઈ?

'**જિનમતકી શ્રદ્ધારૂપ...**' જિનમતનો અર્થ વાસ્તવિક આત્માનું સ્વરૂપ. વીતરાગબિંબ પ્રભુ છે. એની શ્રદ્ધા એ જ આ વીતરાગમાર્ગની શ્રદ્ધા છે. સમજાય છે કાંઈ? એ પોતે જ વીતરાગ સ્વરૂપી આત્મા છે. આહાહા..! એવા સ્વરૂપની ઓળખાણ કરીને શ્રદ્ધા કરવી અને એમાં ઠરવું, એવી ચીજ છે એમ એણે જ્ઞાનમાર્ગથી જાણવું જોઈએ. એવા પુરુષ જિનમતની શ્રદ્ધામાં સમકિતને છોડતો નથી, એ સત્યતાને છોડતો નથી. એ સત્યની પ્રતીત થઈ તેવા સત્યને તે છોડતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! પરમ પરમાત્મા પરમ પદાર્થ સત્ સાહેબ પોતે ચૈતન્યમૂર્તિ ભગવાન, એવા સત્યની જેને સત્ય રીતે પ્રતીતિ થઈ એ સત્યની સેવા છોડતો નથી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જિનમતમેં...**' વીતરાગી અભિપ્રાયમાં વીતરાગમાર્ગમાં '**ઉત્સાહ,...**' જેમાં રાગથી ધર્મ મનાવતા હોય એ બધો માર્ગ વીતરાગમાર્ગ નહિ. આહાહા..! વીતરાગ માર્ગમાં '**ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા, શ્રદ્ધા...**' વંદન, સ્તુતિ '**જિસકે હો વહ સમ્યક્ત્વસે ચ્યુત નહીં હોતા હૈ.**' આહાહા..! કહો, આવો માર્ગ છે આ. આ પુસ્તક કાંઈ અત્યારનું છે નહિ. બે હજાર વર્ષનું બનાવેલું છે. કુંદકુંદાચાર્યનું. ભગવાન પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા. ભગવાન બિરાજે છે આમ મહાવિદેહમાં. તીર્થંકર સીમંધર પ્રભુ. એમની પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા. .. સાધુ આચાર્ય છે મુનિ. એટલી નિર્મળતા થઈ. આવ્યા પછી આ શાસ્ત્ર રચ્યા. માર્ગ તો આ છે ભાઈ! એ માર્ગ સિવાય જેટલા અન્યમતો અને જૈનાભાસો એ બધા કુદર્શન છે. આહાહા..! વીતરાગી સંતોની કરૂણા છે.

ભાઈ! તારા આત્માના ઉદ્ધારનો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? એય.. ચોર્યાસીના અવતારમાં અનંત અનંત દુઃખો એણે વેઠ્યા છે મિથ્યાશ્રદ્ધા દ્વારા. જેના દુઃખોનું વર્ણન વીતરાગ કરે છે. એ દુઃખ જેણે વેઠ્યા અને સર્વજ્ઞ બે જાણે છે એ દુઃખને. આહાહા..!

હમણા આવ્યું નહિ? એક ભાઈ મરી ગયા. ... શું થયું હતું. કંઈક સર્પ-બર્પ કરડ્યો હશે. છે ને. લો આવા મરણ, સર્પ કરડે, ઝેર આખા શરીરમાં. એવા અનંતવાર મરણ કર્યા છે. અરે..! જીવતા કટકા કરે. આહાહા..! .. મુસલમાન અને હિન્દુ એક ગાયને ફેરવી આખા ગામમાં. ધંધુકા છે ને? મુસલમાને ફેરવી અને હિન્દુને બતાવી કે જુઓ આ ગાયને અમે મારવાના છીએ. આહાહા..! એ લઈને પછી કટકા ઝીણા ઝીણા કરી આહાહા..! એકદમ મારે તો .. એક ઝાટકે મારે તો .. નહિ. ઝીણા ઝીણા કટકા કરે અને નાખે ... આહાહા..! એવા અવતાર અનંતા કર્યા છે બાપા! ... કહેતો હતો .. દુકાને. ભાઈની દુકાન હતી મુસલમાનની. તો એનો એક માણસ હતો. એ દુકાન હતી મોટી અનાજની .. વાત છે ઉંદર. ... પકડાવ્યા અને એમાં એ ધગધગતું ઊનું પાણી નાખતો હતો એનો માણસ. અરે..! આ શું કરે છે બાપુ! નાખે છે. અમારી દુકાન જોડે દુકાન હતી. એ વેચાઈ ગઈ, બીજે વયો ગયો. આહાહા..! ધગધગતું ઊનું પાણી હોં. અંદર ઓલા પુરેલા ઉંદરિયાને ઉપરથી. ... આહાહા..! બાપુ! આવા ભવ એ ઊંધી શ્રદ્ધાને લઈને આવા ભવ કર્યા છે. ભૂલી ગયો.

મુમુક્ષુ :- મિથ્યાશ્રદ્ધા...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિપણે એવા ભવ પણ કર્યા તેં અને એ મિથ્યાદૃષ્ટિપણે કોઈ શુભભાવ હોય અને સ્વર્ગમાં ગયો, ત્યાં પણ દુઃખની કષાયની અગ્નિથી સળગતો હોય એ. આ શેઠિયા બધા કષાયની અગ્નિથી સળગે છે હોં. આ પૈસાને-રાગ હોય છે ને? અગ્નિ છે.

મુમુક્ષુ :- અત્યારે તો ઘણા .. થઈ ગયા.

ઉત્તર :- અત્યારે તો પૈસા કેમ દેવા? કેટલા દેવા? કયા નામે દેવા? કારણ કે સરકારના કાયદા એવા આવ્યા છે. આહાહા..! પોતાના નામે ન દેવાય, ફલાણાના નામે દેવાય. કેટલી માથાકૂટ છે. દાનમાં દેવા હોય તોપણ કેટલો વિચાર કરવો પડે. એય..! કાલે લખાણ આવ્યું છે. .. જૈનપ્રકાશમાં આવ્યું. અરે..! આ મોંઘવારી અને આ બધું શું થઈ રહ્યું છે? લોકો શું કરશે? બહુ લખાણ આવ્યું છે. બહુ .. આહાહા..! અરે..! એથી અનંતગુણી પીડા બાપુ! તે નરકમાં વેઠી છે ભાઈ! તને ખબર નથી. નારકીપણે અનંતવાર ગયો. જૈન ૩૨ વર્ષનો જુવાન રાજકુમાર તાજો પરણેલો હોય એને જીવતો જમશેદની ભઠ્ઠીમાં જીવતો નાખે, જમશેદની. જમશેદપુર છે ને? ભઠ્ઠીમાં આ લોઢાના બને છે ને જમશેદની. ત્યાં આ બધા લોઢાના ડબ્બા, લોઢાના ઓલા બધું બને છે ને. ગયા હતા ને. આહાહા..! એમાં એ ભઠ્ઠી સળગતી હોય. એ જુવાન માણસને રાજકુમાર હોય, તાજો પરણેલો હોય એ પહેલી રાત એની .. એમાં એને ભઠ્ઠીમાં નાખે અને દુઃખ થાય, એથી દુઃખ અનંતગણું પહેલી નરકની નારકીને છે. એવા ભવના અનંતા અનંતા ભવ

કર્યા બાપુ મિથ્યાત્વમાં. કષાય મંદ કર્યો હોય તો સ્વર્ગમાં ગયો, તીવ્ર કર્યો હોય તો નરકમાં ગયો. પણ ભવભ્રમણમાં રહ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

એ માટે અહીંયા આચાર્ય મહારાજ કરૂણાથી આ કહે છે. ભાઈ! સુમાર્ગ તો આ છે. એની તું શ્રદ્ધા કર, જ્ઞાન કર, બાપુ! શક્તિ હોય તો સ્વરૂપમાં ઠર, પણ ન હોય તો વાસ્તવિક માર્ગ આ છે એની શ્રદ્ધા, જ્ઞાન તો કર. આહાહા..! અને કુમાર્ગની શ્રદ્ધા, જ્ઞાન છોડી દે. ધીરૂભાઈ! આ તો કરૂણાની વાત છે. ભાઈ! તે દુઃખ વેઠ્યા બાપુ! આહાહા..! છે ને ઓલા એક હજાર આઠ નામ આવે છે ને. વિધાનમાં. ત્યાં કરૂણામૂર્તિ અકષાયભાવ છે ને. વિકલ્પ ક્યાં છે? અકષાયભાવ ભગવાનનો. કરૂણા સિંધુ.. કરૂણા નિધાન.. કરૂણા કૃપાસિંધુ, બધા નામ આવે છે લ્યો! એનો અર્થ વીતરાગ છે ને. એ અકષાયભાવરૂપી કરૂણા હોં! આમ બીજાને કરું એવો વિકલ્પ નહિ. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વરે જે સુદર્શનનો માર્ગ કહ્યો એ માર્ગની શ્રદ્ધા કર, ભાઈ! તારા જન્મ-મરણના આરા ટાળવાના એ રસ્તા છે. સમજાણું કાંઈ? .. વાસ્તવિક સુદર્શન સર્વજ્ઞ કુંદકુંદાચાર્ય, કુંદકુંદાચાર્યે કહેલું એ સુદર્શન છે. એના સિવાય કલ્પિત જગતે કહ્યા હોય એ બધા માર્ગની શ્રદ્ધા છોડી દે. આ શ્રદ્ધા કર એમ કહે છે. **'આગે અજ્ઞાન મિથ્યાત્વ કુચારિત્ર ત્યાગકા ઉપદેશ કરતે હૈં :—'** વિશેષ. ૧૫મી.

**अण्णाणं मिच्छत्तं वज्जह णाणे विसुद्धसम्मत्ते।**
**अह मोहं सारंभं परिहर धम्मे अहिंसाए।।१५।।**

**'અર્થ :- આચાર્ય કહતે હૈં કિ હે ભવ્ય! તૂ જ્ઞાનકે હોને પર તો અજ્ઞાનકા ત્યાગ કર,...'** આહાહા..! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનનું જ્ઞાન કરીને અજ્ઞાનને છોડી દે. આહાહા..! ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા એનું જ્ઞાન કરીને અજ્ઞાનને છોડ. તારા જન્મ-મરણનો નાશ કરવો હોય તો. એમ કહે છે. માતાના પેટમાં બાળક આવે નવ મહિના, સવા નવ મહિના ઉંધે માથે. .. મહા પીડા. નીકળતા વખતે કાપીને કાઢે. કાં પેટ કાપીને કાઢે. .. સરખો નીકળે છે. આમાં કટકા કરીને કાઢે છે. કાઢે છે કે નહિ? આહાહા..! માતાનું પેટ કાપીને કાઢે પણ એ ન નીકળે એના કટકા કરવા પડે. આહાહા..! સવા નવ મહિને ત્યાં પીડા. .. પછી ભગવાન તો એમ પણ કહે છે કે એ મરીને પાછો ફરીને જાય બીજા મનુષ્યના ક્ષેત્રમાં. માતાના પેટમાં બાર વર્ષ રહે. બાર વર્ષ છોડ કહેવાય એને. છોડ કહેવાય એને. ત્રણ ત્રણ વર્ષ તો બાળક રહે છે અત્યારે અંદર પેટમાં. પણ ભગવાન તો કહે છે બાર વર્ષ રહે અને એ છોડ જન્મે પાછો બીજીવાર બહારમાં માતાના પેટમાં જાય અને વળી બાર વર્ષ ત્યાં રહે. આહાહા..! ૨૪-૨૪ વર્ષ સુધી માતાના પેટ. આ બધા .. ... લે છે. આહાહા..! અરે..! એણે કેમ જિંદગી કાઢી હશે એ? માળો પણ ભૂલી ગયો. આહાહા..! કહે છે કે એ બધા દુઃખોને અજ્ઞાનથી તેં કર્યા હતા એ સાચું જ્ઞાન કરીને અજ્ઞાન છોડી દે ભાઈ! આહાહા..! આત્મા વીતરાગ મૂર્તિ પૂર્ણાનંદ પ્રભુ એનું જ્ઞાન કર અને અજ્ઞાન છોડી દે. આહાહા..!

**'વિશુદ્ધ સમ્યક્ત્વકે હોને પર મિથ્યાત્વકા ત્યાગ કર...'** આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એની વિશુદ્ધ સમકિત શ્રદ્ધા કરીને મિથ્યાત્વને છોડી દે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાત્વ છૂટી જાય એનો અર્થ એમ. સમ્યગ્દર્શનથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય જ નહિ. ઉત્પન્ન થાય (જ નહિ) એને છોડી દીધું કહેવાય. આત્માનું જ્ઞાન થાય એટલે અજ્ઞાન છૂટી જાય, એટલે અજ્ઞાન ઉત્પન્ન થાય જ નહિ. પણ ભાષા વિવેકમાં શું આવે? કે જ્ઞાન કરીને અજ્ઞાન છોડી દે. સમ્યગ્દર્શન કરીને મિથ્યાત્વ છોડી દે. એટલે? કે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની અંદર પ્રતીત અને અનુભવ કરતાં મિથ્યાત્વનો ઉદય થતો જ નથી. થતો નથી એને છોડ્યું મિથ્યાત્વ એમ કહેવામાં આવે છે. આહાહા..! ઉપદેશની શૈલી તો જે આવતી હોય એમ આવે ને.

**'સમ્યક્ત્વકે હોને પર મિથ્યાત્વકા ત્યાગ કર... '** લ્યો આ ત્યાગ. આ બહારના સમજ્યા વિનાના ત્યાગ કરીને બેસે, પણ મિથ્યાત્વનો ત્યાગ નથી, ત્યાં ત્યાગ એકેય છે જ નહિ. બાયડી, છોકરા છોડીને, દુકાન છોડીને સાધુ થયા. ત્યાગ કર્યો. શું ત્યાગ કર્યો? એ મિથ્યાત્વનો ત્યાગ તો છે નહિ પહેલો હજી. ધર્મનો ત્યાગ કર્યો. નિયમસારમાં આવે છે હોં એ. ધર્મનો ત્યાગ. આહાહા..! જ્ઞાતા-દૃષ્ટા ભગવાન આત્મા એની શ્રદ્ધા કરીને મિથ્યાત્વનો ત્યાગ તેં કર્યો નથી. અને એ વિના બાહ્યના ત્યાગ કરીને અભિમાન થઈ જાય કે અમે સાધુ છીએ એ તો બધા મિથ્યાત્વના પોષક છે. સમજાણું કાંઈ?

**'સમ્યક્ત્વકે હોને પર મિથ્યાત્વકા ત્યાગ કર ઔર અહિંસા લક્ષણ ધર્મકે હોને પર આરંભસહિત મોહકો છોડ.'** લ્યો! એ ત્રીજો અહિંસા. રાગની અનુત્પત્તિ, વીતરાગભાવની ઉત્પત્તિ તે અહિંસા. અહિંસાભાવ કરીને હિંસાભાવ છોડ. આહાહા..! આરંભ, જે રાગ, પુણ્ય-પાપના ભાવ એ બધો આરંભ છે, એ હિંસા છે, વિકાર છે, પરિગ્રહ છે. આહાહા..! એને આત્માના સ્વભાવની અહિંસા એટલે કે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની વીતરાગતા ઉત્પન્ન કરી અને એ મોહને છોડી દે. આ અહિંસાની વ્યાખ્યા આ છે. એ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવશે. રાતે કહ્યું હતું આપણે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે કે નહિ તમારે ગુજરાતી? ગુજરાતી છે ત્યાં? છે નવનીતભાઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા પણ વાંચવા. વાંચવા માટે. નહિતર આપણે અહીં હિન્દી છે એ આપીએ. એમ કહીએ. તમે તો હિન્દી ક્યાં વાંચો છો? આહાહા..! એ તો સમજે. એ તો મુંબઈમાં રહે છે. બહુ સરસ છે એમાં ગાથા.

મુમુક્ષુ :- મુંબઈમાં રહીને બધા પાઠ...

ઉત્તર :- બધા પાઠ ભણી લીધા છે. એ તો છે ૧૨ ગાથામાં. જે અંશે સમ્યગ્દર્શન તેટલે અંશે અબંધ, જેટલે અંશે રાગ એટલે અંશે બંધ. ગાથા બહુ સારી છે. અને રાગની ઉત્પત્તિ તે હિંસા. ચાહે

તો દયા, દાન, વ્રત, ભક્તિનો શુભરાગ એ પણ હિંસા છે. આહાહા..! વિકલ્પ છે ને? એને અહિંસા દ્વારા એટલે રાગરહિત વીતરાગ પર્યાય દ્વારા એ હિંસાની પર્યાય છોડી દે. એ હિંસાની પર્યાય .. છે નહિ. એને છોડી દે એમ કહેવામાં આવે છે. એટલે ત્રણ વાત આવી. જ્ઞાન કરીને અજ્ઞાન છોડ, સમ્યગ્દર્શનની શ્રદ્ધા (કરી મિથ્યાત્વ) છોડ, અહિંસા પ્રગટ કરીને હિંસા છોડ. પણ આ અહિંસા હોં. જગતની દયા પાળીને એ અહિંસા નહિ. તારી દયા. વીતરાગ સ્વરૂપ હું ચૈતન્યમૂર્તિ છું, એવી શ્રદ્ધા કરીને રાગની ઉત્પત્તિ ન થાય અને વીતરાગની ઉત્પત્તિ થાય તેને અહિંસા કહેવામાં આવે છે. એ અહિંસા પ્રગટ કરીને હિંસાનો આરંભ, રાગની ઉત્પત્તિ .. છોડી દે. આહાહા..! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૪, બુધવાર, તા. ૨૮-૧૧-૧૯૭૩**
**ગાથા - ૧૫, ૧૬, ૧૭, ૧૮, પ્રવચન - ૫૩**

ચારિત્ર અધિકાર છે ને? ચારિત્ર ક્યારે હોય? કે પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત હોય. આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, આનંદસ્વરૂપ છે એવી અંતરમાં દૃષ્ટિ સ્વને આશ્રયે થઈ હોય અને સ્વનું જ્ઞાન થયું હોય, એ સહિત ચારિત્ર હોય તો તેને ચારિત્રવંત કહેવામાં આવે છે. અહીં તો એ કહે છે કે એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરીને '**ફિર મિથ્યાદર્શન જ્ઞાન ચારિત્રમેં મત પ્રવર્તો,...**' અજ્ઞાનીઓએ કહેલા બીજા માર્ગ ઊંધા એમાં ન પ્રવર્તો એમ કહે છે. પોતાનો ભગવાન આત્મસ્વભાવ એની શુદ્ધ શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં રમણતા પામીને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાનને ન પ્રવર્તો એમ કહે છે. '**આગે ફિર ઉપદેશ કરતે હૈં.**' શું કહે છે?

મુમુક્ષુ :- થયા પછી પ્રવર્તે છે?

ઉત્તર :- પણ પ્રવર્તી જાય છે. એવું નથી કરતા? આવ્યા પછી પણ ઊંધી શ્રદ્ધામાં જોડાઈ જાય.

મુમુક્ષુ :- .. જુદો પડ્યો ને મિથ્યાદર્શન હતું, સમ્યગ્દર્શન હતું એમાંથી પછી મિથ્યાદૃષ્ટિ?

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ થઈ જાય. ઊંધી શ્રદ્ધા ન થાય? અને આ કહેવાનો મૂળ આશય તો એવો છે કે આ સંપ્રદાય ભેદ પડી ગયા અને એમાં જે મિથ્યાત્વ શ્રદ્ધા આદિની પ્રવૃત્તિ થઈ અને જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું ચારિત્ર આદિ, એને એવા માર્ગનો આશ્રય ન લેવો, એવા માર્ગની મહિમા ન કરવી, નહિતર મિથ્યાદર્શન થશે એમ કહે છે. સમજાણું કાંઈ? માર્ગ તો એવી વાત છે.

દિગંબર અને શ્વેતાંબર બે ભેદ પડી ગયા ભગવાન પછી ૬૦૦ વર્ષે. વાસ્તવિક માર્ગ તો સનાતન દિગંબર ધર્મ અનાદિ સનાતન હતો. એમાં એ આત્મા શુદ્ધ ચૈતન્ય ઘન એનું દર્શન, અનુભવ, જ્ઞાન અને રમણતા એ મોક્ષનો માર્ગ હતો અને એ જ મોક્ષનો માર્ગ છે. તો એમાંથી આ ફાંટા પડી ગયા, ભગવાન

પછી ૬૦૦ વર્ષે. તો કહે છે કે આવો માર્ગ પામીને ફરીને પણ આવા માર્ગમાં જાવું નહિ. એમ કહે છે. શેઠ! આવું છે. આહાહા..! એ મિથ્યાદર્શનજ્ઞાન એમ કે પહેલું તો હતું મિથ્યાદર્શન આદિ અને પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામીને ફરીને મિથ્યાદર્શનમાં ન જાઓ.

'આગે ફિર ઉપદેશ કરતે હૈં :-'

पव्वज्ज संगचाए, पयट्ट सुतवे सुसंजमे भावे।
होइ सुविसुद्धेंझाणं, णिम्मोहे वीयरायत्ते।।१६।।

'**અર્થ :- હે ભવ્ય!**' ભગવાન કુંદકુંદાચાર્ય ઉપદેશ કરે છે. '**હે ભવ્ય! તૂ સંગ અર્થાત્ પરિગ્રહકા ત્યાગ જિસમેં હો ઐસી દીક્ષા ગ્રહણ કર...**' એમ. વાત તો એ જ કહે છે. જેમાં પરિગ્રહ નથી, વસ્ત્ર, પાત્ર, સ્ત્રી, કુટુંબનો જેમાં પરિગ્રહ નથી એવી દીક્ષા ગ્રહણ કર એમ કહે છે. સમજાણું? દીક્ષા તો આ બધા ઘણા નામ કહે દીક્ષા દીક્ષા. પણ એ નહિ. જેમાં વસ્ત્ર, પાત્રનો પણ પરિગ્રહ નથી, અંતરમાં રાગનો પણ જેને મિથ્યાત્વનો પરિગ્રહ નથી, જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા (છે) એવી પ્રવજ્યા અંગીકાર કર. આહાહા..! ફાટા પડી ગયા એટલે મોટા વાંધા ઉઠ્યા.

'**પરિગ્રહકા ત્યાગ જિસમેં હો ઐસી દીક્ષા ગ્રહણ કર ઔર ભલે પ્રકાર સંયમસ્વરૂપભાવ હોને પર સમ્યક્ પ્રકાર તપમેં પ્રવર્તન કર...**' સ્વરૂપમાં સ્વરૂપની દૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં રમણતાપૂર્વક હો તો '**સમ્યક્ પ્રકાર તપમેં પ્રવર્તન કર...**' વિશેષે ઇચ્છાનો નિરોધ કરીને સ્વરૂપમાં આનંદની દશામાં ઉગ્રપણે પ્રવર્ત. એનું નામ તપ છે. આહાહા..! સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર હોવા ઉપરાંત પુરુષાર્થની ઉગ્રતાથી શાંતિ ને આનંદની દશા પ્રગટ કરે, ઇચ્છાનો નિરોધ કરે તેને અહીંયા તપસ્યા કહેવામાં આવે છે. આહાહા..!

'**જિસસે તેરે મોહરહિત વીતરાગપના હોને પર...** ' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતામાં ઉગ્રપણે પુરુષાર્થ કરીને, તપને એટલે શાંતિને પ્રગટ કર. વસ્તુનું સ્વરૂપ તો જેમ છે એમ એણે જાણવું જોઈશે ને. '**તેરે મોહરહિત વીતરાગપના હોને પર...**' ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ છે આ તો. આત્માનું સ્વરૂપ જ વીતરાગ. એવા વીતરાગ સ્વરૂપને આશ્રયેથી વીતરાગપણું પ્રગટ કર. મોહરહિત વીતરાગપણું પ્રગટ કર. '**નિર્મલ ધર્મ—શુક્લધ્યાન હો.**' જેથી તને નિર્મળ ધર્મ... કેવો? '**વીતરાગપના હોને પર નિર્મલ ધર્મ—શુક્લધ્યાન...**' કેટલા કહે છે ને કે ધર્મધ્યાન તો રાગવાળું એને ધર્મધ્યાન કહીએ. મોટો ગોટો અત્યારે ઉઠ્યો. શુભરાગ એ ધર્મધ્યાન, શુદ્ધ ઉપયોગ એ શુક્લધ્યાન. એમ કહે છે. રતનચંદજી બહુ લખે છે. બહુ લખે.

અહીં તો કહે છે કે '**વીતરાગપના હોને પર નિર્મલ ધર્મ-શુક્લધ્યાન હો.**' એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ છે એ રાગ છે. એનાથી ભિન્ન આત્માના સ્વરૂપની દૃષ્ટિ કરીને અંતરમાં વીતરાગતા પ્રગટ કરવી એ ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. સમજાય છે કાંઈ? બહુ માર્ગ, અલૌકિક માર્ગ

લોકોને સાંભળવા ન મળે. વસ્તુ પોતે ચૈતન્યઘન છે, વીતરાગ મૂર્તિ છે. એનું અવલંબન લઈને વીતરાગતા પ્રગટ થાય. બહારના કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન લઈને વીતરાગતા પ્રગટ ન થાય. બહારના અવલંબનથી તો શુભરાગ થાય. એ ધર્મધ્યાન નથી. ધર્મ તો આત્માના આનંદ અને જ્ઞાનસ્વભાવનું ધ્યાન, જ્ઞાનની પરિણતિ... એ ઓલા કહે છે એમાં આવ્યું. એમ કે શુભરાગ એ જ્ઞાનચેતના છે. એમ આવ્યું. શુભરાગ એ જ્ઞાનચેતના છે એમ કહ્યું છે. આહાહા..! આમાં આવ્યું છે. પત્રમાં આવ્યું છે ઓલા પત્રમાં આવ્યું છે, આમાં આવ્યું છે. એમ નથી. શુભરાગ એ જ્ઞાનચેતના નથી. એ તો કર્મચેતના છે. એને શુભરાગનું ભાવ ધર્મધ્યાન .. સિદ્ધ કરવું છે ને? એટલે એને જ્ઞાનચેતના કીધી છે એમ લખ્યું છે. આહાહા..! જ્ઞાનચેતના તો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એ જ્ઞાનમાં એકાગ્રતાની પરિણતિ એ જ્ઞાનચેતના છે. એણે કહ્યું છે, શુભરાગ છે એ જ્ઞાનચેતના છે. ગજબ કરે છે ને!

મુમુક્ષુ :- રાગકો ધર્મ...

ઉત્તર :- રાગકો ધર્મ. શુભરાગ શુભ ઉપયોગ. ચોથા ગુણસ્થાનથી સાતમા સુધી તો શુભરાગ જ હોય છે એને. શુભ ઉપયોગ જ હોય છે. ખાણિયા ચર્ચામાં પણ છે. શુભ ઉપયોગ જ હોય છે અને તે એને જ્ઞાનચેતના કીધી છે, એમ.

અહીં તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાન સ્વભાવ, આનંદ સ્વભાવ, એની એકાગ્રતાની પરિણતિ-ભાવ તે ધર્મધ્યાન છે. આહાહા..! અર્થ કઠણ એને. એનું નામ જ્ઞાનચેતના છે. શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ તો રાગ છે, કર્મચેતના છે. એ ધર્મચેતના-જ્ઞાનચેતના નહિ. આહાહા..! દૃષ્ટિમાં વિપરીતતાને લઈને બધું આખું વિપરીત ખતવણી થઈ જાય છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી, એ જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનની પરિણતિ, જ્ઞાનની એકાગ્રતા અને જ્ઞાન ને આનંદની દશા એને જ્ઞાનચેતના અને એ ધર્મધ્યાન અને એ શુક્લધ્યાન. ઉગ્ર ઉગ્ર પુરુષાર્થ થયો એ શુક્લધ્યાન, મંદ પુરુષાર્થ થયો એ ધર્મધ્યાન. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં કહ્યુંને, '**મોહરહિત વીતરાગપના હોને પર...**' રાગ છે શુભ એ તો મોહ છે. ચાહે તો ભગવાનની ભક્તિ, દયા, દાન, વ્રત, તપ, અપવાસ આદિનો વિકલ્પ એ બધો શુભરાગ છે. આહાહા..! અને અહીં તો મોહરહિત—રાગ અને મિથ્યાત્વ શ્રદ્ધા રહિત વીતરાગપણું. આહાહા..! છે ને. પાઠ છે ને જુઓ! '**णिम्मोहे वीयरायत्ते**' પાઠ છે ને '**णिम्मोहे वीयरायत्ते**' અસ્તિ-નાસ્તિ કરી. મિથ્યાત્વ અને રાગરૂપી મોહથી રહિત વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી સ્થિરતા એને ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહે છે. આહાહા..! અરે..! ઝઘડા ઊભા થયા. લોકોની કાયરતા, મંદતા, એને મંદતામાં ચડાવી દીધા. શુભરાગ એ પણ ધર્મ છે. વ્રત, તપ, અપવાસ આદિ વિકલ્પ છે એ તો, એ ધર્મ છે એમ ચડાવી દે ઓલા અજ્ઞાની. અરે..! ભાઈ! એક સેકન્ડનું ધર્મધ્યાન જન્મ-મરણના અંતને લાવે. એક સેકન્ડમાં. આમ સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ પરમાત્મા, એનું અંદર એકાગ્રતાનું ભજન, એ તો શુદ્ધ પરિણતિ છે, જ્ઞાનચેતના

છે, આનંદની રમણતા છે. આહાહા..! એને અહીંયા જ્ઞાનચેતના અને ધર્મધ્યાન, વીતરાગભાવ ને ધર્મધ્યાન કીધો છે. રાગભાવ ધર્મધ્યાન નથી. ભારે કામ આકરું. ઓલા પહોંચી શકે નહિ. ૨૦-૨૨ કલાક જાણે સંસારના રળવા, ભોગ ને સૂવા એમાં કાઢે. કલાક, બે કલાક મળે, સાંભળવા જાય. માથે જે કહે એ સાંભળે. એમાં કાંઈ નિર્ણય કરવાની તાકાત વખત ન મળે. એ .. જાવ, માથે કહે એ સાચું જાવ. પંડિતજી!

મુમુક્ષુ :- ડૂબવાના છે.

ઉત્તર :- આહાહા..! હા.

અહીં તો આત્મા દેહથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી ભિન્ન એવા આત્માના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ નિર્મોહ વીતરાગતા છે. જેમાં રાગની પર તરફની સાવધાની રહિત અને સ્વની સાવધાની સહિત એ વીતરાગતા છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યક્ત્વ ચરણ સાથે જ?

ઉત્તર :- ચોથે.

મુમુક્ષુ :- .. સાથે જ?

ઉત્તર :- સાથે જ હોય ચોથે. એ તો સાથે સ્વરૂપચારણ સ્થિરતા છે ને. ચોથે સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ ..નો નાશ થયો, સમ્યક્ સત્યની પ્રતીતિનું ભાન થયું અને અનંતાનુબંધીનો અભાવ થયો એટલી સ્વરૂપની સ્થિરતા થઈ. એ સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાનથી હોય છે. એના વાંધા મોટા તકરાર. સ્વરૂપાચરણ ન હોય લ્યો ઉપર હોય છે આઠમેથી, ફલાણેથી. સાતમો વિશુદ્ધ ઉપયોગ કહ્યો છે એણે ખાણિયામાં રતનચંદજી. સાતમા ગુણસ્થાન સુધી. સમજ્યાને? ચોથેથી સાતમા સુધી શુભ ઉપયોગ છે. ફુલચંદજીએ કહ્યું, બાપુ પણ ચોથેથી જ્ઞાનની રમણતા વિનાનો રાગ ભાવ એ ધર્મધ્યાન? આહાહા..! ઘણો ફેરફાર થઈ ગયો. આવી સ્થૂળતા થઈ ગઈ.

રાતે તો વિચાર આવતો હતો કે આ રતનચંદજીનું લખાણ છે? એમ થઈ ગયું. ઓલું સ્થૂળ આવ્યું ને બહુ સ્થૂળ ભાઈ! મેં કીધું આ રતનચંદજીનું છે? હા રતનચંદનજીનું. બહુ સ્થૂળતા. ઓહોહો..! પ્રભુ! માર્ગ તો જે છે એ છે બાપુ! દુનિયા બદલાવી નાખે તો બદલી જાય એવો માર્ગ નથી. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં આવેલો માર્ગ છે. સમજાય છે કાંઈ? ચૈતન્યબિંબ પ્રભુ રાગરહિત સ્વભાવ જેનો એવા સ્વભાવની એકાગ્રતા એમાં રાગ ક્યાં આવ્યો? એ તો મોહરહિત દશા છે અને મોહરહિત અને તે વીતરાગદશા છે. એ વીતરાગભાવને ધર્મધ્યાન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને ધર્મધ્યાન કહીએ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- નિર્ગ્રંથ હો દીક્ષા લેકર,...**' જોયું! આ તો વસ્ત્રસહિત મુનિપણું મનાવ્યું હતું ને શ્વેતાંબરે? માર્ગ એ નથી. આહાહા..! માર્ગ તો બીજો છે બાપુ! એથી અહીંયા કહે છે કુંદકુંદાચાર્ય,

સનાતન વીતરાગમાર્ગ છે એને પ્રસિદ્ધ કરે છે. '**નિર્ગ્રંથ હો દીક્ષા લેકર,...**' રાગરહિત અને કપડારહિત એવી દશાને નિર્ગ્રંથદશા કહે છે. આહાહા..! બહુ આકરું પડી ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંગ સંગનો અર્થ એ. વસ્ત્ર આદિનો સંગ એ સંગ. એ પરિગ્રહ કીધો ને. પરિગ્રહ છે. આહાહા..! અભ્યંતર પરિગ્રહ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ, બાહ્ય પરિગ્રહ વસ્ત્ર, પાત્ર ને સ્ત્રી-કુટુંબ. બેયનો જેને ત્યાગ હોય એને દીક્ષા હોઈ શકે છે. સમજાય છે કાંઈ? બાહ્યનો ત્યાગ કરે વસ્ત્રાદિનો અને નિર્ગ્રંથ થાય બાહ્યથી, એ નિર્ગ્રંથ નહિ. મિથ્યાત્વના ત્યાગ અને રાગના ત્યાગમાં પરિણતિ હોય એને નિર્ગ્રંથ કહેવામાં આવે છે. આહાહા..! બાહ્યથી નગ્ન થઈ જાય, પંચ મહાવ્રતના પરિણામ પાળે, પણ એ તો રાગનું કર્તવ્ય છે એમ માને છે. આ મારું કર્તવ્ય છે આ. નગ્નપણું એ મેં કર્યું છે એમ માને છે. એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? નગ્નમુદ્રા હોય છે, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ હોય છે, પણ ધર્મીને કર્તૃત્વબુદ્ધિએ નથી. નગ્નપણું મેં કર્યું છે એમ નથી. અજીવની દશા એવી સહજ થઈ જાય છે. અને પંચ મહાવ્રતના પરિણામ એવા આવી જાય છે ભૂમિકા પ્રમાણે. કર્તવ્યબુદ્ધિ નથી, કરવા લાયક છે એવી બુદ્ધિ નથી. પરિણમન છે એ અપેક્ષાએ કર્તા છે. આહાહા..! ભારે વાતું!

'**નિર્ગ્રંથ હો દીક્ષા લેકર, સંયમભાવસે ભલે પ્રકાર તપમેં પ્રવર્તન કરે, તબ સંસારકા મોહ દૂર હોકર વીતરાગપના હો,...**' આહાહા..! ચારિત્ર એટલે શું દશા? જેને ગણધર નમસ્કાર કરે. નમો લોએ સવ્વ સાહુણં. સંતને ચરણમાં પગે લાગે. સીધા ન લાગે પણ નોકાર ગણે એમાં આવે ને? આહાહા..! એ પદ કેવડું મોટું છે! હજી તો મિથ્યાત્વનો ત્યાગ નથી અને બહારના ત્યાગ લઈને બેસી જાય અને બાહ્યનો ત્યાગ, જેને અભ્યંતરના ત્યાગસહિત બાહ્યનો ત્યાગ નથી એને મુનિપણું હોઈ શકતું જ નથી. આહાહા..! વસ્ત્ર રાખે બબ્બે, ત્રણ-ત્રણ, ચચ્ચાર અને અમે સાધુ છીએ એ તો જૈનદર્શનથી વિરૂદ્ધ વાત છે. વીતરાગમાર્ગથી વિરૂદ્ધ છે. વીતરાગ મોહરહિતનો માર્ગ પરમાત્માનો. આહાહા..!

એક જણો વળી અહીંયા કહેતો હતો અહીંયા. પાંચસો રૂપિયાની ધાબળી લાવજો હોં સારી. પાંચસો રૂપિયાની ધાબળી. કહો હવે પણ આવડી મોટી મહારાજ તું તારે લાવજેને. તું તારે લાવજેને. અરે..! આ શું કહીએ?

મુમુક્ષુ :- માંડ માંડ વખત આવ્યો છે એવું ઓઢવાનો.

ઉત્તર :- અને મુંબઈ જેવું શહેર એટલે ઘણા બીજા નંબરના પૈસા ઘણા હોય. તો એમાંથી આહાહા..! કપાટ ભરે. આ મુંબઈ જાય સાત-આઠ વાર તો કપાટ ભરીને આવે બધો. આ મુનિ બાપા! પ્રભુ તને નુકસાન થાય છે, ભાઈ! આહાહા..!

ભગવાન ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર જેને સો ઈન્દ્રો પૂજતા, એ પ્રભુની વાણીમાં તો આત્માના ભાનસહિતની સ્થિરતાની રમણતાવાળાને વસ્ત્રનો ત્યાગ હોય છે. એને નિર્ગ્રંથદશા કહેવામાં

આવે છે. ભારે કામ આકરું. અત્યારે તો સંપ્રદાય બંધાઈ ગયા. મોટા મોટા પંડિતો ફરે, એમાં આ માર્ગને બહાર રાખવો. બહુ કામ આકરું. આહાહા..!

**'ફિર નિર્મલ ધર્મધ્યાન શુક્લધ્યાન હોતે હૈં,...'** આહાહા..! આત્માના અંતર આનંદસ્વરૂપનું ધ્યાન એને ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહે છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે. આહાહા..! ઈન્દ્રિયનું જે સુખ કલ્પના છે એ તો દુઃખ ઝેર છે. ઈન્દ્રિયોના વિષયોમાં જે પ્રેમ થાય છે, ભોગમાં, વિષયમાં, આબરૂમાં એ તો ઝેરના પ્યાલા છે, વિકાર, દુઃખ છે. આહાહા..! એના રહિત પ્રભુ આત્મામાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે આત્મા. આહાહા..! એ અતીન્દ્રિય આનંદના સ્વરૂપની અંતર દૃષ્ટિસહિત એનો અનુભવ એને અહીંયા નગ્ન બાહ્ય અને અભ્યંતર આ નગ્ન એને મુનિપણું કહે છે. કહો, સમજાય છે કાંઈ?

**'નિર્મલ ધર્મધ્યાન શુક્લધ્યાન હોતે હૈં,...'** જુઓ! કેટલું વીતરાગતા, **'વીતરાગપના હો, ફિર નિર્મલ ધર્મધ્યાન શુક્લધ્યાન...'** એમ કહ્યું છે ભાઈ! ઓલા રાગને ધર્મધ્યાન કીધું નથી. આહાહા..! શું કરે છે આ? આ દિગંબર ધર્મમાં આ. હો, રાગ આવે, એ જુદી વાત છે. રાગ હોય છે, પણ એ ધર્મસ્વરૂપ નથી, પુણ્યસ્વરૂપ છે. દેવ-ગુરુ ધર્મની શ્રદ્ધા, દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, દેવ-ગુરુ-ધર્મનું બહુમાન, વિનય એ બધો શુભરાગ છે. ભગવાન આત્માનું બહુમાન શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ વીતરાગભાવ છે. આકરી વાત જ હજી પહેલી. બહુ ફેરફાર થઈ ગયો બહુ ફેરફાર. એ તો રાતે જ શંકા પડી ગઈ કે આ રતનચંદજીએ આટલું બધું વાંચ્યું છે ને આ ફેર એમ થઈ ગયો. મેં રાતે પૂછયું હતું. બહુ ફેર આવું. આ તો આટલું વાંચ્યું છે. આહાહા..! દરેક દ્રવ્યની સમયની પર્યાય પરાધીન છે એમ કહે છે. ગજબ વાત છે ને. આહાહા..!

મુમુક્ષુ :- જેવું નિમિત્ત આવે એવું થાય.

ઉત્તર :- નિમિત્ત આવે એવું થાય. આહાહા..!

મુમુક્ષુ :- સ્વાધીનને પરાધીન બતાવે છે.

ઉત્તર :- બિલકુલ સ્વાધીન છે અને નિમિત્તને આધીન થાય છે એ પણ સ્વતંત્રપણે થાય છે. એ નિમિત્ત આધીન કરાવે છે એમ નથી. રાગ પોતાની પર્યાયમાં થાય છે એ કર્મના નિમિત્તને આધીન પોતે થાય છે. એવો એનો પર્યાયનો ઈશ્વર ધર્મ છે. ઈશ્વર ઈશ્વર. ૪૭ નય. આહાહા..! હમણા અહીંયા આવશે. શ્રદ્ધે, એ પોતાનું દર્શન, ગુણ ને પર્યાય વિકારી અને અવિકારી એને બરાબર શ્રદ્ધે છે એ. જ્ઞાન બરાબર જાણે છે અને શ્રદ્ધે છે એ બરાબર શ્રદ્ધે છે. આહાહા..! આવશે આ ૧૮મી ગાથા. સમજાણું? અરે..! ધીરાના માર્ગ છે બાપુ આ. આ કોઈ વાદ ને વિવાદને ... અંતર શાંતસ્વરૂપ વીતરાગ મૂર્તિ એની દૃષ્ટિપૂર્વક ઠરવું એ તે કાંઈ વાત છે! આહાહા..! અને આ વિના એને મોક્ષનો માર્ગ થશે નહિ ત્રણ કાળમાં.

**'ઈસપ્રકાર ધ્યાનસે કેવલજ્ઞાન ઉત્પન્ન કરકે...'** આ પ્રકારની વીતરાગી પર્યાય એ વડે કેવળજ્ઞાન

ઉત્પન્ન કરીને '**મોક્ષ પ્રાપ્ત હોતા હૈ, ઈસલિયે ઈસપ્રકાર ઉપદેશ હૈ.**' ભગવાન, સંતોનો, કુંદકુંદાચાર્યનો ઉપદેશ છે. ભગવાને કહેલો તે ઉપદેશ એમનો છે. આહાહા..!

'**આગે કહતે હૈં કિ યહ જીવ અજ્ઞાન ઔર મિથ્યાત્વકે દોષસે મિથ્યામાર્ગમેં પ્રવર્તન કરતા હૈં :—**'

मिच्छादंसणमग्गे मलिणे अण्णाणमोहदोसेहिं।
वज्झंति मूढजीवा मिच्छत्ताबुदधिउदएण।।१७।।

'**અર્થ :- મૂઢ જીવ અજ્ઞાન ઓર મોહ અર્થાત્ મિથ્યાત્વકે દોષોંસે મલિન જો મિથ્યાદર્શન અર્થાત્ કુમતકે માર્ગમેં મિથ્યાત્વ...**' માર્ગમાં પ્રવર્તે છે એમ કહે છે. આહાહા..! મૂઢ જીવ અજ્ઞાન અને મિથ્યાત્વના દોષથી મલિન એ '**મિથ્યાદર્શન અર્થાત્ કુમતકે માર્ગમેં...**' છે ને? '**મૂઢજીવા मिच्छत्ताबुदधिउदएण**' '**કુમતકે માર્ગમેં મિથ્યાત્વ ઔર અબુદ્ધિ અર્થાત્ અજ્ઞાનકે ઉદયસે પ્રવૃત્તિ કરતે હૈં.**' આહાહા..! વસ્ત્ર, પાત્ર, લાકડા, ડંડા રાખવા અને મુનિપણું, કહે છે કે એ તો બધો કુમાર્ગ છે એમ કહે છે અહીં. આહાહા..!

મૂઢ અજ્ઞાની જેને ભાન નથી. પ્રભુ આત્મા શુદ્ધ વીતરાગ મૂર્તિ એની પ્રતીતિ ખબર નથી, એના જ્ઞાનની ખબર નથી. આ ઊંધે રસ્તે... સાધુપણું જ્યાં નથી એવામાં સાધુપણું માની અને કુમાર્ગને રસ્તે પ્રવર્તે છે, એમ કહે છે. વીતરાગમાર્ગમાં તો વસ્ત્રનો ધાગો રાખીને મુનિપણુ માને નિગોદમાં જાય એમ ભગવાન કહે છે. સમજાણું કાંઈ? વસ્ત્રનો એક ટુકડો રાખીને અહીં મુનિ છીએ એમ માને તો નિગોદમાં એકેન્દ્રિયમાં જશે લુલા-બુલા. લુલો એટલે પગ વિનાનો અને મુંગો એટલે વચન વિનાનો એકેન્દ્રિય થાશે. આહાહા..! આવો માર્ગ છે.

કોઈ કહે છે કે આ તો ચીભડાના ચોરને ફાંસી. ચીભડાના ચોરને શું કહે? ફાંસી. એમ નથી. આહાહા..! આ નવેય તત્ત્વનો ચોર છે, ગુનેગાર છે. જે વીતરાગ મૂર્તિ પ્રભુ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય એને આશ્રયે જ્ઞાન અને એને આશ્રયે સ્થિરતા થાય એવી દશામાં બહારના આવા આલંબન રહેતા જ નથી એને. સમજાણું કાંઈ? વસ્ત્ર, પાત્ર, લાકડી, લાકડા, મોટા દંડ રાખે એ બધું કુદર્શનનો માર્ગ છે.

'**અબુદ્ધિ અર્થાત્ અજ્ઞાનકે ઉદયસે...**' અરે..! ભાન ન મળે કહે છે. એને કારણે પ્રવર્તે. તે આ સાચી ઓળખાણ કરાવે છે (કે) સાધુ સંત સાચા કોને કહીએ. એની શ્રદ્ધામાં સાચું હોવું જોઈએ ને? આહાહા..! '**મૂઢજીવ મિથ્યાત્વ ઔર અજ્ઞાનકે ઉદયસે મિથ્યામાર્ગમેં પ્રવર્તતે હૈં ઈસલિયે મિથ્યાત્વ-અજ્ઞાનકા નાશ કરના યહ ઉપદેશ હૈ.** '

હવે ૧૮. હવે લાંબી વાત આવશે. '**આગે કહતે હૈં કિ સમ્યગ્દર્શન, જ્ઞાન, શ્રદ્ધાનસે ચારિત્રકે દોષ દૂર હોતે હૈં :—**'

**सम्मद्दंसण पस्सदि, जाणदि णाणेण दव्वपज्जाया।**
**सम्मेण य सद्दहदि, य परिहरदि चरित्तजे दोसे।।१८।।**

પહેલું '**सम्मद्दंसण**' એ દર્શન છે, સમકિત નહિ. દર્શન છે. '**सम्मद्दंसण**'નો અર્થ ત્યાં દર્શન ઉપયોગ. દર્શન. '**અર્થ :- યહ આત્મા સમ્યગ્દર્શનસે તો સત્તામાત્ર વસ્તુકો દેખતા હૈ,...** ' સમ્યક્ત્વ એ પછી લેશે. '**सम्मेण**' એ .. એ ત્રીજું પદ આવશે. એ સમકિત છે. અહીં '**सम्मद्दंसण**' જેવું વસ્તુનું સ્વરૂપ છે એવી રીતે એની સત્તા-ચૈતન્યની સત્તામાત્ર વસ્તુ ભગવાન પૂર્ણ શુદ્ધઘન એને દેખે એનું દર્શન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન નહિ. દેખવારૂપ દર્શન. વસ્તુ ભગવાન આત્મા સ્વસત્તા પૂર્ણરૂપ એવી સત્તા પૂર્ણ પરમાત્માનું નિજ સ્વરૂપ પરમાત્મા છે. આહાહા..! એને દેખે તેને સમદર્શન કહેવામાં આવે છે. સાચું દર્શન કહેવામાં આવે છે એને. આહાહા..!

'**સમ્યગ્જ્ઞાનસે દ્રવ્ય ઔર પર્યાયકો જાનતા હૈ,...** ' લ્યો! લ્યો ચેતનજી! શું કીધું આ? સમ્યગ્જ્ઞાનથી દ્રવ્ય છે ત્રિકાળ એને જાણે, પર્યાયમાં શુદ્ધતા, અશુદ્ધતા એને બરાબર જાણે. આહાહા..! વેદન છે જેટલું અને વેદન જેટલું નથી, બેને બરાબર પર્યાયમાં જાણે, એમ કહે છે. દુઃખાદિના પરિણામ, દોષાદિના પરિણામનું વેદન છે, એને પણ જ્ઞાન બરાબર જાણે છે.

મુમુક્ષુ :- સમ્યગ્જ્ઞાન નામ તો શ્રદ્ધા થયા પછી પામે ને.

ઉત્તર :- એ ક્યાં વાત છે? છે સાથે (પણ) એ ક્યાં પ્રશ્ન છે? અહીં તો દર્શનથી દેખે અને જ્ઞાનથી દ્રવ્ય-પર્યાયને જાણે. અને સમકિતથી એને શ્રદ્ધે. એમ સાથે છે બધું. સમજાણું કાંઈ? પછી શબ્દ મૂક્યો છે ને જુઓને '**सम्मेण य सद्दहदि**' આ બે બોલ લીધા પછી લીધો છે એને. ભગવાન આત્મા સત્તા, પૂર્ણ સત્તા વીતરાગપણે પૂર્ણ સત્તા જે ચૈતન્યની એને જે અંદર દેખે, એને દર્શન-દેખવાનો ઉપયોગ, દેખવાની દશા કહેવામાં આવે છે. અને જ્ઞાન ત્રિકાળી દ્રવ્યને જાણે, ગુણને જાણે અને એની અવસ્થામાં ક્રોધ, માન, રાગ આદિ ... અર્થમાં છે હોં બધું. એ કહેશે. કઈ ગતિ વર્તે છે? કયો ક્રોધ, માન, માયા છે? વેદન શું છે? કેટલું મલિન વેદન છે? કેટલું નિર્મળ વેદન છે? બધાને સમ્યગ્જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ જ્યાં સુધી પર્યાયમાં ન થાય ત્યાં સુધી એને પૂર્ણ શુદ્ધને આશ્રયે-દ્રવ્યને આશ્રયે શુદ્ધતા પ્રગટી હોય એને જાણે, દ્રવ્યને જાણે અને સાથે અશુદ્ધતા જે રાગનો ભાગ રહી ગયો દોષનો એટલે કે દુઃખનો, એને વેદે છે, એમ જાણે. કહો, શું થયું? ચેતનજી! દોષને જાણે અને દુઃખને વેદે નહિ. આહાહા..! દોષ છે એ શેમાં છે? અદ્ધર છે?

મુમુક્ષુ :- પર્યાયમાં છે.

ઉત્તર :- તો પર્યાયમાં રાગ-દ્વેષ છે એનું વેદન છે કે નહિ? વેદન છે. વેદ્યા વિના અદ્ધરમાં રાગ છે? વેદે છે. આહાહા..! જાણે છે કે આ પરવસ્તુ મારી ચીજ નહિ, પણ પર્યાયમાં વેદન છે એ મારામાં છે.

મારામાં છે. આહાહા..! દ્રવ્ય, પર્યાયને જ્ઞાન બરાબર જાણે છે એમ કહે છે. આહાહા..! બહુ માર્ગ!

ભગવાન કુંદકુંદાચાર્યદેવ વસ્તુની સ્થિતિને પ્રસિદ્ધ અને પ્રમાણથી બહાર બતાવે છે. કહે છે કે પ્રભુ તું આત્મા. '**સમ્યગ્દર્શનસે તો સત્તામાત્ર વસ્તુકો દેખતા હૈ,...**' પોતાનું હોવાપણું. પણ જ્ઞાન છે કે આનંદ છે એમ નહિ. હોવાપણું બસ એટલું. એને દેખે. આહાહા..! આ તો હજી નીચલા દરજ્જાની વાત ચાલે છે. '**સમ્યગ્જ્ઞાનસે દ્રવ્ય ઔર પર્યાયોંકો જાનતા હૈ,...**' ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે જે પૂર્ણ વસ્તુ છે એની સત્તાને દેખે અને સત્તાસહિત પર્યાયમાં અશુદ્ધતા, શુદ્ધતા, મનુષ્યપણું, દેવપણું આદિ પર્યાયમાં શું છે એને પણ બરાબર જાણે. સમજાણું કાંઈ? હોય છે રાગ, પર્યાયમાં જ્યાં સુધી વીતરાગ ન હોય, ભાવ હોય. પણ એને જાણવું જોઈએ કે આ છે. પરને લઈને છે એમ નહિ. મારી પોતાની અપરાધ દશા છે એ. આહાહા..! તીર્થંકરગોત્ર બાંધે એ શુભ અપરાધ છે. એ તીર્થંકરગોત્ર બાંધે સમ્યગ્દૃષ્ટિ જ બાંધે. એ પણ શુભ ઉપયોગનો અપરાધ છે. આહાહા..! આ તે. એમ જ્ઞાની જ્ઞાનમાં પર્યાયમાં જાણે છે કે આ અપરાધ છે. આહાહા..! તે અપરાધ હશે એ વેદનમાં હશે કે અદ્ધરમાં હશે?

એ પકડાઈ ગયા તે એમાં ઓલા નિહાલભાઈની સામસામા. નિહાલભાઈએ કીધું કે આ ભગવાનની ભક્તિ આદિ પણ શુભ છે, દુઃખ છે. (સામાએ કહ્યું), એ દુઃખ નહિ. રાગ છે, બાપુ! કષાય છે. કૃષ એટલે સંસાર અને આય એટલે લાભ. એ શુભભાવથી સંસારની પ્રવૃત્તિ છે. સંસારભાવ છે એ. આહાહા..! કષાય શબ્દ પડ્યો છે ને? કષ-કષ એટલે સંસાર. એ ભગવાનની ભક્તિ, પંચ મહાવ્રતના પરિણામ એ રાગ છે, પણ છે એ સંસારભાવ છે. આકરું કામ બાપુ! વીતરાગ માર્ગને એણે અનાદિકાળથી માન્યું છે કે મેં જાણ્યું અને અમે પણ ધર્મમાં છીએ. કલ્પના કરી છે, પણ વસ્તુની સ્થિતિને જાણી નથી. ઓહો..! ચોર્યાશી લાખના અવતારમાં જન્મ-મરણ કરી દુઃખી... દુઃખી... દુઃખી... મિથ્યાત્વને લઈને દુઃખી છે એ. સમજાણું કાંઈ? પછી ધર્મ સમજ્યા પછી રાગ હોય એનું વેદન છે, પણ એ પૂર્ણ વેદનનો અભાવ (છે) માટે વેદન છે. એ સંપૂર્ણ આત્માના આનંદના વેદન કરીને એ વેદન છોડી દેશે. આહાહા..!

પર્યાયને .. તો ન કહ્યું? શુભરાગ એ ઝેર છે એ ન કીધું? વિષકુંભ છે. અને વિષ્ટા કહેતા એને આકરું લાગે છે. વિષકુંભ કહે એ ઠીક. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ ... એ ન આવ્યું? 'ઇન્દ્રસરીખા ભોગ... ચક્રવર્તીની સંપદા અને ઇન્દ્રસરીખા ભોગ, કાગવીટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોગ.' ઇન્દ્રના ભોગ અને ચક્રવર્તીની સંપદા જેને છન્નું હજાર સ્ત્રી પદ્મણી જેવી અને જેને સોળ સોળ હજાર દેવ સેવા કરે એ સંપદાને સમ્યગ્દૃષ્ટિ કાગડાની વિષ્ટા માને છે. કાગડા સમજો છો? કૌઆ. માણસની વિષ્ટા હોય છે એનું તો ખાતર પણ થાય. ખાતર સમજો છો? ખાદ ખાદ. ખેતી બનાવે. બનાવે છે ને બધા વિષ્ટા ઘણા નગરની બહાર વિષ્ટા નાખે છે. કાગડાની વિષ્ટા તો કાંઈ કામ જ ન આવે. કૌઆની વિષ્ટા સુકી હોય છે. 'સમ્યગ્દૃષ્ટિ જીવ ચક્રવર્તીની સંપદા અને ઇન્દ્રના ભોગ, કાગવીટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોગ.' આહાહા..! જેને એ ભોગનો પ્રેમ અને રુચિ છે એ મિથ્યાદૃષ્ટિ છે.

ભોગ હોય, પણ એની વૃત્તિ અને વાસના પણ હોય, પણ એમાં રુચિ નથી, સુખબુદ્ધિ નથી એમાં. અજ્ઞાનીને તો એમાં સુખબુદ્ધિ છે, મને ઠીક પડે છે, મજા આવે છે. આહાહા..! એ સ્ત્રીના ભોગ, પતિના ભોગ એમાં જે એને મજા આવે છે એ ઝેરના પ્યાલામાં મજા છે. સમ્યગ્દૃષ્ટિને દુઃખ લાગે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને દુઃખનું વેદન છે એટલું. આહાહા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપી પ્રભુ એની જેને રુચિ અને દૃષ્ટિ ને પોષાણ થયું, એને એ પુણ્ય-પાપના પોષાણ પોસાતા નથી એને. રુચતા નથી, ગોઠતા નથી, છતાં હોય છે. આહાહા..! આ કાંઈ માર્ગ બાપા છે આ તો. એ કાંઈ સાધારણ વાત નથી. દયા પાળીને ધર્મ થઈ ગયા, પાંચ-પચાસ હજાર દાન આપ્યા અને ધર્મ થઈ ગયો. ધૂળેય નથી ધર્મ, સાંભળને હવે. આહાહા..!

ધર્મ તો આત્મામાં રાગના વિકલ્પથી રહિત શુદ્ધ ચૈતન્યઘનની દૃષ્ટિ અને જ્ઞાનમાં રમે એને ધર્મ કહેવામાં આવે છે. વીતરામાર્ગમાં તો આ ધર્મ છે. અજ્ઞાનીઓએ કઈ રીતે કલ્પ્યો હોય તો એના ઘરની વાત છે. આહાહા..! જુઓને શું કહે છે? '**द्रव्य और पर्यायको जानता है,...**' આહાહા..! ઓલા દૃષ્ટિ છે એ તો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે અને એનો વિષય સામાન્ય અભેદ છે. એમાં એને પર્યાયનો વિષય નથી, પર્યાયનું જાણવું એમાં ક્યાં છે? કારણ કે એ તો નિર્વિકલ્પ સત્તામાત્ર છે. પણ તે સમ્યગ્દર્શનની સાથે થયેલું જ્ઞાન એ તો સ્વપરપ્રકાશક સવિકલ્પ છે. સાકાર છે. ઓલું નિરાકાર છે દર્શન ઉપયોગ પહેલો. સમ્યગ્દર્શન પણ નિરાકાર છે. નિરાકાર ઉપયોગ ભલે નહિ, પણ એમાં સત્તા છે એટલી સમ્યગ્દર્શનને ખબર નથી. અને સમ્યગ્દર્શનને ખબર નથી કે હું સમ્યગ્દર્શન છું. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ પર્યાય છે એનો વિષય નિર્વિકલ્પ દ્રવ્ય છે. પણ આ જ્ઞાન જે છે એ તો ત્રિકાળી દ્રવ્યને જાણે. આવો માર્ગ ભારે ભાઈ! અને વર્તમાન પર્યાયમાં જેટલી નિર્દોષતા પ્રગટી તેને તેમ જાણે, જેટલી સદોષતા રહી તેને તેમ જાણે. આહાહા..!

અરે..! એણે મારગડા લીધા નથી કોઈ દિ'. પ્રભુએ કહ્યો માર્ગ એણે અંતરમાં લીધો નથી. બહારથી માની બેઠા અમે ભગવાનના ભક્ત છીએ, ભગવાનને માનીએ છીએ. ઓલા કહે અમે સ્થાનકવાસી, ઓલા કહે અમે દેરાવાસી, ઓલા કહે દિગંબર. આહાહા..! એ વસ્તુ જુદી રહી ગઈ બાપુ! અંતર ચૈતન્ય સ્વરૂપ જે ભગવાન વીતરાગમૂર્તિ, જેને પોતાના આનંદ આગળ બીજે ક્યાંય આનંદ ભાસતો નથી ધર્મીને. એ અપ્સરા જેવી છન્નું હજાર સ્ત્રી ચક્રવર્તીને હોય પણ એમાં ધર્મીને ક્યાંય સુખ ભાસતું નથી. કેમકે જેને સુખ આત્મામાં છે એમ ભાસ્યું, એને બીજે ક્યાંય સુખ છે એવું ધર્મીને ભાસતું નથી. એને ધર્મી કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? ચાહે તો શરીરની સુંદરતા હો, લક્ષ્મી હો, દીકરા મોટા લાખો હોય. ચક્રવર્તીને (હજારો) દીકરા હોય. છન્નું હજાર સ્ત્રીને .. ૬૪ હજાર દીકરા હોય છે એમ કહે. ૩૨ હજાર દીકરીયું. એવું આવે છે. આહાહા..! એ રતનના મૂર્તિ જેવા દીકરા હોય. રતનની મૂર્તિ જાણે હોય એવા. એ મારા નહિ, અમને એમાં ક્યાંય પ્રેમ રસ નથી. આસક્તિનો રાગ હોય. પણ એ મારા છે અને

એમાં મને મીઠાશ છે એવો એને મિથ્યાભાવ ન હોય. આહાહા..! એવું જ્ઞાની જ્ઞાનમાં બરાબર જેવો રાગ છે આસક્તિનો એને જાણે છે. પ્રેમ નથી. પણ રાગ થાય છે. વીતરાગ જ્યાં નથી ત્યાં સુધી રાગ થાય છે. આહાહા..! તેને ધર્મીનું જ્ઞાન, જ્ઞાન બરાબર પત્તો લે કહે છે. આહાહા..!

શ્રીમદ્‌માં એક વાક્ય આવે છે કે દોષ પણ ખ્યાલ બહાર રહેતો નથી એ જ મારી બલિહારી જ્ઞાનની. ભાઈએ .. કોઈપણ દોષ ખ્યાલબહાર જતો નથી એ જ જ્ઞાનની બલિહારી છે. ગીરધરભાઈ! આ તો માર્ગની વાતું છે બાપુ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. શબ્દ તો બીજા છે. કહો, સમજાણું કાંઈ? ક્યા શાંતિભાઈ? આવ્યા છે કે નહિ? વયા ગયા?

મુમુક્ષુ :- ભાવનગર આવ્યા લગન ઉપર આવ્યા.

ઉત્તર :- લગન ઉપર આવ્યા. તમારા માટે નહિ?

મુમુક્ષુ :- અમારા માટે બિલકુલ નહિ.

ઉત્તર :- તો આ કાગળ આવો લઈને આવ્યા છે ને મોટો? મુકેશ લઈને આવ્યા છે. કાગળ વાંચ્યો છે કે એમાં એમ કે અક્ષર સોનાના લખવા ગાથાના. ગાથા થઈ પછીને એમાં. સવાસો તોલા સોનું જોઈશે. સવાસો તોલા? સવાસો તોલા હા એમ કીધું. સવાસો તોલા. ૮૭ તોલા થયું છે સોનું. મુંબઈ તરફથી. રામજીભાઈ કહે મુંબઈ તરફથી એટલે તમે ઉપકાર કરો છો? એમ કાંઈક ભાષા બોલ્યા હતા. તમે કહો છો એમ ..

મુમુક્ષુ :- સંસ્થા ઉપર ઉપકાર કરો છો?

ઉત્તર :- ઉપકાર કરો છો. પચાસ હજારનું સોનું જોઈશે એમ કહે છે. ગાથાઓ છે ને એ સોનામાં લખવી એમ. હજી એ નિર્ણય નથી કર્યો. હજી તો ક્યારે કરશે? મંડળી ભેગા થાશે. પહેલા એમ ધાર્યું હતું પંદર દિ'માં તૈયાર થશે. શું કહેવાય? નથી. હવે કહે ફુલંચદને ચાર મહિના થાશે લખીને. મહિના રહ્યા ત્રણ.

મુમુક્ષુ :- સોનાની...

ઉત્તર :- નહિ એ તો પછી નિર્ણય કરે આ તો શું કરવું? હજી તો કાંઈ ઠેકાણા નથી. પણ આ શું કીધું? વખત આવ્યો. આ લ્યો હજી અધુરું કેટલું રહશે? ઘણું કામ બાકી. આ અક્ષરોના કામના કાંઈ ઠેકાણા નથી. રામજીભાઈને એકલી પડે છે. બીજા બધા જોવા આવે. આમ છે ને તેમ છે, ફલાણું છે ને ઢીંકણું છે. મુંબઈવાળાને પડી છે. પોતાની દીકરીના લગન હોય તો કેટલું ધ્યાન રાખે, છોકરાના લગન હોય તો કેટલું ધ્યાન રાખે. એય..!

અમારે કુંવરજીભાઈ કહેતા દીકરાના લગન હોય તો દસ હજાર ખર્ચવા હોય તો કાંઈ ખરડો કરવા

જાઈએ? શેઠ! એમ પોતાના ધર્મના આવા કામ હોય એમાં ખરડો બીજા પાસે કરવા જાવું એ શોભે તને? તારા ઘરમાં નથી તને? આહાહા..! કુંવરજીભાઈ કહેતા બિચારા હો એ. છોડીના લગન પ્રમાણે સાધારણ માણસ ૨૦-૨૫ હજાર ખરચે. ૧૦ હજાર ખરચે, કોઈ ૨૦-૨૫ હજાર ખરચે અને આ મારવાડી તો મોટા લાખો ખર્ચે. દહેજમાં કેટલાય મારવાડી જુઓને. પછી આ મારવાડી .. કેટલા મથે પૈસા ઓછા દે અહીં. ત્યાં દહેજમાં દેવા હોય તો ૫૦-૫૦ હજાર બેસે. એ કરતા અહીંનો છોકરો સારો હોય તો બે-પાંચ હજારમાં પતી જાય. જગત તો જુઓ! આહાહા..! એ કહે આમ કરશું, પછી કરશું. મેં કીધું આ પંદર દિ'માં થઈ જશે. ત્યાં ઓલો કહે નહિ ચાર મહિનામાં થશે. રામજીભાઈ કહે ચાર મહિના એ કહે છે. છ મહિને પણ નહિ થાય. કેટલું ધ્યાન. મુંબઈવાળા તરફથી કર્યું છે તો મુંબઈવાળાએ કેટલું ધ્યાન રાખ્યું? એય..! હિંમતભાઈ! આ તમે નથી? મોઢા આગળ તમે નથી? એ તો સાંભળે છે નિરાંતે. મુખ્ય તો એ ત્યાં છે. ચીમનભાઈ કર્તા હર્તા પણ આ વ્યાખ્યાનકાર એ છે ને મુખ્ય? પંડિત તરીકે તો આપણામાં એ છે મુંબઈમાં ત્યાં. બીજા બધા નીચે. તમારે માથે આ જવાબદારી છે ઘણી. આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન આત્માનું જ્યાં સમ્યગ્જ્ઞાન થાય. આહાહા..! પોતાની ચીજ છે પૂર્ણ આનંદ એને પણ જ્ઞાન જાણે અને વર્તમાનમાં મલિનતા અને નિર્મળતાની જેટલી દશા, જેટલા પ્રમાણમાં તેને જ્ઞાન બરાબર જાણે. આહાહા..! એને સમ્યગ્જ્ઞાન. આ પણ ક્યાં નવરાશ આવી જગતમાં? આહાહા..! ઊંચી આંખ રાખી જગતમાં પરિભ્રમણ કરી લે. અંતર જોવા...

મુમુક્ષુ :- વખત જ મળે નહિ.

ઉત્તર :- મરવા માટે વખત મળશે કે નહિ?

મુમુક્ષુ :- એ તો પરાણે મળશે.

ઉત્તર :- કેટલાક વાણિયા એવું કહે કે ભાઈ એલા બાપુ મરવા પણ નવરા નથી. બાપુ મરવા શું? ત્યારે તો ટાંગો પડ્યો રહેશે. આહાહા..! મરવા નવરા નથી શું કહે છે? એય..! વાણિયા બધા બહુ કહે. એટલા કામમાં છીએ કે મરવા નવરા નથી. મરવા હશે ત્યારે ટાંગો નહિ હલે. એં.. એં.. એં...

મુમુક્ષુ :- ચોવીસ કલાકનો દિવસ અડતાલીસ કલાકનું અમારે કામ.

ઉત્તર :- ધૂળેય કામ નથી. ચીમનભાઈ! ક્યાં ગયા શાંતિભાઈ? વયા ગયા. તમારે એ શાંતિભાઈનું મોટું કામ. મોટું કામ. શાંતિભાઈનો મોટો કાગળ આવ્યો છે કાલે. હું જાણું કે એ પોતે લઈને આવ્યા હશે. રામજીભાઈને વંચાવતા હતા. .. બધા ભેગા મળીને ભાઈ કરવું જોઈએ. આવું કામ તો.. આહાહા..! આ કેવી વસ્તુ છે! આ હિન્દુસ્તાનમાં પહેલી ચીજ છે. સંચો આવ્યો અને સંચેથી અક્ષર લખાણા એ હિન્દુસ્તાનમાં પહેલું વહેલું છે. ૪૪૮ પાટિયા સંચેથી લખાણા. એ સંચો જ પહેલો વહેલો હિન્દુસ્તાનમાં ૩૦ હજારનો અહીં આવ્યો છે. સમજાણું કાંઈ? આવ્યો હતો ને સંચો? નહિતર તો ટાંકણેથી લખતા અક્ષરો. પણ એમાં એક સરખા અક્ષર હોય નહિ. સાંજે થાકી જાય આઠ કલાક કામ કરીને. આ તો સંચો

આવ્યો. સંચેથી ૪૪૮ પાટિયા પાંચ મહિનામાં પૂરા થઈ ગયા. જે કામ .. એ તો બહુ કામ કર્યું. એકધારા અક્ષર. કહો, એવી ચીજ છે. ભગવાનની વાણી છે. આહાહા..! પ્રતિમાની .. કરતા વીતરાગની વાણી એ તો બહુમાન કરવા જેવું. આહાહા..! સર્વજ્ઞ અનુસાર વાણી નથી આવતી? સર્વજ્ઞ અનુસાર વાણી બહુ માન પૂજવાને લાયક છે. ઓહોહો..!

મુમુક્ષુ :- પૂજામાં દેવ, શાસ્ત્ર અને પછી ગુરુ.

ઉત્તર :- પછી ગુરુ એમ જ હોય છે ને. લ્યો વળી આ જ્ઞાનમાં આ આવ્યું પાછું આખું. આહાહા..!

અને '**સમ્યક્ત્વસે...**' હવે સમકિત આવ્યું હવે. '**દ્રવ્ય-પર્યાયસ્વરૂપ સત્તામયી વસ્તુકા શ્રદ્ધાન કરતા હૈ...**' લ્યો! ચેતનજી! પર્યાયની શ્રદ્ધા આવે છે એમાં. એનો વિષય દ્રવ્ય ભલે હો, પણ પર્યાયનું લક્ષ મગજમાં છે. એ તો આવ્યું હતું ને આપણે આવે છે. કળશટીકામાં. ૧૪મી, ૧૩મી ગાથામાં અર્થમાં. જયચંદ્ર પંડિત. દરેક જ્ઞાનનું લક્ષ એ જ સમકિત હોય છે. એમ કોઈપણ જ્ઞાનનો નય એને ન હોય એમ નહિ. પર્યાયને જાણે બરાબર. છે ને અર્થમાં નહિ? ભાવાર્થમાં છે. ઘણીવાર કહેવાણી છે બહાર. સમયસારમાં છે. બહાર કહેવાણી છે. આ કાંઈ નવી વાત નથી. દરેક જ્ઞાનનો નય, પર્યાય કેવી છે, શું છે—બધું જ્ઞાન એને હોય. એ જ્ઞાનસહિત આત્માની દૃષ્ટિ સ્વનો આશ્રય કરે.

અહીંયા કહે છે પ્રભુ! કે તારું સ્વરૂપ જે છે ને પૂર્ણ શુદ્ધ સત્તા, એનું દેખવું એ દર્શન, એનું જાણવું દ્રવ્ય ને પર્યાયનું જાણવું એ જ્ઞાન. અને જાણેલાનો સમકિતથી દ્રવ્ય, પર્યાય સ્વરૂપ સત્તામયી વસ્તુનું શ્રદ્ધાન કરવું. લ્યો! પર્યાયની શ્રદ્ધા તો આવે છે ને. (પર્યાય) એનો વિષય નથી દર્શનનો. પણ શ્રદ્ધામાં શ્રદ્ધા કરનાર પોતે પર્યાય છે અને એ પર્યાયનો વિષય દ્રવ્ય ધ્રુવ છે. એ પર્યાય ને દ્રવ્યનું એને શ્રદ્ધાન જ્ઞાનસહિત હોય છે. આહાહા..! ભારે વાતું આવી મોંઘી પડી. સાંભળવા મળે નહિ. બહારની વાતું આ કરો. પૂજા કરો, વ્રત કરો, અપવાસ કરો, તપ કરો. મરી જા તોપણ એમાં ધર્મ નથી લ્યો! એ તો બધો શુભરાગ છે. આહાહા..! રાગ વિનાનો ભગવાન આત્મા નિર્વિકારી ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન અને પૂર્ણ વસ્તુની સત્તાનું દેખવું.

'**ઈસપ્રકાર દેખના, જાનના વ શ્રદ્ધાન હોતા હૈ તબ ચારિત્ર અર્થાત્ આચરણમેં ઉત્પન્ન હુએ દોષોંકો છોડતા હૈ.**' એમ કહે છે. આવું એને શ્રદ્ધા જ્ઞાન હોય, પર્યાયમાં રાગાદિ છે એમ જાણે તો એ ચારિત્રના કારણે એ દોષને છોડે. આહાહા..! છે ને? '**ચારિત્ર અર્થાત્ આચરણમેં ઉત્પન્ન હુએ દોષોંકો છોડતા હૈ.**' આચરણમાં દોષો હોય છે ને, હજી પૂર્ણ ન, હોય એટલે. પણ આવું બેયનું જ્ઞાન હોય યથાર્થ તો એને છોડે. લ્યો ઓલામાં આવ્યું હતું ને. વ્યવહાર સમકિતમાં છ ઢાળામાં નહિ? દોષ જાણે નહિ તો કેમ ત્યજે?

મુમુક્ષુ :- બિન જાને તૈં દોષ-ગુમનકો, કૈસે તજિયે ગહિયે.

ઉત્તર :- હા એ વ્યવહારમાં આવ્યું છે. આ તો નિશ્ચયનું જ્ઞાન છે અહીં. જ્ઞાનમાં જે છે એમ જાણીને

ચારિત્ર દ્વારા એ દોષને છોડે. સ્વરૂપની રમણતા દ્વારા છોડે, એમ. તો એને ચારિત્ર. દર્શન, જ્ઞાન અને ચારિત્ર શુદ્ધ થાય અને એ મોક્ષનો માર્ગ છે. આત્માની સિદ્ધદશા પ્રાપ્ત કરવાનો આ માર્ગ છે. વચ્ચે રાગાદિ આવે એ માર્ગ નથી. એ પુણ્યબંધ છે. વ્યવહાર. વ્યવહારને જાણવો જોઈએ. જાણીને વેદાય છે એમ જાણવું જોઈએ અને સ્વરૂપમાં સ્થિરતા કરીને તેને છોડવું જોઈએ. આનું નામ મોક્ષનો માર્ગ ભગવાન કહે છે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૫, ગુરુવાર તા. ૨૯-૧૧-૧૯૭૩**
**ગાથા - ૧૮, ૧૯ પ્રવચન - ૫૪**

ચારિત્રપાહુડ. એની ૧૮મી ગાથા. એનો ભાવાર્થ. ચારિત્રના દોષો ટળે કોને? અશુદ્ધતા ટળીને ચારિત્ર થાય કોને? કે જેણે વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-પર્યાયમય છે એમ જાણ્યું છે, શ્રદ્ધ્યું છે એને આચરણમાં અશુદ્ધતા ટળીને ચારિત્ર થાય છે. જેને વસ્તુ જ શું છે એની ખબર નથી, એની શ્રદ્ધા નથી એને આચરણનું ચારિત્ર હોઈ શકે નહિ. ભાવાર્થ છે એનો.

'**વસ્તુકા સ્વરૂપ દ્રવ્ય-પર્યાયાત્મક સત્તાસ્વરૂપ હૈ,...**' અહીંયા આત્મા અને દરેક વસ્તુની સ્થિતિ છે. અહીંયા આત્માની મુખ્યતા છે. વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય એટલે ત્રિકાળ રહેવું પદાર્થનું અને પર્યાય એટલે અવસ્થા સ્વરૂપ. એ વસ્તુનું સ્વરૂપ છે એ. એવી સત્તાસ્વરૂપ છે. કોઈ એકલા દ્રવ્ય માને તોપણ વિપરીત છે, એકલી પર્યાય માને તોપણ વિપરીત છે. પર્યાયનું લક્ષ રાખ્યા વિના એકલી દ્રવ્યની શ્રદ્ધા કરે તોપણ એને સાચી શ્રદ્ધા થાય નહિ.

મુમુક્ષુ :- છેલ્લું વાક્ય બરાબર ન સમજાણું.

ઉત્તર :- ન સમજાણું?

અહીંયા કહ્યું ને કે દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ વસ્તુ છે. હવે સમ્યગ્દર્શનનો વિષય છે દ્રવ્ય, પણ એના જ્ઞાનમાં, પર્યાય છે, અશુદ્ધ છે, શુદ્ધ પર્યાય છે એવું જો એને જ્ઞાન જ ન હોય તો એની દૃષ્ટિ ... કારણ કે પર્યાય છે એ જ દૃષ્ટિને વિષય કરે છે. તો પર્યાય જ નથી અને એવું જ્ઞાન જ જેને નથી એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે નહિ. એટલે દ્રવ્યદૃષ્ટિ(માં) દૃષ્ટિનો વિષય દ્રવ્ય, પણ એને પર્યાય છે, રાગ છે, અશુદ્ધતા છે એવું એને જ્ઞાન તો લક્ષમાં રાખવું જોઈએ.

મુમુક્ષુ :- શ્રદ્ધા ગુણ જુદો, જ્ઞાન ગુણ જુદો એને સંબંધ શું?

ઉત્તર :- અરે..! સંબંધ છે સાથે. એ જ કહે છે ને. તેથી તો અહીં વાત છે.

મુમુક્ષુ :- એ વખતે જ્ઞાન સૂઈ જતું નથી. જ્ઞાન તો કામ કરી જ રહ્યું છે.

ઉત્તર :- અહીં દ્રવ્ય-પર્યાયસ્વરૂપની શ્રદ્ધા કહે છે અહીં તો. એટલે જરી.. એકલી દ્રવ્ય દ્રવ્યની શ્રદ્ધા કરે છે એ દ્રવ્યની શ્રદ્ધા કરનાર કોણ? પર્યાય છે. પર્યાયને જે માને નહિ ... એ ૧૪મામાં નથી કહ્યું? ૧૪મી ગાથામાં કહ્યું ને? સમયસાર. ભાવાર્થમાં. ૧૪મીનો ભાવાર્થ. સર્વ નયનું કથંચિત્ (રીતે) જ્ઞાન કરે સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે. ૧૪મી ગાથા. ઘણીવાર વાત થઈ ગઈ. રાતે થઈ હતી. ૧૪મી ગથા. અબદ્ધસ્પૃષ્ટ કીધું છે ને? ત્યાં આગળ સર્વ નયનું કથંચિત્ (રીતે) સમ્યગ્જ્ઞાન થયે, સમ્યગ્દૃષ્ટિ થઈ શકે. પર્યાયમાં અશુદ્ધતા છે, પર્યાય છે, એવું જેને જ્ઞાન જ નથી એની દૃષ્ટિ શુદ્ધ દ્રવ્ય ઉપર જશે જ નહિ એને. કારણ કે પર્યાય નથી માની એટલે પછી પર્યાય જ ક્યાં છે જે દ્રવ્ય ઉપર લક્ષ કરશે?

એ કહે છે જુઓ! આચાર્ય પોતે કહે છે. વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય પર્યાયાત્મક સત્તાસ્વરૂપ છે. દ્રવ્ય એટલે કાયમ રહેનાર અને વર્તમાન પલટતી દશા. એરૂપે સત્તા સ્વરૂપ હોવાપણે વસ્તુ છે. '**सो जैसा है वैसा...**' જેવું છે તેવું '**દેખે, જાને, શ્રદ્ધાન કરે...**' ત્રણ બોલ લીધા છે. પાઠમાં છે ને? દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ છે એમ જેવી એ છે સત્તા એવું દેખે, જાણે અને માને તો એને સમ્યગ્દર્શન યથાર્થ થાય. અને પછી એને ચારિત્ર થાય, એ અહીં સિદ્ધ કરવું છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં દ્રવ્ય, પર્યાય બરાબર દેખવામાં આવે, જાણવામાં આવે અને શ્રદ્ધવામાં આવે. વસ્તુની સત્તા છે એવી શ્રદ્ધવામાં આવે. સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિમાં અધિકાર જ્યાં હોય ત્યાં એમ જ આવે. દ્રવ્ય વસ્તુ છે, પર્યાય અભૂતાર્થ છે. તો ભૂતાર્થનો અર્થ ગૌણ કરીને 'નથી' એમ કહ્યું છે. કારણ કે પર્યાય પોતે વિષય કરનાર છે. આહાહા..! દ્રવ્ય વસ્તુ છે એનું કાર્ય તો પર્યાયમાં થાય છે. આ શુદ્ધ સત્તા ચૈતન્યમૂર્તિ પૂર્ણ અખંડ અભેદ એક સામાન્ય એનું જ્ઞાન અને એનું કાર્ય તો વિશેષનું હોય છે. વિશેષ એટલે પર્યાય, વિશેષ એટલે વર્તમાન અવસ્થા. અવસ્થા જ ન માને તો એને આ રહ્યું ક્યાં એકેય વાત? સમજાણું કાંઈ?

એથી આચાર્યે એમ કહ્યું ને '**सम्मेण य सद्दहदि**' ... '**दव्वपज्जाया**' '**सम्मद्दंसण पस्सदि, जाणदि णाणेण दव्वपज्जाया। सम्मेण य सद्दहदि,**' એ રીતે સમ્યક્ત્વથી દ્રવ્ય, પર્યાયને શ્રદ્ધે એમ લીધું છે. એથી કરીને સમકિતનો વિષય પર્યાય છે એમ નથી. પણ પર્યાય છે એવું જ્ઞાન રાખીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો એ દ્રવ્યની પર્યાયની શ્રદ્ધા યથાર્થ કહેવાય. બાબુભાઈ! આ દ્રવ્ય દ્રવ્ય ઘૂંટ્યું છે ને? દ્રવ્યનો અર્થ જ એ છે. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ વસ્તુ ત્રિકાળ એનો આશ્રય કરતા સમકિત થાય. આશ્રય કરનાર કોણ? એ તો પર્યાય પોતે છે. પર્યાયને ન માને, પર્યાયનું જ્ઞાન જ લક્ષમાં ન લે તો એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- જ્ઞાનનું કામ જ શું છે? સમ્યગ્દર્શનનું કામ છે. બે ગુણ જુદા છે.

ઉત્તર :- બે ગુણ જુદા, તે સમ્યગ્દર્શનમાં સમ્યગ્જ્ઞાને દ્રવ્ય-પર્યાય જાણી એવી શ્રદ્ધા એમાં આવે

છે કે નહિ? કે એકલી દ્રવ્યની શ્રદ્ધા આવે છે? વિષય દ્રવ્ય, પણ વિષય દ્રવ્ય હોવા છતાં પર્યાય વિષય કરે છે એટલે શ્રદ્ધામાં બેય આવે છે એને. મોટો ગોટો એ ઓલામાં લખે, પર્યાય પણ દ્રવ્યનો વિષય છે. એ લખાવ્યું હતું.

મુમુક્ષુ :- .. દ્રવ્યમાં પર્યાય છે જ નહિ.

ઉત્તર :- એ વળી આ પર્યાય કેટલી દૂર? કે અલોક જેટલી દૂર. વળી એક જણો એમ લખે. ઘાટકોપર. પર્યાયમાં દ્રવ્ય છે જ નહિ. કેટલી દૂર છે? કે લોક અને અલોક જેટલું. આવું ને આવું. ... ફેરવી નાખ્યું છે. ...

મુમુક્ષુ :- મોટાઓ પણ એમ માને..

ઉત્તર :- આમાં શું કીધું જુઓ! '**सम्मद्दंसण पस्सदि, जाणदि णाणेण दव्वपज्जाया। सम्मेण य सद्दहदि,**' પોતે આચાર્ય કહે છે. સમ્યક્ત્વ દ્વારા. એ ત્રીજા પદમાં. પહેલા પદમાં '**सम्मद्दंसण**' કહ્યું. સમ્યક્ પ્રકારે દર્શન એટલે દ્રવ્ય-પર્યાયની સત્તાને દેખવી. અને સમ્યક્ પ્રકારે દ્રવ્ય-પર્યાયની સત્તાને જાણવી અને પછી દ્રવ્ય સમ્યક્ પ્રકારે '**सम्मेण**' સમ્યક્ દ્વારા દ્રવ્ય-પર્યાયને શ્રદ્ધવી. એમ છે. એય..! ચેતનજી!

મુમુક્ષુ :- એ વ્યવહાર છે ને.

ઉત્તર :- નહિ... નહિ... નહિ... નહિ.. વ્યવહાર નહિ. બિલકુલ ખોટી વાત છે. બિલકુલ ખોટી વાત છે. એમાં તો નિશ્ચયની વાત છે. પર્યાયનો શ્રદ્ધામાં એને.. કેમકે શ્રદ્ધા કરનાર પર્યાય છે, જાણનાર પર્યાય છે, સ્થિર થનાર પર્યાય છે. એ પર્યાયને જે ન માને, લક્ષમાં ન લે એને દ્રવ્યદૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે. કહ્યું ને ત્યાં પણ નહિ? આમાં કહ્યું ને? ૧૪મા બોલમાં કહ્યું હતું ઘણીવાર. ૧૪મી. ૧૪મી શું કહેવાય? જુઓ! 'માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે.'

મુમુક્ષુ :- આમાં તો બધા નય સાચા છે એમ...

ઉત્તર :- બધા નય સાચા છે. ખોટા નય છે? વ્યવહારનય ખોટી છે? ખોટી કઈ રીતે? એ તો ત્રિકાળની અપેક્ષાએ ખોટી કીધી. એની (પોતાની) અપેક્ષાએ સત્ય છે. એ જ કહ્યું ને? 'કથનમાં ટીકાકારે આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે.' વ્યવહારે છે, પર્યાયે બદ્ધસ્પૃષ્ટ છે. આહાહા..! એય..! પર્યાય નથી જ એવું નહિ. સમકિતનો વિષય છે દ્રવ્ય, પણ એ પર્યાય છે એવું જ્ઞાન લક્ષમાં રાખીને દ્રવ્ય તરફ ઢળે છે.

મુમુક્ષુ :- જ્ઞાન તો અનંતવાર કર્યું.

ઉત્તર :- એ જ્ઞાન નહિ. એ જ્ઞાનની વાત પણ ક્યાં છે? એ જ્ઞાન ક્યાં છે? એ અગ્યાર અંગ એ જ્ઞાન નહિ. અહીં તો જ્ઞાન સમ્યગ્જ્ઞાનની વાત છે. સમ્યગ્જ્ઞાનમાં દ્રવ્ય-પર્યાય જાણે છે. સમ્યક્ શ્રદ્ધા દ્રવ્ય-

પર્યાયને શ્રદ્ધે છે. સમ્યગ્દર્શન એટલ દેખવું એ દ્રવ્ય-પર્યાયની સત્તાને દેખે છે.

મુમુક્ષુ :- પર્યાય પણ બોલો છો શું કરવા?

ઉત્તર :- એય..! આ શું કહે છે જુઓ!

અહીં તો ત્યાં સુધી લેવું કે એમ ન સમજી લેવું કે 'શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે. એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે, એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાંતીઓની જેમ મિથ્યાદષ્ટિપણું લાવશે.'

મુમુક્ષુ :- શુદ્ધનયના અવલંબનથી મિથ્યાદષ્ટિપણું લાવે?

ઉત્તર :- હા, શુદ્ધ એટલે પર્યાયના લક્ષ વિનાનું એકલું શુદ્ધ માને તે મિથ્યાદષ્ટિ છે. એ અનુભવ પણ આગળ આવે છે ને ત્યાં નથી? એ અનુભવ કરે તો એ મિથ્યાત્વ છે. નથી આવતું ત્યાં? એવું રાખીને અનુભવ કરે તો એ મિથ્યાત્વ છે. એમ આવ છે. યાદ નથી આમાં. ભાવાર્થમાં છે. વસ્તુ જેવી છે એવી જ્ઞાનમાં લઈ અને પછી અનુભવ કરે તો એ અનુભવ સાચો. એવી વાત છે.

મુમુક્ષુ :- શુદ્ધ જ્ઞાન તો વ્યવહારજ્ઞાન ને?

ઉત્તર :- નહિ, નહિ, નિશ્ચયજ્ઞાન. વ્યવહાર કેવું? પર્યાય વ્યવહાર છે માટે પર્યાયનું જ્ઞાન એ વ્યવહાર એમ નહિ અહીં. પર્યાયનું જ્ઞાન નિશ્ચય છે. સ્વનું છે ને માટે નિશ્ચય છે. અત્યારે ત્રિકાળીની અપેક્ષાએ પર્યાય વ્યવહાર એ જુદું, પણ પર્યાય પોતાથી નિશ્ચય છે, સ્વ છે, નિશ્ચય છે, યથાર્થ છે, છે. એય..!

મુમુક્ષુ :- પર્યાયમાં શુદ્ધ પરિણમનની વાત...

ઉત્તર :- પરિણમન વિનાનું કાર્ય શેમાં થાય? કાર્ય થાય તો પરિણમનમાં થાય. આહાહા..! એથી તો આચાર્યે એમ જણાવ્યું છે જુઓ! આહાહા..! .. આદિ દેખાય છે. વ્યવહારનયથી દષ્ટિમાં બધું દેખાય. અહીં વ્યવહાર નય (કહ્યું), પણ અહીં જ્ઞાન જે છે એ તો નિશ્ચય છે. એ તો ત્રિકાળીની અપેક્ષાએ બદ્ધસ્પૃષ્ટ આદિ વ્યવહાર છે. પણ એની પર્યાય જે છે એ નિશ્ચયથી પોતાની છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે નયને નિશ્ચયનય કીધી છે. એય..! પર્યાય પણ નિશ્ચય છે ને? એ નિશ્ચયના બે ભેદ છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને આવે છે ને. આલાપ પદ્ધતિમાં છે. દ્રવ્યાર્થિક નિશ્ચયનયના બે ભેદ—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. પરથી જુદું પાડીને અહીં લેવું છે એટલે નિશ્ચય. પછી પોતાનો દ્રવ્ય (મુખ્ય) છે તેથી પર્યાય વ્યવહાર છે, છતાં પણ વ્યવહાર છે ને? છે ને એ પર્યાય? વ્યવહારનો વિષય છે ને? ન હોય તો સિદ્ધને મુક્તિ, મોક્ષમાર્ગ એકેય સિદ્ધ નહિ થાય. એય..! વાત આવી છે. વસ્તુ જેવી હોય એવી

જાણવી જોઈએ ને. જુઓને કેટલું લખ્યું છે! સત્યાર્થ છે એમ લખ્યું છે જુઓ. બદ્ધસ્પૃષ્ટ આદિ દેખાય તે (પર્યાય) દૃષ્ટિમાં સત્યાર્થ છે. આચાર્યે પોતે કહ્યું છે ને. શું છે? આ તો માર્ગ બાપુ વીતરાગનો, જેવું સ્વરૂપ છે એવું જોઈએ. એમાં કાંઈ ખેંચાતાણ ચાલે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય કહે છે, વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય અને પર્યાય નામ અવસ્થા સ્વરૂપ છે. એ સત્તાસ્વરૂપ છે. એ સત્તાસ્વરૂપને '**સો જૈસા હૈ...**' જેવું છે તેવું તેને દેખે, જેવું છે તેવું તેને જાણે. એ દ્રવ્ય, પર્યાય સત્તાસ્વરૂપ છે એ જેવું છે તેવું શ્રદ્ધાન કરે. એ ત્રણેને લાગુ પડે છે. સમજાણું કાંઈ? '**તબ આચરણ શુદ્ધ કરે,...**' જુઓ! આવું બરાબર શ્રદ્ધા, જ્ઞાન દ્રવ્ય-પર્યાયનું હોય તો એને ચારિત્રની શુદ્ધતા પ્રગટ થાય. પણ જેને આ જ ઠેકાણા નથી તેને ચારિત્ર અને આચરણ સાચા હોઈ શકે નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તબ આચરણ શુદ્ધ કરે,...**' આ ચારિત્ર અધિકાર છે ને? એટલે વસ્તુ દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ સત્તામાત્ર પદાર્થ હોવાવાળો, બે રૂપે હોવાવાળો પદાર્થ. એને દેખે, જાણે એને .. એમાં આવી ગયું અંદર સર્વનયથી બધું સત્યાર્થ છે એ. વ્યવહારનયનો વિષય સત્યાર્થ છે. ઓલું તો ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કહ્યો, પોતાની અપેક્ષાએ તો સત્ય જ છે. ત્રિકાળની અપેક્ષાએ દ્રવ્યદૃષ્ટિના સ્વભાવનું જ્યારે વર્ણન હોય ત્યારે વિકાર-બિકાર કાંઈ છે જ નહિ. અશુદ્ધતા છે જ નહિ એમ આવે. પણ પર્યાય જ્યારે પર્યાયનું જ્ઞાન કરે બધો દુઃખનો અંશ, દોષનો અંશ, પર્યાય, શુદ્ધતા, અશુદ્ધતા બરાબર એનું જ્ઞાન લેવું. ફેરફાર કાંઈ હોય તોપણ એ જ્ઞાન પણ ખોટું અને દર્શન પણ ખોટું. સમજાણું કાંઈ? એવું છે.

'**જૈસા હૈ વૈસા...**' એમ કહ્યું ને? તો '**જૈસા હૈ..**' એમાં શું કીધું? દ્રવ્ય-પર્યાયસ્વરૂપ-સત્તાસ્વરૂપ. એ '**જૈસા હૈ વૈસા...**' આહાહા..! '**વૈસા દેખે, જાને, શ્રદ્ધાન કરે...**' પાઠમાં છે ને? '**सम्मेण य सद्दहदि दव्वपज्जाया**' '**दव्वपज्जाया सम्मद्दंसण पस्सदि**' '**दव्वपज्जाया जाणदि णाणेण**' '**दव्वपज्जाया सम्मेण य सद्दहदि**' પછી '**परिहरदि चरित्तजे दोसे**' તો ચારિત્રના દોષ એને નાશ થાય. અસ્થિરતા ટળે અને ચારિત્ર થાય એમ કહે છે. જેને આ દર્શનશુદ્ધિ અને જ્ઞાનની શુદ્ધિ જ્યાં નથી ત્યાં ચારિત્ર ક્યાંથી આવે? આચરણ ક્યાંથી આવે? એમ કહે છે. એ અહીં તો જેમ હોય એમ એને જાણવું પડશે.

'**સો સર્વજ્ઞકે આગમસે...**' છે? એ સર્વજ્ઞના આગમથી '**વસ્તુકા નિશ્ચય કરકે...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે વસ્તુનું સ્વરૂપ જાણીને. અહીં તો એ માંડી છે વાતને. સર્વજ્ઞને જોયું, જાણ્યું એ વસ્તુનું સ્વરૂપ (અને) એણે કહ્યું એ. એની મેળાએ કલ્પના કરીને સર્વજ્ઞ જેના મતમાં નથી. જેના સંપ્રદાયમાં મતમાં પહેલો સર્વજ્ઞ જ નથી એના શાસ્ત્ર પણ ખોટા અને કહેલા પદાર્થો પણ ખોટા, એમ કહે છે. આહાહા..! કેમકે ભગવાન જીવનો સ્વભાવ જ સર્વજ્ઞ છે. અને એ સ્વભાવના પ્રગટ કરનારા પર્યાયમાં સર્વજ્ઞ અનાદિથી ચાલ્યા આવે છે. આહાહા..!

સર્વજ્ઞ, જીવનો સ્વભાવ જ સર્વજ્ઞ છે. સ્વભાવ-શક્તિ. તો પછી પ્રગટ કરનારા એના પર્યાયમાં સર્વજ્ઞ હોય છે. એવું જેની સંપ્રદાયની, માન્યતામાં નથી એને તો સર્વજ્ઞસ્વભાવી જીવની શ્રદ્ધાની નથી ખબર. સર્વજ્ઞપર્યાય પ્રગટેલા જીવ છે એની નથી ખબર. એમણે કહેલા શાસ્ત્રો તે આગમ છે એની નથી ખબર. એમણે કહેલા પદાર્થ તે પદાર્થ છે એમ નથી એને ખબર. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- બહુ વાત થઈ.

ઉત્તર :- બહુ વાત કરી?

**'સર્વજ્ઞકે આગમસે વસ્તુકા નિશ્ચય કરકે...'** કારણ કે દ્રવ્ય અને પર્યાય એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે કોણ? આહાહા..! સંમતભદ્રાચાર્યે કહ્યું ને, પ્રભુ! સમય એક અને ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ. આહાહા..! અનંતા ગુણની એક સમયમાં ઉત્પન્ન થતી પર્યાય, અનંતા ગુણની એક સમયની પર્યાય હતી તેનો વ્યય અને અનંતા ગુણનું ધ્રુવપણે સદશપણે રહેવું, સમય-કાળ એક, સમયનો કાળ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને એમાં ત્રણને જાણે એ સર્વજ્ઞ સિવાય હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમય તે કેટલો? 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. એમાંનો એવો એક સમય ઓહોહો..! અને જાણે દ્રવ્યના ત્રણ અંશ. અનંતા દ્રવ્યના ત્રણ અંશ એક સમયમાં જાણે. આહાહા..! એ સર્વજ્ઞનું સ્વરૂપ છે.

જેને સર્વજ્ઞ જ હજી કેવા અને સર્વજ્ઞનું શું સ્વરૂપ છે? ખબર નથી, એના આગમ પણ ખોટા અને એના પદાર્થો પણ ખોટા. આ વાત છે. આહાહા..! કેમકે ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છે. બાર ભાવના લીધી ને બાર ભાવના. ધર્મ ભાવના છે. વાત સાચી છે. કારણ કે જેણે આ ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં ત્રણ અવસ્થાઓ, ત્રણ અવસ્થા. (ધ્રૌવ્ય), પર્યાય (મળીને) ત્રણ અવસ્થા છે. એવી અનાદિ-અનંત. એક સમયમાં ત્રણ એવા અનંતા દ્રવ્યની અને એવા અનાદિ અનંતી. જેને એક સમયમાં જાણવામાં આવે એવો જ સર્વજ્ઞપર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ એના કહેલા આગમો. સર્વજ્ઞ સિવાય અજ્ઞાની બધું જાણ્યું નથી એ કહેવા માંડે આમ વસ્તુ છે ને આમ વસ્તુ છે, એ બધી કલ્પનાના ઘોડા. આહાહા..!

**'સર્વજ્ઞને આગમસે...'** હવે સર્વજ્ઞ સિદ્ધ કર્યું અને એના આગમ વાણી. વાણીવાળા અરિહંતવાળા સર્વજ્ઞ લેવા છે ને અહીં? સિદ્ધને કાંઈ વાણી નથી. સર્વજ્ઞના આગમ અરિહંતે કહેલા શાસ્ત્રો. આહાહા..! એમાં જે વસ્તુનું નિશ્ચય એનો પદાર્થ એમ. સર્વજ્ઞના આગમમાં વસ્તુ એટલે પદાર્થ. જેવી સર્વજ્ઞના આગમમાં પદાર્થ અને વસ્તુનું સ્વરૂપ કહ્યું, એનો **'નિશ્ચય કરકે...'** આહાહા..! તો તો પહેલું કહ્યું હતું વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-પર્યાય છે એમ કહ્યું. આહાહા..! પદાર્થ એમ છે જ નહિ. કેવળીનો પદાર્થ, એનો સ્વભાવ એક સમયમાં જ્ઞાન દર્શન સાથે લે છે. સમજાણું કાંઈ? ઘણો ફેર છે અત્યારે.

**'સર્વજ્ઞકે આગમસે વસ્તુકા નિશ્ચય કરકે...'** જોયું! સર્વજ્ઞે કહેલા સિદ્ધાંતથી વસ્તુનો નિર્ણય કરીને. આહાહા..! **'આચરણ કરના.'** પછી આચરણ થાય.

મુમુક્ષુ :- નિશ્ચય કરકે... વ્યવહાર...

ઉત્તર :- નિશ્ચય સમ્યક્. નિશ્ચય વ્યવહાર-ફ્યવહાર કેવા?

મુમુક્ષુ :- ... વ્યવહાર થાય.

ઉત્તર :- એ નહિ.. નહિ.. એ આગમથી કહ્યું, પણ એણે નિશ્ચય કર્યો છે નિશ્ચયથી. આગમે કહ્યું એ તો એણે લક્ષમાં લીધું પહેલું. પણ લક્ષમાં લઈને નિર્ણય કર્યો છે નિશ્ચયથી પોતે. સમજાણું કાંઈ? આગમે કહેલા ભાવો, એનો નિશ્ચય કર્યો છે સ્વભાવથી. પરથી નહિ. એ વ્યવહાર નથી. આહાહા..! ભાવ આગમ. લ્યો ઠીક! દ્રવ્ય આગમમાંથી ભાવ આગમમાં કહેલા.

મુમુક્ષુ :- ભાવ આગમ એ પરિણમન હોય છે.

ઉત્તર :- એ પરિણમનની જ વાત છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! બહુ સારી ટીકા કરી છે. ટીકા બહુ સારી કરી, જયચંદ્ર પંડિતે. વસ્તુની સ્થિતિ આમ વર્ણવી. છે એમ એણે પ્રકાશ પાડ્યો.

'**નિશ્ચય કરકે આચરણ કરના.**' આ ચારિત્રની વાત છે. આ પણ નિશ્ચય ચારિત્રની વાત છે. કહેશે. ૧૯માં કહેશે જુઓ. '**एए तिण्णि वि भावा, हवंति जीवस्स मोहरहियस्स**' વ્યવહાર નહિ. જુઓ એ છે.

**एए तिण्णि वि भावा, हवंति जीवस्स मोहरहियस्स।**
**णियगुणमाराहंतो, अचिरेण य कम्म परिहरइ।।१९।।**

આહાહા..! ઓહોહો..! '**સર્વજ્ઞકે આગમસે વસ્તુકા નિશ્ચય કરકે આચરણ કરના.**' ચારિત્ર-સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર હોં. મોહરહિત સમ્યગ્દર્શન, મોહરહિત સમ્યગ્જ્ઞાન અને મોહરહિત ચારિત્ર- એની વાત છે આ. આહાહા..! વ્યવહાર તો શુભરાગ છે, મોહ છે. પરતરફનું... આહાહા..! '**વસ્તુ હૈ વહ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ હૈ.**' જુઓ પાછું આવ્યું. વસ્તુનું નિશ્ચય કરવો એમ કીધુંને ત્યાં? '**વસ્તુ હૈ વહ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ હૈ. દ્રવ્યકા સત્તા લક્ષણ હૈ...**' દ્રવ્યની સત્તા. દ્રવ્ય સત્‌લક્ષણ નથી આવતું? સત્‌દ્રવ્ય લક્ષણં. '**તથા ગુણપર્યાયવાન કો દ્રવ્ય કહતે હૈં.**' બેય. ગુણ પર્યાય દ્રવ્ય. એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ આવી ગયા. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' એ આવે છે જુઓ!

'**પર્યાય દો પ્રકારકી હૈ,...**' ગુણ અને પર્યાયવાન. ત્રિકાળી ગુણ અને અવસ્થાવાનને દ્રવ્ય કહીએ. આહાહા..! આવી જ વસ્તુ છે એવી એમના શબ્દોમાં વાચ્ય આવું જ આવ્યું છે. જેને સર્વજ્ઞપણું નથી, જેણે જોયું નથી એના વાક્યમાં શું આવે? આહાહા..! શ્રીમદ્‌માં કેટલીકવાર પહેલા શબ્દો આવા આવતા કે હે સર્વજ્ઞપદ હસ્તામળની પેઠે વરત વરત. આવે છે એમાં. ૩૦માં વર્ષ પછી સર્વજ્ઞ.. વિશેષ પાઠ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખબર છે ને. પછી વધારે આવે છે. વસ્તુ સર્વજ્ઞ બાપુ એથી શું? આહાહા..! વસ્તુ જે ત્રણ કાળ ત્રણ લોક જ્ઞેય છે તો એનો જાણનાર એક સમયની પર્યાયવાળો જ્ઞાતા હોય છે. જ્યારથી આ જ્ઞેય છે ત્યારથી સર્વજ્ઞ છે. જગતમાં ત્રિકાળી વસ્તુનો વિરહ નથી, એમ જગતમાં ત્રિકાળી વસ્તુને સમજનાર, જાણનારનો વિરહ નથી. આહાહા..! પરમેશ્વરનો વિરહ ક્ષેત્રથી ન હોય, સારા ક્ષેત્રથી. અહીં ભલે ન હોય પણ આ ક્ષેત્ર નહિ. હોય જ. આહાહા..! એવા સર્વજ્ઞનો જેને નિર્ણય નથી, એના કહેલા આગમની એને ખબર નથી, એણે કહેલા પદાર્થની સ્થિતિની એને ખબર નથી. એને જ સાચું ચારિત્ર હોઈ શકે નહિ એમ કહે છે. એ બધા ત્યાગી થાય, નગ્ન થાય, જંગલમાં ચાલ્યા જાય, પણ આ રીતે સર્વજ્ઞ અને એના કહેલા શાસ્ત્રો અને એના કહેલા પદાર્થ-વસ્તુ ઓહોહો..!

**'પર્યાય દો પ્રકારકી હૈ, સહવર્તી ઔર ક્રમવર્તી.'** પર્યાય એટલે ભેદ. દ્રવ્યમાં ગુણોને સહવર્તી ભેદ કહે છે. પર્યાયને ક્રમવર્તી ભેદ કહે છે. ક્રમે ક્રમે અંશ પડતો પડતો પર્યાય. એક સાથે. સાથે રહેનારા ભેદો. દ્રવ્ય વસ્તુ છે તે એકરૂપ. એમાં ગુણો છે એ અભેદરૂપે સાથે છે, ગુણ સાથે છે તેથી એનો એ ભેદ પડ્યોને એટલો? દ્રવ્યમાંથી ગુણ એમ. એથી સહવર્તી અને ક્રમવર્તી. સાથે રહેનારા ભાવો અને ક્રમે વર્તનારા ભાવો, બેને અહીં ગુણ અને પર્યાય કહે છે. આહાહા..!

**'સહવર્તીકો ગુણ કહતે હૈં ઔર ક્રમવર્તી કો પર્યાય કહતે હૈં...'** ભગવાન આત્મા કે પરમાણુમાં જે સાથે રહેલા અનંતાગુણ-ભેદને સહવર્તી પર્યાય કહે છે અથવા ગુણ કહે છે. અને અંશે ક્રમવર્તી. જુઓને આ વસ્તુ પણ એ જ છે. હવે ક્રમવર્તીમાં જ એની પર્યાય ક્રમે ક્રમે ક્રમે થાય એ એનો ક્રમવર્તી. આહાહા..! ધારાવાહી એનું પરિણમન, અનાદિ અનંતમાં ધારાવાહી. એમાં જે કાળે જે-તે એની ધારાવાહી એનું નામ ક્રમવર્તી કહેવાય. આમાં ભૂલ પાધરી પહેલેથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે કહે છે.

**'દ્રવ્ય સામાન્યરૂપસે એક હૈ...'** હવે વિશેષ કરે છે. વસ્તુ તરીકે-દ્રવ્ય તરીકે એક આમ સામાન્ય. **'તો ભી વિશેષરૂપસે છહ હૈં—'** ભગવાને છ દ્રવ્ય જોયા છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ કેવળજ્ઞાની પરમાત્માએ છ દ્રવ્ય જોયા છે. જાતિએ હોં! સંખ્યાએ અનંત. જાતિએ છ. જાત છ. ભગવાનના જ્ઞાનમાં જાતિએ છ દ્રવ્ય જોયા છે, સંખ્યાએ અનંત. સમજાય છે આમાં કાંઈ? જાતિ અને સંખ્યા સમજો છો? જાતિ અને સંખ્યામાં શું ભેદ? જાતિ નામ એક જાતના આત્મા, એક જાતના પરમાણુ એવા છ દ્રવ્ય. જાતિએ છ. સંખ્યાએ અનંત. જીવ અનંત. પરમાણુ અનંત, કાળાણુ અસંખ્ય, ધર્માસ્તિ, અધર્માસ્તિ એક.

મુમુક્ષુ :- એક જાતિ..

ઉત્તર :- જાતિ એક. એવી છ જાત. પછી સંખ્યા અનંત. આહાહા..!

એ દ્રવ્યના છ ભેદ કહ્યા. **'જીવ, પુદ્‌ગલ, ધર્મ,...'** ધર્માસ્તિકાય, **'અધર્મ,...'** અધર્માસ્તિકાય,

**'આકાશ ઔર કાલ.'** હવે **'જીવકે દર્શન-જ્ઞાનમયી ચેતના તો ગુણ હૈ...'** દર્શનમયી ચેતના એટલે દર્શન અને જ્ઞાન બેય લઈ લેવું ભેગું. દર્શનમયી ચેતના તો ગુણ ત્રિકાળ. અને **'મતિ આદિક જ્ઞાન...'** એ પર્યાય છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય, પર્યાયને સિદ્ધ કરે છે ને? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મનઃપર્યય, કેવલ્ય એ બધી પર્યાય છે. તેને દ્રવ્ય અને પર્યાયનું બેનું જ્ઞાન થયું એમ કહે છે. બેયની એને શ્રદ્ધા જોઈએ, બેયનું એને દેખવું જોઈએ એમ કહે છે. આહાહા..!

**'ક્રોધ, માન, માયા, લોભ આદિ...'** લ્યો! એ પર્યાય છે. એ પર્યાયમાં આવું હોય છે એવું એણે પહેલું જાણવું જોઈએ. જાણીને એને માનવું જોઈએ એમ કહે છે. આહાહા..! વિકારી પર્યાય છે એ દુઃખરૂપ છે એમ એણે જાણવું જોઈએ. આહાહા..! અને **'નર, નારકાદિ વિભાવપર્યાય હૈ,...'** ક્રોધ, માન આદિ. અને નર, નારકાદિ એ દ્રવ્ય વ્યંજનપર્યાય. આ અર્થપર્યાય. ક્રોધ, માન, માયા, લોભ એ અર્થપર્યાય અને નર, નારકાદિ એ વિભાવ પર્યાય. પણ એ છે. આ ચાર ગતિની દ્રવ્યની એ પ્રકારની આકૃતિનો પર્યાય છે. આહાહા..! એમ એ દ્રવ્ય અને પર્યાય બે સ્વરૂપે વસ્તુ છે. જ્યારે જ્યારે હોય ત્યારે તેના સ્વરૂપે જ છે એ. નરકમાં, મનુષ્યમાં હો તોપણ એ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. સિદ્ધમાં હોય તોપણ એ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. આહાહા..!

**'સ્વભાવપર્યાય અગુરુલઘુ ગુણકે દ્વારા...'** હવે સ્વભાવિક પર્યાયની વાત કરે છે. **'હાનિ-વૃદ્ધિકા પરિણમન હૈ.'** એ રીતે એને પર્યાયને ને દ્રવ્યને જેમ છે એમ જાણવું જોઈએ. કારણ કે દ્રવ્ય અને પર્યાય સત્તાસ્વરૂપ છે. વસ્તુ હોવાપણે આ રીતે છે. વસ્તુ હોવાપણે આ રીતે છે અને એ હોવાપણામાં દ્રવ્ય અને પર્યાય સત્તાપણે છે એ. આહાહા..! એમાં આ દ્રવ્ય તરીકે છ દ્રવ્ય, ગુણ તરીકે જીવનો દર્શન, જ્ઞાન ગુણ અને પર્યાય તરીકે મતિજ્ઞાન આદિની પર્યાય સ્વભાવિક, રાગાદિની અર્થપર્યાય વિભાવિક, નર-નારકીની વ્યંજન પર્યાય એ વિભાવિક. આહાહા..!

મુમુક્ષુ :- મતિ આદિ...

ઉત્તર :- કેવળજ્ઞાન કીધું ને. કેવળજ્ઞાન પર્યાય છે કીધું ને. કીધું હમણાં કીધું. હવે તો આ કહેવાઈ ગયું છે. ખ્યાલ આવે તો બધું આવી જાય છે અંદર. મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ્ય એ પર્યાય છે. ગુણ જેમ સર્વજ્ઞ અને સર્વદર્શી છે એમ કેવળજ્ઞાન, કેવળદર્શન પર્યાય છે. દ્રવ્ય પર્યાયાત્મક આ વસ્તુ છે. આમ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને અગુરુલઘુ સ્વભાવિક પર્યાય જીવની. ક્રોધ, માન અશુદ્ધતા, નર-નારકાદિક પણ વિભાવિક અશુદ્ધતા અને આ શુદ્ધ પર્યાય સ્વભાવિક. એમ દ્રવ્ય અને પર્યાયનું સત્તાસ્વરૂપ વસ્તુ છે. એવું એણે દેખવું, જાણવું અને શ્રદ્ધવું એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આચાર્ય પોતે કહે છે એની આ તો ટીકા છે. ઘરનું નથી કહેતા. આહાહા..! તેથી કહ્યું ને સર્વ કથંચિત્ નયથી શ્રદ્ધવું, જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. સર્વ નયોથી. જે નય છે તે રીતે તેને...

મુમુક્ષુ :- નયો તો કેટલા રહ્યા કે દિ' અમારે પૂરા કરવા?

ઉત્તર :- પૂરા ક્યાં કરવા છે? ટૂંકામાં બધો સાર છે. દ્રવ્ય અને પર્યાય. દ્રવ્ય શુદ્ધ છે. પર્યાય શુદ્ધ-અશુદ્ધ બેય છે. કોકને એકલી શુદ્ધ છે. કોકને શુદ્ધ અને અશુદ્ધ બે છે અને કોકને એકલી અશુદ્ધ છે. શુદ્ધમાં પણ થોડી ... આહાહા..! ભાઈ આ તો જેને આખું તત્ત્વને ઝીલવું છે દૃષ્ટિમાં, જ્ઞાનમાં, તો એને આ જાણવું પડશે. આહાહા..! એ જ્યાં વિશેષ જાણવાના બીજામાં રોકાય છે એને ઠેકાણે આ જાણવામાં એને પ્રયત્ન કરવો પડશે ને. આહાહા..! એ વિના એને દૃષ્ટિ શુદ્ધતા કેમ પ્રગટશે? એકાંત માની લે દ્રવ્ય જ. એકાંત માની લે પર્યાય જ. વિભાવ જ માની લે ને સ્વભાવ નહિ, સ્વભાવ જ માની લે ને વિભાવ નહિ. એ વસ્તુની સિદ્ધિ નહિ થાય એને. આહાહા..!

અહીં તો વિભાવ વિકાર છે અને એ વિકાર તે દુઃખ છે એમ પર્યાયમાં જ્ઞાન એણે બરાબર કરવું પડશે. એવા જ્ઞાનસહિત એણે શ્રદ્ધા કરવી પડશે. આહાહા..! જે આવે ત્યારે તો બધા એના ગાણા ગવાય કે નહિ? વસ્તુસ્થિતિ છે એ. જ્યારે એને દ્રવ્ય દૃષ્ટિનો વિષય... દ્રવ્યદૃષ્ટિ પોતે પર્યાય છે દૃષ્ટિ, પણ એનો વિષય તો અભેદ અખંડ, એમાં ગુણગુણીનો ભેદ પણ નથી પણ એનો વિષય કરનારને પર્યાય છે એવું લક્ષ તો જ્ઞાનમાં આવ્યું છે.

મુમુક્ષુ :- ઓલું ખંડ જ્ઞાન નથી, અખંડ જ્ઞાન છે પછી શું હવે?

ઉત્તર :- એ ખંડ જ્ઞાન પણ છે. એવું લક્ષમાં છે.

મુમુક્ષુ :- અખંડ નિરાવરણ...

ઉત્તર :- એ નિરાવરણ તો ત્રિકાળની અપેક્ષાએ, પણ થોડું આવરણવાળું છે કે નહિ?

મુમુક્ષુ :- .. નથી પણ એમ આવ્યું.

ઉત્તર :- એ એમાં નથી. એમાં છે ને. એની સત્તા આખામાં છે કે નહિ? દ્રવ્યસત્તામાં નથી. પણ દ્રવ્ય-પર્યાયરૂપ સત્તામાં એ બે છે કે નહિ? ભાઈ આ તો વીતરાગમાર્ગ છે. કોઈ કલ્પીને માંડે એવું અહીં ચાલે એવું નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ ઝીણી વાત છે, પણ એને માનવી પડશે ને. અરેરે..! ચોર્યાસીના અવતારમાં દુઃખી થયો. આહાહા..! કેન્સર થાય અને એ પીડા. દવા ખાય નહિ, હવા નખાય નહિ, ખવાય નહિ. આહાહા..! દુઃખનો પાર ન હોય, અહીં પાણી નાખે તો રાડ નાખી જાય. અરે..! બાપુ! આ શું છે ભાઈ! તારી દશામાં દુઃખના દરિયા ઉછળ્યા ઉછળ્યા. એ દુઃખ છે એવું એણે જ્ઞાન કરવું પડશે. સ્વરૂપમાં આનંદ છે એનું એણે જ્ઞાન બેય કરવું પડશે.

મુમુક્ષુ :- એનું દુઃખ નથી...

ઉત્તર :- દુઃખ નક્કી કર્યા વિના. વિકલ્પમાં દુઃખ ભાસે તો નિર્વિકલ્પ થવા પ્રયત્ન કરે. છે કે નહિ એમાં? સોગાનીમાં છે કે નહિ? આ તમારે દ્રવ્યની ભાષા એની. એય..! એમાં છે. કે વિકલ્પમાં દુઃખ ભાસે તો આનંદ શોધવા અંતર જાય. છે કે નહિ એમાં? બધું એણે કહ્યું છે. એકાંત નથી. એણે જે કહ્યું એ. સમજાણું કાંઈ? આહાહા..! પણ જેને વિકલ્પમાં જ દુઃખ ન ભાસે એ અંતરમાં આનંદ શોધવા

શું કરવા જાય? આહાહા..!

આકુળતા ભાસે તો નિરાકુળતત્ત્વ ભગવાન આત્મા પ્રત્યે દૃષ્ટિ કરે. તો તેમાંથી નિરાકુળતા પ્રગટ થાય. આહાહા..! બહુ સારી વાત છે. ઓહોહો..! એમ કાંઈ એક હળદરનો ગાંઠીયો પકડીને ગાંધી થવાય એવું નથી. એમ અહીં કહે છે. સમજતે હૈ ન વહ? નહીં સમજતે હૈ યહ ક્યા હૈ? હળદર હળદર તમારે ભાષામાં હશે. હલદી ગાંઠીયા પકડે તો ગાંધી. તુમ્હારેમેં હોગા કુછ. ક્યા? દૃષ્ટાંત.

મુમુક્ષુ :- હલ્દી.. તો કંસારી હો જાયે.

ઉત્તર :- એ.

મુમુક્ષુ :- હલ્દીકી ગાંઠ મિલ જાય તો કંસારી માન લે.

ઉત્તર :- હા એ. એ. એ તો બધે કહેવતમાં ફેર નથી. અમારે કાઠિયાવાડમાં આ કહે. હળદરનો ગાંઠીયો અને થઈ ગયો ગાંધી. એક ગાંઠીયે નહિ, પણ ઘણાં હળદર હોય અને ઘણી જાતની ચીજો હોય એ જાતની ત્યારે ગાંધી કહેવાય. એક હળદરના ગાંઠીયે તો નહિ પણ હળદરની ગુણુ ઘણી હોય, અને ધાણા, જીરું, કોકમ એવી બધી ઘણી ચીજો હોય ત્યારે ગાંધી કહેવાય. અમારે રાખતા હતા ત્યાં. અત્યારે રાખ્યા ને. એ વખતે રાખતા અમારે. ખાનામાં. ધાણા, જીરૂ. અત્યારે મોટો વેપાર છે. નમૂના રાખે. વખારમાં બધો માલ પડ્યો હોય. નમૂના રાખે. આમ ડબા રાખે. ડબામાંથી નમૂનો આપે. આ આવશે. મોટી ચીજ જોતી હોય તો વખારમાં. આહાહા..!

કહે છે કે એને દ્રવ્ય-પર્યાયસ્વરૂપ જીવ છે એને જાણવો જોશે. જેવો છે તેવો દેખવો અને શ્રદ્ધવો જોઈશે. ત્યારે એ જીવ કેવો છે? કે દર્શન, જ્ઞાનના ગુણરૂપ છે. ... અને મતિજ્ઞાન, કેવળજ્ઞાન આદિ પર્યાયરૂપ છે અને રાગાદિ, ક્રોધાદિ વિકારરૂપ અશુદ્ધ અર્થપર્યાયરૂપ છે અને નર, નારકાદિ ગતિરૂપે વિભાવ વ્યંજનપર્યાયરૂપ છે. અને અગુરુલઘુ તરીકે સ્વભાવપર્યાયરૂપ છે. આહાહા..! ત્યારે એ સત્તાનું સ્વરૂપ પૂરું થાય છે. દ્રવ્ય-પર્યાય સત્તા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. જ્ઞાન કરવાનું.. વિકલ્પ તો ઉઠે કે નહિ?

ઉત્તર :- જ્ઞાન જાણવાનો વિકલ્પ ન ઉઠે. જ્ઞાનનો સ્વભાવ છે એ તો જાણવું. ત્રણ કાળ ત્રણ લોક જાણે કેવળી. તો વિકલ્પ છે? આહાહા..!

એ જીવની વાત કરી. જીવની સત્તા દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. તો દ્રવ્ય-પર્યાયસ્વરૂપ કઈ રીતે છે એનું આ વર્ણન કર્યું. હવે છએ દ્રવ્યની શ્રદ્ધા જોઈએ ને એને? આહાહા..! કેમકે દ્રવ્યની એક પર્યાય, જ્ઞાનની એક પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાત છે. તો એ છ દ્રવ્ય માને ત્યારે તો એક પર્યાય એણે તો માની.

મુમુક્ષુ :- એક સમયની પર્યાય.

ઉત્તર :- એક સમયની પર્યાય. આહાહા..! એવી અનંતી પર્યાયનો એક ગુણ અને અનંત ગુણનો પિંડ તે એક દ્રવ્ય. આવી એની પર્યાયની તાકાત છે. જીવની એક સમયની એક પર્યાય જ્ઞાનની એમાં

જે છ દ્રવ્યો છે તેને જાણવાની એની તાકાત છે (કે) એને જ્ઞેય કરીને જાણે, એવો સ્વભાવ છે. એટલે છ દ્રવ્ય માને ત્યારે એને એક સમયની પર્યાય બરાબર માની. છ દ્રવ્ય ન માને તો એક સમયની જીવની પર્યાય પણ એણે માની નથી. આહાહા..! ઓહોહો..! ઘણું ગંભીર ભાવ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હવે સમજ્યાને એ હળદરના ગાંઠીયાનું? અમારો દાખલો ગુજરાતી આવે તો મૂંઝાઈ જાય. પણ તમારામાં એ દાખલો હોય બધે. ભાષા ફેર હોય. ભાષા પણ...

હવે પુદ્ગલ. '**પુદ્ગલ દ્રવ્યકે...**' પુદ્ગલ દ્રવ્ય. ઓલાની જેમ જીવ દ્રવ્ય. એના જ્ઞાન, દર્શન આદિ ગુણ અને સ્વભાવિક, વિભાવિક પર્યાય. એમ આ પુદ્ગલ દ્રવ્ય હવે વસ્તુ. એનો '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ મૂર્તિકપના તો ગુણ હૈ...**' કાયમ. '**ઔર સ્પર્શ, રસ, ગંધ, વર્ણકા ભેદરૂપ પરિણમન...**' પર્યાય વર્તમાન એ પર્યાય. '**તથા અણુસે સ્કંધરૂપ હોના...**' એ વિભાવિક દ્રવ્ય પર્યાય. '**તથા શબ્દ, બંધ આદિરૂપ હોના ઈત્યાદિ પર્યાય હૈ.**' એ વિભાવિક પર્યાય. આહાહા..!

'**ધર્મ-અધર્મ દ્રવ્યકે...**' ધર્માસ્તિ, અધર્માસ્તિ દ્રવ્ય. '**ગતિહેતુત્વ,...**' એનો ગુણ. '**સ્થિતિહેતુત્વપના તો ગુણ હૈ ઔર ઈસ ગુણકે જીવ-પુદ્ગલકે ગતિ-સ્થિતિકે ભેદોંસે ભેદ હોતે હૈં...**' પર્યાયમાં. આહાહા..! '**વે પર્યાય હૈં તથા અગુરુલઘુ ગુણકે દ્વારા હાનિ-વૃદ્ધિકા પરિણમન હોતા હૈ જો સ્વભાવપર્યાય હૈ.**' લ્યો! બધામાં લઈ લેવું પુદ્ગલમાં. પહેલા ગુણમાં તો નાખ્યું છે. પુદ્ગલમાં નહોતું નાખ્યું. પાછળ નાખીને ભેગું કરી દીધું. જીવમાં તો નાખી દીધું પહેલું.

'**આકાશકા અવગાહના ગુણ હૈ...**' હવે આકાશ પદાર્થની વ્યાખ્યા કરે છે. '**જીવ-પુદ્ગલ આદિકે નિમિત્તસે પ્રદેશભેદ કલ્પના કિયે જાતે હૈં વે પર્યાય હૈં...** ' દ્રવ્ય-પર્યાય. ક્ષેત્ર. દ્રવ્ય-પર્યાય. '**હાનિ-વૃદ્ધિકા પરિણમન વહ સ્વભાવ પર્યાય હૈ.**' હાનિ-વૃદ્ધિ પર્યાયમાં થાય છે ને? ષટ્ગુણ હાનિ. આનું કેટલું યાદ રહે આ? બુદ્ધિ ટૂંકી ને. બુદ્ધિ ટૂંકી નથી. ઘણી છે પણ મારાને.. દરકાર ક્યાં કરે છે? આહાહા..! શરીરની સંભાળ કેવી રાખે છે? આવા તડકે છત્રી ઓઢીને ચાલે એ કેવા દરકારવાળા હશે? આ શિયાળોનો તડકો નવ વાગ્યાનો. સાડા નવ થયા. છત્રી ઓઢીને ચાલે. ગજબ કરી આ તો ભારે. આ જ્યારે દુઃખ થાશે, રોગ આવશે તો શું કરશે આ?

મુમુક્ષુ :- આપની નજર બહુ...

ઉત્તર :- એ શિયાળાનો તડકો. આ માગશર છે આ. હવે એનો નવ વાગ્યોનો તડકો તે છત્રી ઓઢીને ચાલે માથે. ભારે વાત ભાઈ આ તો! ગાંડપણ . બેઠું. એ ગાંડા દેખાય. પાગલ લાગે. કાંઈ ભાન જ નથી કે આ શું કરું છું અને શું થાય છે અને ક્યાં થાય છે? એ તો આંધળી દોડે એમ ને એમ ચાલે જાય. આહાહા..! એને જ્યારે વીંછીના કરડ થાય. રાડ નાખી જાશે હાય.. હાય... એય..! આહાહા..!

અહીં તો કહે છે કે ભાઈ! વસ્તુની સ્થિતિ શું છે એ જાણ ભાઈ! આહાહા..! છ દ્રવ્યની વાત કરી

ભેગી. આકાશની કરી. પછી કાળ. કાળદ્રવ્ય વસ્તુ છે એક. વર્તના એનો ગુણ છે. '**ઔર જીવ ઔર પુદ્‌ગલકે નિમિત્તસે સમય આદિ કલ્પના સો પર્યાય હૈ...**' પર્યાય એની એક સમયની પર્યાય અને આમાં એક, બે, ત્રણ, ચાર ભેગા કર્યા... એ બધો વ્યવહાર... આ દિવસ-રાત્રી. '**ઉસકો વ્યવહાર કાલ ભી કહતે હૈં તથા હાનિ-વૃદ્ધિકા પરિણમન વહ સ્વભાવપર્યાય હૈ ઈત્યાદિ.** ' અગુરુ લઘુ. '**ઈનકા સ્વરૂપ જિન-આગમસે જાનકર...**' દેખો! લ્યો છેલ્લું આ લીધું પાછું. આનું સ્વરૂપ જિન આગમમાં આવું છે. જિન આગમ સિવાય આવી વાત ક્યાંય હોતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં પણ કાળદ્રવ્ય માન્યું નથી. એથી આગમ જ સાચા નથી. એણે કહેલા પદાર્થો સાચા નથી. આહાહા..! બહુ ઝીણી વાત. આકરું કામ બહુ. જગતથી અતડા થઈને જુદું જાણે ત્યારે કામ આવે.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરના કહેલા આગમો એમાં છ દ્રવ્યનું ગુણ-પર્યાયનું વર્ણન છે એવું વર્ણન બીજે હોઈ શકે નહિ. આહાહા..! પણ હવે અમારે અહીં ધંધા કરવા, રળી ખાવું કે આ કરવું અમારે? એય..! આ બાયડી, છોકરાને .. નિભાવવા અમારે. ઘરે આઠ-આઠ, દસ-દસ માણસો અને અહીં ૨૦૦-૩૦૦ માંડ મહિને મળતા હોય. હવે એમાં આ મોંઘવારી. હવે એમાં કહે તમે આવું જાણપણું કરો. અમારે ક્યાંથી વખત કાઢવો?

મુમુક્ષુ :- એ ક્યારે કરે?

ઉત્તર :- પણ આ મરવા વખત મળશે કે નહિ? રોગ આવે તો છ મહિના ખાટલે પડ્યો નથી રહેતો? હાય.. પગ ભાંગી ગયો. આ કડમાં શું કહેવાય? મણકો. કડમાં મણકો કાંઈક થાય છે ને? એવું કહે છે. મણકો..

મુમુક્ષુ :- .. ચડી જાય છે.

ઉત્તર :- એ ચડી જાય, પણ એક મણકો પડે આમાં. તો દુકાને પણ જવાય નહિ. આ કરી લેને આ. રોગમાં નિવૃત્તિ લે. કાલ કોક કહેતું હતું એક રોગ. .. કોકને

'**જિન-આગમસે જાનકર દેખના,...**' જાનકર દેખના એમ. .. સત્તા. '**જાનના,...**' '**જાનકર દેખના,...**' જાણ્યા વિના પણ દેખે કોણ? શી રીતે? સત્તામાં. '**જાનના, શ્રદ્ધાન કરના,...**' દેખો! '**ઈનકા સ્વરૂપ જિન-આગમસે જાનકર દેખના, જાનના, શ્રદ્ધાન કરના,...** ' આ નિશ્ચય શ્રદ્ધાની વાત છે હોં. તેથી કહે છે, મોહરહિતની વાત છે. એ છ દ્રવ્યની શ્રદ્ધા એ તો પર્યાયની શ્રદ્ધા જાણતા પર્યાય એમાં આવી જાય છે અને એ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ સત્તા છે એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા પર્યાયનું લક્ષ તો રાખ્યું જ છે જ્ઞાનમાં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જુદી. એ તો ભેદવાળીની વાત છે. એ ભેદથી વાત છે. આ અભેદથી, નિશ્ચયથી વાત

છે. ખબર છે ને. 'જીવાદિ સદ્દહણં સમ્મતં' આવે છે ને. ખબર છે ને. એ તો વ્યવહારની વાતું છે. અહીં તો દ્રવ્ય, પર્યાય એવો જે સત્તાસ્વરૂપ આત્મા એની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી પર્યાય એને માનવી અને શ્રદ્ધવી એમ ભેગું લેવું. આહાહા..!

છ દ્રવ્ય, તો છ દ્રવ્ય ઉપર નહિ એની પર્યાય જીવની એક સમયની ... કારણ કે જીવ સત્તાસ્વરૂપ દ્રવ્યપર્યાય સ્વરૂપ છે. તો દ્રવ્ય તો ત્રિકાળ છે, આ ગુણ પણ ત્રિકાળ. હવે એક પર્યાયમાં એટલી તાકાત છે કે છ દ્રવ્યને જાણવાનો સ્વભાવ એની એક પર્યાયનું એટલું સામર્થ્ય છે. તો એની પર્યાય અને દ્રવ્યને બેને આ રીતે દેખે, જાણે અને શ્રદ્ધે તો ચારિત્ર શુદ્ધ થાય. આહાહા..! આવી ગયું એમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! .. આવી છે. બહુ સારી વાત છે. ઓહોહો..!

એ '**જિન-આગમસે જાનકર દેખના, જાનના, શ્રદ્ધાન કરના, ઈસસે ચારિત્ર શુદ્ધ હોતા હૈ.**' તો એને ચારિત્ર-સ્વરૂપની રમણતા શુદ્ધ હોય. જેને દ્રવ્ય-પર્યાયની ખબર જ નથી એને ચારિત્ર હોય ક્યાંથી? આહાહા..! ભારે વાત ભાઈ! '**બિના જ્ઞાન, શ્રદ્ધાનકે આચરણ શુદ્ધ નહીં હોતા હૈ,...**' જેને આવું દ્રવ્ય અને પર્યાયનું આ રીતે સ્વરૂપ છે એવું જેને જ્ઞાન નથી, શ્રદ્ધા નથી એના '**આચરણ શુદ્ધ નહીં હોતા હૈ,...**' આહાહા..! એવડો આત્મા એક સમયની પર્યાયવાળો, જેમાં છ દ્રવ્ય જણાય એવો એક સમયનો પર્યાય, એવડા પર્યાયને જે માને નહિ અને એથી અનંતગણુ દ્રવ્ય છે એમ માને નહિ, એને આચરણ શુદ્ધતા હોઈ શકતી નથી. આહાહા..! '**ઈસ પ્રકાર જાનના.**' લ્યો! બહુ સારી વાત છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૫, શુક્રવાર તા. ૩૦-૧૧-૧૯૭૩**
**ગાથા - ૧૯, ૨૦, ૨૧, ૨૨, પ્રવચન - ૫૫**

૧૯મી ગાથા. '**આગે કહતે હૈં કિ યે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તીન ભાવ મોહરહિત જીવકે હોતે હૈં,...**' નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે આ. '**ઈનકા આચરણ કરતા હુઆ શીઘ્ર મોક્ષ પાતા હૈ :—**' કાલે પ્રશ્ન હતો ને કે ભાઈ આ છ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાય એ તો બધો વ્યવહાર થઈ ગયો. ચેતનજી! ત્યારે અહીં તો નિશ્ચય છે. છ દ્રવ્યનું જે છે એ તો પર્યાયમાં જ્ઞાન આવી જાય છે અને પર્યાયનું જ્ઞાન રાખીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. તેથી નિશ્ચય સમ્યગ્દર્શન અને નિશ્ચય સમ્યગ્જ્ઞાનની આ વાત છે. સમજાણું?

મુમુક્ષુ :- આ શુદ્ધ

ઉત્તર :- હા શુદ્ધ. મોહરહિત છે ને.

एए तिण्णि वि भावा, हवंति जीवस्स मोहरहियस्स।
णियगुणमाराहंतो, अचिरेण य कम्म परिहरइ।।१९।।

'**અર્થ :- યે પૂર્વોક્ત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીન ભાવ હૈં,...**' ભાવ શબ્દે એ પર્યાય છે ત્રણ. પર્યાયને પણ ભાવ કહે છે, ગુણને પણ ભાવ કહે છે, દ્રવ્યને પણ ભાવ કહે છે. જ્યાં જે યોગ્ય લાગે ત્યાં તે સમજવું. સમ્યગ્દર્શન આત્મા અખંડ પરિપૂર્ણની અંતર પ્રતીતિ, જ્ઞાનના ભાનમાં એનું જ્ઞાન અને એમાં રમણતા એ ત્રણ પર્યાય છે. '**યે નિશ્ચયસે મોહ...**' રહિત '**મોહ અર્થાત્ મિથ્યાત્વરહિત જીવકે હી હોતે હૈં,...**' જીવની પર્યાયમાં આ ભાવ થાય છે. મિથ્યાત્વરહિત-ભ્રમણા રહિત આ પર્યાય જીવની દશામાં થાય છે. જીવ અનંતગુણનો પિંડ પ્રભુ, એને આશ્રયે દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય એ જીવની પર્યાયમાં છે.

'**તબ યહ જીવ અપના નિજગુણ જો શુદ્ધ દર્શન-જ્ઞાનમયી ચેતનાકી આરાધના કરતા હુઆ...**' પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોહરહિત પર્યાય એ નિજ ગુણનું આરાધન કરતો. પરદ્રવ્ય સર્વજ્ઞદેવ આદિ ગુરુ એમ નહિ. નિજગુણનું આરાધન. પોતે શુદ્ધદર્શન, શુદ્ધ જ્ઞાનમય ચેતના એની આરાધના કરતા હુઆ '**થોડે હી કાલમેં કર્મકા નાશ કરતા હૈ.**' પોતાનો આનંદ અને શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એનું આરાધન કરતો, એની સેવા કરતો, શુદ્ધ ચૈતન્યમાં એકાગ્ર થતો, અલ્પકાળમાં મુક્તિને પામે છે. લ્યો આ મોક્ષમાર્ગ પણ આ કહ્યો. પરદ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન આદિ એ બધો રાગ છે. એ કંઈ મોક્ષનું કારણ નથી. પોતાના ગુણનું આરાધન. કેમકે ગુણરૂપ એવી વસ્તુ એની પ્રતીતિ, જ્ઞાન અને એમાં રમણતા એ તો ગુણનું આરાધન છે. વિકાર, નિમિત્ત એનું આરાધન એ નથી.

પોતાના શુદ્ધ સ્વભાવની સન્મુખની દશા એ સ્વભાવનું આરાધન છે. આહાહા..! એવું આરાધન કરતો '**अचिरेण**' થોડા કાળમાં નાશ કરે છે લ્યો. એમાં કાંઈ એમ ન આવ્યું કે ક્રમબદ્ધ આવીને કાળે કરશે મોક્ષ. આ તો '**अचिरेण**' થી થાય છે એમ કીધું. થોડા કાળમાં. તો કાળ ક્રમબદ્ધ ઉડી ગયો કે નહિ? બદલે શું? એની સ્થિતિ જ એટલી છે એમ કહેવું છે. વસ્તુનું જ્ઞાનગુણ આદિ, આનંદગુણનું આરાધન કરતા અલ્પકાળમાં જ એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે એમ કહે છે. એનું એ ક્રમબદ્ધ છે. આહાહા..! લોકો શબ્દ કાંઈક આવે ત્યાં મૂંઝાય છે. એને હવે કાળ લાંબો નથી કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનો, એમ કહેવું છે. આહાહા..! સમજાણું? સમ્યગ્દર્શન અને જ્ઞાન બે જ હોય ત્યાં સુધી એને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાને લાંબો કાળ છે. પણ ત્રણ ભેગા થઈને આ ગુણનું આરાધન કરે એને તો કેવળજ્ઞાન થવાનો અલ્પકાળ જ છે એમ કહે છે. '**કાલમેં કર્મ કા નાશ કરતા હૈ.**' લ્યો!

'**ભાવાર્થ :- નિજગુણકે ધ્યાનસે...**' દેખો! ભગવાન પૂર્ણ શુદ્ધ આનંદ, શુદ્ધ ગુણનું ધામ તે ગુણનું ધ્યાન કરવાથી.. એ ગુણનું ધ્યાન કરવાથી એટલે ગુણમાં એકાગ્ર કરવાથી '**શીઘ્ર હી કેવલજ્ઞાન ઉત્પન્ન કરકે...**' અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને '**મોક્ષ પાતા હૈ.**' લ્યો! આ મોક્ષનો ઉપાય આ

ચારિત્રનો અધિકાર છે ને અહીંયા? સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનું ચારિત્ર એ ત્રણ જ્યાં થયા એટલે અલ્પકાળમાં એને કેવળજ્ઞાન પ્રાપ્તિ થાય. એ ગુણનું આરાધન કરવાથી, એમ. ત્રણનું ભેગું કરીને એમ કહ્યું છે. ત્રણનું ભેગું કરીને એમ કહ્યું કે ત્રિકાળી ગુણનું આરાધન. એમ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર એટલે ત્રિકાળી ગુણનું આરાધન. આહાહા..! સમજાણું કાંઈ?

પહેલા દર્શન, જ્ઞાન લીધા. પછી કહ્યું નિજગુણ આરાધન. એટલે કે એ ત્રણે નિજગુણ સ્વરૂપ ભગવાન પૂર્ણ સર્વજ્ઞ પૂર્ણ આનંદ એવા ગુણની અંતરની એકાગ્રતા એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિજગુણના આરાધનથી કેવળ થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ એક જ ઉપાય છે.

ઉત્તર :- માર્ગ તો જે હોય એ હોય ને. બીજો કાંઈ (માર્ગ નથી), માર્ગ જ આ છે. પોતે પરમાત્મસ્વરૂપ જ શુદ્ધ ચૈતન્ય છે. અતીન્દ્રિય આનંદનો નાથ, એનું સેવન, એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે આવી ગયા અંદર. એના સન્મુખની દૃષ્ટિ, સન્મુખનું જ્ઞાન અને સન્મુખમાં રમણતા. આહાહા..! એ જ નિજ ગુણનું સેવન છે. એ નિજગુણનું આરાધન છે, એ નિજગુણની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રદશા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આગે ઈસ સમ્યક્ત્વચરણ ચારિત્રકે કથનકા સંકોચ કરતે હૈં :— '**

**संखिज्जमसंखिज्जगुणं, च संसारिमेरुमत्ता णं।**
**सम्मत्तणुचरंता, करेंति दुक्खक्खयं धीरा।।२०।।**

આહાહા..! ધીરાનું કામ છે આ તો ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમકિતચરણને અહીંયા હવે પુરૂ કરે છે, એમ. પછી ચારિત્રચરણને લેશે. પછી આવશે ને તરત જ છે. '**दुविहं संजमचरणं**' સમકિતચરણને અહીં પૂરું કરે છે.

'**અર્થ :- સમ્યક્ત્વકા આચરણ કરતે હુએ...**' શુદ્ધ સ્વભાવ પવિત્ર, એનું આચરણ કરતો સમકિતી. લ્યો! '**સમ્યક્ત્વકા આચરણ કરતે હુએ...**' એ સમ્યગ્દર્શનનું આચરણ એટલે ત્રિકાળ સ્વરૂપનું આરાધન એ સમ્યદર્શનનું આચરણ. '**ધીર પુરુષ...**' ધીરા પુરુષ. આ તે વિકલ્પ ઉઠાવીને કાંઈ વાદવિવાદ, એમાં એ છે નહિ કાંઈ. પ્રવૃત્તિ કાંઈ કરવી, મહાવ્રત પાળવા કે. આહાહા..! સ્વરૂપને દૃષ્ટિમાં લઈને અંદર ઠરવું છે. એ તો ધીર પુરુષનું કામ છે. ધીરનો અર્થ કર્યો છે. ધી એટલે બુદ્ધિ. જ્ઞાનની પ્રેરણા, સ્વભાવ સન્મુખ થાય તેને ધીર કહેવામાં આવે છે. 'ધી' એટલે બુદ્ધિ અને 'ર' એટલે પ્રેરવું. પોતાના જ્ઞાનની પ્રેરણા સ્વસ્વભાવ સન્મુખ થવી એને અહીંયા ધીર કહેવામાં આવે છે. એવા ધીરોનું આ કામ છે કહે છે. આહાહા..!

એ '**ધીર પુરુષ સંખ્યાતગુણી તથા અસંખ્યાતગુણી કર્મોંકી નિર્જરા કરતે હૈં...**' સમ્યગ્દર્શન

ઉત્પન્ન થતાં અસંખ્યગુણી નિર્જરા થાય. પછી સંયમચરણ ચારિત્ર હોય ત્યારે ઘણી નિર્જરા અસંખ્યગુણી. **'ઔર કર્મોંકે ઉદયસે હુએ સંસારકે દુઃખ...'** ભાષા દેખો! આહાહા..! **'दुक्खक्खयं धीरा'** કર્મનું નિમિત્ત છે દર્શન-મોહનું, ત્યાં મિથ્યાત્વનું દુઃખ છે. ચારિત્રમોહનો ઉદય છે ત્યાં રાગ-દ્વેષ થાય તે ચારિત્રના દોષનું દુઃખ છે. એ દુઃખ છે. એય..! દોષ ન લીધો. દુઃખ જ લીધું સીધું.

**'સંસારકે દુઃખકા નાશ કરતે હૈં.'** આહાહા..! **'કર્મ કૈસે હૈં? સંસારી જીવોંકે મેરુ અર્થાત્ મર્યાદા માત્ર હૈં...'** ઘણા છે એમ કહે. **'સિદ્ધ હોનેકે બાદ કર્મ નહીં હૈં.'** એમાં .. આવશે થોડી નિર્જરા છે એમ. સમ્યગ્દર્શન આદિમાં છે એ તરત જ .. નિર્જરા છે. અને ચારિત્રસહિત હોય એને મેરુ સમાન નિર્જરા છે એમ. સમ્યગ્દર્શનમાં છે એને થોડી નિર્જરા છે. અને ચારિત્ર છે. મૂળ અહીં ચારિત્ર અધિકાર છે ને. એટલે સ્વરૂપમાં ચારિત્ર હોય એને મેરુ જેટલી એટલે ઘણી નિર્જરા છે. એમ. સમજાણું કાંઈ? **'કર્મ કૈસે હૈં? સંસારી જીવોંકે મેરુ...'** સમાન. એમાં પછી કર્મની વાત લીધી અને આમ નિર્જરાની વાત લીધી છે.

**'ભાવાર્થ :- ઈસ સમ્યક્ત્વકા આચરણ હોનેપર પ્રથમ કાલમેં તો...'** દેખો! સમ્યગ્દર્શનની ઉત્પત્તિ કાળમાં તો... સમ્યક્ચરણ છે ને અંદર ભેગું? સ્વરૂપનું આચરણ પણ છે ભેગું. એનાથી ગુણ શ્રેણી નિર્જરા થાય છે. એ અસંખ્યાત્ ગુણી. **'અસંખ્યાત્કે ગુણાકારરૂપ હૈ. પીછે જબતક સંયમકા આચરણ નહીં હોતા હૈ તબતક ગુણશ્રેણી નિર્જરા નહીં હોતી હૈ.'** ગુણ શ્રેણી એટલે આટલી અસંખ્યગુણી નથી એમ. એવી ન હોય. **'વહાં સંખ્યાતકે ગુણાકારરૂપ હોતી હૈ...'** થોડી નિર્જરા છે, પણ સંખ્યાતગુણી.

**'ઈસલિયે સંખ્યાતગુણ ઔર અસંખ્યાતગુણ ઈસપ્રકાર દોનોં વચન કહે. કર્મ તો સંસાર અવસ્થા હૈ,...'** દેખો! કર્મ છે એ નિમિત્તરૂપે છે ત્યાં સંસાર અવસ્થા છે. **'જબતક હૈ ઉસમેં દુઃખકા કારણ મોહકર્મ હૈ,...'** લ્યો **'જબતક હૈ...'** એમ. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી મોહકર્મ દુઃખનું કારણ છે. અહીં દોષનું કારણ મોહ છે એમ ન લેતા, દુઃખનું કારણ સીધી વાત લીધી છે. સમજાય છે કાંઈ? મિથ્યાત્વમોહ અને ચારિત્રમોહ બેય દુઃખરૂપ દશા છે. એમાં કહે છે, **'ઉસમેં મિથ્યાત્વકર્મ પ્રધાન હૈ.'** મિથ્યાકર્મ નિમિત્તને આધીન થઈને અભિપ્રાય મિથ્યા થાય એ મુખ્ય દુઃખરૂપ દશા મુખ્ય છે.

**'સમ્યક્ત્વકે હોનેપર મિથ્યાત્વકા તો અભાવ હી હુઆ ઔર ચારિત્રમોહ દુઃખકા કારણ હૈ,...'** લ્યો! પાઠ આમ લીધો ને. **'सम्मत्तणुचरंता, करेंति दुक्खक्खयं धीरा'** દુઃખનો ક્ષય કરશે એમ લીધું. દોષનો ક્ષય કરશે એમ ન લીધું. દુઃખનો ક્ષય કરશે એમ લીધું. એ દોષ અને દુઃખ બેય એક જ જાત છે. આ તો અહીં તરત ખુલાસો આવ્યો. કાગળ આવ્યો ને. આહાહા..!

મુમુક્ષુ :- ફક્ત દુઃખ

ઉત્તર :- દુઃખ જ છે. એ પાઠ જ એમ છે. **'दुक्खक्खयं धीरा'** કર્મ ક્ષય ધીરા કે દોષ ક્ષય ધીરા

એમ નથી લીધું. આહાહા..! આત્માના આનંદથી ઊલટી જે શ્રદ્ધા એ દુઃખરૂપ છે. આનંદથી ઊલટી અસ્થિરતા પુણ્ય-પાપના ભાવ એ પણ દુઃખરૂપ છે. આહાહા..!

**'સમ્યક્ત્વકે હોનેપર મિથ્યાત્વકા તો અભાવ હી હુઆ ઔર ચારિત્રમોહ દુઃખકા કારણ હૈ, સો યહ ભી જબતક હૈ તબતક ઉસકી નિર્જરા કરતા હૈ,...'** દુઃખ છે ખરું, પણ સ્વભાવને આશ્રયે તે છૂટતું જાય છે. સમજાણું કાંઈ? આમાં લીધું ને ભાઈએ નિર્જરામાં, નહિ? ૧૯૪ ગાથા. સુખ-દુઃખ વેદન નિયમથી થાય છે. ૯૪ નિર્જરા અધિકાર. અને પહેલી દ્રવ્યનિર્જરાની ગાથા હતી. ૯૩ છે એ. પછી ભાવનિર્જરા કીધું. વેદન સુખ-દુઃખ છે, પણ એનું સ્વામીપણું નથી, ધણીપણું નથી. એ વેદન તો છે. પણ એ વેદન સ્વામીપણું નથી તો ખરી જાય છે એમ કહે છે. શાતા-અશાતા લીધી છે ને. શાતા-અશાતા સુખ દુઃખના ભાવને છોડતી નથી. શાતા-અશાતા નિમિત્ત છે. ખરેખર સાથે મોહ લેવો છે ને. એથી એને સુખ દુઃખની કલ્પના વેદનમાં આવે છે. જ્ઞાનીને એ વેદન હોવા છતાં પછી એને ખરી જાય છે. અજ્ઞાનીને એ વેદન પોતાપણાની માન્યતામાં પડ્યો છે માટે નવું બંધન કરશે. એને ખરી તો જાય છે, પણ નવું બંધન કરીને ખરે છે.

ત્યાં તો ચાર દાખલા આપ્યા છે ને ઉપરાઉપર જુઓ. નિર્જરામાં ભાઈ! એક તો જ્ઞાન -વૈરાગ્ય શક્તિ કીધી છે. સમ્યગ્દર્શન થતાં, જ્ઞાનનું વેદન છે જોરવાળું અને વૈરાગ્ય છે. રાગથી અભાવરૂપ નાસ્તિનો એને વૈરાગ્ય. આહાહા..! એ જ્ઞાન-વૈરાગ્ય શક્તિને લઈને.. દાખલો આપ્યો છે જુઓ તો. વૈદ્યનો. વૈદ્યને ઔષધ ખાતા મરતો નથી. વિષ ખાતા મરતો નથી. આવે છે ને? વિષનો, દારૂનો અને સેવકનો ત્રણ ઉપરા ઉપર આપ્યા છે. સમ્યગ્દર્શન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન એને લઈને જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ બે હોય છે. અને એના વેદનમાં રાગ-દ્વેષ આવે છે. સુખ-દુઃખ થાય છે ખરું. પણ ઝેર ખાતો વૈદ જેમ મરતો નથી, એમ આ વેદતા થતાં તે પોતાનું માનતો નથી તેથી તે ખરી જાય છે. સમજાણું કાંઈ? અને અરતિનું આવે છે ને? અરતિભાવે મદ પીતા, આહાહા..! વેદન તો છે, પણ અરતિ છે એના પ્રત્યે. સુખબુદ્ધિ નથી. આહાહા..! એથી ધર્માત્મા જીવને વેદનમાં આવવા છતાં સુખ-દુઃખ .. ખરી જાય છે. અને સેવક થતાં સેવતો નથી અને અસેવક.. આવે છે ને એ?

મુમુક્ષુ :- નોકર પ્રમાણિક

ઉત્તર :- નોકર પ્રમાણિક હોય. એ સેવક છે છતાં સેવતો નથી. એ શેઠનું કામ છે. શેઠ સેવતો નથી છતાં સેવે છે, માલિક એ છે. એમ અજ્ઞાનીને રાગ-દ્વેષના સેવનમાં માલિકપણું છે. ધર્મીને એના સેવનમાં સ્વામીપણું ઊડી ગયું છે. એથી એને શુદ્ધતા વધે છે અને કર્મની નિર્જરા થાય છે. આમ છે. સ્વભાવના આશ્રયની વાત છે. આવા આટલા અપવાસ કર્યા માટે નિર્જરા થાય એમ નથી. ઓલું તો એમ પણ કહ્યું ને સાતમામાં. સમકિતી જીવ સ્વરૂપના અનુભવમાં હોય ત્યારે જે નિર્જરા થાય છે એના કરતા, પાંચમા ગુણસ્થાવાળો જીવ આહાર, પાણી, વિષય આદિના વિકલ્પમાં હોય તોપણ એની નિર્જરા

વધારે છે. નિર્જરા કોઈ બહારના સંયોગ ઉપર નથી. અંતરના અકષાય ભાવ ઉપર છે. આહાહા..! સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનવાળો આહાર, પાણી કરે, વિહાર કરે, છતાં એને નિર્જરા ઘણી થાય છે લ્યો! અને આ ચોથાવાળો આહાર છોડીને નિર્વિકલ્પ અનુભવમાં હોય છતાં એને નિર્જરા થોડી છે. નિર્જરા બાહ્યના ત્યાગ-અત્યાગ ઉપર નથી. સમજાણું? આહાહા..!

અંતરના અકષાયભાવના પરિણમન ઉપર નિર્જરાનું માપ છે. સમજાણું કાંઈ? આહાહા..! પાંચમા ગુણસ્થાનવાળો ભોગના સમયકાળે જે નિર્જરા કરે છે એટલી નિર્જરા ચોથાવાળો ધ્યાનમાં પણ કરતો નથી. આહાહા..! એની અંદરમાં જ્યાં દૃષ્ટિ ઉપરમાં સ્થિરતા થઈ છે. અકષાયભાવ થયો છે ને અને એ ધારા પાંચમે વધી ગઈ છે. ચોથે થોડી છે. આહાહા..! એ અકષાયપણું એ સુખની દશા છે અને કષાયપણું અંદર જેટલું એ બધું દુઃખદશા છે. સમજાણું કાંઈ? બહારના સંયોગ ઉપર અનુકૂળ-પ્રતિકૂળ વસ્તુ દુઃખની વાત નથી. તેમ બાહ્યના ત્યાગ ઉપર અંદરમાં અકષાય પરિણમન છે એમ નથી. સમજાણું કાંઈ? અંતરના મિથ્યાત્વ અને રાગનો ત્યાગ જેટલે અંશે છે એટલે અંશે અકષાયપણું એ નિર્જરાનું કારણ છે. આહાહા..!

અહીં કહે છે કે ધર્માત્મા દુઃખનો ક્ષય કરે છે. એટલે કે જેના સ્વભાવનો આશ્રય લઈને અકષાયભાવ સમકિત પ્રગટ કર્યું. એટલા પ્રમાણમાં એનું દુઃખ છે એ ટાળતો જાય છે. સ્વરૂપમાં સ્થિરતા ચારિત્રની જેને પ્રગટી, અને પણ જરી રાગાદિ દુઃખ છે એ પણ એ ટાળતો જાય છે. પણ છે એ ટાળતો જાય છે ને? આહાહા..! સમજાણું કાંઈ? ટાળતો જાય છે માટે એને નથી એ વાત પણ.. આહાહા..! નિર્જરા અધિકારમાં બહુ સરસ છે. ૯૩થી ૯૪, ૯૫, ૯૬, ૯૭. સુખ-દુઃખને વેદે છે, એમ કહે છે. સુખ-દુઃખ છૂટતું નથી. છૂટતું નથી એટલે બિલકુલ વેદન નથી એમ નહિ, એમ. પછી છૂટે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કંઈક બિલકુલ સુખ-દુઃખ વેદનમાં નથી અને છૂટી જાય છે, એમ નથી. આહાહા..!

જુઓને શૈલી તે. ભગવાન આત્મા જેટલે અંશે અકષાયભાવરૂપ ચારિત્રપણે પરિણમ્યો એટલે અંશે અંદરમાં વેદન નથી એને એ રાગનું. એટલે અંશે દુઃખનું વેદન નથી. અને બીજે અંશે જેટલો છે એટલું દુઃખનું વેદન છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**સમ્યક્ત્વકે હોનેપર મિથ્યાત્વકા તો અભાવ હી હુઆ...**’ તો એટલું દુઃખ તો ટળી ગયું. એમ કહે છે. ‘**ઔર ચારિત્રમોહ દુઃખકા કારણ હૈ,...**’ આહાહા..! જોયું! પહેલું કહ્યું ને? ‘**સમ્યક્ત્વકે હોનેપર મિથ્યાત્વકા તો અભાવ હી હુઆ...**’ દુઃખ મિથ્યાત્વ સંબંધીનું તો દુઃખ ગયું. આહાહા..! પર તરફની સાવધાની એકલી હતી એ સ્વભાવ સાવધાનમાં આવ્યો એટલું દુઃખ તો ગયું. આહાહા..! સમજાણું કાંઈ? ‘**ઔર ચારિત્રમોહ દુઃખકા કારણ હૈ,...**’ ચારિત્રમોહ પણ જ્યાં સુધી છે ત્યાં સુધી ભાવમાં રાગાદિ થાય છે તે દુઃખનું કારણ છે. આહાહા..! ભગવાનની ભક્તિનો ભાવ દુઃખરૂપ.

આ વાત માને. મહાવ્રતના પરિણામ દુઃખરૂપ. અને પાળે કહે છે. વ્યવહાર..મહાવ્રત પાળે આવશે હમણા. એના બે ભાગ જ પાડતા, વ્રતના જ ભાગ પાડશે. સ્થિરતાના નહિ. રાગ અને .. વ્રત અને મહાવ્રત એ બહાર વ્યવહારથી વાત કરી છે ને. એટલે એ લોકો કહે જુઓ એ .. એ જ ચારિત્ર છે. એ ભૂમિકાએ આવા વિકલ્પ આ જાતના હોય, એનાથી એનું ભાન થાય કે આને બાર વ્રત .. સ્થિરતા ઓછી છે. પંચ મહાવ્રતના પરિણામ થયા તો સ્થિરતા વધારે છે. એમ ત્યાં. સમજાણું કાંઈ? દાખલો તો .. સાગાર ઓલું .. દર્શન છે. સગ્રંથ સગ્રંથ છે. પરિગ્રહરહિત નિરાગાર. આહાહા..!

અહીં તો કહે છે, જેટલે દરજ્જે મિથ્યાત્વ ગયા પછી પણ ચારિત્રમોહમાં જેટલો ભાવ રહે છે દોષરૂપ, એટલું એ દુઃખ છે. કહો, શેઠ! આ એ દુઃખ છે એમ કહે છે. આહાહા..! આબરૂ ને પૈસા ને મકાન ને બાયડી ને છોકરા ને કુટુંબમાં હોંશું જે આવી એ દુઃખ છે કહે છે. અને અહીંયા ભગવાનની ભક્તિ અને પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ છે. ચારિત્રમોહના નિમિત્તથી થયેલી વિકાર દશા છે. આવી વાત. હવે એને અહીં ચારિત્ર કહે છે આ બધા.

એ '**ચારિત્રમોહ દુઃખકા કારણ હૈ, સો યહ ભી જબતક હૈ તબતક ઉસકી નિર્જરા કરતા હૈ,...**' નિર્જરા કરે છે એનો અર્થ છે... છે.. છે ને? છે એની નિર્જરાને?

મુમુક્ષુ :– વેદન થાય એની નિર્જરા.

ઉત્તર :– વેદન થાય એની નિર્જરા ને? વેદન થયા વિના તો તો ઉદય આવીને એને મેળાએ ખરી ગયો એ તો. અહીં વેદનામાં આવ્યું નથી જરી. એ ચારિત્રમોહ છે એટલે વેદનમાં આવ્યા વિના રહે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કાપવાનું કામ કરે છે કે વેદવાનું કરે છે?

ઉત્તર :– કાંઈ કાપવાનું કામ નહિ, વેદે છે અને સ્વરૂપમાં એકાગ્ર થાય એટલો નિર્જરી જાય છે એની મેળે. નિર્જરા પણ કરતો નથી અને નિર્જરી જાય છે. એને જાણે છે. વેદે છે એને પણ જાણે છે અને ખરી જાય છે એને પણ જાણે છે. પણ વેદે છે એમ જાણે છે એમ કહેવું. એવી વાત છે. વેદન છે. અહીં તો આનંદ પૂર્ણ નથી એટલે દુઃખ છે એમ સિદ્ધ કરવું છે ને? અને પછી ક્રમે ક્રમે સ્વરૂપની એકાગ્રતાથી તે વેદન હોવા છતાં બીજે સમયે ખરી જાય છે. અને અજ્ઞાનીને ખરવા છતાં નવું બંધન કરે છે. આહાહા..! એવી વાતું આકરી. માણસને અટકવાના સાધન અનંત, છૂટવાના સાધન છ દ્રવ્યનો આશ્રય. આહાહા..! બહારમાં અટકવાના સાધન અનેક છે. છૂટવાનો એક ઉપાય સ્વનો આશ્રય.

મુમુક્ષુ :– પણ બહાર વસ્તુ જ અનંત છે.

ઉત્તર :– અનંત છે ને એથી કીધી અનંત. આહાહા..! ભગવાન પોતે એક સ્વરૂપ પોતે પરમાત્મા. આહાહા..! ધર્મીને પણ રાગ થાય એટલું વેદન છે, દુઃખનું વેદન છે એમ કહે છે. જુઓને શું કીધું? પાઠ તો એ જ લીધો છે. '**सम्मत्तणुचरंता, करेंति दुक्खक्खयं धीरा**' દોષ ક્ષય ધીરા એમ નથી કહેતા,

કારણ કે દુઃખનો નાશ કરવો છે અને આનંદની ઉત્પત્તિ કરવી છે. ધ્યેય તો આનંદની ઉત્પત્તિ કરું એવો મોક્ષ ધ્યેય છે. સમજાણું કાંઈ? એથી ચારિત્રના સ્વરૂપની દૃષ્ટિ હોય ત્યારે તેને નિર્જરા થોડી છે અને સ્વરૂપની સ્થિરતા ચારિત્ર હોય અંદરમાં ત્યારે એને નિર્જરા ઘણી છે. એથી પહેલી વાત લઈને આ વાત લીધી છે ને. આહાહા..! એ અંદર સ્વરૂપના આશ્રય ઉપર આ નિર્જરાનું પ્રમાણ છે. કોઈ બહાર અપવાસ આટલા કર્યા માટે બાર વર્ષના અપવાસ કર્યા કે બાર મહિનાના કર્યા ભગવાને. આહાહા..!

મુમુક્ષુ :- સ્વરૂપમાં રહો એ જ ઉપવાસ છે.

ઉત્તર :- એ જ ઉપવાસ છે ને. બીજો (ક્યો)? ઉપ એટલે સમીપ શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય, એમાં એકાગ્ર થવું એ ઉપવાસ છે. આહાહા..! અને એના પ્રમાણમાં નિર્જરાની વ્યાખ્યાનું માપ છે. તપસા નિર્જરા. એમ આવે છે ને? .. જુઓ આમાં તપસા છે. પણ એ તપસાની વ્યાખ્યા શું? અમૃતનો સાગર અંદરથી ઉછળે, ઇચ્છાની ઉત્પત્તિ ન થાય એને અહીંયા નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! માર્ગ એવો છે સૂક્ષ્મ ઝીણો. પકડવામાં ન આવે. ક્યાંકનો ક્યાંક ચાલે. રસ્તો હાથ નહિ આવે. સંસાર નહિ છૂટે એને. સમજાણું? આહાહા..!

આ તો '**संखिज्जमसंखिज्जगुणं, च संसारिमेरुमत्ता णं। सम्मत्तणुचरंता, करेंति दुक्खक्खयं धीरा**' આહાહા..! ધીર પુરુષો, વીર પુરુષો. આહાહા..! એને વીર અને ધીર કહીએ કે જે આત્માના પૂર્ણ આનંદ સ્વરૂપના ગુણની આરાધના કરે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત આનંદનું ધામ પ્રભુ, એનું આરાધન જેટલા પ્રમાણમાં કરે એટલા પ્રમાણમાં એને ધીરતા અને વીરતા લાગુ પડે એવી નિર્જરા થાય છે. આહાહા..! આવી વાત છે. અને તેટલા પ્રમાણમાં એ જેટલું આનંદનું આરાધન કરે છે એટલા પ્રમાણમાં ત્યાં દુઃખનો નાશ કરવાનો પ્રયત્ન છે. નાશ કરું એમ નથી, પણ આ બાજુ પ્રયત્ન છે ત્યાં દુઃખનો નાશ (એટલે) એટલું દુઃખ થતું જ નથી. આહાહા..! ભાષા તો શું કરે? '**दुक्खक्खयं धीरा**' ઉપદેશમાં શું આવે? પાઠ તો આમ ભગવાન કહે જુઓ '**दुक्खक्खयं धीरा**' દુઃખનો ક્ષય કરે છે. એનો અર્થ? કે દુઃખનો ક્ષય થઈ જાય છે. આત્મા આનંદ સ્વરૂપના આરાધનમાં પડ્યો છે એથી એટલો દુઃખનો નાશ થઈ જાય છે. જેટલો આરાધનમાં નથી એટલો રાગાદિ હોય એનું દુઃખ છે. આહાહા..!

પૂર્ણ આરાધન ભગવાન આત્માનું થતાં પૂર્ણ આનંદ આવે અતીન્દ્રિય પૂર્ણ. એને દુઃખની ઉત્પત્તિ નથી અને દુઃખનો ક્ષય કરવો પણ નથી. આહાહા..! આ વાત છે. '**સંયમાચરણકે હોનેપર સબ દુઃખોંકા ક્ષય હોવેગા હી.**' લ્યો! સ્વરૂપનું ભાન થયા પછી સંયમ આચરણ કરતા, એમ. '**સંયમાચરણ હોનેપર...**' સ્વરૂપમાં શાંતિની જમવટ થતાં. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપમાં સંયમરૂપી ચારિત્રથી અંદર રમણતા કરતા '**સબ દુઃખોંકા ક્ષય હોવેગા હી.**' ત્યારે તો રાગની ઉત્પત્તિ જ થવાની નથી જ્યાં. આહાહા..! આ મારગડા વીતરાગના છે ભાઈ! વીતરાગના એટલે તારા એમ.

આહાહા..!

**'સમ્યક્ત્વકા માહાત્મ્ય ઈસપ્રકાર હૈ કિ સમ્યક્ત્વાચરણ હોનેપર સંયમાચરણ ભી શીઘ્ર હી હોતા હૈ,...'** એમાં સિદ્ધ કરે છે. સમકિત આત્માનું આચરણ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ પ્રગટ થતાં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાત્મા આનંદ સ્વરૂપ એની પ્રતીતિ અને આચરણ સ્વરૂપમાં એકાગ્રતા પ્રગટ થતાં એને શીઘ્ર અલ્પકાળમાં સંયમાચરણ આવશે. સમજાય છે કાંઈ? **'સમ્યક્ત્વકા માહાત્મ્ય ઈસપ્રકાર હૈ કિ સમ્યક્ત્વાચરણ હોનેપર સંયમાચરણ ભી...'** એમ આ છે પણ સંયમ આચરણ પણ **'શીઘ્ર હી હોતા હૈ,...'** અલ્પકાળમાં સ્વરૂપમાં સ્થિરતાની દશા પ્રગટ થશે. પછી એનો અલ્પકાળનો અર્થ એવો નથી કે વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષે એને ચારિત્ર આવે જ તે. પણ અલ્પકાળ એટલે એને અનંતકાળ નહિ જોઈએ એમ.

ૠષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ સુધી રહ્યા સંસારમાં. ચારિત્ર ન આવ્યું. સમકિત હતું, ક્ષાયિક સમકિત, જ્ઞાન, છતાં ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર નહિ. એ અલ્પકાળનો અર્થ એમ કોઈ લે કે સમકિત હોય એને તરત ચારિત્ર આવે જ (એમ નથી). તરતની વ્યાખ્યા આ (કે) એને અનંતકાળ ચારિત્ર પ્રગટ થવા માટે નહિ જોઈએ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થયું એટલે એને ચારિત્ર આવે જ એ ભવમાં, એમ પણ નથી. અને એને પાંચ, પચાસ, સો, બસ્સો, પાંચ હજાર વર્ષે આવે એવું માપ એને નથી. પણ જેને આ દશા થઈ એને ચારિત્ર આવ્યા વિના રહે નહિ, બસ એટલું. આહાહા..!

**'શીઘ્ર હી હોતા હૈ,...'** એમ લખ્યું છે ને? **'સમ્યક્ત્વાચરણ હોનેપર...'** સંયમ આચરણ તો અનંત પુરુષાર્થ છે એ. સાધારણ સમ્યગ્દર્શનનો પુરુષાર્થ છે એનાથી સંયમ આચરણ પુરુષાર્થ અનંતગુણો છે. આહાહા..! સમજાણું કાંઈ? પર તરફના વલણની વૃત્તિ છોડીને, સ્વ તરફમાં સ્થિરતા કરવી એ કાંઈ સાધારણ વાત નથી. સ્વસ્વરૂપની સન્મુખ થઈને દૃષ્ટિ પ્રગટ્યા હોવા છતાં સમકિતચરણ આચરણ હોવા છતાં સ્વરૂપમાં એકદમ લીન થવું એવું ચારિત્ર મહાપુરુષાર્થ માગે છે. અનંતો પુરુષાર્થ. આવ્યા વિના રહેશે નહિ એને, કહે છે. આખો કબજે કર્યો છે ને ભગવાન આત્માને દૃષ્ટિમાં એટલે ચારિત્ર અને કેવળજ્ઞાન થયા વિના રહે જ નહિ. આહાહા..!

**'શીઘ્ર હી હોતા હૈ, ઈસલિયે સમ્યક્ત્વકો મોક્ષમાર્ગમેં પ્રધાન જાનકર...'** એ માટે સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગમાં મુખ્ય જાણીને **'ઈસહીકા વર્ણન પહિલે કિયા હૈ.'** એનું વર્ણન પહેલું કહ્યું. છે અધિકાર ચારિત્રનો. પણ સમકિતચરણનો અધિકાર પહેલો શરૂ કર્યો. સમજાણું કાંઈ?

**'આગે સંયમાચરણ ચારિત્રકો કહતે હૈં :—'** આમાં માણસ મૂંઝાય છે. સમ્યગ્દર્શન અનુભવ અને ભાન હોવા છતાં એને સંયમ ન હોય. રાગ હોય, દ્વેષ હોય, લડાઈનો ભાવ હોય. આહાહા..! પણ એ ભાવને છોડીને સ્વરૂપમાં રમણતા એ તો ચારિત્રનો પુરુષાર્થ અનંતગુણો છે. પણ એના પહેલા આ સમ્યગ્દર્શન ન હોય અને ચારિત્ર આવે એ માટે પહેલું આ વાત કરી છે. સમ્યકચરણ ચારિત્ર. આહાહા..!

दुविहं संजमचरणं, सायारं तह हवे णिरायारं।
सायारं सग्गंथे, परिगहा रहिय खलु णिरायरं।।२१।।

'**અર્થ :- સંયમાચરણ ચારિત્ર દો પ્રકારકા હૈ—સાગાર ઔર નિરાગાર.**' જેમાં કાંઈ આગાર છે એવું શ્રાવકપણું અને આગાર નથી એવું મુનિપણું. આહાહા..! પહેલી આ વ્યાખ્યા સમ્યક્ચરણ ચારિત્રની. નહિતર અધિકાર ચારિત્રનો છે. છતાં સમ્યક્ચરણ ચારિત્ર સમકિતનો અધિકાર તો ત્યાં આવી ગયો છે દર્શન પાહુડમાં. છતાં અહીંયા સમ્યક્ચરણ ચારિત્ર આચાર્યે પહેલો હોવો જોઈએ એમ કહે છે. પછી એને સંયમ આચરણ ચારિત્ર હોય. '**સાગાર તો પરિગ્રહ સહિત શ્રાવકકે હોતા હૈ ઔર નિરાગાર પરિગ્રહસે રહિત મુનિકે હોતા હૈ યહ નિશ્ચય હૈ.**' '**खलु**' છે ને? '**रहिय खलु णिरायरं**' આહાહા..!

'**આગે સાગાર સંયમાચરણકો કહતે હૈં :—**' હવે. પડિમા લીધી લ્યો. પડિમાનો ઓલો વિકલ્પ છે ને એને એ માને. અહીં તો વિકલ્પ છે એ બતાવે છે, પણ કઈ ભૂમિકામાં આવો વિકલ્પ હોય, એમ. બીજા કષાયનો અભાવ હોય એટલું અંદર ચારિત્ર સ્વરૂપ પ્રગટ્યું હોય, એને આવા અગ્યાર પડિમાના વિકલ્પ હોય છે. એકલા વિકલ્પ છે એ પોતે ચારિત્ર છે. એમ નથી. આમાંથી આ લોકો એમ કહે છે ને આ રતનચંદજી, મખનલાલજી. જુઓ! સંયમના બે ભેદ પાડ્યા. બાર વ્રત અને પંચ મહાવ્રત. એને સંયમ છે એ. એ તો સંયમને બતાવવામાં નિમિત્ત છે.

दंसण वय सामाइय, पोसह सचित रायभत्ते य।
बंभारंभपरिग्गह, अणुमण उद्दिट्ठ देसविरदो य।।२२।।

'**અર્થ :- દર્શન,...**' પ્રતિમા એ પાંચમા ગુણસ્થાનની વાત છે આ. છે નામ દર્શન એનું નામ. દર્શન પડિમા. પણ છે પાંચમું ગુણસ્થાન. સમ્યગ્દર્શન ઉપરાંત બીજો કષાય ટળ્યો છે એને અમુક સ્થિરતા થઈ છે એને આ દર્શન પ્રતિમાનો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ? '**વ્રત,...**' એ પણ સમ્યગ્દર્શનસહિત સ્થિરતા બીજા કષાયના અભાવની થઈ છે, એને આ વ્રતના વિકલ્પ આદિ હોય છે. એમ '**સામાયિક...**' સામાયિક એને હોય છે. આ સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં અંશે સ્થિરતા થઈ છે એને આવા સામાયિક ભાવ હોય છે. અહીં તો બધા આઠ વર્ષની છોડી સામાયિક કરીને બેસી જાય. કાંઈ ભાન ન મળે. લ્યો! પાંચ સામાયિક કરી. આપો એને સવાશેર પેંડા. ફરીને પાછી આવે. આહાહા..!

સામાયિક કોને કહેવી બાપુ! સમ્યક્ચરણ ચારિત્ર વિના સામાયિક હોઈ શકે નહિ. ... સામાયિક કરે જાણે કહે છે ને આ સામાયિક કરે. સામાયિક હોય કોને? જેને આત્મા વીતરાગ સ્વરૂપી પ્રભુ એની દૃષ્ટિમાં, અનુભવમાં, જ્ઞાનમાં, આચરણના અંશમાં આવી ગયો છે. આહાહા..! અંદર ચૈતન્ય ભગવાન આત્મા દેહ, વાણી, મન, આ તો માટી, જડ છે એનાથી ભિન્ન, પુણ્ય અને પાપના રાગથી, વિકલ્પથી ભિન્ન પ્રભુ આત્મા, એનું જેને અંતરમાં દર્શન, જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાનો અંશ થયો છે. એને

સમ્યક્ચરણ ચારિત્રની ભૂમિકા કહેવાય. એને પછી આ સામાયિકની ભૂમિકા આવે છે. કહો, સમજાણું કાંઈ? કેટલી સામાયિકું કરી હશે? કરી હતી કે નહિ?

મુમુક્ષુ :- અરે..! કેટલી કરી અને ઘણાને કરાવી.

ઉત્તર :- ઘણાને કરાવી. કરી ઘણી અને કરાવી ઘણી એમ કહે છે. .. હતા ને લાલન. લાલન સામાયિક કેટલી બાર મહિનાની સામાયિક કરતા. એવો કાંઈક આંકડો હતો. પોતે એટલી કરે, બીજા પાસે કરાવે અને કરતાને અનુમોદે. એમ કરીને ત્રણે ૬૦ દિ'ની સામાયિક એવો આંકડો હતો. પંડિતજીનો આંકડો હતો. પંડિતજી લાલન હતા ને. એ આંકડો કહેતા. ભેગા રહ્યા હતા ને બાર મહિના ત્યાં.

મુમુક્ષુ :- બુકમાં લખ્યું છે.

ઉત્તર :- બુકમાં લખ્યું છે, હા. આટલી સામાયિક કહેવી. ત્રીજો ભાગ. ૩૬૦ દિવસ છે ને? એની એક એક કલાક સામાયિક. એક કલાક નહિ ૪૮ મિનિટની સામાયિક. એ ૩૬૦ દિ'ની જેટલી સામાયિક થાય એનો એક ભાગ પોતે કરે, બીજો ભાગ કરાવે, ત્રીજા ભાગનું અનુમોદન કરે. એમ કરે. બારેય મહિનાની સામાયિક. લાલન હતા. પંડિત લાલન. દસ હજાર શાસ્ત્રો વાંચેલા. દસ હજાર શાસ્ત્ર. શ્વેતાંબર પંડિત હતા. અહીં રહ્યા હતા બાર મહિના. અહીં બેસતા. ભાન ન મળે કાંઈ. કાંઈકને કાંઈક અને આ સામાયિક. સામાયિક કોને કહેવી બાપુ! આહાહા..!

સામાયિકમાં તો સમતાનો લાભ થાય. સમ-આય એમ છે ને? જેમ કષાય એમ સમાય. કષ નામ સંસારનો લાભ થાય એ વિકારભાવ. અને સમતાનો લાભ થાય એ સામાયિક. સમતાનો ભાવ ક્યારે થાય? પોતે વીતરાગ મૂર્તિ સમતા સ્વરૂપ પ્રભુ છે, એવી પ્રથમ દૃષ્ટિનું આચરણ થયું હોય, એને એમાં સ્થિરતાની સમતાના પરિણામ પ્રગટ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આ દિગંબરમાં પણ સામાયિક કરે છે. આ શીતલપ્રસાદ કરતા. રહ્યા હતા ને અહીં શીતલપ્રસાદ તમારે. ઓટલે બેસે. પછી બે ઘડી કરીને સામાયિક કરી.

કહે છે, આ સામાયિક પડિમા કોને હોય? કે જેને સમ્યગ્દર્શનરૂપી આચરણ જેને અંતર સ્વરૂપના સ્વભાવનું આચરણ પ્રગટ્યું છે, એને સ્વભાવમાં સ્થિરતાનો અંશ વધારે હોય એને સામાયિક હોય છે. હવે આ બધી આટલી શરતું વિના સામાયિક છે. કહો, ગુણવંતભાઈ! સામાયિક કરી હશે કે નહિ પહેલી? નથી કરી. પાધરા આવ્યા હતા ને આમાં એટલે. સીધા આમાં આવ્યા ને. કપુરભાઈએ કરી હોય. ઝવેરભાઈને પહેલા કરતાને ત્યાં. આહાહા..! અમે પણ કરી હતી બધી હોં ત્યાં દુકાને તો. પાલેજમાં. સામાયિક કરતા. સામાયિક કરીએ. પોષા કરી સામાયિક કરીને અપવાસ કરતા. પર્યુષણના અપવાસ ચાર. આઠ દિના ચાર બસ હોં. પછી નહિ. સામાયિક આઠ દિ'. સમજ્યા વિનાની. ખબર પણ ન મળે.

અહીં કહે છે કે '**સામાયિક ઔર પ્રૌષધ...**' લ્યો! આઠમ ચૌદશનો પ્રૌષધ હોય. પ્રૌષધ એટલે આત્માના સ્વભાવનું પોષણ. જેમ ચણો પાણીમાં પલળે અને પોઢો થાય એમ આત્મા જે શુદ્ધ ચૈતન્ય

છે એવી જ્યાં અંતર દૃષ્ટિમાં જણાણો છે, એમાં સ્થિરતા અંતર સ્થિરતા દ્વારા પોષણ થાય તેને પ્રૌષધ કહેવામાં આવે છે. અહીં તો પ્રૌષધ કેટલા કરી નાખે. આઠ આઠ અપવાસ ચોવિહારા અને ઓલા. પાણી ન પીવે ને થઈ ગયા પ્રૌષધ. આહાહા..! પ્રૌષધ તો એને હોય જેને આત્મામાં રમણતા કરવી છે. તો એ આત્મા શું ચીજ છે એવો જેને અંતર દૃષ્ટિમાં, જ્ઞાનમાં ભાન થયું છે કે આ આત્મા પરમ આનંદ અને શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ છે. દરેકનો આત્મા એવો ભગવાનસ્વરૂપી પ્રભુ આત્મા છે. આહાહા..! કહો, એય..! ધીરૂભાઈ! કેટલી સામાયિકું કરી હશે? કેટલીય કરી હશે ઘણી બધી. થોથા હશે બધાય. આહાહા..!

એક ક્ષણની સામાયિક સમતાને-ઉગ્રપણાની સમતાને આપે. ચોથે ગુણસ્થાને જે સમતાનું આચરણ છે, એનાથી પાંચમા ગુણસ્થાનમાં સમતાનું આચરણ વિશેષ છે. આહાહા..! સ્વરૂપ ચિદાનંદ પ્રભુ આત્મા એની જે ભૂમિકામાં દૃષ્ટિનું ભાન થયું, એમાં ઠરવું છે. તો એ ચીજ જ જ્યાં દૃષ્ટિમાં આવી નથી, એ ચીજ શું છે એ જ્ઞાનમાં જણાણી નથી અને એમાં ઠરવું એને આવી જાય ચારિત્ર, પ્રૌષધ એ ત્રણ કાળમાં બને નહિ. એય..! જાદવજીભાઈ! પોષા-બોષા કર્યા હશે કે નહિ? ..ભાઈ!

મુમુક્ષુ :- કર્યા પણ ખોટા.

ઉત્તર :- ના પણ કર્યા હતા કે નહિ? આહાહા..! અગ્યાર અંગ પ્રૌષધ .. કહે છે લ્યો! જામનગરમાં બહુ પોષા થાય આઠમના અને ચૌદશના. ચૌદશ નહિ પાંચમના.

અહીં તો કહે છે, '**સામાયિક ઔર પ્રોષધ...**' નામ છે ને બધા પછી એ? '**આદિકા નામ એકદેશ હૈ, ઔર નામ ઐસે કહેં---પ્રોષધોપવાસ,...**' એમ લેવું એમ. સમજ્યાને? '**સચિત્તત્યાગ,...**' લ્યો ઠીક! એ પછી આવ્યું. એક, બે, ત્રણ અને ચાર ... પ્રૌષધ ચાર પછી પાંચ પછી ત્યાગ. સ્વરૂપની દૃષ્ટિનું ભાન થયા પછી અંતરમાં શાંતિનો અંશ વેદનમાં એને પછી સચિત્તત્યાગનો એક વિકલ્પ હોય છે કે સચિત્ત ખાવું નહિ. જેમાં જીવ હોય એકેન્દ્રિય વનસ્પતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ. લીલોતરી સીધી હરિકાય, કંદમૂળ એ ખાવું નહિ. એ સચિત્તનો ત્યાગ. કંદમૂળનો ત્યાગ તો હોય પહેલેથી પણ આ વખતે સચિત્ત જીવ પણ ... સચેત પાણી એક બિંદુ છે. પાણી આ ગોળાના પાણીમાં એકેન્દ્રિય જીવ છે અસંખ્ય. એ સચેત પાણી પાંચમી પડિમાવાળો ન પીવે. અચેત કરીને પીવે. ઊનું કરીને. એટલી અંદરમાં સ્થિરતાનો અંશ છે કે જેથી એટલી ગૃદ્ધિ એની ગઈ છે. આહાહા..!

'**સચિત્તત્યાગ, રાત્રિભુક્તિત્યાગ,...** ' લ્યો! છઠ્ઠી પડિમામાં રાત્રિનું ભોજન નહિ. જોકે શરૂઆતવાળાને પણ રાત્રિનું ભોજન તો જૈન સંપ્રદાયમાં હોય એને હોય નહિ. સમજાય છે કાંઈ? કારણ કે એમાં ત્રસ જીવોની ઉત્પત્તિ બહુ હોય. ખીચડી, દૂધ, કઢી એમાં ઝીણા જીવાત પડે એ ખોરાક ન હોય. એવું ઘણું વર્ણન છે. અને અહીં તો પ્રતિજ્ઞારૂપે રાત્રિ ભોજનનો ત્યાગ. ઓલી પ્રતિજ્ઞા વિના. એ ન હોઈ શકે. આહાહા..! અહીં રાત્રિ પરિત્યાગ. રાત્રિભોજન પોતે કરે નહિ. '**રાત્રિભુક્તિ ત્યાગ,...**'

કહો, સમ્યગ્દષ્ટિના આચરણ પછી જ્યારે આ પડિમાનું આચરણ આવે ત્યારે એને રાત્રિભોજનનો પ્રતિજ્ઞાથી ત્યાગ હોય. પહેલી પ્રતિજ્ઞા ન હોય શરૂઆતમાં. આહાર-પાણી છોડે, રાત્રે આહાર-પાણી કરે નહિ. પ્રતિજ્ઞા ન હોય. આ તો પ્રતિજ્ઞાપૂર્વકની વાત ચાલે છે. પછી '**બ્રહ્મચર્ય,...**' દિવસ અને રાત્રિનું બ્રહ્મચર્ય હોય. '**આરંભત્યાગ,...**' પોતે આરંભ કરે નહિ. એનો ત્યાગ હોય. '**પરિગ્રહત્યાગ,...**' પૈસા રાખે નહિ. '**અનુમતિત્યાગ...**' એનો પછી અનુમોદન કરે નહિ. એને માટે આહાર-પાણી કર્યા હોય એનું અનુમોદન એ કરાવે નહિ. અને '**ઉદ્દિષ્ટત્યાગ,...**' લ્યો એને માટે કરેલો આહાર લે નહિ. શ્રાવક અગ્યારમી પડિમાવાળો. '**ઈસપ્રકાર ગ્યારહ પ્રકાર દેશવિરત હૈ.**' લ્યો!

'**ભાવાર્થ :- યે સાગાર સંયમાચરણકે ગ્યારહ સ્થાન હૈં, ઈનકો પ્રતિમા ભી કહતે હૈં.** ' વિશેષ એની વાત છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન-૫૬ ઉપલબ્ધ નથી.**

**અષાઢ વદ ૫, ગુરુવાર, તા. ૨૩-૦૭-૧૯૭૦**
**ગાથા - ૨૩, ૨૪, ૨૫, પ્રવચન - ૪૩**

અષ્ટપાહુડ. ચારિત્રપાહુડની વ્યાખ્યા છે. ૨૩મી ગાથા. શું કહે છે? શ્રાવકને અગિયાર પડિમા હોય છે. પડિમા એટલે શું? કે પ્રથમ એને સમ્યગ્દર્શન (હોય). આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે, પુણ્ય-પાપના રાગરહિત શુદ્ધ પૂર્ણ આનંદસ્વરૂપ, જેવા સિદ્ધ ભગવાન છે એવો જ આત્મા ધ્રુવ શુદ્ધ છે. એવી અંતરમાં એનું જ્ઞાન થઈને પ્રતીતિ થવી એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું? ત્યાં સુધી એને વ્રત હોતાં નથી. પણ આવું સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની શરૂઆતમાં હોય છે. પહેલા ધર્મનો પહેલો અંક અને પહેલો આંકડો આ છે. પછી વ્રતાદિના વિકલ્પોની દશા હોય છે. ઈ પછી વર્ણવશે. પહેલું તો સમ્યગ્દર્શનચરણ આવ્યું ને પહેલું? સમ્યક્ચરણ ચારિત્ર.

આત્મા, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે જોયો, કેવળીએ જે આત્મા જોયો કે પૂર્ણ શુદ્ધ આનંદનો કંદ ઈ આત્મા છે. એવા આત્માની સન્મુખ થઈને અને સંયોગો, રાગ અને પર્યાય એની વિમુખ થઈને, અંતર્મુખ દૃષ્ટિનો અનુભવ થવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મની શરૂઆત, શ્રાવકના વ્રત લીધાં પહેલાં આ દશા હોય છે. સમજાણું કાંઈ? પછી દર્શનપડિમા પછી વાત ચાલે છે. હવે અગિયાર (પડિમા). સમ્યગ્દર્શન પછી દર્શન પડિમા. દર્શન પડિમા એને કહે છે કે એમાં એને પાંચ અણુવ્રત હોય છે, પણ

નિરતિચાર અણુવ્રત ન હોય તો એ વ્રતમાં અતિચાર આદિ દોષ લાગે. એથી એને સમ્યગ્દર્શન ઉપરાંત આત્માના અનુભવની પ્રતીતિ ઉપરાંત, એને પંચ અણુવ્રતના ભાવ હોય છે. પણ તે અતિચાર સહિત હોય છે તેથી તેને વ્રતમાં કહેવામાં આવ્યા નથી. તેની એને વ્રતીમાં, બીજા નંબરની (પડિમા), પહેલી દર્શન પડિમા, બીજી વ્રત પડિમા, ઈ વ્રત પડિમામાં એને નાખવામાં નથી આવ્યા. સમજાય છે કાંઈ?

આ તો વીતરાગનો અંતરનો માર્ગ છે. લોકોને એ વાત અંતર ચીજ શું છે અને એનો અનુભવ અને પ્રતીત શું કહેવાય, કોને સમ્યગ્દર્શન કહેવું એની એને ખબર પણ નથી. આ તો બહારના દેવ, ગુરુ, શાસ્ત્રને માનવા કે આ નવ તત્ત્વ ભગવાને કહ્યા એ ભેદવાળા માનવા, બસ! સમ્યક્ (થઈ ગયું). એ સમ્યગ્દર્શન નહિ. એ તો નવ તત્ત્વનો ભેદનો અનુભવ એને તો શાસ્ત્ર મિથ્યાત્વ કહે છે. સમજાણું કાંઈ? અને દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા એ પણ એક શુભરાગ વિકલ્પ છે. એ કંઈ સમકિત નથી. ઝીણી વાત છે, ભાઈ! આત્મા દેવ, ગુરુ અને પોતે ધર્મનું સ્વરૂપ છે. એવો આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ ચૈતન્યસ્વભાવી (છે). એવું જે ધ્રુવ સ્વરૂપ આત્માનું, એને અવલંબીને જે સમ્યગ્દર્શન થાય તેને ધર્મની પહેલી સીઢી કહે છે. આ વિના કાંઈ ધર્મ હોતો નથી. સમજાણું કાંઈ?

એ સમ્યગ્દર્શન ઉપરાંત દર્શન પડિમાનો ધારક અણુવ્રતી જ છે. પંચમ ગુણસ્થાનની વાત છે. પહેલું સમ્યગ્દર્શન જે કહ્યું એ ચોથું ગુણસ્થાન છે. હવે પંચમ ગુણસ્થાન શ્રાવકનું, જે સાચા શ્રાવક, હોં! આ વાડાના શ્રાવક એ કંઈ શ્રાવક નથી. સમજાણું કાંઈ? પોપટભાઈ! કેટલા પોષા અને પડિકમણા કર્યા હતા કે નહિ? કર્યું હતું. વસ્તુની ખબર વિના વાસ્તવિક તત્ત્વ જે ચૈતન્ય, જેમાં ઠરવું છે એવું જે ચારિત્ર, એમાં ઠરવું એ ચારિત્ર. હવે એ ચીજ શું છે એમ જ્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં એ ચીજને ભાનમાં લીધી નથી તો પછી ઠરવું ક્યાં એની તો એને ખબર નથી. બાકી સમ્યગ્દર્શન વિના ચારિત્ર અને વ્રત આદિ હોતાં નથી. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન પછી દર્શન પડિમાનો ધારક અણુવ્રતી છે. '**ઈસકા નામ દર્શન હી કહા. યહાં ઈસપ્રકાર જાના કિ ઈસકે કેવલ સમ્યક્ત્વ હી હોતા હૈ...** ' શું કહે છે જરી? સમ્યગ્દર્શન આત્માનો, પૂર્ણ આત્માનો નિર્વિકલ્પ અનુભવ, રાગના મિશ્રિત વિના પૂર્ણ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, હોં! એ સિવાય અન્યોએ કહેલો આત્મા એ આત્મા નહિ. એવો જે આત્મા, અંતર નિર્વિકલ્પ દૃષ્ટિથી એટલે કે રાગના મિશ્રિત દૃષ્ટિ વિના એકલી નિર્મળ દૃષ્ટિથી એનો અનુભવ કરવો એનું નામ પ્રથમ ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન છે. એના પછી દર્શન પડિમા એ પંચમ ગુણસ્થાન છે. એ પંચમ ગુણસ્થાનમાં પાંચ અણુવ્રત હોય છે. એ અવ્રતી નથી.

'**અણુવ્રત નહીં હૈ ઈસકે અણુવ્રત અતિચાર સહિત હોતે હૈં...**' એમ કે અવ્રતી જ છે અને અણુવ્રત નથી. એમ નથી. ઝીણી વાત છે, ભાઈ! અણુવ્રત નથી એમ નથી. અણુવ્રત અતિચાર સહિત હોય છે. એમાં દોષ લાગે કોઈ. અતિચારનો આવે છે ને? અનંગક્રિડા, ...ચોથા વ્રતના અતિચાર દોષ

આવે છે. પહેલા વ્રતના અતિચાર આવે. બંધે વહે... વગેરે.. અતિચાર છે. પણ ઈ જેને સમ્યગ્દર્શન અનુભવ છે એને જે આવા વ્રતની સ્થિરતાનો અંશ પ્રગટ્યો છે અને એમાં જે એને આવા વ્રત વિકલ્પ હોય એને નિરતિચાર ન હોય. એમાં દોષ કંઈ લાગે છે તેથી તેને પંચમ ગુણસ્થાન કહેવાય. પણ એને વ્રતી ન કહેવાય. સમજાણું કાંઈ? **'અણુવ્રત અતિચાર સહિત હોતે હૈં ઈસલિયે વ્રતી નામ નહીં કહા.'** એને વ્રતી ન કહેવાય. અણુવ્રત હોવા છતાં જે વ્રત પડિમા બીજી છે, પહેલી દર્શન પડિમા, બીજી વ્રત પડિમા, એ વ્રત પડિમા એને ન કહેવાય. સમજાણું કાંઈ?

**'દૂસરી પ્રતિમા મેં અણુવ્રત અતિચાર રહિત પાલતા હૈ ઈસલિયે વ્રત નામ કહા હૈ,...'** સમ્યગ્દર્શન સહિત બીજા વ્રત એટલે પ્રતિમામાં, નિયમમાં વ્રત પડિમા કહી એમાં પંચ અણુવ્રત નિરતિચાર, અંશે અતિચારનો દોષ ન લાગે. એવા અણુવ્રતના રાગની ઘણી મંદતા અને અંતરમાં સ્વરૂપની સ્થિરતાનો અંશ જાગ્યો છે, શાંતિનો એને પંચમ ગુણસ્થાનવાળો, વ્રત પડિમાવાળો, બીજી પડિમાવાળો કહેવાય. ભારે ઝીણું, ભાઈ! ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- બહુ સરસ વાત છે.

ઉત્તર :- સરસ છે? આ નાઈરોબીમાં આ કાંઈ નહોતું. રૂપિયા હતા. નહોતા, રૂપિયા એના ઘરે રહ્યા. એ તો જડ છે. રૂપિયા તો જડ અજીવ છે. એ તો અજીવ થઈને રહ્યા છે. એ કંઈ આત્માના થઈને રહ્યા છે? પૈસા છે એ અજીવ થઈને રહ્યા છે કે જીવના થઈને રહ્યા છે? જો જીવના થઈને રહે તો તો પૈસો અરૂપી થઈ જાય. પૈસો, શરીર આ માટી, એ તો અજીવ થઈને રહ્યા છે. આ શરીર પણ અજીવ થઈને રહ્યું છે. આ કાંઈ જીવનું નથી. આહા..હા...! બાયડી, છોકરા, એના આત્માઓ, એનો આત્મા થઈને રહ્યા છે, એના શરીરો એના અજીવ થઈને રહ્યા છે, એ આ જીવના થઈને રહ્યા છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા...! એમ પહેલું, મારા સ્વરૂપમાં એ બીજા અજીવો અને જીવો નથી. મારા સ્વરૂપમાં પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે રાગ એ પણ નથી. અને હું એક સમયની વર્તમાન અવસ્થા છે એટલો હું નથી. સમજાણું કાંઈ? આહા..હા...!

ધ્રુવ પરમાત્મસ્વરૂપ મારું પોતાનું, શુદ્ધ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ છે ઈ, સત્ એટલે છે, ચિદ્ એટલે જ્ઞાન, આનંદ એટલે અંદર આત્માનું અતીન્દ્રિય સુખ. એવો પરિપૂર્ણ આત્મા મારો છે. એનું જેને અંતર્મુખ થઈને ભાન થાય, એના ઉપરાંત જેને શાંતિની સ્થિરતા વધીને દર્શન પડિમા જેને થાય, એને પંચ અણુવ્રત હોય. ત્યાં થોડો ચારિત્રનો અંશ છે. અણુવ્રત છે એ ભલે વિકલ્પ છે પણ ત્યાં શાંતિની સ્થિરતાનો અંશ પ્રગટ્યો છે. કારણ કે બીજા કષાયનો ત્યાં અભાવ છે. શું કહ્યું? ભગવાને ચાર કષાય કહ્યા છે ને? અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન. તો પ્રથમ આત્મદર્શન, સમ્યગ્દર્શન થતાં એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ટળે. પણ બીજા ત્રણ કષાય એને હોય છે. તેથી તેને સમ્યગ્દષ્ટિ, અવિરતી સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. પણ જ્યારે અંશે પણ

સ્થિરતાનો અંશ બીજો કષાય ટાળીને આવ્યો છે, એમાં એ પંચ અણુવ્રત આદિના વિકલ્પો છે. પણ સાતિચાર છે માટે તેને પંચમ ગુણસ્થાનવાળો દર્શન પડિમામાં નાખવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? શ્યામદાસજી! બહુ ઝીણી વાતું આવી વાત.

વીતરાગનો માર્ગ એવો છે, ભાઈ! પરમેશ્વર સાક્ષાત્ કેવળજ્ઞાનીએ જોયેલો, જાણેલો, અનુભવેલો કહ્યો માર્ગ આ છે. દુનિયા પોતાની મતિથી માનીને કલ્પી બેસે કે અમે ધર્મી છીએ ને અમે સમકિતી છીએ ને વ્રતધારી છીએ. સ્વતંત્ર અનાદિથી માન્યું છે. પણ વાસ્તવિક પરમાત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એણે જે કેવળજ્ઞાનમાં જોયું કે સમકિત આને કહેવું, સમજાણું કાંઈ? ઈ એણે કોઈ દિ' દરકાર કરી નથી. અને એને પોતાની જાત પૂર્ણ આનંદ ને શાંતિ ને વીતરાગતાથી ભરેલી ચીજ છે, એની અનુભવમાં પ્રતીત ન થાય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન હોય. સમ્યગ્દર્શન ન હોય તો એ અણુવ્રત અને મહાવ્રતના વિકલ્પો હોય એ કંઈ વ્રત-બ્રત છે નહિ. એ તો એકડા વિનાના મીંડા શૂન્ય.. શૂન્ય (છે).

આ તો સમ્યગ્દર્શન સહિત.. આહા..! આત્માનો અનુભવ. અનુ એટલે આત્મા શુદ્ધ આનંદને અનુસરીને, ભવવું એટલે થવું. એવી દશામાં પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન. એના ઉપરાંત સ્વરૂપનો આશ્રય જરી વધારે લઈ, સ્વરૂપનો-દ્રવ્યનો આશ્રય વધારે લઈ અને જે શાંતિનો અંશ પ્રગટ્યો છે, એમાં પાંચ અણુવ્રતના ભાવ પણ હોય છે. એને દર્શન પડિમા પહેલી પડિમાનું નામ એને દર્શન પડિમા કહે છે. છે એ પંચમ ગુણસ્થાનમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ત્યારે આહ્લાદ આનંદ વધતો જાય?

ઉત્તર :- હા. જેટલો કષાય ટળે એટલો આનંદ છે ને, વિશેષ છે ને. જેટલો કષાય ટળ્યો છે એટલી સ્થિરતા છે અને આનંદ પણ એટલો ભેગો છે. બારમે આનંદ પૂરો. તેરમે અનંત આનંદ. ચોથે ગુણસ્થાનથી આનંદની શરૂઆત થાય, સમ્યગ્દર્શનથી આનંદની શરૂઆત થાય. કેમ? કે જેટલા ગુણો આત્મામાં ભગવાને અનંતા કહ્યા, એ અનંતા ગુણનો પિંડ તે આત્મદ્રવ્ય છે. તો આખા દ્રવ્યની જ્યાં દૃષ્ટિ અને પ્રતીત થઈ તો એમાં જેટલા ગુણો અનંતા છે એ બધાનો અંશ પ્રગટ વ્યક્ત થાય છે. આહા..હા...! તો આનંદનો અંશ પણ વ્યક્ત અને પ્રગટ છે. ચારિત્રનો અંશ પણ સ્વરૂપાચરણનો અંશ પ્રગટ છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું? લોકોએ મૂળ વાતને મૂકી અને બહારથી બધા ઢસરડા કર્યા. એમાં કાંઈ આત્માનું કલ્યાણ થયું નહિ. આહા..હા...!

અહીં તો પરમાત્મા અરિહંતદેવની વાણીમાં એમ આવ્યું, ભાઈ! તું પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છો ને! એ જ તું પૂરો છો. એક સમયની પર્યાય છે એ પૂરી નથી. આરે..! ભારે વાત, ભાઈ! પુણ્ય-પાપના વિકલ્પ છે એ તો તું નહિ, એ તો આસ્રવતત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ જે ઉઠે એ તો રાગ છે, એ તો આસ્રવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ નહિ. એનાથી (ભિન્ન) ભગવાન આત્મા પૂર્ણ અનંત ગુણનો ધામ, એને જ્યાં કબ્જે દૃષ્ટિમાં લીધો એટલે જેટલા ગુણો, એની શક્તિની અંશે વ્યક્તતા-

પ્રગટતા ચોથે ગુણસ્થાને થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? તેથી શ્રીમદ્દે એને ટૂંકી ભાષામાં 'સર્વ ગુણાંશ તે સમકિત' એમ કહ્યું છે. સમજાણું કાંઈ? પાંચમું ગુણસ્થાન આવતાં શ્રાવકનું ગુણસ્થાન (આવે). શ્રાવકનું એટલે ભાવશ્રાવક. સમજાણું કાંઈ? અંતરની દૃષ્ટિની ખીલવટ કરી અંદરમાં સ્વરૂપનો આશ્રય વધારે લેતાં થોડી શાંતિ થઈ, બીજો કષાય અપ્રત્યાખ્યાની ટળી પણ હજી એમાં અતિચાર દોષ લાગવાનો પાંચ અણુવ્રતમાં સંભવ છે. એથી એને દર્શન પડિમા કીધી, પણ વ્રતપડિમા એને કીધી નહિ. એટલો અતિચાર ખંડ છે ત્યાં સુધી વ્રતી નહિ, એમ કહે છે. આહા..હા..! ગુણસ્થાન ભલે પંચમ. સમજાણું કાંઈ? કે દિ' નવરા થયા છે? નવરો કે દિ' છે? રળવું ને ખાવું ને પીવું ને ભોગ ને આબરૂ ને કીર્તિ.. મરી ગયો એમાં. ધૂળમાંય નથી કંઈ ન્યાં. આહા..હા...! જ્યાં ભગવાન પોતાનો અંદર બિરાજે છે, ચૈતન્યનાથ જ્યાં સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે. સમજાણું કાંઈ? પેલા અન્યમતિ કહે એમ નહિ, હોં! આ તો પરમાત્માએ સત્.. સત્.. સત્ જે ભગવાને જોયું, સત્ સત્ મહાપ્રભુ ચેતન, ચિદાનંદ. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. એવો પરિપૂર્ણ પ્રભુ જેની શ્રદ્ધા અને પ્રતીત કરતાં અનંતા ગુણોની શક્તિની વ્યક્તતા-પ્રગટતા અનુભવમાં આવે. સમજાણું કાંઈ? આ પહેલું કરવાનું છે. આહા..હા...! એ પછી સ્વરૂપનો-ધ્રુવનો વધારે આશ્રય લઈ, જે શાંતિનો અંશ પ્રગટ્યો એ ભૂમિકાએ પંચ અણુવ્રતના વિકલ્પનો ભાવ હોય. પણ એ નિરતિચાર ન હોય માટે એને વ્રતી બીજા પડિમામાં નાખી નથી. એને દર્શન પડિમા કહે છે, જુઓ! છે?

**'દૂસરી પ્રતિમા મેં અણુવ્રત અતિચાર રહિત પાલતા હૈ... '** સમ્યગ્દર્શન સહિત પહેલી પડિમામાં પંચ અણુવ્રત તો છે, પણ બીજી પડિમામાં નિરતિચાર વ્રત પાળે ત્યારે તેને વ્રતી પડિમા પંચમ ગુણસ્થાનની બીજી ભૂમિકાની દશા કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહા..હા...! **'અતિચાર રહિત પાલતા હૈ ઈસલિયે વ્રત નામ કહા હૈ, યહાં સમ્યક્ત્વ કે અતિચાર ટાલતા હૈ...'** શું કહે છે? દર્શન પડિમામાં પાંચ અણુવ્રતના ભાવ, વિકલ્પ હોય. સ્થિરતાનો અંશ હોય પણ અતિચાર એના ન ટાળે, પણ દર્શન પડિમામાં સમકિતના અતિચાર ટાળે. આહા..! સમજાય છે કાંઈ? શંકા, કંખા, વિતિગચ્છ સમકિતના અતિચાર આવે છે ને? એ એને હોય નહિ. દર્શન પડિમામાં શંકા, કંખા, ... પર.. છે ને? પરિચય કરવો.. એ સમ્યગ્દૃષ્ટિને ઊંધી દૃષ્ટિવાળા અજ્ઞાનીઓ, જીવને ઈશ્વરકર્તા માનનારા, જીવને પરાધીન માનનારા કે જીવને એક જ માનનાર કે જડને એક જ માનનારા-એવા માનનારા અજ્ઞાનીઓનો સંસર્ગ, એના ગુણ ન ગાય, એનો પરિચય ન કરે. એવો પંચમ ગુણસ્થાનવાળો પણ દર્શન પડિમાવાળો એના સમકિતના અતિચાર ટાળે. વ્રતના અતિચાર ન ટાળે. સમજાણું કાંઈ? આહા..હા...!

**'સમ્યક્ત્વ કે અતિચાર ટાલતા હૈ, સમ્યક્ત્વ હી પ્રધાન હૈ...'** માટે સમકિત જ પ્રધાન છે, એમ કહે છે. ત્યાં વ્રત પ્રધાન (નથી), પ્રધાન એટલે મુખ્ય વ્રત કહેવામાં આવતા નથી. 'ઈસલિયે

**દર્શનપ્રતિમા નામ હૈ.'** એને ભગવાને સિદ્ધાંતમાં દર્શન પ્રતિમા કહેવામાં આવે છે. '**અન્ય ગ્રંથોં મેં ઈસકા સ્વરૂપ ઈસપ્રકાર કહા હૈ કિ જો આઠ મૂલગુણ કા પાલન કરે, સાત વ્યસન કો ત્યાગે, જિસકે સમ્યક્ત્વ અતિચારરહિત શુદ્ધ હો વહ દર્શન પ્રતિમા ધારક હૈ.** ' બીજા શાસ્ત્રોમાં, પરમેશ્વરના બીજા શાસ્ત્રમાં આઠ મૂળગુણ પાળે. પાંચ ઉદંબર ફળ છે ને? આ ટેટા.. શું કહેવાય? ટેટી વડની. એમાં ત્રસ બહુ હોય છે. તેથી સમકિતી એ ખાય નહિ. એને લ્યે નહિ. સમજાય છે કાંઈ? વડના ટેટા, ટેટી, આ અંજીર, અંજીર છે ને? અંજીર. બહુ જીવ. અંજીર. નથી જાણતો. સડેલા હોય. જીવાત બહુ ઝીણી ઝીણી, ત્રસ જીવ હોય. એને સમ્યગ્દૃષ્ટિ એવા પાંચ પ્રકારના ફળ, જેમાં ત્રસની ઉત્પત્તિ હોય છે, એને ખાય નહિ. એને ખાવાનો ભાવ એને હોતો નથી. સમજાણું કાંઈ? ઉદુંબર એને કહે છે. એવું એક ફળ ન્યાં જોયું હતું. દિશાએ ગયા ત્યાં નીચે ફળ પડેલા. ક્યાં? સલાસર. સલાસર નહિ? પેલી કોર આવ્યું ને? સલાસર ગયા હતા. દિશાએ બહાર ગયા હતા. ત્યાં એક મોટું ઝાડ અને નીચે ફળ. આપણે કાંઈ કોઈ દિ' જોયેલું નહિ. આવડા.. આવડા ફળ. કીધું, શું હશે આ? એટલી જીવાત પડેલી અંદર. એ આ ઉંબરના ફળ હતા. અહીં ઝાડ હતા. રાજકોટ. ભાઈ! આપણે ઉતરેલા કો'કના મકાનમાં. રાઠોડની. રાઠોડની જગ્યામાં ઉતર્યા હતા. કૂવાના રસ્તે. મોટું ઝાડ. ઉંબરના ફળનું હતું. એકલા ત્રસ. ટેટી. આ ટેટીના શાક કરે છે ને? મહા જીવાત એકલી હોય. સમકિતી એવા શાક ખાય નહિ. એટલો તો એને અંદર રાગનો ત્યાગ હોય, એમ કહે છે. એક રાગ તો તૂટી ગયો છે, અનંતાનુબંધી ગયો છે. સમજાણું કાંઈ? જેમાં ત્રસની ઉત્પત્તિ (થતી હોય) એ ત્રસનો ખોરાક તો માંસનો ખોરાક કહેવાય. સમજાણું કાંઈ? એ.. મથુરભાઈ! એને ક્યાં ખબર છે? રળવા રળવામાં પડ્યા હોય. ત્યાં સાંભળવા પણ ક્યાં નવરા છે. આહા..!

કહે છે, પાંચ ઉદંબર ફળ અને સાત વ્યસન. પરસ્ત્રી, શિકાર, માંસ, દારૂ એ સમકિતીને હોઈ શકે નહિ. એ ભાવ એને હોય જ નહિ. એવો ભાવ સમ્યગ્દર્શન વિના પણ આર્યપ્રાણીને પણ એવા ખરેખર તો માંસ, દારૂ હોઈ શકે નહિ. માંસ, દારૂ, શિકાર, પરસ્ત્રી એ તે કંઈ સજ્જનને હોય? સાધારણ લૌકિક સજ્જનને પણ એ હોય નહિ. અહીં તો સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે. વ્રત સહિત અણુવ્રતી છે. એને એવા સાત વ્યસનો ન હોય. અને પાંચ ઉદંબર ફળ ખાય નહિ. સમજાણું?

આઠ મૂળગુણ એટલે આ પાંચ ઉદંબર ફળ અને મદ્ય, માંસ ને દારૂ. મદ્ય, માંસ છે ને? ... એટલે મધ. મદ્ય એટલે દારૂ અને માંસ અને મધ. એ સમકિતી ન ખાય. મધના એક ટીપામાં સાત ગામને મારે એટલા જીવ અંદર છે. સમજાણું કાંઈ? મધ દવામાં પણ સમકિતી લે નહિ. એવી વાત છે. ... ભાઈ! ઘણા લે છે ને? દવામાં નાખે. મોટું પાપ છે. આઠ મૂળગુણ, સાત વ્યસન.

'**જિસકે સમ્યક્ત્વ અતિચાર રહિત શુદ્ધ હો...**' આઠ મૂળગુણ પાળે અને સાત વ્યસન ન હોય, એને દર્શન પ્રતિમાનો ધારક કહેવાય. '**પાંચ ઉદંબરફલ ઔર મદ્ય, માંસ, મધુ...**' મદ્ય એટલે

દારૂ. દારૂ, માંસ અને મધ અને ઉદંબર ફળ આ ટેટા આદિ કે અંજીર... શું કીધું ઈ? અંજીર. એ બધાનો ત્યાગ સમકિતીને અણુવ્રતધારીને હોય છે. સમજાણું કાંઈ?

'**અથવા કિસી ગ્રંથ મેં ઈસપ્રકાર કહા હૈ કિ પાંચ અણુવ્રત પાલે ઔર મદ્ય, માંસ, મધુ કા ત્યાગ કરે...**' એવા આઠ મૂળગુણ પણ કહ્યા છે. પેલામાં પાંચ ઉદંબર ફળ કહ્યા હતા, અહીં પાંચ અણુવ્રત કહ્યા. પણ એ તો બધું એક જ છે. '**પરન્તુ ઈસમેં વિરોધ નહીં હૈ, વિવક્ષા કા ભેદ હૈ.**' એ આવી ગયું પાંચ અણુવ્રતમાં. કેમ? '**પાંચ ઉદંબરફલ ઔર તીન મકાર...**' મધ, માંસ અને મદ્ય. મકાર આવ્યો ને? દારૂ. '**ત્યાગ કહને સે જિન વસ્તુઓં મેં સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં ઉન સબ હી વસ્તુઓં કો ભક્ષણ નહીં કરે.**' જેમાં ત્રસ જીવ ઝીણા.. ઝીણા.. ઝીણા.. સાક્ષાત્ દેખાય, તે ધર્મીને ખાવાને યોગ્ય હોઈ શકે નહિ. આ સડે છે, નહિ? અથાણું સડે એમાં જીવાત બહુ પડે. બાર-બાર મહિનાના અથાણા. અથાણું સમજ્યા ને? અથાણું સમજતે હો? અચાર. બાર-બાર મહિનાના, કેરીના, ગુંદાના, ખારેકના કરે છે ને અથાણું?

મુમુક્ષુ :- મખ્ખન કો ભી...

ઉત્તર :- હા. માખણ પણ નહિ.

અહીં કહે છે, '**સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં...**' આ માખણ આઠ-આઠ દિ'નું રાખીને લોકો ગામડામાં ઘી કરે છે. બધું બગડી ગયું અત્યારે. માખણ એક દિ'નું રાખે અને આઠ દિ'નું ભેગું કરે. અને બે ઘડી પછી ત્રસ થાય, શાસ્ત્ર તો એમ કહે છે. એ ઉકાળેલા ઘી એને અહીં ચોખ્ખા ઘી કહે. પેલું બીજું નાખ્યું ન હોય ને. શું કહેવાય? વેજીટેબલ ને ઈ. પણ પેલા ત્રસ મરી ગયા છે ઈ? સમજાણું કાંઈ? વેજીટેબલ નાખ્યું હોય અને પેલું નાખ્યું હોય તો... પણ આઠ દિ' સડો રાખી, ગામડામાં આઠ દિ' ભેગું કરી પછી તાવે. ન્યાં પણ તમારે એમ હશે કે નહિ? ચાર દિ'. ચાર દિ' કહે છે. તોપણ અહીં તો શાસ્ત્ર તો (એમ કહે છે), માખણ બે ઘડી પછી ત્રસ થઈ જાય અંદર. સમજાણું કાંઈ? સૂક્ષ્મ ત્રસ થાય. ભગવાને કેવળજ્ઞાનીએ જોયાં છે. એને ભલે નજર ન આવે.

'**સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં...**' એમાં ત્રસનો ખ્યાલ આવે. '**સબ હી વસ્તુઓં કા ભક્ષણ નહીં કરે. દેવાદિક કે નિમિત્ત...**' દેવ, ગુરુ માટે પણ એ ત્રસની હિંસા કરે નહિ. '**તથા ઔષધાદિ નિમિત્ત ઈત્યાદિ કારણોં સે દિખતે હુએ ત્રસજીવોં કા ઘાત ન કરે,...**' એ ઔષધને માટે ગોળી, દવા વગેરે માટે પણ જેમાં ત્રસ જીવ મરે એવી દવા સમકિતી, શ્રાવક ખાય નહિ. સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! '**ઘાત ન કરે, ઐસા આશય હૈ...**' લ્યો. 'ઔષધાદિ નિમિત્ત ઈત્યાદિ કારણોં સે દિખતે હુએ ત્રસ જીવ...' સૂક્ષ્મપણે દેખાય એવા ન (લે). '**ઈસમેં તો અહિંસાણુવ્રત આયા.**' કહે છે ને પેલા? પાંચ ઉદંબર કહ્યા હતા. એમાં આ અણુવ્રત આવી ગયું હશે. એનો ત્યાગ થયો તો અણુવ્રત થઈ ગયું.

મુમુક્ષુ :- પાંચમું...

ઉત્તર :- પાંચમું. આ તો પાંચમાની વાત છે. પ્રતિજ્ઞા સહિતની વાત છે ને. વ્રતધારી. ચોથાવાળો મદ્ય, માંસ આદિ ખાય નહિ. પણ એને વ્રતની પ્રતિજ્ઞા નથી. ચોથે પ્રતિજ્ઞા નથી ને. છતાં ચોથે ખાય નહિ. સમકિતીને માંસ નહિ, મધ નહિ, દારૂ નહિ. હોય નહિ એને. પાંચ ઉદંબર ફળ હોય નહિ એને. સમકિત થવા પહેલા, જૈન થવા પહેલા એને ન હોય, એમ કહે છે શાસ્ત્ર. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં છે. જેને આ આઠ મૂળનો ત્યાગ નથી એ તો જૈનધર્મને સાંભળવાને લાયક નથી, એમ કહે છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય છે ને? અમૃતચંદ્રાચાર્ય. સમજાણું કાંઈ?

'**અહિંસાણુવ્રત આયા...**' લ્યો. એ પાંચ ઉદંબરનો ત્યાગ પ્રતિજ્ઞા છે ને અહીં તો અણુવ્રતમાં? એની વાત છે. પેલામાં પ્રતિજ્ઞા નથી, પણ હોય નહિ. '**સાત વ્યસન કે ત્યાગ મેં જૂઠ,...**' કા ત્યાગ આયા. સાત વ્યસનમાં જૂઠાનો ત્યાગ એ બીજું અણુવ્રત થઈ ગયું. '**ચોરી...**'નો ત્યાગ આવ્યો. સાત વ્યસનમાં ચોરીનો ત્યાગ આવે છે. '**પરસ્ત્રી કા ત્યાગ આયા, અન્ય વ્યસનોં કે ત્યાગ મેં અન્યાય, પરધન, પરસ્ત્રી કા ગ્રહણ નહીં હૈ,...**' લ્યો. એ વ્યસનના ત્યાગમાં અન્યાય નહિ. અન્યાય ન કરે, સમકિતી અન્યાય ન કરે. અન્યાયથી કોઈને લૂંટે કે એવું ન હોય. સમજાણું કાંઈ? થાપણ મૂકી હોય પાંચ લાખની અને કહે તમારા એક લાખ હતા, એવો અન્યાય ન કરે. આ વિધવા બાઈ છે એને કાંઈ ખબર નહોતી. ઓઘે ઓઘે મૂકી ગઈ છે. અમારા બાપ ગુજરી ગયા છે. મારા બાપની મૂડી મને આવી છે. કેટલી છે મને ખબર નથી, પણ તમારે ત્યાં મૂકી જાઉં છું. હોય પાંચ લાખની, પછી કહે કે એમાં તો લાખની હતી. એવો અન્યાય હોય નહિ. સમજાણું કાંઈ?

'**પરધન, પરસ્ત્રી ગ્રહણ નહીં હૈ...**' અન્યાયથી પરધન અને પરસ્ત્રીનું ગ્રહણ ન હોય. પરસ્ત્રીનો ત્યાગ હોય છે. સમજાય છે કાંઈ? વ્યભિચારી અણુવ્રતધારી રહી શકે નહિ. સમ્યગ્દર્શન સહિતની વાત છે. ન હોય એને પણ સજ્જનતામાં તો એટલું ન હોય. સાધારણ સજ્જનને પણ પરસ્ત્રીનો ત્યાગ, માંસ, દારૂ, મધનો ત્યાગ એ તો સાધારણ હોય. એ તો સાધારણ સ્થિતિ છે. આ તો પ્રતિજ્ઞા અને ભાન સહિતની વાત ચાલે છે.

'**ઈસમેં અતિલોભ કે ત્યાગ સે પરિગ્રહ કા ઘટાના આયા,...**' ચોરીનો ત્યાગ, પરિગ્રહનો ત્યાગ, જૂઠાનો ત્યાગ એમ આવ્યું ને? પરિગ્રહનો ત્યાગ પણ આવ્યો. '**ઈસપ્રકાર પાંચ અણુવ્રત આતે હૈં.**' એ આઠ મૂળગુણમાં પણ પાંચ અણુવ્રત આવે. '**ઈનકે (વ્રતાદિ પ્રતિમા કે) અતિચાર નહીં ટલતે હૈં ઈસલિયે અણુવ્રતી નામ પ્રાપ્ત નહીં કરતા...**' લ્યો. દર્શન પડિમા પંચમ ગુણસ્થાન હોવા છતાં અતિચાર ટળે નહિ તેથી તેને દર્શન પડિમા કહેવાય. અણુવ્રત ઈ ન પાળે. આહા..! જુઓને! ખૂબી. અણુવ્રત હોવા છતાં અતિચાર (સહિત છે તો) અણુવ્રત નહિ. સમજાણું કાંઈ?

'**અતિચાર નહીં ટલતે હૈં ઈસલિયે અણુવ્રતી નામ પ્રાપ્ત નહીં કરતા (ફિર ભી) ઈસપ્રકાર**

**से दर्शन प्रतिमा का धारक भी अणुव्रती है ईसलिये देशविरत सागारसंयमचरण चारित्र में ईसको भी गिना है.'** શું કીધું? સંયમચારિત્રના બે પ્રકાર. એક દેશવિરતિ અને એક સર્વવિરતિ. દેશવિરતિ શ્રાવકમાં અને પાંચમા ગુણસ્થાનવાળામાં પહેલી પડિમાને નાખ્યા. સંયમચરણ ચારિત્રમાં નાખ્યા, એમ કહે છે. ભાઈ! એમ કે સંયમચરણ ચારિત્રમાં આને નાખ્યા. સંયમચરણ ચારિત્રમાં નાખ્યા પણ વ્રતીમાં નાખ્યા નથી. જુઓને! આંતરો. સમજાણું?

પહેલું સમ્યક્ચરણ ચારિત્ર. એ તો ઘણી વિસ્તારથી વાત થઈ ગઈ. પછી સંયમચરણ ચારિત્રના બે ભાગ. એક ગૃહસ્થાશ્રમનો દેશવિરતિ અને સર્વવિરતિ. દેશવિરતિના સંયમચરણ ચારિત્ર પાંચમે ગુણસ્થાને દર્શન પડિમાને આવ્યું અને છે એ સંયમચરણ ચારિત્ર. છતાં એને વ્રતી કહેવાય નહિ. આહા..હા...! પડિમા ન કહેવાય. વ્રત પડિમા ન કહેવાય. સમજાણું કાંઈ? આ બધું સમજવું પડતું હશે? સમજ્યા વિના ઓઘે ઓઘે ધર્મ નહિ થાતો હોય? એમ ન ચાલે વીતરાગ માર્ગમાં. એનું બરાબર જ્ઞાન કરવું જોઈએ.

અરે...! આવો મનુષ્યદેહ મળ્યો, એમાં જો આ ભગવાને કહેલો વાસ્તવિક તત્ત્વનો ધર્મ ન પ્રગટે અને ન સમજે (તો) જન્મ-મરણના ક્યાંય આરા નહિ આવે. દુનિયા એમ કહેશે કે ઓ..હો..હો...! કરોડ, બે કરોડ, પાંચ કરોડ હોય અને દસ-વીસ લાખ ખરચે... ભારે ધર્મી છે ઈ. ધર્મી દુનિયા કહેશે. પણ એ ધર્મી નથી. તારા દસ લાખ શું પાંચ-દસ કરોડ ખરચે ને. એ તો જડ છે. દુનિયા એમ કહે, દાનેશ્વરી! ભગવાન કહે, પણ સાંભળને હવે. તારામાંથી રાગને કાઢીને સ્વરૂપના સ્થિરતાના દાન તેં ન આપ્યા ત્યાં સુધી તું દાનેશ્વરી નથી. એય..! પોતાને દાન અંદર (દે). ભગવાન આનંદનો ધામ પ્રભુ, એને રાગનો અભાવ કરી અને શાંતિની સ્થિરતા આત્મામાં દેવી એનું નામ દાન છે. આવા બહારના દાન તો અનંત વાર આપ્યા. રાગ કોઈ મંદ કર્યો હોય તો પુણ્ય થાય. આણે પાંચ કરોડના, દસ કરોડના દેરાસર બંધાવ્યા માટે ધર્મ થાય. તો કહે છે ના. કોણ કહ્યું તને? સમજાણું કાંઈ? દુનિયા તો કહેશે. ભગવાન નહિ કહે. બરાબર છે ને આ? એક જણાએ લાખ કાઢ્યા તો કહે, ઓ..હો..હો...! શું છે પણ? ત્રણ કરોડની આગળ એક લાખ કેવો હતો? ત્યાં તો એમ કહે, વાહ.. વાહ..! એનો બાપ પણ જરી થોડી વાર ખુશી થઈ જાય.

મુમુક્ષુ :- બરાબર ...

ઉત્તર :- ગયા પછી કહીએ છીએ આ. પણ એમાં છે શું?

ભગવાન આત્મા વીતરાગની મૂર્તિ પ્રભુ, એનું દાન એને શક્તિમાંથી પ્રગટતા વીતરાગના અંશની કરી અને પોતે રાખે અને પોતે પોતાને નિર્મળ ભાવ દે, એને ભગવાન ધર્મીનું દાન કહે છે. સમજાણું કાંઈ? બહારના પૈસાથી.. નામ પડે. ગરીબ માણસ બિચારા નોંધાવી ન શકે. આંકડો નોંધાવે. આ પાંચ લાખનો ખરડો કરવો છે. મોટાઓ પહેલા આંકડો લખાવો. કારણ કે નાનો પહેલું લખાવે તો મોટાને

ઓલું થઈ જાય. પોપટભાઈ! મોટા મોટાને પકડે પહેલા. લખાવો. પચીસ હજાર ને એક. જે એનાથી નાનાનું ઓછું લખાય પણ બહુ એની જેવડા હોય એ ઓછું ન લખે. આ તો દબાણને લઈને પણ... ઈ પણ રાગની મંદતા એ જુદી જાતની, કહે છે. હોય તો. આહા..હા...!

અહીં તો ભગવાન આત્મા તદ્દન પવિત્રનું ધામ એવી પવિત્રતા જેને દૃષ્ટિમાં આવી છે અને એ પવિત્રતા પ્રગટ કરવી છે એમાં બહારના અવલંબન ને આશ્રયની એને જરૂર નથી. આહા..હા...! સમજાણું કાંઈ? એ દેશવિરતમાં ગણવામાં આવ્યા, પણ દર્શન પડિમાનું નામ વ્રતીમાં ગણવામાં ન આવ્યું.

'**આગે પાંચ અણુવ્રતોં કા સ્વરૂપ કહતે હૈં :—**' લ્યો. પાંચ અણુવ્રત કીધાં ને? અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. અણુ એટલે નાના વ્રત. સમકિત સહિત. સમકિત વિનાના વ્રત એ વ્રત હોઈ શકે નહિ. તેથી પહેલું (કહ્યું), સમ્યક્ચરણ ચારિત્ર વિના સંયમચરણ ચારિત્ર હોઈ શકે નહિ. એ વાત પહેલી આવી ગઈ છે. સમ્યક્ચરણ ચારિત્ર ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પના રાગની ક્રિયા વિનાનો, પૂર્ણાનંદનો ધ્રુવ નાથ, એની અંદરમાં જામી ગયેલી પ્રતીતિ, એવા અનુભવની પ્રતીતિ વિના કોઈ પણ વ્રત ને તપને કરે એ બધાં એકડા વિનાના મીંડા છે. સમજાય છે કાંઈ? એ બધા રણમાં પોક મૂકવા જેવા છે, એમ કહે છે. રણની પોક કોઈ સાંભળે નહિ, એનું રૂદન મટે નહિ. આ વસ્તુના ભાન સહિત જે અણુવ્રત સમ્યગ્દર્શન સહિત હોય એને સંયમચરણ ચારિત્ર કહે છે.

**थूले तसकायवहे थूले मोषे अदत्तथूले य।**
**परिहारो परमहिला परिग्गहारंभपरिमाणं।।२४।।**

અર્થ :- '**થૂલ ત્રસકાય કા ઘાત,...**' એનો ત્યાગ. સમ્યગ્દર્શન સહિત અણુવ્રતધારીને સ્થૂળ ત્રસનો ઘાત (હોય છે). સૂક્ષ્મ કોઈ ન દેખાય ... અશક્ય છે. સમજાણું? વિષયભોગમાં અસંખ્ય સંમૂર્છન ત્રસ મરે. દેખાય નહિ એવી ચીજ છે. ભગવાનની આજ્ઞાએ માનીને... સમજાણું? એક વાર વિષયમાં અસંખ્ય સંમૂર્છન ત્રસ મરે છે. આહા..હા...! સમજાણું કાંઈ? પણ ઈ દેખાતા નથી ને એથી એને કહે છે કે ઘાત થાય છતાં પાંચમા ગુણસ્થાનનો નાશ ન થાય. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! દેખાતા ત્રસ હોય, આ જીવાત, જુઓને! રીંગણાના ટોપમાં બહુ જીવાત હોય. રીંગણા.. રીંગણા હોય છે ને? એના ઉપરના ટોપ હોય ને? ઝીણા.. ઝીણા.. ઝીણા.. પાણીમાં નાખે તો જુદા પડી જાય. એવા ત્રસ જેમાં હોય એવો ખોરાક, સ્થૂળ દેખાય એનો ખોરાક ન લ્યે, એમ કહે છે.

આમ તો ભગવાન કહે છે, જાડે ગરણે પાણી ગળે તોપણ સૂક્ષ્મ ત્રસ તો અંદર ઝીણા હોય છે. આહા..હા...! એમાં ઓલા ગરણામાં ગળી જાય. પાણી જાય ને હેઠે? પાકુ ગરણું, હોં! જાડું. આ બહુ પાતળા ઝીણી કરે છે એ નહિ. જાડા કપડા. એના ગરણે પાણી ગળે તોપણ અંદર હેઠે પાણીમાં અંગુલના અસંખ્યમા ભાગમાં ત્રસ હોય છે. એ ત્રસ એમાં પાણીમાં જાય. પણ એ દેખતા ત્રસ નથી

એટલે એનો ત્યાગ થઈ શકતો નથી. એવી વાત છે. સમજાણું કાંઈ? ઓ..હો..! (ઈ) સ્થૂળ ત્રસનો ઘાત (થયો).

'**થૂલમૃષા..**' મોટું જૂઠું. ખુલાસો કરશે. '**થૂલ અદત્તા અર્થાત્ પર કા બિના દિયા ધન, પરમહિલા...**'નો ત્યાગ. પરસ્ત્રીનો ત્યાગ. '**પરસ્ત્રી ઈનકા તો પરિહાર અર્થાત્ ત્યાગ ઔર પરિગ્રહ તથા આરંભ કા પરિમાણ...**' એનું માપ કરે. પરિગ્રહનું માપ હોય કે આટલું એ સિવાય મારે કરવું નહિ. એવું સમ્યગ્દર્શનના ભાન સહિત એ ભૂમિકામાં આવા અણુવ્રતના પરિણામ એને હોય છે.

ભાવાર્થ :- '**યહાં થૂલ કહને કા ઐસા અર્થ જાનના કિ જિસમેં અપના મરણ હો,..**' સમજાણું કાંઈ? એવું અફીણ ખાય ને એવું જે ખાય છે ને પેલા? એવું ન હોય. '**પરકા મરણ હો,...**' પર ત્રસ મરી જાય, એનો ત્યાગ છે. '**અપના ઘર બિગડે,...**' ઘર બગડે, '**પર કા ઘર બિગડે,...**' એવું ધર્મી સમકિતી કરતો નથી. આહા..! '**રાજા કે દંડ યોગ્ય હો,...**' રાજા દંડવાને યોગ્ય એવું કર્તવ્ય સમકિતી કરે નહિ. સમજાણું કાંઈ? '**પંચોં કે દંડ યોગ્ય હો,...**' પંચ.. પંચ. મહાજન. સરપંચ થયા છે ને હવે તો. (પહેલા) મહાજન હતા. મહાજનનો દંડ થાય એવું એ આચરણ ન કરે. અત્યારે તો સરપંચ પોતે કરતો હોય. એને ભાન પણ ન મળે કે શું વસ્તુ છે. આ તો પહેલા સાચા મહાજન હતા, ધર્માત્મા સાચા.. સમજાય છે? એ એને દંડ દે એવું સમકિતી ન કરે. લજ્જા આવે. આહા..! '**ઈસપ્રકાર મોટે અન્યાયરૂપ પાપકાર્ય જાનને.**' લ્યો. મોટા અન્યાયરૂપ પાપ. આ અન્યાયની વ્યાખ્યા કરી. આવા મોટા અન્યાયરૂપ પાપ એ કરે નહિ.

'**ઈસપ્રકાર સ્થૂલ પાપ રાજાદિક કે ભય સે ન કરે વહ વ્રત નહીં હૈ,...**' રાજના ભયથી, કુટુંબના ભયથી, પંચના ભયથી, નાતના ભયથી કદાચિત્ આવી મોટી હિંસા, અન્યાય ન કરે તોપણ એ વ્રતી કહેવાય નહિ. એ તો દુનિયા માટે કર્યું. આત્મા માટે જેને રાગ ઘટાડવાની ભાવના છે, સ્વરૂપની દૃષ્ટિનો આશ્રય લઈને, એને તો આવા ભાવ પોતાથી સહજ પાપના ત્યાગનો ભાવ હોય છે. સમજાણું?

'**ઈનકો તીવ્ર કષાય કે નિમિત્ત સે તીવ્ર કર્મબંધ કે નિમિત્ત જાનકર...**' કહે છે કે ત્યાગ કેમ કરવો? એ તીવ્ર કષાયનું નિમિત્ત છે અને તીવ્ર કર્મબંધનું નિમિત્ત છે, એમ. આ સ્થૂળ પાપ. '**સ્વયમેવ ન કરને કે ભાવરૂપ ત્યાગ હો વહ વ્રત હૈ.**' પોતાની મેળાએ રાગનો ત્યાગ, સ્વભાવના ભાવમાં સ્થિરતા કરીને આવો ભાવ હોય તો એને વ્રત પડિમા કહેવામાં આવે છે. નહિતર નહિ. સમજાણું કાંઈ?

'**ઈસકે ગ્યારહ સ્થાનક કહે, ઈનમેં ઉપર ઉપર ત્યાગ બઢતા જાતા હૈ...**' એમ કહે છે. અગિયાર પડિમા કીધી ને? એમાં પહેલી પડિમા પછી બીજી, ત્રીજી વધતી જાય. હેઠે ઉતરે નહિ. આહા..હા...! એમ કહે છે. પડિમા લીધી પછી મૂકી દીધી. મૂકી દઈએ આપણે. એમ ન હોય. સાચી સમ્યગ્દર્શન સહિતની વાત છે ને? પછી એને વધવું જ હોય. '**ઈસકે ગ્યારહ સ્થાનક કહે, ઈનમેં**

**ઊપર ઊપર ત્યાગ બઢતા જાતા હૈ...**' રાગ ઘટતો જ જાય. પહેલી પડિમા કરતાં બીજીમાં, બીજી કરતાં ત્રીજીમાં રાગ ઘટતો જ જાય. ત્યારે એને પડિમા કહેવામાં આવે છે. આહા..! '**સો ઈસકી ઉત્કૃષ્ટતા તક ઐસા હૈ...**' વધતાં વધતાં રાગનો ત્યાગ કરતાં કરતાં '**ઉત્કૃષ્ટતા તક ઐસા હૈ કિ જિન કાર્યોં મેં ત્રસ જીવોં કો બાધા હો...**' જેમાં ત્રસ જીવને દુઃખ થાય '**ઈસપ્રકાર કે સબ હી કાર્ય છૂટ જાતે હૈં...**' સમજાણું કાંઈ? ખેતી ને વાડીમાં જુઓને! ખેતીમાં કેટલા ઓલા.. શું કહેવાય? ખાતર. બહુ જીવાત ખાતરમાં, હોં!

એક ગાડા ઘરે જતા હતા. ગાડા ઘરે સડેલા હશે તો આમ જીવડા હેઠે પડે. ગાડા ચાલતા હતા, ગાડામાંથી (હેઠે પડે). આખું ગાડુ ભરેલું. અને વાણિયાનું હતું. વાણિયાને ખેતર હતું. સમજાણું? લોકો કહે, એલા અમે આવું ન કરીએ ને વાણિયા આવું કરે? એમ લોકો બોલતા હતા. ઘણા વર્ષથી પડ્યો હશે.. શું કહેવાય? ઉકરડો. જૂનો સડેલો રાખ્યો હશે. એમાં ટાણું આવ્યું તો વેંચી નાખ્યો. એમાં ગાડાનું શું ઊપજે? તે દિ' રૂપિયો, દોઢ રૂપિયો. પણ જીવાત એટલી કે ગાડું આમ ચાલે (તો) હેઠે ત્રસ કાળા જીવડા પડતા જ હોય, ચકરાતા જ હોય. સમજાય છે? આવું સમકિતીને હોઈ શકે નહિ. આહા..હા..! આ તો અમને તો નામ-ઠામ બધું આવડતું હોય ને, અમને ખબર છે કોણ (ઈ). ત્રસ મરે. સડો.. સડો. ઉકરડામાં એટલી જીવાત. વરસાદ પડ્યા હોય, સડ્યા હોય, કાળા કાળા જીવડા થઈ જાય. એ તો હજારો.. હજારો.. લાખો. અરે..! ધર્મીજીવ એવા સ્થૂળ ત્રસ મરે એવા વેપારમાં, ધંધામાં એ પડે નહિ. સમજાણું કાંઈ?

એક શેઠને કહ્યું હતું કે તમે આ જીન કરાવતા નથી? જીન.. જીન. અમારા પુણ્ય એટલા નથી કે જીન પ્રેસમાં બળે ને પાછા બાકી રહે. એવો જવાબ આપ્યો. એટલા અમારા પુણ્ય અમારા દેખાતા નથી. જીન કરતાં તો એમાં ત્રસ બહુ મરે. ઊના પાણી હેઠે પડે, લીંબડીયું પડે, પંખી પડે. આવા પાપમાં અમારા પુણ્ય એટલા દેખાતા નથી કે જીનમાં પીલાય અને બાકી થોડા પુણ્ય રહે. એવો જવાબ આપ્યો. ઘણા વર્ષ પહેલાની વાત છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે સામાન્ય ઐસા નામ કહા કિ ત્રસહિંસા કા ત્યાગી દેશવ્રતી હોતા હૈ.** ' લ્યો. માટે ત્રસ હિંસાનો ત્યાગી દેશવ્રતી છે. '**ઈસકા વિશેષ કથન અન્ય ગ્રંથોં સે જાનના.**' લ્યો.

'**આગે તીન ગુણવ્રતોં કો કહતે હૈં :**' પાંચ અણુવ્રત કીધાં. ત્રણ ગુણવ્રત છે. એને ગુણ કરે. વ્રતને જરી મદદ કરે.

**दिसिविदिसिमाण पढमं, अणत्थदंडस्स वज्जणं बिदियं।**
**भोगोपभोगपरिमा, इयमेव गुणव्वया तिण्णि।।२५।।**

અર્થ :- '**દિશા વિદિશા મેં ગમન કા પરિમાણ વહ પ્રથમ ગુણવ્રત હૈ,...**' આ દિશામાં ન જાવું, આટલામાં ન જાવું, આટલા ખંડમાં (ન જાવું) એવી મર્યાદા બાંધે. આત્મધ્યાન, જ્ઞાન સહિત.

રાગની મંદતા માટે. આ તો સમકિત સહિતની વાત છે, હોં! એકલા સમકિત વિનાના કરે એ કાંઈ (વ્રત નથી). જરી પુણ્ય બાંધે પણ મિથ્યાત્વ સહિત છે. મિથ્યાભાવ. કારણ કે રાગને પોતાનું કર્તવ્ય માને છે. આ વસ્તુ મેં છોડી અને આ મૂકી, એવું મિથ્યાદષ્ટિ રાગનું અભિમાન કરે છે. એને તો મિથ્યાત્વમાં તો વ્રત-બ્રત હોઈ શકે નહિ. બહારથી કરે જરી. મિથ્યાત્વ સહિત થોડું પુણ્ય બાંધે. ચાર ગતિમાં રખડે. આહા..હા...! શરતું બહુ પણ વીતરાગના માર્ગની આકરી. ભીખાભાઈ!

दिसिविदिसिमाण पढमं, अणत्थदंडस्स वज्जणं बिदियं।
भोगोपभोगपरिमा, इयमेव गुणव्वया तिण्णि।।२५।।

**'દિશા વિદિશા મેં ગમન કા પરિમાણ વહ પ્રથમ ગુણવ્રત હૈ, અનર્થદંડ કા વર્જના દ્વિતીય ગુણવ્રત હૈ,...'** અનર્થદંડ (એટલે) વગર પ્રયોજને કરવું, એનો ત્યાગ હોય છે. **'ઔર ભોગોપભોગ...'** એકવાર ભોગવાય આદિ વસ્તુ. શાક, દાળ, ભાત આદિ. ઘણી વાર ભોગવાય એવી વસ્તુ. દાગીના, સ્ત્રી આદિ. એનું પરિમાણ કરે. માપ-હદ બાંધે, હદ. એ ત્રીજું ગુણવ્રત છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત. એમ કરીને પંચમ ગુણસ્થાનમાં બાર વ્રતનો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- **'યહાં ગુણ શબ્દ તો ઉપકાર કા વાચક હૈ, યે અણુવ્રતોં કા ઉપકાર કરતે હૈં.'** જેને અણુવ્રત અંદર જે છે, બીજા કષાયનો નાશ થયો છે અને અણુવ્રતના વિકલ્પ હોય છે એને આ ગુણવ્રત પુષ્ટિ કરે છે. એમ કહે છે. બરાબર નિર્મળ પાળે. દુનિયાના જાણપણા માટે કેટલા મથે! જુઓ! પણ આ ભગવાન શું કહે છે? સમ્યગ્દર્શન શું? અણુવ્રત શું? અણુવ્રત કોને કહેવા? એનો ત્યાગ હોય તો શું દશા હોય? એનો ત્યાગ ન હોય તો શું દશા હોય? એનું એને જ્ઞાન તો બરાબર કરવું જોઈએ.

**'દિશા, વિદિશા અર્થાત્ પૂર્વ દિશાદિક મેં ગમન કરને કી મર્યાદા કરે.'** દિશા એટલે પૂર્વ, ઉત્તર આદિ. વિદિશા એટલે આ ખૂણા.. ખૂણા. એની મર્યાદા કરે. **'અનર્થદંડ અર્થાત્ જિન કાર્યોં મેં અપના પ્રયોજન ન સધે ઈસપ્રકાર પાપકાર્યોં કો ન કરે. યહાં કોઈ પૂછે પ્રયોજન બિના તો કોઈ ભી જીવ કાર્ય નહીં કરતા હૈ, કુછ પ્રયોજન વિચાર કરકે હી કરતા હૈ, ફિર અનર્થદંડ ક્યા?'** કોઈ પણ પ્રયોજન વિચારીને જ કરે છે.

**'ઈસકા સમાધાન-સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હોતા હૈ વહ પ્રયોજન અપને પદ કે યોગ્ય વિચારતા હૈ,...'** પોતાને પદ યોગ્ય. અમારે પંચમ ગુણસ્થાનને યોગ્ય આ દશા હોય. એમ વિચારે. એ વિના.. અમુક જાતનો જ રાગ એને હોય. વિશેષ હોતો નથી. **'અપને પદ કે યોગ્ય વિચારતા હૈ, પદ કે સિવાય સબ અનર્થ હૈ.'** પોતાની પંચમ ગુણસ્થાનની ભૂમિકા સિવાયનો (હોય) એને અનર્થ કહેવામાં આવે છે. **'પાપી પુરુષોં કે તો સબ હી પાપ પ્રયોજન હૈ,...'** સર્વ પાપ જ પ્રયોજન છે, એમ કહે છે. જેને કંઈ દૃષ્ટિની ખબર નથી, જેને કંઈ અણુવ્રતના નિયમની ખબર નથી, એ બધા પાપીને તો બધા

પાપ જ પ્રયોજન છે. 'ઉનકી ક્યા કથા.' એનું પાપીનું શું કહેવું? કહે છે. દરેકમાં પ્રયોજન માનીને જ કરે છે. પૂછ્યું હતું ને? પ્રયોજન વિના તો કોઈ કરતું નથી. એમ પૂછ્યું હતું. આહા..! પ્રયોજનનો અર્થ બે છે. એક તો પદ યોગ્ય છે, એનાથી (વિરુદ્ધ) ન કરવું એનું નામ ઉન્નત છે. અને આને પદ યોગ્યનું તો કાંઈ ભાન છે નહિ. એ તો બધું પાપના માટે જ એને પ્રયોજન છે. એ તો બધું એને અનર્થ જ છે. આત્માના ભાન વિનાના પ્રાણીને અનર્થ છે. સમજાય છે?

**'ભોગ કહને સે ભોજનાદિક ઔર ઉપભોગ કહને સે સ્ત્રી, વસ્ત્ર...** ' લ્યો. એકવાર ભોગવાય તે ભોજન આદિ અને સ્ત્રી, વસ્ત્ર ઘણી વાર ભોગવાય. એનું પણ પરિમાણ-માપ-હદ કરે કે આટલા સિવાય નહિ. આત્માના ભાન સહિત રાગની પાતળાઈ માટે આવું કરે. સમજાય છે કાંઈ? એને ગુણવ્રત કહેવામાં આવે છે. પછી ચાર શિક્ષાવ્રત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૭, રવિવાર તા. ૦૨-૧૨-૧૯૭૩**
**ગાથા - ૨૩, ૨૪, ૨૫, ૨૬, પ્રવચન - ૫૭**

આ અષ્ટપાહુડમાં ચારિત્રપાહુડ છે. ૨૩મી ગાથા. એનો ભાવાર્થ ચાલે છે ને? પ્રશ્નમાંથી ચાલે છે. પહેલું એમ કહ્યું કે ચારિત્રનો અધિકાર છે એટલે ચારિત્રના બે પ્રકાર પાડ્યા. એક સમ્યક્ત્વચરણ ચારિત્ર અને એક સંયમચરણ ચારિત્ર. સંયમચરણ ચારિત્ર, સમ્યકત્વચરણ ચારિત્ર વિના હોઈ શકે નહિ. એથી પહેલું એનું વર્ણન કર્યું. સમ્યક્ત્વચરણ ચારિત્ર એટલે? જે શુદ્ધ જ્ઞાનઘન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એની સન્મુખ થઈને જે દશા પર તરફ વળેલી અનાદિની છે. વર્તમાન અવસ્થા રાગાદિ પર તરફ વળેલી છે અથવા એ પર્યાય પર્યાય તરફ વળેલી છે. એનું નામ મિથ્યા આચરણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પર્યાયની અવસ્થા જે છે. ધ્રુવ છે એક અને એક પર્યાય-બે. એક સમયની પર્યાય છે એ પર્યાયના રૂપમાં રહીને આચરણ કરે છે એ મિથ્યા આચરણ છે. એ મિથ્યાત્વનું આચરણ છે.

મુમુક્ષુ :- આમાં કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- ન સમજાણું? આ આત્મા છે એ ધ્રુવ નિત્યાનંદ નિશ્ચય વસ્તુ અને એક સમયની પર્યાય અનંતગુણની હોં! અને એ એક સમયની પર્યાય ઉપર જેની રુચિ છે અને એ રુચિપૂર્વક એમાં એની એકાગ્રતા છે રાગમાં એ મિથ્યા ચારિત્ર છે. સમજાય છે કાંઈ? પર્યાય એની, પણ એ પર્યાય અંશમાં રુચિ છે એટલે આખી ચીજ જે નિશ્ચય છે ધ્રુવ પરમાત્મસ્વરૂપ એ દૃષ્ટિમાંથી વિમુખ થઈ જાય છે એને. ઝીણી વાત છે, ભગવાન! બહુ વાત.

મુમુક્ષુ :- પર્યાયમાં રુચિ ન હોત...

ઉત્તર :- પર્યાયનો એક સમયનો અંશ છે તેનો પ્રેમ છે જેને.

મુમુક્ષુ :- આત્માની એક સમયની પર્યાય જાણતો નથી.

ઉત્તર :- જાણતો નથી (પણ) એની રુચિ છે અવ્યક્તપણે. ભલે જાણતો નથી પણ એની રમત એક સમયની પર્યાયમાં જ છે. અભવિ હો કે ભવિ હો. અનાદિથી. એને પર્યાયની ભલે ખબર ન હોય પણ છે તો પર્યાયમાં એની રમત. એક સમયની દશા એ અંશ છે, ભેદ છે. એમાં જેની રુચિ અને એમાં જેની રમત છે એકાગ્રતાની, એ મિથ્યાદષ્ટિસહિત એનું ચરણ નામ અસ્થિરતાનું આચરણ છે રાગમાં. આહાહા..! એને અહીંયા કહે છે કે સમ્યક્ચરણ ચારિત્ર કર હવે. આહાહા..! એટલે કે એક સમયમાં ભગવાન પરિપૂર્ણ નિત્યાનંદ પ્રભુ શુદ્ધઘન અને અનંતગુણનો (પિંડ) સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ હોં! સર્વજ્ઞ સિવાય કોઈ આત્માની વાતું કરે છે એ બધા આત્માને જાણ્યા વિના કલ્પિત વાતું છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વરે (કહ્યો). કેમકે જીવનો સ્વભાવ સર્વજ્ઞ છે. વસ્તુનો સ્વભાવ, આત્માનો સર્વજ્ઞ સ્વભાવ ત્રિકાળ છે. એને આશ્રય થઈને જેને સર્વજ્ઞપણું પ્રગટ કર્યું છે દશામાં, એણે જે આત્મા કહ્યો એને આત્મા કહેવામાં આવે છે. અજ્ઞાનીઓ જાણ્યા વિના આત્મા આત્મા કરે. એ આત્મા એણે જાણ્યો નથી. એટલે બીજી વાતો એની જૂઠી હોય છે. આહાહા..!

અહીંયા એક સમયની પર્યાયમાં પણ એ રમે છે ત્યાં સુધી તેને મિથ્યાદષ્ટિ, અજ્ઞાની અને પર આચરણ કરનારો બહિરાત્મબુદ્ધિ કહેવામાં આવે છે. આહાહા..! એને જ્યારે ત્રિકાળી ભગવાન આત્મા... એક સમયની પર્યાય તરફનો આશ્રય, રુચિ, આધાર છોડી દઈને ત્રિકાળી ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એની ઉપર પર્યાય પ્રસરે છે ત્યારે તેમાં એકાગ્ર થાય છે, ત્યારે તેને સ્વરૂપ-વાસ્તવિક સ્વરૂપ તેના પર્યાયના જ્ઞાનમાં જણાય છે. વાસ્તવિક સ્વરૂપ જણાતા તેની પ્રતીત વાસ્તવિક થાય છે. વાસ્તવિક પ્રતીત થતાં તેમાં એકાગ્રતાનો અંશ પણ પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એને સમ્યક્ચરણ ચારિત્ર પ્રથમ ભૂમિકા, ચોથા ગુણસ્થાનની વ્યાખ્યા છે હજી તો આ. આહાહા..! સમજાણું કાંઈ?

જ્યાં સુધી એ પર તરફના આશ્રયવાળા ભાવ છે, ચાહે તો દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ એ બધો ભાવ છે એ શુભરાગ છે અને એ રાગ તો સંસાર છે. આહાહા..! સંસાર કોઈ જીવની પર્યાયથી ભિન્ન રહે છે એમ નથી.

મુમુક્ષુ :- દ્રવ્યથી તો પર્યાય ભિન્ન છે તો ...

ઉત્તર :- નથી. એ કોણે કહ્યું? એ તો પછી ઓલી બે .. અહીં તો પર્યાયમાં મિથ્યાત્વભાવ છે એ સંસાર છે. જીવનો સંસાર કાંઈ આત્માની અવસ્થા છોડીને બહારમાં રહેતો નથી. આહાહા..! રાગનો વિકલ્પ ચાહે તો દયા, દાન, વ્રતનો હો, પૂજાનો કે ચાહે તો ગુણ ગુણીના ભેદનો વિકલ્પ રાગ હોય, પણ એ રાગમાં એકતા એટલે કે એની એક સમયની પર્યાયમાં જ જેની એકતા છે એને રાગમાં એકતા

હોય જ તે. ઝીણી વાત છે, ભાઈ! શાંતિભાઈ! આ જાત જુદી જાત છે. ઓલા તમારે હીરા-માણેકની વાતું નથી. આહાહા..!

ચૈતન્ય હીરલો પ્રભુ અનંત આનંદનું ધામ, જેમાં અનંતા ગુણના પાસા પડ્યા છે એવી ચીજને મૂકી દઈને વર્તમાન પર્યાયમાં-અંશમાં જેણે આચરણ કર્યું. એને ખબર ભલે ન હોય પર્યાય, પણ આચરણ પર્યાયમાં છે એનું. આહાહા..! હવે પર્યાય કોને કહેવી? દ્રવ્ય કોને કહેવું એની ખબર ન મળે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિને ખબર ન હોય..

ઉત્તર :- પણ ખબર ન હોય તે આ ખબર આ છે ને. આ કરે છે ને એની અવસ્થામાં રમત? વસ્તુ જે ત્રિકાળ ધ્રુવ છે એ તો એના લક્ષમાં આવી નથી. આહાહા..! એથી એને એક સમયની અવસ્થામાં એની રમતું માંડી. એ મિથ્યાત્વભાવ, એ સંસાર છે. આહાહા..! એ સંસારનો જેને અભાવ કરવો હોય એને ધ્રુવ ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થવું. ધ્રુવમાં એકાગ્ર થવું, એકાગ્ર એનો અર્થ કાંઈ ધ્રુવમાં કાંઈ ગરતું નથી એકાગ્રપણું. પણ જે વર્તમાન અવસ્થા રાગમાં અને એક અવસ્થામાં પડી હતી એ અવસ્થા આમ ગુલાંટ ખાય છે ત્યારે ધ્રુવમાં એકાગ્ર થાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો બાપુ! વીતરાગનો છે. અત્યારે આ સમન્વયને નામે એવા ગોટા ઉઠાવે છે ને. સમન્વય કરો... સમન્વય કરો... કોની સાથે કરે? બાપુ! ભાઈ! માર્ગ તો જુદા છે બાપુ! આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત એમણે જે માર્ગ. કાલે કહ્યું હતું. રાતે જ એ શબ્દ. કે મહાવીરે જે શું કર્યું અને શું કહ્યું? એ વાત આવવી જોઈએ પચ્ચીસો વર્ષમાં. બીજી બધી વાતું ઠીક હવે. આહાહા..! એણે શું કર્યું જિંદગીમાં, જીવનમાં? અને એણે શું કહ્યું જીવનના સુધારા માટે? નવનીતભાઈ! એવી એવી વાતું આવી. આ બધી પૈસા, અઢી લાખ... રાતે નહોતા. આ અઢીસો રૂપિયાનું આવ્યું છે આપણે પુસ્તક ભેટ. આ ૨૫૦૦ વર્ષમાં ભગવાનના નામથી. .. છે ને એણે બનાવ્યું છે. દિલ્હીમાં છે ને ઓલા કૈલાસચંદજી? એણે અહીં આપણને મૂક્યું છે. અહીંયા .. ખરા ને એણે ભેટ મોકલ્યું. અઢીસો રૂપિયાનું એક પુસ્તક. અઢીસો. આવા એક હજાર છપાણા. એક હજાર. અઢી લાખ. આહાહા..! વસ્તુની સ્થિતિના વર્ણન વિના એ શું હશે? હા, ભલે ૨૫૦૦ વર્ષમાં ભગવાનની જૈનો ભેગા થઈને શાંતિથી ઉજવે. પણ છતાં વસ્તુસ્થિતિ છે એ તો ઊભી રાખવી જોઈએ ને? એ વિના મહાવીરની ઉજવણી કેવી? આહાહા..!

જેના સ્વભાવમાં અનંત આનંદ છે, એ આનંદને શોધવા જે નીકળ્યો છે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. સુખને શોધવા નીકળે છે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. કેમકે સુખ ત્યાં છે. કહો, સમજાય છે કાંઈ? આવો માર્ગ ઝીણો પ્રભુ! એ સુખને જેને શોધવું છે. આનંદની પ્રાપ્તિ કરવી છે તો એણે તો વર્તમાન અંશની રુચિનો આશ્રય છોડી ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ સત્તા મહાપ્રભુ એને જ્ઞાનની પર્યાયમાં પર્યાયનું જ્ઞાન રાખીને ત્રિકાળના એને આશ્રયમાં લેવું પડશે. એ વિના ભવનો અભાવ નહિ થાય ભાઈ! ભવના

અભાવ વિનાની વાતું એ બધી થોથે થોથા છે. સ્વર્ગમાં જઈને પછી પાછો ઢોર થઈને નરકમાં જાશે. આહાહા..! ભવના ચકરાવા જ્યાં અંત ન આવે એનું નામ ધર્મ નહિ. આહાહા..!

ધર્મ તો, જેમાં ભવનો અભાવ થાય એ ધર્મ તો સમ્યગ્દર્શનચરણથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? ઝીણું પડે પણ માર્ગ તો આ છે. બીજું શું થાય? જે માર્ગ હોય એ હોય ને? એ સ્વરૂપની અંતર પૂર્ણ.. સ્વ-રૂપ. સ્વ-રૂપ-પોતાનું ત્રિકાળી આનંદ અને જ્ઞાન આદિ સ્વ-રૂપ. એની દૃષ્ટિ થતાં જે પર્યાયમાં... કારણ કે દૃષ્ટિ તો પર્યાય છે. કાંઈ દૃષ્ટિ ધ્રુવ નથી. દૃષ્ટિનો વિષય ધ્રુવ છે. પણ પોતે તો પર્યાય છે. એટલે પર્યાયના જ્ઞાન લક્ષમાં રાખી પર્યાય છે. અને એને દ્રવ્ય ઉપર અંતર જતાં જે સમ્યગ્દર્શન પ્રગટ થાય એમાં અનંતાનુબંધીનો કષાય જતાં અંશે સ્વરૂપ આચરણ પણ પ્રગટ થાય. એ આચરણમાં આનંદ અને શાંતિ આવે. આહાહા..! એને પ્રથમ સમ્યક્ત્વચરણ ચારિત્ર કહેવામાં આવે છે. આ વાત છે.

પછી સંયમચરણ ચારિત્રના બે પ્રકાર. જે સગ્રંથ ગૃહસ્થાશ્રમમાં રહેલાનું. અગ્યાર પડિમા, બાર વ્રતાદિના. અહીં વાત લીધી છે ચારિત્રની, પણ લીધી છે અહીં વ્રતથી. કેમકે એ ભૂમિકા જેને સમ્યક્ત્વચરણ ચારિત્ર ઉપરાંત જેણે ઉગ્રપણે વસ્તુનો આશ્રય લઈ ચોથા કરતા વિશેષ શાંતિ જેને પ્રગટ થઈ છે એને આવા વિકલ્પ હોય, એ વિકલ્પ દ્વારા એની પિછાણ કરાવવા આને વ્રત અને ચારિત્ર કીધું છે. લોકો કહે છે ને જુઓ! ચારિત્રના ભેદ પાડે તો બાર વ્રત અને પંચ મહાવ્રત એમ પાડે છે. માટે એ ચારિત્ર છે. વાત તો સાચી ભેદ તો આ રીતે જ પડે છે બધે ઠેકાણે. ચારિત્રની સ્થિરતા એમાં ગૌણ રાખે છે. કારણ કે એ તો હોય જ એને. એમ કહે છે. સમજાય છે કાંઈ?

એ કીધું ને? સાગાર-અનાગાર આવ્યું ને? ૨૧ ગાથામાં.

दुविहं संजमचरणं, सायारं तह हवे णिरायारं।
सायारं सग्गंथे, परिगहा रहिय खलु णिरायारं।।२१।।

હવે એમાં અગ્યાર પડિમા લીધી પાધરી. આહાહા..! હવે પડિમા જે છે એ નિશ્ચય અને વ્યવહાર બે પ્રકાર છે. નિશ્ચય સમ્યગ્દર્શન પડિમા એ સમ્યગ્દર્શનનું આચરણ જે દૃષ્ટિ થઈ એમાં પણ એક વિકલ્પ પંચ અણુવ્રતનો, પાંચ અણુવ્રતનો વિકલ્પ હોય છે, એને દર્શન પડિમા કહેવામાં આવે છે. એકલું સમકિત નહિ. દર્શન પડિમા છે ને? એટલે એને પંચમ ગુણસ્થાન હોય છે. દર્શન પડિમા એટલે કાંઈ સમકિત જ એકલું છે એમ છે નહિ. તેથી એને સમ્યગ્દર્શનમાં આચરણસહિત કંઈક શાંતિ, બીજો કષાયનો નાશ કરી અને શાંતિ ઊભી કરી છે. આહાહા..! એ ભૂમિકામાં આવા દર્શન પડિમા આદિના વિકલ્પ હોય છે. એને વ્યવહારથી પડિમા કહે છે. નિશ્ચયથી તો અંદર સ્થિરતા પ્રગટી છે તે પડિમા છે. આહાહા..!

મુમુક્ષુ :- એવું આમાં ક્યાં લખ્યું છે?

ઉત્તર :- એ એમાં સમજી લેવું એમ કહે છે. પ્રવચનસારમાં ગાથા ન આવી? ભાઈ! દર્શન ચરણં.

... એ વાત છે. દ્રવ્યની એટલે નિર્મળ પર્યાયથી નક્કી કરો તો ત્યાં રાગની મંદતા કેવી હોય એને જાણો અને રાગની મંદતા તે ભૂમિકામાં આવી હોય તો ત્યાં સ્થિરતા કેટલી હોય એ એને જાણવું જોઈએ. શબ્દ છે ને.. હા એ. દ્રવ્યનું ચરણ ચારિત્રથી. બસ. ચરણનું ચારિત્ર જુઓ અને ચરણના ચારિત્રથી દ્રવ્યનું ચરણ ચારિત્ર જુઓ, એમ છે. એટલે? એ દ્રવ્યનું એટલે દ્રવ્ય ધ્રુવની વાત ત્યાં નથી. દ્રવ્યનું એટલે જે વસ્તુ છે એનો આશ્રય લઈને જેટલી નિર્મળતા ચોથે, પાંચમે, છઠ્ઠે પ્રગટી છે એ દ્રવ્યનું ચારિત્ર, દ્રવ્યનું અનુચરણ કહેવામાં આવે. અને એની ભૂમિકાને યોગ્ય જે વિકલ્પ હોય છે ચોથે, પાંચમે, છઠ્ઠે એને ચરણનું ચારિત્ર કહે છે. ચરણનો વિકલ્પ. એનો વિકલ્પ જોઈને એનો આશ્રય કરીને શબ્દ મૂક્યો છે. પણ એનો અર્થ કે એ વિકલ્પ જે મંદ છે તેનું જ્ઞાન કરીને એના પ્રમાણે નિર્મળ ભૂમિકા સમ્યક્‌ને આશ્રય આદિ સ્થિરતા એટલી હોય છે. અને સ્થિરતા આશ્રયનું જ્ઞાન કરીને એ ભૂમિકામાં રાગની મંદતા આવી હોય છે એમ એને જ્ઞાન કરવું. બહુ આકરું બાપા અંદર. એ અહીં એ કહે છે. આ બતાવીને ઓલી સ્થિરતા ત્યાં કેટલી છે? એ.. પડિમા, સામાયિક પડિમા આદિ એ વિકલ્પ છે, પણ ત્યાં સ્થિરતા કેટલી છે એનું એ જ્ઞાન કરાવે છે. આહાહા..! જુઓ! માર્ગ બાપુ!

આ તો મહાપુરુષાર્થ છે ભાઈ! બાકી તો બધું સમજવા જેવું છે. અંદરમાં ચૈતન્ય ભગવાન શુદ્ધિની શ્રદ્ધા પ્રગટ કરીને શુદ્ધિની શ્રદ્ધા એમ. શુદ્ધ ચૈતન્ય છે એની શ્રદ્ધા. એમાં જેટલી એકાગ્રતા છે એટલી શાંતિ છે અને આગળ વધતા પંચમ ગુણસ્થાન શ્રાવકને, શ્રાવક જેને ભગવાન કહે એની વાત છે હોં! આહાહા..! પંચમ ગુણસ્થાનની દશા જેને પ્રગટી છે એને આવા અગ્યાર પડિમાના વિકલ્પ હોય છે. અને એને બાર વ્રતના વિકલ્પ હોય છે. અગ્યાર પડિમા ઉપરાંત બાર વ્રત લીધા છે. ૨૩ ગાથા. સમજાણું કાંઈ? ભાઈ! આ તો બહુ ધ્યાન રાખે તો સમજાય. આ કાંઈ વાર્તા નથી. આહાહા..! એય..! હસમુખ! ક્યાંય દરકાર પણ કરી ન હોય રળવા આડે આખો દિ’ મજુરી. આહાહા..! વળી અમારી સામે ત્યાં એક બાવીસ કરોડનું કારખાનું પડે છે ભાઈ. બાવીસ કરોડનું પાલેજ. ભાઈ કહેતા હતા ત્યાં. શેનું? લોઢાનું?

મુમુક્ષુ :- મોટરના ટાયર.

ઉત્તર :- ટાયર ઠીક. બાવીસ કરોડ રૂપિયાનું. પંદર હજાર માણસ નવા. સાત હજાર અહીંના અને ગામના ...

મુમુક્ષ :- ...

ઉત્તર :- આ લોકોને મકાન ઘરના, દુકાન ઘરની, ગોડાઉન ઘરના.

મુમુક્ષુ :- .. મકાનની કિંમત વધે.

ઉત્તર :- પંદર હજારને નોકરી. શેના ભાગ્યશાળી એમાં કહેવા? આહાહા..!

અહીં તો આત્મા પરમાત્મ સ્વરૂપે શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે એનો આશ્રય લઈને દૃષ્ટિ પ્રગટ કરે તે

ભાગ્યશાળી જગતમાં એ પરાક્રમી પુરુષ છે. એણે વેપાર સાચો કર્યો. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ જાતના વેપાર લૌકિક...

ઉત્તર :- એ પાપનો વેપાર થઈ ગયો જગતનો બધો. આહાહા..! રળવાનો ભાવ, ભોગનો ભાવ એ બધો પાપભાવ છે ભાઈ! અને દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્યભાવ છે. બેયથી ભિન્ન પડીને આત્માનું અંતર આચરણ કરવું. આહાહા..! અણઅભ્યાસે, અણસાંભળેલું એટલે સાંભળેલી વાતથી આ જુદી જાત આવે એટલે એને કઠણ પડે. પણ માર્ગ તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે. પંચ અણુવ્રત હોય છે એને. એ અણુવ્રતની વ્યાખ્યામાં આ નાખ્યું. બીજો પેરેગ્રાફ છે ને?

પહેલામાં એમ કહ્યું દર્શન પડિમા હોય છે. ચોથે ગુણસ્થાને દર્શન નહિ. પાંચમે દર્શન પડિમા. એ પાંચ ઉદંબર ફળ અને મધ-માંસ-મદિરાનો ત્યાગ કરે એ આઠ મૂળગુણ. પહેલા પેરેગ્રાફની છેલ્લી લીટી. પહેલા પેરેગ્રાફની. પાંચ ઉદંબર ફળ એ વડના ટેટા આદિ. શું કહેવાય ઓલા ખાય એ? અંજીર. એવું ન ખાય. એમાં જીવાત બહુ હોય. ત્રસ બહુ હોય છે. એ ત્રસનો ખોરાક સમકિતીને હોય નહિ. સમજાય છે? ખોરાક ન હોય. એને એમાં ત્રસ પડે. એ પીપર, ઉદંબરના ફળમાં વગેરે. અથાણામાં. અથાણા જે હોય છે ને? મીઠામાં. મીઠામાં કેરી, ગુંદા, બોળીને રાખે છે ને શું કહેવાય? બોળ બોળ. બોળ અથાણું કહે છે ને આપણે? બોળનો અર્થ એ કહે જેમાં મીઠાના પાણીમાં બધું બોળી રાખે. કેરી, ગુંદા એ બધા જીવાત પડે એમાં. એવો ખોરાક સમકિતીને હોય નહિ. સમજાણું કાંઈ? એમાં નિરતિચાર એને પાંચમા (ગુણસ્થાનમાં) દર્શન પડિમામાં એનો ત્યાગ હોય છે. એને મધ નહિ, માંસ નહિ, દારૂ નહિ. આહાહા..! એ ઔષધમાં પણ મધ ન લે. મધના એક બિંદુમાં સાત ગામ મારે એટલું પાપ છે. આચરણની વાત છે ને. મધ ન લે. ઔષધમાં મધ નહિ. અમથા મધ તો શેનો ચાટે એ. આહાહા..!

'**અથવા કિસી ગ્રંથમેં ઈસપ્રકાર કહા હૈ કિ—પાંચ અણુવ્રત પાલે ઔર મધ, માંસ, મધુકા ત્યાગ કરે...**' ઓલામાં પાંચ ઉદંબર ફળ હતા. '**પરંતુ ઈસમેં વિરોધ નહીં હૈ,...**' એ તો અપેક્ષાથી કથન છે. '**વિવક્ષાકા ભેદ હૈ. પાંચ ઉદંબરફલ ઔર તીન મકારકા ત્યાગ કહનેસે જિન વસ્તુઓંમેં સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં...** ' ત્રસ જીવ દેખાય આમ. ઈયળું, કીડી.. આહાહા..! આ તો જરદાળુમાં એક ઈયળ નીકળી હમણાં. આ જરદાળુ થાય છે ને ભાઈ નહિ? આલુ આલુ.

મુમુક્ષુ :- અંદરમાંથી બદામ...

ઉત્તર :- બદામ નહિ. બદામની ઉપર ઈયળ નીકળી. બદામ અને ઉપર હોય ને એમાં લીલું મીઠાશ. જરદાળુ જરદાળુ. હમણા આપી ગયું હતું ને કોક અહીંયા છોકરાઓ માટે. એમાં ચંદુભાઈને આપ્યું તો કાઢ્યું તો ઈયળ નીકળી એમાંથી. જરદાળુમાં અંદર હોય દાણો ઓલો બદામ જેવો. કોરી બદામ. એની ઉપર ઓલી છાલ અને વચમાં અંદર મીઠાશ. એ મીઠાશમાં ઈયળ. એય..! છે કે નહિ ધંધો આલુ-

બાલુનો. જરદાળુનો નહિ?

મુમુક્ષુ :- એ આલુબદામ એ જરદાળુ.

ઉત્તર :- આલુબદામને જરદાળુ કહે છે.

મુમુક્ષુ :- આલુ એની અંદરથી બદામ નીકળે.

ઉત્તર : એ તો બદામ. ત્રસ ત્રસ ઓહોહો..! કહે છે કે એનો એને ત્યાગ હોય છે. એવો જેને વિકલ્પ હોય જ નહિ એમ કહે છે.

**'જિન વસ્તુઓંમેં સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં ઉન સબ હી વસ્તુઓંકો ભક્ષણ નહીં કરે. દેવાદિકકે નિમિત્ત...'** દેવ, ગુરુને કારણ પણ એવા ત્રસ.. એમ કહે છે. **'તથા ઔષધાદિ નિમિત્ત...'** દેખો! દેવ, ગુરુને નામે પણ એ ત્રસની જેમાં હિંસા થાય એવું કરે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- .. મંદિર..

ઉત્તર :- મંદિરમાં પણ જતનાથી ... એ હિંસા નથી એમાં. .. છે એમાં . હિંસાનો થાય છે. છતાં એમાં જતના તો .. હવે તો અત્યારે તો ક્યાં બધો મેળ રહ્યો? ..પાણી ને ત્રસ ન આવે, ત્રસ ન મરે એનું ધ્યાન રાખવું જોઈએ.

મુમુક્ષુ :- એવી તો કાળજી જોવામાં આવતી નથી.

ઉત્તર :- નથી. વાત સાચી છે. ત્યારે તો આ કહેવાય છે ને. એવી કાળજી ક્યાં છે અંદર? એ પછી ઉદ્યમ હિંસામાં આરંભ હિંસામાં એ જાય. આરંભ કરતા થાય. વિષય-ભોગમાં.. એક વાર ભોગમાં અસંખ્ય જીવ કરોડો મરે સમુચ્ચય. અને પ્રત્યેક લાખ .. મરે. પણ એ સંકલ્પથી હિંસા નથી. આરંભની હિંસા, ઉદ્યમ હિંસામાં આવી જાય છે એ. નહિતર છે ત્રસ પંચેન્દ્રિય એમાં. આહાહા..! એક વાર વિષય ભોગવવામાં...

મુમુક્ષુ :- સમકિત પ્રાપ્ત કરવામાં આ બધું જાણવું જોઈએ ને.

ઉત્તર :- જાણવું ન જોઈએ એને ત્રસ શેમાં છે એ? એ ક્યા ત્રસની ઉત્પત્તિ છે, એમાં .. છે એ આવે છે. એને જાણવું જોઈએ. એ આવે છે. ત્રસની યોની આ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં લખેલી આવે છે. દ્રવ્યસંગ્રહ. જ્યાં જ્યાં જીવની યોની ક્યાં ઉત્પત્તિ છે એ એને જાણવું જોઈએ. એમ લખ્યું છે. આવે છે. આવે છે પાઠ.

મુમુક્ષુ :- જાણવાનું ક્ષેત્ર બહુ વધારી દીધું આપે.

ઉત્તર :- જાણવા માટે તો ... એ આવે છે હોં એ શબ્દ ક્યાંક. હવે અત્યારે નથી દ્રવ્યસંગ્રહ. ત્રસની ઉત્પત્તિ દયા પાળવા માટે એની યોનિ ક્યાં હોય એ જાણવું જોઈએ. નિયમસારમાં આવે છે. જ્યાં જ્યાં ત્રસ ઉત્પન્ન થાય એને જાણીને એની દયા પાળવી એમ આવે છે. એનું જ્ઞાન જ ન હોય કે ક્યાં ત્રસની ઉત્પત્તિ અને ક્યાં ત્રસ છે, એ શી રીતે પાળશે? વીતરાગ માર્ગ છે ભાઈ આ.

સમ્યગ્દર્શનસહિત પણ એને દર્શન પડિમામાં આવી જતના હોય છે. એ મારી શકે છે .. એ અહીં પ્રશ્ન અત્યારે નથી. પણ એને મારવાનો વિકલ્પ છે એ ન હોય એને. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! ચારિત્રની.. સમ્યગ્દર્શનસહિતની આ તો વાત છે. આત્માનું ભાન થયું શુદ્ધ ચૈતન્યઘન આનંદ. હવે એમાં અંતર આગળ વધવામાં શાંતિ વધી ત્યારે આવી જાતના એને વિકલ્પ હોય છે. એની ભૂમિકાને યોગ્ય એવા ભાવ હોય છે. એને ત્રસનો ખોરાક અને ત્રસ આમ દેખાય એ ન લે. સમજાણું કાંઈ?

'**સાક્ષાત્ ત્રસ જીવ દિખતે હોં ઉન સબ હી વસ્તુઓંકે ભક્ષણ નહીં કરે. દેવાદિકકે નિમિત્ત...**' ન કરે. આહાહા..! '**ઔષધાદિ નિમિત્ત...**' પણ ન કરે. આહાહા..! આ તો સ્થિરતા જેને શાંતિ પ્રગટી છે એને આવો ભાવ હોય એમ બતાવવું છે ને? સમજાણું કાંઈ? ભલે શાંતિ પાંચમા જેટલી નહિ પ્રગટી હોય, તોપણ ચોથે પણ ત્રસ દેખાય એ ખોરાક તો એને ન જ હોય. દેખાય એ હોં! આમ તો ખ્યાલ ન આવે કાંઈ ત્રસ છે... પણ આ તો બહાર દેખાય એનો ખોરાક એને હોય જ નહિ. આહાહા..! '**ઈત્યાદિ કારણોંસે દિખતે હુએ ત્રસ જીવોંકા ઘાત ન કરે,...**' ઔષધાદિ નિમિત્ત. દીકરાને માટે ઔષધ કરતો હોય, સ્ત્રી કરતો હોય એના માટે. એમાં ત્રસ જીવ દેખાય એનો ઘાત ન કરે એ. આવી વાત આવે ત્યારે એને.. માર્ગ તો આ છે ને ભાઈ! આહાહા..! દરેક પ્રાણી પ્રત્યે એને મૈત્રી હોય છે. વિરોધ કોઈ સાથે હોતો નથી અને આ તો આવા ભાવ તો એને મારવાના હોતા જ નથી. આ એને જ્ઞાન તો કરવું પડશે ને કે પાંચમા ગુણસ્થાનની દશા આવી હોય. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! આવી વાત છે. આહાહા..! આ તો ધીરાના કામ છે, ભાઈ!

'**ઐસા આશય હૈ જો ઈસમેં તો અહિંસાણુવ્રત આયા. સાત વ્યસનોંકે ત્યાગ મેં...**' સાત વ્યસનનો ત્યાગ કહ્યો ને? એમાં '**જૂઠ,...**'નો પણ ત્યાગ આવ્યો. '**ચોરી ઔર પરસ્ત્રીકા ત્યાગ આયા,...**' આહાહા..! પરસ્ત્રીનો ત્યાગ હોય છે સમ્યગ્દષ્ટિને એવા દર્શન પડિમાવાળાને. સમજાણું કાંઈ? ભલે એ બ્રહ્મચર્ય પરણીત સ્ત્રીનું છઠ્ઠી (પ્રતિમા)થી રાખે. બ્રહ્મચર્ય છઠ્ઠે હોય. પણ આ પરસ્ત્રીનો ત્યાગ તો પહેલેથી હોય એને. સમજાણું કાંઈ? આહાહા..! ચારિત્રની વ્યાખ્યા, સમ્યગ્દર્શનસહિતની આવી વ્યાખ્યા છે ભાઈ!

મુમુક્ષુ :- આ તો પાંચમાવાળાની વાત છે.

ઉત્તર :- પાંચમાની વાત છે. હા પણ ચોથે પણ એવું ન હોય. આની પ્રતિજ્ઞાસહિત છે. એને પ્રતિજ્ઞા નથી, પણ આ ન હોય એને. આહાહા..! એટલું તો નૈતિક જીવન છે. પરસ્ત્રીનો ત્યાગ આદિ એ તો નૈતિક સાધારણ જીવન છે. આહાહા..! સાત વ્યસન અને મધ, માંસના ત્યાગ વિના તો ... નથી કહ્યું પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં? એ તો જૈન નથી. સાત વ્યસનનો ત્યાગ અને મધ, માંસ, દારૂનો ત્યાગ. એ ન હોય તો એ જૈનધર્મ સાંભળવાને લાયક નથી. બાપુ! આ તો જૈનધર્મ એટલે શું વાત! રાગરહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એવો જે વીતરાગ ધર્મ. એ અનંતકાળે કોઈ દિ' કર્યો નથી,

સાંભળ્યો નથી, રુચિથી એને સાંભળ્યો પણ નથી. આહાહા..!

એ કહે છે. '**સાત વ્યસોનોંકે ત્યાગમેં...**' આવ્યું હતું ને માથે. મૂળગુણ અને સાત વ્યસનનો ત્યાગ એ માથે આવ્યું હતું. પહેલા પેરેગ્રાફમાં. '**અન્ય ગ્રંથોમેં ઈસકા સ્વરૂપ ઈસપ્રકાર કહા હૈ કિ--જો આઠ મૂલગુણકા પાલન કરે, સાત વ્યસનોંકો ત્યાગે,...**' પહેલા પેરેગ્રાફમાં હતું. એ કહે છે કે એમાં જૂઠનો, ચોરીનો, પરસ્ત્રીનો ત્યાગ આવે છે. '**અન્ય વ્યસનોંકે ત્યાગમેં અન્યાય, પરધન, પરસ્ત્રીકા ગ્રહણ નહીં હૈ;...**' લ્યો! અન્ય વ્યસનમાં પણ એવું આવે છે. અન્યાય ન હોય. પરધન કોકનું હોય ને ઉપાડી લે એવું ન હોય. આહાહા..! પરસ્ત્રીનું ગ્રહણ નહિ. '**ઈસમેં અતિલોભકે ત્યાગસે પરિગ્રહકા ઘટાના આયા,...**' અહીં તો પરિગ્રહ ઘટાડે છે. પરિગ્રહ છૂટ્યો આમાં એમ કહે છે. વ્યસનમાં પણ ત્યાગમાં પરિગ્રહ ઘટે છે એમ કહે છે.

'**અતિલોભકે ત્યાગસે પરિગ્રહકા ઘટાના આયા, ઈસપ્રકાર પાંચ અણુવ્રત આતે હૈં. ઈનકે (વ્રતાદિ પ્રતિમાકે) અતિચાર નહીં ટલતે હૈં...**' કોને? દર્શન પડિમાવાળાને. આહાહા..! સમ્યગ્દર્શન હોય અને એની ઉપરાંત પાંચ અણુવ્રત હોય, પણ અતિચાર અણુવ્રતના ટળી શકે નહિ તેથી તેને દર્શન પડિમા કહેવામાં આવે છે. વ્રત હોવા છતાં. પંચ અણુવ્રત હોવા છતાં તેને વ્રત્તિના કહેવામાં આવતા નથી. આહાહા..! '**ઈનકે (વ્રતાદિ પ્રતિમાકે) અતિચાર નહીં ટલતે હૈં ઈસલિયે અણુવ્રતી નામ પ્રાપ્ત નહીં કરતા...**' ઠીક ને. પાંચમા ગુણસ્થાનમાં છે, અણુવ્રતી છે પણ અતિચાર ટળતા નથી માટે અણુવ્રતી, વ્રતી નામ ધરાવતો નથી. વ્રત પડિમા કહેવામાં આવતી નથી. સમજાય છે કાંઈ? દર્શનશુદ્ધિનો જેમ વિષય સૂક્ષ્મ છે એમ ચારિત્રની વિધિ સૂક્ષ્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત ત્રિલોકનાથની આ વાણીનું સ્વરૂપ છે. આ કોઈ કલ્પિત ને કોઈ આમ છે ને આમ હોવું જોઈએ (એમ નથી). આમ જ છે. વસ્તુ આમ છે, પર્યાય આમ છે, રાગ આમ છે, હિંસા આમ છે, અહિંસા આમ છે. નિશ્ચય થયેલી વસ્તુ છે. આહાહા..!

'**ઈસપ્રકારસે દર્શન પ્રતિમાકા ધારક ભી અણુવ્રતી હૈ ઈસલિયે દેશવિરત સાગારસંયમચરણ ચારિત્રમેં ઈસકો ભી ગિના હૈ.**' એમ. ભલે એને વ્રત પડિમા ન કીધી પણ છે તો અણુવ્રતી, પણ એના અતિચાર ટાળી શકતો નથી, છતાં દેશવિરત સાગારસંયમ ચારિત્રમાં છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

'**આગે પાંચ અણુવ્રતોંકા સ્વરૂપ કહતે હૈં :—**' પાંચ અણુવ્રતનું સ્વરૂપ કહે છે.

थूले तसकायवहे थूले मोषे अदत्तथूले य।
परिहारो परमहिला परिग्गहारंभपरिमाणं।।२४।।

સ્થૂળ-ત્રસકાયનો ઘાત. નીચે છે ભાવાર્થ. '**યહાં સ્થૂલ કહનેકા ઐસા જાનના કિ-જિસમેં અપના મરણ હો,...**' એવા સ્થૂળ ત્રસને ન મારે. સમજાણું? ત્રસ ...થી મરણ થઈ જાય કોઈનું.

**'જિસમેં અપના મરણ હો, પરકા મરણ હો, અપના ઘર બિગડે...'** પોતાનું ઘર બગડે. **'પરકા ઘર બિગડે, રાજાકે દંડ યોગ્ય હો, પંચોંકે દંડ યોગ્ય હો ઈસપ્રકાર મોટે અન્યાયરૂપ પાપકાર્ય જાનને.'** એ સ્થૂળની વ્યાખ્યા છે. પાંચેય સ્થૂળ હો એ બધા. આનો ત્યાગ. મોટો આનો ત્યાગ હોય. એવી વાતું તો માળા કરે બધી ઘણી. પણ એ સમ્યગ્દર્શન વિનાની વાતું કરે. હોય છે. આપણે લોકો નથી કહેતા કે 'રાજા દંડે લોક ભંડે...' એમ આવે છે આપણે. એવું ન કરે. રાજા દંડે લોક ભંડે એવી વાત આવે છે. પંચાયતમાં નુકસાન કહેવાય. આવું હોય આચરણ? એવા આચરણ ન હોય એને. આહાહા..! **'ઈસપ્રકાર સ્થૂલ પાપ... '**

**'થૂલ ત્રસકાયકા ઘાત, થૂલ મૃષા...'** મોટું જૂઠું ન બોલે. સાધારણ જૂઠું આવે. (સાધારણ) આવી જાય એને. સ્થૂળ મોટું જૂઠું ન બોલે. **'થૂલ અદત્તા...'** ન લે. સાધારણ અદતા તો આવી જાય. રાગાદિ છે. **'પરકા બિના દિયા ધન,...'** ન લે. કોઈકનું દીધા વિના ઉપાડી ન લે ઘરમાંથી ક્યાંકથી. સમજાણું કાંઈ? આહાહા..! **'પરમહિલા...'**નો ત્યાગ હોય. સ્થૂળ. સ્થૂળ કીધું ને એ? પરસ્ત્રીનો ત્યાગ. પરસ્ત્રીનો ત્યાગ **'ઔર પરિગ્રહ તથા આરંભકા પરિણામ...'** કરે. પરિગ્રહનું માપ કરે કે આટલો પરિગ્રહ નહિ, આટલો આરંભ નહિ. એ અંદર નિવૃત્તિના પરિણામ થયા છે એથી આવા એને વિકલ્પનો શુભભાવ હોય છે. એમ કહે. આહાહા..! એનું એણે જ્ઞાન તો કરવું પડશે ને એને? આહાહા..!

મુમુક્ષુ :- રાજદંડ

ઉત્તર :- રાજ દંડ મોટો રાજનો દંડ કરે. મોટા કોકના ઘરમાં ચોરી કરવા જાય મોટી. રાજ દંડે. કન્યા કુંવારી હોય કોકની એના ઉપર બળાત્કાર કરે. તો રાજ દંડે. એવું ન હોય એને. આહાહા..!

મુમુક્ષુ :- ધંધામાં હોય.

ઉત્તર :- ધંધામાં તો એના પ્રમાણમાં હોય. પણ ધંધામાં પણ એવું કાંઈ પૈસા મળે અને માણસના ડબા રાખે. આ વિલાયતી નથી આવતા? ડબા.

મુમુક્ષુ :- ડબા રાખે બીજો માલ વેચે.

ઉત્તર :- એ તો ખબર છે ને. ખબર છે એ તો. વાણિયા કહેતો કે .. વાણિયાને હોય નહિ. સમજાણું કાંઈ? જેમાં ઈંડા, માંસના ડબ્બા આવે છે ને? પેક આવે. ઓલું ગ્રાહક આવ્યું હોય બે-પાંચ હજારનું લેવા. એ એકાદ ચીજ ન હોય તો બીજે જાય લેવા. માટે આપણે રાખવું પડે. એવું હોય નહિ વેપાર. ઓલા અળસિયાનું લઈ આવે. અળસિયા અળસિયા શું કહેવાય? ખાખ આવે અળસિયા. અળસિયા સમજો છો? આ વરસાદ. વરસાદમાં શું કહેવાય લાંબા લાંબા ઝીણી પાતળી જીવાત.

મુમુક્ષુ :- લંબા લંબા હોય.

ઉત્તર :- લંબા એવા ઈયળું જેવા અણસિયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. આપણે હતો ને ભાઈ ઓલો કાળિદાસ નહિ?

મુમુક્ષુ :- એ તો દવા..

ઉત્તર :- દવા કરતો હતો. ખબર છે ને. અમને ખબર છે. હું એકફેરી દિશાએ જતો હતો તો થોરની વાડીમાં એના માણસો ડબા આટલા હતા તો અળસિયા કાઢી કાઢીને ભેગા કરતા હતા. એ રાજકોટમાં છે ને ઓલો? બાદશાહ હતો. ખબર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો ન હોય ધંધા. એવા ધંધા પાપના, ત્રસના પાપના ધંધા ધર્મીને હોય નહિ.

મુમુક્ષુ :- એ તો વ્રતવાળાને ન હોય ને, વ્રત વગરનાને...

ઉત્તર :- પણ એને પણ ન હોય. આને તો પ્રતિજ્ઞા છે. પણ આને હોય એવા ધંધા? આહાહા..! એવી ચીજમાં લાખો રૂપિયાની પેદાશ થતી હોય તો ભલે હો, ભલે ઈંડા નાખો, ઈંડાનો વેપાર કરો, ફલાણું કરો.

મુમુક્ષુ :- હોટલમાં.

ઉત્તર :- હોટલમાં નામ આવ્યું હતું. હોટલ ઉતરે એમાં બહુ પેદા થાય. ગોરા લોકો આવે અને એને બધું આમ...

મુમુક્ષુ :- હોટલમાં ખપે નહિ માલ.

ઉત્તર :- ન ખપે તો એને ઘરે રહ્યું. આવો વેપાર હોય કોઈ કસાઈ જેવો? વાણિયાને હોય નહિ. સાધારણ આર્ય માણસને ન હોય. સમ્યગ્દૃષ્ટિ અને ધર્મીની તો વાત જ શું? આહાહા..! જેને ઉજળા હૃદય છે એના આવા ત્રસના ખોરાક ન હોય અને ત્રસ મરે એવા ધંધા ન હોય. એવી વાતું છે. આહાહા..! .. ભાવ છે. લ્યો એ સ્થૂળની આવીને વ્યાખ્યા?

**'ઈસપ્રકાર સ્થૂળ પાપ રાજાદિકકે ભયસે ન કરે વહ વ્રત નહીં હૈ,...'** રાજના ભયથી પાપ ન કરે એ કાંઈ વ્રત નથી. આહાહા..! આપણે આમ કરશું તો રાજામાં દંડાશું. માટે ન કરવું એમ નહિ. અંતર શાંતિની વૃત્તિની જાળવણીમાં એવા વિકલ્પ એને એ જાતના હોય છે. આહાહા..! આવી વાતું.

મુમુક્ષુ :- રાજના ભયથી નહિ?

ઉત્તર :- નહિ. ભયથી વ્રત કેમ હોય? એ તો પરના ભયને લઈને.

**'મોટે અન્યાયરૂપ પાપકાર્ય જાનને. ઈસપ્રકાર સ્થૂલ પાપ રાજાદિકકે... '** અથવા મોટા વડિલો પોતાના કુટુંબી હોય મોટા. એને લઈને ન કરે એ કાંઈ વ્રત નથી. મોટાભાઈ આવા છે, પિતાજી આવા કડક છે.

મુમુક્ષુ :- આપણી આબરૂ જાય

ઉત્તર :- આબરૂને કારણે કરે એનો અર્થ શું? એ વ્રત ક્યાં હતા? આહાહા..! આ તો આત્માના

હિતની વાતું છે ભાઈ! આહાહા..! જેને આત્મામાં શાંતિ...

મુમુક્ષુ :- મોટપ જાય.

ઉત્તર :- મોટપ જાય. સંઘનું આ ફલાણું થાય માટે આપણે આમ કરવું. એ કાંઈ વ્રત હોય? ભયથી કરે એને મોક્ષમાર્ગ પ્રકાશકમાં.

‘**તીવ્ર કર્મબંધકે નિમિત્ત જાનકર...**’ લ્યો! ‘**ઈનકો તીવ્ર કષાયકે નિમિત્તસે...**’ દેખો! ‘**તીવ્ર કષાયકે નિમિત્તસે તીવ્ર કર્મબંધકે નિમિત્ત જાનકર સ્વયમેવ ન કરનેકે ભાવરૂપ ત્યાગ હો...** ’ એમ. રાજાના ભય ને કુટુંબનો ભય ને ફલાણા અમારા પિતાજી આકરા છે માટે આવું નથી કરવું પડતું એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...સારું લાગે છે, આ બધું રુચે છે.

ઉત્તર :- એને આવું હોય જ નહિ. એટલી અસ્થિરતા એને હોય નહિ, એમ કહે છે.

‘**સ્વયમેવ ન કરનેકે ભાવરૂપ ત્યાગ હો વહ વ્રત હૈ. ઈસકે ગ્યારહ સ્થાનક કહે, ઈનમેં ઉપર-ઉપર...**’ અગ્યાર આ કીધા ને ભૂમિકા? દર્શન પડિમા ને એ. ‘**ઉપર ઉપર ત્યાગ બઢતા જાતા હૈ...**’ દર્શન પડિમામાં જે કાંઈ પાંચ અણુવ્રત છે, અતિચારસહિત એ પણ આગળ જતાં એમાં શુદ્ધિ વધતી જાય છે. બીજી પડિમામાં વ્રતમાં શુદ્ધિ વધે, ત્રીજામાં સામાયિકમાં શુદ્ધિ વધે અને પ્રૌષધમાં પણ શુદ્ધિ વધે. પહેલા જે નિયમ છે એ નિયમ રાખીને શુદ્ધિની વૃદ્ધિ ક્ષણે ક્ષણે વધે. આહાહા..! ભારે આવું.

મુમુક્ષુ :- દવામાં ન આવી જાય મધ?

ઉત્તર :- નહિ. દવામાં આવી જાય નહિ. નક્કી કરવું જોઈએ.

મુમુક્ષુ :- બનાવટમાં આવી જ ગયું હોય.

ઉત્તર :- આવેલું હોય તો એ બંધેલી વસ્તુ લેવી જ નહિ.

મુમુક્ષુ :- અતિચાર...

ઉત્તર :- લેવી જ નહિ પણ પછી અતિચાર.. અતિચાર છોડવા જેવો છે કે રાખવા જેવો છે? બસ તો એટલો પ્રશ્ન પહેલેથી લેવો. એના ખ્યાલમાં આવે કે આ બનાવટમાં આ માંસ છે ને મધ છે ને દારૂ છે, તો એ ન લે. વાત તો એવી છે. આહાહા..! આચરણમાં પણ આવું હોવું જોઈએ. સમ્યગ્દર્શન સહિત જ્યારે આગળ વધ્યો છે...

મુમુક્ષુ :- દવામાં આલ્કોહોલ તો વાપરે જ છે.

ઉત્તર :- હા આલ્કોહોલ વાપરે છે. શું? એય..! ડોક્ટર!

મુમુક્ષુ :- બધામાં નથી આવતું.

ઉત્તર :- બધામાં નથી આવતું એમ કહે છે. દેશીમાં કોકમાં નહિ આવતું હોય. બધી દવામાં ન આવે.

મુમુક્ષુ :- અમુક બગડી ન જાય એટલા માટે નાખવું જ પડે.

ઉત્તર :- નાખવું પડે. પણ એ કોકમાં હશે. પણ એવું જેને શંકા, વહેમ પડે એવી વસ્તુ જ શું કરવા લેવી જોઈએ?

મુમુક્ષુ :- માંદો થાય તો શું કરે?

ઉત્તર :- માંદો થાય તો મટી જાય એવું છે એનાથી? આહાહા..! એની સ્થિતિ હશે એ પ્રમાણે થાશે.

**'ઈસકી ઉત્કૃષ્ટતા તક ઐસા હૈ...'** એટલે કે દર્શન પડિમામાં જેટલો ત્યાગ છે એથી આગળમાં ત્યાગ વધતો જાય છે. વધતા વધતા પહેલે જે લીધેલું છે એ છેક સુધી રહે છે એમ કહે છે. પહેલું છોડી દે અને ઉત્તમ બીજામાં જાય એમ હોઈ શકતું નથી. **'જિન કાર્યોંમેં ત્રસ જીવોંકો બાધા હો...'** ત્રસ જીવ મરે **'ઈસપ્રકારકે સબ હી કાર્ય છૂટ જાતે હૈં...'** આહાહા..! જેમાં ત્રસ મરે એ બધો વેપાર-ધંધો આદિ છૂટી જાય છે. **'ઈસલિયે સામાન્ય ઐસા નામ કહા હૈ કિ ત્રસહિંસાકા ત્યાગી દેશવ્રતી હોતા હૈ.'** લ્યો! **'ઈસકા વિશેષ કથન અન્ય ગ્રંથોસે જાનના.'** લ્યો! એ જાણવું હોય તો બીજા ગ્રંથમાં દેશવ્રતનો જ્યાં અધિકાર હોય...

'આગે તીન ગુણવ્રતોંકો કહતે હૈં :-'

**दिसिविदिसिमाण पढमं, अणत्थदंडस्स वज्जणं बिदियं।**
**भोगोपभोगपरिमा, इयमेव गुणव्वया तिण्णि।।२५।।**

**'અર્થ :- દિશા-વિદિશામેં ગમનકા પરિમાણ વહ પ્રથમ ગુણવ્રત હૈ,...'** ગુણવ્રત. નિયમમાં વિશેષે લાભ થાય એવા ગુણ હોય. **'અનર્થદંડકા વર્જના દ્વિતીય ગુણવ્રત હૈ, ઔર ભોગોપભોગકા પરિમાણ તીસરા ગુણવ્રત હૈ,—ઈસપ્રકાર યે તીન ગુણવ્રત હૈં. '**

**'ભાવાર્થ :- યહાં ગુણ શબ્દ તો ઉપકારકા વાચક હૈ,... '** સમ્યગ્દર્શનસહિત જ્યાં પંચ અણુવ્રત છે એમાં આ ગુણ, ત્રણ ગુણ એ ઉપકાર કરે છે એને અણુવ્રતને. સમજાય છે કાંઈ? **'અણુવ્રતોંકા ઉપકાર કરતે હૈં.'** શું કહે છે? દિશા-વિદિશામાં ગમનનું પરિમાણ, અનર્થદંડનો ત્યાગ, ભોગોપભોગનું માપ એ પાંચ અણુવ્રતને ગુણ કરે છે-લાભ કરે છે એમ. રાગનો અભાવ એટલો થાય એટલો ત્યાં લાભ થાય છે. અણુવ્રતને જ લાભ થાય છે.

**'દિશા-વિદિશા અર્થાત્ પૂર્વ દિશાદિકમેં ગમન કરનેકી મર્યાદા કરે. '** પૂર્વ દિશા આદિક. સમજ્યાને? પૂર્વ પશ્ચિમ આદિ અમૂક જ દિશામાં ગમન કરવું, (એથી) મમતા ઘટે એમ કહે છે. **'અનર્થદંડ અર્થાત્ જિન કાર્યોંમેં અપના પ્રયોજન ન સધે ઈસપ્રકાર પાપકાર્યોંકો ન કરે.'** હવે અહીંયા પ્રશ્ન ઉઠ્યો. **'યહાં કોઈ પૂછે - પ્રયોજનકે બિના તો કોઈ ભી જીવ કાર્ય નહીં કરતા હૈ,...'** શું કહે છે સમજાય છે? અનર્થદંડ. સમ્યગ્દૃષ્ટિ અનર્થદંડ ન કરે. એટલે પ્રશ્ન ઉઠ્યો. કે ભાઈ **'પ્રયોજન બિના તો કોઈ ભી જીવ કાર્ય નહીં કરતા હૈ, કુછ પ્રયોજન વિચાર કરકે હી કરતા**

હૈ ફિર અનર્થદંડ ક્યા?' વળી અનર્થદંડ કહેવું કોને?

'ઈસકા સમાધાન - સમ્યગ્દષ્ટિ શ્રાવક હોતા હૈ વહ પ્રયોજન અપને પદકે યોગ્ય વિચારતા હૈ,...' આ વસ્તુ. પોતાની ભૂમિકા જે ચોથું, પાંચમું, છઠ્ઠું આદિ હોય એના પ્રમાણમાં એની ભૂમિકા પ્રમાણે પ્રયોજન વિચારે. 'પદકે સિવાય સબ અનર્થ હૈ.' એ ભૂમિકાના પ્રમાણમાં પદથી બીજી રીતે કહેવાય એ બધું અનર્થ કહેવાય છે. સમજાણું કાંઈ? 'પાપી પુરુષોંકે તો સબ હી પાપ પ્રયોજન હૈં.' પાપીને તો બધું પાપનું જ પ્રયોજન છે. એમાં પ્રયોજન-અપ્રયોજનનો ઉપચાર છે નહિ. બધા પાપનો જ પ્રયોજન છે. ચોથે-પાંચમે-છઠ્ઠે આદિ તો પોતાની ભૂમિકાના પ્રમાણમાં એને પાપનો ખ્યાલ હોય છે, એમ. પ્રયોજન એટલું છે એનું, એમ કહે છે. એથી વિશેષ એનું પ્રયોજન હોય નહિ.

'ભોગ કહનેસે ભોજનાદિક...' ભોગનું પરિમાણ કરે. ભોજન એટલે આહાર, પાણી, દવા વગેરે. 'ઉપભોગ કહનેસે સ્ત્રી, વસ્ત્ર, આભૂષણ,...' એનું પરિમાણ કરે. વસ્ત્ર, આભૂષણ વારંવાર ભોગવાય છે ને માટે. વાહન, મકાન એનું પરિમાણ કરે. 'ઈસપ્રકાર જાનના.' લ્યો! એ આવા દર્શન પડિમા ઉપરાંત અણુવ્રત અને એમાં આ જાતનો નિર્મળતાનો ગુણ કરે એને નિર્મળતા વધે છે એમ કહે છે. વિકલ્પ છે, પણ અંદરની શુદ્ધતા વધે છે ને અંદર?

'આગે ચાર શિક્ષાવ્રતોંકો કહતે હૈં :—' લ્યો! પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષા વ્રત.

सामाइयं च पढमं, बिदियं च तहेव पोसहं भणियं।
तइयं च अतिहिपुज्जं, चउत्थ सल्लेहणा अंते।।२६।।

'અર્થ :- સામાયિક તો પહિલા શિક્ષાવ્રત હૈ,...' શિક્ષાવ્રત કેમ કહે છે એ કહેશે. 'વૈસે હી દૂસરા પ્રોષધ વ્રત હૈ, તીસરા અતિથિકા પૂજન હૈ, ચૌથા અંતસમય સંલ્લેખના વ્રત હૈ. '

'ભાવાર્થ :- શિક્ષા શબ્દસે તો ઐસા અર્થ સૂચિત હોતા હૈ કિ આગામી મુનિવ્રતકી શિક્ષા ઈનમેં હૈ,...' મુનિપણું હોય ત્યારે આવું એને પાળવું પડશે અને એવી દશા હોય એ માટે એને શિક્ષાવ્રત કહેવામાં આવે છે. આહાહા..! 'જબ મુનિ હોગા તબ ઈસપ્રકાર રહના હોગા. સામાયિક કહનેસે તો રાગદ્વેષકા ત્યાગ કર,...' લ્યો આ સામાયિક. પણ જેને હજી રાગદ્વેષ રહિત ચૈતન્યની દૃષ્ટિની ખબર જ નથી, એને દૃષ્ટિસહિતમાં સ્થિરતા આવે ક્યાંથી? સમજાણું કાંઈ? રાગ-દ્વેષનો ત્યાગ. રાગ-દ્વેષ મારા નથી અને વસ્તુનું સ્વરૂપ તે હું છું એવી દૃષ્ટિ વિવેક જાગ્યો નથી, ત્યાં આગળ રાગ-દ્વેષની અસ્થિરતાનો ત્યાગ થાય શી રીતે? શું કીધું સમજાણું?

સામાયિક કીધી ને? સામાયિક એટલે રાગ-દ્વેષનો ત્યાગ. રાગ-દ્વેષનો ત્યાગ ક્યારે થાય? પહેલો રાગ-દ્વેષ રહિત મારી ચીજ છે એવી દૃષ્ટિ થઈ છે, એને અસ્થિરતામાં જે રાગ-દ્વેષ છે એનો એને ત્યાગ થાય છે. સામાયિક એમાં સમતા વીતરાગભાવનો લાભ થાય છે. આહાહા..! સામાયિકમાં તો વ્યક્તિને કોઈવાર શુદ્ધ ઉપયોગ પણ આવી જાય છે. સામાયિક એને કહીએ કે જેને સમ્યગ્દર્શન અંતરનું શુદ્ધ

ઉપયોગ જેને પ્રગટ્યો છે અને એમાં શુદ્ધ ઉપયોગ એટલે રાગરહિત જેની સ્થિરતા થઈ છે, એવી સામાયિકમાં પેઠે તો એને કોઈ વખતે શુદ્ધ ઉપયોગ પણ આવી જાય છે. શુદ્ધ ઉપયોગ. કોઈ કહે છે ને કે ચોથે, પાંચમે શુદ્ધ ઉપયોગ ન હોય. ચોથેથી શરૂ શુદ્ધ ઉપયોગ થાય છે. આહાહા..! કેમકે જીવનો શુભભાવ એ સ્વભાવ જ નથી. દયા, દાન, વ્રતના પરિણામ છે એ કાંઈ જીવનો સ્વભાવ નથી. એથી એ વસ્તુનું સ્વરૂપ નથી. વસ્તુનો સ્વભાવ તો શુદ્ધ ઉપયોગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં આવ્યું છે ને એ? સૂરજમાં જેમ ઉપરાગ નથી, મેલ નથી, એમ ઉપયોગમાં શુભરાગરૂપી મેલ નથી. એને ઉપયોગ કહેવામાં આવે છે. આહાહા..! સૂરજમાં જેમ ઉપરાગ નથી. ઉપરાગ એટલે મેલ નથી. એનો સ્વભાવ જ સફેદ-ઉજળો છે. એમ ભગવાન આત્મામાં શુભ-અશુભ પરિણામનો મેલ છે જ નહિ, એને આત્મા કહીએ. આહાહા..! એ શુદ્ધ ઉપયોગ એ એનો સ્વભાવ છે. લ્યો અલિંગગ્રહણમાં આવો અર્થ છે.

હવે આ શુદ્ધ ઉપયોગ તો, કહે, અહીં હોય નહિ. અહીં કહે શુદ્ધ ઉપયોગ તો એનું સ્વરૂપ છે, સ્વભાવ છે. સ્વભાવ પકડતાં શુદ્ધ ઉપયોગ એ જ પકડી શકે છે. આહાહા..! એમ શુભરાગ વિકલ્પ છે એ તો એનું સ્વરૂપ જ નથી, સ્વભાવ જ નથી. મેલ છે એ તો. આહાહા..! ગજબ વાતું કરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રયોજનની વાત નથી અત્યારે. અત્યારે આ મુખ્ય ચાલે છે એ વાત સાંભળોને. એ પ્રયોજનની વાત ગઈ. અત્યારે તો અહીં શુદ્ધ ઉપયોગ જે છે એ જીવનો સ્વભાવ છે. એ ચાલે છે વાત અહીં. સમજાણું કાંઈ? શુભભાવ જે છે એ જીવનો સ્વભાવ નથી. એ જીવનો ઉપયોગ જ નથી. આહાહા..! એ તો રાગનો ઉપયોગ છે, અજીવનો ઉપયોગ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એને કહીએ. અલિંગગ્રહણ એટલે કે શુદ્ધ ઉપયોગથી પકડી શકાય છે. રાગથી શુભરાગથી પકડી શકાય નહિ. કેમકે શુભરાગ એનું સ્વરૂપ નથી. આહાહા..! આવી વાત સ્પષ્ટ છે. તો કહે, નહિ, ચોથા ગુણસ્થાનથી સાતમા સુધી શુભયોગ જ હોય. વળી એક ઠેકાણે કહ્યું છે કે સાતમેથી શુદ્ધ હોય. વળી એક ઠેકાણે કહ્યું છે. બે વાત કરી છે.

મુમુક્ષુ :- એકવાર આઠમે શુદ્ધ, એકવાર સાતમે.

ઉત્તર :- એકવાર સાતમા સુધી શુદ્ધ કીધો પછી આઠમેથી શુદ્ધ કીધો. આહાહા..! અરે..! ભાઈ! સત્ય છે એને સત્યને રહેવા દે સત્યરૂપે. ગડબડ ન થાય.

અહીં તો કહે છે કે જે શુદ્ધ ઉપયોગ છે આત્માનો સામાયિક. ખરેખર તો શુદ્ધ ઉપયોગરૂપી પરિણમે એને સામાયિક કહેવામાં આવે છે. આહાહા..! એને આગળ વધીને પ્રૌષધ થાય છે. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૯, મંગળવાર તા. ૦૪-૧૨-૧૯૭૩**
**ગાથા - ૩૦, ૩૧ પ્રવચન - ૫૮**

એ વખતે વીતરાગતાને જાળવી રાખે છે. સમજાણું કાંઈ? અંતરમાં ખેદ થતો નથી, અંતરમાં વિષમતા થતી નથી. એ શરીરના રોગને જ્ઞેય તરીકે જાણે. એ ખરેખર તો પોતાને એ જ્ઞેયનું જ્ઞાન થયું તેને એ જાણે. આહાહા..! આમ તો કહ્યું નથી કે બહુ ઉપસર્ગ આવે. શું ન જાણે? આવે છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ભાઈ વિકલ્પ હોય તો જાણવામાં આવે. નિર્વિકલ્પ અંદરમાં હોય નિર્વિકલ્પમાં તો ખ્યાલ ન રહે. પણ વિકલ્પમાં આવે તો ખ્યાલ હોય કે આ કાંઈક થાય છે. આ કરડે છે. એમ જાણે. આહાહા..! સમજાણું કાંઈ? મુનિઓને પાણીમાં નાખી દે દરિયામાં. આહાહા..! ઉપયોગને ખેંચી લે પરથી (અને) પોતામાં જમાવી દે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ ઉપસર્ગ કરતા પ્રત્યે પણ ક્રોધ નહિ.

ઉત્તર :- ક્રોધ નહિ ... દરિયામાં ચાલ્યા જાય, પાણીમાં નાખ્યા હોય. અંદર શરીર ચાલ્યું જાય ઊંડે ઊંડે. પોતે અંદર ઊંડે ઊંડે પોતામાં જાય. આહાહા..! જેમ બહારમાં ઊંડે જતા જાય, એમ અંદરમાં ઊંડે ઊંડે જામી જાય અંદર. આહાહા..! ધન્ય અવસર અને ધન્ય કાળ. એના ભવના અંત આવ્યા. એને આવી દશા હોય એમ કહે છે.

'આગે પાંચ વ્રતોંકા સ્વરૂપ કહતે હૈં :—'

**हिंसाविरई अहिंसा, असच्चविरई अदत्तविरई य।**
**तुरियं अबंभाविरई, पंचम संगम्मि विरई य।।३०।।**

'**અર્થ :- પ્રથમ તો હિંસાસે વિરતિ અહિંસા હૈ,...**' રાગાદિના પરિણામ જે હિંસા એનાથી નિવર્તિને... આહાહા..! અહિંસા સ્થિરતા થઈ છે અને આ અહિંસા શુભ વિકલ્પરૂપ હોય છે. ખરી અહિંસા તો રાગની ઉત્પત્તિ ન થવી તે અહિંસા છે. એ નિશ્ચયવ્રત છે. આહાહા..! દયા, દાનના પરિણામ ઉત્પન્ન થાય એ પણ હિંસા છે. આહાહા..! એ રાગની ઉત્પત્તિ ન થાય એવી જે આત્માને આશ્રયની દશા તેને અહિંસા કહે છે. એ અહિંસાની ભૂમિકામાં રાગની નિવૃત્તિ છે. વ્યવહારના અશુભરાગની નિવૃત્તિ છે અને શુભરાગની પ્રવૃત્તિ છે. આહાહા..! પણ આવું નિશ્ચય સહિત હોય એની વાત છે. આહાહા..! બાપુ! વીતરાગનો કોઈપણ માર્ગ દર્શનનો, જ્ઞાનનો, ચારિત્રનો, દેશ.. અલૌકિક હોય છે. વીતરાગ સિવાય એ વાત ક્યાંય બીજે હોતી નથી. આહાહા..! પણ એ દરકાર ક્યારે એને આત્માની થાય ત્યારે ... અરે..! હું ક્યાં રહીશ? મારો સ્વભાવ છે એવું જેને ભાન નથી તો ક્યાં રહીશ એવી એને શંકા રહ્યા કરે. ક્યાં જઈશ? જેના સ્વરૂપની ખબર નથી કે હું ક્યાં જઈશ? રાગમાં કેટલે

ઠેકાણે? આહાહા..! પણ જ્યાં હું આત્મા રાગથી રહિત છું ત્યાં હું જઈશ અને ત્યાં હું રહીશ. આહાહા..! સમજાય છે કાંઈ? એવી જેને અંદરમાં અહિંસા પ્રગટી છે તેને હિંસાથી નિવૃત્તિ છે એમ કહે છે.

'**दूसरा असत्यविरति है,...**' જૂઠાથી નિવૃત્તિ છે. સત્ય સ્વરૂપ ભગવાન આત્માની પરિણતિરૂપી સત્ય વ્રત છે નિશ્ચય, એને સત્ય વ્રત(ના) વિકલ્પ હોય છે. પણ તે અસત્યથી નિવર્તેલો હોય છે. આહાહા..! '**अदत्तविरति है,...**' ચોરી નહિ જેને. આહાહા..! પરચીજને લેવી એ ચોરી જ જેને નથી. આહાહા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપને જ્યાં ગ્રહે છે એને પરનું લેવું ત્યાં રહેતું નથી. આહાહા..! માર્ગ ભારે ભાઈ! વીતરાગનો એક પણ માર્ગ એક સમજેને તો એનું બધું આખું દરેક વસ્તુનું સ્વરૂપ એના ખ્યાલમાં આવી જાય. એક ભાવ જાણે તો બધા ભાવ જાણે. આહાહા..!

મુમુક્ષુ :- એક..

ઉત્તર :- એ તો કોઈપણ લ્યોને. શુભભાવ એક જ જાણે છે શુભભાવરૂપે, તોપણ બધા ભાવને જાણે છે. શુભભાવ છે આ. એ શુદ્ધ નહિ. એનો એક ભાવ પણ બરાબર જાણે તો એ શુભથી રહિત શુદ્ધને જાણે, શુભને જાણે, અશુભને જાણે અને આગમના જે ભેદો છે એ બધાને જાણે. જાણવું છે ને એનું? આહાહા..! સમજાણું કાંઈ? જાણવું ક્યારે કહેવાય કે જે રૂપે જે છે તેને જાણ્યું હોય ત્યારે જાણ્યું કહેવાય ને? આહાહા..!

ચોથું '**अब्रह्मविरती है,...**' વિષય-મૈથુન નિવૃત્તિ અબ્રહ્મ. ભગવાન બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા એમાં રમવું તે બ્રહ્મચર્ય છે. આહાહા..! જેને આત્મા આનંદસ્વરૂપ છે, બ્રહ્માનંદ પ્રભુ આત્મા એમાં જેની પરિણતિ રમે છે એ અબ્રહ્મથી નિવર્તે છે. આહાહા..! અને વ્યવહારનું અબ્રહ્મથી નિવર્તવું એવો શુભભાવ હોય છે. '**पांचवा परिग्रहविरति है.**' મુનિને પરિગ્રહ વસ્ત્રનો તાણો પણ હોતો નથી. આહાહા..! વસ્ત્ર ને પાત્ર મુનિને હોતા નથી. કેમકે એ પરિગ્રહ છે. અને તેની મમતાનો રાગ પણ એને હોતો નથી. આહાહા..! જૈનદર્શનની શ્રદ્ધાસહિત વાત છે ને આ બધી? એથી જૈનદર્શનની વાત કરી છે ને આઠમામાં? ઓલા પહેલામાં. આઠમાં પહેલું આ દર્શનપાહુડ.

સ્થિતિ હોયં. સ્થિતિ એટલે ઊભા ઊભા એમ? સ્થિતિ શબ્દ આવ્યો છે ત્યાં આગળ. ૧૪મી ગાથામાં. ખડા ખડા આહાર આવે છે ને '**उब्भसणे**' '**उब्भसणे**' ઊભા ઊભા. એમ આ સ્થિતિ શબ્દ આવ્યો છે. આપણે ગુજરાતીમાં આવ્યો છે કાલે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ૧૪મી ગાથામાં. સ્થિતિ આવ્યું છે ત્યાં. અર્થ કર્યો છે નીચે. ક્યાંક નીચે અર્થ કર્યો છે. ખડા ખડા આહાર. ઊભા ઊભા. સજ્ઝાયમાં કાલે આવ્યું હતું.

'**ભાવાર્થ :- ઈન પાંચ પાપોંકા સર્વથા ત્યાગ જિનમેં હોતા હૈં વે પાંચ મહાવ્રત કહલાતે હૈં.**' આહાહા..! જેમાં પાંચેય પાપની નિવૃત્તિ છે. સમ્યગ્દર્શનસહિત સ્વરૂપની સ્થિરતાની ભૂમિકામાં

આવા પાંચ પાપથી નિવૃત્તિરૂપ ભાવ એને મહાવ્રત કહેવામાં આવે છે. આહાહા..! મહાવ્રતના પણ બે પ્રકાર—એક નિશ્ચય મહાવ્રત, એક વ્યવહાર. અહીં વ્યવહારની વાતું કરી છે પણ નિશ્ચયમાં આવી દશા હોય એમાં ભેગું સમજાવે છે. સમજાણું કાંઈ? એકલા વ્યવહાર મહાવ્રત હોય એને નિશ્ચય ન હોય તો એ મહાવ્રત જ નથી. આહાહા..! વર્ણન આવું કર્યું કે જો સાગાર ધર્મ અને અણગાર. વર્ણન તો શું કરે? ભેદવાળું વર્ણન કર્યા વિના સમજાવું કઈ રીતે? આહાહા..!

**'આગે ઈનકો મહાવ્રત ક્યોં કહતે હૈં વહ બતાતે હૈં :—'**

**साहंति जं महल्ला, आयरियं जं महल्लपुव्वेहिं।**
**जं च महल्लाणि, तदो महव्वया इत्तहे याइं।।३१।।**

**'અર્થ :- મહલ્લા અર્થાત્ મહંત પુરુષ જિનકો સાધતે હૈં...'** લ્યો! મહાવ્રત મહાપુરુષ સાધે છે અને એને કહે કે મહાવ્રત એ પુણ્ય છે, હેય છે, ઝેર છે. આવું તે કહેવું કેમ શોભે? એમ કહે છે. કઈ અપેક્ષાએ પ્રભુ તું કહે છો? આ તો પંચ મહાવ્રત આવા વિકલ્પ એની ભૂમિકામાં આવી સ્થિરતા સાધે છે. એનું સાધન મહાવ્રતનું નિમિત્ત ગણીને એ સાધે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! લ્યો આવા વખાણ કર્યા અને તમે કહો કે મહાવ્રત છોડવા જેવા છે. હેય છે, આસ્રવ છે. પણ ત્યારે તો તેને મહાવ્રત કહેવામાં આવે છે. જેને સમ્યગ્દર્શનમાં રાગમાત્રનું હેયપણું છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એનું પણ હેયપણું છે. સમ્યગ્દર્શનમાં તો રાગમાત્રનું હેયપણું છે. ત્યારે અહીં તો હેયપણું તો જાણ્યું છે, ઠર્યો છે અંદર, પણ છતાં એવો વિકલ્પ આવે છે તેને અહીંયા મહાવ્રત કહેવામાં આવે છે.

આમાં લડાવું લડાવે કેટલાક. બાપુ! મહાવ્રતના વિકલ્પ કોને હોય? મહાપુરુષ જેને સમ્યક્ નિશ્ચય પ્રગટ્યું છે. આનંદનો દાતા પ્રભુ છે, એ રાગનો દાતા નહિ, એવો આત્મા જેને અંતરમાં અનુભવમાં આવ્યો છે. આહાહા..! એને આવા પંચમહાવ્રતના વિકલ્પો સ્વરૂપની સ્થિરતા સહિત હોય છે. એથી એને કહ્યું કે **'साहंति महल्ला'** કથન આવ્યું એટલે એ નિશ્ચયનું થઈ ગયું? ભગવાને કહ્યું છે ને? પણ ભગવાને કઈ નયે કીધું છે?

મુમુક્ષુ :- પ્રમાણજ્ઞાનમાં..

ઉત્તર :- વ્યવહાર કહેવાય. આપણે આવી ગયું છે નહિ? બે ભેદ પાડવા વ્યવહાર આપણે આવ્યું છે. અષ્ટપાહુડમાં. પંચાધ્યાયની શૈલીમાં. દ્રવ્ય અને પર્યાય બે ભેદ પાડવા એ જ વ્યવહાર છે. આવ્યું હતું? ખબર છે ને. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના આ તો એને સામાન્યની વાત કરી, એકલો સામાન્ય ઓલા તો ભેદ પડ્યા દર્શન, જ્ઞાન. એમ કે સામાન્ય એકલું એને વ્યવહાર કહેવાય કે નહિ? એમ. સામાન્ય નિશ્ચય છે. પણ એક અપેક્ષાએ આખી ચીજના ભેદ પાડ્યાને એ અપેક્ષાએ વ્યવહાર કહે છે. અષ્ટપાહુડમાં આવ્યું હતું. દ્રવ્ય

અને પર્યાય બેય વ્યવહાર કહેવા. દ્રવ્ય કહેવું અને પર્યાય એ બેય વ્યવહાર. કઈ અપેક્ષાએ? ઓલા ભેદ પાડવાની. ભેદથી એને કહેવું. એ અપેક્ષાએ વાત. એ અપેક્ષાથી ત્યાં લીધું હતું જયચંદ પંડિતે. ભેદથી. અહીંયા તો જેટલો કહે એનો નિષેધ કરે નિશ્ચયથી. કહે નહિ. એક દ્રવ્યના બે ભાગમાં આ સામાન્ય એ વિકલ્પ છે. એકલો સામાન્યનો ત્રિકાળનો આશ્રય લેવો એ જુદી વાત છે. એ તો 'નિશ્ચયનય આશ્રિત મુનિવરો...' જુઓ! એ કીધું ને. સામાન્યને આશ્રયે ત્યાં. એ સામાન્ય વિકલ્પ નથી. ઘણી અપેક્ષાઓ લાગુ પડે ભાઈ! જે જે અપેક્ષા હોય તે તે ત્યાં જાણવું જોઈએ. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' આહાહા..! આ તો શાંતિનો માર્ગ બાપા છે.

**'મહંત પુરુષ જિનકો સાધતે હૈં—આચરણ કરતે હૈં...'** એમ. **'आयरियं जं महल्लपुव्वेहिं' 'ઔર પહિલે ભી જિનકા મહંત પુરુષોંને આચરણ કિયા હૈ...'** લ્યો! મહા કુંદકુંદાચાર્ય આદિ, અરે..! તીર્થંકરે છદ્મસ્થપણામાં પણ, મહાવ્રતનું આચરણ કર્યું હતું. વ્યવહારે આચરણ કર્યું હતું. નિશ્ચયે મહાવ્રત તો સ્થિરતા એ આચરણ છે. આહાહા..! આનંદમાં લીનતા વિશેષ થવી તે ખરેખર તો મહાવ્રત છે. નિશ્ચય મહાવ્રત એ છે પણ એ ભૂમિકામાં આવા મહાવ્રતની વિકલ્પની મર્યાદા હોય છે.

મુમુક્ષુ :- પરમાત્મપ્રકાશમાં તો એને અણુવ્રત કહ્યા છે.

ઉત્તર :- અણુવ્રત કહ્યા એટલો પૂર્ણ છે ને. અપૂર્ણ નથી.

**'પહિલે ભી જિનકા મહંત પુરુષોંને આચરણ કિયા હૈ...'** ઓહોહો..! અહીંથી એમ લે કે મહાવ્રતના વિકલ્પ ને આચરણ જ્ઞાનીઓએ કર્યું. પણ એ અહીં બતાવવું છે કે એવું જેને આચરણ વ્યવહાર છે એને નિશ્ચયનું આચરણ ત્યાં છે જ. એમ .. વાત અહીં છે. આહાહા..! ભારે ગરવું કઠણ. **'યે વ્રત આપ હી મહાન હૈં...'** લ્યો! બીજું. મહાન પુરુષોએ પાળ્યા, સાધ્યા. પૂર્વના મહાપુરુષોએ કર્યાં. પોતે મોટા છે. મહા શબ્દ છે ને? મહાવ્રત એમ શબ્દ છે ને એટલે એની વાત કરે છે. મહાવ્રત કેમ? કે મોટા પોતે છે. અને કેમ મહાવ્રત? કે મોટા પુરુષોએ જેને આચર્યા છે. પૂર્વે પણ મોટા પુરુષો આચરણ કરી ગયા છે. મહાવ્રતનો અર્થ કરવો છે ને અહીંયા તો. **'ક્યોંકિ ઈનમેં પાપકા લેશ ભી નહીં હૈ...'** શ્રાવકનું પાપ જરીયે નથી. **'ઈસપ્રકાર યે પાંચ મહાવ્રત હૈં.'** લ્યો!

**'ભાવાર્થ :- જિનકા બડે પુરુષ આચરણ કરેં ઔર આપ નિર્દોષ હોં વે હી બડે કહાતે હૈં,...'** લ્યો! એને મહાન વ્રત કહેવામાં આવે છે. ઓહોહો..! **'ઈસપ્રકાર ઈન પાંચ વ્રતોંકો મહાવ્રત સંજ્ઞા હૈ.'** લ્યો! હવે એની પચ્ચીસ ક્રિયા આવી હતી ને એમાં? પંચેન્દ્રિય .. આવી ગયું. .. આવી ગયું. પંચમી .. એ અઠ્યાવીશમી ગાથા. એ ત્રીજા બોલની વ્યાખ્યા આવશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૦, બુધવાર તા. ૦૫-૧૨-૧૯૭૩**
**ગાથા - ૩૨ થી ૩૯, પ્રવચન - ૫૯**

અષ્ટપાહુડમાં ચારિત્રપાહુડ છે. એ આ ચારિત્ર સંયમચરણ ચારિત્રની આવી વાત. ચારિત્રના બે ભેદ છે—એક સમ્યક્ત્વચરણ ચારિત્ર, બીજું આ સંયમચરણ ચારિત્ર. એના પણ બે ભેદ થયા. એક સાગાર સંયમચરણ ચારિત્ર અને અનાગાર સંયમચરણ ચારિત્ર. આ અણગાર સંયમચરણ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે.

'**આગે ઈન પાંચ વ્રતોંકી પચ્ચીસ ભાવના...**' જેને ક્રિયા કીધી હતી ને? ૨૮મી ગાથામાં ક્રિયા કીધી હતી. વ્રતની ક્રિયા. એને અહીંયા ભાવનામાં લીધું છે. પાઠમાં ક્રિયા છે. '**पंच वया पंचविंसकिरियासु**' એટલે તો ખુલાસો કર્યો ને પછી? પાંચ વ્રત કેવા છે કે '**पंचविंसकिरिया**' સહિત છે એમ. એક એકની પાંચ પાંચ ભાવના છે.

**वयगुत्ती मणगुत्ती, इरियासमिदी सुदाणणिक्खेवो।**
**अवलोयभोयणाए, अहिंसए भावणा होंति।।३२।।**

મુનિવ્રત કેવા હોય અને એમાં અહિંસાના ભાવ કેવા હોય એનું વર્ણન છે. એને પહેલું જાણવું તો જોશે ને. કે શું અહિંસા મહાવ્રત કહેવાય? પંચ મહાવ્રત. જેને અંતર સ્વરૂપમાં ઘણી જ લીનતા હોય છે એને આ પંચ મહાવ્રતના પરિણામ હોય. એને આ પચ્ચીસ ભાવના હોય.

'**અર્થ :- વચનગુપ્તિ ઔર મનોગુપ્તિ ઐસે દો તો ગુપ્તિયાં,...**' છે. આ ભાવનાની વાત છે. અહિંસા વ્રતમાં આ ભાવના. જેમાં મન અને વચનની ગુપ્તિ. '**ઈર્યાસમિતિ,...**' જોઈને ચાલવું. અહિંસાની ભાવના છે ને? '**ભલે પ્રકાર કમંડલુ આદિકા ગ્રહણ-નિક્ષેપ...**' આદાન નિક્ષેપ છે ને? વસ્ત્ર, પાત્ર આમાં નથી કાંઈ લેવા કે મૂકવાનું. '**કમંડલુ આદિક...**' લેવું પુસ્તક આદિ લેવા-મૂકવામાં એને સમિતિ આદાન. '**અચ્છી તરહ દેખકર વિધિપૂર્વક શુદ્ધ ભોજન કરના...**' આહાર ભોજન કરવામાં નિર્દોષ છે એમાં કોઈ કીડી-મકોડો ન હોય, લીલોતરી સચેત ન હોય એમ આહારને જોઈને વિધિપૂર્વક, જે વિધિ છે એ પ્રકારે શુદ્ધ ભોજન કરવું. '**યહ એષણા સમિતિ—ઈસપ્રકાર યે પાંચ અહિંસા મહાવ્રતકી ભાવના હૈં.**' ઓહોહો..! મુનિવ્રત અલૌકિક વાત છે ને! એ કાંઈ લોકો અત્યારે માને છે એ કાંઈ મુનિપણું નથી. અંતરમાં સમ્યક્ચરણ સ્વરૂપ પ્રગટનો અનુભવ થઈને પછી વસ્તુના સ્વરૂપમાં સ્થિરતા ઉગ્ર આશ્રય કરીને શાંતિ... શાંતિ.. શાંતિ.. વિશેષ, અતીન્દ્રિય આનંદસહિતની શાંતિ પ્રગટ હો એણે પંચ મહાવ્રતના વિકલ્પ હોય. એ વ્યવહાર.. છે ને. એની ભાવના એ પણ એક વિકલ્પ છે. પણ એને એ સ્થાનમાં એવું હોય છે.

'**ભાવાર્થ :- ભાવના નામ વારંવાર ઉસહીકે અભ્યાસ કરનેકા હૈ,...**' લ્યો! એનો વારંવાર અભ્યાસ કરવો. મુનિને જોઈને ચાલવું, વિચારીને બોલવું. એ પછી આવશે. અહીંયા તો જોઈને ચાલવું, આહાર-પાણી નિર્દોષ લેવા, મૂકવા-લેવા .. ધ્યાન રાખવું, એને અહીંયા સમિતિ કહેવામાં આવે છે. છે તો આ વિકલ્પ હોં. પણ એ ભૂમિકામાં એ હોય છે. આહાહા..! '**યહાં પ્રવૃત્તિ-નિવૃત્તિમેં હિંસા લગતી હૈ, ઉસકા નિરંતર યત્ન રખે તબ અહિંસાવ્રતકા પાલન હો, ઈસલિયે યહાં યોગોંકી નિવૃત્તિ કરની તો ભલેપ્રકાર ગુપ્તિરૂપ કરની...**' ગુપ્તિરૂપ મન-વચનને ગોપવવા.

'**પ્રવૃત્તિ કરની તો સમિતિરૂપ કરની,...**' વ્યવહાર. '**ઐસે નિરંતર અભ્યાસસે અહિંસા મહાવ્રત દૃઢ રહતા હૈ, ઈસી આશયસે ઈનકો ભાવના કહતે હૈં.**' આહાહા..! એકકોર કહેવું કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવના ભાવવી નહિ. એ રાગ છે. વ્યવહારનયના અધિકાર જ્યાં હોય એ વાત હોય છે. એ તો અહિંસા, વ્રત છે એ વિકલ્પ છે અને એને રાખવા માટે પાંચ ભાવના એ પણ એ જાતનો વિકલ્પ છે. હોય છે ને વ્યવહારથી. એની ભૂમિકામાં નિશ્ચય શાંતિ, નિશ્ચય આનંદ અંદર જામી છે અંદરમાં જમવટ એની ભૂમિકા વીતરાગતાની હોય એથી આવા વિકલ્પો એને હોય. ન્યાયની વાત છે. સમજાણું?

'**આગે સત્ય મહાવ્રતકી ભાવના કહતે હૈં :—**'

कोहभयहासलोहा, मोहा विवरीयभावणा चेव।
विदियस्स भावणाए, ए पंचेव य तहा होंति।।३३।।

'**અર્થ :- ક્રોધ, ભય, હાસ્ય, લોભ ઔર મોહ ઈનસે વિપરીત અર્થાત્ ઉલ્ટા ઈનકા અભાવ યે દ્વિતીય વ્રત સત્ય મહાવ્રતકી ભાવના હૈં.**'

'**ભાવાર્થ :- અસત્ય વચનકી પ્રવૃત્તિ ક્રોધસે,...**' થાય છે. '**ક્રોધસે, ભયસે, હાસ્યસે, લોભસે, ઔર પરદ્રવ્યકે મોહરૂપ મિથ્યાત્વસે હોતી હૈ,...**' લ્યો! આહાહા..! '**ઈનકા ત્યાગ હો જાને પર સત્ય મહાવ્રત દૃઢ રહતા હૈ.**' મિથ્યા પરદ્રવ્યમાં પ્રીતિ-રુચિ થઈ જવી એને તો મિથ્યાત્વ કહે છે. એનો જ્યાં ત્યાગ થયો ત્યાં આગળ આ સત્ય મહાવ્રત હોય છે. ઓહોહો..!

'**તત્ત્વાર્થસૂત્રમેં પાંચવીં ભાવના અનુવીચીભાષણ કહી હૈ,...**' વિચારીને બોલવું. '**સો ઈસકા અર્થ યહ હૈ કિ—જિનસૂત્રકે અનુસાર વચન બોલે...**' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે રીતે કહ્યું છે તે રીતે બોલે. આહાહા..! ઓછું, અધિક, વિપરીત, આઘુંપાછું ન બોલે. આહાહા..! આકરો માર્ગ છે. આહાહા..! '**ઔર યહાં મોહકા અભાવ કહા. વહ મિથ્યાત્વકે નિમિત્તસે સૂત્રવિરોધ બોલતા હૈ,...**' સિદ્ધાંતે કહ્યું એનાથી ઊલટું કહેવું એનો અહીં ત્યાગ છે. '**મિથ્યાત્વકા અભાવ હોને પર સૂત્રવિરોધ નહીં બોલતા હૈ,...**' આહાહા..! વ્યવહારચારિત્રથી નિશ્ચય ચારિત્ર થાય. નિશ્ચય ચારિત્ર હોય ત્યાં વ્યવહાર ચારિત્ર એને મદદ કરે—એ બધા સૂત્રના વાક્ય નથી. એ વિચારીને સિદ્ધાંતને

અનુસરીને બોલ્યા નથી. આહાહા..! ભારે માર્ગ.

વીતરાગ પ્રભુ આત્મા. આત્મા વીતરાગમૂર્તિ જ છે આત્મા તો. એનો સ્વભાવ વીતરાગ સ્વરૂપ જ છે. એમાં વીતરાગપણાની પરિણતિ પ્રગટ કરીને આવા વિકલ્પો અંદર આવે એને. એને અહીંયા ભાવના કીધી છે. ભગવાનના સૂત્રથી વિરૂદ્ધ એક વચન પણ કહે. કહો, સમજાણું કાંઈ? મુનિને ભાઈ આ કાળે નમણું શરીર છે .. માટે વસ્ત્રથી જ ચારિત્ર નભે, એ વિના ન નભે—એવા વચનો સમ્યગ્દષ્ટિ મુનિ હોય બોલે નહિ. આ પંચમ આરો છે, શિથિલ છે શરીર સંહનન, એના પ્રમાણમાં કાંઈક વસ્ત્ર હોય તો ઠંડીમાં નિર્વાહ થાય, ચારિત્ર નિર્વાહ. એ માર્ગ વીતરાગનો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચારિત્ર..

ઉત્તર :- ચારિત્ર કહેવું કોને? ભાઈ! આહાહા..! જેને એક વસ્ત્રનો ધાગો રાખે તોપણ મુનિપણું નથી. એને એમ કહેવું કે વસ્ત્ર આટલા રાખીને પણ મુનિપણું રહે, એ વીતરાગના વચનો નથી. એ સર્વજ્ઞ પરમેશ્વર એમણે કહ્યા સૂત્રો એને અનુસારીને એ વચન નથી.

‘**સૂત્રવિરૂદ્ધ નહીં બોલતા હૈ,...**’ પોતાથી પળી ન શકે એથી એનો બચાવ કરીને સૂત્રથી વિરૂદ્ધ કહેવું એ માર્ગ નથી. આહાહા..! ‘**અનુવીચીભાષણકા ભી યહી અર્થ હુઆ,...** ’ મિથ્યાત્વના અભાવમાં વિચારીને બોલવું એ જ વિચારીને બોલવું એવી ભાવનામાં આવી ગઈ વાત એમ કહે છે. ભલે આમાં અનુવીચી ન આવ્યું પણ મોહનો અભાવ કરીને બોલવું એમાં એ વાત આવી જાય છે.

‘**આગે અચૌર્ય મહાવ્રતકી ભાવના કહતે હૈં :—**’ મુનિપણાની વસ્તુ બાપુ અલૌકિક છે. એને પહેલા જાણવી જોઈએ. મુનિમાર્ગ શું છે? સાધુપદ શું છે? ચારિત્રપદ શું છે? આહાહા..!

**सुण्णायारणिवासो, विमोचियावास जं परोधं च।**
**एसणसुद्धिसउत्तं, साहम्मीसंविसंवादो।।३४।।**

‘**અર્થ :- શૂન્યાગાર અર્થાત્ ગિરિ, ગુફા, તરૂ, કોટરાદિમેં નિવાસ કરના,...** ’ સાધુ તો. આહાહા..! અહીં મોટા પાંચ-પાંચ લાખના બંગલા, મેડીયું. મુનિ કોને કહેવા? જેને સાંભળવા કઠણ પડ્યા છે અત્યારે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વર જેને મુનિ કહે છે એ તો શૂન્યાગાર. શૂન્ય આગાર એટલે ગિરિમાં રહે, ગુફામાં રહે, જંગલમાં રહે. આહાહા..! આવો માર્ગ છે. ગુફામાં રહે, ઝાડ નીચે કોટર મોટા ઝાડ હોય એના પોલાણ હોય એમાં નિવાસ કરે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો માર્ગ આ છે.

‘**વિમોચિતાવાસ અર્થાત્** લોકોએ વાપરવાનું છોડી દીધું હોય એવા મકાન હોય **જિસકો લોગોને કિસી કારણસે છોડ દિયા...**’ આ ખંડેર હોય .. મકાન હોય. ભૂત-બુતનું વહેમ પડીને પણ સારા મકાન છોડ્યા હોય. જંગલમાં મકાન કરાવ્યા હોય પછી પડ્યો હોય ભૂતનો વહેમ (તો) છોડી દે.

ખાલી પડ્યા હોય ત્યાં રહે મુનિ. આહાહા..! **'ગૃહ ગ્રામાદિકમેં નિવાસ કરના,...' 'કિસી કારણ સે છોડ દિયા હો ઈસપ્રકારકે ગૃહ ગ્રામાદિકમેં નિવાસ કરના,...'** એમ કહે છે. ગામ પણ છોડી દીધું હોય કોઈ નાનું ગામ હોય. વહેમ પડે તો ગામ પણ છોડી દે. ૨૫-૫૦ ઘર ખાલી પડ્યા હોય. ત્યાં વસે. આહાહા..!

**'પરોપરોધ અર્થાત્ જહાં દૂસરેકી રૂકાવટ ન હો,...'** એમાં બીજા એને રૂકાવટ ન કરે કે આ સ્થાનમાં તમે નહિ આવી શકો. એમ બીજા રૂકાવટ કરે કે આમાં ન રહેવું, (તો) એમાં પણ ન રહે. **'વસ્તિકાદિકકો અપનાકર દૂસરેકો રોકના,...'** આટલો આ ભાગ અમારો જ છે અહીં નહિ આવી શકો તમે. એવું ન હોય મુનિને. **'ઈસપ્રકાર નહીં કરના, એષણાશુદ્ધિ અર્થાત્ આહાર શુદ્ધિ લેના...'** નિર્દોષ આહાર. એને માટે બનાવેલો હોય નહિ. આહાર, પાણી કોઈપણ ચીજ. એવો લેવો **'ઔર સાધર્મિયોંસે વિસંવાદ નહીં કરના.'** આ સ્થાન મારું છે ને આ સ્થાન તારું છે. એવો વિખવાદ ન હોય એને સાધુ સાથે. સમજાણું? જે સ્થાનમાં ઉતર્યા હોય તો આ સ્થાન મારું છે, આ સ્થાનમાં તમે નહિ આવી શકો—એમ ઝઘડા ન હોય. આહાહા..! ક્યાં માર્ગ વીતરાગનો! **'યે પાંચ ભાવના તૃતીય મહાવ્રતકી હૈં.'**

**'ભાવાર્થ :- મુનિયોંકી વસ્તિકામેં રહના ઔર આહાર લેના યે દો પ્રવૃત્તિયાં અવશ્ય હોતી હૈં.'** ગામમાં આહાર લેવા આવે ને. **'લોકમેં ઈનહીંકે નિમિત્ત અદત્તકા આદાન હોતા હૈ. મુનિયોંકો ઐસે સ્થાન પર રહના ચાહિયે જહાં અદત્તકા દોષ ન લગે ઔર આહાર ભી ઈસ પ્રકાર લેં જિસમેં અદત્તકા દોષ ન લગે તથા દોનોંકી પ્રવૃત્તિમેં સાધર્મી આદિકસે વિસંવાદ ન ઉત્પન્ન હો.'** આહાહા..! **'યે પાંચ ભાવના કહી હૈં, ઈનકે હોને સે અચૌર્ય મહાવ્રત દૃઢ રહતા હૈ.'** જાણવા જેવી વાત છે આ તો અત્યારે ક્યાં મુનિપણું એવું છે નહિ અને મુનિપણું એવું પળી શકતું નથી. આ તો જાણવા માટે છે કે માર્ગ આવો છે એમ. સમજાણું કાંઈ?

**'આગે બ્રહ્મચર્ય મહાવ્રતકી ભાવના કહતે હૈં :— '**

महिलालोयणपुव्वइसरणसंसत्तवसहिविकहाहिं।
पुट्ठियरसेहिं विरओ, भावण पंचावि तुरियम्मि।।३५।।

**'અર્થ :- સ્ત્રિયોંકા અવલોકન અર્થાત્ રાગભાવસહિત દેખના,...'** સ્ત્રીનું અવલોકન રાગભાવથી ન કરવું એમ. આમ અવલોકન થઈ જાય એ નહિ. પ્રેમભાવથી અવલોકન ન કરવું એ મહાવ્રતની ભાવના છે. આહાહા..! જેને બ્રહ્મનો રંગ લાગ્યો છે આત્માનો, અતીન્દ્રિય આનંદનો જેને રસ લાગ્યો છે, એ આવા પ્રેમથી કેમ જોવે પરને? આહાહા..! **'પૂર્વકાલમેં ભોગે હુએ ભોગોંકા સ્મરણ કરના,...'** પૂર્વની સ્ત્રી આદિ સાથે વિષય લીધા હોય એને યાદ ન કરવું. ઝેર છે એ તો.

**'સ્ત્રિયોંસે સંસક્ત વસ્તિકામેં રહના,...'** જ્યાં સ્ત્રી વસતી હોય ત્યાં એ મકાનમાં મુનિ રહે નહિ.

'**સ્રિયોંકી કથા કરના,...**' રાગભાવથી કથા ન કરે. '**પૌષ્ટિક રસોંકા સેવન કરના,...**' ન કરે એમ. પૌષ્ટિક રસ એવા દૂધપાક, માલમલિંદા ઉડાડવા, એમાંથી વિકૃતિ થાય, જેમાં વિષયની વાસના વકરે એવી ચીજ ખોરાક ન લે. આ આવે છે ને બધા ભસ્મો ને. ભસ્મો નથી આવતી? ત્રાંબાની ભસ્મ, સોનાની ભસ્મ. એ બધા વિષયને આંધળાની જેમ વકરાવે એવા છે. એવી ચીજો મુનિને હોઈ શકે નહિ. '**ઈસલિયે ઈનસે વિરક્ત રહના, યે પાંચ બ્રહ્મચર્ય મહાવ્રતકી ભાવના હૈં.** ' લ્યો!

'**ભાવાર્થ :- કામવિકારકે નિમિત્તોંસે બ્રહ્મચર્યવ્રત ભંગ હોતા હૈ, ઈસલિયે સ્રિયોંકો રાગભાવસે દેખના ઈત્યાદિ નિમિત્ત કહે, ઈનસે વિરક્ત રહના, પ્રસંગ નહીં કરના ઈસસે બ્રહ્મચર્ય મહાવ્રત દૃઢ હોતા હૈ.**' લ્યો!

'**આગે પાંચ અપરિગ્રહ મહાવ્રતકી ભાવના કહતે હૈં :—** '

**अपरिग्गह समपुण्णेसु, सद्दपरिसरसरूवगंधेसु।**
**रायद्दोसाईणं परिहारो भावणा होंति।।३६।।**

ધર્માત્માને ... નગ્નમુનિ દિગંબર હોય છે. સાચા સંતને તો દિગંબરપણું હોય છે. બીજાને મુનિપણું હોતું નથી. એવા જંગલમાં વસતા હોય છે. ઓહોહો..! ભગવાનનો માર્ગ તો એ હતો. આ બધું વીંખી નાખ્યું પછી. વીતરાગમાર્ગથી વિપરીત બધું કરી નાખ્યું. એવા મુનિઓ જંગલમાં વસે ત્યાં '**શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ યે પાંચ ઈન્દ્રિયોંકે વિષય સમનોજ્ઞ અર્થાત્ મનકો અચ્છે લગનેવાલે ઔર અમનોજ્ઞ અર્થાત્ મનકો બુરે લગનેવાલે હોં તો ઈન દોનોંમેં હી રાગ-દ્વેષ આદિ ન કરના...**' ઓહોહો..! અણિન્દ્રિય આત્મા જેના અણિન્દ્રિય આનંદના રસ ચાખ્યા છે. ધર્મીએ તો અણિન્દ્રિય આત્મા છે એનો રસ ચાખ્યો છે. આ ધર્મ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અણિન્દ્રિય સ્વરૂપ છે અંદર અને અણિન્દ્રિય અનંત આનંદ સ્વરૂપ છે એ. આહાહા..! જેને અણિન્દ્રિય આનંદના રસનો ખપીત થયો એને આવા ભાવમાં રાગ-દ્વેષ કેમ હોય? એમ કહે છે. આહાહા..! પાંચ ઈન્દ્રિયના કીધા ને? પણ અણિન્દ્રિયનો જ્યાં આનંદ રસ આવ્યો છે. આહાહા..! જ્યાં પોતાના આનંદમાં-અતીન્દ્રિય આનંદમાં મુનિ તો મશગુલ હોય છે. એને આવા અનુકૂળતા, પ્રતિકૂળતામાં રાગ-દ્વેષ હોતા નથી. આહાહા..! વીતરાગી બિંબ છે. વીતરાગી આનંદમાં લહેર કરે છે. સુખી હોય તો એ જગતમાં સંત છે. 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.' એ સુખીયાનો અર્થ કાંઈ અહીં બહારની સગવડતાની વાત નથી. આહાહા..! અંતર આનંદના ભાનમાં પ્રભુ બિરાજે છે ત્યાં જેના વાસ થઈ ગયા છે.

જેનો નિવાસ. 'નિ' ઉપસર્ગ છે ને? 'નિ' શું છે? ના ના એમાં એ વાત નથી. હું તો ઉપરથી કહું છું. નિવાસ-નિવાસ. નિ શું છે? 'નિ' ઉપસર્ગ છે. નિ-વાસ. જેમ ઉપ ઉપસર્ગ છે એમ. નિવાસ. આવે છે નિવાસ આવે ઘણે ઠેકાણે. નિ-વિશેષ વાસ છે. અતીન્દ્રિય આનંદમાં જેની જમવટ વાસ થઈ ગયો

છે એમ કહે છે. એને આવી વાસના કેમ હોય એને? આહાહા..! એવું મુનિપણું, જેને ગણધર નમસ્કાર કરે. એવા મુનિએ પાંચ મનોજ્ઞમાં રાગ-દ્વેષ છોડ્યો.

'**ઈનમેં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગ-દ્વેષ નહીં કરે તબ અપરિગ્રહવ્રત...** ' નહિતર રાગમાં પકડાઈ જાય ત્યારે તો પરિગ્રહ થઈ ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**ઈસલિયે યે પાંચ ભાવના અપરિગ્રહ મહાવ્રતકી કહી ગઈ હૈ.**' લ્યો! પચ્ચીસ ક્રિયા કીધી એ.

'**આગે પાંચ સમિતિયોંકો કહતે હૈં :-**' મુનિ સમ્યગ્દર્શનસહિત આનંદના અનુભવની ભૂમિકામાં બિરાજમાન હોય છે. એ મુનિને આવી પાંચ એષણા આદિ સમિતિ હોય છે. આહાહા..!

इरिया भासा एसण, जा सा आदाण चेव णिक्खेवो।
संजमसोहिणिमित्तं खंति जिणा पंच समिदीओ।।३७।।

'**અર્થ :- ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ ઔર પ્રતિષ્ઠાપના યે પાંચ સમિતિયાં સંયમકીકી શુદ્ધતાકે લિયે કારણ હૈં, ઈસપ્રકાર જિનદેવ કહતે હૈં.**' 'खंति' છે ને? 'खंति' એટલે કહે છે.

'**ભાવાર્થ :- મુનિ પંચમહાવ્રતરૂપ સંયમકા સાધન કરતે હૈં, ઉસ સંયમકી શુદ્ધતાકે લિયે પાંચ સમિતિરૂપ પ્રવર્તતે હૈં, ઈસીસે ઈસકા નામ સાર્થક હૈ---''સં''...**' સમિતિ એમ. '**સમ્યક્પ્રકાર ઈતિ અર્થાત્ પ્રવૃત્તિ જિસમેં હો સો સમિતિ હૈ. ચલતે સમય જૂડા પ્રમાણ (ચાર હાથ) પૃથ્વી દેખતા હુઆ ચલતા હૈ,...**' આહાહા..! ચાલવું પડે તો નજર કરીને (ચાલે). ક્યાંય જીવાત ન હોય. નીચી નજરે ચાલે. ઊંચી નજર અંતરમાં છે અને બહારમાં નીચી નજરે ચાલે, એમ કહ્યું. આહાહા..! આવું મુનિપણું ચારિત્ર હશે ત્યારે એને મુક્તિ થશે. એકલા સમ્યગ્દર્શનથી પણ મુક્તિ નથી એમ કહે છે. આવું ચારિત્ર હશે ત્યારે તેની મુક્તિ થશે. તો એને ચારિત્ર આવું હોય એવું એણે જાણવું તો પહેલું જોશે ને? આહાહા..!

'**પૃથ્વી દેખતા હુઆ ચલતા હૈ, બોલે તબ હિતમિતરૂપ વચન બોલતા હૈ,...** ' હિતકારી અને મિત નામ મર્યાદિત વચન. એવું બોલે. '**આહાર લેવે તો છિયાલિસ દોષ,...** ' રહિત. છેતાલિસ દોષરહિત. આહાહા..! મુનિને વસ્ત્ર તો હોતા નથી, પાત્ર હોતા નથી. એને આહાર હોય છે છેતાલિસ દોષરહિત. આહાહા..! આવો વીતરાગનો માર્ગ અનાદિનો ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? '**બત્તીસ અંતરાય ટાલકર,...**' લે. આહાહા..! ભીક્ષાએ જતાં કોઈ છોકરું રોયું બાળક, આહાર છોડી દે. અરે..! હું નિર્વિઘ્ન અપ્રતિહત ભાવે નીકળેલો મોક્ષને પંથે એમાં આ રૂદન ક્યાં? આહાહા..! એ અતીન્દ્રિય આનંદમાં રમતો, એવા અંતરાયને ટાળતો. ઉપરથી પંખીનો કોઈ, બહાર જતાં પંખીનું ચરક પડી ગયું શરીરમાં, તો આહાર છોડી દે. અમૃતના ઝરણા ઝરે એમાં આ શું? આહાહા..! એવા બત્રીસ અંતરાય છે. જે ઘરમાં જાય ત્યાં કોક મરી ગયું હોય તો પાછા ફરી જાય રોતું હોય, બહાર તિષ્ઠ તિષ્ઠ

એમ કહ્યું, જ્યાં અંદર ગરે છે ત્યાં છોકરું મરી ગયું. તરતનું મરી ગયું હોય. આહાહા..! હું આવા અતીન્દ્રિય આનંદને રસ્તે ચડ્યો એમાં આ શું? અહીં તો હરખ અને સંતોષ હોય. એવા અંતરાય ટાળે. આહાહા..!

**'ચૌદહ મલદોષ રહિત...'** ચૌદ મળ છે. **'શુદ્ધ આહાર લેતા હૈ,...'** આહાહા..! નિર્દોષ-નિર્દોષ હાથમાં આહાર લે. હાથમાં આહાર હોય એને કરપાત્ર છે. આ મુનિનો માર્ગ વીતરાગનો આ છે. એ સિવાય બધા કલ્પિત માર્ગ નીકળ્યા એ વીતરાગનો માર્ગ નથી. કહો, સમજાણું કાંઈ? **'ધર્મોપકરણોંકો ઉઠાકર ગ્રહણ કરે સો યત્નપૂર્વક લેતે હૈં;...'** ધર્મોપકરણનો અર્થ મોરપીંછી. મોરપીછી ને શું કહેવાય? પુસ્તક. છે કમંડળ. એવું એને **'ઉઠાકર ગ્રહણ કરે સો યત્નપૂર્વક લેતે હૈં;...'** આના અર્થમાં કીધું. ઓલા શ્રીમદ્‌ના પત્રમાં છે. આજ્ઞા પ્રમાણે વસ્ત્રપાત્ર લે. પણ વસ્ત્ર હતું કે દિ' મુનિને? એમાં પહેલા ના પાડી એમાં અહીં પાછું અર્થમાં આ નાખ્યું.

આવ્યા હતા ને .. પત્ર પત્ર છે ને એ? માર્ગ એવો ન હોય. ભગવાનની આજ્ઞા વસ્ત્રની છે જ નહિ. એ તો અજ્ઞાનીએ કલ્પ્યા શાસ્ત્ર એમાં આજ્ઞા આપી છે. ભગવાનના માર્ગમાં નથી. કહો, શેઠ! આવો માર્ગ છે. આહાહા..! ધર્મોપકરણ શબ્દ આવ્યો ને? એમાં નાખ્યું ઓલામાં. **'ઐસે હી કુછ ક્ષેપણ કરેં...'** ગળફો આદિ. **'યત્નપૂર્વક ક્ષેપણ કરે. '** પેશાબ.. **'નિષ્પ્રમાદ વર્તે તબ સંયમકા શુદ્ધ પાલન હોતા હૈ, ઈસલિયે પંચસમિતિરૂપ પ્રવૃત્તિ કહી હૈ. ઈસપ્રકાર સંયમચરણ ચારિત્રકી પ્રવૃત્તિકા વર્ણન કિયા.'** લ્યો! આહાહા..!

**'અબ આચાર્ય નિશ્ચયચારિત્રકો મનમેં ધારણકર જ્ઞાનકા સ્વરૂપ કહતે હૈં :—'** દેખો! આ વ્યવહારની વાત કરી. હવે નિશ્ચય સાથે .. એ ..

**भव्वजणबोहणत्थं, जिणमग्गे जिणवरेहि जह भणियं।**
**णाणं णाणसरूवं, अप्पाणं तं वियाणेहि।।३८।।**

આહાહા..! આવું આવ્યું. **'જિનમાર્ગમેં...'** વીતરાગ પરમેશ્વરે ત્રિલોકનાથ તીર્થંકરદેવે **'ભવ્યજીવોંકે સંબોધનેકે લિયે જૈસા જ્ઞાન ઔર જ્ઞાનકા સ્વરૂપ કહા હૈ...'** આહાહા..! કહે છે કે, તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનો અનુભવ કર. આહાહા..! એ ચારિત્ર છે. આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય બ્રહ્મ છે, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ આત્મા. આહાહા..! એ તો જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. એને **'જૈસા જ્ઞાન ઔર જ્ઞાનકા સ્વરૂપ કહા હૈ ઉસ જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ, ઉસકો હે ભવ્યજીવ! '** આહાહા..! એ વિકલ્પ આદિની વાત કરી વ્યવહારની. પણ વસ્તુ આ છે. ચિદ્‌બ્રહ્મ ભગવાન આત્મા આનંદ સ્વરૂપનું, જ્ઞાનસ્વરૂપ એને જાણ, એને અનુભવ. એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન-ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ દેહ તો માટી આ જડ છે. અંદર પુણ્ય-પાપના વિકલ્પ ભાવ થાય એ તો આસ્રવ વિકાર છે.

એનાથી રહિત જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પ્રજ્ઞાબ્રહ્મ, જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે. એને જાણ અને અનુભવ એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આહાહા..! આ સરવાળો આ લાવ્યા બધી વાત કરીને. સમજાણું કાંઈ?

'**णाणं णाणसरूवं, अप्पाणं तं वियाणेहि**' વિશેષે જાણ એટલે અનુભવ એમ. જાણવાનો અર્થ એ કે જાણી ... એને જાણવું કહેવાય. જ્ઞાનસ્વરૂપી ભગવાન પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ એમાં લીન થવું, એને આત્માને જાણ્યો અને આત્માને અનુભવ્યો એમ કહેવાય. એને ચારિત્ર હોય છે. એકલા પંચ મહાવ્રત અને એની ક્રિયા અને ભાવના એ કાંઈ ચારિત્ર નથી. એ તો વચ્ચે એવો ભાવ મુનિપણું હોય છે. આહાહા..! '**णाणं णाणसरूवं**' એમ. જ્ઞાનસ્વરૂપ કહ્યું એ જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમ કહે. '**જ્ઞાન ઔર જ્ઞાનકા સ્વરૂપ કહા હૈ...**' તો જ્ઞાનસ્વરૂપ તો આત્મા છે. એ રાગ, વિકલ્પસ્વરૂપ આત્મા નથી. આહાહા..! આવે ખરો એવો વિકલ્પ. પણ એ આત્મા નથી કાંઈ. પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ તો આસ્રવ છે. આહાહા..!

'**णाणं णाणसरूवं**' જ્ઞાન તે જ્ઞાનસ્વરૂપ આત્મા. આ જ્ઞાન એ જ્ઞાનસ્વરૂપ તે આત્મા એમ. હવે જ્ઞાન આમ જાણે, જ્ઞાન એ જ્ઞાનસ્વરૂપ તે આત્મા. બે બોલ લીધા છે ને? '**णाणं णाणसरूवं**' જ્ઞાનનું સ્વરૂપ તે આત્મા. શરીર, વાણી, મન તો જડ છે. મહાવ્રત આદિના પરિણામ છે એ પણ એક વિકલ્પ અને રાગ આસ્રવ છે. હોય છે. છઠ્ઠા ગુણસ્થાન. પણ વસ્તુ તો આ છે. આ જ્ઞાન જે છે એ જ્ઞાનસ્વરૂપ તે પ્રભુ આત્મા છે એમ. રાગાદિ છે એ કાંઈ આત્મસ્વરૂપ નથી. આહાહા..! એને '**तं वियाणेहि**' હે ભવ્ય! આહાહા..! ભગવાનનો આદેશ છે. ઉપદેશ તો છે પણ આદેશ છે આ તો. આહાહા..!

હે ભવ્ય! તારે ધર્મ કરવો હોય તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તેને અનુભવ એ ધર્મ છે. આહાહા..! કેવળી પણ્ણતો ધમ્મો. આ કેવળી પણ્ણતો ધર્મ છે. આહાહા..! સત્ય એવું જ્ઞાનસ્વરૂપ એ પોતે આત્મા છે. એવા આત્માને જ્ઞાનસ્વરૂપે અનુભવવું, એને અનુસરીને, વીતરાગ સ્વરૂપ છે એ જ્ઞાનસ્વરૂપ આત્મા એને અનુસરીને વીતરાગદશા પ્રગટ થાય તે આત્માનું વિશેષે જાણવું અનુભવ છે. આહાહા..! એનું નામ ચારિત્ર છે. કહો, સમજાણું? આહાહા..!

'**भव्वजणबोहणत्थं**' ભવ્યજીવના બોધનને માટે. .. લાયક પ્રાણી યોગ્ય જીવ છે એના સંબોધનને માટે ભગવાન વાણી.. એમ કહે, પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો એનો અનુભવ કરને ભાઈ! આહાહા..! તારો સ્વભાવ, સ્વ-ભાવ. જાણક... જાણક... જાણક... જાણક... એ તારો સ્વભાવ અને એ તારું સ્વરૂપ. આહાહા..! ભવ્ય જીવને ભગવાનનું સંબોધન છે. પ્રભુ! તારું સ્વરૂપ તો જ્ઞાન-પ્રજ્ઞાસ્વરૂપ. એ જ્ઞાનના તેજ, જ્ઞાનના તેજ, જ્ઞાનનો પ્રકાશ તે તારું સ્વરૂપ છે. એને અંતરમાં અનુભવ, એ જ મોક્ષનો માર્ગ અને ચારિત્ર છે. એમ કહે છે અહીંયા. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાનકો ઔર જ્ઞાનકે સ્વરૂપકો અન્ય મતવાલે અનેક પ્રકારસે કહતે હૈં, વૈસા**

**જ્ઞાન ઔર વૈસા સ્વરૂપ જ્ઞાનકા નહીં હૈ.'** અન્યમતિ ઘણા પ્રકારે કહે. તેજ અંદર દેખાય, ફલાણું થાય ને ઢીંકણું થાય. **'સર્વજ્ઞ વીતરાગદેવ ભાષિત જ્ઞાન ઔર જ્ઞાનકા સ્વરૂપ હૈ વહી નિર્બાધ સત્યાર્થ હૈ...'** કેવળજ્ઞાની પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ જેના કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા એવા પરમાત્માની વાણીમાં જે આત્મા આવ્યો એ તો જ્ઞાન છે અને જ્ઞાનસ્વરૂપ છે એ. આહાહા..! વીતરાગદેવે કહેલું એવું જ્ઞાન. એવું જ્ઞાનનું સ્વરૂપ આખું તે આત્મા.

**'વહી નિર્બાધ સત્યાર્થ હૈ...'** વિરોધ રહિત, ત્રિગુપ્તિરહિત, બાધા વિના એ નિર્બાધ ચૈતન્યબ્રહ્મ પ્રભુ એ આત્મા છે. જ્ઞાન તે આત્મા. વળી જ્ઞાન જુદું અને આત્મા જુદું એમ છે નહિ. જ્ઞાનસ્વરૂપ એ જ આત્મા છે એમ કહે. આત્મજ્ઞાન કીધું એટલે કાંઈ જ્ઞાન અને આત્મા જુદા છે એમ છે નહિ. **'જ્ઞાન હૈ વહી આત્મા હૈ તથા આત્માકા સ્વરૂપ હૈ,...'** એમ કીધું. અંતરમાં જે જ્ઞાન... આ તો હાડકા, જડ, માટી. અને પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ થાય એ તો પુણ્યભાવ, રાગભાવ છે. એ કાંઈ આત્મા નથી. આહાહા..! આત્મા તો અંદર એ રાગના ભાવથી ભિન્ન ચૈતન્યમૂર્તિ, જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા છે. એ જ્ઞાનસ્વરૂપી આત્માને અનુભવે છે. એ જ્ઞાનસ્વરૂપીનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, એ જ્ઞાનસ્વરૂપી આત્માનો આશ્રય કરીને સમ્યગ્જ્ઞાન, એના સ્વરૂપમાં સ્થિરતા તે ચારિત્ર. આહાહા..! પાંચ મહાવ્રતની વાતું કરે, પચ્ચીસ ભાવના.

**'ઉસકો જાનકર ઉસમેં સ્થિરતા ભાવ કરે,... '** એમ. .. છે ને? એ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાન જ જેનો સ્વભાવ, જ્ઞાન જ જેનું સ્વરૂપ. જ્ઞાન એટલે ઓલું જાણવું તે હોં. આ પુસ્તક-બુસ્તક એ કાંઈ જ્ઞાન નથી. એવા જ્ઞાનસ્વરૂપને જાણી એમાં સ્થિરતા કર. વાત તો ચારિત્રની છે ને. એ જ્ઞાનમાં રમત, જ્ઞાનમાં રમવું. શુદ્ધ જ્ઞાનસ્વભાવમાં લીન થવું. છે ને? **'ઉસકો જાનકર ઉસમેં સ્થિરતા ભાવ કરે, પરદ્રવ્યોંસે રાગદ્વેષ નહીં કરે...'** સ્વદ્રવ્યમાં લીનતા અને પરદ્રવ્યથી રાગ-દ્વેષ નહિ કરે **'વહી નિશ્ચયચારિત્ર હૈ,...'** આહાહા..!

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા વીતરાગ સ્વરૂપ જ આત્મા છે. એમાં લીનતા તે વર્તમાનદશા છે, એ ચારિત્ર છે. અને પરથી રાગ-દ્વેષનો અભાવ, સ્વના સ્વરૂપમાં સ્થિરતા એનું નામ ચારિત્ર છે. આહાહા..! કહો, આ ચારિત્રની વ્યાખ્યા છે. લોકો લૂગડા ફેરવ્યા અને મહાવ્રતના પરિણામ લીધા અને ચારિત્ર (માને), એ ચારિત્ર નથી. આહાહા..! મહાવ્રતના પરિણામ પણ પોતે રાગનો ભાગ છે. જ્ઞાનમાં લીનતા થઈ તે ચારિત્ર છે. આહાહા..! હવે એ ચારિત્રની તો ખબર પણ ન મળે.

જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ. ૯૦માં વાત થઈ હતી નહિ? રામભાઈ. ગુલાબચંદ. ગુલાબચંદજી. લીંબડી સંઘાડાના હતા. ૯૦ની સાલની વાત છે. ૫૫ વર્ષની દીક્ષા હોં તે દિ'. વાત થતાં એણે કહ્યું. મેં કીધું, જુઓ! ભાઈ! તે દિ' તો સંપ્રદાયમાં હતા ને. ચોટીલા. આ રતનચંદજી શતાવધાની હતા લીંબડીના, એના ગુરુ હતા. ભેગા થઈ ગયા અપાસરામાં. વાતચીત નીકળી. કે આ ક્રિયા... કીધું જ્ઞાન અને ક્રિયા

એટલે શું? તો કહે જાણવાનું જ્ઞાન ને આ ક્રિયા. એ નહિ, કીધું, ક્રિયા. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું જ્ઞાન અને જ્ઞાનમાં સ્થિરતા એ ક્રિયા. વાત સાચી લાગે છે. આવો અર્થ કેમ કરતા હશે? ન કરે તો શું થાય? બિચારા સાંભળતા હતા. ... આત્મા બાપુ! ક્રિયા એ નહિ. જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ. જ્ઞાન એટલે સમજણનું સ્વરૂપ, સમજણનું સ્વરૂપ એનું જ્ઞાન, અને એમાં સ્થિરતા. એ જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ. વાત તો સાચી લાગે છે. બે વાત થઈ હતી. એક મૂર્તિની. ૯૦ની સાલ. મૂર્તિ-મૂર્તિ. મૂર્તિ શાસ્ત્રમાં છે ખરી. સ્થાનકવાસીમાં રહ્યા, આચાર્ય નામ ધરાવે, હવે કરવું શું? ખાનગી વાત થઈ અમારે. શાસ્ત્રમાં મૂર્તિ છે. આખી જિંદગી અમને તો ભયમાં ગઈ. શિષ્ય સમજશે કે આ મૂર્તિ.. કે અમને ગુરુ નહિ માને. અમને ભય.. ગુરુ નહિ માને એમ ન કીધું. ભયમાં ગઈ એમ કીધું. એટલી વાત. વાત છે ભાઈ! શાસ્ત્રમાં મૂર્તિ છે, મૂર્તિની પૂજા છે. એ ભાવ છે.

મુમુક્ષુ :- ભય...

ઉત્તર :- ભય. બીક લાગી. બીક એમ કે આ શાસ્ત્રમાં મૂર્તિ છે અને શિષ્યો વાંચશે. મૂર્તિ છે અને અમે તો સ્થાનકવાસી કહેવાઈયે. ભય. માણસ આમ નરમ હતા બિચારા. અને જિંદગીમાં ભેગા નહોતા થતાં. ભેગા થઈને બહુ ખુશ થયા બહુ ખુશ. એ કાંઈક .. તમે તમારું .. નીચે. છાપ એવી હતી ને. .. કેરીના કટકા આપ્યા. શું કહેવાય આ? પાપડ. .. પછી ગયા એ. સાંભળ્યું. ખુશી થયા. છાપ હતી ને એવી અમારી આમ. કોઈ સાધન સાધુ ભેગા રહેતા નહિ. ઉતરીએ નહિ. ત્યાં તો અપાસરો એક જ એટલે .. બહુ ખુશી થયા. પણ આ સંપ્રદાય મારી નાખે લોકોને. એ સંપ્રદાયમાંથી નીકળવું...

બે વાત કબુલી કીધું. બરાબર કબુલી. આ .. સંભળાવેલું નહોતું. ... તમે હતા નહિ? જીવરાજજી હતા. સિદ્ધાંતમાં મૂર્તિ અને મૂર્તિપૂજા બત્રીસ સૂત્રમાં છે. પણ અર્થ ઉંધા કરીને હવે આ બધું ફેરવી નાખ્યું. એટલે કહે હવે અમારે શું કરવું? અને જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. એ જ્ઞાનસ્વરૂપમાં સ્થિરતા થવી એ ક્રિયા છે. આ પંચ મહાવ્રતના પરિણામ અને હાલવું, ચાલવું ફલાણું એ ક્રિયા નહિ. કબુલ્યું હોં કબુલ કર્યું. માર્ગ તો આ છે બાપુ! વીતરાગનું કહેવું તો આ છે. એમાં ખોટું કાંઈ પણ વાત ફેરફાર થાશે તો આખો સંસાર ઊંડો જાશે. જુઓને અહીં શું કહે છે?

'**भव्वजणबोहणत्थं**' ભવ્ય નામ લાયક જીવને સંબોધનને માટે. ભાઈ! તું જ્ઞાનસ્વરૂપ છો ને. એ જ્ઞાન તે આત્મસ્વરૂપ છે. એમ વળી બીજું કાંઈ નથી પાછું. જ્ઞાનથી પકડવામાં આવે છે. આ જાણક સ્વભાવ છે એ પકડવામાં આવે છે. પણ એ જાણક સ્વભાવ તે જ આત્મા છે એમ કહે છે. આહાહા..! એવા આત્માનો અનુભવ... આહાહા..! એને અનુસરીને સમ્યગ્દર્શન, અનુસરીને સમ્યગ્જ્ઞાન, અનુસરીને સ્થિરતા, એનું નામ ભગવાને ચારિત્ર કીધું છે. આહાહા..! હવે એને એ ચારિત્રની ખબર ન મળે. આમ બોલે ઓલા પચ્ચીસ મિથ્યાત્વમાં. સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને મિથ્યાત્વ. પણ કોને કહેવા સાધુ એની ખબર ન મળે. કહો, બાબુભાઈ! આવતું કે નહિ પડિકમણામાં? આહાહા..!

કહે છે '**પરદ્રવ્યોંસે રાગદ્વેષ નહીં કરે વહી નિશ્ચયચારિત્ર હૈ,...** ' જોયું ભાષા! એ સાચું ચારિત્ર તો એ છે. ચરના, રમવું, એ જ્ઞાનસ્વરૂપી પ્રભુને પકડીને એમાં રમવું એનું નામ ચારિત્ર ભગવાન કહે છે. પંચ મહાવ્રતના વિકલ્પ અને દેહની ક્રિયા એ પર છે જડ છે. પંચ મહાવ્રતના પરિણામ એ ખરેખર જડ છે. જ્ઞાનનો અંશ એમાં ક્યાં છે? આ જ્ઞાનની અપેક્ષાએ વાત છે ને. ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વભાવ એમાં નથી. પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ છે. ચૈતન્ય એમાં નથી. એમાં નથી એમાં સ્થિર થવું એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..!

ભગવાન કુંદકુંદાચાર્ય ત્રિલોકનાથ તીર્થંકરના આડતિયા છે. ભગવાને આ કહ્યો છે માર્ગ. શાંતિભાઈ! આહાહા..! લૂગડા ફેરવી નાખ્યા, નગ્ન થઈ ગયા અને પંચ મહાવ્રતના પરિણામ, એ પણ સરખા ન હોય. અને સરખા હોય કદાચ લ્યોને, પણ એ કાંઈ ચારિત્ર નથી એમ કહે છે અહીં. પછી ભાવના એ કોઈ ચારિત્ર નથી. એ ભૂમિકાએ એવો એક ભાવ હોય છે. આહાહા..! હે જીવ ભવ્ય! છે ને? '**भव्वजणबोहणत्थं**' છે ને? પહેલો જ શબ્દ છે. '**भव्वजणबोहणत्थं**' આહાહા..! યોગ્ય જીવને અમે સંબોધન કરીએ છીએ, કહે છે. પ્રભુ! તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાન છે. આનંદ નથી લીધો એનો અર્થ કે પ્રગટ જ્ઞાન છે, આનંદ પ્રગટ નથી. એ તો જ્યારે જ્ઞાનસ્વરૂપ છે એની અંદરમાં જાય ત્યારે આનંદ પ્રગટ થાય. સમજાણું કાંઈ? આહાહા..! આનાથી વિરૂદ્ધ કહે એ સૂત્રથી વિરૂદ્ધ છે બધું. કીધું ને આમાં કે સૂત્રથી વિરૂદ્ધ છે.

ઓલામાં ન આવ્યું? સૂત્ર વિરૂદ્ધનું આવ્યું હતું. ૩૩માં. સૂત્ર વિરૂદ્ધ નહિ બોલવું. ૩૩ ગાથા. મોહરહિત છે ને એટલે. મિથ્યાત્વરહિત એ કહ્યું. સૂત્ર વિરુદ્ધ. આહાહા..! ભગવાને આને નિશ્ચય ચારિત્ર કીધું, કોઈ રાગને ચારિત્ર માને તો સૂત્ર વિરૂદ્ધ છે એમ કહે છે. સિદ્ધાંત ભગવાને કહેલા, ત્રિલોકનાથની વાણીમાં જે આવ્યું, એમાંથી કોઈ ચારિત્ર રાગને, ક્રિયાને કહે, તો સિદ્ધાંતથી વિરૂદ્ધ છે. પ્રરૂપણા એ જૂઠી છે. આહાહા..!

'**ઈસલિયે પૂર્વોક્ત મહાવ્રતાદિકી પ્રવૃત્તિ કરકે...**' એ તો એવો વિકલ્પ હોય છે એમ કહે છે. '**ઈસ જ્ઞાનસ્વરૂપ આત્મામેં લીન હોના...**' લ્યો ઠીક! મહાવ્રતાદિના પરિણામ હોય. પછી ભાવના કરીને બધી? પણ એ પ્રવૃત્તિ હોય, પણ એ '**જ્ઞાનસ્વરૂપ આત્મામેં લીન હોના...**' વસ્તુ તો એ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન ... શું કહે છે જ્ઞાન એટલે? જ્ઞાન એ આ જાણે... જાણે... જાણે... જાણે... એ જ્ઞાન. એ જાણે છે એ આત્મા. જાણવું એ જ્ઞાન અને જાણે છે તે આત્મા. જ્ઞાન એટલે આ કાંઈ પુસ્તક-પાનાનું જ્ઞાન એને અહીં જ્ઞાન નથી કહેતા. એવા જ્ઞાનસ્વરૂપ આત્મામાં '**લીન હોના...**' જુઓ એ ભાષા છે ને? '**वियाणेहि**' એમ કહ્યું છે ને. જાણીને લીન થવું. એનું નામ '**वियाणेहि**' છે.

'**ઈસપ્રકાર ઉપદેશ હૈ.**' ભગવાનનો આ ઉપદેશ છે. આહાહા..! કુંદકુંદાચાર્યની ઉપદેશમાં આ

વાણી છે. બહુ સરસ વાત છે. આ શ્લોક આવ્યો સાર આખો. આવી વાત છે. શરીરની ક્રિયા તો જડ. દયા, દાન, વ્રતના પરિણામ એ રાગ પુણ્ય. એનાથી ભિન્ન જ્ઞાનસ્વરૂપમાં ઠરવું તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એ જ્ઞાનસ્વભાવી વસ્તુની અંતર પ્રતીતિ, એનું જ્ઞાન અને રમણતા તે મોક્ષનો માર્ગ છે એમ કહે છે. ભગવાનની આજ્ઞામાં તો આ આવ્યું છે. હવે એવા એના ઠેકાણા ન મળે, એને ભગવંત કહેવાય, આચાર્ય ભગવંતો. આહાહા..! બહુ સારી વાત આવી.

'**णाणं णाणसरूवं**' જ્ઞાનમાં તત્પર થઈ એ જ્ઞાન અને તેનું સ્વરૂપ તે આત્મા. એમાં અંતરમાં લીન, એવા સ્વરૂપમાં અંતર વીતરાગપણે લીનતા એનું નામ ચારિત્ર છે. એ પ્રકારનો ઉપદેશ છે. લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ પર્યાયમાં આખો ન આવ્યો ને. એટલે એમ કહ્યું કે પર્યાય જે પકડાણી એ પર્યાય આત્માની છે, એમ એ આત્મસ્વરૂપ છે એમ કહ્યું. ત્યાં ગયો. એમ કે એકલું જ્ઞાન એ નહિ, પણ જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. જ્ઞાનસ્વરૂપ એ ગુણ થયો અને ગુણસ્વરૂપ જ આત્મા છે એમ. ત્યાં લીધું છે અભેદપણું. ગુણગુણીનું અભેદપણું. આહાહા..! કહો, આ વીતરાગનો માર્ગ આ અને ચારિત્ર આ કહેવાય, બાપુ! આ ચારિત્રવંતને દેખવા એ પણ મહાપુણ્ય હોય અને યોગ હોય તો. આહાહા..! એવી વાત છે.

આ બધા વસ્ત્ર, પાત્ર રાખીને સાધુ સાધુ છે એમ માને છે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. સાધુ સાધુ તો નથી, પણ સમકિતી પણ નથી. અને તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. એવી વાત છે આકરી બહુ. સમજાણું કાંઈ? અને એકલા નગ્નપણું, પંચ મહાવ્રતના પરિણામવાળા પણ માને એ પણ ચારિત્ર નથી. ચારિત્ર નથી એને ચારિત્ર માને દૃષ્ટિ વિપરીત છે.

હવે જ્ઞાનમાં જાણવાની વાત કરે છે. '**આગે કહતે હૈં કિ જો ઈસપ્રકાર જ્ઞાનસે ઐસે જાનતા હૈ...**' '**જ્ઞાનસે ઐસે જાનતા હૈ વહ સમ્યગ્જ્ઞાની હૈ :—**'

जीवाजीवविभत्ती, जो जाणइ सो हवेइ सण्णाणी।
रायादिदोसरहिओ, जिणसासणे मोक्खमग्गोत्ति।।३९।।

બહુ ટૂંકું કર્યું છે.

'**અર્થ :- જો પુરુષ જીવ ઔર અજીવકા ભેદ જાનતા હૈ...**' એનું નામ જ્ઞાન. શરીર, વાણી, કર્મ બધા જડ અજીવ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જીવ છે. બે વાત લીધી. હવે પછી આસ્રવ લેશે. આહાહા..! '**જો પુરુષ જીવ ઔર અજીવકા ભેદ જાનતા હૈ...**' જીવ-અજીવને એક જાણે એ તો અનાદિથી છે કહે. પણ એની જુદાઈ છે એમ જાણે. શરીર, કર્મ, વાણીથી પણ આત્મા ભિન્ન છે. શરીર, કર્મ આત્મામાં નથી અને શરીર અને કર્મમાં આત્મા નથી. '**વહ સમ્યગ્જ્ઞાની હોતા હૈ ઔર રાગાદિ દોષોંસે રહિત હોતા હૈ,...**' હવે આસ્રવની વાત કરી. કેવો છે ભગવાન? કે રાગના દોષરહિત છે.

જીવ, અજીવનું ભેદજ્ઞાન કરતાં અજીવરહિત છે. અને એ રાગાદિ દોષરહિત છે. પુણ્ય અને પાપના ભાવ એનાથી રહિત છે. એટલે અજીવ અને આસ્રવથી રહિત છે. એમ '**जिणसासणे मोक्खमग्गोत्ति**' જિનશાસનમાં મોક્ષનો માર્ગ, અજીવથી ભિન્ન, આસ્રવથી ભિન્ન એવા આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એને જૈનશાસનમાં મોક્ષનો માર્ગ કહ્યો છે. કહો, સમજાણું કાંઈ? આચાર્યને પણ આધાર દેવો પડે છે જુઓને. આહાહા..!

'**जिणसासणे मोक्खमग्गोत्ति**' જૈનશાસનમાં તો આ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આ જીવ એ શરીર, વાણી, અજીવથી જુદો, કર્મથી જુદો. કર્મ અજીવ છે. હવે બાકી રહી ગયા રાગદ્વેષ. એ રાગદ્વેષના પરિણામ શુભ-અશુભભાવ એનાથી ભિન્ન છે. એ દોષ છે બધા. જુઓ! મહાવ્રતાદિ લીધા. પણ એ મહાવ્રતના પરિણામ દોષરૂપ છે. આહાહા..! હોય છે એ ભૂમિકાએ એટલી બતાવી વાત. પણ વસ્તુ જે છે મોક્ષનો માર્ગ એ તો પુણ્ય અને પાપના વિકલ્પરહિત અંતરમાં સ્વરૂપમાં એકાગ્રતા એવું જૈનશાસનને મોક્ષમાર્ગ કહ્યો છે. એની વિશેષ વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૧, ગુરુવાર તા. ૦૬-૧૨-૧૯૭૩**
**ગાથા - ૩૯ થી ૪૨, પ્રવચન - ૬૦**

ચારિત્રપાહુડ. અષ્ટપાહુડમાં. ૩૯ ગાથા. એનો ભાવાર્થ છે. '**જો જીવ-અજીવ પદાર્થકા સ્વરૂપ ભેદરૂપ જાનકર સ્વ-પરકા ભેદ જાનતા હૈ વહ સમ્યગ્જ્ઞાની હોતા હૈ...**' શું કહે છે? જીવ અને અજીવનો વિભાગ-ભેદ અંદર જાણે એ સમ્યગ્જ્ઞાની થાય છે. ૩૯ ગાથા. જીવ એ જ્ઞાનસ્વરૂપ છે અને અજીવ એ બધા જ્ઞાનસ્વરૂપ વિનાની ચીજ છે. એવું જે બે વચ્ચે વિભાગ કરે, ભેદજ્ઞાન કરે, એની જુદાઈને લઈને અંદર જાણે એ સમ્યગ્જ્ઞાની થાય. સ્વપરનો ભેદ થઈ ગયો ને? સ્વસ્વરૂપ તો ભગવાન આનંદ જ્ઞાનસ્વરૂપ છે. અને બીજું બધું અજીવ શરીર, વાણી, મન, કર્મ, અરે..! પુણ્ય અને પાપના ભાવ પણ ખરેખર તો અજીવ છે. જીવપણું એમાં નથી.

એવા જીવ સ્વભાવ અને અજીવ સ્વભાવની ભિન્નતા-વિભાગ-ભેદ કરીને ભિન્ન ભેદજ્ઞાન કરે એને સાચું જ્ઞાન હોય છે. શાસ્ત્રને જાણો કે એ વાત આમાં ન લીધી. બેને જુદા જાણવા એ જ્ઞાન છે એમ કહે છે. આહાહા..! આત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ છે અને રાગાદિ બધા અજીવ (એટલે) ચૈતન્ય સ્વરૂપથી ખાલી એ બે વચ્ચેનો વિભાગ કરી અને સમ્યગ્જ્ઞાન સ્વસન્મુખ થઈને કરે એને સમ્યગ્જ્ઞાની કહેવામાં

આવે છે કે જે મોક્ષના માર્ગમાં એ જ્ઞાન અને શ્રદ્ધા પહેલા હોય છે. પછી ચારિત્રની વ્યાખ્યા છે ને? ચારિત્ર પાહુડ છે ખરું ને?

**'પરદ્રવ્યોંસે રાગદ્વેષ છોડનેસે...'** પછી જે રાગદ્વેષથી ભેદજ્ઞાન કર્યું હતું કે આત્મા પુણ્ય અને પાપથી ભિન્ન છે. એવું જ્ઞાન અને શ્રદ્ધા કરી હતી. પછી એ પુણ્ય-પાપના ભાવને ઉત્પન્ન થાય નહિ એમ સ્વરૂપમાં સ્થિરતા કરે એને ચારિત્ર હોય છે. કહો, સમજાણું કાંઈ? **'પરદ્રવ્યોંસે રાગદ્વેષ છોડનેસે જ્ઞાનમેં સ્થિરતા હોને પર...'** જ્ઞાન એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એવું જે શ્રદ્ધા અને જ્ઞાન થયું હતું એમાં સ્થિરતા કરતાં રાગ-દ્વેષ છૂટી જાય છે એને અહીંયા ચારિત્ર કહેવામાં આવે છે. કહો, ચારિત્રપાહુડ છે ને એટલે ચારિત્ર. પણ સમ્યગ્જ્ઞાનસહિત, રાગ-દ્વેષરહિત થઈને સ્થિર કરે એને ચારિત્ર હોય છે. ત્યારે કહે પંચ મહાવ્રતના પરિણામ ને ... એ વ્યવહાર પહેલો વર્ણવ્યો હતો કે આવો હોય ત્યાં. પણ એને નિશ્ચયચારિત્ર તો એનાથી ભિન્ન થઈને ઠરે ત્યારે કહેવાય.

વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ છે સુખધામ, એમાં ઠરે, લીન થાય, સ્વરૂપમાં રમે એને અહીં ચારિત્ર કહેવામાં આવે છે. **'વહી જિનમતમેં મોક્ષમાર્ગકા સ્વરૂપ કહા હૈ.'** લ્યો! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં જીવ-અજીવનું ભેદજ્ઞાન કરીને રાગથી રહિત થઈને ઠરે એને અહીંયા મોક્ષમાર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? **'જિનમતમેં મોક્ષમાર્ગકા સ્વરૂપ...'** તો એવું કહ્યું છે. આહાહા..! રાગ અને શરીરથી ભિન્ન ભગવાન આત્માનું જ્ઞાન કરીને, પછી રાગથી રહિત થઈને સ્થિર થાય, એવો વીતરાગ માર્ગમાં મોક્ષનો માર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? **'અન્ય મતવાલોંને અનેક પ્રકારસે કલ્પના કરકે કહા હૈ...'** વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય અન્યમતોએ જ્યાં અનેક પ્રકારે પ્રરૂપણા કરી છે, **'વહ મોક્ષમાર્ગ નહીં હૈ.'**

**'આગે ઈસપ્રકાર મોક્ષમાર્ગકો જાનકર શ્રદ્ધા સહિત ઈસમેં પ્રવૃત્તિ કરતા હૈ વહ શીઘ્ર હી મોક્ષકો પ્રાપ્ત કરતા હૈ ઈસપ્રકાર કહતે હૈં :—'** ત્રણે .. લીધા.

**दंसणणाणचरित्तर, तिण्णि वि जाणेह परमसद्धाए।**
**जं जाणिऊण जोई, अइरेण लहंति णिव्वाणं।।४०।।**

**'અર્થ :- હે ભવ્ય! તૂ દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈન તીનોંકો પરમશ્રદ્ધાસે જાન,...'** સમકિતને પણ પરમ શ્રદ્ધાથી જાણ એમ કહે છે. આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્યઘન એની શ્રદ્ધા, એને પણ પરમશ્રદ્ધાથી જાણ એમ. ઉત્સાહથી જાણ. **'પરમશ્રદ્ધાસે જાન,...'** સમકિતને પરમ શ્રદ્ધાથી જાણ, સમ્યગ્જ્ઞાનને પરમ શ્રદ્ધાથી જાણ, ચારિત્રને **'પરમશ્રદ્ધાસે જાન,...'** એમ કહે છે. એ સ્વરૂપનું એ ચૈતન્યનું અવલંબન લઈને જે પ્રગટ દશા સમ્યગ્દર્શન એને પરમ પ્રેમ, પરમ શ્રદ્ધા એમ. એનાથી એનું જ્ઞાન કર. અને સમ્યગ્જ્ઞાન ચૈતન્યના સ્વસંવેદનરૂપ જ્ઞાન, એને પણ પરમ શ્રદ્ધાથી જાણ, પરમ પ્રેમથી જાણ, પરમ રુચિથી જાણ એમ કહે છે. આહાહા..!

જગતના પદાર્થમાં હોંશ હોય છે ને જગતને જાણવાની? આહાહા..! અહીંયા હોંશ કર, કહે છે,

પ્રેમ કર અહીંયા. વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ, વસ્તુ તું એવી ચીજ છો. એની શ્રદ્ધાને પરમ શ્રદ્ધાથી જાણ એમ કહે છે પાછું. એવો ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી તેનું જ્ઞાન, પરમ શ્રદ્ધાથી તેનું જ્ઞાન કર. વિશ્વાસ... વિશ્વાસ.. એમ કહે છે. પરમ શ્રદ્ધા, પરમ વિશ્વાસ, પરમ રુચિ, પરમ પ્રીતિ, પરમ પ્રેમ. આહાહા..!

'**જિનકો જાનકર યોગી...**' ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધની શ્રદ્ધા, તેનું જ્ઞાન પરમ શ્રદ્ધાથી કર, એનું જ્ઞાન એને પરમ શ્રદ્ધાથી કર અને સ્વરૂપમાં રમણતા, પરમ પ્રેમથી, શ્રદ્ધાથી એનું જ્ઞાન કર. એટલે ત્રણે આવી ગયા એ. એવા ત્રણથી મુનિ-યોગી '**જાનકર યોગી થોડે હી કાલમેં નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ.**' '**अचिरेण**' લ્યો! એની મુક્તિ અલ્પકાળમાં થશે. કહો, સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ અને એનું મોક્ષ ફળ. બેય વાત કરી ભેગી. આહાહા..! વચમાં આ વ્રત ને તપ ને એ બધો મોક્ષનો માર્ગ નથી કીધો. હોય છે એમ વ્યવહાર પહેલો જણાવ્યો. જાણવામાં તે જણાવ્યું, પણ આદરવા માટે નિશ્ચિત તો મોક્ષનો માર્ગ તો આ એક છે. આહાહા..! એ તો શ્રદ્ધાપૂર્વક...

'**ભાવાર્થ :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રયાત્મક મોક્ષમાર્ગ હૈ,...**' એ ત્રણ સ્વરૂપે મોક્ષનો માર્ગ છે. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' તત્ત્વાર્થસૂત્રનું પહેલું સૂત્ર. એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને '**શ્રદ્ધાપૂર્વક જાનનેકા ઉપદેશ હૈ,...**' વિશ્વાસ.. વિશ્વાસ લાવ. ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ, પુણ્ય અને પાપના વિકલ્પ રાગરહિત એવો આત્મા ચિદાનંદ પ્રભુ એની શ્રદ્ધા પરમ પ્રેમથી શ્રદ્ધા કર. કહો, આ પૈસા-બૈસા મળે ત્યાં કેટલો એને ઉત્સાહ આવી જાય છે કે નહિ? બે-પાંચ લાખ રૂપિયા થાય. એય..! શાંતિભાઈ! છોકરા રળે પચાસ હજાર, લાખ ત્યાં કેટલો પ્રેમ થઈ જાય? ધૂળમાં કાંઈ ન મળે. હેરાન છે. અહીં તો કહે છે કે હેરાનગતિનો નાશ થાય અને શાંતિની ઉત્પત્તિ થાય. આહાહા..!

મુમુક્ષુ :- એ હેરાનગતિની વ્યાખ્યા?

ઉત્તર :- આ હેરાનગતિ આ રાગ, દ્વેષ અને પર મારા એ હેરાનગતિ છે બધી. આ બાયડી, છોકરા મારા, કુટુંબ મારા, પુણ્ય-પાપના ભાવ મારા. હેરાનગતિ છે બધી. હેરાનગતિ એટલે? આહાહા..! શરીર, વાણી, મન આ તો જડ માટી છે ધૂળ. પૈસો માટી છે ધૂળ. એનો જેને પ્રેમ છે (કે) એ મારા છે, હું એનો.

મુમુક્ષુ :- એના વિના ચાલતું નથી એનું શું?

ઉત્તર :- એના વિના જ ચાલે છે અનાદિથી. કહ્યું હતું તે દિ' નહિ? સમઢિયાળે.

મુમુક્ષુ :- એ તો ગામડું.

ઉત્તર :- હા ગામડામાં પણ કહ્યું હતું ને. હરજીવનભાઈ હતા ને. ..ભાઈના ભાઈ. એ બોટાદની વાત છે. ૧૦ની સાલ. એના પહેલા મ્યુનિસિપાલિટીમાં .. કે મહારાજ પણ પૈસા વિના કાંઈ ચાલે છે?

તમે પૈસા પૈસાનું આમ કહો છો. સમઢિયાળાવાળા હતા. નાગરભાઈના ભાઈ. એ હતા ને ત્યાં હતા? નાગરભાઈ છે ને. એ હતા ને. ..ક્યાં .. માણસ નરમ. સાંભળવા કાયમ આવે. કીધું, પૈસા વિના ચાલે એમ નથી એમ કોણ કહે છે. પરદ્રવ્યથી આત્મા પરદ્રવ્યના અભાવસ્વરૂપ છે એટલે પૈસા વિનાનો એ આત્મા છે. ત્યારે તો એ ટકી રહ્યો છે.

મુમુક્ષુ :- પૈસા ક્યા...

ઉત્તર :- મમતા કરે છે ને કે આ મારા છે.

મુમુક્ષુ :- એ તો તિજોરીમાં...

ઉત્તર :- તિજોરી ક્યાં એના બાપની હતી? તિજોરી જડ છે. કહો, ચીમનભાઈ! લ્યો શાંતિભાઈના બાપની હતી તિજોરી ત્યાં? તિજોરી જડ. આહાહા..! જુઓને કેટલું કીધું! પરમ શ્રદ્ધાથી. ભાઈ! તારું સ્વરૂપ તો જ્ઞાન અને આનંદ છે. એની શ્રદ્ધા, પરમ શ્રદ્ધાથી જાણ. આહાહા..! તને અંદર હોંશ ને હરખ આવે છે એમ કહે છે. દુનિયામાં તો બધું દુઃખ છે એકલું દુઃખ. એ પૈસા રળવા, કમાવવા, ભોગ, વાસના ઝેરના પ્યાલા છે એકલા.

મુમુક્ષુ :- એ આકુળતા છે.

ઉત્તર :- આકુળતા છે લ્યો! આહાહા..! અનાકુળ સ્વરૂપ ભગવાન આત્મા તો આનંદ વસ્તુ છે. એમાં અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા છે આ. એની એને ખબર ન મળે.

કહે છે આ કેવી વાતું છે! શ્રદ્ધાને પણ પરમ શ્રદ્ધાથી જાણ, એમ. આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ એની જે સમ્યક્ શ્રદ્ધા એને પણ પરમશ્રદ્ધાથી જાણ. આહાહા..! પરમ પ્રેમથી જાણ. પ્રેમ કર ત્યાં ભાઈ! પ્રેમ કરવા જેવો ત્યાં છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં હેરાન થવાના રસ્તા છે બાકી તો. ભગવાનજીભાઈ! આહાહા..! આવ્યો હતો રાતે તમારો છોકરો. છોકરાનો છોકરા આવ્યો હતો રાત્રે. વયો ગયો. બપોરે આવશે. આ વીરચંદભાઈના જમાઈ આવ્યા હતા ને. તમારો છોકરો હતો મોટાનો. એક હતો ખરો. પગે લાગ્યો. ... કાલે આવશે. વ્હાલા કેવા લાગે છોકરાના છોકરા. ક્યાંય ચીજ પરની, જેને કાંઈ સંબંધ ન મળે આત્માની (સાથે). એ રખડતો રખડતો ક્યાંક આવ્યો, આ રખડતો રખડતો ક્યાંક આવ્યો. આહાહા..!

અહીં તો પહેલું કહ્યું ને કે જીવ, અજીવનો તો ભેદ કર. એ અજીવ બધા છે પર. આહાહા..! આ જીવ નથી માટે બધા અજીવ છે. આહાહા..! અનાત્મા આવે છે ને કળશમાં નથી આવતું? પહેલા શરૂઆતના કળશમાં આવે છે. અણાત્મા. આત્મા અને અણાત્મા. એ બધા અણાત્મા. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, બાયડી-છોકરા, કુટુંબ-ચીજ ભગવાન આદિ આ આત્માની અપેક્ષાએ એ અણાત્મા છે. એ તો કળશમાં આવે છે. .. કહ્યું હતું નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. એ તો છ ઢાળામાં. આ તો કળશ આવે છે. સમયસાર. એ કહ્યું હતું એક ફેરી. આ બાજુ કળશ છે. બધું યાદ રહે છે કાંઈ? કહો, સમજાણું કાંઈ?

આ એક જ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એ સિવાય બીજી ચીજો બધી મારે માટે તો અવસ્તુ છે. એ અવસ્તુ ને વસ્તુનું ભેદજ્ઞાન કરવું એ પ્રેમ પરમ શ્રદ્ધા અને પરમ રુચિથી જ્ઞાન કર એમ કહે છે. આહાહા..! ઉત્સાહિત વીર્યથી. ઉત્સાહિત વીર્યથી એનું જ્ઞાન કર. આહાહા..! વીર્યને અંદરમાં જોડી દે આત્મા સાથે. એવી શ્રદ્ધા, એનું જ્ઞાન અને આત્માની રમણતા. એને પરમશ્રદ્ધાથી તો પહેલું ત્રણને જાણ એમ કીધું. એ છે એને જાણ એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ત્રયાત્મક મોક્ષમાર્ગ હૈ, ઈસકો શ્રદ્ધાપૂર્વક જાનનેકા ઉપદેશ હૈ,...** ' આહાહા..! '**ક્યોંકિ ઈસકો જાનનેસે મુનિયોંકો મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ.**' એ સિવાય બહારની કોઈ ક્રિયાકાંડ ને, વેષ ને વ્રતને એનાથી કોઈ મુક્તિ-બુક્તિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ આ આત્મા, પુણ્ય ને પાપના દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવથી ભિન્ન જોયો છે અને ભિન્ન છે. આહાહા..! એમ જે ભિન્ન ભાળે અને ભાસે અને ભિન્નની શ્રદ્ધા પરમ પ્રેમથી કરે અને પરમ પ્રેમથી સ્વરૂપમાં રમણતા કરે. આહાહા..! એને મોક્ષ થાય. બહારની પ્રવૃત્તિથી કે ક્રિયાકાંડથી હો હા.. હો હા.. બધા. આહાહા..! '**મુનિયોંકો મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ.**' લ્યો!

'**આગે કહતે હૈં કિ ઈસપ્રકાર નિશ્ચયચારિત્રરૂપ જ્ઞાનકા સ્વરૂપ કહા,...** ' જોયું! નિશ્ચય ચારિત્રરૂપ જ્ઞાન જણાવ્યું. નિશ્ચય ચારિત્ર કોને કહેવું? એ નિશ્ચય એટલે સાચું ચારિત્ર. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપમાં રમણતા અંતર લીનતા એ નિશ્ચય સ્વરૂપ ચારિત્ર એનું જ્ઞાન કરાવ્યું. છે ને? '**નિશ્ચય ચારિત્રરૂપ જ્ઞાનકા સ્વરૂપ કહા,...**' એમ કહ્યું. '**જો ઈસકો પાતે હૈં વે શિવરૂપ મંદિરમેં...**' એને જે આ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર અંતરમાં જ્ઞાન કરીને પ્રાપ્ત કરે છે, એ અલ્પકાળમાં શિવમંદિરમાં પ્રવેશ કરે છે. શિવરૂપ મંદિર એટલે મોક્ષદશા એને પ્રાપ્ત થાય છે. આહાહા..! '**વે શિવમંદિરમેં રહનેવાલે હોતે હૈં :—**' ૪૧.

**पाऊण णाणसलिलं णिम्मलसुविसुद्धभावसंजुत्ता।**
**होंति सिवालयवासी तिहुवणचूडामणी सिद्धा।।४१।।**

આહાહા..! '**અર્થ :- જો પુરુષ ઈસ જિનભાષિત...** ' છે ને? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવે '**જ્ઞાનરૂપ જલકો પ્રાપ્ત કર...** ' '**જિનભાષિત જ્ઞાનરૂપ જલકો...** ' એમ. વીતરાગી જ્ઞાનરૂપ જળ એને કહ્યું કે શુદ્ધ જ્ઞાનસ્વભાવી એનું જ્ઞાન તે જ્ઞાનરૂપ જળ કહ્યું. આહાહા..! વીતરાગદેવે '**જ્ઞાનરૂપ જલકો પ્રાપ્ત કર અપને નિર્મલ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત હોતે હૈં વે પુરુષ તીન ભુવનકે ચૂડામણિ...**' હોય છે એમ કહે છે. '**જો પુરુષ ઈસ જિનભાષિત જ્ઞાનરૂપ જલકો**

**પ્રાપ્ત કર...**' અજ્ઞાનીઓએ કહ્યું એ નહિ. અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ ભગવાન આત્મા છે અંદર આ. સિદ્ધ સ્વરૂપી આત્મા છે. આહાહા..! એવું વીતરાગ પરમેશ્વરે કહ્યું છે. સમજાણું કાંઈ?

એવું '**જ્ઞાનરૂપી જલકો પ્રાપ્ત કર...**' એ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનું જ્ઞાન અંદરમાં પ્રાપ્ત કરીને '**અપને નિર્મલ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત હોતે હૈં...** ' એ ચારિત્ર લીધું. '**અપને નિર્મલ ભલે પ્રકાર વિશુદ્ધભાવ...**' પછી રાગરહિત ... દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ તો બધા રાગ છે. એ કાંઈ આત્મા નથી, તેમ ધર્મ નથી. આહાહા..! '**વિશુદ્ધભાવ...**' પુણ્ય અને પુણ્યના પરિણામના ભાવથી પણ રહિત શુદ્ધ ચૈતન્યની અંદરમાં નિર્મળ પરિણામે રમત કરવી, રમવું એનું નામ ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ?

'**ભલે પ્રકાર...** ' '**અપને નિર્મલ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત...** ' ભલે પ્રકાર એટલે સ્વરૂપનું ભાનસહિતમાં સ્થિરતા, રમણતા, આનંદમાં રમણતા કરવી, અતીન્દ્રિય આનંદમાં લીનતા કરવી એનું નામ ચારિત્ર છે. આહાહા..! હજી ચારિત્ર કહેવું કોને એની ખબર ન મળે. કહો, સમજાણું કાંઈ? ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એનું જ્ઞાન અને શ્રદ્ધા પરમપ્રેમથી કરી અને પરમ વિશુદ્ધભાવ પરિણતિ કરી તેને અલ્પકાળમાં શિવપણું-મોક્ષપણું પ્રગટ થાય છે. આહાહા..!

'**તીન ભૂવનકે ચૂડામણિ...**' ત્રણ લોકના ચૂડામણિ. સિદ્ધ ભગવાન ઉપર બિરાજે છે ને, લોકાગ્રે. એ સિદ્ધાલય છે. નિશ્ચય સિદ્ધાલય તો પોતે છે. પોતામાં પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિ તે સિદ્ધાલયનું નામ મુક્તિ છે. આહાહા..! 'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' નિર્ગ્રંથ સંતો ભગવાન મુનિઓએ, કેવળીઓએ આ માર્ગ કહ્યો. આહાહા..! જે સ્વ આશ્રય ચિદાનંદ પ્રભુ આત્મા એને આશ્રયથી થયેલું જે સમકિત, એને આશ્રયથી થયેલું જ્ઞાન અને એના આશ્રયમાં રમવું, નિર્મળ શુદ્ધ પરિણામ પ્રગટ કરવા એનું નામ ચારિત્ર છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

એ '**તીન ભૂવનકે ચૂડામણિ ઔર શિવાલય અર્થાત્ મોક્ષરૂપી મંદિરમેં રહનેવાલે સિદ્ધ પરમેષ્ઠી હોતે હૈં.**' પરમાનંદરૂપી મહેલ પોતાનું મકાન પોતાનું સ્વરૂપ એમાં એ રહે છે. એ અનાદિથી પુણ્ય ને પાપ ને રાગ ને આકુળતામાં વસેલો છે, એનો નિવાસ અનાદિથી વિકારમાં છે. એ વિકારરહિત સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી નિર્વિકારી પૂર્ણ શાંતિ, નિર્મળ આનંદ એમાં એનો વાસ થશે. કહો, વાત સમજાણું કાંઈ? અમથુંય કાંઈ શરીરમાં, મકાનમાં રહેતો નથી. અનાદિથી અજ્ઞાની પુણ્ય અને પાપ, રાગ ને દ્વેષ મારામાં રહે છે એમ માનીને વિકારમાં રહેલો છે. એ વિકારરહિત પોતાના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરતા નિર્વિકારી પૂર્ણ મોક્ષ મંદિર પોતાની પૂર્ણ આનંદદશા એમાં રહેશે. આહાહા..! એનું નામ સિદ્ધ ભગવાન કહેવામાં આવે છે. નમો સિદ્ધાણં.

એક જણા કહેતા હતા નહિ ઓલા હતા સી.જી. શાહ વઢવાણવાળા. ઘણા વર્ષની વાત છે.

૯૨ની. કે આ સિદ્ધ ભગવાન ત્યાં શું કરે છે? કીધું, કાંઈ ન કરે કોઈનું. એ તો પરમ આનંદમાં લીન એને પરમાત્મા સિદ્ધ કહે છે. તો અમે અહીંયા કંઈક કરીએ બે, પાંચ, દસ માણસનું, કુટુંબનું કે નાતનું. કાંઈ કરે નહિ કોઈનું? હરામ કોઈનું કરે તો. અહીં કોનું કરે છે અજ્ઞાની? અજ્ઞાનીને અભિમાન હોય છે રાગનું. તો કહે એવું અમારે સિદ્ધપદ નથી જોઈતું. ક્યાં હતું હવે સાંભળને હવે. આહાહા..! અહીંયા અમે કાંઈક અમે કુટુંબનું કરીએ, ગામનું કરીએ, નાતનું કરીએ, ધૂળેય કરતો નથી. અભિમાન મિથ્યાત્વ કરે છો. આહાહા..! મિથ્યાભ્રમના પાપને કરે છે એ. સમજાણું કાંઈ? એ ભ્રમ જેણે ટાળ્યો, ભગવાનને જેણે આત્મા ભગવાન સ્વરૂપ છે એમાં ઓળખ્યા અને એમાં ઠર્યો, એને પૂર્ણ આનંદની દશામાં રહેશે હવે એ. એ શિવમંદિર.

'**શિવાલય અર્થાત્ મોક્ષરૂપી મંદિરમેં...** ' પૂર્ણ આનંદરૂપી દશામાં એ રહેવાવાળા છે. એ શિવમંદિર છે. આહાહા..! સિવમયલમાં આવે છે. નમોત્થુણ આવે છે? ..ભાઈ! અર્થ આવડે નહિ અર્થ. સિવમયલ મરુ નથી આવતું. નમોત્થુણંમાં આવે છે. શિવ એટલે શંકર નહિ અહીંયા કાંઈ. શિવ એટલે કલ્યાણમય આનંદની દશા, એમાં રહેવું એનું નામ મોક્ષનું મંદિર છે. આહાહા..! અહીં બે, પાંચ, દસ લાખનું મંદિર હોય ને વાસ્તુ કરે તો આમ રાજી રાજી થઈ જાય લ્યો. રાજાને બોલાવે, મોટા શેઠિયાને બોલાવે. લાપસીના આંધણ કરે. પછી પાંચ-પચ્ચીસ હજાર ખર્ચે. પાપના પોટલા છે એકલા. આહાહા..! દુઃખના દાળિયા દુઃખે દઝાઈ ગયો છે. આહાહા..!

આ તો આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર કર્યું એટલે પૂર્ણ આનંદની પર્યાયમાં વસનારો થશે એ. આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાનસહિત...' મોક્ષ કોઈ બીજી ચીજ નથી. મોક્ષ કોઈ આત્માની પર્યાયથી જુદી નથી દશા. મોક્ષ તે આત્માની પર્યાય અવસ્થાથી જુદી દશા નથી. મોક્ષ તો પરમાનંદની પૂર્ણ આત્માની અવસ્થા તેનું નામ મોક્ષ. આહાહા..! એની ખબર ન મળે. મોક્ષ કોને કહેવો? જય ભગવાન કહો, શામજીભાઈ! મોક્ષ થાય એટલે કાંઈ સિદ્ધશિલા ઉપર જાશે ત્યાં. સિદ્ધશિલા ઉપર લટકે એનું નામ મોક્ષ છે. એ તો ક્ષેત્રની વાતું છે. ભાવની ક્યાં છે? અને તે પણ પરક્ષેત્રની. આ તો સ્વક્ષેત્રમાં. જેણે અસંખ્ય પ્રદેશી પૂર્ણાનંદનો નાથ જેણે શ્રદ્ધા અને જ્ઞાનમાં લીધો છે અને એમાં જેની રમતું, રમણતા ચારિત્રની દશા થઈ છે. એને સાદિ અનંત પોતાની શિવદશા-મોક્ષદશા-નિરૂપદ્રવદશામાં એનો વાસ રહેશે. કહો, સમજાણું કાંઈ? વાતે વાતે ફેર. વીતરાગ કહે છે કે તારી માન્યતા અને અમારા ભાવમાં વાતે વાતે ફેર છે. શેઠ! ઓલું આવે છે ને. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબાના તેર.' એમ ભગવાન કહે છે કે તારી શ્રદ્ધા અને અમારા માર્ગ વચ્ચે મોટો આંતરો છે. ઉગમણો-આથમણો આંતરો. ઓલા વ્રત કરવા, અપવાસ કરવા એ ધર્મ માને અને એનાથી મોક્ષ થાય સિદ્ધશીલા ઉપર જાવું એ. બધી જૂઠી વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! '**તીન ભુવનકે ચૂડામણિ ઔર શિવાલય અર્થાત્ મોક્ષરૂપી**

**મંદિરમેં રહનેવાલે સિદ્ધ પરમેષ્ઠી હોતે હૈં.**' લ્યો! આહાહા..!

'**ભાવાર્થ :- જૈસે જલસે સ્નાન કરકે શુદ્ધ હોકર...**' જેમ પાણીમાં સ્નાન કરીને શુદ્ધ થઈને. આ બહારની. '**ઉત્તમ પુરુષ મહલમેં નિવાસ કરતે હૈં...**' મહેલમાં જાય આમ નાહી ધોઈને. ઊંચા કપડા પહેરે. નાહી ધોઈ રેશમના કપડા બરાબર માથે ... મહેલમાં પ્રવેશ કરે છે. '**વૈસે હી યહ જ્ઞાન, જલકે સમાન હૈ...**' જ્ઞાન જળની સમાન છે એમ કહે છે. એ ભગવાન આત્મા આનંદસ્વરૂપનું જ્ઞાન એ એનું જ્ઞાન એ જળસમાન છે. '**ઔર આત્માકે રાગાદિક મૈલ લગનેસે મલિનતા હોતી હૈ,...**' આત્મામાં જે કાંઈ પુણ્ય અને પાપના ભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના એ પાપભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપસ્યા એ પુણ્યભાવ એ બધો વિકલ્પ રાગ, પુણ્યભાવ મેલ છે બધો. આહાહા..!

'**રાગાદિ મૈલ લગનેસે મલિનતા હોતી હૈ, ઈસલિયે ઈસ જ્ઞાનરૂપ જલસે રાગાદિક મલકો ધોકર...**' જોયું! ક્રિયાકાંડથી નહિ એમ કહે છે અહીંયા. આહાહા..! ભગવાન ચૈતન્ય સ્વભાવ, જ્ઞાનનો પૂંજ પ્રભુ આત્મા, એનું જ્ઞાન એ જળ છે. રાગ-દ્વેષનો મેલ એનાથી ટળે છે. આહાહા..! '**જ્ઞાનરૂપ જલસે રાગાદિક મલકો ધોકર...**' જ્ઞાનની ક્રિયા કીધી એ. જ્ઞાનસ્વરૂપ ભગવાન એની ક્રિયા એ તો એકાગ્ર આનંદમાં. એ જ્ઞાનની ક્રિયા એ જળ. એનાથી પુણ્ય અને પાપનો મેલ ધોવાઈ જાય છે. સમજાણું કાંઈ? આ જ્ઞાનરૂપ જળની વર્તમાન પર્યાયની વાત છે. ત્રિકાળી આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પણ એનું જ્ઞાન કર્યું, અંતરમાં સ્વસંવેદ્ય પ્રભુ આત્માનું જ્ઞાન કર્યું એને અહીંયા જ્ઞાન જળ કહેવામાં આવે છે. આહાહા..! વચમાં રાગાદિ ક્રિયાનું વર્ણન કર્યું. એવી ભૂમિકા જેને પ્રગટી હોય એને મહાવ્રતાદિના વિકલ્પ હોય, નિમિત્ત તરીકે. પણ એ કોઈ મૂળ મોક્ષનો માર્ગ નથી. આહાહા..!

મોક્ષમાર્ગ તો પ્રભુ આત્મા આનંદનું જ્ઞાન, એ અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ આત્મા છે આ, એનું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ જીવના આટલા ભેદ છે ને ૬૫ ભેદ છે, ૫૬૩ ને ફલાણા ને ઢીકણા. એ જ્ઞાન એ તો બધી રખડવાની વાતું વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! પણ આ નવરાશ ક્યાંથી મળે આ હીરા-માણેકના ધંધેથી? આવું સમજવું એને ક્યાં? ચૈતન્ય હીરલો અંદર ભગવાન સ્વરૂપે બિરાજમાન આત્મા છે. એની એને ખબર નથી. એ તો પરની દયા પાળે અને સત્ય બોલે, શરીરથી બ્રહ્મચર્ય પાળે—એ બધો આત્મા એમ માને અજ્ઞાની. આહાહા..! એથી કહ્યું ને કે વસ્તુસ્વરૂપ છે એ સમજણનો પિંડ છે, જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ છે. ..

ત્યાં ઓલી ટીકામાં ભાઈએ એમ નાખ્યું ઓલા. આવ્યું હતું ને. '**णाणं णाणसरुवे**' ટીકા કરે '**णाणं**' એટેલ વ્યવહાર જ્ઞાન. આવા ને આવા. અહીં તો એનું જ્ઞાન અને જ્ઞાનનું સ્વરૂપ તે આત્મા એમ કહેવું છે. ટીકામાં એમ લીધું. સંસ્કૃત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ટીકા એવી. ટીકામાં આ જોયું. વ્યવહારજ્ઞાન નહિ, અહીં તો આત્મા જ્ઞાનસ્વરૂપ, સમજણ સ્વરૂપ એનું જે જ્ઞાન. સ્વજ્ઞેયને બનાવીને થયું જ્ઞાન, એ જ્ઞાન તે આત્મા છે, એમ. જ્ઞાન તે આત્મા છે. વચમાં દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે એ તો રાગ છે, અનાત્મા છે, જડ છે. આહાહા..! એ ... આવા અર્થો! આ મોટામાં હોં. ત્યારે ઓલા ૩૭ ગાથામાં આણે અર્થ આવો કર્યો. આજ્ઞા, વસ્ત્રની આજ્ઞા આપે. પણ અહીં એનું કામ શું છે? આની સાથે ભલે એના પુસ્તકમાં લખેલું હોય એ અપેક્ષાએ. આમાં.. ત્યાં રહેવા દેવું. આમાં એક વસ્ત્રનો ધાગો રાખે, વીતરાગદેવ તો એમ કહે છે કે વસ્ત્રનો એક ધાગો રાખીને, અમે સાધુ છીએ એમ માનનારા નિગોદમાં જનારા મિથ્યાદૃષ્ટિ છે. વીતરાગદેવનું કથન તો આ છે. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિલોકનાથ તીર્થંકરદેવે તો એ વસ્ત્રનો કટકો રાખીને અમે સાધુ છીએ એમ સાધુ માને અને મનાવે અને એને માને એને રૂડું જાણે, બધા નિગોદગામી એકેન્દ્રિયમાં જવાના છે. આહાહા..! એમ વીતરાગદેવ કહે છે. એમાં પાછું નાખવું આજ્ઞા પ્રમાણે વસ્ત્ર. એમાં ન નાખવું જોઈએ. ત્રિલોકનાથનો પોકાર અનાદિનો તો આ છે. આ પંથ નીકળ્યા એ તો પછી એમાંથી ભ્રષ્ટ થઈને નીકળ્યા છે બધા. સમજાણું કાંઈ? શ્વેતાંબર નીકળ્યા, એમાંથી આ સ્થાનકવાસી નીકળ્યા. એ તો બધા ભ્રષ્ટ થઈને નીકળેલા. એ જૈન નથી. જૈનની શ્રદ્ધા જ નથી અને જૈન છે જ નહિ એ. આહાહા..! એય..! શાંતિભાઈ! આવી વાતું છે વીતરાગના ઘરની બાપુ! આહાહા..! એ તો આવી ગયું. એમાં ન નાખવું જોઈએ. આહાહા..!

તીર્થંકર હોય પણ વસ્ત્રધારણ જ્યાં સુધી છે ત્યાં સુધી સાધુ નથી. તીર્થંકરપણું. ત્યાં સુધી તો આવી ગયું છે. જેમાં નાખ્યું કે ભગવાનની આજ્ઞા આ પ્રમાણે વસ્ત્ર રાખવા, વસ્ત્ર આદિ. ભગવાન જ એ નથી. ભગવાનને નામે એ શાસ્ત્રો ભગવાનને નામે ચડાવી દીધા છે. ભગવાનના શાસ્ત્ર જ નથી. ૩૨ સૂત્ર અને ૪૫ સૂત્ર એ ભગવાનના કહેલા જ નથી. આહાહા..! અજ્ઞાનીઓએ સૂત્રો રચ્યા અને ભગવાનના નામ આપ્યા છે. આહાહા..! આવી વાત છે. સાંભળે છે. સુધર્મ કહે છે અને ગણધર સાંભળે છે. આ નથી બાપુ! મોટો માર્ગ ફેર છે ભાઈ! એને બિચારાને સાંભળવા મળ્યા નથી. જૈનમાં જન્મ્યા વાડામાં, પણ જૈનપણું શું છે? આહાહા..!

મુમુક્ષુ :- અનાદિના ભ્રમમાં રહ્યા...

ઉત્તર :- અનાદિથી એમ ને એમ ભ્રમમા રહ્યો. સાચો માર્ગ શું છે એની ખબર નથી.

અહીં તો કહે છે, આવું જે આત્મસ્વરૂપ સર્વજ્ઞે પરમેશ્વરે કહ્યું, અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ. એનું જ્ઞાન પર્યાયમાં હોં! એ સમ્યગ્જ્ઞાનરૂપી જળ એનાથી રાગાદિ મેલ ધોઈ નાખે છે. આહાહા..! **'મલિનતા હોતી હૈ, ઈસલિયે ઈસ જ્ઞાનરૂપ જલસે રાગાદિક મલકો ધોકર...'** એ જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન કરીને અંતર રાગને ધોઈ નાખીને. આહાહા..! વસ્ત્રને મેલ હોય એને પાણીમાં ધોવે છે ને? એમ

રાગાદિના પુણ્ય-પાપના ભાવ બધો મેલ ને રાગ છે.

**'અપની આત્માકો શુદ્ધ કરતે હૈં...'** આહાહા..! જેને આત્માના જ્ઞાનમાં રમત કરીને જે શુદ્ધ કરે છે એમ કહે છે. આહાહા..! કહ્યું હતું નહિ? કાલે નહિ? કીધું ચોટીલાનું. એણે બિચારાએ કબુલ કર્યું હતું હોં. આહાહા..! માર્ગ તો ભાઈ આમ છે. અંદર બરાબર બેસવું જોઈએ. આત્માનું જ્ઞાન અને જ્ઞાનમાં એકાગ્રતા એ ક્રિયા. એ વ્રતાદિની ક્રિયા એ તો શુભરાગ છે, બંધનું કારણ છે, મેલ છે. ગુલાબચંદજી છે ને. રતનચંદજીના ગુરુ. શતાવધાની લીંબડી. ૯૦માં ભેગા થયા હતા. સંપ્રદાયમાં ભેગા થયા હતા. આ તમારા ... .. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું જ્ઞાન, આત્માનું જ્ઞાન અને એ જ્ઞાનમાં .. રમણતા. મોક્ષમાર્ગ વીતરાગ માર્ગમાં નથી. અને .. માર્ગ નહિ. જૈન છે. એ જૈન છે જ નહિ. એની જૈનની ખબર નથી. ચંદુભાઈ! ... શંકા થાય .. જયંતિભાઈ! આવું બધું ભ્રમ માને છે. આહાહા..! એ માટે કહે છે. જ્ઞાન જળમાં રમવું... જેને હજી આત્મજ્ઞાન જ થયું નથી એ રમે ક્યાંથી? આહાહા..! આત્મા કેવો છે એની ખબર નથી હજી.

**'આત્માકો શુદ્ધ કરતે હૈં વે મુક્તિરૂપ મહલમેં રહકર આનંદ ભોગતે હૈં,...** ' લ્યો! એ ભગવાન તો પોતાના અતીન્દ્રિય આનંદને ભોગવે છે. કેમકે અતીન્દ્રિય આનંદમય ધ્રુવ એની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કહ્યું. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા તો છે. એ અતીન્દ્રિય આનંદનું સમ્યગ્દર્શન કર્યું, અતીન્દ્રિયનું જ્ઞાન કર્યું અને અતીન્દ્રિય આનંદમાં રમ્યો તો તેને પૂર્ણ અતીન્દ્રિય આનંદમાં એકાગ્ર થાય છે. **'ઉનકો તીન ભુવનકે શિરોમણિ સિદ્ધ કહતે હૈં.'** નમો સિદ્ધાણં. ત્રણ લોક ઉપર છે અને ભાવથી પણ ત્રણ લોક ઉપર જિન છે. આહાહા..! એને સિદ્ધ ભગવાન કહે છે. અરિહંત પરમેશ્વરે આવું સ્વરૂપ કહ્યું છે. એવી વાત બીજે કોઈ સ્થાનમાં વીતરાગ અરિહંત સિવાય એ માર્ગ ક્યાંય છે નહિ. અજ્ઞાનીએ કલ્પના કરીને વાતો કરી છે...

**'આગે કહતે હૈં કિ જો જ્ઞાનગુણસે રહિત હૈં...'** .. આવે છે ને? **'જ્ઞાનગુણસે રહિત હૈં વે ઈષ્ટ વસ્તુકો નહીં પાતે હૈં,...'** જેને હજી સમ્યગ્જ્ઞાન જ નથી, આત્માનું જ્ઞાન નથી એને .. પ્રાપ્તિ થતી નથી. **'ઈસલિયે ગુણ-દોષકો જાનનેકે લિયે જ્ઞાનકો ભલે પ્રકારસે જાનના :- '**

**णाणुगुणेहिं विहीणा, ण लहंते ते सुइच्छियं लाहं।**
**इय णाउं गुणदोसं, तं सण्णाणं वियाणेहि।।४२।।**

આહાહા..! કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. સંવત્ ૪૯ આઠ દિન રહ્યા હતા. સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. એની પાસે આઠ દિન રહ્યા હતા. આવીને શાસ્ત્ર બનાવ્યા હતા. દિગંબર મુનિ હતા. વનવાસમાં રહેતા હતા. બે હજાર વર્ષ પહેલા. સંવત્ ૪૯. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં લાખો કરોડો અબજો વર્ષોનું આયુષ્ય એનું તો. ત્યાં આઠ દિન રહ્યા. ત્યાંથી આવીને આ શાસ્ત્રો બનાવ્યા. ભગવાન ત્રિલોકનાથનો હુકમ આ છે. કહો, ..ભાઈ! ... ભાઈ!

'**અર્થ :- જ્ઞાનગુણસે હીન પુરુષ...**' આત્મા અનંતગુણનો ધણી પ્રભુ, એનું જેને અંદર જ્ઞાન થયું નથી એ જ્ઞાનગુણ વિના.. '**અપની ઈચ્છિત વસ્તુકે લાભકો નહીં પ્રાપ્ત કરતે,...** ' ... આહાહા..! આ તો શાંતિનો માર્ગ છે. '**જ્ઞાનગુણસે હીન...**' એટલે જેને આત્માનું જ્ઞાન શું છે એની ખબર નથી. એ આત્માનું જ્ઞાન એણે કર્યું નથી. એ ... વસ્તુ એને માન્યું છે મોક્ષ થશે એને .. નહિ થાય. આહાહા..! '**ઈચ્છિત વસ્તુકો નહીં પ્રાપ્ત કરતે, ઈસપ્રકાર જાનકર હે ભવ્ય!** ' આહાહા..! '**वियाणेहि**' છે ને? એ આવ્યું ને પછી. કોકને કહે છે એમ આવ્યું ને એનો અર્થ? '**वियाणेहि**' એટલે હે ભવ્ય! એમ. તું આમ જાણ, પ્રભુ! આહાહા..! . દયા, દાન, વ્રત, પરિણામથી જુદી ચીજ છે અંદર. આહાહા..!

'**હે ભવ્ય!**' એને તું જાણ. '**તૂ પૂર્વોક્ત સમ્યગ્જ્ઞાનકો ગુણ-દોષકે જાનને કે લિયે જાન.**' આહાહા..! રાગાદિ ભાવ એ દોષ છે અને પરમાત્મા પોતે નિર્દોષ છે. બે વચ્ચેનું જ્ઞાન થતાં તને યથાર્થ ગુણ-દોષનું ભાન થશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**પૂર્વોક્ત સમ્યગ્જ્ઞાનકો ગુણ-દોષકે જાનને કે લિયે જાન.**' આત્મા પવિત્ર આનંદ ધામ એનું જ્ઞાન તે પવિત્ર છે, નિર્દોષ છે. અને રાગાદિ ભાવ એ સદોષ અને મેલ ને દુઃખરૂપ છે. એ બેની વહેંચણીનું સમ્યગ્જ્ઞાનથી તેનું ભાન થશે. અહીં તો જે દોષ છે એને હજી ગુણ માને. સમજાણું કાંઈ? અને ગુણવાળી ચીજ શું છે એની એને ખબર ન મળે. એવા ગુણ-દોષને જાણવા માટે સમ્યગ્જ્ઞાનને જાણ, ભાઈ! આહાહા..!

'**ભાવાર્થ :- જ્ઞાનકે બિના ગુણ-દોષકા જ્ઞાન નહીં હોતા હૈ...**' આ જ્ઞાન શું? પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન તેને અહીં જ્ઞાન કહે છે. એકલા શાસ્ત્રના પાના ફેરવ્યા અને વાંચ્યા એ જ્ઞાન નહિ. આહાહા..! શાસ્ત્રના ભણતર ભણ્યો અગ્યાર અંગ. અગ્યાર અંગ ભણ્યો અનંતવાર.

મુમુક્ષુ :- સહકારી તો હોય?

ઉત્તર :- જરીએ નહિ. પર તરફના વલણનો વિકલ્પ છે એ તો. અગ્યાર અંગ, એક અંગમાં, ૫૧ કરોડ ઝાઝેરા શ્લોક એક એક પદમાં. એવા એવા અઢાર હજાર પદનું એક આચારાંગ. ભગવાને કહ્યું હતું એ. અત્યારે છે એ તો કલ્પિત છે આચારાંગ. એ કાંઈ ભગવાનનું કહેલું નથી. પહેલાના ભગવાનના કહેલું આચારાંગ સૂત્ર જે હતું એમાં અઢાર હજાર પદ હતા અને એક પદમાં ૫૧ કરોડ ઝાઝેરા શ્લોક હતા. એથી ડબલ સુયગડાંગ, (એથી) ડબલ ઠાણાંગ અને . એવા અગ્યાર અંગ મોઢે કરેલા અનંતવાર. મોઢે કરેલા હોં! આહાહા..!

મુમુક્ષુ :- છે તો .. થોડું ઘણું તો જ્ઞાન...

ઉત્તર :- થોડુંઘણું એ આત્માથી થાય એ થોડું ઘણું. ધૂળમાંથી કાંઈ ન થાય. પરથી કાંઈ ન થાય.

મુમુક્ષુ :- શું કરવું હવે?

ઉત્તર :- આ કરવું આત્મામાં અંદર જવું એ. જ્યાં છે ત્યાં જાવું એ. પણ એની ખબર ન મળે.

આહાહા..! ભગવાન આત્મા તો પુણ્ય અને પાપના વિકલ્પથી, રાગથી ભિન્ન અંદર છે. આહાહા..!

'**જ્ઞાન કે બિના ગુણ-દોષકા જ્ઞાન નહીં હોતા હૈ તબ અપની ઈષ્ટ તથા અનિષ્ટ વસ્તુકો નહીં જાનતા હૈ...**' ઈષ્ટ તો પરમાત્મદશા મોક્ષ છે અથવા શુદ્ધદશા તે ઈષ્ટ છે અને પુણ્ય-પાપના ભાવથી અનિષ્ટ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈષ્ટ તથા અનિષ્ટ વસ્તુકો નહીં જાનતા હૈ તબ ઈષ્ટ વસ્તુકા લાભ નહીં હોતા હૈ...**' ઈષ્ટપણું તો પરમાત્મદશા અને કાં મોક્ષનો માર્ગ તે ઈષ્ટ છે. આહાહા..! પ્રવચનસારમાં આવે છે. અનિષ્ટનો નાશ થયો અને ઈષ્ટની પ્રાપ્તિ થઈ. આહાહા..! ઈષ્ટ નામ શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ઈષ્ટ છે. એનાથી વિરૂદ્ધ જેટલા વિકલ્પો ઉઠે રાગના, ચાહે તો વ્રતનો હોય, તપનો હોય કે ભક્તિનો હોય કે ભગવાનના નામસ્મરણનો હોય, બધો રાગ તે અનિષ્ટ છે. આહાહા..! વીતરાગ માર્ગ છે આ. એ કાંઈ રાગમાર્ગ નથી તે રાગથી લાભ થાય. આહાહા..!

'**ઈષ્ટ વસ્તુકા લાભ નહીં હોતા હૈ....**' જેને પરમાનંદસ્વરૂપનું શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર તે ઈષ્ટ છે એવી એને હજી ખબર નથી. એને ઈષ્ટફળ મોક્ષ તો નહિ થાય. ઈષ્ટ વસ્તુનો લાભ નહિ થાય એટલે મુક્તિ નહિ થાય. અનિષ્ટ જે વસ્તુ રાગ છે એનાથી લાભ માને છે એ. સંસારમાં રખડવાનો લાભ મળશે. આહાહા..! નરક ને નિગોદ અવતાર ધારણ કરશે. '**ઈસલિયે સમ્યગ્જ્ઞાન હી સે ગુણ-દોષ જાને જાતે હૈં.**' મોટા અક્ષર છે આ. સાચું જ્ઞાન વિવેકી રાગથી ભિન્ન પડ્યું જ્ઞાન-એ જ્ઞાનથી દોષ ને ગુણનું જ્ઞાન સાચું થાય છે. આહાહા..!

'**ક્યોંકિ સમ્યગ્જ્ઞાનકે બિના હેય-ઉપાદેય વસ્તુઓંકા જાનના નહીં હોતા...** ' અંતર સાચા જ્ઞાન વિના હેય નામ છોડવાયોગ્ય વસ્તુ, ઉપાદેય નામ આદરણીય તેનું એને જ્ઞાન સાચું હોતું નથી. આહાહા..! બહુ સારી છેલ્લી ગાથાઓ નાખી છે. '**સમ્યગ્જ્ઞાનકે બિના હેય...**' એ શુભરાગ છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા. હો, પણ છે હેય. છોડવાલાયક છે, એ ધર્મ નથી. આહાહા..! હવે એમાં ધર્મ માન્યો અને મનાવ્યો જગતે. હેય છે પુણ્યના ભાવ. ઉપાદેય છે ભગવાન આત્મા અથવા ઉપાદેય છે આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. એ '**વસ્તુઓંકા જાનના નહીં હોતા...**' અજ્ઞાનીને.

'**હેય-ઉપાદેયકો જાને બિના સમ્યક્ચારિત્ર નહીં હોતા હૈ,...**' એ સિદ્ધ કરવું છે ને અહીં તો. જેને હજી દયા, દાનનો વિકલ્પ છે એ રાગ છે અને હેય છે અને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે ઉપાદેય અને એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ તે ઉપાદેય છે—એવું જેને જ્ઞાન નથી, એને ચારિત્ર હોતું નથી.

મુમુક્ષુ :- ચારિત્ર નહિ તો ધર્મ નહિ.

ઉત્તર :- ચારિત્ર ક્યાંથી આવ્યું ચારિત્ર? આહાહા..! બાયડી, છોકરા છોડીને બેઠો, થઈ મહાવ્રત, દીક્ષા લીધી એ ચારિત્ર? દખ્યા છે. ચારિત્ર ક્યાં હતું ત્યાં? દીક્ષા ક્યાં હતી ત્યાં? એ બધા ટોળા ભેગા થાય છે નહિ? દખ્યા છે દખ્યા એ. એ દુ:ખને અંગીકાર કર્યો છે. આત્મા શું છે રાગથી ભિન્ન, એનું તો

ભાન નથી.

'ઇસલિયે **જ્ઞાન હી કો ચારિત્રસે પ્રધાન કહા હૈ.** ' લ્યો! જ્ઞાનને ચારિત્રથી પ્રધાન કહ્યું. આત્માનું જ્ઞાન રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એ હોય તો ચારિત્ર હોય એમ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૨, શુક્રવાર તા. ૦૭-૧૨-૧૯૭૩**
**ગાથા - ૪૩ થી ૪૫, પ્રવચન - ૬૧**

અષ્ટપાહુડમાં ચારિત્રપાહુડ છે. ગાથા ૪૩ છે. '**આગે કહતે હૈં કિ જો સમ્યજ્ઞાન સહિત ચારિત્ર ધારણ કરતા હૈ વહ થોડે હી કાલમેં અનુપમ સુખકો પાતા હૈ :—**' જેને પ્રથમ સમ્યગ્જ્ઞાન હોય હેય-ઉપાદેયનું. એ કહે છે. રાગાદિ હેય છે અને સ્વભાવ ઉપાદેય છે. એવું જેને અંતરમાં સમ્યગ્જ્ઞાન થયું હોય એ ચારિત્ર પ્રાપ્ત કરી શકે છે. જેને સમ્યગ્જ્ઞાન જ નથી એ ચારિત્ર એટલે સ્વરૂપમાં આવવું અને રાગને છોડવું એને હોઈ શકતું નથી.

**चारित्तसमारूढो, अप्पासु परं ण ईहए णाणी।**
**पावइ अइरेण सुहं, अणोवमं जाण णिच्छयदो।।४३।।**

'**અર્થ :- જો પુરુષ જ્ઞાની હૈ...**' એટલે કે આત્માનું જ્ઞાન જેને થયું છે. પુણ્ય અને પાપના રાગરહિત આત્મજ્ઞાન વીતરાગ સ્વરૂપ છે એનું અંતર સમ્યગ્જ્ઞાન થયું છે એ '**ચારિત્ર સહિત હૈ...**' એ ચારિત્ર સહિત છે. એ સ્વરૂપની રમણતા કરે '**વહ અપની આત્મામેં પરદ્રવ્યકી ઇચ્છા નહીં કરતા હૈ,...**' પરદ્રવ્યને હેય જાણ્યું છે, રાગને હેય જાણ્યું છે. આહાહા..! એથી એ ધર્મી જીવ પોતાનો આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ એના ભાનમાં સ્વરૂપમાં આરૂઢ થાય, એ ચારિત્ર એ રાગને .. છે. આહાહા..! વ્યવહારનય છે નહિ એમ કહે છે.

'**પરદ્રવ્યમેં રાગ-દ્વેષ-મોહ નહીં કરતા હૈ.**' પરદ્રવ્યની ઇચ્છા કરતો નથી એટલે કે સ્વદ્રવ્યની જ્યાં ભાવના છે. જ્ઞાનાનંદ સ્વરૂપ રાગથી ભિન્ન એવા આત્માનું જ્યાં જ્ઞાન અને સમ્યગ્દર્શન છે ત્યાં તો આત્મા તરફની જ ભાવના ધર્મીને હોય છે. કહો, સમજાણું કાંઈ? એથી એને પરદ્રવ્યમાં રાગ-દ્વેષ-મોહ હોતા નથી. '**વહ જ્ઞાની જિસકી ઉપમા નહીં હૈ...**' એવા સુખને પામે છે એમ કહે છે. આત્માનું જ્ઞાન, સમ્યગ્દર્શન એ ઉપરાંત અંદર સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર. એ જીવ જેની ઉપમા નથી એવા

**'અવિનાશી મુક્તિકે સુખકો પાતા હૈ.'** નાશ ન થાય એવા આનંદની દશાને પામે છે.

'હે ભવ્ય!' 'जाण' શબ્દ છે ને? 'जानीहि' શબ્દ છે માટે... **'હે ભવ્ય! તૂ નિશ્ચયસે ઈસપ્રકાર જાન.'** ખરેખર તું રાગથી રહિત ભગવાન આત્માનું જ્ઞાન કર અને એમાં ઠરીને વીતરાગતાનો આનંદ પ્રાપ્ત કર. આહાહા..! **'યહાં જ્ઞાની હોકર હેય-ઉપાદેયકો જાનકર,...'** જુઓ! છે ને? એ જેટલો શુભરાગાદિ છે...

મુમુક્ષુ :- હેય-ઉપાદેયનું જ્ઞાન તો રાગ ઉત્પન્ન કરે છે.

ઉત્તર :- હેય-ઉપાદેયનું જ્ઞાન વ્યવહાર જ્ઞાન છે. એ આવ્યું નહોતું નિયમસારમાં? હેય-ઉપાદેયનું જ્ઞાન એ વ્યવહારનું જ્ઞાન છે. અહીં તો નિશ્ચયની વાત છે. વ્યવહારથી લે છે પહેલું. ૫૩ ગાથામાં.

મુમુક્ષુ :- વ્યવહાર તે છોડવા જેવું છે.

ઉત્તર :- વ્યવહાર એટલે? આમ ભેદ પાડે છે ને એટલે એમ. રાગ ને આ હૂં નહિ. એટલું. બાકી આ તો અહીં નિશ્ચય છે. સ્વભાવનો આશ્રય લેવો અને રાગને છોડવો. એ ઉપદેશમાં તો શું આવે?

મુમુક્ષુ :- .. ભાવમા શું?

ઉત્તર :- ભાવમાં સ્વભાવનો આશ્રય લેતા રાગ હેય એટલે ઉત્પન્ન થતાં નથી, એને હેય કહ્યું છે એમ કહેવામાં આવે છે. આહાહા..! દુઃખી ચાર ગતિમાં દુઃખી છે. ચાર ગતિમાં દુઃખી પ્રાણી છે. એ રાગ અને દ્વેષ અને મિથ્યાત્વના વમળમાં, ચકરાવામાં પડ્યો છે. એ આનંદથી ઉલટી દશામાં દુઃખી પડ્યો, દુઃખી છે એ. એને દુઃખનો ભાવ અને આત્મસ્વભાવ બે વચ્ચે વિવેક ભેદજ્ઞાન કરીને સ્વરૂપ શુદ્ધ તે જ આદરણીય અને ઉપાદેય છે, રાગાદિ ચાહે તો ભગવાનના ભક્તિનો, પૂજાનો હોય, પણ એ હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? એનો અર્થ? સ્વભાવસન્મુખ થતાં તે છૂટી જાય છે. આ હેય છે, હેય છે એમ કરવાનું નથી ત્યાં.

આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવું જેણે વર્તમાન પર્યાયમાં સ્વભાવ સન્મુખ થઈને આદર કર્યો, એને રાગ તે હેયરૂપે થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એકકોર રામ પરમાત્મા પોતે આનંદસ્વરૂપ, એને જ આદરણીય કરીને જ્યાં પડ્યો છે, એને રાગનું હેયપણું સહજ એમાં થઈ ગયું. સમજાણું કાંઈ? આ શુભરાગને આદરણીય માને એમ કહે છેને, એનો આ વિવેક છે. કે રાગમાત્ર હેય છે. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય એ પણ હેય છે. અને ભગવાન શુદ્ધ ચિદાનંદ આત્મા સુખધામ અનંત આનંદનું ધામ એવો જે ધ્રુવ સ્વભાવ એનો જેણે આશ્રય લીધો એને એ ઉપાદેય છે. રાગ ઉપાદેય ન રહ્યું, ભેગો રાગ ન આવ્યો એટલે ઉપાદેય ન રહ્યું. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય કહે છે, પ્રભુ! તું આમ જાણ. તારો આત્મા આનંદથી ભરેલો ભગવાન છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. તું ત્યાં જો. તું ત્યાં શોધ. તું ત્યાં એકાગ્ર થા. એનું નામ ઉપાદેય કહ્યું. રાગ અંદર આવ્યો નહીં એને હેય કહ્યું. આહાહા..! રાગનો વ્યવહાર માત્ર હેય છે.

મુમુક્ષુ :- .. રીતે પરિણમે કે ન પરિણમે?

ઉત્તર :- પરિણમે છે ત્યાં સુધી તો રાગ છે, પણ હેયપણે પરિણમે છે. પરિણમે છે ને રાગ. રાગ જ્યાં સુધી ટળતો નથી ત્યાં સુધી પરિણમે છે. અહીં તો ચારિત્ર સહિતની વાત લીધી છે ને. પેલું જ્ઞાન હેય ઉપાદેયનું કરી અને સ્વરૂપમાં ઠરે ત્યારે રાગ છે જ નહિ પછી તો. રાગનું પરિણમન જ નથી. ભેદજ્ઞાન વખતે રાગનું પરિણમન છે અને સ્વભાવનું ભાન પણ છે. પણ એ પરિણમન છે એ રાગનું જ્ઞાન જાણે છે કે મારી દશામાં છે. દૃષ્ટિ અને દૃષ્ટિનો સ્વભાવ જાણે છે કે એ મારું નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાન પહેલું કહ્યું કે હેય-ઉપાદેયનું જ્ઞાન. ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ, જેમાં અતીન્દ્રિય આનંદ ભરચક ભર્યો છે. આહાહા..! એનું એને અંતર વિશ્વાસ આવીને પરિણમન થવું એનું નામ સ્વનો ઉપાદેયભાવ અને રાગ ભેગો આવ્યો નહિ માટે રાગનો હેયરૂપભાવ.

એમ જાણીને '**યહાં જ્ઞાની હોકર હેય-ઉપાદેયકો જાનકર,...** ' લ્યો! '**સંયમી બનકર...** ' મહાવ્રતનો વિકલ્પ હોય એ પણ હેય છે. આસ્રવ છે, દુઃખરૂપ છે ને? આહાહા..! સમય સમયમાં વિવેક ધર્મીને હોય છે. કહે છે '**હેય-ઉપાદેયકો જાનકર,...**' સમય સમયમાં એનું ભાન હોય છે. '**સંયમી બનકર...**' પછી સ્વરૂપમાં સ્થિરતા આનંદની લહેર (ઉઠે) એ સંયમી. '**સંયમી બનકર પરદ્રવ્યકો અપનેમેં નહીં મિલાતા હૈ...**' એ રાગને પોતાના સ્વભાવમાં એકતામાં તેને લાવતો નથી. આહાહા..! એને અહીંયા સમ્યગ્જ્ઞાનસહિત ચારિત્ર મુક્તિનું કારણ કહે છે.

'**વહ પરમ સુખ પાતા હૈ,—**' પરમ આનંદની પ્રાપ્તિ એને થાય છે. જેણે સ્વભાવના આનંદનો આશ્રય લીધો એને સ્વભાવનું પૂર્ણ આનંદની દશા પ્રાપ્ત થાય છે એમ કહે છે. '**ઈસપ્રકાર બતાયા હૈ.**' લ્યો! અર્થકાર કહે છે. એમ અહીંયા બતાવવામાં આવ્યું છે. આહાહા..!

'**આગે ઈષ્ટ ચારિત્રકે કથનકા સંકોચ કરતે હૈં :—**' સંયમ અને સમ્યક્ચરણ ચારિત્ર બે પ્રકારનું વર્ણન કર્યું. સમકિતચરણ ચારિત્ર અને સંયમ ચરણ ચારિત્ર. એનું ટૂંકું કરે છે હવે.

**एवं संखेवेण य, भणियं णाणेण वीयराएण।**
**सम्मत्तसंजमासय, दुण्हं पि उदेसियं चरणं।।४४।।**

'**અર્થ :- એવં અર્થાત્ ઐસે પૂર્વોક્ત પ્રકાર સંક્ષેપસે શ્રી વીતરાગદેવને...**' એટલે વીતરાગ દેવે '**જ્ઞાનકે દ્વારા કહે...**' પરમેશ્વર પરમાત્મા વીતરાગ પરમાત્માએ જે જ્ઞાન દ્વારા કહ્યું '**ઈસપ્રકાર સમ્યક્ત્વ ઔર સંયમ દોનોંકે આશ્રય...**' એ પ્રકારે સમકિતચરણ શુદ્ધ આનંદ સ્વરૂપ ભગવાનનું સમકિતનું ચરણ નામ એમાં એકાગ્રતા. પહેલું સમ્યક્ચરણ ચારિત્ર ન હોય એને સંયમચરણ ચારિત્ર ન હોય. સમજાણું કાંઈ? એ પહેલું '**સમ્યક્ત્વ ઔર સંયમ ઈન દોનોંકે આશ્રય ચારિત્ર સમ્યક્ત્વચરણસ્વરૂપ ઔર સંયમચરણસ્વરૂપ દો પ્રકારસે ઉપદેશ કિયા હૈ,...**' ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. વીતરાગદેવને ત્રણ કાળનું જ્ઞાન થયું તો જ્ઞાન દ્વારા એમણે બે પ્રકારનું ચારિત્ર

વર્ણવ્યું. એ મેં સંક્ષેપથી કહ્યું છે.

સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પરમાત્મા એની દૃષ્ટિમાં, એના જ્ઞાનમાં એકાગ્રતાનો અંશ ભેગો હોય એને સમ્યક્ત્વચરણ ચારિત્ર કહે છે. સ્વરૂપાચરણ હોય છે ભેગું. સ્વરૂપની પ્રતીત અને જ્ઞાન થયું એવું સ્વરૂપમાં આચરણ એટલે સ્થિરતાનો અંશ પણ હોય છે. આહાહા..! એને અહીંયા સમ્યક્ત્વચરણ ચારિત્ર કહે છે. એ આવ્યું ને ..માટે જ્ઞાનાદિ અનંતગુણનો એકદેશ .. થયો છે. ચોથે ગુણસ્થાને છે. સમ્યગ્દર્શન તો છે એ છે. પણ સમ્યગ્દર્શનમાં સમ્યગ્દર્શનને કાળે જેટલા ગુણો છે એ બધાનો અંશ પ્રગટ થયો છે. સમ્યગ્દર્શન તો છે એ છે. સમજાણું કાંઈ? એને અહીંયા સમ્યક્ત્વચરણ ચારિત્ર કહેવામાં આવે છે. લ્યો! જેટલા ગુણો છે અનંત સંખ્યાએ એ બધાને જ્યાં સ્વસ્વરૂપનું એકતાની પ્રતીત દ્વારા જ્યાં અનંતગુણો પ્રગટ્યા અંશે એ અંશમાં તો ચારિત્રનો અંશ આવ્યો, આનંદનો અંશ આવ્યો, વીર્યનો અંશ આવ્યો. પર્યાયને રચે તે વીર્ય આવ્યું, શાંતિ આવી, સ્વચ્છતા આવી, પ્રભુતા આવી. એવા અનંતા ગુણોનું સ્વરૂપ આવ્યું એને અહીંયા સ્વરૂપાચરણ ચારિત્ર કહેવામાં આવે છે.

અને બીજું સંયમચરણ ચારિત્ર. સ્વરૂપમાં સ્થિરતા. આનંદસ્વરૂપને દૃષ્ટિમાં અનુભવ લઈને એમાં સ્થિરતા, રમણતા. આહાહા..! ઓલું કહ્યું ને પરદ્રવ્યની રમણતા ત્વરાથી ત્યજ. સ્વદ્રવ્યની રમત ત્વરાથી પ્રગટ કર. સ્વદ્રવ્ય. આહાહા..! દ્રવ્ય એટલે શું? અનંતગુણનો પિંડ છે એ. એની એને ધારણા કર, એને ગ્રહણ કર, એમાં રમણતા કર. ભારે વાતું! એને અહીંયા સંયમચરણ ચારિત્ર કહે છે. એ બે પ્રકારનો ઉપદેશ કર્યો.

**'આચાર્યને ચારિત્રકે કથનકો સંક્ષેપરૂપસે...'** ચારિત્રનું કથન હવે ટૂંકું કરે છે. **'સંક્ષેપરૂપસે કહકર સંકોચ કિયા હૈ.'** એમ. કહ્યું ને? **'संखेवेण'** પહેલો શબ્દ છે. **'संखेवेण'** સંક્ષેપથી કહ્યું છે એમ કહે છે. વિસ્તારનો તો પાર નથી. ...

**'આગે ઈસ ચારિત્રપાહુડકો ભાનેકા ઉપદેશ ઔર ઈસકા ફલ કહતે હૈં :-'** લ્યો! કહે છે કે એ ચારિત્રપાહુડ કહ્યું એને સાંભળવું, વાંચવું, ધારણ કરવું, વારંવાર ભાવના કરવી. આહાહા..!

भावेह भावसुद्धं, फुडु रइयं चरणपाहुडं चेव।
लहु चउगइ चइऊणं, अइरेणऽपुणब्भवा होई।।४५।।

**'અર્થ :- યહાં આચાર્ય કહતે હૈં કિ હે ભવ્યજીવો!'** **'भावेह'** કીધું છે ને? એટલે થઈ ગયું ને હે ભવ્યજીવ, એમ. **'હે ભવ્યજીવો!'** આહાહા..! **'યહ ચરણ અર્થાત્ ચારિત્રપાહુડ હમને સ્ફુટ પ્રગટ કરકે બનાયા હૈ...'** ચારિત્રનું સ્વરૂપ પ્રગટ કરીને વ્યક્ત કરીને બતાવ્યું છે કે આ સ્વરૂપ છે. **'ઉસકો તુમ અપને શુદ્ધભાવસે ભાઓ.'** એને તમે શુદ્ધભાવથી ભાવો એમ કહ્યું. જોયું! ભાવ કીધું ને. શુદ્ધભાવ ઉપયોગ, શુદ્ધ ઉપયોગથી એની ભાવના કરો. આહાહા..! **'અપને શુદ્ધભાવસે ભાઓ.'** જે શુદ્ધ ઉપયોગ આનંદદાયક છે. આહાહા..! એને પહેલું સમજીને પછી ભાવો-ભાવના કરો એમ

કહે છે.

'**અપને ભાવોંમે વારંવાર અભ્યાસ કરો,...**' '**भावेह**' એમ છે ને? એની વ્યાખ્યા કરી. '**વારંવાર અભ્યાસ કરો, ઈસસે શીઘ્ર હી ચાર ગતિયોંકો છોડકર...** ' ચાર ગતિ પરિભ્રમણનું દુઃખરૂપ જે ભાવ અને ગતિ એને છોડીને '**અપુનર્ભવ મોક્ષ...**' ફરીને ભવ ન થાય એવો મોક્ષ. '**તુમ્હેં હોગા.**' તમારે મોક્ષ થશે. અરે..! ભગવાન! પણ પંચમ આરામાં આટલી બધી વાત! .. મોક્ષ. પંચમ આરામાં આમ કરતો હતો ને. '**अइरेणऽपुणब्भवा होई**' એમ છે ને? '**अइरेणऽपुणब्भवा होई**' અલ્પકાળમાં તને અપુનર્ભવે મોક્ષદશા થશે. ભાઈ! જેટલી અંતર ભાવના ભાવી એટલો મોક્ષ થઈ ગયો અંદર. અને અલ્પભવ બાકી રહેશે એ થયા વિના રહેશે નહિ. થોડોક ભવ એકાદ હોય. અહીં તો તરત મોક્ષ થશે એમ જ કહે છે અહીં. આહાહા..! ખબર નથી ભગવાન કુંદકુંદાચાર્યને કે મોક્ષ તો અત્યારે છે નહિ. છે. કઈ અપેક્ષાએ? સાંભળને! રાગથી ભિન્ન પડી મુક્તસ્વરૂપ ભગવાન આત્મા એની શ્રદ્ધામાં આત્મા મુક્ત છે એમ આવ્યું, જ્ઞાનમાં મુક્ત છે એમ આવ્યું અને સ્વરૂપમાં ઠરે છે એટલી મુક્તિ પર્યાયમાં પણ આવી. સમજાણું કાંઈ? થોડું બાકી હોય તો એકાદ ભવ કરશે. અલ્પકાળમાં જ એને મુક્તિ છે. એને લાંબો કાળ હોઈ શકે નહિ. જેને સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્ર પ્રગટ કર્યું એને તો અલ્પકાળમાં અપુનર્ભવ પ્રાપ્તિ થશે. ફરીને અવતરવું નથી એવો ભાવ, ગતિ.

'**ફિર સંસારમેં જન્મ નહીં પાઓગે.**' ચોર્યાસીના અવતાર. જનમ. આહાહા..! માતાના પેટમાં નવ મહિના, સવા નવ મહિના રહે. નીકળે ત્યારે કટકા કરીને કાઢે. આહાહા..! ગજબ છે ને. વળી મરીને જાય બીજે. પેટ ચીરીને કાઢે એ ન નીકળે તો કટકા કરે. જુઓ આ જન્મ અને આ મરણ. એનાથી છૂટવું હોય તો આત્મા આનંદસ્વરૂપ રાગથી ભિન્ન તેનું જ્ઞાન કરીને એમાં ઠર. ફરીને ભવ થશે નહિ. આહાહા..! અહીં તો ભવ ન થાય એની વાતું છે. જેમાંથી ભવ મળે એ વસ્તુ શું? ધૂળ છે. આહાહા..!

આહાહા..! '**अपुनर्भवाः**' 'તોયે અરે! ભવચક્રનો...' આવ્યું નહિ શ્રીમદ્‌નું? ૧૬ વર્ષે કહ્યું. 'ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો.' ભવચક્રનો આંટો ન ટળ્યો તો કર્યું શું તે? આહાહા..! એ બધા દયા ને દાન ને ભક્તિ ને વ્રત ને તપના ભાવ એ તો સંસાર છે. આહાહા..! ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ પૂર્ણ અતીન્દ્રિય અમૃતનો સાગર એને આશ્રયે જઈને સમ્યગ્દર્શન-જ્ઞાન કરે અને એને આશ્રયે જઈને સ્થિરતા કરે. અલ્પકાળમાં એને પરમાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ થશે. આહાહા..! આ ચોર્યાસીના અવતારમાં જન્મદુઃખ, જરાદુઃખ રોગાય.. અહો..! દુઃખો સંસારો... ત્યાં જીવ દુઃખી થાય છે. એ દુઃખથી મુક્ત થવાનો આ ઉપાય છે. જેમાં ભવ અને ભવના ભાવ નથી એવું જે આત્મસ્વરૂપ.

શ્રીમદ્‌માં પણ આવ્યું ને પહેલા કહ્યું 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' એ પોતે આનંદસ્વરૂપ છે. એના સ્વરૂપને અંતરમાં વાસ્તવિક રીતે સ્વને સ્પર્શીને જ્ઞાન કર્યું નહિ તેથી આ દુઃખથી મુક્ત થયો નહિ. આહાહા..! આચાર્ય કહે છે '**ઈસ ચારિત્રપાહુડકો વાંચના,...**' છે ભાવાર્થ?

ચારિત્રપાહુડને વાંચવું. **'भावेह'** છે ને **'भावेह'**માંથી બધું કાઢ્યું. **'भावेह'** **'भावेह भावसुद्धं, फुडु रइयं चरणपाहुडं'** **'પઢના,...'** ચારિત્રપાહુડને પણ ભણવું, પઢવું. **'ધારણ કરના,...'** શું કહે છે તેને લક્ષમાં લઈને ધારણ કરવું. **'વારંવાર ભાના,...'** આહાહા..! ચારિત્રનું શું અમારે કામ? બાપુ! પણ ચારિત્ર શું છે એનું જ્ઞાન તો કરવું પડશે ને. આહાહા..! **'અભ્યાસ કરના યહ ઉપદેશ હૈ,...'** આ ચારિત્રપાહુડનો અભ્યાસ કરવો. અમે ગૃહસ્થાશ્રમમાં છીએ અમારે શું? એમ ન કરવું કહે છે. એણે ચારિત્રપાહુડને વાંચવું, વિચારવું, પઢવું, વારંવાર ભાવના કરવી, એનો અભ્યાસ કરવો. આહાહા..!

**'ઈસમેં ચારિત્રકા સ્વરૂપ જાનકર ધારણ કરનેકી રુચિ હો,... '** વારંવાર જો આ ચારિત્રને સમજે, વાંચે, ભણે, વિચારે તો ચારિત્રના સ્વરૂપને જાણી, સ્વરૂપની રમણતા એ ચારિત્ર એવું જાણીને **'ધારણ કરનેકી રુચિ હો,...'** ચારિત્રને પ્રગટ કરવાની અને ચારિત્રમાં રમવાની એને રુચિ હોય. **'અંગીકાર કરે...'** તો એ ચારિત્રની રુચિ હોય તો અંગીકાર કરી સ્વરૂપમાં રમે. **'તબ ચાર ગતિરૂપ સંસારકે દુઃખસે રહિત હોકર નિર્વાણકો પ્રાપ્ત હો, ફિર સંસારમેં જન્મ ધારણ નહીં કરે;... '** આહાહા..! **'ઈસલિયે જો કલ્યાણકો ચાહતે હોં વે ઈસ પ્રકાર કરો.'** કલ્યાણની જેને ભાવના હોય એણે આમ કરવું. કલ્યાણની ભાવના ન હોય એને તો એ અનાદિથી છે, એની વાત આ છે નહિ. આહાહા..!

શુદ્ધ સ્વરૂપને અનુભવી, જાણીને એમાં ઠરવું એ સમ્યક્ચરણ સંયમચરણ ચારિત્ર છે એમ કહે છે. એણે વારંવાર વિચારવું. જુઓ બધું આવ્યું ને. સમ્યક્ત્વચરણ ચારિત્રનું પહેલું જ્ઞાન કરવું. સંયમચરણ ચારિત્રનું પણ જેમ છે એમ અભ્યાસ કરવો.

મુમુક્ષુ :- એ તો બધો રાગ અને વિકલ્પ ઉઠે.

ઉત્તર :- રાગ ક્યાં હતો એ? એ રાગ ક્યાં હતો? સ્વરૂપ અંદરમાં સન્મુખ થઈને એકાગ્ર થવું એ સમ્યક્ત્વચરણ ચારિત્ર છે. હવે એમાં રાગ ક્યાં આવ્યો?

મુમુક્ષુ :- વાંચે એમાં રાગ તો હોય ને.

ઉત્તર :- વાંચે એ વિકલ્પ હોય છે તેથી પણ એને વાંચનમાં પાછો નિર્ણય શું છે એને? કે આ વાંચનનો વિકલ્પ ઉઠે છે એનાથી પણ રહિત છું એમ આમાં નિર્ણય છે.

મુમુક્ષુ :- .. નિર્વિકલ્પ થવાય એવું...

ઉત્તર :- આ નિર્વિકલ્પ. ચેતનજી! એક ક્ષણમાં નિર્વિકલ્પ થાય એવી શક્તિ છે. એક ક્ષણ. પણ જેને એટલું ન હોય, તેણે પહેલું સમ્યક્ત્વચરણ શું છે? સમ્યક્ત્વચરણ ચારિત્ર શું છે? સંયમચરણ ચારિત્ર શું? એનો અભ્યાસ કરવો, વાંચવું, વિચારવું વિકલ્પ હોય છે વચ્ચે. પણ આવ્યા વિના રહેશે? પણ એમાં નિર્ણય તો આ છે. એ વિકલ્પ વિનાની ચીજ છે મારી. વિકલ્પના નિર્ણયમાં પણ વિકલ્પ વિનાની મારી ચીજ છે એવો નિર્ણય છે આમાં. **'બારમ્બાર ભાના,...'** ભાવના કરવી. વસ્તુ છે ને.

આહાહા..! મુનિઓ પણ શાસ્ત્ર અભ્યાસ કરે છે કે નહિ?

મુમુક્ષુ :- એ તો વ્યવહારની વાત છે.

ઉત્તર :- વ્યવહાર આવે છે ને. નથી આવતો? અંદર ધ્યાનમાં ન હોય-ઠરી શકે નહિ ત્યારે શું કરે એને? એ વ્યવહાર નથી. આ તો નિશ્ચયસહિતનો વ્યવહાર છે.

મુમુક્ષુ :- એ નવ અંગ...

ઉત્તર :- એ નવ અંગ એ નહિ. નવ અંગ એ નહિ. આ તો આત્મા રાગથી ભિન્ન પડીને જ્ઞાનદર્શનનું ભાન થયું એને આવું વાંચન આદિ હોય એને વ્યવહાર ને વિકલ્પ કહેવામાં આવે છે. આહાહા..!

'કલ્યાણકો ચાહતે હોં વે ઈસ પ્રકાર કરો.'

(छप्पय)

चारित दोय प्रकार देव जिनवरने भाख्या।
समकित संयम चरण ज्ञानपूरव तिस राख्या।।
जे नर सरधावान यादि धारैं विधि सेती।
निश्चय अर व्यवहार रीति आगममें जेती।।
जब जगधंधा सब मेटिकैं निजस्वरूपमें थिर रहै।
तब अष्टकर्मकूं नाशिकै अविनाशी शिवकूं लहै।।१।।

આહાહા..! '**ચારિત દોય પ્રકાર દેવ જિનવરને ભાખ્યા.**' ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે ચારિત્રના બે પ્રકાર કહ્યા. એક સમકિતચરણ ચારિત્ર, બીજું સંયમચરણ. '**જ્ઞાનપૂરવ તિસ રાખ્યા.**' પણ એના પહેલાં એ જ્ઞાનનું ભેદજ્ઞાનસહિત ચારિત્રની વ્યાખ્યા કરી છે.

મુમુક્ષુ :- જ્ઞાન તો અનંતવાર કર્યું છે.

ઉત્તર :- એ જ્ઞાનની અહીં ક્યાં વાત છે? રાગથી ભિન્નનું સ્વનું જ્ઞાન એ જ્ઞાનની અહીં વાત છે. ઓલા જ્ઞાનની વાત ક્યાં છે? એનું જ્ઞાન કર્યું, જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન તેને અહીં જ્ઞાન કહે છે. એ સમકિતચરણ ચારિત્ર અને સંયમચરણ ચારિત્રમાં આવું જ્ઞાન ભેગું હોય છે એમ કહે છે. છે ને '**જ્ઞાનપૂરવ...**' આહાહા..! ત્રણે નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે આ ત્રણેય. સમ્યક્ત્વચરણ ચારિત્ર અને સંયમ ચરણચારિત્રમાં જ્ઞાનપૂર્વક વાત હોય છે એમ કહે છે.

મુમુક્ષુ :- .. આ જ હોય ને.

ઉત્તર :- આ જ હોય ને. બીજું શું હોય ત્યાં? સમ્યગ્જ્ઞાન રાગથી ભિન્ન અને આત્માનું જ્ઞાન તે જ્ઞાન પહેલું હોય છે. એ જ્ઞાનસહિત સમ્યક્ત્વચરણ ચારિત્ર અને જ્ઞાન અને સમકિતસહિત સંયમચરણ ચારિત્ર એમ કહે છે. આહાહા..! એકલો અંતર આત્મા આનંદમાં ઘોળાય એની વાત છે ભાઈ આ તો. ભલે વિકલ્પ હો, પણ વિકલ્પમાંથી પણ કાઢવું છે તો આ. વિકલ્પની પાછળ. આહાહા..!

કહે છે કે સમકિતચરણ ચારિત્ર અને સંયમચરણ ચારિત્ર એ જ્ઞાનપૂર્વક હોય છે એમ કહે છે. ત્રણે નાખી દીધા. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. **'જ્ઞાનપૂરવ તિસ રાખ્યા.'** પૂર્વે જ્ઞાન હોય એને આ સમકિતચરણ અને સંયમચરણ ચારિત્ર હોય છે. **'જે નર સરધાવાન...'** આહાહા..! વિશ્વાસ બેસવો બાપુ! અનંતગુણ છે. અનંતગુણ છે એ .. ભગવાન આત્મામાં અનંતગુણ છે. એક એક ગુણ અનંત શક્તિવાળો પ્રભુત્વ સામર્થ્યવાળો ગુણ છે. આટલા ક્ષેત્રમાં આટલા સામર્થ્યવાળું તત્ત્વ છે એનો એને વિશ્વાસ બેસવો જોઈએ. આવો જે ભગવાન શરીર પ્રમાણે જેની અવગાહના, પણ શરીરથી ભિન્ન છે, એમાં અનંતગુણ અને એક એક ગુણની પ્રભુતા સામર્થ્યતાથી પડેલો ગુણ. આહાહા..! અનંતા અનંતા ગુણો આકાશના પ્રદેશથી પણ અનંતગુણા ગુણો એ કેમ બેસે? બાપુ! આહાહા..! એ કોઈ વાતું નથી ભાઈ! એવા જે અનંતા ગુણોનું ધામ એની શ્રદ્ધા કર.

**'જે નર સરધાવાન યાહિ ધારૈં વિધિ સેતી.'** આહાહા..! એ શ્રદ્ધાવાન જીવ આ વિધીથી ધારે છે આત્માને. આહાહા..! એ બધું બાર અંગનું જ્ઞાન જાણ્યું પણ કરવાનું તો આ છે. બીજાને સમજાવતા આવડે, ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. પોતે ભગવાન... આહાહા..! એક વસ્તુ અને ગુણ અનંત. જેની સંખ્યાનો પાર ન મળે. આહાહા..! એવા ગુણની શ્રદ્ધાવાન શ્રદ્ધા કરે છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! **'જે નર સરધાવાન યાહિ ધારૈં વિધિ સેતી. '** વિધીથી ધારે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની વિધિથી એને ધારે. આહાહા..! લ્યો આ વિધિ આવ્યું. વિધિએ કર્યું, અવિધિએ કર્યું, એમ નથી? આ વિધિ છે. આહાહા..! સમ્યગ્જ્ઞાનસહિત, સમ્યક્શ્રદ્ધાસહિત સ્વરૂપચરણચારિત્ર અને સહિત સંયમ ચરણચારિત્ર. આહાહા..! એમ કહે છે. એ એની વિધિની રીત છે. એ વિધિએ ધાર.

**'નિશ્ચય અર વ્યવહાર રીતિ આગમમેં જેતી.'** નિશ્ચયનું સ્વરૂપ જે કહ્યું તેને અને તે ભૂમિકામાં વિકલ્પ પણ હોય છે પંચમહાવ્રતાદિનો. એ આવ્યું છે ખરું ને અંદર. પંચ મહાવ્રતની વ્યાખ્યા આવી ગઈને પહેલી? એ પાછી ભેળવી એને. અગ્યાર પડિમા આદિ છે ને. નિશ્ચય સ્વને આશ્રયે થયેલી દશા સહિત એને હજી પૂર્ણ ન હોય એને પરાશ્રયનો ભાવ-વ્યવહાર હોય એને બરાબર જાણ. આહાહા..! દુનિયા માની બેસશે કે તને આમ છે એથી કાંઈ ત્યાં શરણ નહિ થાય. દુનિયામાં બહારમાં પડ્યો અને દુનિયાએ કહ્યું ઓહોહો..! એથી કાંઈ ત્યાં શરણ નહિ મળે તને. આહાહા..! શરણ તો વસ્તુ અનંત અનંતા અનંતગુણનો પિંડ પ્રભુ, એની શ્રદ્ધાથી ઠાર એને અંદરથી. વિશ્વાસ લાવ. વિશ્વાસ લાવ. વિશ્વાસે વહાણ તરશે. આહાહા..! અનંતગુણનું ધામ ભગવાન, અનંત અનંત. ઓહોહો..! એવા આત્માને નિશ્ચય અને સાથે વ્યવહાર હોય છે પંચ મહાવ્રતાદિ. શ્રાવકને અગ્યાર પડિમા આદિ વિકલ્પ આગમ, જેવું આગમમાં કહ્યું છે એ રીતે જાણ કહે છે.

**'જબ જગધંધા સબ મેટિકૈં...'** આહાહા..! જગધંધા. આ વિકલ્પ સંસારનો ધંધો થઈ ગયો.

આહાહા..! '**જબ જગધંધા સબ મેટિકૈં...**' વિકલ્પની લાગણી બધી છોડી દઈને. આહાહા..! '**નિજસ્વરૂપમેં થિર રહૈ.**' જગધંધો એટલે? આ પંચમહાવ્રતાદિ પણ એ જગધંધો છે, વ્યવહાર ધંધો છે. આહાહા..! સમજાણું કાંઈ? ચારિત્રપાહુડ છે તો વાત તો ચારિત્રની વ્યાખ્યા કરે ને. '**જબ જગધંધા સબ મેટિકૈં નિજસ્વરૂપમેં થિર રહૈ.**' ભગવાન આત્માનો આનંદસ્વરૂપમાં સ્થિર રહે.

'**તબ અષ્ટકર્મકૂં નાશિકૈ...** ' આઠ કર્મનો નાશ કરી '**અવિનાશી શિવકૂં લહૈ.** ' અવિનાશી શિવપદ મોક્ષપદને પામે. આહાહા..! આ તો મોક્ષની વાતું છે. પાંચમે આરે ન થાય મોક્ષ તો કહે મોક્ષ છે મોક્ષ. આહાહા..! '**ઐસે સમ્યક્ત્વચરણ ચારિત્ર...**' મુનિની વ્યાખ્યા અહીં છે એવી વ્યાખ્યા શ્વેતાંબરમાં ક્યાંય છે જ નહિ. સમ્યત્વચરણ ચારિત્રની, સયંમચરણ ચારિત્રની. '**દો પ્રકારકે ચારિત્રકા સ્વરૂપ ઈસ પ્રાભૃતમેં કહા.**' લ્યો! ચારિત્રના સાર પ્રાભૃતમાં આ વાત કરી કહે છે.

जिनभाषित चारित्रकूं जे पालैं मुनिराज।
तिनिके चरण नमूं सदा पाऊं तिनि गुणसाज।।२।।

'**જિનભાષિત ચારિત્રકૂં...**' વીતરાગે કહ્યું એ ચારિત્ર. ભાષા દેખો! સર્વજ્ઞ પરમેશ્વર એ ભાખ્યું ચારિત્રનું સ્વરૂપ. '**જે પાલૈં મુનિરાજ.**' આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત જેની ચારિત્રની રમણતા જેને પ્રગટ થઈ છે. જે પોતાના આનંદને ઝૂલે-ઝૂલે છે એ ચારિત્રપણું મુનિરાજ પાળે છે. '**તિનિકે ચરણ નમૂં...**' વચનીકાકાર કહે છે, અહો! એવા ધર્માત્માના ચરણને હું નમૂં છું. લ્યો! પોતે પગે લાગે છે મુનિરાજ. ધન્ય અવતાર બાપા! આહાહા..! જેણે આત્માને ઉગાર્યો. સંસાર પડતા ઉદ્ધાર કર્યો, ઉગાર્યો જેણે. એવી દશામાં સમ્યગ્દર્શનસહિત જેને ચારિત્રની રમણતા છે. ધન્ય પ્રભુ તારા અવતાર! તારા ચરણને નમૂં છું. લ્યો આવું મુનિપણું. પૂનમચંદજી! આહાહા..!

હજી તો આ શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને મહાવ્રતના પણ ઠેકાણા ન મળે. એને .. શું થાય? ભાઈ! આ પંચમ કાળ એટલે ગોળને ઠેકાણે ગારો ખવાતો હશે પંચમ આરે? આહાહા..! માર્ગ બાપુ આકરો છે. પણ માર્ગ તો એના ઘરનો એની પાસે છે હોં. આહાહા..! કોઈની જેને જરૂર નથી. આહાહા..! માર્ગ સમજવાને, પામવાને માટે વિકલ્પની પણ જરૂર નથી એમ કહે છે. કેમકે એ તો પોતે પોતાના સ્વભાવથી જણાય એવો પૃથક્ જ્ઞાતા છે. શાસ્ત્રમાં મતિ અને શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છે એ તો પરને જાણવાની અપેક્ષાએ. આહાહા..! પોતાને જાણવા માટે તો મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. આવું જે સ્વરૂપ જાણીને જે ઠરે છે એના ચરણકમળને નમસ્કાર છે. આહાહા..! લ્યો આ સંતોને ગણધર નમસ્કાર કરે, તો વચનીકાકાર કહે છે કે હું તો ગૃહસ્થ છું. આહાહા..!

'**તિનિકે ચરણ નમૂં સદા પાઊં તિનિ ગુણસાજ.**' જે એનામાં ગુણનો સમુદાય પ્રગટ્યો છે તે અમને મળે. એ અમારી ભાવના છે એમ કહે છે. આહાહા..! સંતને જે ગુણનો સાજ સ્વાદ પ્રગટ્યો છે. આહાહા..! અનંત .... ચોથે ગુણસ્થાને એકદેશ, છઠ્ઠે પણ એકદેશ હોય છે. તેરમે... એવા ગુણનો

સાજ જેને પ્રગટ્યો છે સમુદાય. એવા ગુણસમુદાયને પ્રગટવા માટે પ્રભુ તને નમસ્કાર કરું છું. એમ કહે છે. **'સદા પાઉ તિનિ ગુણસાજ.'** સંતોના ગુણનો .. જે પ્રગટ થયો છે એ ગુણને હું પ્રાપ્ત કરું છું. એ મારી ભાવના છે. ભલે હું ગૃહસ્થાશ્રમમાં હોઉ પણ મારી ભાવના તો આ છે. સમજાણું કાંઈ?

ચારિત્રની ભાવના ભાવે. છ ઢાળામાં આવે છે ને. છ ઢાળામાં આવે છે. સમ્યગ્દર્શનને ચારિત્રની ભાવના હોય છે. ચારિત્ર ભલે નથી. એથી તે એની ભાવના હોય છે. સ્વરૂપની રમણતા ક્યારે કરું? એવી ભાવના હોય છે. આવે છે .. ભાવના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ..

મુમુક્ષુ :- શ્રદ્ધા જ્ઞાનગુણ...

ઉત્તર :- એ. .. એવું આવે છે. છ ઢાળામાં.

**'શ્રી કુંદકુંદાચાર્યસ્વામિ વિરચિત ચારિત્રપ્રાભૃતકી...** ' આહાહા..! ભગવાનના ટ્રેડમાર્કની આ વાણી છે બધી. આહાહા..! જૈનશાસનમાં સિદ્ધ થયેલી આ વાણી છે. આહાહા..! **'પં. જયચંદ્રજી છાવડાકૃત દેશભાષામય વચનિકાકા હિન્દી ભાષાનુવાદ સમાપ્ત.'** લ્યો! ત્રણ થયા ત્રણ. દર્શનપાહુડ, સૂત્રપાહુડ અને ચારિત્ર.

હવે બોધપાહુડ છે. કાલે તો માણસ આવશે એટલે બપોરે ત્યાં રાખશું. અહીં નહિ સમાય. ભાઈ કહેતા હતા. ૫૦-૬૦ ગુજરાતમાંથી આવવાના છે. ૫૦-૬૦ મુંબઈથી આ ભાઈ કહેતા હતા. બપોરે ત્યાં રાખવું. રવિવારે. .. ત્યાં રાખશે. અને બોધપાહુડ છે આ તો. **'जिणमग्गे जिणवरेहिं जह भणियं'** એમ પાઠ છે આમાં. જિનમાર્ગમાં જિનવરે આ કથન કર્યું છે. બધું નિશ્ચય દેખે એટલે. પ્રતિમા, આત્મા. સમજાય છે? આ ભગવાન આત્માની મૂર્તિ અનંત આનંદ સ્વરૂપ એ પ્રતિમા. આ વ્યવહાર બહારનો કહ્યું છે વ્યવહાર ભગવાને. પણ એ વ્યવહાર છે. આ નિશ્ચય છે.

આ કહેવાનો આશય તો એવો છે. લખ્યું છે એ રીતે. જૈનમતમાં ભેદ થયા છે ને. અર્થમાં છે ભાવાર્થમાં. ઓલીકોર ભાવાર્થમાં છે. ૩-૪માં. **'અનેક મત હો ગયે હૈં તથા જૈનમતમેં ભી ભેદ હો ગયે હૈં,...'** બહારની પ્રતિમા ને મંદિર ને ફલાણું, ફલાણું મનાવી લીધું. પણ નિશ્ચયનય પ્રતિમા અને નિશ્ચય આત્મજ્ઞાન વિના એ બધા થોથા છે.

**देव जिनेश्वर सर्वगुरु, बंदूं मन-वचन-काय।**
**जा प्रसाद भवि बोध ले, पालैं जीव निकाय।।१।।**

છ કાયના .. બે વાત. આહાહા..! બાહ્યમાં મંદિરોમાં તો .. છ કાયના જીવની ... થાય છે. સાવધ લેશ્યા. ... થાય છે ને ત્યાં. આ નિશ્ચય જે છે એ તો છ કાયના હિતકર વસ્તુ છે. પાછો આ નિશ્ચય સમજીને ઓલા વ્યવહાર નથી એમ નથી. જેવો નિશ્ચય છે એવું વ્યવહાર પણ પ્રતિમા, મંદિર સાથે હોય

છે. અનાદિનું હોય છે. ભગવાને નિશ્ચય આ કહ્યો. ઓલા બહારમાં વ્યવહારમાં કરે એ પણ અમે ધર્મી છીએ. મંદિરો કરે, .. કરે, એમ બધું ફાટા પડી ગયા હતા ને શ્વેતાંબરમાં? એની સામે આ વાત છે. ભગવાન પછી ૬૦૦ વર્ષે શ્વેતાંબર મત જુદો પડી ગયો. ઝીણી વાત છે, પ્રભુ! એ જૈનદર્શનથી વિરૂદ્ધ દર્શન છે એ બધું. જૈનદર્શન તો આ દિગંબર દર્શન તે જૈનદર્શન છે. એ સિવાયનું જૈનદર્શન એકેય કહ્યું નથી ભગવાને. આહાહા..! એમાં પણ આ જિનવાણી ... ઓલા અમારી વાણી છે, અમારા મંદિર છે, અમારા ગુરુ છે, અમારા દેરા છે. એમાં જે મંડ્યા હતા એની અતિ વિશેષતા સમજાવે બાપુ! આ આત્મા તે આ છે. એ જાણ્યા પછી એને આ બધો વ્યવહાર હોય. એ પણ કહે છે એ વ્યવહાર નહિ. ભગવાનની મૂર્તિમાં દાગીના ને લૂગડા એ બિલકુલ ન હોય. વ્યવહાર પણ એવો ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો જેનો પક્ષ લઈને બોલું મનમાં મહાસુખ માણે. જેનો પક્ષ લઈને મૂકીને બોલું એ મનમાં.. અરે..! આ તમારું ખોટું. બાપુ! એ વસ્તુ એમ છે ભાઈ!

એ તો પહેલું કહી ગયા છે અષ્ટપાહુડ દર્શપાહુડની ૧૪મી ગાથા. અંદર ૧૪મી છે ને. જૈનદર્શન કોને કહીએ? ૧૪મી ગાથા છે દર્શનપાહુડની. સમજાણું કાંઈ? ૧૪મી છે.

**दुविहं पि गंथचायं तीसु वि जोएसु संजमो ठादि।**
**णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।१४।।**

૧૪-૧૪. **‘જહાં બાહ્યાભ્યંતર ભેદસે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ હો...** ’ જૈનદર્શન કોને કહીએ? મોક્ષમાર્ગ ત્રણ ભેગા થઈને હોં! દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય. જેને બાહ્યનો વસ્ત્રનો ધાગો ન હોય, અભ્યંતરમાં રાગનો કણ ન હોય. આહાહા..! **‘પરિગ્રહકા ત્યાગ હો ઔર મન-વચન-કાય ઐસે તીનોં યોગોંમેં સંયમ હો...’** જેને અંતરમાં સ્વરૂપમાં રમણતા હો. આહાહા..! **‘કૃત-કારિત-અનુમોદન ઐસે તીન કરણ જિસમેં શુદ્ધ હો વહ જ્ઞાન હો,...’** આ કલ્પિત જે જ્ઞાન બનાવ્યા શાસ્ત્રમાં એ જ્ઞાન કરણ, કરાવન, અનુમોદન ન હોય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રો કલ્પિત બનાવ્યા ૪૫-૩૨. એ સંબંધીના જ્ઞાનનું મન, વચન અને કાયા, કરણ, કરાવણથી નથી. એટલે એનું અનુમોદન હોય નહિ. વજુભાઈ! આવી વાતું છે. દુનિયાથી તો અતડા રહે.

એક હમણાં પૂછતો હતો. કોણ પૂછતું હતું? મુંબઈ. કોણ આવ્યું નહોતું? પૂછતું હતું. સાથે કોઈ હોય તો પગે લાગવા જઈએ તો. આ પ્રવિણભાઈના ભાઈ. હિંમતભાઈના ભાઈ. ત્યાં બેંગલોર રહે છે ને બેંગ્લોર. હિંમતભાઈ નહિ આ ભાવનગરવાળા. એ પ્રવિણભાઈ અને એનો મોટો ભાઈ. મોટો છે ત્યાં. એ આવ્યા હતા. મહારાજ! અમે કોઈ સાથે હોય એવા મંદિરના .. અમે સાથે હોય ત્યાં પગે લાગીએ તો શું વાંધો આવે? નહિતર બહાર ઓલા થઈ જઈએ. ભાઈ માર્ગ બાપા! એ માર્ગ એવો નથી. એમ કે સાથે ઘણા માણસ હોય અને જો આપણે ભેગા ન જઈએ, પગે ન લાગીએ તો ઓલું થઈ જાય. માર્ગ બાપા એવો નથી આ.

જિનમુદ્રા, વીતરાગમુદ્રા જેને માથે કાંઈ ન હોય. વસ્ત્ર નહિ, કાંઈ નહિ, કપડું નહિ. એવી જિનમુદ્રા વીતરાગ જેવી કીધી છે એવી હોય એને પગે લાગવાનું વ્યવહારે હોય છે. એણે .. પ્રવિણભાઈ સાથે હતા અંદર. પ્રવિણભાઈથી મોટા છે એ. ... ત્યાં એમ કે બેંગ્લોર આવો તો મારે ત્યાં ઉતારો રાખજો. ભાઈ મારાથી ન કહેવાય એ. ત્યાંના સંઘને ઠીક પડે એમ કરે. બેંગ્લોર છે ને.

મુમુક્ષુ :- અનંતરાય

ઉત્તર :- અનંતરાય.. ૮, ૯ લાખ નખાણા છે. મંદિરમાં બે જણાએ. બે જણાએ. જુગરાજજી અને ભભુતમલ બે થઈને ૯ લાખ તો નખાણા છે કહે. મંદિરમાં. તૈયાર થઈ ગયું છે. એ કહે મારે ત્યાં ઉતારો રાખજો. તે દિ' તો આપણે અહીં રાખ્યો હતોને પ્રવિણભાઈને ત્યાં. પ્રવિણભાઈને ઘરે. ચંદ્રકાંતભાઈનો ભાઈ નાનો ત્યાં છે ને. .. એ કહે, પણ આમ કરીએ ત્યારે સાથે માણસ હોય બધા શું કરશું? બાપુ! હું એમ કેમ કહું? લાલજીભાઈ! લોકલાજે પણ કરવાની તો ના પાડી છે ભગવાને. લોકની લાજે, લોકના ડરથી, લોકના ભયથી એવા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને પગે લાગવું હોય નહિ. દુનિયા ગમે તે માને. એની સાથે કાંઈ સત્યને ઓલું નથી. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં રહ્યા. સાથે ગૃહસ્થ હોય, મંદિરમાં જઈએ તો ત્યાં ઊભા રહીએ? એવી દલીલ કરી છે. બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ!

મુમુક્ષુ :- તમે હા પાડી કે ના પાડી?

ઉત્તર :- ના સાંભળતા હતા બિચારા. સાંભળતા હતા બધું. શું કરે? ત્યાં ક્યાં એને ખબર છે? રળવા આડે ક્યાં ધંધામાં? .. હિંમતભાઈ પક્ષમાં આવી ગયા છે એટલે એને... આહાહા..! થોડી વાત બધી માંડી. ભાઈ! માર્ગ તો બાપુ આવો છે ભાઈ! વીતરાગી સંત મુનિ નિર્ગ્રંથ જેને વસ્ત્રનો ધાગો ન હોય એને અહીં મુનિ કહેવામાં આવે છે. એ સિવાય બીજા મુનિને મુનિ તરીકે માનવા, પગે લાગવું મિથ્યાત્વનું પોષણ છે. પંડિતજી! વાત તો આવી છે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી ત્યાં ક્યાં .. બાયડી, છોકરા ને ધંધો છે? વેપાર ત્યાં છે ત્યાં? કપડાનો વેપાર કરવો છે એની સાથે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ના પાડે છે અહીં. એ અહીં કીધું જુઓને. '**અનુમોદના અપનેકો ન લગે ઐસા, ખડે રહકર પાણિપાત્રમેં આહાર કરે,...**' એને મુનિ કહીએ. એને જૈનદર્શન કહીએ. બીજાને જૈનદર્શન છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઈ.
www.vitragvani.com